પારસી મરતબુ

ભાગ ૧ લો.

પારસી મરત્યુક

યાને

મુંબઈમાં ઈંગ્રેજી તથા ગુજરાતી વર્તમાનપત્રોનો પાયો નખાયો ત્યારથી
તે આજસુધી થયલાં જાણીતાં પારસીઓનાં મરત્યુકોની તેમાં આવેલી
નોંધોનો સંગ્રહ.

દફતર ત્રીજું—૧૮૮૧ થી ૧૮૯૦ ઇસવી.

રચનાર

મરહુમ ખા૦ બા૦ બહમનજી બેહરાંમજી પટેલ.

પ્રગટ કરનાર

દીનબાઈ બેહરાંમજી પટેલ,

નંબર ૧૨, કાવસજી પટેલ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

દફતર આશકારા ઑફિસ એન્જીન પ્રેસમાં અરદેશર ભીખાજી દુબાશે છાપ્યું છે.
મુંબઈ, કોટ, કાવસજી પટેલ સ્ટ્રીટ, નાં૦ ૭—૧૩.

સને ૧૨૮૪ યજદજરદી.—સને ૧૯૧૫ ઇસવી.

OBITUARY NOTICES OF PARSEES

Republished from 1799 to the present times.

Vol. III—1881-1890.

Compiled by

THE LATE KHAN BAHADUR

BOMANJEE BYRAMJEE PATELL

PUBLISHED BY,

DINBAI BYRAMJEE PATELL,

No. 12, COWASJI PATELL STREET FORT, BOMBAY.

BOMBAY

PRINTED AT THE DUFTUR ASHKARA PRESS, FORT.

By Ardeshir Bhikaji Dubash.

1284 A.Y.—1915 A.D.

દીબાચો.

"પારસી મરત્યુક."

ગઈ સદીના ૯ મા દાહેકાના પારસીઓ.

લખનાર—**મો૦ રૂસ્તમ બરજોરજી પેમાસ્તર**, બી. એ., એલ એલ. બી.

મરહુમ ખાનબાહદુર બહમનજી બેહરામજી પટેલે "પારસી મરત્યુક" નામે પુસ્તક પ્રગટ કરવામાં એવી મતલબ રાખી હતી કે, જે જરથોસ્તીનાં મરણ વખતે તેના વિષે કોઇપણ વર્તમાનપત્રમાં—પછી તે ઇંગ્રેજી કે ગુજરાતી ભાષામાં—જે કાંઇ છપાય તેનો સંગ્રહ કરી તે નોંધ જાળવી રાખવી. પોતાની એ નેમને અનુસરતું એક દફતર તેવણે પોતાની હૈયાતીમાંજ ૧૮૮૭ નાં સાલમાં છપાવી બાહેર પાડયું હતું, અને ઇ૦ સ૦ ૧૯૦૮ નાં સાલના આગસ્ટ માસ—પોતાની જીંદગીના છેલ્લા માસ—સુધી જે જે આવી નોંધો લેવાઇ હતી તેનો તેવણે ઉતારો કરી તે જાળવી રાખી હતી. ૧૮૮૭ માં બાહેર પડેલું તેનું પેહલું પુસ્તક અત્રેનાં વર્તમાનપત્રોની હસ્તીથી તે ઇ૦ સ૦ ૧૮૬૦ સુધીની એવી નોંધો રજુ કરેછે. ત્યારબાદ ૧૮૮૦ સુધીની એવી નોંધો ગયાં બે ત્રણ વર્ષની વાતપર એટલે ઇ૦ સ૦ ૧૯૧૨ માં એમનાં બેહન બાઇ દીનબાઇએ પ્રગટ કરી હતી, અને આ ત્રીજાં દફતરમાં એવીજ પારસી મરણોની નોંધો ઇ૦ સ૦ ૧૮૯૦ નાં સાલની આખરી વેરની આપીછે.

"પારસી પ્રકાશ" અને "પારસી મરત્યુક"—"પારસી મરત્યુક" શરૂઆતથી તેની વડી બેહન "પારસી પ્રકાશ" ની સાથેજ પ્રગટ થતું રહ્યુંછે. મરહુમ ખા૦ બા૦ બહમનજી બેહરામજી પટેલનાં "પારસી પ્રકાશ" નું પેહલું દફતર ૧૮૮૮ નાં સાલમાં સંપુરણ થયું તેજ અરસામાં "પારસી મરત્યુક" નું ૧ લું દફતર પણ ૧૮૬૦ સુધીની નોંધોનું બાહર પડયું. ત્યારબાદ "પારસી પ્રકાશ" નાં બીજાં દફતરના સાત ભાગ બાહર પાડી ખા૦ બા૦ બહમનજી પટેલ ઇ૦ સ૦ ૧૯૦૮ માં ગુજર્યાં. આથી તેમનું કોમની તવારીખને લગતું કામ બંધ પડયું નહીં. તેમનાં બેહને તેનો ૮) મો ભાગ અને કીંમતી સાંકળીઉં બાહર પાડી ૧૮૮૦ સુધીની નોંધો પુરી કરી સાથે સાથે ૧૮૮૦ સુધીનાં "પારસી મરત્યુક" ની નોંધોનું ૨ જું દફતર પણ છપાવ્યું. ત્યારબાદ હાલ મારા હાથમાં "પારસી પ્રકાશ" નાં ત્રીજાં દફતરનું કામ ૧૮૮૦ પછીના પારસી બનાવોની નોંધો રાખવાનું આવ્યું અને તેની નોંધો છુટા ભાગોમાં જ્યારે ૧૮૮૯ સુધીની પ્રગટ થઇ છે અને ૧૮૯૪ નાં સાલ સુધીની હવે થોડા દીનમાં બાહેર પડવાની રહીછે ત્યારે બાઇ દીનબાઇએ "પારસી મરત્યુક" નું ત્રીજું દફતર ઉલટ બતાવી બાહેર પાડયું છે, અને એમ કરી એ ભલાં બેહને મને એક ધડો આપ્યો છે—અને તે હું માથે ચહડાવું છું—કે મારે પણ મારાં "પારસી પ્રકાશ" નાં કામમાં એટલીજ ઉલટ બતાવવી.

"પારસી મરત્યુક" નાં આગલાં દફતરો—આ ત્રીજાં દફતરમાં ૧૯ મી સદીના ૯ મા દાહેકાના મરણોની જાહેર નોંધો પ્રગટ થઇ છે. એટલે એનાં પાનાં ૧૮૮૦ થી ૧૮૯૦ સુધાની નોંધોથી ભરાયાં છે. એની આગમજનું બીજું દફતર ૨૧૨) પાનામાં બે દાહેકાની નોંધો સમાવેછે. ત્યારે આ ત્રીજું દફતર ૩૨૧) પાનામાં તેથી અરધી મુદતની યાને એકજ દાહેકાની નોંધોથી ભરાયુંછે. તે પારસી કોમ એ દાહેકામાં જાહેર લખનારાઓનું જે વધુ ધ્યાંન ખેંચી વર્તમાનપત્રોમાં વધુ જગ્યા રોકવા લાગી હતી તેનો ચુપચુપ પુરાવો રજુ કરે છે. આપણી કોમ કેળવણીના પ્રતાપથી જાહેર સેવા અને જાહેર હીંમતમા આગલ વધી જાહેર પત્રોનું વધુ ધ્યાંન ખેંચે એ કુદરતી છે, અને એજ કસોટી ઉપર તપાસતાં આપણી કોમ એકજ દાહેકામાં કેટલી આગલ વધી હશે તે સામટી રીતે જણાઇ આવેછે.

એક કોમઉપયોગી કામ—"પારસી મરત્યુક"નાં બીજાં દફતરના દીબાચામાં મેં લખ્યું હતું તેમ—આ "પારસી મરત્યુક" છપાવવાનું કામ કાંઇ ઘણીકા બેલ્યત દરશાવનારૂં નથી. પણ તે ઘણી મેહનતનું અને કોમને અગતનું છે તે કોઇથી ના પડાશે નહી. વલી તે બાહર પાડનારના વખત ઉપરજ નહી પણ ગજવાં ઉપર પણ કાપ મુકનારૂં છે, તે પણ દેખીતું છે. જો બાઇ દીનબાઇ પટેલે પોતાના મરહુમ ભાઇ તરફ ભકતીભાવ અને કોમ તરફ કદરદાની ધરાવી સંખ્યાબંધ સ્થાનીક તેમજ દેશાવરમાં નીકલતાં વર્તમાનપત્રોમાં અહીતહીં પડેલી પારસી મરણોની નોધ જે તેમના મજકુર વડીલે મેહનત લઇ એકઠી કરી રાખી હતી તેનો લાભ આ પુસ્તક આકારે પોતાની કોમને આપ્યો ન હતે તો તે નોંધો તે જાહેર પત્રોની જુનાતી, ખોહવાતી કાઇલોમાં રખડયા કરી માર્ગે પણ લાગી જતે, અને તેમાં સમાયલુ ઘણું અગત્યનું કોમની જાણની બાહેર રહેવાનું રહેતે. એક કોમની તવારીખ તેના જાહેર પુરૂષોની કારકીર્દીમાંજ સમાયલી છે, તે જોતાં આ 'મરત્યુક' આપણી કોમની મજકુર દાહેકાની અને તેની આગમજના બેત્રણ દાહેકાનો કીમતી ઇતીહાસ રજુ કરેછે, જે ભવિષમાં કોમને ઉપયોગી થઇ પડશે.

પારસી કોમની આરસી—આ નોંધો જે જાણીતાં જરથોસ્તીઓનાં મરણ ગઇ સદીના આઠમા દાહેકામાં થયા હતાં તેમની હોવાથી તે મર્હુમના ઘણાક બનાવો તે આગાઉનાજ બનેલા કુદરતી રીતે નોંધાયલા હોવા જોઇએ. એ રીતે એ દફતરમાં લગભગ અરધી સદીના પારસી વેપારરોજગાર, સખાવત, કેળવણી વિગેરે ઉપર કીમતી અજવાલું પડેલું જોવામાં આવેછે, અને એ દફતરો ગોયા પારસી કોમની આરસીની ગરજ સારેછે.

પારસી વેપાર—જોકે એ દાહેકામાં પારસીઓને હાથનો વેપાર કમી થયો હશે, અને ચીનનો વેપાર, જેણે આપણી કોમને મોટું દ્રવ્ય મેલવી આપ્યું તે પણ ઓછો થતો જણાયછે, તોપણ અત્રે પારસી વેપારના કેટલાક જાણવાજોગ દાખલા મલેછે, જેવા કે સુરતવાલા શેઠ કાવસજી બેહરામજી ઢાલાનો રેશમી કાપડનો વેપાર ઉપરાંત બસરા અને જેદ્દાનો મોટો વેપાર હતો.

આઠમાં દાહેકાની તાસીર—એ દાહેકામાં ૧૮૬૫ નાં સાલની શેરસટાનાં ઘેલાપણાંની ખુહારીમાંથી પારસીઓએ પાછા બાહર નીકલવા માંડયું, અને પારસી માલેકોની હાઇ સ્કુલો ધુમધોકાર ચાલવાથી ઇંગ્રેજી કેળવણી હવે આપણી કોમમાં વધવા માંડી. જ્યાં આગલ લોકો પોતાના દીકરાઓને વેપારી બનવાની આતુરતા બતાવતાં ત્યાં હવે તેમને મેટ્રીક બનાવવાની હદબાહેર ઉલટ ધરાવવા લાગ્યાં, અને ગ્રેજ્યુએટ કેળવાયેલા

પારસીઓએ નવા અખત્યાર કીધેલા ઉંચા ધંધાઓ (Learned professions) માં શરૂઆતમાં ખીનહરીફાઇને લીધે જે કમાંણી થતી અને તડાકા પડતા તે જોઇ માબાપો હવે પોતાના બેટાઓને બનતાં સુધી હાઇ સ્કુલની અને યુનીવરસીટીની ઉંચી કેળવણીજ આપવા માટે એ દાહેકામાં દોડાદોડી કરવા લાગ્યાં, જેનાં પરીણામે વેપાર ઘટયો અને કેળવણી વધી, આંગ કસી જાતી મેહનત કરવાને બદલે ખુરશી ટેબલે બેસી કલાર્કો થવાને કેટલાક જવાનયાઓ હોંશ ધરાવવા લાગ્યા, ત્યારે તેમના બીજા કેળવણીમાં વધુ આગળ વધેલા ભાઇઓ ડાકટર અને વકીલ બની ગજવાં ભરવાની તજબમાં પડયા. આથી યુનીવરસીટીની કેળવણીનો ઘણો સારો પ્રસાર ગઇ સદીના ૮) માં દાહેકામાં થવા લાગ્યો, અને તેની બરકતથી લોકો રાજદ્વારી બાબદો તરફ પણ ધ્યાન દોડાવવા લાગ્યા. એજ દાહેકામાં લૉર્ડ રીપનના અમલે અને ઇલબર્ટ બીલની ચરચાએ જાહેર ચલવલનું બજાર ઇંગ્રેજો તેમજ હિંદીવાનોમાં અતીશય તેજ કીધું, અને તેથી આમ પ્રજાનું પણ રાજદ્વારી સવાલો તરફ ધ્યાન ખેંચાયું. એજ મુદ્દતમાં "નેશનલ કાંગ્રેસ"—આ પારસીઓનાં ખાસ શેહર—મુંબઇમાં હસ્તીમાં આવી, અને વધુ સંખ્યાના પારસીઓ જાહેર જીંદગીમાં પડવા લાગ્યા.

સ્ત્રીકેળવણી—સ્ત્રીકેળવણીએ એક પગલું આગલ લીધું. જ્યાં આગલા દાહેકાઓમાં જરથોસ્તી છોકરીઓની નિશાળ મંડલી તથા સર જમશેદજી જીજીભાઇ કન્યાશાળા વિગેરેની બરકતથી ગુજરાતી ભાષામાં કેળવણી મલતી ત્યાં હવે ઇંગ્રેજી કેળવણી લેવાનો શોખ પણ પારસી બાનુઓમાં વધ્યો અને અલેકઝાંડ્રા ગર્લ્સ સ્કુલ વિગેરે બીજી સ્કુલોની બરકતથી પારસી છોકરીઓ ઇંગ્રેજી ભાષાની તાલીમ લેવા લાગી અને કેટલીક તો મેટ્રીકયુલેશનમાં પસાર થઇ ચઢતો અભ્યાસ—ખાસ કરીને સ્ત્રી તબીબ બનવા માટે—કરવા લાગી; તો જોકે પારસી છોકરાઓએ જેટલી દોડાદોડી ઇંગ્રેજી કેળવણી લેવા પાછલ કીધી તેનાં પ્રમાણમાં પારસી છોકરીઓની ઉલટ એ પ્રસંગે બહુજ ધીમી હતી. હવે કેટલીક સ્ત્રીઓ પણ જુદા જુદા જાહેર જીંદગીના વિભાગોમાં—તો જોકે શરૂઆતમાં ઘણીજ જુજ સંખ્યામાં—પડવા લાગી. ત્યારે એક રીતે જોતાં, એ દાહેકામાં **વેપાર અને રોજગારની પડતી અને એલમની ચઢતી થઇ.**

એ અરસામાં પારસી સખાવતનું રૂપ પણ ધીમેથી ફેરવાતું જતું નજરે પડે છે. આગલ મોટી મોટી રકમોની સખાવત કરનાર થોડા શેઠીયાઓ હતા, તેની જગાએ હવે મધ્યમ વર્ગ સખાવતમાં નાહની નાહની રકમોથી આગલ પડવા માંડેછે. દર મહીને રૂ.૪૦૦૦) ચાર હજારની ખાનગી સખાવત કરનાર મરહુમ શેઠ અરદેશર હોરમસજી વાડીઆ કેવી છુપી રીતે તે કરતા તે અત્રે જાણવાજોગ શબ્દોમાં ચીતાર્યું છે:—

"આ ઘણીખરી સખાવત બાંધેલા પગારરૂપે હતી. પણ એ સખાવત એવણ કોણકોણને કરેછે તે કોઇને જાહેર થવા દેતા નહી હતા. ખુદ એવણના મેહતા અને શરાફને પણ તે વીશેની જાણ નહી હતી—દર માસે તેવણ પોતાને ખાતે એટલી રકમ ઉપાડતા હતા અને પોતાને હાથે પરબીડાંમાં નાખીને પરભારીજ રકમો મોકલી આપતા હતા. ગરીબોના આ સખી દસ્તવાલા દાદખાંની આવી માસીક મદદ લેવા જવી કે ડુગડાવા જવી પડતી નહી હતી. એ મદદને માટે તેવણના આભારી ગરીબોને તેવણને બારણે રોજ રોજ ઢકેલા ખાવા જવું પડતું નહી હતું. આબરૂદાર પણ ગરીબીમાં આવેલા કુટુંબોને માટે તેવણના બાંધી આપેલા પગારો મહીનો પુરો થતા તેટલામાં ઘેર બેઠાં ચાલ્યા આવતાં હતા; પણ એગરજો કોઇ આવી રીતે પોતાને મલતી મદદ જાહેરમાં

આણે તો આ અજીવજુદ વાડીઆજીને તેથી કમકમાટ ઉપજતો હતો. પોતાનો ધરમ જાહેર નહી થાય તેની તે ધરમના આભારીઓને તાકીદ કરતા, અને ફકત તે સખાવત જાહેરમાં લાવવાની નબલાઇભરેલી કસુરને માટે એવણે કેટલાક ગરીબોને આપેલી મદદ બંધ કરેલી એવા પણ દાખલા બનયા હતા. એટલોબધો ધરમ છુપો રાખવા માટે લોભ લાલચથી નીરાલું, માન અકરાંમના ચડસ વગરનુ, કાંઇ ઓરજ મોટું દીલ જોઇએ."

પારસીઓનો માનમરતબો—તેમજ વલી પારસી શેઠીયાઓનો રોબ અને તોર આગલ જેવો ચાલુ રહેલો અત્રે દીસતો નથી. આગલ પારસીઓ હીંદીવાનોને બહુ પછાત નાખી પેહલી હરોલમાં એકલા આવી ઉભા હતા, તેમની સાથ હરીફાઇમા હવે બીજી કોમો આવતી ગઇ છે, અને તેથી પારસીઓનો સતાવાલાઓની નજરમાં જે તોર અને રોબ હતો તથા જે માન હતું તેમાં હવે બીજી કોમવાલાઓ કુદરતી રીતે ભાગ પડવા લાગ્યા છે. દાખલા તરીકે, મરહુમ પેહલા બેરોનેટ સર જમશેદજી જીજીભાઇ "પેટ્રીઓટીક ફંડ" ને લગતાં એક સખાવતી કામ માટે મલેલી જાહેર સભામાં હાજરી આપવાને એવી ઉલટ ધરાવતા કે તેવણ પોતાના કોટેકોટનાં મકાનથી છેક ટાઉન હૉલ વેર પોતાની માંદગીને લીધે હમાલોની ખાંધ ઉપર બેસીને ગયા અને તે સભામાં હાજરી આપી.

હવે મોટાલોકના દીકરા કેળવણી અને સાહીત્ય તરફ ધ્યાન દોડાવવા લાગેછે—પેહલા સર જમશેદજી જીજીભાઇના વિદ્વાન બેટા શેઠ શોરાબજીનું મરણ જે આ દફતરમાં નોંધાયલું છે, તેમની કારકીર્દી એક માતબર કુટુંબના બેટાને કેવી શોભા આપનારી છે તે અત્રે જોવામાં આવેછે. મરહુમ શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઇ એક ઓરીએન્ટલ ભાષાઓના સ્કોલર તરીકે, એક ફારસી બાં તરીકે, અને અર્ધો ડજનથી વધુ કેતાબોનાકર્તા તરીકે એ દાહેકો દીપાવેછે અને તેમજ વલી પીટીટ ખાનદાનના નબીરા મરહુમ શેઠ જમશેદજી નશરવાનજી પીટીટ કવિતા અને સાહીત્યમાં ખરી મોજ અને મજેહ મેલવેછે.

ઉમરદરાજી તબીયતની સુખાકારી—એ મુદતમાં પણ પારસીઓ સાદાઇના નીયમો જાળવી સારી તબીયત ભોગવવાની સંભાલ લેતા હતા, અને તેથી કેટલાકો એ દાહેકામાં એકસોથી વધુ વર્ષની ઉમર કાઢવાને શક્તિવાન થયા છે, જેની નોંધ આ દફતરમાંથી પણ મલે છે. **મોટા કુટુંબકબીલાવાલા થવું** એ દાહેકામાં પણ માનભર્યું લેખાતું. એક જણ પાસ કેટલી દોલત છે તે કોઇ પુછશે નહી પણ તેને કેટલાં છોકરાં છે તે પુછશે. એ રીતે બચ્ચાંછોકરાં ધરાવવાં એજ એક દોલત છે. પણ કમનસીબે આજના કેટલાક પશ્ચીમના સુધારાની ધુંધમાં પડેલા એકલડોકલ પારસીઓમાં મોટું કુટુંબ ધરાવવું એ માનભર્યું યા નોંધ લેવાલાયક ધારવામાં આવતું નથી, ત્યારે આ નોંધવાલા દાહેકામાં પણ આગલની માફક મોટાં કુટુંબ મુકી ગયનાઓની નોંધ ઉકમાઇથી લેવાઇ છે. પોતાની કોમને મોટી સંખ્યામાં બેટાબેટીની ભેટ કરવા જેવી બીજી આજે શી ભેટ હોય? આજે જ્યારે બેપાંચ ફરજંદને પાલવું એ વતીક ભારી પડેછે ત્યારે માત્ર ત્રણ દાહેકા ઉપર એકેક જણ સો અને વધુની ઓલાદ મેલી જવાના દાખલા આ કેતાબમાં નોંધાયલા છે. ત્રીજેજ પાને નજર કરતાં બાઇ કુવરબાઇ તે મોબેદ ફરદુનજી મરજબાનજીનાં વીધવાનો કબીલો મલે છે, કે જે મોટાંમાય (૮૪) વરસની બુજરગી ભોગવી ગુજર્યાં હતાં. તેવણના "દીકરા દીકરીઓના વંશમાં ૨૧૮ છોકરાંઓ જનમીઆં હતાં. જેઓ-

માંથી એઓનાં મરણ સમયે ૭૭ છોકરા અને ૭૪ છોકરીઓ હયાત હતાં. એઓ બાપનાં બપાઇ અને મમાઇનાં મમાઇ થએલાં હતાં." બીજા એવા દાખલાઓમાં એજ પાને ધનબાઇજી તે દસ્તુર રતનજી મનચેરજી કુતાર, નવસારીવાલાનાં ધણીઆંનીનું ૧૦૦ "છોકરાં છઇયાનું" કુટુંબ નોંધાયલું છે, અને બીજાં ૮૬ છોકરાં એજ કસબાનાં બચુબાઇ તે દોરાબજી નાનાભાઇ સવાઇનાં વીધવા તથા ભરૂચવાલા પેસ્તનજી અસલાજી ડુંગાજી ૫૦) ફરજંદો મેલી જવાના દાખલા નોંધાયાછે.

જાણીતાં મરણો—એ મુદતમાં ઘણાક જાણીતાં જરથોસ્તીઓનાં મરણ નીપજ્યાં હતાં, જેમાંનાં નીચલાં ખાસ નોંધ લેવા જોગ છે:—શેઠો અરદેશર હોરમારજી વાડીઆ, શેરાબજી જમશેદજી જીજીભાઇ, હીરજીભાઇ મેહરવાંનજી વાડીઆ, જાંગીરજી મેહરવાંનજી પ્લીડર, નવરોજજી ફરદુનજી સી. આઇ. ઇ., ખરશેદજી નશરવાંનજી કામાજી, નશરવાંનજી રતનજી તાતા, જમશેદજી નશરવાનજી પીટીટ, હીરજીભાઇ હોરમજજી શેઠના, માણેકજી ખરશેદજી શરાફ, દસ્તુર ફીરોઝજી જામાસ્પજી, માણેકજી લીમજી હાતરીઆ, જાગીરજી બરજોરજી વાછા, બેહરામજી જીજીભાઇ, મંચેરજી નવરોજજી બનાજી, લેડી શાકરબાઇ પીટીટ વગેરે.

એ દાહેકાની ગુજરાતી ભાષા—૧૮૮૦ થી ૧૮૯૦ નાં સાલમાં પારસીઓને હાથે લખાતી ગુજરાતી ભાષા ઘણે દરજ્જે આજે લખાતી ભાષાને મલતી લાગે છે. આગલી "ચાબુક" ના વખતની ફારસી લફ્ઝોથી ભરપુર સહરાવેલી શીરીન પારસી ભાષા ઉપર હવે હિંદુ-ગુજરાતીએ અસર કરવાની શરૂ કીધી છે. હવે ફારસી ભાષાની જગાએ સંસ્કૃત બોલીએ પગપેસારો કરવા માંડેલો જણાઇ આવે છે, અને આગલી મઝાંદાર સ્વાદીસ્ટ ગુજરાતીની જગા એ લુખીસુકી ગુજરાતીએ લેવા માંડીછે.

ઇંગ્રેજી વર્તમાનપત્રોની નોંધો—પારસી મરત્યુકના આ ત્રીજાં દફતરમાં જ્યારે ૩૭૦ પારસી મરણોની ગુજરાતી પત્રોએ નોધ લીધી છે, ત્યારે ૧૩૫) ની ઇંગ્રેજી વર્તમાનપત્રોમાં નોંધ આવી છે તે ઉપરથી પારસી વગવસીલો તે દાહેકામાં કેટલો હતો તે જણાઇ આવે છે. આ દફતરમા નીચલાં ઇંગ્રેજી તથા ગુજરાતી ન્યુસ્પેપરોમાંથી નોંધો લીધી છે:—અખબારે સોદાગર, ગુજરાત મીત્ર, રાસ્ત ગોફતાર, બોમ્બે ગેઝેટ, મુંબઇ સમાચાર, જામે જમશેદ, ટાઇમસ ઑફ ઇંડીઆ, સતીઅ મીતર વગેરે.

સાંકળીઉં

ગુજરાતી વર્તમાન પત્રોમાં આવેલાં મરણસુકોનું.

ઈંગ્રેજી વર્તમાનપત્રોમાં આવેલાં મરત્યુકોનું સાંકળીઉં.

"પારસી મરહુમો" માં આવેલી અટકોનું

સાંકળીઉં.

આટકો.	દફતર ૩ જું. સફે.
ખીલીમોરીઆ	૧૬૩, ૨૦૬, ૨૧૪
ખીશની	૧૩૮
બુઠી	૧૫૭
બેંકવાલા	૨૧૫
બેનેટ	૫૫
બોદ	૧૧૭
ભડયારણ	૧૨
ભમગરા	૨૮૪
ભમરડા	૨૫૧
ભરડા	૬૬
ભરૂચા	૩૭, ૧૬૪
ભાજીવાલા	૨૪૯
ભાવનગરી	૪, ૧૪, ૧૫૭, ૨૩૩
ભીખાજી	૨૩૫
ભેદવાર	૧૪૩
મનાવાડીઆ	૧૭૧
મરજબાંનજી	૩, ૧૬૨, ૨૧૦, ૨૬૦
મસાંની	૩૨૦
મસાલાવાલા	૨૨૦, ૨૮૮
માજુ	૧૦૮
માણેકશાહના	૫૫
મારકર	૩૦૭
માસટર	૨૫૪
મીનોચેહર હોમજી	૨૩૦
મુનશી	૬૬, ૨૪૪, ૨૮૨, ૩૨૧
મુનસફ	૪૨
મુલાં	૨૯૪
મુલાંફીરોજના	૪૪, ૫૯
મેધોરા	૮૩
મેસ મોજંટ	૧૧

આટકો.	દફતર ૩ જું. સફે.
મેહતર	૬
મેહરજી રાણાના	૭, ૧૪૪, ૧૫૬, ૨૨૯, ૨૪૫, ૨૪૭, ૩૨૦
મેહરજી	૪૩, ૧૪૮
મેહતા	૭૪, ૮૫, ૧૪૧, ૨૨૬, ૨૪૦
મોગલ	૨૩૮
મોદી	૬૭, ૧૭૭, ૨૪૫, ૨૬૩
મોબેદજી	૨૬૧
મોરીનાસ	૬૬
રતનજી	૨૭૬
રબાડી	૮૭
રાગી	૧૪૫
રાજકોટવાલા	૬૫, ૨૧૨
રાંડેલીઆ	૧૬૫, ૩૦૮
રાંણા	૬, ૬૦
રાણીના	૧૦૯
રાનજી	૧૪૫
રીપોરટર	૧૪૧
રૂસતમજી	૧૪૮
રૂડીમની	૬
રોસ	૧૫૫
લશ્કરી	૨૬૧
લાકડાંવાલા	૨૫૨
લાલકાકા	૩૯, ૧૦૭, ૨૫૬
લાહિર	૨૫૧, ૨૯૧
લાહેવાલા	૨૮૮
લોઢાંવાલા	૩૧૩
વકીલ	૧૬, ૧૯૯
વજીફદાર	૩૨, ૨૩૨
વરકીંમબાકસવાલા	૧૭૫

“પારસી મરતબુકો” માં આવેલી અટકોનું સાંકળીઉં.

પારસી મરત્યુક.

ભાગ ૩ જો.

ઈ૦ સ૦ ૧૮૮૧.

તા૦ ૪ થી ફેબરવારી.

રોજ ૧૯ માહ ૫ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

અરદેસર નવરોજજી આપઅખતીઆર—જણાવવાને બહુ દલગીરી ઉપજેછે કે અતરે પરગટ થતાં ઇઅજદાંપરસ્ત અને પારસી પચ પતરોના હાલના મેનજર અને મીશીઅરશ એ. નવરોજીની કમપનીના વડા મેમબર મી૦ અરદેસર નવરોજી આપએખતીઆર ૩૩ વરસની ટુંક વયમા આ ફાની દુનયાંમાથી અશબાબ ઉઠાવી ચાલીઆછે. એ મરનારે બહુ ચાલાકીથી ઉપલાં પતરો ચાલુ રાખવા ઉપરાત પોતાના વેપારવણજનાં કામમાં પણ મશગુલ હતા. આથી તેઓ જેમના સંબંધમા આવી શકતા તેઓ તેમને ટુકી વએ છતાં પુરતી ચાલાકી અને ખુશ મીજાજ માટે બહુ ઉંચું મત ધરાવતા હતા. એ મરનારની એવી ચાલાકીથી તેમના ઉપર રાખવામાં આવેલી શઘલી ઉમેદ ભશત થઇ ગઇછે અને આ કવખતના મરણથી તેમનાં કુટુંબને લાગેલો આ ઉંડો જખમ વેહેલો રૂજાઇ શકવાનો નથી.

[અખબારે સોદાગર, તા૦ ૫ મી ફેબરવારી ૧૮૮૧.]

તા૦ ૬ થી ફેબરવારી.

રોજ ૨૧ માહ ૫ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

રતનજી રૂસતમજી સુખીઆ, સુરતના—અતરેના જાણીતા પારશી ગ્રહસ્થ શેઠ રતનજી રૂશતમજી સુખીયા ગયા રવીવારની રાતના આશરે ૧૨ કલાકે પોતાની ૪૫ વરશની ઉમરે અચબુચ મરણ પામવાથી તેમના આખા કુટુંબ અને ઓળખીતાઓમાં ભારે દલગીરી ફેલાઇ હતી. મરનાર પોતાના મોતની આગમજ ઘણા તંદુરસ્ત હતા અને પોતાની મિજવાડિવાની જગોએ ફરી આવ્યા પછી એકજ ઝાડો અને ઉલટી થવા પછી અચબુચ પ્રાણ મુકી દીધો હતો. મરનાર જાતે ધરમી અને સઘળાઓ જોડે મળતાવડા સ્વભાવના હતા.

[ગુજરાત મીત્ર, તા૦ ૧૩ મી ફેબરવારી ૧૮૮૧.]

તા૦ ૨૧ મી ફેબરવારી.

રોજ ૬ માહ ૬ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

દાદાભાઈ કાવશજી અખબારે સોદાગરવાલા—જણાવવાને અતીશય દલગીરી ઉપજેછે કે અખબારે સોદાગરના માલીક શેઠ દાદાભાઇ કાવશજીનાં ગયા સોમવારને દીને નીપજેલા મરણની નોંધ લેવાની ફરજ અમારે માથે આવી પડીછે. દેશી છાપાખાના સાથના પોતાની આખી જીંદગીના સંબંધથી એ ગ્રહસ્થ પોતાને જાહેરમાં લાવવા માગત તો લાવી શકત એમ હતું, પણ તેવણ જાત જાહેરમા જાણીતા નહી થયા એ બીજા કારણો સાથ તેવણની અતીઘણી સાદાઇનું પણ પરીણાંમ હતું. સાધારણ વીચાર એવો છે કે છાપાખાંનાના ધંધામાં જશ નથી, અને જોકે શેઠ દાદાભાઇ કાંઇ મોટા લક્ષાપતી થયા નથી, તોપણ માત્ર બે કે ત્રણ રૂપીયાને પગારે એક ડીબાં ગોઠવનાર દાખલ પોતાની જે જીંદગી શરૂ કરેલી તે જીંદગી, એજ ધંધામા એક છાપાખાંનાના માલીક દાખલ અને એક સારી પુંજીના પૈસેટકે સુખી ધણી દાખલ તેવણે છોડી જઇને ઉપલા વીચારને

ખોટા પાડવાનો નવાઇજેવો દાખલો આપયો-છે. મુંબઇ સમાચાર પત્ર મરહુમ શેઠ ફરદુનજી મરજબાંનજીએ આજ સાઠ વરશ ઉપર પેહલવેહલું ઉભું કીધા પછી થોડાંજ વરશમાં શેઠ દાદાભાઇ તયાં ધંધે લાગયા હતા, અને આપણાં "જુવાનીયાઓ" જેઓ આજે ઘરડા થયાછે પણ તે વખતે ખરેખર નાદાન જવાનો હતા, તેઓ જયારે મુંબઈ સમાચાર સાથ સંબંધ રાખતા હતા તયારના મી૦ દાદાભાઇ "પ્રીંટર" આપણા સોહરાબજી બંગાલીઓ અને નવરોજજી ફરદુનજીઓની પીછાણમાં આવયા હતા. મરનારે પોતાના ધંધામાં કાંઇ દોડાદોડી ઇયા છાપાકળામાં કાંઇ મોટા ફેરફારો કરી નાખયા નથી. કોઇ કેળવણી પામેલા કાબેલ દાખલ અથવા કોઇ પોતાનો ભોગ આપનાર મોટા દેશહીતકારી દાખલ અમે તેવણની આ નોંધ લેતા નથી. વરતમાનપત્રના પરવરતાવનાર દાખલ તેવણે કોઇ મોટુ નામ કાહાડયું નથી. પણ દેશી છાપાખાંનાની મુશકેલો જે સાધારણ લોકો જાણતા નથી તે સામે અમારા જનમ અગાઉથી ગુપચુપ વેઠ કરનારા એક જુનામાં જુના ભાઇબંધ દાખલ તેવણ તરફનો અમારો આ હક માત્ર અદા કરતી વેળા, હમણાં જયારે ધંધા વગર લોકો ટલવલેછે અન જયારે કેળવાયલા જવાંનો 'આપલીકેશનો' લઇ દોડતા ફરેછે, તેવા વખતમાં એકચીત મેહેનતથી અને મનીયમપણાંથી એક ધધાની પુઠ પકડી રાખયાથી એક માણસ કેળવણી લીધા વગર પણ ફતેહ મેળવી શકેછે તેના એક નમુના તરીકે મરનાર મી૦ દાદાભાઇનો દાખલો રજુ કરવાને અમોને આચકો લાગતો નથી. તેવણે મુંબઇ સમાચાર છોડયા પછી "અખબારે સોદાગર" આસરે બત્રીશ વરશની વાત ઉપર ઉભું કીધું તયારપછી ઘણુંક પત્રો રીબીરીબીને મરી ગયાં પણ, જે થોડાંક પોતાને માથેની મુસીબતોનો પવન મશકીને જીવયછે તેઓમાં એક મી૦ દાદાભાઇનું આ પત્ર છે કે જેના તેવણ મોતની ઘડી સુધી માલેક હતા. એ પત્રના લખાણ ઇયા દેખાવની અમે કાંઇ વખાણ કરવા માગતા નથી, પણ વેપાર વરતમાંન આપવાની પોતાની પેહલી નેમ મી૦ દાદાભાઇએ સેવટ સુધી જાળવી રાખીછે, તેમાં તેવણ પોતાનું નાણું પેદા કરવા સાથ વેપારી આલમનું કાંઇ કામ કરી શકયાછે એવું તેના વેપારી વાંચનારાઓ પોતે કબુલ કરેછે—તો જોકે એ કામ ઘણું સુધારી શકાય એવું રહયુ છે. માત્ર વેહેમભરેલાં પણ વેપારીઓને ઉપયોગી પંચાંગો અને અધુરા પણ આલમને કામના અવસતાના ગ્રંથો છાપયા કરતાં વધારે ઉંચાઇએ મરનાર મી૦ દાદાભાઇનો સાહસ ચહડયો નહી હતો, પણ એ બે પ્રકારના પુસતકોનો ખપ જગાડનાર અને ચાલુ રાખનાર તેવણ મુખીઆ હતા અને તેમાં એટલું દૈવત ધરાવી શકયા કે સેવટે પારસીઓની ડુંગરવાડી ઉપર સરવેના ઉપયોગને માટે સખયાબધ ચોપાંનીયાઓ તેવણ ભેટ પણ કરી શકયા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૮૧.]

21*st February* 1881.

DADABHOY COWASJEE AKHBARI SODAGURWALLA.—Mr. Dadabhoy Cawasjee, proprietor of the *Summachur Durpun and Akhbari Sodagur* newspaper, died at his residence in the Fort on Monday night last at a good old age. Although a man of no mercantile experience, he closely studied the wants of the native mercantile class, and made his paper so useful that it obtained a wide circulation among them. By a course of thrift and careful management, conducted on the principle "waste not, want not," for nearly a quarter of a century, he made the journal a paying one; and his is perhaps the only instance of the proprietor of a native daily newspaper acquiring a handsome com-

petence out of its income. Some years ago he purchased the *Bombay Chabook* newspaper, and incorporated it with his own. Mr. Dadabhoy was a man of tact and temper, unassuming and simple in his habits, and was respected among men of his position in life.

[*Bombay Gazette, 23rd Feb.* 1881]

તા૦ ૧૦ મી મારચ.

રોજ ૨૩ માહ ૭ (ક૦) ૧૨૫૦ યજદેજરદી.

કુવરબાઈ તે મોબેદ ફરદુનજી મરજબાંનજીનાં વીધવા—બરી બુજરગી—ગીઆ ભરેસપતવારને દને મુંબઇમાં ૮૪ વરશની વએનાં એક મોટામાએનું મરણ થયુ છે. તેઓ પરખીઆત મરહુમ મોબેદ ફરદુનજી મરજબાંનજીનાં ધણીઆની બાઇ કુવરબાઇ હતા. એઓના દીકરા અને દીકરીઓના વંશમાં ૨૧૮ છોકરાંઓ જનમીઆં હતા જેમાંથી એઓનાં મરણ સમે ૭૭ છોકરા અને ૭૪ છોકરીઓ હઇઆત હતા. એઓ બાપનાં બપાઇ અને મમાઇનાં મમાઇ થએલાં હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૩ મી મારચ ૧૮૮૧.]

10*th March* 1881

COOVERBY WIDOW OF LATE MOBED FURDOONJEE MURZBANJEE—There died in Bombay yesterday morning a Parsee lady 84 years of age, who left behind her 115 children and grand children. Before her death she was able to gather round her grand-children's grand-children.

[*Bombay Gazette*, 11*th March* 1881]

તા૦ ૩૦ મી મારચ.

રોજ ૧૩ માહ ૭ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

ધનબાઈજી તે દસ્તુર રતનજી મનચેરજી કુતાર, નવસારીવાલાનાં ધણીઆંની—ગઇ તા૦ ૩૦ મીની રાતરે અતરે (નવસારી ખાતે) બાઇ ધનબાઇજી તે દસ્તુર રતનજી મનચેરજી કુતારનાં ધણીયાંની ૯૦ વરસની લાંબી ઉમરે ૧૦૦ છોકરાં છઇયાંનું બોહલું કુટંબ પોતા પાછલ મેલીને બેહસ્તનશીન થયાંછે. મરનારની આ ઉમર તથા કુટંબનાં બોહલાંપણાં સાથે વધારે જાણવાજોગ એ છે કે, તેમનાં સઘલાં છોકરાંઓનું કુટંબ એકસંપીથી સાથે રેહતું આવયુ હતું, અને એકાદ સીવાય કોઇપણ મોટાં છોકરાંનાં મરણનો જખમ મરનારને ખમવો પડયો ન હતો. નવાઇસરખું એ છે કે, મરનાર છેલી વેલા મોતનાં બીછાણાંપર સુતાં તયાસુધી તેમની તનદરસતી મજબુત હતી, અને તેવણને જીંદગીમાં આગલ કોઇપણ વાર દવા પીવાની ફરજ પડી ન હતી. અંત સુધી તેવણ રાંધવાસીધવાનું કામ કરતાં હતાં અને તે જોડે કસતીઆતરીનો ધંધો પણ કરતાં હતાં. આ તરફ એવાં ભાગયશાલી મોટાંમાંયો હવે કોઇજ બાકી હશે, અને હવેની ઓલાદ કેટલી નબલી અને પોચી નીકલેછે તે તો આપણે સારી રીતે જાણુંયે છીયે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૧ મી આપરેલ ૧૮૮૧.]

તા૦ ૨ જી જુન.

રોજ ૧૭ માહ ૯ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

પેશતનજી મેહરવાંનજી દુબાશ—હમોને જણાવવાને દલગીરી લાગેછ કે આપણી વસતીના જાણીતા શેઠ જાંગીરજી મેહરવાંનજી પલીડરના વડા ભાઇ શેઠ પેશતનજી મેહરવાનજી દુબાશ ગઇ પરમ દીને સવારનાં લગભગ એક માસની માંદગી ભોગવી બેહસતનશીન થયાછે. એ મરનાર અતરેનાં બારાંમાં આવતી મનવારો અને આગબોતોના દુબાશનું કામ તેમજ રેલવે અને કમીસરીએટનાં કનત્રાકટરનું કામ મોટા પાયા ઉપર ચલાવતા હતા. દુબાશનું કામ એ મરનારના બાપના વખતથી આજ આરધી સદીથી વધારે મુદત થાઈ એમનાં કુટુંબમાં ચાલુ છે. એ મરનારના બાવા મરહુમ શેઠ

મેહરવાંનજી નવરોજજી બેખડુ મુંબઇ મધે આગલા વખતમાં મીશીઅરસ રીચી સ્ટુઅરટ, મેકગરીગર બ્રાઉનીગ, વગેરે નામીચી વેપારી પેહડીઓની મારફતમાં આવતા વાહાણો તથા સરકારી મનવારો વગેરેના દુબાશનું કામ ઇ. સ. ૧૮૪૭ ની શરૂઆત લગણ ધમધુકાર ચલાવતા હતા. મરનાર શેઠ પેશ-તનજી તથા તેમના ભાઇ શેઠ એદલજી મેહરવાંનજી તથા ભાગયા શેઠ શેરાબજી એદલજી પણ મુંબઇનાં બારાંમા ગમે તેટલાં બારકસો આવેલાં હોય તેમને જોઇતો સઘલો સરજાંમ પુરો પાડવામાં આછા માહીતગાર થયલા હતા, અને મનવારોના આડમીરલો તથા દરીઆવરદી ખાતાંના બીજા અમલ-દારો તરફથી એમને વારંવાર શાબાશીઓ મલી હતી. મરનાર શેઠ પેશતનજીના મરણથી તેમની બુઢી માતા કે જે નેકબખત બાનુ ની દઆમઆથી પાંચપચીસ માણસો આજ પણ પલેછે તે જઇફને તથા એમનાં બોહલાં કુટંમને મોટું દુખ તથા ભારે સતાપ ઉપજીઓછે.

[જામે જમશેદ, તા૦ ૪ થી જુન ૧૮૮૧]

તા૦ ૧૬ મી જુન.

રોજ ૧ માહ ૧૦ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

શાપુરજી જામાસપજી ભાવનગરી—જણાવવાને મોટું દુખ ઉપજેછે કે મુબઇનાં કસટમખાતાંના એક આસીસટંટ કલેકટર મી૦ શાપુરજી જામાસપજી ભાવનગરીયા ગયા ભરેસપતવારને દીને આ ફાંની જાહાનથી વાસો ઉઠાવી ગયાછે. એઓ સુરતનાં નામીચાં ભાવનગરીયા ખાંનદાનના એક નબીરા હતા, કે જે ખાંનદાનની જાહોજ-લાલી આ જમાનામાં આપણે જોએલી હતી અને જે જાહોજલાલીથી પારસીઓની મોટી ઇજત હતી, પણ તેટલા વાસતે અમે આ ગ્રહસથનાં દુખદાયક મરણની નોધ લેતા નથી. એ ખાનદાનના પડતા વખતમાં મી૦ શાપુરજીને નામદાર સરકારે જે મોટો ઓધો આપીને એ નામીચાં ખાનદાનની ઇજત જાલવી તથા જે ઓધો મી૦ શાપુરજીએ આજ બાર વરશ થયાં ફતેહમંદી સાથ બજા-વયો તે ઓધાની ખાતર આ મરતીઉકથી વધારે દુખ ઉપજાવનારી ખોટ નીપજીછે. મી૦ શાપુરજી કસટમના આસીસટંટ કલેકટર-ની છેકછેલી ગરેડ ઉપરથી વધતાં પેહલી પાયરીની નજદીક આવયા હતા અને થોડાજ દીવસ ઉપર તેવણ રૂ. ૮૦૦ ના પગારની મોટી જગયાએ ચઢયા હતા. તેવણને બાર વરશ ઉપર આ નોકરી મલી તે વેલા અમે તેની જાહેરમાં નોધ લીધી હતી. પણ જોવાથી મોટો શતાપ ઉપજેછે કે પોતાને આધારે પડેલા બોહલાં કુટુંબના ફાયદાનું આ મોટું માન ભોગવવાને તેવણને જીદગીએ યારી આપી નથી. મરનાર શેઠ શાપુરજી જેવા મેહનતુ અમનદાર હતા તેવાજ લાયકીવાલા ગ્રહસથ હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૯ મી જુન ૧૮૮૧.]

16*th June* 1881.

SHAPOORJEE JAMASPJEE BHAWNUGREE.—Mr Shapoorjee Jamaspjee Bhawnugree, Assistant Collector of Customs, Bombay, died on Thursday last at his residence near the French Bridge, Breach Candy Road. The funeral took place yesterday morning, a large number of his friends being present. The deceased was 44 years of age, and had served in the Custom House as Assistant Collector for about twelve years. He was the son of one of the wealthiest Parsees of Surat.

[*Times of India*, 18*th June* 1881]

તા૦ ૧૭ મી જુન.

રોજ ૨ માહ ૧૦ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

દીનશાહજી ડોશાભાઈ કામદીન, સુરતના—સુરતથી એક ખબરપત્રી લખે-છે કે—

"પલીદ કોલારાનાં રોગ વગર એક દાહડો શલગ નીકલતો નથી. આજે એક કલાકના અરશામો વાંકી બોરડી આગલ દીનશા કાંમદીનની મોટી નીશાનવાલો દીનશા (ડોશાભાઇ) કામદીન બેસ્તનશીન થાએઓ.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૯ મી જુન ૧૮૮૧.]

તા૦ ૧૯ મી જુન.

રોજ ૪ માહ ૧૦ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

જામાસપજી બેહરાંમજી ડાકટર, મહુવાના—મહુવા તાલુકે ભાવનગરના ડાકટર જામાસજી બેહરાંમજી ગુજરી જવાથી મહુવા ગામમાં ઘણી દીલગીરી ફેલાઇછે. એનાં મરણ દીવસે દવાખાનાંમાં તેમજ સરવ ઠેકાણે શોક પાળવામાં આવયા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૯ મી જુન ૧૮૮૧.]

તા૦ ૨૫ મી જુન.

રોજ ૧૦ માહ ૧૧ (ક૦) ૧૨૫૦ યજદેજરદી.

જમશેદજી ખરશેદજી બાટલીબોઈ—અતરેના નામીચા વેપારી શેઠ જમશેદજી ખરશેદજી બાટલીબોઇએ ગએઆ શનીવારને દીને ૭૬ વરસની બુજરગ ઉમરે આ જેહાંનથી અસબાબ ઉઠાવી મીનોઇ જેહાંનમાં વાસો કરયોછે. મરનાર અતરેની મીશીઅરસ એડવરડ બેટસની આફીસમાં પરથમ નોકરીએ હતા અને તયારબાદ શેઠ માણેકજી ખરશેદજી દાદીખરજોરના સાથ એજ પેહડીના દલાલનું કામ ચલાવયું હતું. તેમના સદગુણો અને રૂડા સવભાવથી તેવણ વેપારી આલમમાં સારૂં માન ધરાવતા હતા. પોતાના આસપાસનાઓને સુખી કરવા મરહુમ શેઠ સરવદા કાલજી બતાવતા હતા અને ગરીબ ગુરબાંઓને તેવણનો કેટલોક છુપો આસરો હતો—જેઓ તેવણનાં મરણથી અતી દલગીર થયાછે.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી જુન ૧૮૮૧.]

25*th June* 1881.

Jamsetjee Cursetjee Batliboi.—Mr. Jamsetjee Cursetjee Batliboi, the founder of the well-known Batliboi family, died at his residence, Malabar Hill, on Saturday at the ripe age of 76 years. Commencing life as a humble godown-keeper, Mr. Jamsetjee by dint of sheer perseverance, energy, activity and a mercantile turn of mind, rose to the position of a broker to the well-known firm of Messrs Edward Bates and Company, which connection he kept up with credit to himself and advantage to the firm for nearly half a century during which time he amassed a fortune. During the share mania, when commercial morality was so lax, Mr. Jamsetjee by his strict principles and great honesty so far gained the confidence and regard of Mr. (now Sir Edward) Bates, the head of the firm, that he named one of his many ships "The Jamsetjee Batliboi" in honor of his Parsee friend and co-worker, and even at the present day a lifesize oil-painting of the venerable old gentleman may be seen at his friend's business place in Liverpool, and Sir Edward Bates points out to his English friends with pride the likeness of, as he says, one of the few natives he came across in India. Mr. Jamsetji was quiet and unostentatious in his habits and mode of life, but by his certain good qualities and generous and affable disposition had secured through his long life numerous friends, as was evident from the large number of them who followed his remains to the Towers yesterday morning His charities to his poor relatives and friends and members of his community were known only to himself and them. His eldest son, Mr. Limjee Batliboi, a citizen well-

known in his time for his public spirit and enterprize, died six years ago. The deceased leaves behind him two sons, Mr. Cursetjee and Mr. Framjee Batliboi, both engaged in mercantile pursuits, and a large number of grandsons and daughters and great-grand-children, numbering in all upwards of fifty-five.

[*Times of India*, *27th June* 1881]

તા૦ ૭ મી જુલાઇ.

રોજ ૨૨ માહ ૧૦ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

નાનાભાઈ પેશતનજી રાંણા—રાવલપીંડીથી અમોને મલેલા એક ખાસ તાર ઉપરથી તયાંના એક વેપારી શેઠ નાનાભાઇ પેશતનજી રાંણાનાં મરતીઉકની અમોને દુખભરેલી ખબર મલીછે, અને તે મરતીઉકની નોંધ આતરે અમે જાહેર રીતે લેવા માંગીયે છીયે. મરનાર મી૦ નાનાભાઇ આગલ એક અછા ગુજરાતી જાહેર લખનાર હતા. તેવણ આગલાં "પારસી પંચ" ના અધીપતી કે જેવારે એ પત્ર હાલના સરખી કંગાલ હાલતે પોંહચયું નહી હતું, પણ જયારે તે જામે જમશેદનાં કદનું દર અઠવાડીયે નીકલતું હતું. તયારપછી તેવણે "દોસતે પારસી બાનુઆન" નામનું એક અઠવાડીઆનું પત્ર સથાપયું તથા ચલાવયું હતું, અને છેલે તેવણ ઘણોક વખત સુધી મરનાર "ચાબુક" પત્રના અધીપતી હતા. એક લખનાર દાખલ એમની છટા અને એબારતબાજી તે વખત પરમાણે વખાણાતી હતી, પણ અગત કરીને તેવણે "ખ્વાસઠી ધરમનું ખોટારૂં" એ નામે કામેલીયત ભરેલી તકરારોથી રચેલું એક ચોપાનયું કેટલાક અંકોમાં બાહાર પાડયું તેથી મરનાર મી૦ નાનાભાઇ વધારે પંકાયા હતા. એ ચોપાનયાંના અંકોનું એક સારૂં પુસતક બનયુંછે. માઠાં ભાયગે જાહેર લખનારના ધંધાને જશ નથી અને અમારી મૂંહના ઘણા જુના લખનારાઓએ પોતાનો કુલ જારી રાખયો નથી. તેમ આ મરનાર કલમકશી એ કામ પછવાડેથી તદન છોડી દીધું હતું, તોપણ આજે પાછલા જમાનામાં અમારા એ અગલ મીત્ર અને ભાઇબંધને ખોહવાનું દુખ ભારી લાગેછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૦ મી જુલાઇ ૧૮૮૧.]

તા૦ ૧૦ મી જુલાઇ.

રોજ ૨૫ માહ ૧૦ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

પાહલનજી નવરોજજી મેહતર, સુરતના—સુરતના એક કાગજ ઉપરથી અમારા જાણવામાં આવયુંછે કે તયાં રૂસતમપરાંનો એક પારસી રેહેવાસી નામે પાહલનજી નવરોજજી મેહેતર ગયે રવીવારે ૧૧૦ વરસોની લાંબી ઉમરે મરણ પામયો હતો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૭ મી જુલાઇ ૧૮૮૧]

તા૦ ૨૧ મી જુલાઇ.

રોજ ૬ માહ ૧૧ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

રૂસતમજી જીવણજી રેડીમની—ગયાં અઠવાડીઆંમાં મી૦ રૂસતમજી જીવણજી રેડીમની નામનો ૩૨) વરશની ઉમરનો એક જવાંન પારસી શવરગવાશી થયોછે, જેનાં જોકે કાંઇ જાહેર કામો ન હતાં, તોપણ રેડીમનીનાં પુરાતમ કુટુંબનાં ખરાં લોહીના એ હઇઆત નબીરાઓમાંનો તે એક હોવાને લીધે આપણું લગરીક ધયાંન એ ચેછે. એ પુરાતમ કુટુંબના વડવાઓ હીરજીભાઇ, મનચેરજી, અને ટેમુલજી જીવણજી રેડીમની નામે તરણ ભાઇઓ ઇ. સ. ૧૭૨૮ માં નવસારીથી મુંબઇ આવયા હતા, અને તરણેક જણાં આગલા વખતમાં મુંબઇના શાહ વેપારીઓ ગણાતા હતા. ચીનનો વેપાર પારસીઓને માટે ખોલવાનું પેહલું માંન એઓમાંના શેઠ હીરજી રેડીમનીને ઘટેછે. તેવણ પેહલવેહલા ઇ. સ. ૧૭૫૬ માં શેઠ રૂશતમજી દાદાભાઇ નાદરશાહને સાથે લઇ ચીન ગયા હતા. બીજા ભાઇ શેઠ મનચેરજી પણ ચીનનો મોટો વેપાર ચલાવતા હતા. તેવણે પોતાનાં એખ્લાસનાં રવાંનને નાખવાને કીજે પોતાની મોસાળની વાડીમાં એક નાનકું દેરાસરું ઇ.

સ. ૧૭૮૬ માં બંધાવયું હતું. તેવણના દીકરા શેઠ શોરાબજી રેડીમનીની સખાવતો આજે પણ લોકો યાદ કરેછે. ઈ. સ. ૧૭૯૦ માં પડેલા ભયંકાર દુકાલની વખતે એવણે દરરોજ લગભગ બબે હજાર માણસોને દશ મહીના લગણ પોતાને ખરચે દાહડામાં બે વાર ખોરાક પુરો પાડયો હતો. તેવણના એક દીકરા શેઠ કેખશરૂ રેડીમની આગલા વખત-માં પારસીઓમાં એક એક્કા સ્કાલરૂ ગણાતા હતા. તેવણે ઈ. સ. ૧૮૧૮ માં મુલ્લાંફીરોજ-ની દસાતીર કેતાબની તરંફેણમાં તથા ઈ. સ. ૧૮૨૬–૨૭ માં કબીશાની વેલાએ શેહન-શાહીઓની તરફેણમાં ઇંગરેજી કુરીઅર અને ગેજેટના વરતમાન પતરોમા જે લખાંણો કીધાંછે તે આગલા એક "વેસ્ટ સકાલર" તથા આજના એક એમ. એ. નાં લખાંણની બરાબરનાં છે. હીરજીભાઇનાં વંશમાં બે બેટીઓ હતી, જેમાની એકના બેટા શેઠ જાંગીરજી, તે મરહુમ સર કાવશજીના બાવા, મમાવાના વારસ થયા હતા. મનચેરજીના એક નબીરા, શેઠ મનચેરજી ધનજીભાઇ રેડી-મની કરી ઇ. સ. ૧૮૫૪ માં મરણ પામ-વાથી તેમનું મરદ વંશ પણ ખતમ થયું હતું. અને ટેમુલજીનાં વંશમાં મજકુર મર-નાર રૂસ્તમજી હતા અને તેમના એક નાધલા ભાઇ હાલ હઇઆત છે.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી જુલાઇ ૧૮૮૧.]

તા૦ ૨૨ મી જુલાઇ.

રોજ ૭ માહ ૧૧ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

દસ્તુર રૂસતમજી કેકોબાદજી મેહરજી રાંણાના—આ અઠવાડીઆનું બીજું મરણ નવસારીનાં વડા દસ્તુર મેહરજીરાંણાના કુટુંબના એક નબીરા તથા હાલના ગાદી-નશીન દસ્તુરજી દારાબજી માહીઆરજીના કાકા દસ્તુર રૂસતમજી કેકોબાદજી મેહરજી-રાંણાનું છે. જેવણનાં ૪૨ વરશની વયમાં ગયા શુક્રવારે સાંજનાં નવસારી ખાતે કોલેરા-ના દુશટ રોગથી મરણ પામવાના સમાચાર જાણવાથી હમોને મોટી દલગીરી ઉપજેછે. હાલના દસ્તુરજીની વય તેમના બાવા મર-હુમ દસ્તુર માહીઆરજી કેકોબાદજીનું મરણ જે તા૦ ૮ મી નવેમબર ૧૮૭૩ ને દીને નીપજયું હતું, તે વખતે નાહની હોવાથી તેમને સલાહ આપનાર તથા તેમની સાથે દસતુરીનો વહીવટ ચલાવનાર એ મરનાર દસતુર રૂશતમજી હતા. એવણે મુંબઇ મધે સર જમશેદજીવાલી જંદ પેહલવી મદરેસામાં થોડીક મુદત સુધી કાંઇક કેલવણી લીધી હતી. મેહરજીરાંણાનું કુટુંબ નવસારી મધે ઈ. સ. ૧૫૭૯ થી તે આજસુધી દસતુરી ભોગવતું આવયુંછે, અને પેહલા દસતુર મેહરજીરાંણાથી તે હાલના દસતુર દારાબજી સુધી એવોની ૧૪ પેહડી થઇછે.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી જુલાઇ ૧૮૮૧.]

તા૦ ૧૮ મી આગશટ.

રોજ ૪ માહ ૧૨ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

શોરાબજી બેજનજી તુરકી—અતરેના એક દીનચુસત અને પહરેજગાર જરથોસતી શેઠ સોરાબજી બેજનજી તુરકીનાં ગઇ પરમ દીને ૬૨ વરશની વયમાં મરણ પામ-વાની નોધ કરવાને હમોને મોટી દલગીરી ઉપજેછે. એ મરનાર પેહલવેહલાં ઇ. સ. ૧૮૪૦ મા અતરેની સેકરેટરીએટ આફીસમાં એક લખનાર તરીકે રહયા હતા, તે પછી ઇ. સ. ૧૮૪૮ માં મીશીઅરશ કેમબેલ મીલરની કમપનીમાં ગોડાઉનકીપર તરીકે તરણ વરશ રહયા હતા, અને પછી પાછા સરકારી કીલામાં અને ટેલીગરાફ ખાતાંમાં એક ડાએકો કાઢયો હતો. તે બાદ છેલાં આબાપનસ મીલમાં લાંબી મુદત સુધી એક સારો ઓધો ભોગવતા હતા. એ મરનાર ઉદાર દીલનો તથા રાંક સવભાવનો અને ધરમી તથા બંદગીખોર હતો.

[જામે જમશેદ, તા૦ ૨૦ મી આગશટ ૧૮૮૧.]

તા૦ ૨૧ મી આગશટ.

રોજ ૭ માહ ૧૨ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

પેશતનજી [illegible], મુલ્લાંવાળા—બેચ-બાઇ વખતથી મુલ્લાંની જગ્યાઓમાં રહેનાર।

પાકી ઉમરનો એક પારસી ગરહસથ નામે મી૦ પેશતનજી કાવશજી ગયા રવીવારને દને બામદાદે મરણ પામયોછે. મરનારની ઓલ-ખાંણપીછાંણ બોહોલી હોવાથી તેની પાયદસત માટે ભેગી મલેલી મીજલસ ઘણી મોટી હતી.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૭ મી આગશટ ૧૮૮૧.]

તા૦ ૨૩ મી આગશટ.

રોજ ૯ માહ ૧૨ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

ખાંનબાહાદુર બરજોરજી મેહરવાંનજી ફરેજરના—હમો લખવાને ઘણા દલગીર છીએ કે અત્રેના જુની દીનના પારસી ગ્રહસ્થ ખાનબહાદુર શેઠ બરજોરજી મેરવાનજી ફરેજર ગએ મગળવારે સાંજના બે ચાર દીવસની સેહેજ બીમારી ભોગવીને પોતાની ૬૪ વરસની ઉમરે મરણ પામ્યાછે. એ ગ્રહસ્થનો જન્મ સંવત ૧૮૭૩ ના શ્રાવણ માસમાં સરોસો રોજ બમન મહીનામાં સુરત ખાતેજ થયો હતો આઠેક વરસની ઉમરમાં એઓ ગુજરાતી વાંચતાં લખતા શીખી રહયાં હતા અને ત્યારપછી મુંબઇ જઇને ત્રણ ચાર વરસ સુધી સરજન સાહેબની પાસે રહી અંગરેજીનો અભ્યાસ કીધો હતો. એ વેળા એઓની સ્થતિ સારી હતી કેમકે એઓના સુરબીજી શેઠ મેરવાનજી હોરમસજી તે વેળા સુરતમાં એક ધનવાન ગ્રહસ્થ હતા અને રૂનો ધંધો ચલાવનાર એક મોટા વેપારી તરીકે ગણાતા હતા. શેઠ બરજોરજી ત્રણ ચાર વરસ સુધી મુબઇમાં રહેલા તેથી એઓને મરાઠાઓ સાથ પ્રસંગ પડયાથી થોડું ઘણું કામચલાઉ મરાઠી પણ આવડતું હતું. મુંબઇથી આવ્યા પછી એઓએ સુરતના કસ્ટમ હાઉસ અથવા ફુરજામાં રૂ૦ ૩૫ના પગારથી સને ૧૮૩૫-૩૬ ના વરસમાં ડીપુટી ઇનસ્પેકટરની જગાનું કામ કરવાને નોકરી મેળવી હતી. એ ખાતામાં એઓએ લગભગ આઠ વરસ સુધી સરકાર ચાકરી કીધી હતી, જે અરસામાં એઓએ પોતાની નીમકહલાલી, આગ્રહ અને ઉદ-યોગથી તેમજ સાચવટપણાથી પોતાના દરેક ઉપરીઓનો સારો પ્યાર મેળવ્યો હતો અને પોતા ઉપર તેઓનો પુરો ભરોસો ખેંચી લીધો હતો. સરકારના એક નિમકહલાલ નેકર તરીકે એવણે વખતે વખતે સરકારની ઉપજમાં વધારો થવાના ઘણા સારા રસ્તા બતાવ્યા હતા, જે એવણની સુચનાથી અમલમાં આવ્યા હતા અને તેથી સરકારની ઉપજમાં વધારો થયો હતો. વળી હલકા પગારના કારકુનોએ પોતાના દફતરમાં ઘાલ-મેલ કરેલી એમના જોવામાં આવેલી તે પણ એવણે મુદા સાથે પોતાના ઉપરીઓને જણા-વવાથી એમના અધીકારમા વખતે વખતે વધારો થતા હતો. એઓ જો એજ ખાતામાં વધારે વરસ રહયા હતે તો બેશક આગળ જતાં ઘણા મોટા ઓધાની જગા ઉપર જતે, પણ આઠેક વરસ નોકરી કીધા પછી સને ૧૮૪૧ ના મેએ માસમાં એઓને રજા લેવાની જરૂર જણાઇ. ત વખતમાં એઓના પીતાજીનો રૂનો વેપાર ઘણો ધમધોકાર ચાલતો હતો અને તમા ગુચવાડો પણ ઘણો હતો જેથી તેઓને એઓની મદદ લેવાની જરૂર જણાઇ, જેથી એઓએ પ્રથમ તો એક માસની રજા મેળવી, બાદ બીજી બે માસની રજા લીધી અને તે પુરી થયા પછી એમ જણાયું કે હવે વધારે દીવસની રજા નહીં મળશે તેથી આખરે ૧૮૪૧ ના નવંબર માસમાં રાજી-નામું આપ્યું અને તેમાં જણાવ્યું કે મેં આઠ વરસ સુધી નીમકહલાલીથી નોકરી બજાવીછે તે તરફ નજર રાખી જ્યારે હું પાછો નોકરી લેવાને તઇઆર થાઉં ત્યારે કોઇ લાયક જગા મને મળવાની ભલામણ કરશો. પછી તો એઓ પોતાના બાપના ધંધા-માંજ તનમનથી સામેલ થઇ ગયા. એ નોકરી છોડી ત્યારે એઓને રૂ૦ ૮૫) નો પગાર મળતો હતો.

એ શેઠની જાહેર સખાવતો અને જાહેર કામો એઓના બાપ શેઠ મેરવાનજી ફરેજર તા૦ ૧૩ મી એપ્રીલ સને ૧૮૫૭ ને દીને મરણ પામ્યા ત્યારપછી અને વિશેષ કરી શેર-

સટાના વખત પછી જણાયલછે. સને ૧૮૫૭-૫૮ ના બળવાના વખતમાં એઓએ મીલીટરી સોલજરોને મદદ કરેલી તે બદલ એઓને સરકાર તરફથી એક સુનાનો ચાંદ મળ્યો હતો, તેમજ સને ૧૮૫૯-૬૦ માં આ.સરે ૧૦૫૦રૂ૦ની કીમતનો એક શાલ જોડો પણ સરકાર તરફથી આપવામાં આવ્યો હતો. અત્રેના સેહેર સુધરાઇના કામમા એઓએ આજ દીન સુધીમા રૂ૨૩૫૦૦ જુદે જુદે વખતે અને જુદા જુદા કામો બદલ આપ્યા હતા, જેમાં રૂ૧૫૦૦૦ તો નવાપુરામા કલાક ટાવર પાછળજ બધા મળીને આપવામાં આવ્યા હતા, અને જાહેર બાગને માટે તથા બીજા પરચુરણ કામોને માટે આપેલા તે રૂ૮૫૦૦ થવા જાયછે. આ સેહેરની એઓએ એ કીમતી સેવા બજાવેલી તે બદલ એઓને, કલેકટર મી૦ હોપની ભલામણ ઉપરથી, આપણી મુંબઇની સરકારે સને ૧૮૭૦ ના સપટંબર માસની તા૦ ૭ મીએ ખાનબહાદુરનો ખેતાબ આપ્યો હતો. એ શીવાએ સુરત રીલીફ ફંડમા રૂ૨૦૦૦, પાંજરાપોળમા રૂ૧૦૦૦, ઇરાનના ફંડમાં જુદે જુદે નામે ત્રણ રકમો મળીને ૯૫૦ રૂ૦ અને પરચુરણ સગાવાહાલાંઓમાં લગભગ રૂ૧૦,૦૦૦ તથા અમદાવાદની છેલી મોટી રેલથી પીડીત થયલા લોકોને મદદ આપવાના ફંડમા રૂ૭૦૦ એ ગ્રહસ્થે આપ્યા હતા. એ શેઠની સઉથી છેલી સખાવત તા૦ ૧૭ મી એપ્રીલ સને ૧૮૮૧ ને દીને ભરૂચના પારસીઓ તરફ પણ થઇછે, અને તે હમારે આ ઠેકાણે જણાવવીજ જોઇએ. નજદીક પચાશ વરસ થયાં ભરૂચના પારસીઓ એક ધરમશાળા પોતાનીજ હોય એવી રીતે વાપરતા હતા તે ધરમશાળા એ શેઠની માલકીની હતી તે એઓએ તા૦ ૧૭ મી એપ્રીલ અને હાલ શાલમાં જરતોસતી રીત મુજબ જશન કરી ભરૂચની પારસી અનજુમનને કેટલીક સરતોથી વાપરવા આપીછે, કે જે સરતો પળે ત્યાં-સુધી તેના ઉપર એ શેઠનો કે તેના વારસ વકીલોનો કાંઇ હક પોહોંચે નહી. અગરજો એ ધરમશાળામાં કંપાઉંડ, ચેલીઓ, અને કુવા શીવાય બીજું કાંઇજ નથી, તોપણ રૂ૨૦,૦૦૦ ખરચતા પણ તેવી જગા ભરૂચના કોટના રહેવાશીઓને મળવી મુશકેલ હતી. એઓની એ છેલી સખાવત બદલ ભરૂચની પારસી અંજુમન તરફથી ખા૦ બા૦ દીનશાજી પેશતનજી દસતુરે ઘટતા બોલોમા ઉપકાર માની એક માનપત્ર આપ્યું હતું તથા રૂ૨૫૦ ની કીમતનો એક શાલ જોડો ભેટ દાખલ આપ્યો હતો.

પણ એક વાત લખવી રહી જાયછે. દરેક લાયક સરકારી ઓહોદાર અને ખાનગી ગ્રહસ્થ જેઓ આ સેહેરને સલામ કરી બાહારગામ બાતે જતા અથવા જે પ્રસીધ માણશ સુરત સેહેરની મુલાકાતે આવતો તો તેને તન, મન અને ધનથી આદરસતકાર કરનારો તો સુરતના પારસીઓમા એજ આગળ પડતો ગ્રહસ્થ હતો. જે કોઇ વખાણાતી નાટક ટોળી આવતી તો તેને વિશેષ કરી એજ ગ્રહસ્થ તરફથી મદદ મળતી. જે કોઇ જાહેર કામો માટે નાની મોટી ટીપ થતી તો તેમાં એ શેઠનું નામ તો વિશેષ કરીને હોયજ. વળી તેવણ કોઇપણ કોમનો માણસ, જે કે પ્રસીધ રીતે ભીખ માગી શકે નહી તેવો પોતાની પડી ભાગેલી હાલતને લીધે એવણની મદદ માગવા જતા તેને યથાશક્તી મદદ આપતા. એવા એક સખી અને ભોળા દીલના ગ્રહસ્થના મરણથી ખરેજ સુરત સેહેરને એક રીતનો તોટો ગયેછે. એના મરણથી સરકારે પોતાની પ્રજામાંનો એક ભલો પણ વફાદાર ગ્રહસ્થ ખોયેછે, સુરતની મ્યુનીસીપાલીટીએ પોતાનો શોભીતો અને દીલોજાન લાયકીવાળો કમીશનર ખોયેછે, પારસી અનજુમને પોતાનો એક ખરખા ટ્રસ્ટી ગુમાવ્યોછે અને સુરતના લોકોએ પોતાનો એક સખી દીલનો સેહેરી ખોયેછે તેથી ખરેજ હમો દલગીર છીએ અને તેમના બોહોળા કુટુંબ તથા ભાઇબંધ મિત્રોમાં ચાલતી દલગીરીમાં ભાગ લઇએ

છીએ. મરનાર ખા૦ બહાદુરને ત્રણ પુખ્ત ઉમરના પુત્રો છે, જેમાંના બે તો ખરેખર સેહેરી તરીકે લાયક છે અને તેમાં પણ સઉથી નાના શાપુરજી દરેક કામમાં આગળ પડતા જણાયાછે. તેઓએ મોદી અને વાસણવાળાના કામમાં સેશન કોરટની અંદર આસેસર તરીકે પોતાની ખરી લાયકાત બતાવી આપીછે ઇચ્છીએ છીએ કે મરનારના પુત્રો માહોમાહી સંપ રાખી હવે આગળ પડી જેમ ખા૦ બ૦ શેઠ બરજોરજીએ પોતાના બાપના કરતાં વધારે નામ મેળવ્યું તેમ એઓ પણ પોતાના મરનાર પીતાજી કરતા વધારે ધનવાન, પુનવાન, આબરૂવાન અને પુત્રવાન થાએ. છેવટ અમે પારસી પંચાએતને એવી ભલામણ કરીએ છીએ કે પોતાના ત્રસ્ટીની મરહુમ શેઠ બરજોરજીની ખાલી પડેલી જગાપર એવણના એકાદ સાહેબજાદાને નેમી મરનારને માન આપવું જોઇએ. મરનારની સખાવત તરફ નજર કરતાં અમારી આ ભલામણ દરેક શાણા પારશીને કીમંતી અને ઘટીત લાગશે એમ અમે માનીએ છીએ.

[ગુજરાત મીત્ર, તા૦ ૨૮ મી આગશટ ૧૮૮૧.]

23*rd* *August* 1881.

KHAN BAHADOOR BURJORJEE MERWANJEE FRASER.—The Late Khan Bahadoor Burjorjee Merwanjee Fraser. News has been received of the death of this well-known citizen of Surat, after a few days' illness, at the age of 65 years. The deceased gave Rs. 14,000 for the building of the illuminated clock-tower in the city, and Rs. 6,000 for the construction of seats for the public in the People's Park on the banks of the Taptee; and his other contributions for the public benefit induced Mr. Hope, then Collector of Surat, to bring his name to the favourable notice of Government, who conferred on him the title of Khan Bahadoor. At the performance of the third day's funeral ceremonies Rs. 1,150 were subscribed by his relations to different charitable funds.

[*Bombay Gazette*, 29*th* *August* 1881.]

આગશટ.

શાપુરજી જીવાજી ઈંડોરવાલાનો છોક શો—અતરેના (ઇનડોરના) જાણીતા અને પુરાણા "મરચંટ" શેઠ ફરામજી રૂસતમજીની છોકરીનો એકપુરો સાત વરસનો છોકરો થોડા દાહડાની તાવની માંદગી ભોગવીઆ બાદ ગુજરી ગયોછે. તેથી અતરેના તેમજ મઉના જરથોશતીઓમા ગમગીની ફેલાઇછે. એ છોકરાના બાપ શેઠ શાપુરજી જીવાજી લોકોનાં સુખદુખમાં મોટો ભાગ લઇ હમેશાં પોતાની બનતી મદદ કરેછે. વલી હોલકરના માહરાજાની દરબારમા પોતાના વગ હોવાને લીધે એવણ બાજે વખત ઉપયોગી થઇ પડેછે. થોડાક માહીનાની વાતપર મઉમાં આવેલાં પારસીઓનાં દોખમાંની જગીયા વીશે તીયાના પટેલે કાંઇ વાંધો ઉઠાવીઓ હતો, ને તે જગીયા પોતાને હાથ કરી લેવાની તે બનતી કોશીશ કર્યા રેહયો હતો, પણ સારાં ભાયગે એ ગરહસથે તેમ બનવા દીધું નહીં ને દરબારથી લખત કરાવી એ જગીયાનો કબજો જરથોશતીઓના વપડાશને વાશતે પાછો અપાવીઓછે. એ કારણથી ઉપલાં મરણની દલગીરીમાં વધારો થયો હતો, અને તેની પાયદસતની મીજલશ ઘણી મોટી હતી, ને તેમાં મઉના મોટા શેઠીઆઓએ પણ ભાગ લીધો હતો.

[મુંબઇ સમચાર, તા૦ ૩૧ મી આગશટ ૧૮૮૧.]

28*th* *August* 1881.

DHUNJEEBHOY SORABJEE KANDAWALLA.—Mr. Dunjeebhoy Sorabjee Kandawalla, a resident of the Fort, died last evening from the effects, it is supposed, of an injection of morphia–Deceased, it appears, suffered greatly from rheumatic pains, and

his medical attendant ordered an injection of morphia. The injection proved fatal, owing, it is believed, to the deceased's heart being unsound An inquest will be held this morning.
[*Bombay Gazette*, 29*th August* 1881.]

તા૦ ૨૯ મી આગશટ.

રોજ ૧૫ માહ ૧૨ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

કાવશજી નવરોજજી કોપર—જણાવવાને દલગીરી ઉપજેછે કે આતરેનાં જાણીતા શેહરી શેઠ નવરોજજી રતનજી કોપરના જેઠા છોકરા શેઠ કાવશજી લામબા વખતની માંદગી ભોગવી ગઇ કાલ દીને નવ કલાકને અમલે આ ફાની દુનયા છોડી મીનોઇ લોકોમાં વાસો કરયોછે. મરનારે તેની મલેશાઇ તથા સદગુણોથી તેમજ આસપાસનાં ગરીબોની દાદ લઇ અતયંત પયાર લોકોનો મેલવયો હતો જેઓ તના મરણથી ઘણા દલગીર થયાછે.

[જામે જમશેદ, ત૦ ૩૦ મી આગશટ ૧૮૮૧.]

તા૦ ૬ થી સપટેમબર.

રોજ ૨૩ માહ ૧૨ (શે૦) ૧૨૫૦ યજદેજરદી.

કાવશજી દોરાબજી, મેસ એજંટ, પુણાંના—પુણાંની રીજમીટ ખાતાંના તથા મેસ એજંટ મી૦ કાવશજી દોરાબજી ઘણાક દીવસો સુધી તાવની બીમારીથી હલાક થઇ ગયા મંગલવારને દીવસે પાછલા પોહરે મરણ પામયાછે. કહેછે કે મરનાર ગરહસથે પોતાની લાયકીથી રીજમીટ ખાતાંના સતાવાલાઓમાં ઘણું માન મેલવયું હતું, અને ઘણાં વરસ સુધી પોતાનો વહીવટ ફતેહમંદી ભરેલી રીતે ચલાવયો હતો.

[મુંબઇ સમાચાર, તા૦ ૯ મી સપટેમબર ૧૮૮૧.]

તા૦ ૧૫ મી અકટોબર.

રોજ ૨૭ માહ ૧ (શે૦) ૧૨૫૧ યજદેજરદી.

એ૦ નવરોજજી શાપુરજી સંજાણા—જણાવવાને મોટો સનતાપ ઉપજેછે કે દશતુરજી સાહેબ પેશોતનજી બેરામજી શનજાનાના ભાઇ એરવદ નવરોજજી ગઇ પરમ દીને રાતનાં આ ફાની દુનયાં છોડી મીનોઇ જેહાંનમાં વાશો કરયોછે. એમની લાશને છેલલું માન આપવાને ગઇ કાલ દીને પારસીઓની એક મોટી મીજલસ મલી હતી.

[જામે જમશેદ, તા૦ ૧૭ મી અકટોબર ૧૮૮૧.]

15*th October* 1881.

ERVAD NOWROZJEE SHAPURJEE SANJANA—Nowrojee Shapurjee Sanjana, brother of Dustoor Pesootunjee Byramjee Sanjana, died on Saturday last, at the age of 48 years. The funeral procession, yesterday morning, was attended by a very large number of Parsees, laymen and priests
[*Bombay Gazette*, 17*th October* 1881.]

તા૦ ૧૮ મી અકટોબર.

રોજ ૩૦ માહ ૧ (શે૦) ૧૨૫૧ યજદેજરદી.

કાવશજી બેહરામજી ઢાલા, સુરતના—ગઇ તા૦ ૧૮ મી અકટોબરે સુરત મધે રૂસતમપરામાં શેઠ કાવશજી બેરામજી ઢાલાનું દુખભરેલું મરણ નીપજેઉંછે. મરનારને ફકત એકજ દાહડો બોખાર આવી હતી, અને મી૦ કોહોલા અને ડાકટર ડાશાભાઇ જેવા ચંચલ તબીબોની અથાગ મેહેનત પણ કાંઇ કારગત લાગી નહી. મરનારની ઉમર ફકત ૨૬ વરશની હતી અને પોતાના મમાવાનો આસરે રૂપીઆ બે લાખનો વારસો મલેલો હતો. મરનાર રેશમી કાપડનો મોહોટા પાયાપર વેપાર ચલાવતા હતા અને મુંબઇમાં બાહારકોટ દાઉદ કાજીના મોહોલામાં એક દુકાન હતી. તે વતરોગે મરનાર જદા અને બસરાનો પણ મોટા પાયાપર વેપાર કરતા હતા. મરનારને છેક બચપણથી દરરોજ આતશબેહરામ બંદગી કરવા જવાની ટેવ હતી. સવભાવે મરનાર ઘણોજ મીલનસાર હતા અને પોતાની પાસે જે મોટી દોલત હતી તે ઉપરથી છકાઇ જઇને મરનારમાં જરાક પણ હંકારનો અંઉશ નોહોતો.

[જામે જમશેદ, તા૦ ૨૧ મી અકટોબર ૧૮૮૧.]

તા૦ ૨૯ મી નવેમબર.

રોજ ૨૧ માહ ૩ (શે૦) ૧૨૫૧ યજદેજરદી.

કુવરબાઈ ભઠયારણ—"ફીરતીને ચાહનાર" ની શહીનો ચરચાપત્રી લખેછે કે—કુવરબાઇ ભઠયારણ (શેઠ બહમનજી ભઠયારાનાં વીધવા) પારસીઓમા સાધારણ રીતે "કુમની ભઠયારી" ને નામે સારી રીતે પરખયાતી પામેલાંછે. તેઓ કોટમાં મોદીખાને રેહતાં હતાં, અને તયાંની ભઠયારણ તરીકેનો ધંધો ચલાવી પોતાનું ગુજરાંણ આબરૂ અને દરજજાથી કરતાં હતા. તેઓ આજ અરધી સદી થાઇ ભઠયારણનો ધંધો ચલાવતાં હતાં, અને તેમનાં ધરાક ૧૦૦ થી ૧૨૫ સુધી હતાં. તેઓ ૭૭ વરશની વયે થોડાક દીવસ થયા ગુજરી ગયાંછે, જેથી સેંકડો પારસીઓમાં દલગીરી ફેલાઇછે. તેનું કારણ એ કે મરનાર બાઇ જાતે ઘણાં ભલાં અને સખી દીલના હતાં. તેવણ જેટલી કમાવાની નેમ રાખતા નહી, એટલી ગરીબોનુ પાલણ કરવાની રાખતાં હતા. તેઓએ ઘણા ગરીબો, જેઓ ખાવાના પઇસા આપી ન શકે તેમને મફત ખવાડયું હતું. કોઇબી માણસ તેમને તયા જઇને ભુખો પાછો ફરયો ન હશે. જો ખાવાનું પુરૂં થઇ રહયું હોય તો તેવણ ફરી રાંધી રોટલી કરીને ખવાડવાંન પણ ચુકતાં નહી. ઘણાક ગરીબોને તેવણે પાલી લીધાં હતાં, અને પાંચ સાત જણાનાં તો લગન અને ગગરનાં પણ તેવણે કરી આપયા હતાં. એબીસીનીયા તેમજ કાબુલની લડાઇની વખતે પારસી સુથારો રાતે બાર બાર વાગે ગોદીમાંથી ડાકેલા પરાકેલા અને ભુખા તરસા જમવા આવતા, તે છતાં તેમને અછી માવજતથી આ બુજરગ બાઇ જમાડી મોકલતા. દરરોજ તેમને તયાં અરધો દજન માણસો માત્ર કામ કરીને પોતાનું પેટ ભરયાં જતાં હતાં.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૦ મી ડીસેમબર ૧૮૮૧.]

તા૦ ૨ જી ડીસેમબર.

રોજ ૧૫ માહ ૩ (શે૦) ૧૨૫૧ યજદેજરદી.

કાવશજી બરજોરજી એંટી, સુરતના—શેઠ કાવશજી એંટીનું મરણ—આ બુજરગ અને એકમારગી ગરહસથ ગઇ તા૦ ૨ જીએ હક થયાછે. સુરત ખાતે મરનાર રાજકરતા તથા રઇએત બંનેમાં મોટું માન પામતા હતા. મરનાર દોલતવાંન હતા, અને તેમનો ધરમ છુપો હતો, અને મોટાઇનાં બાકાં ફુકાવવાનો તેમને તીરસકાર હતો. એમનાં મરણ પાછલ પણ ખરેખરો તેવોજ ધરમ થયો હતો. તેમને અવલમંજલ પોંહચાડતી વેલા સારૂં વેહચાંણ થયું હતું, અને તેમનાં ઉઠમણાંમાં રૂ.૧૦૫૦) ની રકમ જુદા જુદાં ધરમનાં કામ માટે આપવામાં આવીછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૮ મી ડીસેમબર ૧૮૮૧.]

તા૦ ૮ મી ડીસેમબર.

રોજ ૨૧ માહ ૩ (શે૦) ૧૨૫૧ યજદેજરદી.

પેશતનજી નશરવાંનજી બાટલીવાલા—ઉતાકમંદની જુની તથા નામીચી કરાંમજીની કંપનીનો એકપુરો રહેલો વારેશ મી૦ પેશતનજી નશરવાંનજી બાટલીવાલા માઇસોર ખાતે મરણ પામીઆછે. મી૦ પેશતનજીની ઉતાકમંદમાં ઘણા જુના વખતની પારસીની દુકાંન છે. એ શીતલ ટેકડી ઉપર હવા ખાવા જનારા બડે સાહેબોના આડતીઆ તરીકે એ પેહડી કામ કરતી હતી. મી૦ પેશતનજી ઘણા સાદા હતા તથા લશકરી તેમજ શેહરી અમલદારો તેમના ઉપર ખુરબાન થતા હતા. મી૦ પેશતનજીએ તેમની ખશરૂ ઇશતેટ ૩॥ લાખ રૂપીએ વેચી તેનો હીશાબ નકી કરવાને ઉતાકમંદથી મધરાજ ગયા હતા, તથા તીયાં તેનું સાટું પુરૂં થાય તેટલાં માઇસોરની ઇસતેટ વેચવાને તીયાં ગયા હતા, અને તેટલાં મોહતે ગલબો કીધો હતો. તેમની બખશેશો મોટી હતી તથા એટેન હાઉસ ખાતે ઉંઘાડેલાં નીલધરી પરદેશનમાં તેઓએ સૂરવે

પહેરાણુઓની મદારત એ પરીનસ પારસીએ મુફત કરી હતી. લારડ નેપીઅરે પણ તેમા તે વખતે ભાગ લીધો હતો, અને ઉતાકમંદના એક તવંગર વેપારી તરીકે તેની સલામતી લીધી હતી. તેના જવાબમાં મી૦ પેશતનજીએ કહીઉં હતું કે હું કાંઇ તવંગર વેપારી નથી પણ બે દુકાંનો તથા થોડાંક ઘરોનો માલેક છું. [સાઉઠ ઇનડીઆ ઓબઝરવર.]

[જામે જમશેદ, તા૦ ૧૬ મી ડીસેમબર,૧૮૮૧.]

8th December 1881.

PESTONJEE NUSSERWANJEE BOTTLEWALLA.—We heard with very much regret yesterday morning of the death at Mysore, of paralysis, of Mr Pestonjee Nusserwanjee Battlewalla, the only surviving representative of the old and respected firm of Framjee and Co., of Ootacamund Mr. Pestonjee was one of the, if not the earliest, Parsee merchants on these Hills. The firm acted as agents for all the earlier visitors to this sanitarium and divided the business of general furnishers and curiosity vendors with Messrs. Aboo Sait and Co. Mr Pestonjee's urbanity was proverbial, and military officers and civilians will remember numerous acts of civility and kindness performed by the deceased. Mr. Pestonjee only a few weeks ago left Ootacamund for Madras to settle the details of the sale of his Cusroo Estate for 3½ lakhs of rupees. Before the negotiations came to a successful termination, he took a run to Mysore to see to the disposal of some property in that town, and it is there his death occurred. His public spirited acts are well known, and we have a vivid recollection of his unbounded hospitality at the first Nilgri Exhibition at Stonehouse when this princely Parsee opened a free refreshment stall for all comers Lord Napier partook of his hospitality on that occasion, and drank his health as a "wealthy merchant of Ootacamund." Mr. Pestonjee in response replied that he was no longer a wealthy merchant, being reduced to the position of the owner of "two shops and a few houses." It was the intention of the deceased just before he left for Madras, anticipating the good fortune that had smiled upon him in the sale of his Cusroo Estate, to make a free gift to the public of the whole of Bombay Castle Hill with the buildings on it. But he was not spared to carry out his benevolent intention—*South of India Observer*

[*Times of India*, 15*th December* 1881.]

ઇ૦ સ૦ ૧૮૮૨.

ફેબરવારી.

ધનજીભાઈ ભુરાભાઈ વલસાડવાલાનાં ધણીઆંની—અતરે (વલસાડ) ના જાણીતા શેઠ ધનજીભાઇ ભુરાભાઇનાં ધણીઆંની જઇફ ઉમરે મરણ પામયાછે. તેવણનાં ઉઠમાંનામાં ઉદવારાથી પણ પોણોસો મોબેદો આવયા હતા. તે મીજલસમાં અતરેનાં ઇઓજદાથરેગરીનું કામ કરવાનાં ફંડમાં મરનારનાં કુટુંબીઓએ અને લાગતાવલગતાઓએ મલી રૂ.૩૩૫ ભરેઆછે, તેમજ મોબેદોને આશીરવાદ પણ ઠીક આપીછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૪ મી ફેબરવારી ૧૮૮૨.]

તા૦ ૮ મી મારચ.

રોજ ૨૧ માહ ૬ (શે૦) ૧૨૫૧ યજદેજરદી.

શુનાંબાઈ તે મરહુમ જામાસપજી બહુમનજી ભાવનગરીનાં બેટી અને અરદેસર રુસતમજી નરીમાંનનાં ધ૦— અતરે (સુરત) ના જાણીતા અને એક-મારગી ભાવનગરી ખાનદાનમાના મરહુમ શેઠ જામાસજી ભાવનગરીના બેટી લાંબી મુદતની માંદગી ભોગવી ગઇ કાલે સ્વરગવાસી થયાંછે જેથી પારસીઓમાં મોટે ઘર દલગીરી ફેલાઇછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૨ મી મારચ ૧૮૮૨.]

તા૦ ૧૮ મી મારચ.

રોજ ૧ માહ ૮ (ક૦) ૧૨૫૧ યજદેજરદી.

હોરમજજી જાંગીરજી દાદીશેઠ—મુંબઇના પારસીઓના ગઇ છેલી સદીમાં થઇ ગયેલા નામીચા શેઠીયા મરહુમ દાદીશેઠને ગુજરવાને ગયા શનીવારે ૮૩ વરસ પુરાં થઇ ૮૪ મું વરસ બેઠું છે. એજ દીને રાતનાં એ મરનારના એક નબીરા શેઠ હોરમજજી જાંગીરજી દાદીશેઠનાં પોતાની ૬૨ વરસની વયે થોડાક દીવસની માંદગી ભોગવી આએ ફાંની દુનીઆંમાંથી તે કીરતારની હજુરમાં કુચ કરી ગયાછે. મરહુમ દાદીશેઠ તથા તેમના બેટા શેઠ અરદેસર દાદીભાઇની જાહોજલાલી તથા સખાવત આજે પણ લોકો માંન સાથે યાદ કરેછે. છેલા ગરહસથ ઇ. સ. ૧૮૧૦ ની તા૦ ૨૯ મી જુને હક થયા તે વેલાએ કહેછે કે સચકાર કાઢતી વખતે મુંબઇનો નામદાર ગવરનર જોનાથન ડંકન એવણનાં ઘરની સામેનાં કોટનાં સેંટ થામસનાં મોટાં દેવલમાં આવી ઉભો હતો, અને તેના હોકમથી જેવું એવણનું રવાંન ઘરમાંથી બાહેર કાઢયું તીઆરથી તે દેવલવાલો આખો મોહલો પસાર કરી ગયું તીઆં લગણ ગમગીનીનો ઘંટ વગાડવામાં આવયો હતો તે વાત આગલા વખતના પારસી શેઠીયાઓનાં માન તથા મોટાઇનો એક દાખલો આપેછે. મરહુમ અરદેસર શેઠના બે દીકરાઓ ખરશેદજી અને જાંગીરજી કરી હતા, તેઓમાંના છેલા ગરહસથ તે મરહુમ શેઠ હોરમજજીના બાવા તા૦ ૯ મી સપટેમબર ૧૮૨૦ ને દીને કાલેરાથી અચબુચ મરણ પામયા તે વેલાએ તા૦ ૧૫ મી સપટેમબર ૧૮૨૮ ની તેરીખના મુંબઇ સમાચારમાં લખીઆ મુજબ સરવે મલતાવીશેઠોમાં "ભારે શંતાપ અને મોટો ઓચંબો અને કઠણ ફુહડાપો થાએઓ." હતો. બાપનાં મરણ પછી મરનાર શેઠ હોરમજજી પોતાની માતા બાઇ માણેકબાઇ તે મરનાર શેઠ શોરાબજી મનચેરજી રેડીમનીની દીકરીના આસરા તલે ઉછરયા હતા. તે પછી નાધલી વયમાં ઇયાને ઇ. સ. ૧૮૩૭માં પેહલવેહલા મી૦ જાનસકીનરની વેપારી પેહડીમાં એક લખનાર તરીકે રહયા હતા. તે બાદ મીશીઅરસલીકીની કુપનીમા ગોડાઉનકીપર તથા થાડુંક સુધી મીશીઅરસ ગરામની કુપનીના દલાલ પણ થયા હતા, અને છેલાં આસરે પચીસ વરસ થયાં એકાંત જીદગી ગુજારતા હતા. પોતાના બપાવા મરહુમ શેઠ અરદેસર દાદીભાઇને તા૦ ૩ જી જુલાઇ ૧૮૦૬ ને દીને મુંબઇની સરકાર તરફથી જે સાત ગામો છાસઠી મધે મલેલાં હતાં તેમાંનાં દઇસર, એકસર, અને માગાથાંન નામના તરણ ગામો એવણ તથા એવણના ભાઇઓને હસતક હજુ સુધી છે, જેથી આજના વખતમાં મુંબઇના પારસીઓમાં એવણ એક જમીનદાર લેખે પણ ગણાતા હતા. મરહુમ શેઠ હોરમજજીમાં સરવે બાબદોની માહીતગારી તથા વાંચવા લખવાનો અભીયાસ છેક સેવટ સુધી હતો.

[જામે જમશેદ, તા૦ ૨૧ મી મારચ ૧૮૮૨.]

તા૦ ૨૦ મી મારચ.

રોજ ૩ માહ ૭ (શે૦) ૧૨૫૧ યજદેજરદી.

નશરવાંનજી મેહરવાંનજી ખાંનસાહેબ—જણાવવાને બેહદ દલગીરી ઉપજેછે કે ગયા આદીતવારની રાતનાં મી૦ નશરવાંનજી

મેરવાંનજી ખાંનસાહેબે આ ફાંની દુનયાં છોડી મીનોઇ આલમમાં વાશો કરયોછે. મુંબઇના તેમજ હીંદુસથાંનના એક મોટા ભાગ ઉપર મરનાર હીંદુસથાંની જેવી મુશકેલ ભાશા મધે નાટકો તથા આપેરા બનાવવાનાં કામમાં મશહુર થયો હતો. ગાયન જોડવાને ખુદરતથી તેના ઉપર બખશેશ થયલી હતી તે હયાં શુધી કે કેટલાક ખીકત ઓપેરા ઘણા સેજ વખતમાં તેવણ બનાવી શકતા હતા. એનો એકજ દાખલો બસ થશે કે મધરાજ ખાતે પરીનસ આફ વેલશ જેવારે આવયો હતો તેવારે તેને એક દેશી નાટક બતાવા માટે ઠરાવ થયો હતો. શાહજાદો એક કલાકથી વધારે વખત નાટક જોવા બેશી શકે નહી એમ હોવાથી સકુનતલાનો નાટક એટલાજ વખતમા ભજી શકાય તેટલો નાથલો મરનાર ખાંનસાહેબે એક બે દાહાડાના ટુક વખતમાં બનાવયો હતો, અને તેની ગાયનમાં. હાવી તેમની કાબેલીઅતથી તેવણે ઘણાઓને વીશમાત પમાડયા હતા. વીકટોરીયા, ઓરીજીનલ વીકટોરીઆ, એનપીનમઝન અને બીજી ઘણી નાટક ટોળીઓને માટે મરનારે ઘણા ખેલો બનાવયા હતા, જે ઘણાખરા ગાયનરૂપી છે અને જેના એક મોટા ભાગ માશીઅરસ જેહાગીર બેજનજી કરાંણીએ બે ભાગમાં પરગટ કરયોછે, તે જેવારે પણ ભજી બતાવવામાં આવેછે તેવારે નાટકશાલાઓ તમાસગીરોની ભીરથી ભરાઇ જાયછે. મરનારને ઝાડપાનની વીદયાનો શોખ હતો જેનો અભીઆસ તેવણે જારી રાખયો હતો, અને અતરેના નામીચા ડાકટર મી૦ શકારામ અરજુનના માટે દવાઓ બનાવા માંડી હતી, અને તે ઉપરથી નાટક લખવાનું કામ તેવણે છોડયું હતું. તેવણની પછે નાટક લખવાનું કામ મુશલમીન મુનશીઓને હાથ ગયું જેઓ તે રચવામાં સારી ઉશતાદી બતાવેછે તોએ તેઓમાંનો એક પણ આજ મી૦ નશરવાંનજીની બરોબરી કરવાને સામરથવાંન થયો નથી. મરનારને તેવણનાં મરણની છેલી ઘડી સુધી કેટલીક નાટક મંડલીઓના તરફથી ખેલો લખવા માટે સુચના થતી હતી પણ કમફરસુદથી તેવણ લખી શકતા હતા નહી. તોબી સાંભલયા પરમાણે એકબે તેવણે તુરતવેલાએ રચેલા કેહવાયછે. ઝાડપાણની વીદયાના સાથ તેવણે વઇદાંનો અભીઆસ ખાંનગી રીતે કરયો હતો અને તેવણ તબીબનું કામ કરતા હતા અને તેમની અતી મયાલુ ચાલથી તેમની ઘરાકી સારી હતી. તેમનાં આખાં કુટુંબનો તેમના ઉપર આધાર હતો અને તેમની એક તરીશ વરશની બેહને તેમનાં મરણથી હેબત ખાઇ થોડી મીનીટમાં પોતાનો જાન આપયોછે. આ પરમાણે માઠો બનાવ બનયાથી મરનારનાં એશાવંદો અને મીતરોમાં મોટી દલગીરી ઉપજીછે.

[જામે જમશેદ તા૦ ૨૧ મી મારચ ૧૮૮૨.]

મારચ.

રતનબાઈ તે નશરવાંનજી મેહુરવાંનજી ખાંનસાહેબનાં બેહુન તથા સરજયન બેહરામજી નશરવાંનજી કોયાજીનાં ત્રણ બાળકો—દયા આણવાજોગ મરતબુકો—આ અઠવાડીઆંમાં બે પારસી કુટુંબોમાં થયલાં મરણોથી અતરેની એ કોમમાં ઘણી દયા પંથરાઇછે. આ બંને કુટુંબો ઉપર વરસેલી આ આફત અસાધારણ છે. મી૦ નશરવાંનજી મેહેરવાંનજી ખાંનસાહેબ નામે એક જવાન પારસી, કે જે વનસપતીની વીદયામાં ઘણો હુશીઆર હતો અને જેણે હીંદુસતાની ભાશામાં કેટલાંક ગાયનો વીગેરે જોડયાં હતાં, તેનું ગયે રવીવારે મરણ નીપજયાથી મરનારની એક બેહેન, જેણીનો તેમજ તેમનાં મુફલિસ માબાપનો આ જવાન ઉપરજ સઘલો આધાર હતો, તેણીએ એકદમ ગમ પકડીને એક કલાકની અંદર પ્રાણ મેલી દીધો હતો. આ ભાઇબેહેનનાં એક કલાકના અરસામાં નીપજેલાં મરણો જેવાજ બીજો દયા આણવાજોગ બનાવ સરજીઅન બેહરાંમજી નશરવાંનજી કોયાજીનાં કુટુંબમાં બનયો છે. આ શહેરનાં એકથી સાત સુધીની

વયનાં ત્રણુ બાળકો ગોવરાના મરજથી એક પછી એક હક થયાંછે, અને એ દુખભરેલો બનાવ તે નીરદોશ બાળકોના પીતાની ગેરહાજરીમાં બનયોછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૬ મી મારચ ૧૮૮૨.]

તા૦ ૧૭ મી આપરેલ.

રોજ ૧ માહ ૮ (શે૦) ૧૨૫૧ યજદેજરદી.

બહુમનશાહુ કાવશજી વકીલ—અતરેના એક જાણીતા પારસી ગ્રહસથ શેઠ બહેમનશાહ કાવશજી વકીલ ૪૯ વરસની વયે મરણ પામવાના સમાચારની નોધ લેવાને અમોને મોટી દલગીરી ઉપજેછે. મી૦ બહમનશાહ ગમે એવા જુવાન, રંગીલા અને મીલનસાર ગ્રહસથ હોવા છતા તેવણ કેટલેક દરજજે આગલા અને હાલ જમાના વચેના એક ગાંઠ સરીખા હતા. મુંબઇ મધે આગલા વખતમાં તવંગર પારસીઓના છોકરાઓને ઇંગરેજી ભાશાની કેલવણી આપવા માટે મરહુમ સર જમશેદજી જીજીભાઇ અને બીજા કેટલાક પારસી શેઠીઆઓનાં ઉપરીપણાં તથા આસરા હેઠલ ૧૮૪૪ થી મી૦ હેનરી ગ્રીનટને જે મોટી સકુલ ઉઘાડી હતી તેમાં એવણ લાંબો વખત સુધી એક શીક્ષક હતા. એ પછી અતરેની પોલીસનો આગલો સીનીયર માજીસટરેટ મી૦ જે. પી. બીકરસટેથ પેહલવેહલો ૧૮૫૬ માં અતરે વકીલની પેહડી ઉંઘાડવા આવયો તે વેલાએ તેણે એવણને પોતાના માનિજીંગ કલારક ઠેડવયા હતા અને એજ કામમાં એ મરનારે પોતાની અરધી જીંદગી ગુજારી હતી. છેલા થોડુંક સુધી એવણ મોશીઅરસ પરેસકાટ અને અને વીનટર તથા બીકનેલ વકીલોના કારભારી હતા. વકીલની આફીસના અનુભવથી મરનાર પોતે અરધા વકીલ જેટલી ખબરદારી રાખતા હતા અને ઘણાક લોકોને ઘાસની મદદ આપવામાં ઉપયોગી હતા. ૧૮૭૧ ના ઇરાનના દુકાલ વખતે અતરે આવતા નાચાર ઇરાંનીઓની બરદાસત લેવાનું કામ એવણે બીજા કેટલાક ગ્રહસથોની સાથે બજાવયું હતું, અને તેઓને માટે મદદ મેલવવાને એવણે મુંબઇ મધે ઠેકાણે ઠેકાણે જાહેર ભાશાણો કીધા હતાં. અતરેની જાણીતી ફ્રેરટ રીડીંગ રૂમ એંડ લાઇબરેરીના એવણ કેટલુંક થયું નાયબે સરનશીન હતા, અને તે ખાતાનો ઉપયોગ વધારવાને ઘણી દીલભરીથી મેહનત કરતા હતા. એ મરનારનાં માન ખાતર ગયા મંગલવારે એ લાઇબરેરી આખો દીવસ બંધ રાખવામાં આવી હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩૦ મી આપરેલ ૧૮૮૨.]

17*th* *April* 1882.

BOMANSHA COWASJEE VAKEEL.—Mr. Bomansha Cowasjee, who was managing clerk to Messrs. Bickersteth and Cleveland and their successors for a number of years, and latterly in the employ of Mr. Bicknell, solicitor, died at his residence in Churneywaddy, yesterday afternoon, at the age of 50 years. He was much respected by all who knew him.

[*Times of India*, 18*th* *April* 1882.]

મેએ.

આ૦ બરજોરજી દાદાભાઈ કાતરક—અતરે (ગ દેવી) ની સર જમશેદજી જીજીભાઇની નીશાળના જરથોસતી ધરમ શીક્ષક આ૦ બરજોરજી દાદાભાઇ કાતરક ૬૫ વરસની ઉમરે બે દીવસની માંદગી ભોગવી મરણ પામયછે, જે માટે જરથોસતી છોકરાઓ દલગીર જણાયંછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૯ મી મેએ ૧૮૮૨.]

તા૦ ૧૬ મી મેએ.

રોજ ૩૦ માહ ૮ (શે૦) ૧૨૫૧ યજદેજરદી.

અરદેસર હોરમજજી વાડીઆ—પારકે આધારે પડેલા પાંચપચીસ ઘડીભર એકઠા મરે તે વેઠાય પણ પાંચપચીસને પાળનાર

એક જણ મરે તે નહી વેઠાય. વાડીયાજી શેઠ અરદેસર હોરમજજીનાં દુખદાયક મરણથી કાંઇ કાંઇ ગરીબોએ પોતાના એક પાળણહાર પીતા અને માયાલુ મુરબ્બીને ખોહયોછે. અને જે પોતાને મળેલા પૈસાથી ગરીબોનું આમ પાળણ કરવાનું પુન મેલવે તેને આ જગતમાં બીજા વધારે જશની જરૂર નથી તે પણ એજ ધરમી શેઠીયાના મરતીઉકે દેખાડી આપયુંછે. મરહુમ શેઠ અરદેસર વાડીયા જીંદગીના કામકાજોથી અને શેહેરી તરીકેની ફરજોથી લાંબી મુદતના દુર થયા હતા અને હાલ જમાનાની યાદમાંથી તો ગોયા લગભગ વીસરાઇ ગયા હતા; એવી એકાંત જીંદગી ગુજારયા છતાં ગયા મંગલવારનાં તેવણનાં મરતીઉક પછી લોકોમા તેવણની અચ્ચુચ યાદ માનભરીલી કીરતી સાથ ઉભરી નીકલેલીછે. પણ વડા આતશબેહરાંમવાલા એક વડા અકાબર ખાનદાનના નબીરા તરીકેજ ઇયા ફકત એક પારસી લક્ષાપતી તરીકેજ અમે મરહુમ વાડીયાજીના મૃતયુની આ નોધ લેતા નથી. જાહેર માણસોનીજ જાહેર નોધ લેવાઇ શકાયછે. મરહુમ શેઠ અરદેસરના જનમારાનો જે ખાશ હેવાલ વાચનારાઓને માટે હેઠલ ઉપજાવી કાહાડીયે છીયે તે ઉપરથી જણાશે કે એ ગ્રહસથ તેવણના સઘલા પાછલા એકાંતવાસ છતાં એક વખત જાહેર જીંદગી ગુજારી ગયાછે. માણસને કુટુંબપરીવારનું સુખ ઘડપણનું લાયક ઇનામ છે, અને પોતાની લથડતી કાયા તથા વધતી જઇફીને લીધે બચ્ચાંછોકરાંનાં સુખનું આ મોટું ઇનામ ભોગવવાની પોતાની બાકીની મુદત મરહુમ વાડીયાજીને ખાનગીપણાંમાં ગુજારવી પડી તેની અગાઉ તેવણે કેટલો જાહેર ભાગ લીધોછે તેની નીચલી વીગતો અમારા જુવાન વાંચનારાઓને નવીજ લાગશે. વાડીયાજી શેઠ અરદેસરને જાહેરમાં ભાગ લેતા છેલા અમે દીઠા હતા તે આસરે દસ વરસ ઉપર નીમકને લગતા ધારા સામે ટાઉન હાલમાં મલેલી જાહેર સભામાં તેવણે ભાગ લીધો હતો. આ દાયકામા તે તેવણનો ઘણેક વરશે પેહલોજ દેખાવ હતો અને છેલો પણ હતો. પણ આવા એકાંતવાસમાં ઘેર બેઠા છતાં તેવણે એક રીતે જાહેર સેવા જારી રાખી હતી, અને તે રીત શખાવત—ઘણી ખાનગી અને તેટલામાટે ઘણીજ ઉમદા—શખાવતની સેવા હતી. જેવો તેવણનો ખાનગી એકાતવાસ હતો તેવીજ તેવણની છુપી શખાવત હતી—એટલેકે તેવણ સાદી, ડોલદમાક વગરની જીંદગી ગુજારતા હતા અને તેવોજ એમનો સાદો, દેખાવ વગરનો, છુપો ધરમ હતો. એ એક ખાલેશ ખુબીનો ખુશબોદાર પમરાટ તેવણ પોતાની પાછલ તાજો રાખી ગયાછે. કેહેછે કે તેવણ દર મહીને ચાર હજાર રૂપીયાનો ખાનગી ધરમ કરતા હતા. તેમ જો ગણીયે તો તેવણની છુપી સખાવતો એકંદર લાખો રૂપીયાની થઇછે. તેવણની જે શખાવતો જાહેર થઇછે તેનો હેવાલ હેઠલ જુદો આપીયે છીયે. પણ અંહી તો સગાવાહલા તથા દોસ્તઆશનાવોમાં, આબરૂદાર ગરીબગુરબાઓમાં, તેવણ વરશ દાહડે જે છુપા અધ લાખ છુપા ધરમ લેખે આપતા હતા તેને વીશે અમે બોલીએ છીયે. આ ઘણીખરી શખાવત બાંધેલા પગારરૂપે હતી. પણ એ શખાવત એવણ કોણકોણને કરેછે તે કોઇને જાહેર થવા દેતા નહી હતા. ખુદ એવણના મેહતા અને શરાફને પણ તે વીશેની જાણ નહી હતી—દર માસે તેવણ પોતાને ખાતે એટલી રકમ ઉપાડતા હતા અને પોતાને હાથે પરબીડાંમાં નાખીને પરભાડીજ રકમો મોકલી આપતા હતા. ગરીબોના આ સખી દસ્તવાલા દાદખાંની આવી માસીક મદદ લેવા જવી કે હુગડાવા જવી પડતી નહી હતી. એ મદદને માટે તેવણના આભારી ગરીબોને તેવણને બારણે રોજ રોજ ઢકેલા ખાવા જવું પડતું નહી હતું. આબરૂદાર પણ ગરીબીમાં આવેલાં કુટુંબોને માટે તેવણના બાંધી આપેલા પગારો મહીનો પુરો થાય તેટલાંમાં ઘેર બેઠાં ચાલયા આવતા હતા. પણ અગરજો

કોઇ આવી રીતે પોતાને મલતી મદદ જાહેરમાં આણે તો આ સખીવજ્જુદ વાડીયાજીને તેથી કમકમાટ ઉપજતો હતો. પોતાનો ધરમ જાહેર નહી થાય તેની તે ધરમના આભારીઓને તાકીદ કરતા, અને ફકત તે શખાવત જાહેરમાં લાવવાની નચલાઇભરેલી કસુરને માટે એવણે કેટલાક ગરીબોને આપેલી મદદ બંધ કરેલી એવા પણ દાખલા બનયા હતા. એટલોબધો ધરમ છુપો રાખવા માટે લોભલાલચથી નીરાલું, માનઅકરામના ચડસ વગરનું, કાંઇ ઓરજ મોટું દીલ જોઇયે. અને સહુ કોઇ જાણેછે કે મરહુમ વાડીયાજીમાં બીજી ગમે તે ખામી હોય, પણ તેવણ ખચીત માનના ભુખા નહી હતા. તેવણે ખેતાબો ખરીદવાની કીમત દાખલ આ ધરમ કીધો નહી હતો. તેવણે કદી પણ ખેતાબોના ચાન ધયા માનનો લોભ કીધો નહી હતો. અગરજો પોતાને એવો કાંઇ ચડસ હોત તો તે તેવણ પુરો પાડી શકત એમ હતુ, પણ મરનારને એકાંતપણાંનું સુખ એટલું પસંદ હતું કે ગવરનરોને વઠીક મલવાના એવણ બનતાં સુધી અખાડા કરતા હતા, અને મોટાઓની મુલાકાતની તેવણ જેમ તેમ ટુકમાં કાસર પટાવી દેવા ચાહતા હતા. એવો એક સાદો પણ સખી માણસ ફકત ધરમ માનીને ધરમ કરતો હોય તેના મરણથી કાંઇ તે મરણ પામતો નથી, પણ તેના આધારે પડેલા ગરીબો ઠાર મારયા જાયછે. એવા સકરમી ધરમીઓ તો મરણ બાદબી આ જીહાનમાં જીવતા રેહછે, પણ તેઓથી પળાતાં ગરીબગુરબાંઓનું તો જીવતાંજીવત મોત થાયછે.

શેઠ અરદેસર વાડીયાનો જનમ આગશ્ટ ૧૮૧૨ માં મુંબઇમાં થયો હતો. તેવણનું બાપીકું ઘેર એલફીનસટન સરકલમાં હાલ જ્યાં એવણની આફીસ છે તયાં હતું. તે વખત ઉપર કાંઇ આ સરકલ નહી હતું અને સરકલની સુંદર ઇમારતો પણ નહી હતી. અંહીની તે વેળાની ઇમારતમાં ઇમારત એકલો ટાઉન હાલ હતો, જેની સામે ઘાસનું એક લીલોતરીભરેલું મેદાન લોહડાંની સાકલે ઘેરી લીધેલું હતું અને તેની વચમાં કાર્નવાલીસનું બાવલુ એક ગુંબજ તલે રાખેલું હતું જેની હીદુઓ માનતા કરતા હતા. એ "ગ્રીન ચોક" ની આસપાસ બેઠી બાંધણીના એકેક માલાના નાના બંગલા હતા અને તે માહેલા એક બંગલામાં મરહુમ હોરમજજી વાડીયા વસતા હતા કે જેવણનું નામ પારસીઓનાં વડાં આતશબેહરામથી યાદ રહસુંછે. મુંબઇ મધે ઇંગ્રેજી વરતમાંનપતરોનો પાયો ૧૭૮૯ માં નખાયો તયારથી તે એ વખત સુધી તેમાં કોઇબી દેશીને ઘરનો જનમ છપાયો નહી હતો પણ પેહલવેહલો મરહુમ અરદેસરનો જનમ નીચે પ્રમાણે તા૦ ૨૯ મી આગશટ ૧૮૧૨ નાં "બોમબે કુરીઅર" માં છપાયો હતો—

Birth.—Yesterday the lady of Hormasjee Bomanjee of a son.

જેમ એવણના જનમ સાથ આ એક નવાઇ જોડાયલી હતી તેમજ એ પછી સને ૧૮૨૩ માં એવણના પેહલવેહલા લગન બાઇ પીરોજબાઇ તે શેઠ અરદેશર રતનજી વાડીઆની બેટી સાથે થયાં હતાં તેમાં પણ કેટલીક નવાઇ જોવામાં આવી હતી. તે વેળાએ લગનના આશીરવાદ સારવાની કીરીઆ જોવાને મુંબઇ સ્વસથાંનનો નામદાર ગવરનર અને દેશીઓની કેલવણીનો પીતા માઉનટ સ્ટુઅરટ એલફીનસટન પોતાના રેસાલા સાથ બીરાજયો હતો. પણ વળી મુંબઇ મધે આગલા વખતમાં આપણા લોકોમાં લગનની રીતભાંત તથા પરપેહરાંમણીના જે બેહદ ખરચો થતા હતા તે ઓછા કરવાને તે વખતની પંચાએતે એજ શાલમાં કેટલાક અગતના બંદોબસતો કીધા હતા તે બંદોબસત પેહલવેહલા મરહુમ વાડીયા હોરમજજીએ પોતાના દીકરા અરદેસરનાં લગન વેળા અમલમાં આણયા હતા, અને એ સુધારાની પેહલ પોતાને ઘેરથી કાઢી, એટલે છોકરા છોકરીને રીતમાં માત્ર ૩) વાસણ, ૯) રૂપીઆ રોકડા, અને

૩૨૫) ની એક સારી આપી અપાવી હતી. આજના વખતમાં એવા કોઇ બદોબસતોની પારસીઓમાં કેટલી જરૂર છે ?

વાડીયાજી અરદેસરે એક ખાંનગી ઇંગ્રેજ શીક્ષકના હાઠ હેઠલ પોતાના પીત્રાઇ મરનાર શેઠ મનચેરજી પેશતનજી વાડીઆ તથા બીજાઓની સાથે કેળવણી લીધી હતી, અને ઇંગ્રેજી ભાશા સારી પેઠે બોલવા તથા લખવાને શીખયા હતા. એ પછી ૧૮૨૬ મા એવણના બાવા મરહુમ વાડીઆજી શેઠ હોરમજજી બહમનજીના મરણ પામવાથી તેવણની પેહડીનો વહીવટ થાડુંક સુધી એખના એમના વડા ભાઇ મરહુમ શેઠ બહમનજી "બાવા" એ ચલાવયો હતા અને તે બાદ ૧૮૩૩ થી અરદેસરને ભાગયા કરી "બી. એનડ એ. હોરમજજી" ની કુ. ને નામે પેહડી ચાલુ કીધી હતી. એ પેહડીનુ સ્થાને બધે ભાઇઓનુ પોતાનુ "ચારલસ કારબસ" નામે ૧૧૨૦) ટણનુ એક વાહણ, તેમજ "લવજી ફેમીલી" નામ બીજું એક ૬૨૫) ટણનું વાહણ મોશીઅરસ ફારબસની કુપની સાથે રાસમા હતુ. બી. એનડ એ. હોરમજજીની પેહડી પ્રથમમાં અતરેની વખણાયલી મોશીઅરસ ફારબસની કુપનીના દલાલ હતા, તે જ ઇંગલાંડવાલી જાણીતી મોશીઅરસ ડાનીઅલ દીકીનસનની પેહડીના અતરેના આડતીઆ હતા. એ પેહડીના વડા ભાગયા મી૦ દીકીનસનના મરનાર ઉપર એટલો તો ચાહ હતો કે તેણે પોતાના એક દીકરાનું નામ પણ એવણના નામ ઉપરથી "ચારલસ અરદેસર દીકીનસન" (Charles Ardasir Dikinson) કરી રાખયુ હતું, અને મી૦ "અરદેસર દીકીનસન" પછવાડેથી મુંબઇ પણ આવી ગયો હતા. ઇ. સ. ૧૮૬૨ મા શેઠ બહમનજીનાં મરણથી એવણ એખના તે પેહડીના માલેક થયા હતા. વેપારી, વાહાણવતી, અને નાણાંવતી લેખે મરહુમ વાડીયાજી અરદેસરે ઘણી સારી આંટ અને આબરૂ મેલવી હતી. તેવણની પેહડી જે આજ સવાસો વરશની જુની થવા આવીછે તેનું નામ અને કામ શેઠ અરદેસરે ઘણું વધારી મેલયું હતું અને ઇંગલંડ તથા ફ્રાનસનાં સરાફી બજારમાં એ પેહડી એક બેંક જેવી સધર ગણાવા લાગી તે આ મરનાર ભાગીયાથી હતું. એવણના પીતા વાડીયાજી હોરમજજી ગુજરયા તયારે તેવણની હાલત ઘણી સધર નહી હતી. તે મુશકેલી મટાડીને એ પેહડીને પાછી પગભર કરનાર તેવણના દીકરાઓ બહમનજી અને અરદેસર હતા.

૧૮૩૫ મા એઓ પેહલેવેહનાં ગ્રાંડ જુરીમાં બેઠા હતા. ૧૮૩૭ માં એવણને લંડનની "રાએલ એશીઆટીક શોશાઇટી આફ ગ્રેટ બ્રીટન એનડ આએરલંડ" ના "નાન રેસીડંટ મેમબર" તરીકે ચુંટી કાઢયા હતા. આપણી નામદાર સરકારે એવણને ૧૮૪૦ મા સુલેહના અમલદારનું માન આપયું હતું. જસટીસ આફ ધી પીસ તરીકે એવણ આગલા વરસોની સભાઓમાં તથા શેહર સુધરાઇને લગતા કામકાજોમા ભાગ લેતા હતા. આપણા શેહર સુધરાઇનાં માણસોને રવીવારની જે રજા મલેછે તે રજા પેહલેવેહલી અપાવનાર શેઠ અરદેસર હતા. તા૦ ૯ મી આગશટ ૧૮૪૫ ને દીને મલેલી સુલેહના અમલદારોની સભામાં એવણ એવી દરખાસ્ત લાવયા હતા કે "શેહર સુધરાઇ ખાતાંમા દેશી મજુરો મહીનાના માતરે ૨૬ દાહડા કામ કરે તોબી તેમને આખા મહીનાનોજ પગાર આપવો." આ દરખાસ્ત કેટલીક તકરારો થવા બાદ વધુ મતથી પસાર થઇ હતી, અને તે વખતથીજ શેહર સુધરાઇ ખાતાંનાં માણસોને રવીવારની રજા મલતી થાઇ હતી. ૧૮૪૧ ના શાલમાં એવણને અતરેની નાધલા દીવાંની મુકદમાઓ ચુકવવાની "કોરટ આફ રીકવીસટસ" ના સરકાર તરફથી હાનરરી કમીશનર ઠેરવ્યા હતા. અતરેની નેટીવ એડયુકેશન શોશાઇટી કે જેનું નામ ૧૮૪૨ થી "એલફીનસટન નેટીવ એડયુકેશન ઇનસટીટીઉશન" કરી આપવામાં આવયું હતું તેની

કમીટીના એવણ તેજ દીનથી એક અધીકારી ઠડયા હતા. ૧૮૪૦ પછી અતરે જે કેટલીક બેંકો ઉંઘાડવામા આવી હતી તેમાં એવણની પણ આગેવાની તથા શામેલગીરી હતી. ૧૮૪૩ માં એવણ અતરે સ્થાપેલી બેંક આફ પેસટરન ઇંડીઆના, તથા ૧૮૪૫ માં ઓરીએનટલ બેંકના અને ૧૮૫૧ માં કમરશીયલ બેંકના ડાએરેકટર હતા. છેલા એવણ કુરલા સ્પીનીંગ એંડ વીવીંગ કંપનીના ચેરમેન હતા. બેંકો અને જાંઇટ સ્ટાક કંપનીઓ સંબંધી પોતાના અનુભવથી લોભાઇને મરહુમ વાડીયાજીએ ૧૮૬૪-૬૫ ના શેરસટામાં પરપોટા ખાતાં ઉભા કરવામાં ઝોકાવયું હતું અને "ઇંડીયન પેનીનશુલા બેંક" તેવણનું ઉભું કરેલું એવું એક પરપોટા ખાતું હતું, કે જેની સામે અમોને સખતાઇથી કલમ કસવી પડી હતી. જાંઇટ સ્ટાક ખાતાંઓ સંબંધી શેઠ વાડીયાજીની કોશેશ સફળ નહી હતી. સટાના વખતનીજ નહી, પણ "વેસટરણ ઇંડયા બેંક" અને "કમરશીયલ બેંક" બંનેએ ભાગીને ઘણી ખરાબી કીધીછે.

આ તેમજ બીજા કેટલાક બનાવોથી મરહુમ વાડીયાજી સઘળો વખત એકસરખાંજ માનથી લોકપ્રીય થઇ શકે એ તો બને એવું નહીજ હતું. એવણ બોલવે ચાલવે સવતંત્ર અને જાહેર હીમતવાલા હતા અને એવણના વીચારો સુધરેલા હતા. એવાં માણસોને કેટલીક વખતે અલખાંમણા થવું પડેછે. એવણ ઓલ્ડ સ્કુલનાં માણસ હતા તોપણ ઇંગ્રેજી કેળવણીને પસંદ કરનારા હતા અને ઇંગ્રેજીના પોતે અભયાસી હતા. પોતાનાં કાગલપત્રો સઘળાં ઇંગ્રેજીમાં લખતા હતા. ઇંગલંડનાં વરતમાનપત્રો અને ચોપાનીયાં પોતાને માટે ખાશ મંગાવીને સઘળા જાહેર બનાવોનો એવણે ચાલુ અભયાસ રાખયો હતો. પોતાના સઘળા દીકરાઓનેજ નહી પણ દીકરીઓને એવણ સારી પેઠે ઇગ્રેજી કેળવણી આપતા આવયાછે, અને ઇંગ્રેજી કેળવણી સાથ સુધરેલી રીતભાત તથા ઘરનું છુટાપણું પોતાના કુટુંબની બાનુઓને આપવામાં મરહુમ અરદેસર વાડીયાજી તરફ અમે એક સુધારાવાળા લેખે જોતા આવયા છીયે. સ્ત્રી કેળવણી અને સુધારાઓ સામેની મુશકેલી માતબર વરગોની શામેલગીરીથી દુર થાયછે અને મરહુમ શેઠ વાડીયાજીએ ખુદ પોતાનાં કુટુંબના દાખલાથી સુધારાને જે ટેકો આપયોછે તેની કીમત દરએક સમજુ સુધારાવાલો બુજયા વીના રેહશે નહી. બૈરાંને ઘરનુ છુટાપણું આપવા જતા મરહુમ શેઠ અરદેસરે પોતાની જુવાનીના વખતમાં ઘણું ખમયુંછે. આજે દરએક પારસી પોતાનાં કુટુંબપરીવાર સાથ બાહેર ફરેછે, પણ આજ તીશ વરશ ઉપર પોતાની જુવાનીના તોરમાં પોતાની ધણીયાણી સાથે ઉંઘાડી ગાડીએ ફરવા માટે તથા મંડલીમાં દેખાવ દેવા માટે અરદેસર વાડીયાનું નામ કેટલું અલખાંમણું થયું હતું, અને જાહેર વરતમાનપત્રો તેવણ ઉપર કેવી ગાલગલોચી સાથે ઉતરી પડયા હતા તે જયારે યાદ કરીયે છીય તયારે આજે કેટલો સુધારો થયોછે તે તરત આપણા ધયાનમાં આવેછે. આપણા આ મરહુમ વાડીયાજીનાં તે અણગમતાપણાંના બીજા પણ કેટલાંક ખાનગી કારણો હતાં—અને કદાચ તે વાજબી હશે—તે અમે ના પાડતા નથી. તે ગમે તે હોય તોપણ જુના જમાનાના આ એક શેઠીયાએ બદલાતા જમાના સાથ જે જે સુધરેલી વલણો દેખાડીછે તે તેવણની કારકીરદીની સેવટે કબુલ રાખવામાં તેવણને કેવલ ઇનસાફ માત્ર આપીયે છીયે.

એવણની સખાવતનો જહરો પેહલવેહલો સને ૧૮૩૦ થી શરૂ થાયછે, કે જે શાલની તા૦ ૧૭ મી નવેમબરે એવણે પોતાના ભાઇઓ બહમનજી તથા રૂસતમજી અને માતાજી બાઇ મીઠીબાઇની સાથે મલી મોટો ખરચ કરી મુંબઇ મધે ચંદનવાડીના રસતા ઉપર પોતાના બાવા મરહુમ શેઠ હોરમજજી

વાડીઆની નઇએતે શેહનશાહી જરતોશતીઓને માટે આતશબેહરાંમ પરઠાવ્યા હતા. મુંબઇ મધે શેહનશાહી જરતોશતીઓનું આ એકજ આતશબેહરાંમ છે અને તે બંધાવનાર આ છેલા નરને આપણે હમણાંજ છેલી સલાંમ કરવી પડીછે. એ પછીની એમની જાહેર સખાવતો બહમનજી અને અરદેશર હોરમજજી વાડીઆને નામે પ્રસીધ થએલીછે. તે અસલી સખાવતોમાંની કેટલીક તો આજે ઘણી નવાઇ જેવી લાગેછે. ૧૮૩૩ મા મુંબઇ અને યુરોપ વચે • રાતા સમુદરને મારગે સ્ટીમરો ફરતી કરવાનાં ઉધરાણાંમાં, ૧૮૩૫ માં ગવરનર લારડ કલેરનાં નામની સ્કાલરશીપના ફંડમાં, ૧૮૩૬ મા ચરચગેટ તથા બજારગેટની ભાગલાના દરવાજા પોહના કરવાનાં ફંડમાં, ૧૮૩૭ માં સુરતની મોટી આગના તથા થાંણાની ખારીપર પુલ બાંધવાનાં ફંડમાં, ૧૮૩૮ માં મુંબઇ મધે નવું દેખમું બાંધવાનાં ફંડમાં, ૧૮૪૦ માં સર ચારલસ ફારબસના બાવલાંનાં ફંડમાં, ૧૮૪૧ માં ગવરનર સર જે. આર. કરનાકનાં નામની સકાલરશીપનાં ફંડમાં, ૧૮૪૨ માં કાબુલની લડાઇમાં મારયા ગયલાઓનાં, ચીનવાલા સર જારડીન માથીસનની યાદગારીનાં તથા સર જમશેદજી જીજીભાઇ નાઇટનાં નામના ત્રાનસલેશન ફંડમાં, ૧૮૪૪ મા હાનરેબલ મી૦ એનડરસનનાં નામની સ્કાલરશીપના તેમજ આઇસ હાઉસના ફંડમાં, ૧૮૪૫ માં પાટણ ગામની પાંજરાપોલના ફંડમાં, ૧૮૪૬ માં આએરલંડના પેટાના દુકાલનાં ફંડમાં, ૧૮૪૭ માં દસતુર એદલજી દારાબજી સંજાણાની યાદગારીનાં ફંડમાં, ૧૮૪૮ માં સ્ટુડંટસ લીટરરી એન્ડ સાયન્ટીફીક સોસાઇટીની છોકરીઓની નીશાલોનાં ફંડમાં, ૧૮૪૯ માં હાનરેબલ મી૦ રીડનાં નામની સ્કાલરશીપનાં ફંડમાં, ૧૮૫૦ માં સર જમશેદજીવાલાં સુવાવડખાંનાંનાં ફંડમા, ૧૮૫૧ માં ફરાંમજી કાવશજી ઇનસ્ટીટીઉટનાં ફંડમાં, ૧૮૫૨ માં સેલર હોમ તથા બોમબે આસોશીએશનનાં ફંડમાં, ૧૮૫૩ માં ડયુક આફ વેલીંગટનની યાદગારીનાં ફંડમાં, ૧૮૫૪ માં મોટાં તોફાંનથી નાશ પામેલાંઓનાં, વગેરે બીજાં ઘણાંક ફંડોમાં એ બે ભાઇઓએ સારી રકમો ભરેલીછે. ૧૮૫૫ માં એમનાં માતાજી મરહુમ બાઇ મીઠીબાઇનાં પુનને માટે તેવણની પુંજીમાથી તથા એઓ ત્રણુે ભાઇઓએ મલી રૂ૧૨૦૦૦) ની રકમ સરકારમાં આપી કુરલા મધે "મીઠીબાઇ હોરમજજી ચેરીટેબલ ડીસ્પેનસરી" નામે ધરમનું દવાખાનું સથાપયુંછે.

સને ૧૮૬૨ માં શેઠ બહમનજીનાં મરણ પછીની એવણની એખલાની સખાવત ચાલીછે. ૧૮૬૯ માં મારવાડ ખાતે પડેલા દુકાલની વખતે એવણે તયાં ૧૮૦૦) ગુણ ચોખાની તેમજ રૂ૫૦૦૦) રોકડા ગરીબોને વેહચી આપવાને મોકલયા હતા. ૧૮૭૧ ના ઇરાનના દુકાલ વખતે રૂ૫૦૦૦) તે તરફ પરભાડા મોકલયા હતા. ૧૮૬૯ થી પરેલ મધેની લવજી વાડીઆ ડીસપેનસરીનો તથા નવસારી મધેનાં ધરમનાં દવાખાનાંનો ખરચ એવણ ચલાવતા આયાછે, તથા સને ૧૮૭૦ માં એવણે એલાવ ગામ મધે રૂ૧૦૦૦૦) આપી પોતાને નામનું એક ધરમનું દવાખાંનું સથાપયુંછે. ૧૮૭૧ માં મારવાડ મધે એક મોટો તલાવ તથા ૧૮૭૨ માં માહબલેસરના રસતાપર બે મોટી તાકીઓ એવણે પોતાને ખરચે બધાવીછે. એ ઉપરાંત લાનકેશાયર, ઓરીસા, આએરલંડ, વગેરેનાં દુકાલના તેમજ છેલા ગવરનર સર જેમસ ફરગુસનની આગેવાની હેઠલ ઉભાં થયલાં પેટરીઆટીક ફંડમા એવણે મોટી મોટી રકમો ભરીછે. પણ પોતાની આટલીબી સખાવત જાહેરમાં આવી તેથી તેવણ નાખુશ હતા, અને પોતાના જે કુટુંબીઓની વડાઇથી એમ બનતું તે કુટુંબીઓને એવણ ઠપકો આપતા હતા. પારસીઓમાં એવણની ખાનગી સખાવત ઘણા ઉતમ તરીકાની હતી. તે એ કે કેટલાંક આગલા વખતનાં આબરૂદાર ખાંનદાંનો જેઓ જમાનાના ફેરથી લાચારીમાં આવી

પડેલાં હતાં તેમને આખરથી ગુજરાંણ ચલાવવાને એઓ કોઇ ન જાણે એમ છુપી રીતે દરમાયો આપતા હતા, અને તેપર કહેછે કે દર માસે રૂ ૩ થી ૪ હજાર સુધી ખરચતા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૧ મી મેએ ૧૮૮૨.]

16*th May* 1882.

Ardeshir Hormasjee Wadia.— We regret to announce the dea'h of Mr. Ardeshir Hormasjee Wadia, the well-known Parsee banker and merchant, which took place yesterday at his residence, "Lowjee Castle," at Parel. The deceased had been suffering for some years past from the effects of diabetes, and having had a relapse about a month ago gradually succumbed to the exhaustion brought on by the malady. Hopes were entertained on Saturday lest by his medical attendants, Doctors Sidney Smith, Pinkerton, and Burjorjee Framjee, that he would survive the relapse, but the symptoms grew worse as time wore on, and the patient breathed his last yesterday afternoon from sheer exhaustion. Mr. Ardeshir was born in Bombay in the year 1813, and was, therefore, in his sixty-ninth year. He was for a long time a director of the late Commercial Bank and managed its affairs successfully until it met with reverses during the share mania of 1865. He was also one of the chief promoters of the Indian Peninsular and China Banking Corporation, which flourished for a time to collapse with the sister banking concerns of that time. He had had reverses in his career as a banker and a merchant, but he tided over his difficulties and was at his death the possessor of an immense fortune. He was considered to be one of the shrewdest and most intelligent merchants, and it is said that his forecasts in commercial concerns invariably turned out to be true. He was kind and congenial towards his relations and friends, and was charitably disposed towards the helpless and the destitute, without distinction of caste or creed. He spoke and wrote the English language remarkably well, considering that there were hardly any schools or colleges in Bombay in his younger days. He was loved and admired both by Europeans and natives for his independence of character and honesty of purpose, and will long be remembered for his large and unostentatious charity. It is said that he distributed every month a sum of nearly four thousand rupees among his poor relations and friends who had at one time seen better days. His public charities were in no way insignificant. He established dispensaries at Parel, Coorla, Elao, and several other places at a heavy outlay. He gave in addition large sums of money in the name of his firm to the Orissa, Marwar, Persian and Irish famines, and recently contributed a handsome amount towards the military fund raised during the Afghan war. A large contribution was also forwarded by him to Boulogne for the assistance of the widows and orphans who suffered from the effects of the floods in that locality. After the death of his eldest brother in 1862, the late Mr. Bomanjee Hormasjee, who was made Sheriff of Bombay in 1859, and in whose memory a tower and fountain have recently been erected by the public of Bombay at the corner

of Bazar Gate Street, the deceased became the head of the banking house of Messrs. B and A. Hormarjee—a firm which opened up in connection with Messrs. Dent and Company, of China, the Shanghai market to the opium trade. In 1865 the firm was appointed the Bombay agents of the Hongkong and Shanghai Banking Corporation, and they so well managed the affairs of the company, that the shareholders, at a public meeting held in Shanghai, voted special thanks to them. Of late years the firm had been chiefly concerned with the banking business and the floating of loans.

[*Times of India, 17th May 1882*].

તા૦ ૨૬ મી મેએ.

રોજ ૧૦ માહ ૯ (શે૦) ૧૨૫૧ યજદેજરદી.

શોરાબજી જમશેદજી જીજીભાઈ— પારસીઓને પ્રાય પેહલા પારસી બેરોનેટના ત્રીજા બેટાનુ શોકકારક મરણ નોંધવાની દુખદાયક ફરજ અમોને બજાવવી પડેછે. શેઠ સોહરાબજીથી "સર" ની જીવતી નીશાણી ગોયા જલવાઇ રહી હતી, પણ ગએ પરમ દીનના એવણના અકાળ મૃતયુથી તે મરહુમ પેહલા અકાબરની છેલી નીશાની છીણવી લેવાઇછે, અને પારસીઓના આગલા જમાનાના જે શેઠીયાઓ હાલ જમાના સાથ જોડાયલા હતા તેઓમાંના એક બુજરગ શેઠીયાનો વળી ઘટાડો થયોછે. ગયાંજ અઠવાડીઆંમાં જે સખીવજુદ વાડીયા શેઠ અરદેસર વીશે અમે શોક કીધોછે, તેવણની મીસાલે શેઠ સોહરાબજી જમશેદજીએ પણ આજ ઘણાં વરસથી એકાંતવાસ એખતીયાર કીધો હતો, પણ તેની અગાઉ એવણે સારી જાહેર જીંદગી ગુજારી હતી. પેહલા પારસી બેરાનેટે પોતાના ત્રણેડ પુત્રોને પોતાની રીત પ્રમાણે જાહેરમાં પાડયા હતા, પણ તે પુત્રોની પ્રસીધતા જેમ તેમના પીતાને લીધે હતી તેમજ તેમના પીતા પોતે પોતાની પ્રસીધતાને માટે પોતાના પુત્રોને પણ આભારી હતા. એવી રીતે પોતાનાં શખાવતે બાહદુર બાપની કીરતીનો મેહલ બાંધી આપવામાં એમના બીજા બેટાઓની પેઠે એમના સહુથી છેલા અને તેટલામાટે સહુથી લાડકા બેટા મરનાર શેઠ સોહરાબજીનો પણ ભાગ હતો. તે મરહુમ શેઠ સોહરાબજીની જાહોજલાલીનો વખત હતો અને તે વેલા તેવણ કેટલો વગ ધરાવતા હતા તેની આ એક નીશાણી ગણી શકાશે કે જયારે કોટમાં તેવણે કોટેકોટનું પોતાનું ઘેર બંધાવયું (કે જે ઘેરમાં હાલ કોટની પોલીસ આફીસ છે) તયારે તે ઘેરથી થોડાક રસતો મુકવાને બદલે સામું તે ઘેર રસતા ઉપર બાહાર કાહાડયું હતું અને તેથી કોટેકોટનો રસનો સાંકડો બની જવાથી ઘેરની સામેના કોટની દેવાલ ભાંજીને હઠાવવામાં આવી હતી તથા તેટલો કોટ ફરીથી બાંધયો હતો. સર જમશેદજી પેહલા બેરોનેટે બીજા શેઠીયાઓ કરતા આગલ વધીને પોતાના દીકરાઓને—અને જણાવવાને શ તોશ ઉપજે-છે કે પોતાની દીકરીને પણ—ઇંગ્રેજી કેળવણી આપી હતી. એઓમા "ભાઈ સાહેબ" સોહરાબજી વધારે કેળવાયલા હતા અને તેવણની જાહેર કારકીરદી સંબંધી આ વાત નોંધી લેવા જોગ છે કે આપણા શેઠીયાના દીકરાઓના આખા વરગમાં મરહુમ શેઠ સોહરાબજીનો વીદયાભયાસ અસાધારણ અને તેથી કરીને વાખવાખી ભરેલો હતો. ૧૮૫૪ નાં મોટાં "પેટરીઆ-ટીક ફંડ" ની સભામાં પેહલા બેરોનેટ સર જમશેદજીનું સખી દીલ સખાવતને માટે એટલુ વેહતું થયું હતું કે ટાઉન હાલવાલી જાહેર સભામાં પોતાની માંદગી છતાં તેવણ હમાલોની ખાંધ ઉપર બેસીને આવયા હતા, તે દેખાવ જેઓ તે વખતે હાજર હશે તેઓ વીસરયા નહી હશે. તયાં મરનાર સોહરાબ-જીની "મારા વાહલા બેટા" દાખલ તેવણે

સભાને છેલ્લી ઓળખાણ કરાવી હતી, કે જે વેળા એઓએ પોતાના બાપનું વખાણાયલું ભાશણ સભા આગળ વાંચી સંભળાવ્યું હતું. પોતાનાં સઘળાં ભાશણો પોતાના એ નાના બેટા પાસે વંચાવવાનો આપણા "મોટા સરે" સરેસતો રાખ્યો હતો, એટલા તેવણ એ "ભાઇ"ની કેળવણીને માટે ખુશી હતા, અને આ વાત પણ અગતની છે કે શેઠીયાના દીકરાઓના સરેસતાથી ઉલટી રીતે મરહુમ શેઠ સોહરાબજીએ જાહેર લખનાર, ભાશણકરતા અને ગ્રંથકરતા તરીકે જે દેખાવ દીધો હતો તેમાં એવણના દોલતમંદ પીતાથી એવણને પુરતી મદદ અને પુરતું ઉતેજન મલ્યું હતું. શેઠ સોહરાબજીની અમે કાંઇ મોટા વીદવાંન આલમા લેખે સહરાગત કરવા માગતા નથી, પણ આગલા જમાનાનો એક શેઠીયો પૈસાની જાહોજલાલી વચે વીદયાભયાસનો શોખ રાખે, જબાનસનાસીનો કસદ કરે અને લખનાર દાખલ અડધા ડજન ગ્રંથો લખી જાય એ થોડું નહી ગણાશે. શેઠ સોહરાબજીના ગ્રંથો "ઓરીએનટલ" ભાશાઓના તરજુમા અને તકરારી બાબદોના હતા, એ ઉપરથી એવણનાં મનની ઉંચી વલાણ માલમ પડેછે, અને દરએક સુધરેલા દેશના માતબરો વીદયાનાં મેદાનમા તકરાર ચલાવવાની કીરતીનો જે ઉમદા લાભ કરેછે તેવો કાંઇ શોખ આ ગ્રહસથમાં આપણે જોયોછે. આપણા શેઠીયાઓમાં એ ખરેખર એક નવાઇ છે. શેઠ સોહરાબજી જમશેદજી પાસે મોટું અને કીમતી પુસતકખાનું હતું, તેથી તેવણ મગરૂર હતા અને જે કેળવણી પામેલા જવાનોની દોસતી તેવણ પસંદ કરતા હતા તેઓમાં આ પુસતકોના ખજાના વીશે તેવણ સારી ખબરદારીથી વાત કરતા હતા. પોતાનાં મનની તકરારી વલાણને લીધે બીજા શેઠીયાઓ કરતાં એવણમાં સવતંત્રપણું પણ વધારે હતું. એમની એ જાહેર હીમતના એવણે પોતાના પાછલા વખતમાં—પોતાના એકાંતવાસ વચે—બે ત્રણ જાણવાજોગ દાખલા આપયા હતા. પેહલો દાખલો આજ બાર વરશ ઉપર મુંબઇની બેંચની સભામાં બનયો હતો, કે જયારે આપણાં મીયુનીસીપલ ખાતાંનાં અંધેરો વીશે શેઠ નવરોજજી ફરદુનજી અને શેઠ સોહરાબજી શાપુરજી બંગાલીએ મી૦ ફારબસ અને બીજા ઇગ્રેજો સાથે મોટી લડત માથે ઉઠાવી હતી. તે લડતમાં કેટલાક શેઠીયાઓ સતાવાલાઓની પક્ષના થઇ ગયા હતા, પણ શેઠ સોહરાબજી જમશેદજી તે લાંબી લડતની આખી મુદતમાં આપણા શેહરી "સુધારાવાનાઓ"ની પક્ષમાં રહયા હતા અને તેવણે સતાવાનાઓની વીરૂધ એક હીમતભરેલું ભાશણ કીધું હતું. બીજી જે વખતે તેવણે શેઠીયાઓ કરતાં જીયાદા સવતંત્રપણું દેખાડયુ તે "દોખમાના હુલડ કેસ" વેળા હતુ કે જયારે પોલીસની જાસતી સામે "પ્રોટેસ્ટ કરનારા પાચ હજાર પારસીઓ" ની આગેવાંની એ શેઠે કબુલ કીધી હતી. પેહલાં તો પારસીઓ તરફથી અંજુમનના તરસ્ટીઓ જોગ એક મેહજર લખાઇ ગયો તે ઉપર શેઠ સોહરાબજીએ ખુશીથી પોતાની પેહલીજ સહી કીધી, અને જયારે ટરસટી સાહેબોએ તે મેહજરને કશો મચક નહી આપતાં સતાવાલાઓની બીહીક બનાવી તયારે ઉપલાં પારસી અનજુમને ખુદ ટરસટી સાહેબો સામે પ્રોટેસ્ટ ઉઠાવયો. શેઠીયાઓ સામે તે સભા આલબલેસ બાગમાં મલી હતી તયાં મરહુમ શેઠ સોહરાબજી સભાની ખુરશીએ બીરાજયા હતા અને પોતાના વરગના બજકે પોતાના કુટુંબનાજ ગ્રહસથો સામે ફરીયાદ કરવાની તેવણે જાહેર હીમત દેખાડી હતી. એવીજ જાહેર હીમતનો ત્રીજો દાખલો એઓએ અમારા પોતાના સંબંધમાં આપયો હતો કે જયારે હલકાં પત્રોની પીડાકારી ટાલવાને આ પત્રના અધીપતીએ જે એક ફરીયાદી માથે ઉઠાવી હતી તેમાં જે જે આબરૂદાર ગ્રહસથો અમારા શાક્ષી તરીકે હીમતથી બાહેર પડયા હતા તેઓમાં એક મરહુમ શેઠ સોહરાબજી હતા, અને તે મુક-

દમાની ફતેહને માટે બીજાઓ સાથે એ ગ્રહસ્થની જાહેર હીમતને અમે આભારી હતા. શખાવતમાં વળી એવણ પછાત નહી હતા. એક સખી બાપના બેટાને સખી દીલ-ગુરદો વારસામાં મલેછે, અને મરહુમ શેઠ સોહરાબજીના જનમારાનો જે ટુક પણ બાશ હેવાલ અમે હેઠલ ઉપજાવી કાહાડયેછે તે ઉપરથી જણાશે કે પોતાના ચાલતા વખતમાં એ શેઠે જે જે કીમતી શખાવતો કીધી હતી તેમાં કેટલીક નવીજ હતી. ગુજરાત પ્રાંતમાં શેઠ સોહરાબજી જમશેદજીનુ નામ શખાવતને માટે ખાશ મશહુર થયું હતું, અને અફસોસની વાત એટલીજ છે કે શેરના નબોદીયા સટાએ આ શેઠની જાહેર શખાવતોનો અને તેથી કરીને તેવણના ખાનગી સુખનો સેવટનો નાશ કીધો હતો. મુંબઇ બેંકની તપાસ કરવાને પાર્લામેટે મોકલેલાં પાદશાહી કમીશન આગલ શાક્ષી આપતાં આ મરનાર શેઠીયાએ અફસોસ કીધો કે તેવણના ૪૦ લાખ રૂપીઆ તે વખત ઉપર ડુબી ગયા હતા. ખરેખર તે ભય-ભરેલા સટાનો વખત આપણા શેઠીયા-ઓની પરીક્ષાનો હીગામ હતો—પણ અફસોસ કે તે લોભી વંટોલીયાના વમલમા બીજા માતબરોની સાથે પારસીઓનાં આ પેહલાં ખાનદાનની દોલત પણ ઘસડાઇ ગઇ અને એમની જાહેર શખાવતોનો ઝરો સુકાઇ જવાથી એમનાં પોતાનાં સુખનો તેમજ પ્રજાનાં ભલાંનો અંત આવયો.

શેઠ શોરાબજી જમશેદજી જીજીભાઇનો જનમ તા૦ ૨૨ મી અકટોબર ૧૮૨૫ ને દીને મુંબઇ મધે બાહેરકોટ એલાહીબાગની સામેનાં સર જમશેદજીવાલાં જુનાં ઘર મધે થયો હતો. સને ૧૮૩૬ માં એવણનાં લગન શેઠ મેહર-વાનજી જીજીભાઇનાં દીકરી સાથે થયાં હતાં. તે વેલાએ મુંબઇના નામદાર ગવરનર સર રાબરટ ગ્રાંટને સર જમશેદજીએ આપેલો બાલ હજુ કેટલાક જુના શેહેરીઓની નજરમાં તાજો છે. તે વખતે કોટપેર મોટા માડવ નાખી ટેબલની એક હારમાં ૩૫૦) ઇંગ્રેજ ગ્રહસથો તથા બાનુંઓ મેજમાંની લેવા બેઠા હતા. જે દેખાવથી અતરેના ગુજરાતી વરત-માંનપત્રો અજાયબીથી તાજુબ થઇ ગયાં હતાં. આ વખતે ગવરનરની સનામતીમાં સર જમશેદજીએ કરેલુ ભાશણ બોલબોલ રાજભકતી બતાવનારૂં હતું, તે તેમાંના માત્ર બેજ નીચના ફકરાથી જણાશે. સર જમશેદજી બોલયા હતા કે,

I am persuaded there are many in this assembly who will rejoice to hear at the lips of one born and educated in India, that their host considers it his highest privilege to be counted a British subject-and that he cannot but consider it a pledge of those common ties by which he and every Native of British India is bound to this great nation,—that he cannot but esteem it a proof also, that Councils of this great nation, *our most Gracious sovereign* are sensible to the claims of India on the mother Country, that Great Britain has been so scrupulous in its selection of our successive Governors

Who is there here who will not remember—each as he may have had opportunities of knowing their virtues and their Talents—an Elphinstone, a Malcolm—and a Clare.

શેઠ સોરાબજીએ તે વેલાની નેટીવ એજ-યુકેશન સોસાયટી હસતકની સરકારી સકુલમાં કેળવણી લીધી હતી, અને તેમના ખાનગી શીક્ષક આપણા જાણીતા શેહરી શેઠ નવરો-જજી ફરદુનજી હતા જેઓ માટે શેઠ સોહો-રાબજી ઘણું માન ધરાવતા હતા. ૧૮૪૯ ના આગસટ માસમાં મરનારને સર જમશેદજી જીજીભાઇના છોકરાઓની પેહડીના એક ભાગયા તરીકે સામેલ કીધા હતા. ઇંગ્રેજી ભાશા સારીપેઠે લખવા તથા બોલવાનો એવણને માહવેરો હોવાથી તે વેળાએ સઘળાં જાહેર કામોમાં એવણ ભાગ લેતા હતા. ૧૮૪૭ માં એવણને સરકારે અતરેની એલ-

ફીનલટન ઇનસટીટીઉશનની કમીટીના એક મેમબર ઠેડવયા હતા. અતરેની રાએલ એશીઆટીક શોશાઇટીમાં આગલા વખતમાં ઘણાજ થોડા દેશીઓ સભાસદ થયા હતા, જેમાં એવણુને પણ છેક ૧૮૫૦ માં હાનરેબલ મી૦ વીલીઅમની દરખાસ્ત ઉપરથી સભાસદ ઠેડવયા હતા. એજ વરશમાં મુંબઇના ગરીબ લોકોમાં વીદ્યાનો ફેલાવો કરવાને દરેક લતા ઉપર નીશાલો સથાપવાની ગોઠવણ કરવાને અતરેની બોરડ આફ એજયુકેશને દરેક ગ્નાતના એકકા આગેવાંનોની કમીટી નેમી હતી, જેમાં પારસી અધીકારી તરીકે શેઠ સોહરાબજીને નેમયા હતા તથા આપણી સરકારે ૧૮૫૫ માં એવણને સુલેહના અમલદાર ઠેડવયા હતા.

૧૮૫૪ ની રૂશીયાન લડાઇમાં મારયા ગયલા તથા જખમી થયલા વગેરેના આશરાને માટે લંડન મધે જે પેટરીઆટીક ફંડ નામદાર માહરાણીજીની મુરબીગીરી હેઠલ ઉંઘડયું હતું તેમા મદદ કરવાને તા૦ ૩ જી જાનેવારી ૧૮૫૫ ને દીને મુંબઇ મધે ગવરનર લારડ એલફીનસટનનાં પ્રમુખપણાં હેઠલ એક મોટી સભા ટાઉન હાલમાં મલી હતી, તેમાં શેઠ સોહરાબજીએ પોતાના બાવાની તરફથી એક અસરકારકભાશણ ઇંગ્રેજીમાં કીધું હતું. બીજુ એક જાહેર ભાશણ એવણે તા૦ ૨૭ મી મારચ ૧૮૫૬ ને દીને ટાઉન હાલમાં ગુજરાતી ભાશામાં એક મોટી ઠઠની હજુરમાં "માણસ જાતની હૈયાતી અને તેની ફરજો" એ બાબદ ઉપર કીધું હતું. હીંદુસથાનના બલવાનું સેવટ આયું તેની ખુશાલીમાં સને ૧૮૫૯ માં વડા આતશબેહરાંમમાં થયલાં જાહેર જશન વખતે એવણે ગુજરાતી ભાશામાં પોતે જોડેલી એક બંદગી બુલંદ અવાજે વાંચી સંભલાવી હતી. શેઠ સોહરાબજીએ ગુજરાતીમાં નીચલાં પાંચ પુસતકો બનાવેલાં છે. ૧૮૪૮ માં બચાંઓને નીતી તથા શેઆણપણ શીખાડવાની "તોહફએ જમશીદ" નામની ચોપડી. ૧૮૫૧ માં આરખી અહેદ નામાંના તરજુમાની "તકવીઅતે દીને માજદીઅશનાં" નામે કેતાબ. ૧૮૫૩ માં પ્રાંણ હંતીઆ ન કરવા બાબેનું "રાહે પારસા" નામનું પુસતક. ૧૮૫૬ માં જીંદગીની નાપાયદારી વીશે "જોહરે જીંદેગાંની" નામનો નીબંધ. ૧૮૬૯ માં હજરત જરથોશતની તારીફનાં કેટલાક ફારસી બેતોના ગુજરાતી તરજુમાની "તૌસીફે જરથોશત" નામની કેતાબ.

સને ૧૮૫૬ માં અતરેની બેનચ આફ જસટીસે ઘર ઉપરનો છાપો પાંચ ટકા ઉપરથી એકદમ ૭॥ ટકાનો કીધો હતો, તે વેલાએ એવણે આગેવાંની લઇ ઉપલા ૨॥ ટકા ઓછા કરાવયા, અને મયુનીસીપાલીટીને તેથી ખુટ પડે માટે પોતાની સાથે બીજા કેટલાક દેશી સુલેહના અમલદારોને સામેલ કરી રૂ૧૦૦૦૦૦) ની રકમ બેચને ધીરી હતી.

એવણની આગલા વખતની સખાવતો એમના નામવર બાપનાં કામમાંજ સમાયલી હતી, પણ પોતાના પીતાનાં મરણ પછીની એમની સખાવતો કેટલીક જાણવાજોગ છે. ૧૮૬૦ માં મરહુમ પેહલા બારોનેટની વરસીને દાહડે અતરેની દેવાંની તુરંગમાં પડેલા ૩૬ નાદારોને તેમનું કરજ આપી છોડવયા હતા. ૧૮૬૩ માં કછ માંડવી તરફ લાગેલી ભયંકાર આગમાં પાયમાલ થાએલાઓને ઘરો બાંધી આપવા માટે રૂ૫૦૦૦) ની મદદ કીધી હતી. ઓરીસાના દુકાલનાં ફંડમાં એવણે રૂ૨૦૦૦૦) ની પાદશાહી રકમ આપી હતી. તેજ મુજબ લાંનકેશાયર અને બંગાલના દુકાલનાં ફંડમાં પણ મોટી રકમો આપી હતી. ૧૮૬૪ માં એવણ ગુજરાત તરફ મુસાફરી તથા શેહલગાહ કરવાને ગયા હતા તે વખતે તયાં લગભગ ડોઢ લાખ રૂપીઆની સખાવત કીધી હતી, જેમાં મુખીઅ નડીયાડની પાસે આવેલાં વરતાલના સવામી નારાએણનાં નામીચા મંદીર આગલનો એક પુરાતમ તલાવ રૂ૫૦૦૦) ખરચી મરામત કરાવી આપયો, તથા વરોડરાનાં શેહરમ

અને કાંપમાં એકકી ધરમશાલા બંધાવી આપી. ગુજરાત વરનાક્યુલર સોશાએટીનાં ફંડમાં રૂ૨૫૦૦) ની રકમ દર વરશે તેનાં વયાજમાંથી એવણને નામનો ગુજરાતી ભાશામાં એક નીબંધ લખવા માટે આપી હતી. રૂ૧૦૦૦૦) ની રકમ અમદાવાદ મધે પારસીઓને માટે એક ધરમશાલા બંધાવવા થકી આપી હતી. રૂ૩૦૦૦૦) ની રકમ ભરૂચ મધે એક હાસ્પીટલ બંધાવવા માટે તથા રૂ૩૫૦૦૦) ની રકમ સુરત મધે હાઈ સકુલ બાંધવા માટે આપી હતી. છેલાં ત્રણ્રે મકાનો આજ સુધી એ સખી નરની યાદગારી બતાવતાં કાએમ રહેઆછે. ૧૮૭૩ માં દોખમાંના મુકદમા વેળાએ પોલીસની ચાલપર પંચાતના તરસ્ટીઓએ જે ધાંકપીછોડો કીધો હતો તેની સામે ૫૦૦૦) પારસીઓ અહસથીએ જે પ્રોટેસટ કીધો હતો તેમાં મુખ્ય આગેવાંની એવણની હતી, અને એ પ્રોટેસટ કરવા તા૦ ૨૨ મી સપટેમબર ૧૮૭૩ ને દીને જે અંજુમન આલબલેસ બાગમાં મલી હતી તેના સરનશીનની ખુરસી એવણે લઇ એક ઘણું હીમતભરેલું ભાશાણ કીધું હતુ.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૮ મી મેએ ૧૮૮૨]

26*th May* 1882.

SORABJEE JAMSETJEE JEEJEEBHOY – Within little more than a week's time two of the most prominent Parsee citizens of Bombay of a past generation have been gathered to their fathers. In our issue of the 17th instant was announced the death of Mr. Ardesir Hormarjee Wadia, and we have to announce to-day the death of Mr. Sorabjee Jejeebhoy, the third and youngest son of Sir Jamsetjee Jejeebhoy, the first Parsee Baronet. Mr. Sorabjee was born in Bombay on the 24th October, 1825, and died yesterday morning at his bungalow at Tardeo, in the fifty-seventh year of his age. For several years past a severe form of gout had confined him to his bed and prevented him from taking a part in public affairs. During the last three months he had been suffering from dropsy, which notwithstanding the skilful treatment of Dr. Blanc and other medical gentlemen, terminated fatally yesterday, as it had terminated in the case of his father in April, 1859, of his elder brother, Mr. Rustomjee Jamsetjee Jejeebhoy, in April, 1872, and of his eldest brother, the second Parsee Baronet, in July, 1877. The three brothers, as well as the father, have thus been the victims of drospy which seems to be hereditary in the family. Mr. Sorabjee had been removed for some days past, for change of air, to his fathers bungalow near the Mahaluxmee vellard, but matters became so far worse that he was taken back to his bungalow at Tardeo on Monday last.

From an early age Mr Sorabjee passed much of his time in literary pursuits and studied, besides English, the Persian, Arabic, Pehlvi, Latin, and Sanscrit languages to a more or less extent. He received private tuition for some time from the late Professor Green, when the latter was principal of the Sir Jamsetjee Jejeebhoy Parsee Benevolent Institution He published several books in Gujeratee. In 1849, under the patronage of his father, he published the "Tohfei-Jamshed," a translation of a Persian work. Three years later he published the "Takvietai Dinai Mazdiasna" in praise of the doctrines of the Zoroastrian religion, showing upon the authority of Persian texts that even

Mahomed and Ali thought highly of those doctrines. In 1853 was published the "Rahai Parsa," an essay against cruelty to animals, in which Mr. Sorabjee advocated a total abstinence from animal food. He practised what he preached, and it is said that since the publication of that book he became a thorough vegetarian for the rest of his life. After an interval of three years appeared the "Jaoharai Jindaigani," followed in 1869 by the "Taosifai-Zerthosht," a translation of verses in praise of the Parsee prophet, composed by the late Moolla Feroze and another. Mr. Sorabjee's last publication was in 1872, being the "Tajkarai Dosabhoy Sorabjee Moonshee," a translation of an account of Mr. Moonshee's life which had appeared in the *Illustrated London News.*' in 1859 a public prayer meeting of Parsees was held in the Wadia's fire-temple to offer up thanksgiving to Almighty God for the success of the British Army and the pacification of the country after the Mutiny Mr. Sorabjee on that occasion recited a prayer which he had specially composed at the request of the trustees of the charitable funds of the Parsee Punchayet He patronised young authors by purchasing from 100 to 200 copies of each book to which he extended his patronage.

A long time ago he was appointed a Justice of the Peace and a Fellow of the Bombay University, and was also a member of the Municipal Corporation for some years. He was a member of the Bombay Branch of the Royal Asiatic Society and other learned bodies. After receiving his share of the family property from his father, Mr Sorabjee built at his own expense, for his residence, the premises at present occupied by the Fort Police Court. A portion of the ramparts, which then stood opposite to it, was, with the permission of Government, pulled down to give the building a clear frontage and to widen the thoroughfare by the side of it. He made good use of his wealth in the days of his prosperity, giving away Rs. 1,65,355 for objects of charity, besides his private benefactions, of which there is no record. In 1855 he contributed Rs. 2,500 to the Patriotic Fund of London In 1860 and again in 1862, on the anniversary of the death of his father, he paid Rs. 9,000 in two sums for the release of persons confined in the County Jail under decrees of the Small Causes Court of Bombay In 1863 he presented Rs. 6,500 for the relief of the sufferers by a fire at Cutch Mandavie; and subscribed Rs. 1,000 to a fund raised in Calcutta for the support of the orphan children of Captain Gordon and his wife, both of whom died from the effects of an accident. From December, 1864, to June, 1865, during which time Mr. Sorabjee travelled in Gujerat with all the members of his family, he contributed largely to objects of charity and for the promotion of education. He visited Surat, Broach, Baroda, Ahmedabad, Nowsaree, Damaun, and other places, and was everywhere welcomed enthusiastically as a son of the Parsee Baronet. He gave feasts to the poor, who sang his praises from town to town. Addresses were presented to him

by the people, and Government officials greeted him in the districts in which he sojourned. He repaired an old tank in Vartal near Baroda at a cost of Rs. 5,000, and gave Rs. 15,000 for building dhurmsallas near the camp at Baroda and for the discharge of debtors in the Baroda jail on the anniversary of the Jamshedi Naoroz festival. While at Naosaree in 1865 he caused special trains of the B. B. and C. I. Railway to run from different stations for Parsees who wished to be present at the consecration of a new Tower of Silence at Tavree, a village near Naosaree, and gave a feast to the assembled Zoroastrians at a total cost of Rs 1,500. At Ahmedabad he gave Rs. 2,500 in charge of Mr. T. B Curtis, Educational Inspector and Secretary of the Vernacular Society of that place, to provide out of the interest an annual prize of Rs 100 to be competed for by the writers of essays on useful subjects. He built a dhurmsalla at Ahamedabad for Parsee travellers and partly furnished it, at a total cost of Rs. 10,000. He released debtors from the Surat jail, whose total liabilities amounted to Rs. 1,500; gave an aggregate sum of Rs. 10,000 for the schools at Randeir and Baroda, and built an hospital at Broach at a cost of Rs. 30,000. He made a donation of Rs. 3,500 to the Roman Catholic Convent at Poona for providing new clothing for the children on the anniversary of his birthday, and of Rs. 2,000 for the support of the Hemabhoy Institute at Ahmedabad. In 1866 he subscribed a sum of Rs. 20,000 to the Orissa Famine Fund; and at a later period gave an aggregate sum of Rs. 39,000 for the building of the New Surat High School. The Surtees expressed themselves to be under a deep debt of gratitude to Mr Sorabjee for the school building, the total cost of which amounted to Rs 82,000, and at the opening ceremony performed in January, 1872, the poet Narmadashanker, as the exponent of the grateful feeling of the inhabitants, embalmed that feeling in verses composed for the occasion. A marble statue of Sir Jamsetjee Jejeebhoy, the first Parsee Baronet, has been placed in the school building at Mr. Sorabjee's expense. He caused similar statues of his father to be placed in the Grant Medical College building and the Sir Jamsetjee Jejeebhoy Parsee Benevolent Institution.

Subsequently to his return from his travels in Gujerat, Mr Sorabjee met with reverses, from which his two brothers were yet safe, in consequence of heavy speculations in shares, cotton, and opium. Those reverses swept away his fortune, which, we are told, was estimated at over fifty lakhs of rupees, and he had to compromise with his creditors with the assistance of his brother, Mr. Rustomjee Jamsetjee Jejeebhoy, to whom he is said to have made over all he possessed at the time, namely, property of the value of thirty-five lakhs, and shares of the aggregate value of eighteen lakhs of rupees. A composition deed was privately signed by all the creditors, and Mr. Sorabjee was released of his liabilities. He stated

before the Bombay Bank Commission during its sitting in Bombay in 1868 that he had borrowed of the bank Rs. 7,50,000 through Mr. Premchund Roychund, and that his losses in share transactions amounted to Rs. 40,30,000. Since the date of those reverses, owing also to the malady from which he suffered, Mr. Sorabjee retired from public life, and in his later days contented himself with that solace which the sight of a comparatively happy family of sons, daughters, and grand-children could impart. Like the late Mr. Ardasir Hormarjee Wadia, he was great grand-father He was the father-in-law of Mr. Nanabhoy Byramjee Jeejeebhoy, a member of the Town Council. Mr Sorabjee leaves behind him a widow, a niece of Mr. Byramjee Jeejeebhoy, C S.I., three sons and five daughters, besides a number of grand-children and great grand-children. His last remains were carried to the Towers of Silence from his Tardeo bungalow yesterday afternoon. The funeral party was very largely attended, among those present being all the leading Parsee *Sethias.*

[*Bombay Gazette, 27th May 1882.*]

તા૦ ૧૨ મી જુન.

રોજ ૨૭ માહ ૯ (શે૦) ૧૨૫૧ યજદેજરદી.

જામાસપજી રૂસ્તમજી ગારડા—અતરે (નવસારી)ના એક જાણીતા ગરહસથ મી૦ જામાસપજી રૂસ્તમજી ગારડા ગઇ કાલે બપોરે કલાક એકને અમલે પેટનાં પાઠાંની લાંબા વખતની બીમારી ભોગવી, ૫૫ વરસની ઉમરે બેહસતનશીન થયાછે, અને તેથી તેમની પીછાંણના ઘણાક લોકોમાં દલગીરી ફેલાઇછે. મરનાર ગરહસથ અતરે એક માતબર અને વગવાલા આશામી તરીકે ગણાતા હતા, તથા ખેતી, કંટરાકટ અને ઇજારાનાં કામ અતરે તેમજ આસપાસ ચલાવતા હતા, જેથી તેમનું મરણ આ તરફના ઘણા લોકમાં કેટલીક અસર ફેલાવનાર થઇ પડયુંછે. પોતાની માતબરી જોડ પોતાના નરમ સવભાવ અને ભલમણશાઇથી પણ તેવણ સારી રીતે જાણીતા થયા હતા; અને મુંબઇના તેમજ ગુજરાતના ઘણાક મોટા માણસો જોડ તમને વેહેવાર પડયો હતો. તેમના વીચાર કેટલેક દરજજે સુધરેલા હતા, તેમજ અતરે કેલવણીની શરૂઆતના વખતમાં તે ઉપયોગી કામને ઉતેજન આપનારાઓમાં તેવણ પણ એક હતા. છેલા દેહડ દાહેકામા તેવાંણ પોતાના ભાઇ જોડ પોતાના ધધારોજગારમા બોહલો વધારો કરી મેલયો હતો, અને અતરેની પડોસના જીલામાંની થોડીજ જગા એવી રહી હશે, જયાં ગારડા કમપનીએ કામધંધાની રૂએ દેખાવ દીધો ન હોય. જમીનદાર તરીકે ખેતીનું કામ તેઓએ બોહલા પાયા ઉપર ચલાવયું હતું; કેટલીક વસતુનો વેપાર ખેડયો હતો; અનેક જાતના ઇજારા માથે લઇ ચલાવયા હતા; અને છેલે રસતા બાંધવાનાં કંટરાકટર સરખાં કામમાં પણ હાથ નાખયો હતો.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૫ મી જુન ૧૮૮૨.]

તા૦ ૨૧ મી જુન.

રોજ ૬ માહ ૧૦ (શે૦) ૧૨૫૧ યજદેજરદી.

દાદાભાઈ એદલજી આલબલેસ—અતરેના સરવે પારસીઓમાં જાણીતા મરહુમ શેઠ એદલજી ફરામજી આલબલેસના ચોથા દીકરા શેઠ દાદાભાઇ એદલજી આલબલેસનાં ગયા બુધવારે રાતનાં ૫૫) વરશની વયમાં મરણ પામવાના સમાચારની નોધ લેવાને મોટી દલગીરી ઉપજેછે. મરહુમ શેઠ એદલજી આલબલેસનું નામ આએ સદીની પણ બેચાર વરસ આગમજથી અતરેના સરવે લોકોમાં જાણીતું છે. આપણા દેશીઓના

બેરખાહ મીતર મરનાર સર ચારલસ ફારબસ બારોનેટ જેટલાં વરસ મુંબઈમાં રહેલો હતો તેટલાં વરસ એવણ તેની નોકરીમાં હોવાથી અતરેના સઘલા વરગના દેશીઓમાં પરોટાઈ ગયા હતા. સર ચારલસના મુંબઈથી ગયા પછી ઇ. સ. ૧૮૧૪ ના સપટેમબર માસમાં એવણે તે વખતની "બોમબે ગરીન" ની સામેની પોતાની પુરાતમ દુકાન કે જયાં આજસુધી એમના વારેસોની બેઠક છે તે ઉઘાડી હતી. એ દુકાંન આગલા વખતના લોકોની નજરમાં હજુર તાજી છે. ઇ. સ. ૧૮૩૨ નાં કુતરાંના હાબેલની વખતે "કુવીનસ રાયલ" ની પલટણે આવી એ દુકાંન આગલ ધાંમો નાખયો હતો, અને તીઆં સઘલા માજીસટરેટો, જસટીસ આફ ધી પીસો, લશકરનો કમાંનડનટ, ટાઉન મેજર વગેરે ઘણાક લશકરી તથા દરીયાવરગી અમલદારો એકઠા મલયા હતા, જેઓની શેઠ એદલજી તથા તેમના ભાઈ શેઠ બેજનજીએ ઘણી મદારત કીધી હતી. ઉપલી દુકાંનમાં એઓ બંને ભાઈઓએ સારી પુંજી મેલવયાથી ઇ. સ. ૧૮૪૫ નાં શાલમા "એદલજી ફરામજીના છોકરાઓની કું૦" ને નામે ચીન ખાતે વેપારી પેહડી ઉંઘાડી હતી, અને તીઆં પરથમ મરહુમ શેઠ દાદાભાઈ તથા તેમનાથી વડા ભાઈ શેઠ બેહમનજીને મોકલયા હતા. આસતે આસતે એ પેહડીનો વહીવટ વધવાથી તેને હીસાબે "અરલ આફ કલેર" નામનું ૬૧૦ ટણનું એક વાંહાંણ મરહુમ સર જમશેદજી પેહલા બારોનેટની રાસમાં તથા "જમશેદજી જીજીભાઈ" નામનું ૮૫૦ ટણનું એક વાહણ પોતાને એખલાને હીસાબે રાખયું હતું. મરહુમ શેઠ દાદાભાઈ ઇ. સ. ૧૮૪૫ થી તે ૧૮૬૪ સુધીનાં ૧૯) વરસના અરસામાં મુંબઈની બેચાર ખેપ કરયા સીવાય બધો વખત ચીનમાંજ રહેલા હતા, અને છેલાં બે વરસ તીઆંની જરથોશતી અંજુમનનાં ફંડના એક આગેવાન તરસટી હતા. તા૦ ૧૧ મી જુન ૧૮૬૫ ને દીને એવણના બાવા શેઠ એદલજી બેહસતનશીન થવાથી એઓ પાંચે ભાઈઓએ તેમનો વહીવટ ચાલુ રાખયો હતો, અને તે મરનારનાં પુનને માટે રૂ.૧૩૫૦૦૦) ખરચી આપણા લોકોને સરઅવસરે વાપડવાનો ગીરગાંમ મધેનો "આલબલેસ બાગ" બંધાવી તે તા૦ ૧૩ મી અકટોબર ૧૮૬૮ ને દીને ખોલો મુકયો હતો. એ મરનાર ઘણાજ ભલા, સાહેબત, તથા દીનદાર હતા.

[જામે જમશેદ, તા૦ ૨૪ મી જુન ૧૮૮૨.]

21st *June* 1882.

DADABHOY EDULJEE ALLBLESS.—Mr. Dadabhoy Eduljee Allbless died at his residence, No. 1, Cowasjee Patell-street, last night at half-past ten. The deceased gentleman was a member of the well-known Allbless family. Dr. Dadabhoy was a leader in the Parsee community, and his untimely death will be greatly felt. He had been suffering from fever and rheumatism. The funeral, we are informed, will take place at 8 o'clock this morning.

[*Bombay Gazette*, 22nd *June* 1882]

21st *June* 1882.

NUSSERWANJEE SORABJEE CHENOY.—A correspondent telegraphs from Secunderabad, under date the 22nd:—Secunderabad has sustained a loss by the death yesterday of Mr. Nusserwanjee Sorabjee Chenoy, a Parsee Merchant, and one of the leaders of the Parsee community. His funeral, which took place last evening, was attended by all the Parsee residents of Secunderabad and the adjoining stations. The deceased gentleman, aged 66, was one of the oldest and most esteemed residents of the station, and was very popular amongst all.

[*Bombay Gazette*, 23rd *June* 1882.]

તા૦ ૨૫ મી જુન.

રોજ ૧૦ માહ ૧૧ (ક૦) ૧૨૫૧ યજદેજરદી.

ડાકટર જીજીભાઈ બેજનજી હકીમના—અતરેના એક જાણીતા તબીબ ડાકટર જીજીભાઇ બેજનજી હકીમનાં ગયા શનીવારની રાતનાં ૪૭ વરસની વયમાં મરણ પામવાના સમાચારની નોંધ લેવાને હમોને મોટી દલગીરી ઉપજેછે. એ મરનાર અતરેની ગરાંટ મેડીકલ કાલેજનો એક આગલો ગરાડયુએટ હતો, અને તેને તા૦ ૧૫ મી આપરેલ ૧૮૫૯ ને દીને "ડીપલોમા" મલયો હતો. ૧૮૬૫ માં એ મરનારે અતરેની ગરાંટ કાલેજ મેડીકલ સોશાઇટીમાં અફીમનું જેહર લાગવા વીશે એક નીબંધ વાંચયો હતો. ૧૮૭૬ માં જમખંડીની પરીનસ આફ વેલસ હાસપીટલના વડા ડાકટર તરીકે એ મરનારની નેમણુક થઇ હતી, પણ તબીઅત ઠીક ન ચાલવાથી તયાંથી બે વરસમાં અતરે પાછા આવયા હતા. એ મરનાર ભલો, સદગુણી, અને દીનદાર હતો.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી જુન ૧૮૮૨.]

તા૦ ૩ જી જુલાઇ.

રોજ ૧૮ માહ ૧૦ (શે૦) ૧૨૫૧ યજદેજરદી.

શેરાબજી એદલજી વજીફદાર—

નવસારી, તા૦ ૩ જી જુલાઇ.

અતરે સારીપેઠ જાણીતા થયલા સર કાવસજીવાલી મદરેસાના પહેલા વડા માસતર મી૦ સોરાબજી એદલજી વજીફદાર આજ રોજે સહવારે કલાક છને અમલે, બેત્રણ દીવસની માંદગી ભોગવી કલેજાં અને તાવના રોગથી પોતાની ૬૦ વરસની ઉમરે ગુજરી ગયાછે, અને તેથી અતરેના લોકોમાં દલગીરી ફેલાઇછે. મી૦ સોરાબજી સને ૧૮૫૬ માં મજકુર મદરેસા નીકલી તયારે હેડમાસતર તરીકે નેમાઇને મુંબઇથી નવસારીમાં આવી વસયા હતા, અને અતરે પહેલવહેલાં કેલવણીનો પાયો નાખનાર એવણ હતા. પહેલે અતરેના પારસીઓમાં પોતાનાં બાલકોને અંગરેજી ભણાવવાં સામે ઘણી છીટ હતી, તે ઘણી મેહનતે તેવણે દુર કરી હતી, તેમજ અતરે કનયાશાલા પણ પ્રથમ એવણેજ સથાપી હતી. તે એવી રીતે કે પરથમ પોતાના ખાનગી વખતમાં સવારના બબે કલાક છોકરીઓને શીખવવા માંડયું હતું. પછી ધીમે ધીમે જેમ મદદ મલતી ગઇ તેમ તેમાં શીક્ષકો રાખયા, અને તે શાળા અંતે સારા પાયાપર આવી પડી. લાઇબરેરી પણ પરથમ એવણેજ સથાપી હતી. મેમબરોના લવાજમથી ચાલી શકે એટલી તે વખતે તેની આવક ન હતી; તેથી મુંબઇથી અતરે આવતા શેઠીઆઓની મદદ લેઇ તેવણ તે ચલાવતા હતા. મજકુર મદરેસામાં અંગરેજી સાથે જંદ પહેલવી શીખવવાનો ઠરાવ હતો, પણ બધા છોકરાઓને અંગરેજી શીખવાનોજ શોખ હોવાથી કોઇ જંદ વરગમાં દાખલ થવા માગતા નહી, તેથી કેટલાક સારા ઠરાવો કરી આપયાથી ઘણા અંગરેજી શીખનારાઓ જંદ-પહેલવી ભાશાની કેલવણીનો પણ લાભ લેવા લાગા. વલી મદરેસામાં શીખતા ગરીબ માબાપના છોકરાઓને સલેટ-ચોપડી મફત અપાવવાને શેઠીઆઓ તરફ પોતાનો વગ તેવણે ચલાવયો હતો. છોકરાઓ પાસે દર માસે જે ફી લેવાતી હતી તે બાબત મરહુમ સર કાવસજી જહાંગીરપર અરજી કરાવાને તેવણે મેહનત કરી હતી, કે જે અરજીપરથી તે સેઠે એકદમ દશ હજાર રૂપયા આપી તે ફી માફ કરી હતી. મદરેસામાં પ્રથમ કસરતશાળા સથાપી તયારે પણ લોક ડરતા હતા કે એથી છોકરાઓના હાથપગ ભાગી જશે અને તેઓ પોશાગીર બની જશે, પણ તેવા લોકને સમજુતીથી બોધ આપી એ વેહમ તેવણે દુર કરયો હતો, જેથી કસરતના ફાયદા અને લાભ હમણાં લોકો સારી રીતે સમજવા લાગાછે, અને એ કસરતશાળામાં શીખેલા બે છોકરાઓ ઉસતાદ થઇને રાજકોટ તથા અમદાવાદ ગયાછે, અને મી૦ સોરાબજીની મેહનતથી ઉઘડેલું એ છેલ્લું ખાતું આજે આખા ગુજરાતમાં દીપી નીકલયુંછે. પણ તેમની જદઇરીના દહાડા એટલા

આબાદ ગયા ન હતા. તેમને તેમની જદગીમા મજકુર મદરેસા તરફથી પેનશન મલતું હતુ, પણ તે ઘણું નજીવું હતુ. મદરેસા સાથનો સંબંધ છોડયા પછી તેવણે ખાનગી રીતે શીખવવાનું કામ ચલાવયું હતું તથા આ કસબાના લોકના ભલા કાજે સારી કોશેશ કરતા હતા. એનનાં મરણની દલગીરીને માટે આજે પાછના પોહરના તરણ કલાકથી અતરે-ની સર કાવસજીવાલી મદરેસા તેમજ શેઠ કાવસજી તાતાવાલી એ ગલો વરનાકયુલર સકુલ બધ રાખવામા આવી હતી.

[મુંબઇ સમાચાર, તા૦ ૫ મી જુલાઈ ૧૮૮૨.]

તા૦ ૧૧ મી જુલાઇ.

રોજ ૨૬ માહ ૧૧ (કo) ૧૨૫૧ યજદેજરદી.

કુવરબાઈ તે મરહુમ ધનજીભાઈ નશરવાંનજી કામાજીનાં બેટી—જણાવવાને દલગીરી ઉપજેછે કે મરહુમ શેઠ ધનજીભાઇ નશરવાંનજી કામાજીના દીકરી બાઇ કુવરબાઇ ૩૭ વરસની જુવાન વયે ગયા મ ગલવારે રાતે કલાક પોણાબારને અમલે બેહશતનશીન થયાછે; અને તેમની લાયકી તથા કેલવણીને લીધે તેમનાં મરણથી તેમના બોહલા કુટંબમાં દલગીરી ફેલાઇછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૩ મી જુલાઇ ૧૮૮૨.]

તા૦ ૧૭ મી જુલાઇ.

રોજ ૨ માહ ૧૨ (કo) ૧૨૫૧ યજદેજરદી.

ફરામજી એદલજી કોલાપુરવાલા—પુણા ખાતે મરણ—મી૦ ફરામજી એદલજી કોલાપોરવાલા વેપારીનાં મરણના દલગીરી ઉપજાવનારા સમાચાર અતરે આવયાછે.

[જામે જમશેદ, તા૦ ૧૮ મી જુલાઈ ૧૮૮૨.]

10*th August*, 1882.

Merwanjee Ardeshir Kekobadna—It is with sincere reget that we have to announce the death, from cholera, at Mhow, of Mr. Merwanjee Ardaseer Kakobad, the brother of Messrs Framjee and Cowasjee, the mail contractors. He has been a resident of the Mhow cantonment for the past twenty years and was held in very high esteem by his co-religionists He leaves a large family and a number of relatives and friends to mourn his loss. His death occurred on Thursday night last, within three hours of his being attacked.—*Deccan Herald.*

[*Bombay Gazette, 14th August 1882.*]

તા૦ ૧૮ મી સપટેમબર.

ગાથા ૫ (શે૦) ૧૨૫૧ યજદેજરદી.

જમશેદજી દોરાબજી નાએગાંમવાલા—શેઠ જમશેદજી દોરાબજી નાયગામવાલાના દુખદાયક મરતીઉકે આ અઠવાડયામાં પારસીઓની પેહલી અને જુની જાહોજલાલીની એક યાદગાર ઇધાણી ગોયા છીણવી લીધીછે. આગલા જમાનામાં પોતાની શકતીથી વધેલા ફતેહમંદ પારસીઓમાં મરનાર શેઠ જમશેદજી-નો એક અજાયબજેવો દાખલો હતો. વાડી-યાને તયાંના ફકત એક ગામડીયા ચાકરની પોતાની પેહલી હાલત, જે વખતના થોડાજ શાક્ષીઓ આજે જીવતા હશે, તે હાલત ઉપરથી એ મરનાર જયારે જાહેર માન અને ઇજતની હાલતે આવયા તે વખતખી આજે જુનો લાગેછે અને તેની પણ થોડાઓનેજ યાદ છે. અને તોપણ એ શેઠ કેવા માન અને મરતબાએ પોહચયા હતા તેની એક ટુક યાદદાસત માત્ર અતરે ટપકાવી દેવાની અમોને આ નાની કટારોમાં માન માન જગયા મલેછે. આજ ચાલીસ વરસના શુમાર ઉપર, ૧૮૪૫ માં, મેહમ અને વાદરા વચેનો મરહુમ પેહલા બેરોનેટે બધાવેલો પુલ ઉઘાડવાની ક્રીયા ગવરનર સર જારજ આરડરે ધામધુમ સાથ કીધી હતી તે વખતે પુલ ઉપરથી પસાર થયલાં ગાડીઓના સરઘસમાં બીજીજ ગાડી એ પુલના બાંધનાર મીસતરી મરનાર જમશેદજી નાયગામવાલાની હતી. આજ આસરે ૩૦ વરશ ઉપર મુંબઇથી થાણા સુધીનો રેલવે લશકરી માન સાથ ઉઘડયો હતો, જે દહાડે આખી મુંબઇએ

તેહવાર પાલયો હતો અને ડુંગરી કીલા ઉપરની ટોપોની સલામતી વચ્ચે પેહલવેહલી ત્રેન બોરીબંદરથી ઉપડી હતી, તે દાહડાની મોટી જીયાફતમા તેમજ તેની આગલ અને પાછળ જે પારસીની વાખવાખી થઇ હતી તે આ મરહુમ એ લાઇનના બાંધનારની હતી. તે વખતનો નામાંકીત ઇજનેર મી૦ બરકલી મરનારના વખાણ કરવામાં મુખીય હતો અને ટાઉન હાલની એક મોટી દબદબા ભરેલી ઇંગ્રેજોની સભામા બોરઘાટ વીશે ભાશણ કરતા તે વખતના ગવરનર અને બીજા મોટાઓના દેખતાં મી૦ બરકલીએ આ પેહલવેહલા પારસી કંત્રાકટરની જે અસરકારક સ્તુતી ગાઇ હતી તે અમે આજવેર ભુલી ગયા નથી. મી૦ જમશેદજીની જીંદગીનો એક ટુંક હેવાલ અમે આવતા અંકમાં આપીશું.

શેઠ જમશેદજી દોરાબજી નાયગામવાલા જેવણના મરતીઉકની નોંધ અમને ગયા અંકમા લેવી પડીછે, તેવણના જનમારાના એક ટુક હેવાલ જે અમે અમારી કબુલાત મુજબ હેઠલ પ્રગટ કરીયે છીયે તે, જાણવું કે, આ મરનાર ગ્રહસ્થની કાંઇ માત્ર સ્તુતીના હેતુથી નહી પણ હાલ જમાનાના પારસીઓને ફકત કાંઇ દાખલો આપવાના હેતુથી તેમ કરીયે છીયે. અમે ગઇ વેળા કહયુ હતું તેમ મરનાર શેઠ જમશેદજી પારસીઓના ગયા જમાનાના માણસ હતા, કે જે જમાનામાં આજના વખતની કેળવણી, સુધરાઇ અને બીજા આજના વખતના સાધનો નહી હતા. એવા જમાનામાં કશી કેળવણી કે કશી વીદયા વગર ફકત પોતાના જાતી વીલક્ષણના બળથી દોલત અને દરજજાએ વધેલા કેટલાક નામીચા દાખલાઓ પારસીઓમાં બનયાછે. તેવા દાખલા હાલ જમાનામાં સઘલી ચઢતી કળા વચ્ચે બનવા કઠણ પડેછે, અને તેટલાજ માટે તેમાંના એક દાખલા તરીકે આ હેવાલ પ્રગટ કરવાની જરૂર જોઇયે છીયે. નીચલો હેવાલ દેખાડશે કે મરહુમ શેઠ જમશેદજી એક માતબર પારસીને તયાં માત્ર ખાનગી ચાકરની પદવી ઉપરથી વધતાં વધતાં જે માન પામયા તે ફકત પોતાના જાતી ઉદયોગ, સાહસ અને ઉમંગથી ખડતલ મેહનત અને જાતી ચોંપ તથા તકેદારી તલે મોટાં અને અગતનાં કામો ઉઠાવીને પામયા હતા. અમે પુછીયે છીયે કે આજના જમાનાની સઘળી કેળવણી છતાં, ગયા જમાનામાં જે ઘણીએ વગર કેળવણીએ હાંસલ કીધું તે આજે હાંસલ કરવાને પારસીઓમાં કેટલો આત્મ સહાય અથવા કેટલો પરીશ્રમ બતાવવાના ગુણો રહયાછે વારું?

શેઠ જમશેદજી દોરાબજી નાએગામવાલાનો જનમ ઇસવી સને ૧૮૦૪ માં સુરતની પાસે આવેલા સુમાલી ગામ મધે ગરાબ માબાપને પેટે થયો હતો. તયાંથી બાર વરસની ઉમરમા એટલે સને ૧૮૧૬ માં એવણ મુંબઇ આવી અતરેની ગોદીના વડા માસતર બીલડર શેઠ જમશેદજી બહમનજી વાડીઆની નોકરીમા પ્રથમ રહયા હતા, અને તે બાદ ચાર વરસ સુધી ગોદીમાં સુથારનાં કામપર રહયા હતા. એ રીતે તયારે મરનાર બોલિબોલ આપણા સાધારણ અભણ પણ ઉદયોગી સુથારો માહેલા એક હતા અને જોકે પાછળથી તેવણ એક માતબર શેઠીયાને મરતબે પોંહચયા તોપણ સેવટ સુધી તેવણે જે ધંધો જારી રાખયો તે સુથારનુંજ કામ વધારે મોટા પાયા ઉપર ચાલુ રાખવા સરખું હતું. સુથાર ઉપરથી તેવણ મીસતરી માત્ર થયા હતા અને ગોદીમાંની હોડીઓ બાંધતાં બાંધતાં તેવણ ઘેર બાંધનારા અને છેલે રેલવે બાંધનારા દાખલ જાણીતા થઇ ગયા. અંહી આપણને પુરાવો મળેછે કે આખી જીંદગીમાં એકજ ઉદમ પકડી રાખવાથી માણસને સેવટે કેટલો અનુભવ અને અનુભવથી કેટલો જસ મળેછે. આપણા ઘણાક જુવાનોમાં ધંધા સંબંધી ઢંગ કે ધારો જણાતો નથી. તેઓ જેમ વાગા બદલેછે તેમ ધંધા બદલેછે, પણ એક

ધંધો પછી તે ગમે એટલો ઉતરતો હોય કે ચહડતો હોય અને તેમાં પોતે ગમે એટલા લાયક હોય કે નહી હોય તે છતાં ઉમંગથી તેની પુઠ પકડી રાખ્યાથી સેવટે તેમાં જેટલી ફતેહ મળેછે તેટલી ફતેહ એક મુકીને બીજો અને બીજો મુકીને ત્રીજો ધંધો પકડયામાં મળતી નથી. મરહુમ જમશેદજી શરૂઆતથી સેવટ સુધી સુથારના ધંધામાં ટુકભંડોળીયા ઉપરથી કેવા મોટા બાંધકામ કરતા થયા તેજ માત્ર જોવાનું છે. સને ૧૮૨૨ માં અંતરેના સરકારી ઇજનેર કરનલ કાઉપર, કે જેનાં ઉપરીપણા હેઠલ મુંબઇનો ટાઉન હાલ બંધાયો હતો, તેણે શેઠ જમશેદજીને પોતાની નોકરી-માં કોપરના કામ ઉપર રાખી એડન ખાતે મોકલયા હતા. તયાંથી એકુ વરસમા પાછા આવી કોટેકોટ હાલની સર જમશેદજીવાલી મોટી સ્કુલવાલા મકાનની જગાપર જે યુરો-પીઅન જનરલ હાસપીટલ હતી તે બાંધવાનાં કામપર એવણ સવાચાર વરસ સુધી રહયા. એ પછી ૧૮૨૯ ના સપટેમબર માસમાં એવણ મરહુમ શેઠ ધનજીભાઇ રૂસતમજી વાડીઆના હાથ હેઠલ સચીન મધે વાહણો બાંધવાના કામપર ગયા હતા, જયાંથી બે વરસમાં પાછા આવી અંતરે નાવલાં નાધના કંત્રાકટો લેવા માંડયાં હતા, અને નાએગામ મધે અંતરેની કસટમવાલા મી૦ જાન મેકલી-આડ તથા જાણીતા પોરટુગીજ ગ્રહસ્થ મી૦ રામોસ સાથે મલી ઘણાક ખેતરો તથા જમીનો લઇ મોટા પાયાપર ખેતીવાડીનું કામ ચાલુ કીધું હતું. તયારબાદ ૧૮૩૯ માં મોટથી સીવરી જવાના રસતા ઉપર શેઠ દાદાભાઇ પેશતનજી વાડીઆની જે મોટી મીલકત આવેલી હતી, તેમાંની કેટલાએક એકર જમીન જે નકામી તથા કાદવકીચલથી ભરેલી હતી અને જયારે ભરતી થાતી તયારે તે પાણીથી ભરાઇ જતી અને કોહેલી માછલી તથા બીજી ગંધમારતી ચીજોથી તે અસુખા-કારીભરી જગા ગણાતી, તયાં શેઠ દાદાભાઇ-ને ખરચે એવણે પોતાનાં ઉપરીપણાં હેઠલ બાર બાંધી લઇ મોટાં મીઠાંનાં અગર બનાવયાં હતાં. એજ મુજબ મરહુમ શેઠ ખરશેદજી કાવસજી બનાજીવાલી ગોરગામની જાગીરમાં પણ એવણે મીઠાંનાં અગરો બાંધયા હતાં. અને અંતે છેલાજ શેઠીયાની સીફારસ ઉપરથી એવણને ૧૮૪૩ માં લેડી જમશેદજીવાલો માહીમ અને વાંદરા વચેની ખાડીપરનો લાંબો પુલ બાંધવાનું કંત્રાકટ મળયું હતું. આ શેઠ જમશેદજીનું પેહલ વેહલુ મોટું જાહેર બાંધકામ હતુ.

એ પુલ હડી વરસમાં એવણનાં ઉપરી-પણા હેઠલ બંધાઇ તઇયાર થયો, અને પ્રજાના વપરાસને માટે તે તા૦ ૮ મી આપરેલ ૧૮૪૫ ને દીને મુંબઇના ગવરનર સર જારજ આરથરે બારે દબદબા ભરી ક્રીઆ કરી ખોલો મુકયો હતો. આ વખતે એ પુલ ઉપરથી એક સરઘસના આકારમા સવારી પસાર થઇ હતી, જેમા પેહલી ગાડી એ પુલના સરકારી ઉપરી ઇજનેર કપટાન કરૂકશાકની અને બીજી ગાડી એ પુલ બાંધ-નાર કંત્રાકટર શેઠ જમશેદજી નાએગામવાલા-ની હતી. તેની પાછલ "લાનસર" પલટનની એક નાનલી ટુકડી, ગવરનરનુ બેંડ, સર જારજ આરથર અને તેનો રસાલો, સર જમશેદજી જીજીભાઇ નાઇટ, તેમના દીકરા શેઠ ખરશેદજી જમશેદજી જીજીભાઇ, વગેરેની ગાડીઓ હતી. એ બાદ મુંબઇ મધે રેલવે બાંધવાનું કામ સને ૧૮૫૦ માં શરૂ થયું અને તે વખતથી પેહલવેહલા પારસી રેલવે કંત્રાકટર દાખલ મરનાર શેઠ જમશેદજીએ માન મેળવયુ. એ માન તે વખત પ્રમાણે ઘણું મોટુ હતું, અને નાયગામના એક પીઠાંમાં જે ગામડીયા દેખાવનો પારસી પોતાના સદરાની બાંહે ચહડાવીને એકવાર એક ભાગેલા બાંક ઉપર ખોલા પગે બેસીને પંખાનો વા ખાતો હતો તેનોજ એક વખત એવો સો આવયો કે જે શેઠીયાઓની તેણે ચાકરી કીધેલી તે શેઠીયાઓની સંઘમાં બેસ-નાર અને કોઇવાર તે શેઠીયાઓને મદદ

કરનાર તે થયો. પેહલાં જી. આઇ. પી. રેલવે-ની કેટલીક પરચુટણ સડકો બાંધવાનાં કંત્રા-કટ આએ સાહસીક પારસી ગ્રહસ્થે બીજાઓ-ની સાથે મલી લીધા હતાં. ૧૮૫૫ ના મે મહીનામાં થાણા સુધીનો જે રેલવે ટાપોની સલામતી અને મોટી ધામધુમ સાથ ઉઘડયો તે રેલવે બાંધવામા એવણનો હાથ હતો. અને તયારપછી પેહલવેહલુ મોટું કંત્રાકટ એવણને ૧૮૫૪ ની શરૂઆતમાં કલીયાણીથી પરસીક સુધીની સડકનું મલયું હતું. એ સડક ૧૪ માઇલની હતી, અને એમાં કેટ-લાક પુલો વગેરેનું બાંધકામ એવણે કીધું કે જે હીંદુસથાંનમાં કોઇવાર દેશીઓને હાથે નહી થયલું હતું. એમાં ઉલાશાની ખાડી ઉપરનો ૪૫ ફીટ ઉંચો, ૨૦૦ ફીટ લાંબો અને ૧૫ બુલંદ આરકાંઓવાલો તેમજ બાશતાની ખાડીપરનો ૫૨) ફીટ ઉંચાં આરકાંઓવાલો, તથા કાલુ તરફના પુલોનાં બાંધકામ તે વખતે ઘણાં અજાયબી જેવાં અને નવાઇનાં લાગતાં હતાં. એ બાંધકામોને માટે મજુરોની એક મોટી ફોજ રોકવા ઉપરાંત નાણાનો મોટો ભંડાર ઉઘાડો પડવો પડયો હતો તથા અસબાબ અને હથીયારોના તો ગોયા કાર-ખાનાજ ચાલયાં હતાં. મજુરો સાથે કામ પાડવા, તથા સઘલું ચાલુ રાખવા ભારી મેહનત અને યોજના કરવાની કુનેહનો ખપ હતો અને મોટાં જંગલોમાં શખત તાપ વચે કુદરતી આબોહવા, તાપ, કોલારા, વરશાદ, રેલ અને એવીજ બીજી મુશકેલીઓ કાંઇ થોડી નડી નહી હતી. શેઠ જમશેદજીના બે મેહનતુ ભાગીયાઓ તો આ બાંધકામ ઉપરજ મરણ પામયા હતા અને ઘણીવાર રેલ તથા બીજી ખરાબીઓથી તેવણે મોટી નુકસાની-ઓ ખમી હતી. પણ તે છતાં જયારે આ કામ તઇયાર થયું તયારે તેવણને માન થોડું મળયું નહી હતું. એ બાંધકામો નજરે જોવા તથા તેમની તપાસ કરવાને એવણે ૧૮૫૫ માં મુંબઇના જાણીતા ૩૦૦ ઇંગ્રેજ તથા દેશી ગ્રહસ્થોને રેલવેની એક ખાસ ટરેનમાં તે તરફ બોલાવી પોતાને ખરચે એક જીયાફત આપી હતી. એ જીયાફતમાં દેશી શેઠીયાઓ ઉપરાંત ચીફ જસટીસ સર વીલીયમ યારડલી, કાઉનસીલના મેમબરો હાનરેબલો મી૦ માલેટ અને લમસડેન, રેલવે કંપનીનો પ્રમુખ કર-નલ સ્વાનસન અને બીજા મોટા ઇંગ્રેજો હતા. સઘલા મેહમાનો શેઠ જમશેદજીના બંધા-વેલા મોટા કાલુ નદી ઉપરના પુલની સામે આરાસતે કરેલા ડેરામાં ઉતરયા હતા અને તયાં ચીફ જસટીસ સર વીલીયમ યારડલીની ફરમાસથી રેલવેના વડા ઇજનેર નામાંકીત મી૦ બરકલી, જેનું નામ મુંબઇમાં સદાનું યાદગાર રહી ગયું છે તેણે શેઠ જમશેદજીની સલામતી લેવડાવતાં તેવણની ઘણી સ્તુતી કીધી હતી. મી૦ બરકલીએ દેખાડયું કે જમશેદજીએ આ કામ પોતાની શકતીની ઉપરાંત માથે ઉઠાવયું હતું અને સઘલાઓ તેવણનુ એ કામ ભાગી પડવાની વકીમા હતા. તયારે ખરેખર તો તેવણે ઠરાવેલા વખતની અંદર તે કામ બજાવયુ અને તબી "કોઇપણ દેશના કોઇબી કંત્રાકટરને શોભા "લાગે તથા કોઇબી ગમે એવો એનજીનીયર "પસંદ કીધા વીના રેહ નહી એવી રીતે "પાર ઉતારયું છે." મરહુમ કનત્રાકટરને ખુદ પોતાને વાશેના મી૦ બરકલીના તે વખતના વીચાર ઉતારી લેવાજોગ છે. તેવણે બોરઘાટ સુધીનો રેલવે બાંધવા માંડયો હતો તેના હેવાલ આપયા બાદ મી૦ બરકલી બોલયો હતો કે—

"હું જોઉંછું કે જમશેદજી દોરાબજીએ ગરીબી હાલતમાંથી વધીને સરવેથી પેહેલા દેશી રેલવે કનત્રાકટર દાખલ ગણાવાનો માન-ભરેલો જાહેર દાવો સ્થાપયોછે તેવને માણસો અને બીજી જોગવાઇઓનો એવો જથો એકઠો કીધોછે કે જે આજ નહી પણ બીજાં કોઇબી મહાભારત જાહેર બાંધકામને ચાલી શકે. મજુરી અને અસબાબ કે જે ઊપર આપણે આટલો-બધો આધાર બાંધીયે છીયે તેના છેક દુરના સાધનોની મારફતે જમશેદજીએ ઘણું વાખ-વાખીભરેલું અને લાયક નામ કાહાડયું છે.

આ એક માણસને જાહેર રીતે ઘટતો ઇનસાફ આપવાને મને મોટો શંતોશ ઉપજેછે કેમકે તેણે પોતાના કામથી આ દેશના દેશીઓને ઇનસાફ આપયોછે, પોતાના શેઠોને ઇનસાફ આપયોછે અને ખુદ રેલવેના મહાભારત કામને ઇનસાફ આપયોછે."

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૪ મી સપટેમબર અને તા૦ ૧ લી અકટોબર ૧૮૮૨.]

18*th September* 1882.

JAMSETJEE DORABJEE NAIGAUMWALLA.—We have to announce the death of Mr. Jamsetjee Dorabjee Naigamvala, which took place early on Tuesday morning at his residence, Malabar Hill. A correspondent who knew the deceased writes — By force of character and great energy he distinguished himself at a comparatively early age as a contractor, and on the introduction of railways into India betook himself to the new enterprise, and under Mr. Berkeley completed some of the most important works on the G. I. P. line. Among the local works constructed by him, may be mentioned several of the basins on the eastern foreshore of this island, a large portion of the Elphinstone Circle, and the old Coorla, Hindustan and Takersey Mills The gross amount of the works executed by him may be put down at about a crore of rupees.

[*Times of India*, 20*th Sept* 1882.]

તા૦ ૪ થી અકટોબર.

રોજ ૧૬ માહ ૨ (ક૦) ૧૨૫૨ યજદેજરદી.

નશરવાંનજી ફરાંમજી ઢોંડી—ગયાં અઠવાડયાંમાં અતરેના બે જાણીતા જઇફ પારસી ગરહસથો આ ફાંની દુનયાં છોડી મીનોઇ જેહાંનમાં ચાલતી પકડી ગયાછે. તેમાં પેહલા શેઠ નશરવાંનજી ફરાંમજી ઢોંડી ગયા બુધવારની રાતનાં ૭૫ વરશની ઉમરે હક થયાછે. એવણ ઇ. સ. ૧૮૨૮ માં પોતાના બાવા મરહુમ શેઠ ફરાંમજી જીવાજી ઢોંડીનાં મરણ બાદ પોતાના ભાઇ શેઠ ફરદુનજીની સાથે મલી લાંબી મુદત સુધી "નશરવાંનજી અને ફરદુનજી ફરામજી" તથા તે પછી પોતાને એખ્લાને નામે વેપાર કરતા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૦ મી અકટોબર ૧૮૮૨.]

તા૦ ૭ મી અકટોબર.

રોજ ૧૯ માહ ૧ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

જીવાજી જશુભાઈ ભરૂચા—બીજા ગરહસથ શેઠ જીવાજી જશુભાઇ ભરૂચા ગયા શનીવારની રાતનાં ૮૦ વરશની ઉમરે હક થયાછે. એ મરનાર નાહની વયમાં ભરૂચથી અતરે આવયા હતા, અને સરવે જરથોશતીઓમાં પરોટાઇ ગયા હતા. ભરૂચના પારસીઓ સબંધી મુંબઇમા હરકોઇબી કામની આગેવાની એવણ લેતા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૦ મી અકટોબર ૧૮૮૨.]

તા૦ ૭ મી નવેમબર.

રોજ ૨૦ માહ ૨ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

ખાંનબાહદુર ફરાંમજી નશરવાંનજી શેઠના—

ખાનબાહદુર ફરામજી નસરવાનજીનું મરણ—જણાવવાને દલગીરી ઉપજેછે કે અહમદનગરના આ આગલા ડેપયુટી કલેકટર અને તયાંના આનરરી મેજીસ્ટ્રેટ તથા દખણના પેહેલા વરગના સરદાર એ શેઠેઠ ખાતે ગયે મગળવારે મરણ પામયાછે. કેહેછે કે થોડાક દીવસ ઉપર તેઓ ગાડીમાં બેસી જતા હતા એટલામાં ઘોડાની હરોલમાં એક બાલક આવી જવાથી તેને બચાવવા જતાં તેવણને પોતાના એક ૨૬ થયલા પગ ઉપર એટલુંબધું જોર એંચવું પડયું કે જેથી તાવ લાગુ થયો અને તેવણનું મરણ નીપજયું હતું.

ખાનબાહદુર ફરામજી સરકારના એક સુનંદા અને વફાદાર નોકર હતા. તેવણે

બળવા વખતે સરકારની બજાવેલી સેવા ઉપરથી તેમની વફાદારીનું માપ લેવાયુંછે એટલુંજ નહી પણ તયારે તેમજ તયારબાદ ડેપ્યુટી કલેકટર તરીકેના તથા બીજા ઓધાઓ ઉપર તેવણે પોતાના જાનને જોખમમાં નાંખીને સરકારની સેવાઓ બજાવેલીછે જેનો છેલો દાખલો એજ છે કે અહમદનગરના મેલની લુટ વખતે તેવણે પોતાના શરીર ઉપર લુટારાઓના પંદર જખમો ખમયા હતા અને તે સઘલા તેમની પીઠે નહી પણ તેમનાં માથાં અને છાતી વીગેરે આગલા ભાગો ઉપર લાગયા હતા. આ ગ્રહસથનો કેટલીક હેવાલ અમો આવતી વખતે આપીશુ.

ખાંનબાહદુર ફરામજી નશરવાંનજીનાં મરણની ટુંક નોધ અમારાં પત્રમાં લેતાં અમે કહયું હતુ કે તેઓ સરકારના એક વીશવાસુ અને ચુનંદા નોકર હતા. અમારા આ બોલવાના ટેકામાં શેઠ ફરામજીએ બજાવેલી સરકારની કીમતી સેવાઓના થોડાક દાખલાઓ જેમ અમોને જણાવવામાં આવયાછે તેમ અમોને ખબર આપનારને જોખમે ટાકી લેવાની, જોકે તેવણના મરણ પાછળ ત્રણ અઠવાડયા નીકલી જવાથી ઘણું અસુરું થયુંછે તોપણ અમે જરૂર જોઇયે છીયે. પુણાના ફોજદારના નાના ઓધાથી તે અહમદનગરના ડેપ્યુટી કલેકટર સુધીના પોતાના સઘલા ઓધાઓમા શેઠ ફરામજીએ ઘણી હીમત, સમયસુચકતા અને હુશીયારી વાપરેલી તેવણનાં વખતેવખતનાં જોખમભરયાં કામો ઉપરથી જણાઇ આવેછે, કે જે દરેક કામમાં તેવણે શેવટે ફતેહ મેળવીને સરકારનો વાજબી વીશવાસ મેળવયો હતો. તોપણ મી૦ ફરામજીની આ સેવાઓ માટે તેમને સરકાર તરફથી પુરતો બદલો મળેલો તેવણ સમજતા ન હતા. તેવણની જોખમભરેલી નોકરી છેક બળવાના વખતથી શરૂ થાયછે. એ વખતે પુણાના તેઓ ફોજદાર હતા. બ્રાહમણોનાં દીલ એ સમયે બહુ ઉશકેરાયલાં હતાં. તેમને શાંત રાખવાનું કામ મી૦ ફરામજીને સોંપેલું હતું, અને એ પારસી સરકારનો માનીતો છે એમ સમજીને બ્રાહમણો તેને મારી નાંખીને યા કોઇબી રસતે ઉખેડી નાંખવાની તક શોધતા હતા. આવાં સાંટક વચે સરકારે હુકમ કાહાડયો કે શેહેરની સઘલી રઇઅતો સોડેથી ફોજદારે હથયારો પડાવી લેવાં. મી૦ ફરામજીએ ખરેખર આ વખતે જીવપર ખેલીનેજ હજારો હથયારો ભેગાં કીધાં એટલુંજ નહી પણ પુણાથી ૨૦ માઇલ દુર જમીનમાં ડાટેલ, કેટલાક હથયારો પણ તેવણે પકડી આપયાં તે વખતે મી૦ ફરામજી ઉપર પુણાના બ્રાહમણોનોજ નહી પણ મહમદીઆનોનો પણ દાંત હતો. દીલહીનું જોઇને તેઓ હુલડ કરવાની તઇઆરીમાં હતા. દીલહીના શેહેનશાહની ઇંગ્રેજ સરકાર ઉપર ફતેહ ઇછવા માટે એક દીને આઠ આગેવાનોની ઉશકેરણી ઉપરથી જુમા મસજીદમાં એક મોટી ઠઠ મળી. આ આગેવાનોને પકડી આપવાનું કામ મી૦ ફરામજીને મળયુ. એ કામ સેહેલું ન હતું. જીવસટોસટનુ તે કામ હતું, તોપણ મી૦ ફરામજીએ સમયસુચકતા વાપરીને આ સઘલા ફીતુરી આગેવાનોને પકડયા. તેવણે તેમને ચોકસ સરકારી કામને બાહાને એક પછી એક બોલાવીને દરેકનું પાંખડું પોલીસના હાથમાં આપતા ગયા, અને તે એવી છુપી રીતે કે એક જણના પકડાવા વીશે બીજાને કશી ખબર પડે નહી, તેમજ તે વીશે ઉશકેરાયલા મહમદીઆનોન પણ સ સારો જણાય નહી. એજ વખતે વળી પુણાનાં ગામઠી લશકરે ફીતુર ઉઠાવવા વીશે શક પેદા થયો હતો અને તે શકની સચાઇ યા ખોટારૂં શોધી કાહાડવાનું કામ પણ મી૦ ફરામજીને સોંપાયું હતું, જેઓએ લશકરી લાઇનમાં ફળફળાદી વેચનારી સ્ત્રીઓને છુપી સમજુતી આપીને તેમની મારફતે આ લશકરની હીલચાલની બાતમી મેળવી અને ફીતુર અધુરે ગયું. એજ વખતે વળી પુણામાં એક બ્રહમચારી બાવો પુણાની ગામઠી ફોજને ઉશકેરવા માટે આવયો હતો, જેને પકડવાની સઘલી

તજવીજો જયારે ફ્રોકટ ગઇ તયારે શેઠ ફ્રરામજીએ તેને કેટલાક લડાઇનાં હથયારો સુધા પકડી આપયો હતો. આ રીતે ૧૮૫૭-૫૮ ના બળવા વખતે ખાનબાહદુર ફ્રરામજીએ બજાવેલી આ સઘલી કીમતી સેવાઓની વખતેવખત જુદા જુદા વડા અમલદારોએ સતુતી કીધેલીછે અને તેની સરકારી દફતરોમા નોધ રહેલીછે. હવે આ સેવાઓ પછી મી૦ ફ્રરામજી ઉપર સરકારનો એવો તો પુર વીશવાસ બેસી ગયો કે જયારે બળવા પછી તેવણે ડેપયુટી કલેકટરની જગા માટે માગણી કીધી તયારે પુણાના તે વખતના પોલીસ કમીશનરે તેવણને જવા દેવાની સાફ ના પાડી અને તેવણની મદદની પોલીસને અતીઘણી અગત દેખાડી. આથી ખાનબાહદુરને આગળ વધવાની તક ગઇ અને તેવણ કરતા ઉતરતા નોકરો તેવણની અગાડી ચહડી ગયા. મી૦ ફ્રરામજીની હવે એકજ કીમતી સેવાની નોધ લેવાની રહીછે, અને તે તેવણે પોતાને થયલા કેટલાક ગેરઇનસાફ છતાં સરકાર તરફ દેખાડેલી વફાદારીનો મોતબર દાખલો છે. એ વખતે કદાચ મી૦ ફ્રરામજીનો જીવ પણ જાત, કેમકે તેમને આ કામમાં ખુની લુટારાઓ સામે બાથ ભીડવી પડી હતી. તેઓ નાસકના ડેપયુટી કલેકટર હતા તે વખતે એક દીને મેલની એક ટાંગામાં બેસીને તેવણ બીજે ગામ જતા હતા એટલામા લુટારાઓનાં એક ટોલાંએ તેમની ઉપર હુમલો કરીને મેલની લુટ કરવા માંગી. તેઓ લાંબી લાકડી અને કુહાડી લઇને આવયા હતા. તેમની મોટી અને હથયારબંધ સંખયા છતાં આ બાહદુર પારસી આ લુટારાઓની સામો થયો અને તેમને મેલની લુટ કરતાં અટકાવવા માંગયા. આનું પરીણામ એ નીપજયું કે શેઠ ફ્રરામજીનાં શરીર ઉપર ૧૫ જખમો થયા અને તેવણ બેહોશ થઇને પડયા. તેવણનાં આ શાબાશી ભરેલાં કામમાં જશ અને બાહદુરી ભરેલુ એ હતું કે આ પદર જખમોમાંનો એકબી તેવણની પીઠ ઉપર પડયો ન હતો. તેઓ સઘલા તેવણનાં માથાં અને શરીરના આગલા ભાગો ઉપરજ હતા. આ જીવપર બેડેલી સેવા પછી મી૦ ફ્રરામજીએ ૮।। માસ માંદગી ભોગવી અને આ બનાવથી એમના પગમાં સદાની ખોર રહી ગઇ હતી અને લાકડીની ઘોડી વગર એમનાથી ચાલી શકાતું નહી હતું. ખરેખર મરનાર શેઠ ફ્રરામજીમાં સરકારે એક ઘણા વફાદાર નોકરને ખોહયોછે.

[રાસ્ત ગોફ્તર, તા૦ ૧૨ મી નવેમબર અને તા૦ ૩ જી ડીસેમબર ૧૮૮૨.]

7th November.

Khan Bahadoor Framjee Nusserwanjee Setna.—A correspondent informs us that Khan Bahadoor Framjee Setna, Honorary Magistrate and a first-class sirdar of the Deccan, died yesterday at Ahmednuggur from tetanus. The deceased was driving in a carriage, when a child ran in front of the horse. While trying to save the child Mr. Framjee appears to have strained his left leg (which was disabled), and from this tetanus ensued, and terminated fatally as above mentioned.

[*Bombay Gazette*, *8th Nov.* 1882.]

તા૦ ૧૦ મી નવેમબર.

રોજ ૨૩ માહ ૨ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

ધનજીશાહ માણેકજી લાલકાકા—

દુખભરેલું મરતીઉક—જણાવવાને દુખ ઉપજેછે કે સરકારી પોસટખાતાંના જાણીતા અમલદાર મી૦ ધનજીશાહ માણેકજી લાલકાકા શ્રી ધારવાર ખાતે મરણ પામવાના માઠા સમાચાર વીજલીના તારની મારફતે ગઇ કાલે અચબુચ અતરે આવયાછે. મી૦ ધનજીશાહે આસરે પંદર વરસ ઉપર ઇંગલંડની મુસાફરી કરી હતી જયાંથી પાછા

ફરયા બાદ એઓએ પોતાના બીજા ખાનદાનીઓની પેઠે પોસ્ટ આફીસની નોકરી લીધી હતી અને તેમાં એઓ પોતાનાં વડાઓને રાજી કરી વીસવાસના ઓધા ઉપર એટલા વધી ગયા હતા કે એડન અને બીજા દુરના મુનકોમા પોસ્ટ માસ્ટરનો ઓધો બજાવયા પછી છેલી અફઘાન લડાઇમાં કુવેટાથી થલ ચોટીઆલી સુધીનું સઘલુ ટપાલખાતુ તેવણના વડાપણા તલે મોકલવામા આવયુ હતું અને તેવણની ભારી મેહનતથી તે પરાયા દેશમાં અને લડાઇના ઘભરાટમા તેવણે ટપાલખાતાંને તારીફલાયક ફતેહથી ચલાવીને ઘણી શાબાશી મેળવી હતી. લડાઇના હીગામમાં કંદાહારની લાઇન ઉપર પોસ્ટખાતાંમાં ચોરીઓ થતી હતી અને તે મી૦ ધનજી-શાહના હસ્તકનાં ખાતાંમા થાયછે એવો શક ઉભો થયો હતો, પણ તેવણે પોતે આ ચોરી પકડી કાહાડવાનું માથે લઇ દેખાડી આપયું હતું કે તે કંદાહાર લાઇન ઉપર થતી હતી. એ વખતથી મી૦ ધનજીશાહ ઉપર તેમના વડાઓનો બહુ વીશવાસ વધયો હતો. મરનાર ઘણોજ મીલણસાર, લાયકીવાલો અને મીઠા સવભાવનો જવાન હતો, જેના ૩૮ વરશની જવાન વએમાં કવખતના મરણથી એમનાં કુટુંબીઓ ઉપર ગોયા ગજબ ગુજરયોછે. આપણા માન પામેલા માજીસટરેટ શેઠ ડોસાભાઇ ફરામજી સી. એસ. આઇ. ના મરનાર જમાઇ હતા. તેવણ ધારવાર અને કારવારના પોસટલ સરકલના સુપરીન-ટેંડેંટ હતા, જયાં તેમની તંદોરસતી બીગડેલી આલવાને લીધે તેઓએ ત્રણ માસની માંગેલી રજા માત્ર ત્રણજ દીવસ થયા તેમને મલી હતી, પણ છેલા થોડાક દીવસમાં તેમને તાવનો મરજ લાગુ થવાથી તેમનું ગઇ પરમ દીને સહવારે ૪ વાગે મરણ નીપજયું હતું.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૨ મી નવેમબર ૧૮૮૨.]

10th *November* 1882.

Dhunjisha Maneckjee Lalcaca.—We regret to announce the death of Mr Dhunjeesha Maneckjee Lalcaca, Superintendent of Post-offices in the Canara and Dharwar Collectorates, which took place at Dharwar on Friday last He was an educated young man and had twice visited England on mercantile business. On his return to India, he was appointed Postmaster of Aden, but failing health compelled him to return to Bombay, where he got an appointment in the Assessment Department of the Municipality. In 1872, on a revision of the Municipal establishments by the Hon'ble Mr. Hope, Mr. Lalcaca's services were dispensed with. He soon got employment a second time in the Postal Department in Bombay, the heads of which entertained a good opinion of his intelligence and industry He was selected to proceed to Afganistan during the late war and was entrusted with the management of the Post-office establishment at Quetta. As a reward for his services in the organization and creditable working of the department, he was promoted to the post of Superintendent of Post-offices in the Dharwar District. He was lately promoted again, and was to have been transferred to the Belgaum District. Before joining his new appointment, he had obtained three months' leave on medical certificate, and was preparing to come to Bombay, when the jungle fever he had caught in the Carwar Zillah terminated fatally last Friday. He was a son-in-law of Mr. Dosabhoy Framjee, C. S. I., Presidency Magistrate Mr. Lalcaca's genial manners and obliging disposition made him many friends wherever he went; and as a member of a respectable

Parsee family, his death will be deplored by a large circle of natives. He leaves behind him a widow and several children.

[*Bombay Gazette*, 13*th Nov.* 1882.]

તા૦ ૩૦ મી નવેમબર.

રોજ ૧૩ માહ ૩ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

હોરમજજી નવરોજજી સકલાતવાલા— જણાવવાને ભારે સંતાપ અને દુખ ઉપજેછે કે પારસીઓના જાણીતા સકલાતવાલા ખાનદાનના હૈયાત વડા અને એક આગેવાન ગ્રહસ્થ શેઠ હોરમજજી નવરોજજી સકલાતવાલા ૫૦ વરશની ભર જુવાન વયે થોડાજ દીવશની માંદગીમાં ગયા ભરેસ્પતવારને દીને અચબુચ મરણ પામયાછે. હજી તો માત્ર એકજ મહીના ઉપર એ ગ્રહસ્થે પારસીઓમા રવાન થાયછે તે વખતના ઓટલા અને ઉઠમણાની રસમમા કેટલોક અગતનો ફેરફાર કરાવવાનું મન ઉપર લીધું હતું, જેને વીશે તેઓ કેટલાક આગેવાન શેઠીયાઓની મુલાકાત લઇ તેમની સમજુતી અને સહીઓ સાથનો એક અનજુમન પત્ર કાહાડવાની તેવણ મેહનતમાં પડેલા હતા જેમાં તેવણની મુખીય નેમ એ હતી કે રવાનને અવલમંજલ લઇ જતી વેળા ઓટલાની મીજલસોમાં રફતે રફતે ઘણું મોડું થવા લાગયુંછે તથા ઠાલી વડાઇ અને ફીશીયારીને માટે ઓટલા ઉઠમણામા જનારા લોકોનો કંટાલો ઘણો વધી ગયોછે તેમનો અટકાવ કરવો. આ અગતની આગેવાની વચે એમના પોતાનાજ અકાલ મરણથી તે મેહનત અધુરી રહી ગઇછે. પણ મરનારની આવી જાહેર આગેવાની આ પેહલવેહલીજ નહી હતી. રવાનને લઇ જતી વખતે ઘેરના ધણીને આખી મીજલસમાં સલામ કરવા કાહાડવાનો જંગલી રવૈયો જે પારસીઓમાં થોડુંક ઉપર દાખલ થયો હતો તેની સામે મરનાર શેઠ હોરમજજીએ થોડાંક વરશ ઉપર એક હેંડબીલ કાહાડયું હતું અને એ રસમ જે હાલ નીકલી ગઇછે તેનું માન એજ ગ્રહસ્થની તે વખતની આગેવાનીને ઘટેછે. એ પ્રમાણે શેઠ હોરમજજી પોતાના મત પ્રમાણે ટોનાની દાજ દેખાડવાને વખતે વખત ખંતી હતા. આજ આસરે ૩૦ વરસ ઉપર ખ્રીસ્ટી ધરમમાં કેટલાક પારસી જુવાનીઆઓ વટલી જવા નીકલયા હતા તે વખતે મરનારે "H. N. C. ના લુતફા" એવે નામનુ કવીતામા એક ચોપાનયું કાહડેલું હજી અમોને યાદ છે, એ અને બીજા દાખલા દેખાડેછે કે જોકે તેવણ ઘણેક દરજજે જુના વેપારના માણસ હતા તોપણ પોતાના વીચાર પ્રમાણે ચાલવાની તેવણમાં હીમત હતી અને ઘટતા સુધારાની તેવણ કેટલા તરફેણમાં હતા તે આ રાસ્ત ગોફતાર પત્રના અધીપતીએ ઉઠાવેલી બે મોટી લાઇબલની ફરીયાદીઓમાં પોતે જાહેરમાં શાક્ષી આપવાની હીમત કરી તેવણે બતાવયું હતુ. રાહનુમાય સભા અને બીજા કેળવણીના ખાતાઓમા તેવણ કારોબારી હતા તથા અગત કરીને પારસીઓમા એક સારી બોરડીંગ સ્કુલ સ્થાપવાને તેવણે ઘણી દીલસોજી દેખાડી હતી, તો જોકે માઠાં ભાયગે તે કામ પાર પડયુ નહી હતું. વળી તેવણ મુંબઇના મીયુનીસીપલ કારપોરેશનના એ સભા ઉભી થઇ તયારથી આજ વેર છાપા ભરનારાઓના ચુંટી કાહાડેલા મેમબર દાખલનું માન ધરાવતા હતા. ચીન ખાતેની જુની પારસી પેહડીઓમાં એક મરનારની હતી અને જાઇંટ સ્ટાક ખાતાઓમા તેવણનો ઘણોક સંબંધ હોવાથી વેપારધંધામાં તેવણ ઘણા અનુભવી હતા. અતરેની ગ્રેટ ઇસટરણ મીલના તેવણ એજંટ હતા. લોકોના ટંટા અને ગેરસમજુતીઓની લવાદી વગેરેના ઘણા કામો એવણ માથે ઉઠાવતા હતા અને પારસીઓજ નહી પણ હીંદુ તથા ખોજાઓના વેપારી વરગમાં તેવણ ઘણા પલોટાયલા હતા. પોતાના ઘણાક ગરીબ સગાઓ વલી તેવણને આધારે હતા, જેથી તેવણના આ દુખદાયક મરણથી સગાંવાહાલાં

અને દોસ્તઆશનાવોના એક ઘણા મોટાં મંડળને શોક કરવો પડેછે. તેવણુના મરણુને દીને અતરેનું શેર બજાર બંધ રહયું હતું.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩ જી ડીસેમબર ૧૮૮૨.]

30th November 1882.

HORMUSJEE NOWROJEE SAKLATWALLA.—We regret to announce the death of Mr. Hormasjee Nowrojee Saklatwalla, which took place yesterday morning at his residence at Karelwady. Mr. Saklatwalla was a well-known Parsee merchant and was largely interested in the New Great Eastern Spinning and Weaving Mills, of which he was one of the agents and directors. He was an active member of the Municipal Corporation, and was connected with several Mills and Press Companies in Bombay. He was a charitable man and a popular member of his community. He was one of the few native gentlemen to whom civil as well as caste disputes were confidently entrusted by all classes of people for arbitration. The New Great Eastern Mills will be closed to-day as a mark of respect to the memory of the deceased.

[*Times of India*, 1st *December* 1882]

તા૦ ૧૨ મી ડીસેમબર.

રોજ ૨૫ માહ ૩ (શ૦) ૧૨૫૨ યજદેજરદી.

ખાંનબાહાદુર અરદેસર શેઠ ખરશેદજી મુનસફ—જણાવવાને દલગીરી ઉપજેછે કે પુણાવાલા ખાંનબાહાદુર અરદેસર ખરશેદજી મુનસફ ગયા મંગલવારને દીને અહમદનગર મધે મરણ પામયાછે. એ મરનાર અતરેનાં શેઠ ખાંનદાંનના નામીચાં કુટુંબનો એક નબીરો હતો. એમના બપાવા શેઠ કાવશજી ફરાંમજી રૂસતમજી શેઠના ૧૭૯૦ થી ફીરંગીઓની તરફથી વસાઇ તથા પુણા ખાતે કૌનસલનું કામ કરવાને જતા હતા. સુરતની ઇંગરેજી કોઠીના અમલદારોએ તેવણુને કાંઇક નોકરીઓ બજાવયાના બદલામાં રાંદેલ તરફ થોડીક જમીન ઇનામમાં આપી હતી. એવણુના બાવા શેઠ ખરશેદજી કાવશજી શેઠના પ્રથમમાં પુણા મધે મરનાર મોદી ખુરશેદજી જમશેદજીના હાથ હેઠલ થોડીક મુદત સુવી હતા. તે પછી ૧૮૧૫ માં મોદીજીના ગુજરવા બાદ પુણા, અહમદનગર, વગેરે દખણનાં ગામો ખાતે વયાપાર કરતા હતા, અને ૧૮૨૮ માં અહમદનગર મધેજ મરણ પામયા હતા. મરનાર શેઠ અરદેસર ૮૨ વરસની પુખત ઉમરે ગુજરયાછે. તેવણ પેહલવેહલા ૧૮૧૭ માં "પુણા હારસ" માં એક રીસાલેદાર તરીકે રહયા હતા. ૧૮૧૮ માં પુણાની પાસે કોરેગામ આગલ લડાઇ થઇ તે વેલાએ એવણે પોતાના રીસાલામાં ઘણીક બાહાદુરી બતાવી હતી તે માટે નામદાર ઇસ્ટ ઇંડીઆ કંપની તરફથી એવણુને એક રૂપાનો ચાંદ ભેટ મલયો હતો. એ પછી ૧૮૨૬ ના આગસટ માસથી સરકારે રીસાલાનો ખરચ ઘટાડવાને લીધે એવણુની નોકરી જવાથી એવણે ૧૮૨૭ માં વકીલની પરીક્ષા આપી પુણાની મુનસફ કોરટમા વકીલાતપણું ચલાવવા માંડયુ હતું. ૧૮૪૫ માં એવણુને પુણાના જડજ મી૦ વારડનની ભલામણ ઉપરથી પ્રથમમાં વડગામ, તે બાદ જુહનેર, અને તે પછી પુણાના મુનસફ નેમયા હતા. ૧૮૬૭ માં એવણે જઇફીને લીધે પેનશન લીધું હતું. તે વેલાએ તા૦ ૧૩ મી ડીસેમબરે પુણાના સઘલા લોકોની એક જાહેર સભા મેલવી દખણુના સરદારોના એજંટ મી૦ એફ. લાપોડ એવણુને એક માનપત્ર તથા શેઆલ તથા હીરાની વીંટી ભેટ આપી હતી. ૧૮૭૩ માં નામદાર સરકારે એવણુને પુણાના હાનરરી માજીસ્ત્રેટનો ઓધો તથા ૧૮૭૭ માં ખાંનબાહાદુરનો એતાબ આપયો હતો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૭ મી ડીસેમબર ૧૮૮૨.]

12th December 1882.

KHAN BAHADUR ARDESHIR SETT CURSETJEE MUNSIFF.—A Poona paper announces the death on Tuesday of Khan Bahadur Ardeshir Sett Cursetjee, who was attacked with paralysis in February last, and after the demise of his son, Khan Bahadur Framjee Nusserwanjee, last month, he was taken to Ahmednuggur. where he died at the ripe age of 86 years. The deceased had served for many years in the Poona Horse, and was present at the battle of Koreegaum, for which he received a silver medal. He was afterwards appointed moonsiff. After his retirement from the service he received the title of Khan Bahadoor from Sir Philip Wodehouse's Government.

[*Times of India*, 14*th December* 1882]

તા૦ ૧, મી ડીસેમબર.

રોજ ૨૯ માહ ૩ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

રૂડીબાઈ તે મરહુમ વીકાજી મેહેરજીનાં વીધવા—મરહુંમ શેઠ વીકાજી મેહેરજીના ધણીઆણી બાઇ રૂડીબાઇએ ગયા શનીવારને દીને ૧૦૧ વરશની બુજરગ ઉમરે પોહોચી મીનોઇ જહાનમાં વાસો કરયોછે. મરહુમ શેઠ વીકાજી મેહેરજી જેવણ તેવણના ભાઇઓ સાથ દખણ હઇધરાબાદમાં જાહોજલાલી કરી ગયાછે, તેવણના મરણને ઘણા વરશ થયાછે, તોય તેવણની યાદદાસત આપણા લોકોમાં તાજી છે. તેવણ પોતાની નીતી, ચાલાકી અને બુધીબલથી એક રાજવનશીની પડવીએ પોહોચયા જે પડવીએ એકાદ બે સવાએ આજસુધી કોઇપણ પારસી પોહોચયો નથી. તેવા લાએક રાજવનશીની બાઇ રૂડીબાઇ લાએક ધણીઆણી હતાં. ઘર ધણીઆણી ઘર ધણીની વજીર છે, એ બીનાને બાઇ રૂડીબાઇએ ખરી કરી આપી હતી. પોતાના ધણીની પાદશાહી જાહોજલાલીનું કાંઇએ ગુમાન ન રાખી તે પોતાના ઘરબારના કામ ઉપર સઘલુ ધયાન આપતાં હતાં, અને અતી બોહલાં કુટુંબના સાથ હેત અને પરીતથી વરતીને તેઓને કાયદા અને કાનુનમા રાખતાં હતાં. આથી કરીને એ નામીચા ખાનદાનના દરેક મરદ અને ઓરતો એ મરહુંમ બાઇને રૂડીમાના નામથી બોલાવતાં હતા, જે નામને તેવણ ખરી જેમના આપનારાં હતાં. અમો ઇછીયે છીયે કે પારસી કુટુંબોમા એવી ઘણી રૂડી મા નીકલે જેથી કુટુંબ પરીવારનુ સુખ અને આબાદાનીની જાલવની અને વધારો થાય. કોઇ નામીચી કલમ આ મરહુમ બાઇની હઇઆતીનો જો હેવાલ લખે તો તે આખી પારસી આલમને હડો આપનારો થઇ પડશે. મરહુમ શેઠ વીકાજીના ખાનદાનમાં ઘણા વીદવાન નરો છે તેઓમાનો એક આ માહભારત કામ ઉઠાવી લીયે, એવી અમારી શુચના છે.

[જામે જમશેદ, તા૦ ૧૮ મી ડીસેમબર ૧૮૮૨.]

16th December 1882.

ROORIBAI, WIDOW OF VICCAJEE MEHERJEE.—Longevity—the Secunderabad paper says —"Mrs. Rooribai, mother of the late Bapojee Viccajee, well known in Hyderabad, being connected with H. H. the Nizam's Government for a number of years, died at Bombay on the 16th instant at the advanced age of 99 years and one month."

[*Times of India*, 22*nd December* 1882]

ઈ૦ સ૦ ૧૮૮૩.

તા૦ ૮ મી જાનેવારી.

રોજ ૨૨ માહ ૪ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

શેરાબજી શાપુરજી દલાલ—

કરાંચી, તા૦ ૮ મી જાનેવારી.

જણાવવાને ઘણી દીલગીરી ઉપજેછે કે, અતરેના જાણીતા પારસી સેરાબજી સાપુરજી દલાલ, જેવણે સીંધ, પંજાબ અને દીલી રેલવે કંપનીમાં ગારડ તરીકે એકવીશ વરસ નીમકહલાલીથી ચાકરી કરી હતી, તેવણ આજ રોજે અતરે આવતી મેલટરેનમાં પોતાના ઓધાની રૂએ મુસાફરી કરતા હતા, તેવામાં દાબાજી અને જુગસાઇની વચમાં રનાતીઆની નામનું એક નવું સ્ટેશન જે ચાલું માસની શરૂઆતથી ખુલુ મુકવામાં આવયુંછે તયાંથી એક બીજી માલ ગાડી કોથરી જતી હતી. આ બીજી ગાડીના ઇનજીનનો આચકો લાગવાથી તેમનો એક હાથ તથા માથું છુંદાઇ ગયું હતું અને તેથી તરતજ તેમનું મરણ નીપજ્યું હતું. આ મરનાર ગારડની લાશને એજ મેલતરેનમાં અતરે પાછી લાવવામાં આવી હતી. મરનારની ઊમર તેતાલીશ વરસની હતી. મરનાર જોકે લગાર એકમારગી સવભાવનો માણસ હતો તોપણ સઘલા સાથે મલી હલી રેહેવાથી તે અતરે સારીપેઠે જાણીતો થયો હતો. તેમના મરણથી અતરેના તેમના દોસતદારો, સગાંવહાલાં તથા બાલબચાં દીલગીર થયાંછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૫ મી જાનેવારી ૧૮૮૩.]

તા૦ ૧૧ મી જાનેવારી.

રોજ ૨૫ માહ ૪ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

ડાશાભાઈ તેહમુલજી ગીઆરા— અમદાવાદથી અતરે તારની મારફતે ખબર આવીછે કે તયાંનો પરોપકારી, મીલણસાર, તથા કેમેશરીયેટ ખાતાંમાં લાંબી મુદત સુધી ઓધો ભોગવીને અમલદારોમાં સારીપેઠે ચહવાયલા શેઠ ડાશાભાઇ ટેમુલજી ગીયારા આજ દીને તયાં સવરગવાસી થયાછે. આથી તેમના ઓલખીતા અને એશકુટુંબીઓમાં ભારે દલગીરી ઉપજીછે.

[જામે જમશેદ, તા૦ ૧૨ મી જાનેવારી ૧૮૮૩.]

તા૦ ૧૮ મી જાનેવારી.

રોજ ૨ માહ ૫ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

એ૦ પીરોજશાહ રૂસતમજી, ડીસાવાલા— અતરે (કાંપ ડીસા) ના બુજરગ મોબેદ પીરોજશાજી રૂસતમજી ગઇ તા૦ ૧૮ મીને દીને સવારમાં પચાસી વરસની ઉમરે હક થયાછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૭ મી જાનેવારી ૧૮૮૩.]

તા૦ ૫ મી ફેબરવારી.

રોજ ૨૦ માહ ૫ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

શીરીનબાઈ તે ધનજીભાઈ કુવરજી તાસકરનાં ધણીઆંની— લખવાને દલગીરી ઉપજેછે કે અતરે (કાશમીર) ના મી૦ ધનજી ભાઇ કુવરજી તાશકરનાં ધણીઆંણી બાઇ શીરીનબાઇ ગઇ રાતે "બલડઝ પોઇજન" થી ૧૮ વરસની ભરજુવાનીમાં આ દુનીઆં છોડીને પેલી હમેશની મીનોઇ જેહાંનમાં કુછ કરી ગયાંછે. કાશમીર મધે જરથોસતીઓમાં પેહેલુંજ રૂવાન આ થયું હતું.

[જામે જમશેદ, તા૦ ૧૭ મી ફેબરવારી ૧૮૮૩.]

તા૦ ૧૭ મી ફેબરવારી.

રોજ ૨ માહ ૬ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

નશરવાંનજી પેશુતનજી મુલ્લાંફીરોજના— અતરેના એક જાણીતા પારસી ગરહસથ શેઠ નશરવાંનજી પેશુતનજી મુલાંફીરોજના ગયા શનીવારને દીને ૬૪ વરસની ઉમરમાં આએ ફાંની દુનીઆંમાંથી પોતાનો અશબાબ ઉઠાવી મીનોઇ જેહાંનમાં કુચ કરી ગયાછે. એ મરનાર લાંબી મુદત સુધી કલકતા તથા ચીન ખાતેની નામીચી પારસી વેપારી પેહડીઓમાં પલોટાયલા હતા.

[જામે જમશેદ, તા૦ ૨૦ મી ફેબરવારી ૧૮૮૩.]

તા૦ ૨૩ મી ફેબરવારી.

રોજ ૮ માહ ૬ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

ફરાંમજી બહુમનજી શેઠના—એક પારસી ડાનીયલ લામબરટ—જણાવવાને દલગીરી ઉપજેછે કે શેઠ ખાનદાનના એક જાણીતા નબીરા મી૦ ફરાંમજી બહમનજી શેઠના ગઇ કાલે ૫૨) વરશની ઉમરે સવરગવાસ પામયાછે. એ મરનાર એક વખત ઉપર ઘણા માતબર અને ફતેહમંદ દુબાસ અને વેપારી હતા તથા ખાનગી રીતે જેવા ખાનદાની તેવાજ પારસીઓમાં ઘણી મોહબત અને પીછાણવાલા હતા. એઓ પોતાનાં કદાવર બદનથી અજાયબ જેવા થઇ પડયા હતા. પારસીઓમાંજ નહીં પણ આખાં મુંબઇમાં એઓના સરખું અસાધારણ માતેલુ શરીર બીજા કોઇનું જાણવામાં આવયું નથી. એવણને માટે બેશવા ઉઠવાની જગયાઓ સાધારણ માણસો કરતાં ખાસ મોટી બનાવવી પડતી હતી. એવણની ગાડી વીશેશ મોટી હતી અને તેમાં એક બેઠક ઉપર એઓની સાથે બીજા કદી પણ બેસી શકતા નહી હતા. એવણનાં રવાંનને અવલમંજલ લઇ જવા માટે ખાશ મોટી ઘેઆણ બનાવવી પડી હતી અને તે ઘેઆણ સાથ નસેસાલાર તથા ખાંધીઆઓ મલીને ૩૨ માણસની ટુકડી રાખવી પડી હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૫ મી ફેબરવારી ૧૮૮૩.]

23rd February, 1883.

FRAMJEE BOMANJEE SETT—Mr. Framjee Bomanjee Sett, formerly a wealthy dubash and merchant of Bombay, died on Saturday at the age of 52. The *Rast Goftar* in taking an obituary notice of the deceased says he was a Parsee Daniel Lambert. There is no other citizen of Bombay who has as corpulent a person as had the deceased. He had an uncommonly big carriage in proportion to his size. A specially strong bier had to be prepared to remove his body to the Towers of Silence. There were 32 men employed to carry the body to its resting place

[*Times of India, 26th February* 1883]

તા૦ ૨૮ મી ફેબરવારી.

રોજ ૧૩ માહ ૬ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

બહુમનજી એદલજી આલબલેસ—અતરેના સરવે પારસીઓમાં જાણીતા મરહુમ શેઠ એદલજી ફરાંમજી આલબલેશના તરીજા બેટા શેઠ બહમનજી એદલજી આલબલેશનાં ગએ કાલે શહવારનાં ૬૧ વરસની વયમા મરણ પામવાના સમાચારની નોધ લેવાને અમુને ગમગીની પેદા થાયછે. મરહુમ શેઠ એદલજી આલબલેશની પેહડી જે અરધી કરતા વધુ સદીની પુરાણી છે તેમાં એ મરનાર ઇ. સ. ૧૮૪૫ નાં શાલથી પોતાના સરવે ભાઇઓ સાથ શામેલ થયા હતા, અને તેજ શાલમા પરથમ ચીન ખાતે મરનાર પોતાના ગયા ૮ માસની વાત ઉપર બેહશતનશીન થયલા ભાઇ મરહુમ શેઠ દાદાભાઇ સાથ ચીન ગયા હતા. તે પછીથી તે ૧૮૬૪ નાં શાલ સુધીમાં તયાંની તેવણે ઘણીક ખેપો કરી હતી તથા તેવણ તયાની જરથોશતી અંજુમનનાં ફંડના એક આગેવાંન તરશટી હતા. તા૦ ૧૧ મી જુન ૧૮૬૫ ને દીને મરનારના પીતાનાં મરણથી મરહુમ બહમનજી તથા બીજા ૪ ભાઇઓએ પોતાના પીતાજીની પેહડીનો વહીવટ ચાલુ રાખયો હતો તથા પોતાના સુરંબીનાં પુણને માટે જાણીતો " આલબલેશ બાગ " રૂ. ૧૩૫૦૦૦) ખરચી બંધાવી તા૦ ૧૩ મી અકટોબર ૧૮૬૮ ને દીને ખુલો મુકયો હતો. મરનાર ઘણા રાંક, એકમારગી અને દીનદાર હતા તથા પોતાનાં કુટુંબના જાણીતા એકસંપ તથા સલાહથી તેવણનાં મરણથી આ બોહલાં કુટુંબમાં મોટી ગમગીની ફેલાઇછે.

[જામે જમશેદ, તા૦ ૧ લી મારચ ૧૮૮૩.]

તા૦ ૫ મી મારચ.

રોજ ૧૮ માહ ૬ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

દોરાબશાહ બેહરામજી ડાકટર, ખંબાતના—

શ્રી ખંબાત, તા૦ ૫ મી મારચ ૧૮૮૩.

જત અતરેનાં રેહેવાશી શેઠ દોરાબશાહા બેહેરામજી ડાકટર આજ દીને સાંહજે ૭ કલાકે સવરગવાશી થયાછે. એઓની તબીએત અવારનવાર નાદરૂશત ચાલતી હતી અને તે એકદંમ બીગડી ગયાથી એઓ બે તરણ દાહડાની બીમારી ભોગવી મરણ પામીઆછે. આ દુર પડેલાં એક દેશી રાજમાં મરનાર એકલાજ જુના પારસી નોકર હતા અને ખંબાતના નવાબ આગલા તેમજ હાલનાના જેવા તેવણ વીસવાસુ હતા, તેવણ એ દેશી રાજની પ્રજાને પણ ઘણાજ માનીતા હતા, તેવણ આગલા વખતના હકીમ હતા પણ ઘણા લાયકીવાલા હતા અને પોતાના એ બાબીકા ધધામાં ગરીબોના દોશત હતા. અને અતરે તથા પોતાનાં અશલ વતન શુરતમાં ગરીબોને મુફત દવા આપતા હતા. પેહેલાં સુરતમાં નાહની વએમાં સરકારી વઇદક ખાતામાં નોકરીએ રહેલા હતા. જે પછી ખંબાતમાં કસટમખાતાંમાં સરકારકુનના હોધા ઉપર હતા તથા પાછલથી પેનશન લઇને નવાબ સાહેબની નોકરીમાં ડાકટર તથા એક શહલાકાર તરીકે રહેલા હતા. તેવણના મરણથી અતરેના લોકોમાં ઘણી દલગીરી ફેલાઇછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૧ મી મારચ ૧૮૮૩.]

તા૦ ૨૬ મી મારચ.

રોજ ૯ માહ ૭ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

હીરજીભાઈ મેહરવાંનજી વાડીઆ— અતરેનાં વાડીઆજીનાં જુના અને જાણીતા ખાંનદાંનના એક નબીરા મરહુમ શેઠ હીરજીભાઇ મેહરવાંનજી વાડીઆનાં ગયા શોમવારની રાતનાં ૬૬ વરસની ઉમરે મરણ પામવાના સમાચારની નોધ લેવાને અમોને મોટી દલગીરી ઉપજેછે. એ મરનાર મુંબઇની સરકારનો એક પુરાંનો તથા વફાદાર નોકર તેમજ વેપારી મંડલમાં માન પામેલો અને જાતે એક પ્રમાણીક, ઉદયોગી તથા આગલા વખત પ્રમાણે કેળવણી પામેલો ગ્રહસ્થ હતો, તેટલા માટે તેમને લગતી થોડીક નોધ અતરે કરવાને દરૂસત ધારયે છઇયે.

એવણ પેહલવેહલા ઇ૦ સ૦ ૧૮૩૪ માં અતરેની સરકારી ગોદીમાં એક શીખાઉ તરીકે રૂ ૭) ને દરમાયે સુથારનાં કામ ઉપર રહયા હતા, અને વધતાં વધતાં ૧૮૩૭ માં આસીસટંટ બીલડરના ઓધા ઉપર આવયા હતા. એજ શાલમાં ઇસ્ટ ઇંડીઆ કંપનીનાં વાહણ ખાતાંના ઉપરી મી૦ સેપીંગસે એવણના મામા તે તે વેળાના સરકારી ગોદીના વડા માસટર બીલડર મરહુમ શેઠ નવરોજજી જમશેદજી વાડીઆને મજબુત ભલાંમણ કરયા ઉપરથી તેવણે પોતાના એક બેટા મરહુમ શેઠ જાંગીરજી નવરોજજી વાડીઆ તથા મરનાર હીરજીભાઇને ઇંગલાંડ ખાતે વાહણ બાંધવાનો હુનર શીખવાને આપણા દેશીઓના આગલા ખેરખાહ મીત્ર સર ચારલસ ફારબસની મારફતમાં મોકલયા હતા. એઓને ઇંગલાંડ મોકલયા આગમજ શેઠ નવરોજજી વાડીઆએ સર ચારલસ ફારબસ ઉપર તા૦ ૨૮ મી ફેબરવારી ૧૮૩૮ ને દીને એ જવાનોનો પારકા દેશમાં ધરમ સંબંધી એતેકાદ નહી ફેરવાય તથા આલસાઇમાં વખત નહી ગુમાવે તે બાબે લખેલા એક મોતેબર પત્રમાંનો ટુક સાર "પારસી પ્રકાશ" નાં પુસ્તક ઉપરથી નીચે ઉતારી લઇજીએ છઇયે :—

"મજકુર મારા દીકરા તથા ભાણેજને ઇંગલાંડ ખાતે શીખવા મોકલયાથી કેટલાબધા ફાયદા થશે તે હું સમજુંછું, તોપણ મારા દેશીઓના વીચાર અને આચારથી પુરતી રીતે માહીતગાર હોવાથી હું ધારૂંછું કે તમો તુરત સમજી જશો કે આએ ઠેડાવ મેં કર્યાથી મને કેટલીબધી અડચણો ખમવી પડશે. એક બાપ તથા પારસી તરીકે મારી લાગણી મારા

ધરમ ઉપર એટલી તો મજબુત છે કે જ્યાંસુધી તમો મને એવી ખાતરી આપો કે તેઓનો ધરમ પારકા દેશમાં સચવાશે, અને કોઇબી રીતે તે બાબેના તેઓના વીચાર તમારી દેખરેખ હેઠલ ફરશે નહી. તથા તેઓની કેલવણી અને ચાલચલણની તમો સંભાલ રાખશો, તયાંસુધી મને એ ઠેડાવ અમલમાં લાવવાની ઉલટ થશે નહી. મારી મરજી એવી છે કે પ્રથમમાં તેઓને ઈંગલાડમાં છ મહીના સુધી ઇંગ્રેજી ભાષાની તાલીમ આપવી, કે જે ચીજ હું અતી અગતયની સમજુછું તેઓનો વખત મુદલ નકામો ગુમાવવા દેવો•નહી, (કે જેમ અમારા ઇગલાંડ જઇ આવેલા કેટલાક દેશીઓએ કીધુંછે) એ પછી તેઓને મોં૦ સેપીગસનાં ઊપરીપણાં હેઠલ તયાંની પાદશાહી ગોદીમા જે હુનરને માટે તેઓને હું મોકલવા માગુંછું તે હુનરની એકુ બે વરસવેર પુરતી તાલીમ લેવા દેવી, અને પછી તેઓ પાસે "યુનૈટેડ કીગડમ" માં મુસાફરી કરાવી મુંબઇ પાછા મોકલવા. મને આશા છે કે તેઓ પોતાના મગજમાં ઊપયોગી ગ્નાન, હુનર તથા રીતભાતનો અખુટ ખજાનો ભરીને પાછા પોતાને સવદેશ ફરશે."

એ પછી મરનાર જાંગીરજી તથા હીરજીભાઇ વાહાણ "બકીગાંમશાયર" માં સવાર થઇ ઇંગલાંડ ગયા હતા. એ મુસાફરીને દરમેઆન તા૦ ૧૨ મી જુન ૧૮૩૮ ને દીને મરનાર શેઠ હીરજીભાઇએ "સાએમન બે" તરફથી ઇંગ્રેજી ભાષામાં પોતાના દોસતો ઉપર લખેલાં કાગજોના સાર તા૦ ૨૩ મી આગશટ ૧૮૩૮ ને દીનેના અતરેના એક વરતમાન પત્રમાં છપાયો હતો, અને તે ઉપરથી તે પત્રના તે વખતના અધીપતીએ નીચે પ્રમાણે પોતાનો અભીપ્રાએ આપયો હતો, તે આજે ૪૫ વરશ પછી ઉતારી લેતાં નવાઇ લાગેછે.

"તે બધા કાગજ હીરજીભાઇનાંજ લખેલાં હમારા જોવામા આવાછે અને તે અંગરેજી ભાશામો બોલલે અને શાફ અખશરે લખેલાંછે અને તેહની એબારતપરથી માલમ પરેચ કે થોડા દાહડામોજ શારી એબારતથી અંગરેજી લખવા માંડીછે વાશતે આગલ જાતે અંગરેજ લોકોનાં જેવી અંગરેજી ભાશા એ જવાનો લખી શખશે હેવું વીચારેઆમો કાંઇ નવાઇ જેવું નથી."

ચાથામની ગોદીમાં એઓએ વાહણ બાંધવાના હુનરની પુરતી માહીતગારી મેલવયા બાદ ગ્રેટ બ્રીટન ખાતે મુસાફરી કીવી હતી, અને તે મુસાફરીના અહેવાલનું ૪૯૨ સફાનું એક પુસતક ઇંગ્રેજી ભાષામાં રચી ૧૮૪૧ માં લંડન મધે છપાવી પ્રગટ કીધું હતું. એ પુસતક વાશે ઇંગલાંડનાં સઘલાં નામીચાં પત્રાએ ઘણી વખાંણ કરા હતી, અને જે અતરેના બામબે કુરીઅર તથા ગેજેટ પત્રાએ સદાબરી ઉતારી લઇ સવીકારી હતી. એ બાદ એઓ ૧૮૪૧ મા સટીમર "વીકટોરીયા" માં સવાર થઇ મુંબઇ આવી પુગા હતા. ઇંગલાંડ મધે એઓએ વાહાણ બાંધવાના હુનરમાં મેલવેલી માહીતગારી બાબે નામદાર "કોરટ ઓફ ડાએરેકટરસે" પોતાના તા૦ ૨૧ મી આપરેલ ૧૮૪૧ ની તેરીખના અતરેની સરકાર જોગા ડીસપાચમાં લખયું હતું કે:—

"Para 2nd—In the Packet we transmit for your information copies of the certificates and testimonials which have been produced to us respecting the general conduct and professional acquirements of Jehangeer Nowrojee and Heerjeebhoy Merwanjee, during their residence in this Country, which are both satisfactory to us and creditable to them."

મુંબઇ આવયા પછી નામદાર સરકારે તા૦ ૭ મી જુલાઇ ૧૮૪૧ ને દીને એક ખાસ ઠેડાવ બાહેર પાડી મરનારને આસીસટંટ માસટર બીલડરનો ઓધો આપયો હતો. એવણનાં ખાસ ઉપરીપણાં હેઠલ નીચલી આગબોટો બંધાઇ હતી—

ફાકલડ. ફલાકસ. પંજાબ. બરસીસ.
જીનોબીઆ. આસે. કલાઇડ. ચીઆંની.
ડેલહાઇસ. એનટીલોપ એમીલી. શારલોટ.
જીઓરજાના, અને મેરી.

એ ઉપરાંત ઘણાક વાહણો અને મનવારોની મરામત એવોને હાથે થઇ હતી.

૧૮૪૯ માં અતરેની સરકારનો કોલાબા ખાતે પડેલો સાગલી લાકડાંનો એક અતી મોટો આસરે બે લાખ રૂપીઆની કીમતનો જથો ઉધાઇ લાગાથી ખરાબ થવાથી તે કામમાં આવી શકે કયા નહી તે ઉપર રીપોરટ કરવાને સરકારે બે અંગ્રેજ અમલદારો સાથે એવણને નેમયા હતા. ૧૮૫૬ ના મેએ માસમા એવણે પોતાના વડા દીકરા મરનાર રૂસતમજીને ઇગલાંડ મધે સીવીલ સરવીસની પરીક્ષામાં પસાર થવા માટે અભીઆસ કરવાને મોકલયા હતા, પણ તયાના સતાવાલાઓએ એકદમ આગમજથી ખબર આપયા વગર સીવીલ સરવીસમાં દાખલ થવાની ઉમરની હદ ૨૩) ઉપરથી ઘટાડીને ૨૨) વરસની કીધી, જે ઉમર પરીક્ષાને તાંકણે પસાર થઇ જવાથી તે મરનારની ઉમેદ ભગ થઇ ગઇ હતી. આ ઉપરથી શેઠ હીરજીભાઇએ અતરેથી નામદાર માહરાણીના હીદુસ્થાન ખાતેના શેક્રેટરી આફ સ્ટેટ રાઇટ હાનરેબલ લારડ સ્ટાનલી તથા પારલામેટના મેમબર નામાંકીત જાન બ્રાઇટ સાથે ઘણાક માયાકુલ સંધેશાઓ ચલાવયા હતા, અને છેલો ગ્રહસથ એ બાબદ છેક પારલામેટ સુધી લાવયો હતો. ૧૮૫૭ માં મુંબઇની સરકારે "સર બારટલ ફ્રીઅર" નામની સ્ટીમર ઢેરાવ ઉપરથી પાણીમા ઉતારવાને મરહુમ શેઠ હીરજીભાઇને કરાચી ખાતે ખાસ મોકલયા હતા, અને તયાંના સરવે પારસીઓએ એવણનાં માનને ખાતર એક જાહેર જીયાફત તથા નાચ આપયો હતો. ૧૮૬૨ માં ઇંડીઅન નેવીનુ ખાતુ કાઢી નાખવાથી સરકારે એવણને પેનશન આપયું હતું. એજ શાલમાં એવણ પોતાના ભાઇઓની પેઢીમાં શામેલ થયા હતા, તથા મેશરસ ફ્રેલ ગરેકશનની કંપની તથા મારટીન પંગની કંપનીના દલાલ થયા હતા. ૧૮૬૯ થી તે પોતાનાં મરણ સુધી એવણ અતરેની મેશરસ ગ્રાહમ કંપનીમાં સેલસમેન હતા. ૧૮૬૭ માં આબીસીનીઆની તથા ૧૮૭૮ માં માલતાની લડાઇ વખતે નામદાર સરકારને વાહણોના કાફલાઓ તે તરફ રવાના કરવાને એવણની નોકરીની જરૂર જણાયાથી તે બંધે હીગાંમ ઉપર એવણને પાછા ડેપયુટી માસતર બીલડર તરીકે બોલાવયા હતા, અને તા૦ ૪ થી મેએ ૧૮૭૮ ને દીને નામદાર સર રીચરડ ટેમપલની સરકારે એક ખાસ ઠેરાવ બાહેર પાડી એમને શાબાશી આપી હતી. અતરેની પારસી ચીફ માતરીમોનીઅલ કોરટના એવણ એક ડેલીગેટ હતા, તથા ઘણાંક કુટુંબોના ખાનગી ટંટાઓ લવાદી લઇ પટાવતા હતા. એમની પાયદશની પાછળ ગોદીના આસરે ૨૫૦ જુદી જુદી ગ્રાતના કામદારો પોતાનો રોજ ખોઇને છેક દોખમાંના ડુંગર સુધી ચાલયા હતા, અને મેશરસ ગ્રાહમ કંપનીએ તે દીને પોતાની આખી આફીસ બંધ રાખી હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧ લી આપરેલ ૧૮૮૩.]

26th March 1883.

Heerjibhoy Merwanjee Wadia —Mr Heerebhoy Merwanjee Wadia, a member of the old and respected Wadia family, died on Monday night at his family residence in the Fort, at the age of 66 years. He was one of the first natives of the Bombay Presidency who, accompanied by the late Mr. Jehangir Nowrojee Wadia, proceeded, in 1837-38, on a visit to England. During a stay of three years there Mr. Heerjebhoy acquired a scientific as well as practical knowledge of ship-building in the Chatham Dockyard, and published a book giving an account of his visit to England, which was well received at the time, and for which he was granted a donation of £100 by the director of the late East India Company. On his return to this country he was appointed Assistant Master Builder in H. M. Dockyard, the duties of

which he conducted with the approbation of his superiors for about twenty-three years. He retired from Government service on pension in 1862, when the Indian Navy was abolished, and joined his brother in the well-known firm of Messrs. Dosabhoy Merwanjee and Co., extensive dealers with America, For the last fourteen years he also performed the duties of a salesman to the firm of Messrs. W. and A Graham and Co., In the performance of his multifarious duties, Mr. Heerjeebhoy exhibited much intelligence, added to a practical knowledge of the details of business, and sound and liberal views. In connection with the Abyssinian Expedition in 1867 and the Malta Expedition in 1878, his services were availed of by the Bombay Government, and the Government of Sir Richard Temple passed the following eulogistic Resolution at the time — "The Governor-in-Council has to declare his entire approbation of the professional ability and personal energy displayed by the Master Builder, Khan Bahadur Jamsetjee Dhunjeebhoy Wadia, in the execution of work required. Similar acknowledgments are offered to Mr. Heerjeebhoy Merwanjee Wadia, formerly in the Government service, who was temporarily employed for this special work" Out of respect to Mr. Heerjeebhoy's memory, the offices of Messrs. W. and A. Graham and Co. were closed yesterday afternoon, when the funeral took place. It was very largely attended, All the Hindoo and other artificers employed in the Master Builder's Department in the Dockyard followed his remains to the Towers of Silence in token of the respect and esteem in which they held him.

[*Bombay Gazette*, 28*th March* 1883.]

તા૦ ૭ મી મેએ.

રોજ ૨૧ માહ ૮ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

દીનશાહ ફરાંમજી વાડીઆ—જણાવાને દલગીરી ઉપજેછે કે મી૦ દીનશાહ ફરામજી વાહડીયા નામના એક ચંચલ જવાંન પારસી ઘહરસ્થ કલકતેથી મુંબઇ આવતાં રસતામાં જબલપોર આગલ માથે લોહી ચહડવાથી મરણ પામયાછે. આ ચંચલ જવાનને વેપાર વનજની બાબદમાં સારો અનુભવ હતો તથા કેટલીક પરેસ કપમનીઓ સાથ તેઓને અતલકનો સંબધ હતો. આ જામે જમશેદ પતરની "લીમાટેડ કમપની" બનાવામા મરનારે કેટલીક મેહનત લીધી હતી અને તેનાં અચાનક મરણથી આ કંપનીના લાગતાવલગતાઓએ પોતાનો એક કીમતી શલાહકાર ખોહયોછે.

[જામે જમશેદ, તા૦ ૯ મી મેએ ૧૮૮૩.]

7th May, 1883.

DINSHA FRAMJEE WADIA—Mr. Dinsha Framjee Wadia, a well-known Bombay merchant, died at Bhosawul, while on his way to Bombay from Calcutta, at 8 p m on the 7th instant, of sunstroke. His body was brought to Bombay last night, and will be taken to the Towers of Silence this morning.

[*Times of India*, 9*th May* 1883.]

તા૦ ૫ મી જુન.

રોજ ૨૦ માહ ૯ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

પેશતનજી અસલાજી ડુંગાજી, ભરૂચના—

એક પારસી ગરહસનું મરણ—ગયા મંગલવાર અને તા૦ ૫ મીને દીને ભરૂચના

એક આબરૂદાર અને જાણીતા પારસી વેપારી શેઠ પેસતનજી અરદેશર ડુંગાજી ૭૩ વરસની ખુજરોગ ઉમરે ગુજરેઆછે. મરનાર એક મોટાં કુટુંબના વડા હતા અને પોતા પાછળ છોકરાઓ અને પાઉતરો મલીને ૫૦ ફરજંદો મુકી ગયાછે. દાખલો લેવા જોગ વાત એ હેિ કે મરનારનુ બોહોલું કુટુંબ એકજ ઘરમાં સુલેહસંપજથી રહેછે. અને એક મોટાં કુટુંબને પોતાની સાથે એકજ ઘરમાં ભેગા રાખીને સુલેહ સંપજ જાળવી રાખવા માટે લોકો મરનારની તારીફ કરેછે. અતરેની બાહારકોટની અગીઆરીના ફંડમાં ગએ સાલ તેવણે રૂ૨૦૦૦ આપેઆ હતા, અને ગઇ કાલે તેવણનાં ઉઠમણામા તેવણના છોકરાઓએ રૂ૧૦૦૦ એજ અગીઆરીનાં ફંડમાં આપેઆછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૧ મેં જુન ૧૮૮૩.]

તા૦ ૨૩ મી જુન.

રોજ ૮ માહ ૧૦ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

નશરવાંનજી બહમનજી શાહેર, સુરતના—નજદીક ૧૫ વરસ સુધી ઘણા માનમરતબા અને ઉદાર દીલ સાથે મુસાફરીની સગવડ સાચવવાને તથા દેશી અને યુરોપીઅન ગ્રહસ્થોને જાતજાતની ઇંગરેજી મીઠાઇઓ પુરી પાડવાને પોતાની "બેકરી" અને હોટલખાંનું ચલાવ્યા બાદ ગયા સનીવાર ને તા૦ ૨૩ મીએ મધરાતનાં મી૦ નશરવાંનજી બમનજી શાહેર પોતાની આશરે ૬૫ વરશની ઉમરે આ ફાંની દુનીયાં તજીને સ્વર્ગવાસી થયાછે. એમનાં મરણથી પારસીઓને અગત કરીને ઇંગરેજો, હીંદુ, મુશલમાંન, અને વોહોરા ઇત્યાદી કોમના મોટા ભાગોમાં પોતાની લાયકી અને મીઠાસથી વધારે જાણીતા હોવાથી ઘણી દલગીરી ફેલાઇ હતી. મુંબઇમાં મરનાર મી૦ પાલણજી પોંહાચખાંનાંવાલા પોતાની નરમાશ, ઉદાર દીલ અને લાયકીથી નાના મોટા ઇંગરેજ તથા દેશીઓમાં જેટલા વખણાતા તેથી વધારે મી૦ શાહેર વખણાયા હતા. મરનારને કોઇ રીતનું ભાષા સંબંધી ગ્નાન નહી હતું, તેમજ તેમની કાંઇ સર જમશેદજી ઇયા બીજા પારસી શેઠીયાઓ જેવી સખાવત નહી હતી. તેમની સખાવત જુદાજ પ્રકારની હતી, અને કોઇ રીતનાં ગ્નાનનો ભંડોલ નહીં છતાં દુનયાં સંસારની રીતભાંત, માન, સાલેસાઇ અને નેકી સબંધી વધારે ગ્નાન હતું. વરસોવરશ તાડી દારૂનાં પીઠાંની અતરે હરાજી થતી વખતે સુરત જીલ્લાનાં ઘણાં ગામોમાંથી પારશીઓનું મોટું ટોળું ને ટોળું તેમના હોટલમાં ઉતરી પડતું હતું, પણ તેઓ આજે આ બીનાં જાણીને કેટલા દલગીર થશે તે કેહેવાઇ શકાતું નથી. મરનારની ખબર ઘણે ઠેકાણેથી દેશદેશાવરોમાં જઇ પુગતાં થોડાઘણા મુસાફરો અને તાડી દારૂના ધંધાવાળાઓમાં બેચેની ઉપજીછે, એવું તેમને માટે દલગીરીનાં આવતાં કાગળોપરથી જણાયછે. મરનાર જાતે સાદા, ગરીબ અને ખુશમીજાજી હતા, પણ એમ છતાં કોઇ ગમે એવો મુફલેશ કે દુખીયારો ઇયા ગમમાં ગીરફતારી ધરાવનારો તેમને ત્યાં જઇ પુગો હોય તો તે દુખમાં ભાગ લેઇ પોતાની મેહેનત અને લાગવગથી તેનો કોઇ અંદેશો દુર કરાવી સમાધાન કરાવી આપતા હતા અથવા દીલાસો આપી ધીરજથી તેનું કામ સરંજામ ઉતારતા હતા. મરનાર દેશી તથા યુરોપીયન મંડલોમાં કંઇક સારો લાગવગ ધરાવતા હતા અને જો કોઇ મુસાફરો જુખાખ્યાસા અડધી રાતે તેમની આગળ જઇ પોંહાચયા હોય તો અને જો પોતાને ત્યાં કંઇ જમાડવાનું તૈયાર નહીં હોય તો તેજ વખતે પોતાનાં માણસોને ભરઉંઘમાંથી ઉઠાડી સઘળી મેનીજ કરાવી આપતા તથા ઇંગરેજી ઘણી જાતની મીઠાઇઓ કે જેની બનાવટ ખુદ ઘણાક ઇંગરેજોને માલમ નહી હશે તેવી સુંદર અને સસ્તી મીઠાઇઓના "ટેસ્ટ" થી ઇંગરેજો તેમની ઉપર ઘણા ખુરબાંન હતા. પોતાનાં કારખાંનાંમાંથી ગમે એવી કોઇ ચીજ લુટાઇ

ચોરાઇ જાય અથવા ગમે તેવો બીગાડ થાય તે વાત પોતે સારીપેઠે જાણવા છતાં કોઇને કશું કેહેતા નહી અને મોટા પેટથી સઘળું દુખ અને જુલમ, ગમે એવાં માણસથી પોતાનીપર ગુજરતા, તે ઓર હશીને સહન કરતા હતા. મરનાર પોતાની બેદરકારીથી અને પોતાના હાતમદીલથી જુજ કરજમાં આવી ગયાછે, પણ તેમની બોહોલી ઘરાકી અને વડોદરા રેલવેના એકથી બીજા છેડા સુધીનાં નાકાંપર તેમના માનનો થતો ઉઠાવ જોતાં કઇપણ તેમને કરજ હોવાને બદલે આજે ૧૫ વરસમાં નજદીક એક લાખના ધણી થઇ બેઠેલા આપણે જોઇ શકતે, કે જયારે તેમનું હોટલ અને બેકરી એક સદા-વરત ખાતું થઇ પડયું નહીં હોતે. મરનારની ખબર જાણીને દેશદેશાવરથી અને અત્રેથી ઘણાક યુરોપીયન અને દેશી ગ્રહસ્થોનાં દીલાશા પતરો તેમના વરવારસો ઉપર આવતાં જાયછે, જે મરનાર તરફ માનની ઇધાણી છે અને તેવીજ માનની ઇધાણી તેમની પાયદસત અને ઉઠમણાં વખતે જોવામાં આવી હતી. મરનાર જુવાનીમા ખ્યાલ-ટપા અને બેહેતોના ઘણા શોખીન હતા. જેપરથી તેમને નાના મોટા શખસો તરફથી "શાહેર" નો ગોયા ખેતાબ મલયો હોય તેમ આજ સુધી આ શબ્દોથીજ મરનાર પીછાણી શકાતા હતા. ખચીત, મરનારે પોતાનો ધંધો અછી પ્રસીધતાથી અને માનથી ચલાવતાં આખા સુરત જીલ્લાનાજ નહી પણ આખા મુંબઇ ઇલાકાના ઘણા મુસાફરોની દરેક અગત અને અગવડ સાચવીછે અને આખાં સુરતને માટે તેમનું હોટલ સારી અને સુતરી સગવડને માટે તદન પુરતું હતું એમ કેહેવાને કાંઇ વાંધો લેવાજોગ નથી. પણ અમો ઇછીએ છીએ કે આવીજ નેકી અને ભલાઇથી મુસાફરોની સગવડ સાચવવાનું કામ તેમના બેહેતા મુશદીઓ અથવા ચોકસ ઠરેલા વરવારસોથી જારી રેહેશે તો આપણાં શેહેરને માટે મી० શાહેરનીજ પંકતી ઉપર ચાલનારાં બીજાં હોટલની જરૂર જાણાશે નહી. એટલામાટે અમો અંહીયા કેહેવાને ચુકતા નથી કે મી० શાહેરની યાદગારી જે તેમના કારખાંનાં ઉપરથી રહી શકેછે તે જાળવી રાખવા શારૂં તેને આશરો આપનારા તેનજ વરવારસો બનતી કોશીશ કરશે તો તેપરથી મરનાર તરફ અછી માનની ઇધાણી બતાવ્યા બરોબર માની શકાશે. છેલું એટલુંજ કહીએ છીએ કે મરનારની જગો ખચીત કોઇથી પુરી શકાય એમ નથી, તેમની જગો ખાલી પડીછે, પણ તેમનું નામ હમેશને માટે રહી ગયુંછે.

[ગુજરાત મીત્ર, તા० ૧ લી જુલાઇ ૧૮૮૩.]

તા० ૩ જી જુલાઇ.

રોજ ૧૮ માહ ૧૧ (ક०) ૧૨૫૨ યજદેજરદી.

હોરમજજી શોરાબજી ચાંનદારૂ—અતરેના જાણીતા પારસી ચોપડી વેચનાર શેઠ હોરમજજી શોરાબજી ચાંનદારૂ અથવા ચેશનના ગઇ પરમ દીને બપોરના ૫૪ વરસની વયમાં સવરગવાસી થયાછે. એ મરનાર મુંબઇ ચાબુકના આગલા માલેક મરહુમ શેઠ નવરોજજી દોરાબજી ચાંનદારૂનો ભતરીજા થતા હતા, અને તેવણે પોતાની આખી વય ચોપડીઓના ધધામાંજ કાઢી હતી. ઇ. સ. ૧૮૫૧ માં મી० ચેશને અતરે પેહલવેહલી ચોપડીઓ વેચવાની દુકાન કાઢી તીઆરથી એવણ તેની નોકરીમાં રહેલા હતા, અને મીશીરઅસ ચેશન તથા વુડહાલના અતરેથી જવા પછી આજ સતર વરસ થયા તે દુકાનની માલિકી એવણે ખરીદી પોતાને નામે ચલાવતા હતા. એ મરનાર અતરેના સરવે ઇંગરેજ તથા દેશીઓમાં જાણીતા હતા.

[જામે જમશેદ, તા० ૫ મી જુલાઇ ૧૮૮૩.]

3rd July 1883.

HORMUSJEE SORABJEE CHANDAROO—Mr. Hormusjee Sorabjee, bookseller and newspaper agent, of

Medow-street, died yesterday at his residence in Grant-road He had been connected with the book-selling trade nearly all his life. He was first employed as an assistant to the late Mr. James Chesson, when the latter gentleman opened a bookseller's shop in 1851 on the Kalbadevi-road, removing it afterwards on account of increasing business to Medow-stree Mr. Hormusjee continued in the establishment when the business was conducted in the name of Messrs. Chesson and Woodhall Some time after the death of Mr. Chesson, he started in business on his own account, and, having made a moderate fortune therein, continued it till his death. For some months past he had been suffering from dropsy. He leaves a widow and two sons.

[*Bombay Gazette, 4th July* 1883]

તા૦ ૧૪ મી જુલાઇ.

રોજ ૨૯ માહ ૧૧ (ક૦) ૧૨૫૨ યજદેજરદી.

દાદાભાઈ જાંગીરજી દાદીશેઠ—અતરેના દાદીશેઠના પુરાતમ ખાનદાંનના એક નબીરા શેઠ દાદાભાઇ જાંગીરજી દાદીશેઠ ગયા સની-વારની રાતના ૬૨ વરશની વએ હક થયા છે. એ મરનાર મરહુમ જાંગીર અરદેશર દાદીશેઠનો નાનો બેટો હતો, અને તેમના વારસામાં આવેલાં છાસટી માહેલાં દઇસર, એકસર, અને માગાથાંન નામનાં ગામોનો એક માલેક હતો.

[જામે જમશેદ, તા૦ ૧૬ મી જુલાઈ ૧૮૮૩.]

તા૦ ૨૦ મી જુલાઇ.

રોજ ૫ માહ ૧૧ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

ડાકટર ખરશેદજી ફરાંમજી બોરી— જણાવવાને ભારી સંતાપ ઉપજેછે કે આપણી વસ્તીના જાણીતા અને માનીતા તબીબ ડાકટર ખરશેદજી ફરામજી બોરી માત્ર થોડા કલાકની માંદગી પછી ગઇ પરમ દીને સાંજે સવરગવાસી થયાછે. મુંબઇમાં કાલેરાએ આ પખવાડયામાં ઘણાં લાંબાં કદમ ભરવા માંડયાં-છે અને ડાકટર ખરશેદજીનો કીમતી જાન પણ એજ બુરા રોગનો ભોગ થયો હતો. પૈસા અને મરતબાથી માણસ કદાચ થોડા વખતની મોટાઇ મેળવી શકે, પણ જે પ્રીતી એક સાદું પણ ખાલેસ દીલ આસપાસનાં મંડળમાં પોતાની ભલાઇ અને ખુશ સ્વભાવથી હાંસલ કરેછે તેનો છાપ લાંબી મુદત સુધી કદી ભુલાતો યા ભુસરાતો નથી. ડાકટર ખરશેદજી એવીજ કીસમના માણસ હતા. જેઓ તેમને પીછાનતા હશે તેઓ તેમને હંમેશા યાદ કરશે, પણ જેઓએ આ સાદા માણસનું માત્ર નામ સાંભળયું હશે તેઓ તેમનાં કેટલાક કામો ઉપરથી તેમને પોતાના મનમાં એક સુધા વીચારના માણસનું રૂપ આપી શકશે. ડાકટર ખરશેદજીને તેમના તબાબના ધંધાને લીધે ગરીબો તેમજ તવ-ગરોમાં એકસરખું માન હતું. તોપણ તેવણને માનની ભુખ નહી હોવાથી યુનીવર-સીટીના ફેલો અને સુલેહના અમલદાર તરીકે-નું જે માન તેમનાથી ઉતરતી પંકતીના ગ્રહસ્થોને આજ કેવારનું મળી ચુકયું હતું તે તેમને છેક છેલી ઘડીએ આપવામાં આવયું હતું. ખુશામદને બદલે જેણે ઇમાન-દારી હાથ કીધી હોય તે માન મરતબામાં સદા પાછળ રહી જાયછે, તેનો ડાકટર ખર-શેદજીથી એક દાખલો મળેછે. પોતાના એક-મારગી સ્વભાવ છતાં ડાકટર ખરશેદજી મુંબઇની આલમને અજાણ્યા ન હતા. ધંધાનાં માન સાથે તેવણે એક ગ્રંથકાર તરીકે જુદું માન મેળવયું હતું, અને ચોકસ ખાતાંઓ સાથના પોતાના સંબંધ છતાં તેવણે જાહેર મંડળીઓમાં કીમતી ભાશણો આપવાની અવકાસ મેળવી હતી. પોતે એક અથોરનાન હોવા છતાં ડાકટર બોરી સુધારાનાં કામને પસંદ કરનારા અને વલી એક સુધારાવાળા હતા. તેવણે પ્રથમ અતરેની એલફીનસટન કાલેજમાં અને તયાર

પછી ગ્રાંટ મેડીકલ કાલેજમાં કેળવણી લીધી હતી. છેલી કાલેજમાં તેમની ચપળતા અને હુશીયારીને લીધે તેમને દર સાલ સ્કાલરશીપો મળતી હતી. ૧૮૫૭ ના એપ્રેલ માસમાં આ કાલેજમાંથી પસાર થઈ તેવણે વૈદાનો ધંધો ચલાવવાની સનદ મેળવી હતી. પસાર થયા પછી થોડીક મુદત સુધી તેવણ જમશેદજી જીજીભાઇ હાસપીટાલમાં તથા કુરલા ડીસપેનસરીમાં સરકારી નોકરીમા રહયા હતા. પણ આઠ મહીનાની મુદતમાંજ આ નોકરી છોડી દઈને ડાકટર ઓરીએ તબીબનો ખાનગી ધંધો ચલાવવા માંડયો. અતરેની "ગ્રાંટ કાલેજ મેડીકલ સોસાયટી" મા તેવણે ૧૮૫૯ થી ૧૮૭૯ સુધી ૨૦ વરસોના અરસામાં જુદાં જુદાં ખોકટ દરદો વીશેના પોતાના અનુભવ ઉપરથી અને શોધ કરીને દશ કીમતી નીબંધો વાંચયા હતા, અને ૧૮૭૦ થી તે છેક પોતાનાં મરણ સુધી એ મ ડળીના આનરરી સેક્રેટરીનો ઓધો બજાવયો હતો. એજ મુજબ કોટનાં ધરમનાં દવાખાનાના પણ ડાકટર ઓરી ૧૮૭૦ થી ૧૮૮૦ સુધી હાનરરી સેક્રેટરી રહયા હતા અને ઓખે નેટીવ ડીસપેનસરીમા છેલાં બાર વરસો થયા તેવણે તબીબપણું ચલાવયું હતું. ગુજરાતી આલમમા જાણીતા થયલા "તંદરોસ્તી" ચોપાનયાને ૧૮૬૭ માં જનમ આપનાર ડાકટર ખરશેદજી હતા, જેનું અધીપતીપણું ચાર વરસો સુધી ચલાવીને તેવણે છોડી દીધું હતું. ૧૮૭૩માં તેવણ વેલાત ગયા અને તયાની કાલેજોમા દાંતની વીદ્યાનો ખાસ અભયાસ કરીને તેવણે એફ. આર. સી. એસ. તથા એલ. ડી. સી. ની પદવીઓ મેળવી હતી. અતરે પાછા ફરીને તેવણે દાંતના વૈદનો ધંધો ચાલુ કીધો અને એ ધંધાથી તેઓ દેશીઓ તેમજ યુરોપીઅનોમાં ઘણા જાણીતા થયા. વીદ્યાભયાસના તેમના શોક અને અભયાસની આ એક જાહેર સાબેતી છે કે અતરેની ગુજરાતી ગ્નાન પ્રસારક મંડળી તરફથી ડાકટર ઓરીએ શરીર અને તંદરોસ્તીને લગતી બાબતો ઉપર ૨૩) જુદાં જુદાં કીમતી ભાશણો આપયાં હતાં. બીજી સભાઓ જોડે ડાકટર ઓરીએ રાહનુમાય સભા સાથ પણ પોતાનો સંબધ છેલી ઘડી સુધી ચાલુ રાખયો હતો, અને પારસીઓની રેહેનુમાઇ કરનારી આ સભાના સંબંધમાં ડાકટર ખરશેદજીની ઉનટનો એક દાખલો અતરે જાહેર કરવાજોગ છે કે તેવણે નાનાં જરતોશતી બાળકોને તેમના મજહબનું ગ્નાન આપવા કીજે સલીસ ઇબારતમાં એક નાનો ગ્રંથ બનાવયોછે, અને તે તપાસવા માટે સભાએ એક કમીટી ઠરાવીછે. શેવટે અમને એકજ બાબત જણાવવાની છે અને તે મરહુમ તબીબનો અમારાં પત્ર સાથનો સંબંધ છે. આ પત્રની તેમજ સ્ત્રીબોધ ચોપાનીયાની કટારોમાં તેમનાં લખાણો વખતેવખત પ્રગટ થયાછે, અને તે મોટી ઉલટ સાથ વંચાયાછે. ડાકટર ઓરીનાં મરણથી મુંબઇની આલમે એક સ્વતંત્ર વીચારના ઇમાનદાર શેહેરીને અને તેમના મીત્રોએ એક ખુશમીજાજના, રમુજી અને ખુલ્લાં દીલના ઍરબાહને ખોહયોછે. આ મરહુમ તબીબની જાહેર હીમતના સંબધમાં એક જાણવાજોગ વાત એ છે કે હરેક સુધારાના યા બીજા મુશકેલ સવાલ વખતે જયારે તેમના મીત્રો પ્રજાની લાગણી તરફ જોઇને નવી હીલચાલની ફતેહને માટે બીહીક બતાવતા હતા તયારે ડાકટર ઓરી તે હીલચાલને આગલ લંબાવવા માટે સદા કમર બાંધી પેહેલાં બાહેર આવતા હતા. ગયાં સાલમાં તેવણ અતરેની લાડજ "રાઇજીંગ સ્ટાર" ના માસ્ટરની પદવી પામયા હતા અને પોતાનાં મરણ સુધી ગ્રાંડ લાડજના એક ઓધેદાર હતા, જે ખાતાંઓમાં એક સ્વતંત્ર વીચારના "બેરાદર" દાખલ સર્વેમાં તેવણ જાણીતા હતા. ખચીત એવાં માણસોની ખુટ જલદીથી પુરાતી નથી, તેમજ ડાકટર ઓરીનાં મરણથી પડેલી ખુટ પણ લાંબા દીવસો સુધી પુરાવાની નથી.

મરહુમ ડાકટર ખરશેદજીમાં તેઓના તબીબ વરગેજ નહી પણ દેશી પ્રજાએ એક ઘણો ઉપયોગી, આપએખતીયાર અને હીમતવાન તબીબ અને શેહરીને ખોહયોછે. મરનારની જાહેર સેવાઓ અમે ગયા અંકમાં જે કાંઇ જણાવીછે તે ઉપરાંત એમના બીજાં કેટલાંક અગતનાં કામોની નોધ અમોને આ ટાંકણે યાદ આવેછે. આપણી ગટરો અને આપણા પાણીને લગતી હાલની ચરચામાં આ વાત નવાઇની છે કે એ સવાલો ઉપર તપાસ કરવાને આજ પંદરથી વધારે વરશ ઉપર સરકારે પેહલવેહલું જે કમીશન ઠરાવયું હતું તેમાં મરનાર ડાકટર ખરશેદજી ખોરીએ મોટા અભયાસ સાથ કીમતી શાક્ષી આપી હતી. વળી આજ પાંચ વરશ ઉપર જયારે અતરે શીતલાનો ઉપદ્રવ થયો હતો તયારે તે વખતના મીયુનીસીપાલ કમીશનર મી૦ પેડરે ગઉસીતળાના ફાયદાઓ વીશે એજ મરનારના લખેલા ગુજરાતી નીબંધની ૬૦૦૦ નકલો શેહર ખાતાંને ખરચે છપાવીને આખાં શેહરમાં વેંહચી હતી, કે જે નીબંધ મરનારે ગ્નાન પ્રસારક મંડળીમાં કરેલાં વીસથી વધારે કીમતી ભાશણો માહેલું એક હતું. આજ બે વરશ ઉપર જયારે ગ્રાંટ મેડીકલ કાલેજના ઇંગ્રેજ શીક્ષકોને ખાનગી ધંધો કરવાથી અટકાવવાનો સવાલ ઉઠયો હતો અને જયારે આપણા થોડાક ગ્રાજુએટો પોતે ડાકટર કુકની ખાનગી ઘરાકીની પક્ષમાં અરજી કરવા નીકલયા હતા તયારે ઘણાક ગ્રાજુએટોના ખાનગી મત તેની વીરૂધ હોવા છતાં તેઓએ જાહેરમાં બોલવાની હીમત કીધી નહી, તે હીમત મરનાર ડાકટર ખરશેદજીએ કીધી હતી અને તેઓ ઘણી મજબુતીથી તે હીલચાલની સામાં થયા હતા. તંદરોસતી જાલવવાની બાબતમાં પોતાના સંખયાબંધ ચોપાનયાંઓ અને ભાશણો ઉપરાંત આ મરહુમે એક મોટું પણ સસતું પુસતક ગુજરાતીમાં રચવા માડયું હતું, જે લગભગ પુરૂં કીધા પછી તેઓના અકાળ મરતીઉકથી થોડુંજ અધુરૂં રહી ગયુંછે. એ સઘલું દેખાડી આપેછે કે પોતાના સંપાદન કરેલા ગ્નાનનો પોતાના દેશીઓને લાભ આપવાને મરનારે મુગેમોહડે કીમતી મેહનત ચાલુ રાખી હતી, અને એવા એક દોસતની યાદગારીમાં એ મરહુમના મીત્રો કાંઇજ નહી પણ પોતાની આઇન ફરજ માત્ર બજાવેછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૨ અને ૨૯ મી જુલાઇ ૧૮૮૩]

20*th July* 1883.

DR. CURSETJEE FRAMJEE KHORY—We regret to announce the death of Dr Cursetjee Framjee Khory, which took place yesterday evening at his residence at Chundunwady, Girgaum. Dr. Khory was yesterday morning suddenly seized with an attack of cholera and succumbed to it about twelve hours afterwards. The deceased was a graduate of the Grant Medical College, and was a dentist with a large practice. A few years ago he published a work under the name of "Health," treating of sanitary and other matters. He also delivered a large number of lectures in connection with the Gujarati Dnyan Prasarak Mundlee (Society for the Diffusion of Knowledge) and they were admired for their originality and the exhaustive manner in which the several sanitary measures were discussed. He was a member of the Royal College of Surgeons and a Justice of the Peace for Bombay, and was one of the most popular men in the Parsee community. As secretary to the Grant Medical College Society, he rendered valuable services to the profession, which can ill afford to lose such a useful member. As will be observed from the obituary notice, the funeral takes place this

(Saturday) morning. Dr. Khory was a prominent Freemason, and last year held office as the Worshipful Master of Lodge Rising Star.

[*Times of India*, 21st *July* 1883]

તા૦ ૨૦ મી જુલાઇ.

રોજ ૫ માહ ૧૧ (શે૦) ૧૨૫૨ યજદેજરદી.

કાવશજી પેશતનજી બેનેટ—અતરેના જાણીતા લીલાંઉખ્યાંનાવાલા મી૦ કાવશજી પેશતનજી બેનેટ ગઇ કાલે બપોરે મરણ પામયાછે. એ મરનાર લાંબી મુદત સુધી અતરેના મીસીઅરસ બેનેટ કંપનીના લીલાઉખ્યાના સાથ જોડાયલા હતા અને છેહેલાં કેટલાક વરસ થયાં એ લીલાંઉખ્યાંનાના એખ્તલા માલેક હતા.

[જામે જમશેદ, તા૦ ૨૧ મી જુલાઇ ૧૮૮૩.]

તા૦ ૨૬ મી સપટેમબર.

રોજ ૮ માહ ૧ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

બેજનજી જમશેદજી માણેકશાહના, વલસાડના—

વલસાડ, તા૦ ૨૭ મી સપટેમબર.

કાલેરા—આ મરજે હીંદુ મુસલમાનો વગેરેમાંથી તદન નાબુદ થઇ પારસી લોકોપર હમણાં હુમલા કરવા માંડયાછે. મારા છેલા પત્રમા જણાવયા પછી અતરે જાણીતા પારસી બેજનજી જમશેદજી માણેકશાહના તેવણનાં ધણીયાણી તથા એક મોટી છોકરી બએ દીવસના અંતરે કાલેરાના ભોગ થઇ પડયાંછે. જેથી તેવણનાં કુટુંબમાં સઘલે દીલગીરી ફેલાઇ રહીછે. મરનાર બાકડાંના મોટા વેપારી હતા.

[મુંબઇ સમાચાર, તા૦ ૧ લી અકટોબર ૧૮૮૩.]

તા૦ ૪ થી અકટોબર.

રોજ ૧૬ માહ ૧ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

શોરાબજી નવરોજજી વાડીઆ—જણાવાને દલગીરી ઉપજેછે કે જાણીતા વાહડીયા ખાનદાંનના એક જાણીતા નબીરા શેઠ સોરાબજી નવરોજજી વાહડીયા ગઇ શાંહજનાં ગારાના મરજથી ૪ દીવશ હેરાંનગતી ભોગવી ૬૨ વરસની ઊંમરે મરણ પામેયાછે. એ મરનાર મરહુમ માશટર બીલડર શેઠ નવરોજી જમશેદજી વાહડીયાના પાંચમાં બેટા થતા હતા અને ૧૮૪૯ ના શાલમાં વેપારને અરથે ચીન ગયા હતા. મરનાર મીશીઅરસ ઇવરટ લાઠમની પેહેડીમાં મદદનીશ તરીકે નજદીક ૧૫ વરસ થયાં જોડાયા હતા જયાં તેવણ પોતાના મરણની ઘડી સુધી સારા હોધા ઉપર હતા. શર જમશેદજી બેનીવોલંટ ઇનશટીટયુશનના મરનાર લાંબી મુદત થઇ આડીતર પણ હતા.

[જામે જમશેદ, તા૦ ૫ મી અકટોબર ૧૮૮૩.]

4th October 1883.

Sorabjee Nowrozjee Wadia—We regret to announce the death, yesterday afternoon, of Mr. Sorabjee Nowrozjee Wadia, for many years employed in the firm of Messrs. Ewart, Latham, & Co, at his residence, Cowasjee Patell street, Fort. He was formerly guarantee-broker to Messrs. Lyon Brothers He died after a short illness of four days. His remains will be taken to the Towers of Silence this morning. He was a son of the late Mr. Nowrojee Wadia, Master Builder, H. M.'s Dockyard.

[*Bombay Gazette*, 5th *October* 1883.]

તા૦ ૧૮ મી અકટોબર.

રોજ ૩૦ માહ ૨ (ક૦) ૧૨૫૩ યજદેજરદી.

અરદેસર ગુસ્તાદજી કોહીઆર—જણાવવાને હમો અતયંત દલગીર છીએ કે, મી૦ અરદેશર ગુશતાદજી તે સુરતના આગલા કદમી અકાબર મી૦ નશરવાનજી કોયાજીનો નબીરો ગયાં અઠવાડયાંમાં કરાંચી ખાતે મરણ પામયો હતો. મરનાર ૩૦ વરસ અગાઉ એમ. પી. ટબાકની પેહેડી સાથે કરાંચી

ગયો હતો, અને લાંબો વખત સુધી પરખ્યાત મેસરસ ફ્લેમીગ કમપનીના બરોકર દાખલ કામ કરયુ હતું. કરાંચીમાં પારસી લાડજનો પાયો નાખનાર મરનાર પોતે હતો અને તેને આખરે "વરશીપ ફુલ માસતર" તરીકે ચુટી કાહાડવામાં આવયો હતો. પોતાના મલતાવડા સવભાવને લીધે પોતાની તેમજ યુરોપયન અને દેશી કોમનો સારો પયાર પોતા તરફ ખેંચવાને મરનાર શકતીવાન થયો હતો.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી અકટોબર ૧૮૮૩]

18*th* *October* 1883,

ARDESHIR GOOSTADJEE KOHIYAR—The *Beacon* (Kurrachee) honours the following paragraph with a black border —We record with sincere regret the death of a Parsee gentleman here, Mr. Ardeseer Goostadjee, which took place on the morning of the 18th inst The deceased gentleman first came to Kurrachee about 30 years ago with the firm of M. P. Tubak. He held for a long time the appointment of broker in the old, standing firm of Messrs. Fleming and gave very great assistance to the members by his genuine cordiality He was a very well educated Parsee, and was the first Zoroastrian who introduced the mystic tie in Kurrachee and by his zealous exertions initiated a good number of his creed in the square and compass confraternity. When Lodge Harmony was first started he was the foremost to join it, and eventually was elected to the Eastern Chair as Worshipful Master, and was the first Zoroastrian who was elected as P. Z in the Chapter of Faith and Charity. He was very popular among his coreligioinsts, as well as with the European and native community. His corpse, when carried to the Tower of Silence, was largely attended, which fact demonstrated that he was well liked by his people.

[*Bombay Gazette*, 23*rd* *October* 1883.]

તા૦ ૧૨ મી નવેમબર.

રોજ ૨૫ માહ ૨ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

દેસાઈ બરજોરજી નવરોજજી, નવસારીના—

નવસારી, તા૦ ૧૪ મી નવેમબર.

દેશાઈજી સાહેબ બરજોરજી નવરોજીના મરણની ખબર ગઇ કાલે હું તાર મારફતે જણાવી ગયોછુ. તેવણના મરણની અચબુચ ખબર સમજીને અતરેના પારસી તો શુ પણ દરેક જાતના લોક અતીશે દલગીર થઇ ગયા હતા. અને આજે દરેકને મોઢે સાભલવામાં આવેછે કે એવા ભલા દયાલુ ગરહસથ થોડાજ થઇ ગયાછે અને થશે. એવણની જીંદગીના ઘણોજ ટુક સારાસ જે હુ મેલવવાને શકતીવાન થયોછુ તે વાચનારને કદાચ ગમતો થઇ પડશે એવી ધારણાથી તે આ પરસંગે જણાવાને ઠીક વીચારૂછુ. એ મરહુમ દેશાઇજીનો જનમ સ વત ૧૮૬૪ ના સાલમાં વાસદા ગામની પડોશમાં "વેવલ" ગામમાં થયો હતો. એ દેશાઇજી પોતાના મમાવાના વંશમાં એખલાજ હોવાથી "વેવલ" ગામની દેશાઇગીરી એવણનેજ મલી હતી, જે અદયાંપી ચાલેછે. અતરેના અનજુમનના એક અકાબર તરીકે લાંબો વખત સુધી કામ કરયુ હતુ. એટલે સવંત ૧૯૧૪ થી તે ૧૯૩૨ સુધી દેશાઇ તેમુરસજી જેવન મોટો ભાગ મુંબઇમાંજ રેહેતા હતા, તેવણના વખતમાં નાયબ તરીકે અને તેવણના મરણ પછી આજ સુધી એવને અંજુમનના વડા તરીકે ઘણીજ વખાણવાજોગ રીતે આબરૂથી કામ કરયુ હતુ. એવણના વખતમાં અતરેના આતશબેહેરાંમ શાહેબને માટે જાણીતા શેઠ બેહેરામજી નશરવાનજી સીરવઇએ એક ચાંદીનુ પાતરૂ અતરેના

આતશબેહેરામમાં મુકાવયુ તે વખતે એ શેઠ અને એ દેશાઇજી વચે ઘણી તકરારો ચાલી હતી. સબબ કે દેશાઇજી રૂપાનુ પાતરૂ મુકાવાની મને કરતા હતા. એવું કહીને કે "અમારા વડવાઓ પણ કીમતી પાતરાં મુકાવાની શકતી ધરાવતા હતા પણ બદમાસે આતશને હેરાન કરવાની મતલબથી નહી પણ કીમતીજ (પાતરૂ) ચોરવા માટે અનેક રીતે હુમલો કરે જેથી આપણા કેબનાને નુકશાંન થાય માટે કીમતી પાતરૂ ચહડાવવુ એ ધાસતી ભરેલુ છે, તે સાથ વલી કોઇ વખતે એવી ચીજો ઉપરં સાહુકારોની જપતી આવેલી ને ઘણી મેહેનતે આતશબેહેરામના મુસતવીઓએ દેવુ આપી જપતી ઊઠાવેલી સાભલવામાં આવેછે" વગેરૂ કારણો જણાવયાં હતાં. પણ પાછલથી એવી સમજુતી થઇ કે હવે લુટારાઓનો દોર નથી તેમજ સરકાર પુરતો જાપતો રાખેછે માટે રૂપાનુ પાતરૂ ચહડાવવામાં હરકત નથી, અને બીજી અડચણો માટે ચોકસ લેખ થઇને તે રૂપાનુ પાતરૂ ચહડાવયુ હતુ. આતશબેહેરામ સાહેબની સાલગરીને દહાડે પોતે જાહેર જશણ દર વરસ કરતા હતા. સંવંત ૧૮૦૨ ના સાલમા મલાહરાવ કડીકર અને કાનુજીરાવ ગાયકવાડ વચે ગાદી લેવા માટે થયલી ખટપટમાં એ મરહુમ દેશાઇજીના બપાવા દેશાઇ મંનચેરજીએ ઇંગરેજ સરકારની મદદ લઇ મલારરાવ ગાયકવાડને ગાદી અપાવેલી જે વખતે ઇંગરેજ સરકારે ગુજરાત તરફ ઝાઝો પગપેસારો કરેલોજ નહી. અને ખરૂ પુછાવે તો "ઇંગરેજ સરકારને ગુજરાતનો રશતો દેખડાવાને દેશાઇજીએ મસાલ દેખાડી હતી" અને "દેશાઇ તો ઇંગરેજ સરકાર અને ગુજરાત વચેનો એક પુલ હતો" એમ તે વખતની સરકાર પોતાના લેખમા લખેછે. એવી રીતનો ઇંગરેજ સરકારનો ગુજરાતમાં પગપેશારો કરાવાથી ઇંગરેજ સરકારે દેશાઇ મંચેરજીના છોકરા અને છોકરાના છોકરાઓને તેમની હયાતી સુધી પેનસન આપવાનુ નકી કરેલુ તે રીતે એ મરહુમ દેશાઇ બરજોરજી તેમના વંશમાં ઇંગરેજ સરકારના છેલા પેનશનર હતા. જે પેનશન હવેથી તદન બંધ થયુછે, પેનશન તરીકે દર વરસ રૂ૩૦૦) મલતા હતા. એ દેશાઇજી ગાયકવાડ માહારાજાએ આગલા મરનાર શયાજીરાવ ગણપતરાવ અને મુખય કરી ખંડેરાવ સાથ, તેમજ ધરમપોરના રાજા વીજેસીંગજી સાથ અતીશય મીતરાચારી ધરાવતા હતા. મજકુર માહારાજાઓ ગમે એ કામમાં હોય અને એ દેશાઇજી જાય તો સભય થઇ જરૂર મલતા. માહારાજા ગમે તયાં એકાંત હોય તયાં પણ જવાની તેમને પરવાનગી હતી, મજકુર વીજેસીંગજી રાજાએ પોતાની ઇધાણી તરીકે રૂ૩૭૦૦) નો એક "છબીલો" નામનો ઘોડો તેમને બક્ષીસ કરેલો કે જે ઘોડાની તારીફ આજે પણ રજવાડાઓમાં છે. મરનાર ઘોડાના અતીઅંત શોખીન હતા. જે એક ઘોડો એક વખત ૧૮ ચાબુકસવારને પીઠ ન આપતો તે ઘોડો એવન વાપડતા. હથયારનો પણ ઉપયોગ કરી જાણતા અને તેની આવડથી ધરમપોરના મજકુર રાજા તરફથી નંગ જડીત ઉમદા હથયારો બક્ષીશ થતાં, ગાયકવાડે હથયાર છોડવયા તયારે એવણને હથયાર વાપવાને લાયક જાણી તે રાખવાની પરવાંનગી હતી. ગાયકવાડ તરફથી પાલખી અને છતરી મસાલનું માન એમને હતું. સવંત ૧૮૬૭ થી તે ૧૮૮૪ સુધી પોતાની ભર જુવાનીમાં પોતાનાં ભાઇ એદલજી સાથે ગણદેવીની હાકમાઇ કરેલી. તે પછી શંવત ૧૯૧૭ થી સંવત ૧૯૧૯ સુધી નવસારીની હાકમાઇ કરીને પોતાની હમેશની તારીફમાં ઉમેરો કરેલો. મરનાર જાતે નરમાશવાલા, ભલા, સાદા, એકમારગી અને કોઇનુબી તેમાં અગત કરી ગરીબોનુ ભલુ ચહાવામાં પહેલા હતા.

આસરે બે વરસની વાત ઉપર મરનાર સખત બીમાર હતા તે વખતે એમની બચવાની આસા ન હતી. પણ જીંદગીએ યારી આપવાથી તે વખતે ઉઠયા હતા; પણ આ વખતે ફકત ૧૦ દહાડાની માંદગી ભોગવી ગયા સોમવારની રાતના ૩ કલાકે બેહેસ્ત-

નશીન થયા. મરનારને ૭ છોકરા અને તરણ છોકરી છે. મરહુમ દેશાઇજી ઘણા ભાયગશાલી અને સુખી કેહેવાતા હતા. એવણ ચોથી પેહેડીના મોટા બાવા થયા હતા. એમની ઊંમર ૭૬ વરસની કહેવાયછે. મરનારના ઉઠમણાની કીરીઆ અને પાયદસતની કીરીઆ વખતે ભારે મીજલસ મલી હતી. ઉઠમણાના ફંડમા સઘલા મલી રૂ૫૮૦ ભરાયા હતા; જેમાંના રૂ૫૦૦ નુ ફકત વયાજ ઉપજાવીને તેમાંથી અગતના ધરમના કામમાં વાપરવાને ઠરાવ કરયોછે. બાકી રૂ૮૦ જુદાં જુદાં ધરમખાતાંઓમાં આપયાછે. એ દેશાઇજીની ખાલી પડેલી અકાબરની જગાએ એવણના ખાનદાન વડેલ દેશાઇ મનચેરજી હોરમજીને નેમીને તેવણને આજે ઉઠમણાની કીરીઆમાં અંજુમન તરફથી એક શયાલ અપાઇછે. સેવટે, જેમ બીજા વડા દશતુર—દેશાઇ અને જાણીતા શેઠીઆવોના નામ જાહેર મીજલશના આફરગાન—બાજમાં લેવાયછે તેમ એ મરહુમ દેશાઇનુ નામ પણ હમેસાં ચાલુ રાખવાને દશતુરજી શાહેબ તરફથી જાહેર કરવામાં આવયું હતું.

[જામે જમશેદ, તા૦ ૧૬ મી નવેમબર ૧૮૮૩.]

તા૦ ૧૭ મી નવેમબર.

રોજ ૩૦ માહ ૨ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

ધનજીભાઈ ઉકરજી બનાજી—મરહુમ શેઠ બનાજી લીમજીના વડા વંશના હાલના વડા નબીરા મી૦ ધનજીભાઇ ઉકડજી બનાજી ગયા શનીવારે ૬૬ વરસની ઊંમરે હક થયાછે. એ મરનાર આજ લાંબી મુદત થઇ કોટના પારસી બજાર સટરીટ મધેની મરહુમ નવલાંઇ શેઠજીની નજદીક એક સદી ઉપરની પુરાંણી સરાફી દુકાન ચલાવતા હતા. પારશીઓના જાણીતા મરહુમ શેઠ ફરામજી કાવશજી બનાજી તથા મરહુમ નાનાભાઇ બેહેરામજી દાવર પણ એજ ખાનદાનના હતા.

[જામે જમશેદ, તા૦ ૧૯ મી નવેમબર ૧૮૮૩.]

તા૦ ૧૮ મી નવેમબર.

રોજ ૧ માહ ૩ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

ફરામજી શોરાબજી ડોટીવાલા—

સીકંદરાબાદ, તા૦ ૨૧ મી નવેમબર.

એક પારસી ગરહસથનું મરણ—ગયે રવીવારે રાતરે સાત કલાકે અતરેની મુઠીભર જરથોસતી વસતીમાંથી એક ગ્રહસથે પોતાનો અસબાબ આ જેહાનથી ઉઠાવયોછે. શેઠ ફરામજી સોરાબજી દોતીવાલાનું નામ અતરે સરવે કુટુંબમાં મશહુર હતું, અને તેવણ અતરેના જરથોસતીઓના એક અકાબર હતા. એક (પારસી) ચાકરથી તે એક મગરૂર તવંગર વટીક તેમની તરફ માન અને મોહોબતની નજરથી જોતા હતા. મરનાર ઓગણોતેર વરસની ઊંમરે પોહોંચયા હતા. તેવણ ચાલાક અને દુનયાંના અનુભવવાલા હતા. તેવણને ઇંગરેજી જોકે માફકસર આવડતું હતુ, તોપણ તેવણ પોતાની ખુદરતી મનશકતીનાં બલે તકરારની અંદર વાજબીપણે જુવાન અને કેલવણી પામેલાને માહાત કરી શકતા હતા. તેઓ એક ચુસત જરથોશતી હતા. પોતાની કોમનું માન હમેશ તેમને હઇડે રેહેતું હતું, અને તેથી એક હાથપર કોઇ આડે રસતે ચાલનાર મરદ ઇઆ સ્ત્રી ઊપર તેવણ કરડી નજરે જોતા, તો બીજા હાથપર પોતાની જાતને નામોસી નહી લાગે એવી મકસદથી બીજે વખત ખરેખર ગુનેહગારોને પોતાના ઓહલા લાગવગથી છોડવવાને પછાત પડતા ન હતા. ટુંકમાં એ મરહુમના જેવા દયાલુ અને પરોપકારી હેદરાબાદમાં મલવા મુશકેલ છે. તેવણ સરકારી લીલાંઉ કરનારા હતા, જે ઓધો ઇ૦ સ૦ ૧૮૩૬ થી તે તેમનાં મરણ સુધી તેવણે બાહોશી અને વફાદારીથી ચલાવયોછે. તેમની પ્રમાણીક નોકરીની તારીફ જબજા કરવામાં આવીછે, અને અતરેથી એવો કોઇ કેનટોનમેંટ મેજીસટરેટ, કે કમીસરીએટ ખાતાનો અમલદાર, કે મદદનીસ રેસીડંટ વીદાય થયો નથી, કે જેણે એવણને

શાબાશીભરેલી સરટીફીકેટ આપી ન હોય. જયારે માહારાણી વિકટોરીયાએ હીંદુસતાનની શેહેનશાહબાનુનો એતાબ ધારણ કીધો, તયારે શેઠ ફરામજીને પોતાની લાંબી પ્રમાણીક નોકરીના બદલામાં એક સરટીફીકેટ એનાયત કરવામાં આવી હતી, જેની ઇબારત એક પોકલ એતાબ કરતાં વધારે વજનદાર ગણાયછે. મરનારને અવલમ જલ પોહોંચાડતી વેલા એક મોટી દબદબાભરેલી મીજલેસ ભેગી મલી હતી, અને એવા એક લાયકીવાલા અકાબરના ગુમ થવાથી આખી પારસી કોમમાં ગમગીની ફેલાઇ હતી.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૬ મી નવેમબર ૧૮૮૪.]

તા૦ ૨૬ મી નવેમબર.

રોજ ૯ માહ ૪ (કo) ૧૨૫૩ યજદેજરદી.

દસતુર શોરાબજી રૂસતમજી મુલ્લાંફીરોજના—મુંબઇના કદમી ટોલાના વડા દસતુર શોરાબજી રૂસતમજી મુલ્લાફીરોજના ગયા શોમવારે બપોરનાં ૭૧ વરસની ઉમરે હક થયાછે. મરહુમ મુલ્લાંફીરોજ કે જેવણનું નામ આજ સુધી સરવે ઓલમાઓ માન સાથે યાદ કરેછે તેવણ ૧૮૩૦ માં ગુજરયા તે વખતે મરનાર દસતુર શોરાબજીને પોતાના દતક કરી લીધા હતા. તથા કદમી ટોળાની દસતુરી તેમના ભત્રીજા દસતુર મોનોચેહરજી કેકોબાદ કે જેવણ તે વખતે ચીન ખાતે હતા તેમને આપી હતી, પણ તેવણે ચીનથી અતરે આવી તે ઓધો લેવાને ના પાડવાથી કદમી ટોળાના દસતુર તેમના ભાઇ દસતુર રૂસતમજી કેકોબાદજીને ઠેડ્યા હતા. તેવણ ૧૮૫૪ માં મરણ પામવાથી કદમી અંજુમને તેમના વડા દીકરા દસતુર અરદેસરને, અને દસતુર અરદેસર ૧૮૬૪ માં ગુજરવાથી કદમી અંજુમને એકમતે દસતુર શોરાબજીને પોતાના વડા દસતુર મુકરર કીધા હતા, તથા એક ફંડ કરી એમને મુસારો આપતો કીધો હતો. અંજુમનના દસતુર થયા આગમજ એઓ લશકરી તથા સનદી ખાતાંના ઇંગરેજ અમલદારોને ફારસી જુબાંનની તાલીમ આપતા હતા. એ ઉપરાંત તેવણ ૧૮૪૨ થી તે ૧૮૬૧ સુધી મુલ્લાંફીરોજ કેતાબખાનાના પુસ્તક અધીકારી તથા ૧૮૫૭–૫૮ માં મુલ્લાંફીરોજ મદરેસાના હાનરરી શેકરેટરી તેમજ ૧૮૫૬ થી તે ૧૮૬૪ સુધી ઇરાન દેશના રેહનારા ગરીબ જરતોશતીઓની હાલત સુધારનારી મંડલીના શેકરેટરી હતા. મુંબઇની પારસી ચીફ માટરીમોનીઅલ કોરટ સથાપી તીઆરથી તે છેલા આપરેલ માસ સુધી એવણ તેના એક ડેલીગેટ હતા, અને માંદગીના શબબથી તે ઓધો છોડયો હતો. મરહુમ દસતુર ઘણા નરમ સવભાવના, મીલણસાર અને થ ડી પ્રકરતીના હતા. તેવણ રીતભાંતમાં ઘણા વીવેકી અને સાલેસ તથા જીંદગીમાં ઘણા એકમારગી અને રાંક હતા. તેવણને ફારસી ભાશાનું ગ્નાન સારૂં હતું, અને વરશોવરશ સુલતાની નોરોજની "રમુજી" તાસીર તેવણ છપાવતા હતા. પણ જરતોસતી ધરમ પુસતકની બીજી પુરાતન ભાશાઓમાં તેવણ વાકેફગાર નહી હતા. તોપણ તેવણે દસતુર દાખલ ધરમબોધ કરવાની થોડીક છુટીછવાઇ કોશેશો જારી રાખી હતી અને ત્રણ ચાર વાયજીઓ કરી હતી. તેવણને કદમી અનજુમનના ફંડ તરફથી સ્વત ત્ર પગાર મળતો હતા, જે પગાર પેહલા તો દર માસે રૂ૨૦૦ નો હતો, પણ તે આસતે આસતે ઘટતો ચાલયો હતો અને છેલે તો આસરે ૫૦ રૂપીયાપર આવી ગયો હતો. એક હાથ ઉપર પોતાની દસતુરીને દીપાવવાની મરનારની શકતી અને ઉલટમાં તથા બીજા હાથ ઉપર દસતુરનો દરજજો માનથી જાલવી રાખવાની જરતોશતીઓની ઉલટમાં એકસરખો દમ નહી હોવાથી આ ફંડ સંબંધી હીલચાલ નહીસરખી થઇ પડીછે અને પારસીઓમાં પગારદાર દસતુર રાખી તેને સ્વતંત્ર કરવાનો આ નાનોસરખો અખતરો નીશફળ ગયોછે. એમાં બેહુ બારદુનો વાંક અમે જોઇયે છીયે. એક તો પારસીની અનજુમન પોતાની ગાંઠનો સ્વતંત્ર પગાર

આપવાની ઉલટ પકડે એવું સ્વતંત્રપણું અને યોગીયતા બતાવી આપવાને દસ્તુર વરગમાંથી કોઇ લાયક નરો આજવેર બાહેર પડયા નથી અને બીજું તો પારસીઓ ધરમ સંબંધી ઉલટની મોહડેથી ધામધુમ માત્ર કરેછે પણ અંદરખાનેથી પોતાના ધરમ સંબંધી સુધારાની તેઓ કશી કાલજી ધરાવતા નથી અને તેઓની ધરમ સંબંધી ઉલટ માત્ર બોલીનેજ બેસી રેહવામાં છે.

[શારત ગોફતાર, તા૦ ૨ જી ડીસેમબર ૧૮૮૩.]

26*th November* 1883.

DUSTOOR SORABJEE RUSTOMJEE MOOLLA FIROZ.—We regret to announce the death of Dustoor Sorabjee Rustomjee Moola Feroz, the high-priest of the Kudmee Parsees of Bombay, which occurred yesterday at his residence, Dady Sett Agiary-lane. He had latterly been suffering from a chornic attack of dysentery, and had in consequence to resign his seat as a delegate of the Parsee Chief Matrimonial Court. He was much respected in the community as a learned survivor of the celebrated Moola Feroz family. His remains will be carried to the Towers of Silence this morning.

Bombay Gazette, 27th November 1883.

તા૦ ૮ મી ડીસેમબર.

રોજ ૨૧ માહ ૩ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

દાદાભાઈ પેશતનશાહ કામા, સુરતના—

સુરત, તા૦ ૮ મી ડીસેમબર.

અતરેવાલા મી૦ દાદાભાઇ પેસતનશાહ કામા જેઓ કેટલાક મીતરોની જોડે ગયા માસમાં કલકતા ખાતે પરદરશન જોવાને મુસાફરીએ ગયા હતા, તે આજ સહવારે છ કલાકે કલકતામાં છાતીનાં દરદની બીમારીને લીધે લગભગ ૬૦ વરસની વયે મરણ પામવાના સમાચાર મલયાછે. તેમની ઉપલી બીમારીમાં કલકતાની સખત થંડીથી પણ વધારો થયલો જણાવવામાં આવેછે. મરનાર અતરેની મોટી જેલના ઘણા વરસ સુધી જેલર હતા, ને તેથી તેઓ જેલરની અટકથી ઓલખાતા હતા. તેઓએ રૂ ખાતાંમાં નજદીક ૨૦ વરસ સુધી ભરૂચ ખાતે સરકારી નોકરી બજાવી હતી; પણ આજ નજદીક ચાર વરસ થયાં રૂની ભેલસેલને લગતો કાયદો નીકલી જવા પછી તેઓ રૂપયા ૬૦) નાં પેનશન ઉપર હતા. જે વેલા મયુનીસીપાલટીનાં મેહેસુલ ખાતાંમાં મોટો ઘોંટાલો ચાલી માજી ઇનસપેકટરોમાંના એકને કેદખાનાંની સજા થઇ હતી, તે વખતે રૂપયા ૬૦) ના પગારની મેહેસુલ ખાતાંનાં ઇનસપેકટરની નવી જગા ઉપર તેઓ મયુનીસીપાલીટીમાં નેમાયા હતા.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૦ મી ડીસેમબર ૧૮૮૩.]

તા૦ ૧૧ મી ડીસેમબર.

રોજ ૨૪ માહ ૪ (ક૦) ૧૨૫૩ યજદેજરદી.

હોરમજજી બેહરાંમજી રાંણા—કમનસીબ હોરમસજી બેરાંમજી રાણા આખરે મરણ પામયોછે અને તેના મરણનો ધડો જીવતાંઓએ ભુલવો ન જોઇયે. જે કમનસીબ શખસે પોતાની આખી જીંદગી સુખવાસમાં ગુજારેલી, જે કમનસીબ શખસે પોતાની ૭૫ વરસની ઉમરમાં દુનયાંનું માનઅકરાંમ મેલવેલું, તે કમનસીબ શખસ એક બંધીવાન તરીકે એક બંધીખાનામાં પોતાનો છેલ્લો દમ લે એ બચીત દુ:ખદાયક છે. આ ક્ષણભંગુર દુનીયામાં જેમ જીંદગીનો ભરૂસો નથી તેમ આવતી કાલે આપણી ઉપર શું આફત આવી પડશે, બીજી ઘડીએ સેતાન ચોઘડીએ આપણેથી શું આડુંતેડું કામ થઇ જશે તેનો પણ ભરૂશો નથી, માટે આ ક્ષણભંગુર પરૂથવીના માનવીઓએ પોતાનું એકેએક પગલું ખુબ સંભાલથી ભરવું જોઇયે. હોરમસજી રાણાની આપણને વધુ દયા એટલા માટે લાગેછે કે ઘડપણમાં તેની

ઉપર આવો સીતમ પડયો હતો. અમો એમ નહી કેહેતા કે હોરમસજીએ તેની ઉપર મેહેલો અનીયાય કરયોજ હતો અને તે કોરટમાં પુરવાર નહીં થયો તેટલા માટે આપણેથી બોલીબી નહીં શકાય, પણુ જો એકબારગી કરયોબી હોય તોબી તે મોટા વાંક તરફ નેખાહ પણુ કરતાં ઘણે ઠેકાણેથી એમ બોલાયછે કે આ કમનસીબ ઘરડા માણુસ તરફ બેંક તરફથી અથવા. બીજે કોઇબી ઠેકાણેથી તેને લાયક કરતાં વધુ સખતાઇ બતાવવામાં આવી હતી. ઇનસાફને પોતાનો રાહા લેવા દેવો જોઇયે એ તો કોઇબી ના પાડશે નહીં, પણુ બરીટીશ વાજબી ઇનસાફમાંબી દયા ભેલાયલીછે. હવે જયારે હોરમસજી રાણુા પોતાના બાબમાં આવકાર દેવાજોગ મોહોતને સરણુ થયોછે, તયારે એ વીશે અમો વધુ બોલવા માંગતા નથી. મુંબઇ બેંક ૧૮૪૦ નાં શાલમાં સથાપવામાં આવી હતી અને તેમાં મરનારના મામા જાણીતા શેઠ ફરાંમજી કાવસજી બનાજીએ મુખય આગેવાંની લીધેલી હોવાથી તેવણુને પેહેલા અને એબલા દેશી ડાઇરેકટર કરીયા હતા. આજશુધી એ બેંકમાં વડા શરાફનો ઓધો પારસીઓએજ ભોગવીઓછે. પેહેલો શરાફ મી૦ શોરાબજી ફરદુનજી હતા, જે પછી ૧૮૪૯ નાં શાલમાં મરનારના ભાઇ મી૦ ધનજીભાઇ બેહેરાંમજી રાણુાને વડા શરાફ બનાવી મરનારને તેમના મદદનીસ બનાવયા હતા. ૧૮૫૩ નાં શાલમાં મરનાર વડા શરાફ થયા હતા અને ૩૦ વરસની નોકરી ભોગવી પેનશન લેવાને વખતે માહારાણીજીની જેલમાં પોતાની લાંબી નોકરીને ધુલમાં રગદોલાવી પેલી મીનોઇ જીહાનમાં વાસો કીધોછે. દુનીયાનો આ તીલિસમ છે અને તેનો લાભ જે માનવી નહી લે તે ખરો કમનશીબ માનવી છે.

[જામે જમશેદ, તા૦ ૧૨ મી ડીસેમબર ૧૮૮૩.]

11*th December* 1883.

Hormusjee Byramjee Rana.—Hormusjee Byramjee Rana, the late head shroff of the Bank of Bombay, who was recently committed for trial on a charge of misappropriating Rs. 65,000, the property of the Bank, died in the Common Gaol yesterday morning. The deceased was an old man of 69 years of age, and the disgrace of having such a charge brought against him appears to have been too much for him, for, soon after has incarceration he fell ill and ultimately died. The death of the prisoner will, of course, put a stop to all further legal proceedings in the matter of the bank frauds.

Times of India, 12*th December* 1883.

તા૦ ૧૩ મી ડીસેમબર.

રોજ ૨૬ માહ ૩ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

જાંગીરજી મેહેરવાંનજી પલીડર—

મી૦ જાંહગીર મેહેરવાનજી પ્લીડર, એક જાતી ઉદયોગથી વધેલો જવાન.—

આ જાણીતા ગ્રહસ્થના અચબુચ મરણુના સમાચાર આ અઠવાડયાંમાં કેળવણી પામેલા દેશીઓ ઉપર અને અગતકરીને પારસીઓ ઉપર એક ભારી ઓચંબા પેઠે આવી પડયાછે. માત્ર ચોવીસ કલાકની માંદગી ભોગવીને એ અસરાફ અને મીલનસાર પારસી પ્લીડર ગયા બ્રેસ્પતવારની બપોરે ૪૬ વરશની જવાંન ઉમરે આ જગતનો વાસ ઉઠાવી ગયોછે અને તેથી પારસીઓના તો સઘલા વરગોમાં એકસરખી દલગીરી ફેલાઇછે. મી૦ જાંહગીર આપણુા સરવેથી પેહલા પ્લીડરોમાં મી૦ નસરવાનજી અને મી૦ હોરમજજીના જોડયા હતા અને આપણુા પ્લીડરો તથા વકીલોના વરગની તેઓ એક મગરૂરી સરખા હતા. આજકાલ જેમ ડાકટરો તેમજ

આપણા વકીલોની સંખ્યા બોહલી વધતી ચાલીછે, તેઓ સરવે એક આવાજે કબુલ કરેછે કે તેમના આ મરહુમ ભાઇબંધની ચોકસ ખામીઓ છતાં તેઓ તેના તરફ મોટાં માનની નજરે જોતા હતા અને પોતાની અતીઅંત લાયકી, નરમાસ તથા પોતાના કુલો તરફના અધીકારમાં કેવલ પ્રમાણીકપણાને માટે મી૦ જાંહગીર આપણા વકીલોના વરગ આગળ એક નકલ કરવાજોગ નમુનો હતો. આપણા લા કલાસમાંથી પસાર થયલા પેહલવેહલા વકીલો ઉપર પ્રજાની સગવડની મોટી વકી બાંધવામાં આવી હતી. તે વકી તેઓએ પાર પાડીછે અને તે પાર પાડવામાં પેહલા મી૦ જાંહગીર મેહરવાનજી હતા. તેવણ પોતાના ધંધાના માન ઉપર મગરૂરીથી મુસતાક હતા તથા પોતાના ધંધાની ઘરાકીમાં ફતેહમંદ હતા, અને તોપણ વકીલની ફરજ "કજીયો વધારવાની નહી પણ કજીયો ઓછો કરવાની છે" એ કાનુન તેવણ પોતાની છાતીમાં કોરી રાખી પોતાની જીંદગીના છેડા સુધી તે ઉપર અમલ કરતા હતા તે તેવણના ઘરાકો વખાણ સાથ યાદ કરેછે. અને તે છતાં તેવણ ઓછા ફતેહમંદ નહી હતા તેનો આ પુરાવો બસ છે કે તેવણ આજ એકવીસ વરસ ઉપર વકીલના ધંધામાં પેહલા પડયા તયારે ઘણી ગરીબ હાલતમાં હતા, પણ આજે જે સારી સ્થીતીમાં તેઓ પોતાને મેળા ગયાછે તે સઘલું પોતાનીજ મેહનતથી મેળવેલું ફલ છે. તેવણ બગત કરીને પારસીઓના ધારા તલે પારસી માત્રીમોનીયલ કોરટનો લાભ લેનારાંઓને ઘણા ઉપયોગી હતા અને ઘણા ગરીબોને તેવણ મુફત મદદ આપતા હતા. વકીલ દાખલ પોતાની ફરજોમાં ઉલટમંદ હોવા સાથ જાહેર શેહરી દાખલ, ખુબીય કરીને પારસીઓને લગતી જાહેર બાબતોમાં તેવણ આગેવાન હતા. હજી તો તેવણ તરતનાજ એક છોકરવાન અને નાનકડા વકીલ હતા તેટલામાં તેવણે પારસી ધારાસભાની કારોબાર મંડળી ઉપર ૧૮૬૨ માં ઘણીક સુચનાઓનો એક લંબાણ પત્ર લખયો હતો, અને હજી તો તેવણ વકીલ થવાના હતા તેટલે ૧૮૬૧ માં તેવણે મહારાજ લાયબલ કેસની શરૂઆતની ગોઠવણોમાં મરનાર કરસણદાસ મુલજીને કીમતી મદદો આપી હતી. એ વખતે તેવણ મી૦ અરદેસર ફરામજી મુસની આફીસમાં તેમના એક આસીસટંટ હતા, જેની આગમચ એઓ સર જમશેદજી સ્કુલમાં એક શીક્ષક માત્ર હતા કે જે નીશાળ ૧૮૪૯ માં પેહલવેહલી ઉઘડી તયારથી તેવણે પોતાની સઘલી કેળવણી• તયાંજ લીધી હતી અને તેમાં તેવણે "આયરટન સ્કાલરશીપ" લીધી હતી. ૧૮૫૪—૫૫ માં એ કેળવણીખાતાં તરફથી ડાકટર ફરેજરની મદદ તલે "પારસી મીત્ર" નામનું એક ચોપાનયું દર અઠવાડીયે છપાતું હતું—દેશી કલમના ઇંગ્રેજી વીશયો પ્રગટ કરનારો પેહલવેહલો દેશી છાપો તેજ હતો—તેના મરહુમ મી૦ જાંહગીર કેટલુંક સુધી અધીપતી હતા; અને તેજ વખતથી જાહેર ભાશણો કરવાનો તેવણનો શોખ સને ૧૮૫૫ માં ઉપલીજ નીશાળ તરફથી "સર જમશેદજી જીજીભાઇ ફીલાસાફીક ઇનસ્ટીટયુટ" માં તેવણે "યંત્રકળા" વીશે ગુજરાતી ભાશણથી શરૂ કીધો હતો. ભાશણો કરવાની તેવણની શકતી સારી હતી તે પછવાડથી "ગ્નાન પ્રસારક" અને "રાહનુમાંય માજદીયસના" સભાઓ સાથના આજવેરના પોતાના ચાલુ સંબંધથી તેવણે બતાવી આપયું હતું. ગ્નાન પ્રસારક સભાના સને ૧૮૫૯ થી ૧૮૭૦ સુધી તેવણ સેકરેટરી હતા. અને તે સભાના ચોપાનયાંનું અધીપતીપણું પણ ઘણા વરશ સુધી તેવણેજ ચલાવયું હતું. સન ૧૮૭૦ માં એ સભા નવેસરથી સજીવન થયા પછી તેમાં મી૦ જાંહગીરે પેહલવેહલું જે ભાશણ આપયું "તે વકીલોનાં જોખમ અને ફરજો" વીશે હતું. તે ભાશણ કરતાં એક વાયજી વધારે હતી અને એક વાયજી કરનાર દાખલ એ મરનાર વકીલની વીખયાતી પારસીઓમાં વધારે હતી. પોતાની પેહલી વાયજી "ધરમ"

વીશે તેવણે ૧૮૫૯ માં બનાજીવાલા આતશ-બેહેરામમાં કીધી હતી, જે પછી બીજી "નીતી" અને ત્રીજી "સંસાર" વીશેની વાયજીઓ કરીને પછી એકઠી છપાવી હતી. રાહનુમાય સભામાં તેવણે પોતાની છેલી વાયજી આજ પાંચ વરશ ઉપર "આપઘાત" ની સામે કીધેલી ઘણાક વાંચનારાઓને યાદ હશે. આજ વીસ વરશ ઉપર તેવણે "લાઇબલ અને સ્લાંનડર" નામનું એક ચોપાન્યું નીદાને લગતા ધારાની સમજણ આપવાને છપાવયું હતું અને "એક જરતોશતીના વશીહતનામાનો મસુદો" ગોયા પોતાના કમોતની આગમચેતીમાં હોય તેમ તેવણે છેક ગયેજ વરશ છપાવી પ્રગટ કરેલો આ પત્રના વાંચનારાઓ વીસરી ગયા નહી હશે. ભાઇબંધ "ટાઇમ્સ આફ ઇંડયા" નું કેહવું ખરૂં છે કે મરનાર આ "રાસ્ત ગોફતાર" પત્રના ઘણું સુધી એક મદદગાર હતા. તેવણ સાથ ઘણી વાર અમારા વીચાર જુદા પડયા હતા, પણ સઘલા મતફેર છતાં અમારા આ જુના મીત્રનાં માન અને મદદ અમે ઓહયાં નહી હતાં. ૧૮૭૧ માં ઇરાનના છેલા ભયંકાર દુકાળ વખત તથા ૧૮૭૪ માં મુસલમાનોનાં હુલડમાં મી૦ જાંહગીરે પારસીઓ તરફથી જાહેર આગેવાનીમાં ઘણો ભાગ લીધો હતો. અને એક ઇરાની વાહાણવાલાએ પોતાના પારસી ઇરાની ઉતારૂઓને બસરાની નાલના કીનારા ઉપર નાખી મેળી તેમના ઉપર ભુખમરો પાડયો હતો તેની સામે મરનારે સરકારમાં ફરીયાદ કરી તે વાહણના નાખોદાને શીક્ષા કરાવી હતી. જોકે મરનાર પછવાડેથી સઘલાં જાહેર કામકાજોથી દુર રહયા હતા તથા તેવણના કેટલાક વીચારો જુના અને ઝનુની હતા, તોપણ તેવણના કમોતે પારસીઓને એક ખોટમાં નાખયાછે તે વીશે અફસોસ કીધા વીના રેહવાતું નથી. મી૦ જેહાંગીરનાં દુખદાયક મરણ વીશે હાઇ કોરટ અને સમાલ કાજ કોરટોમાં નામદાર જડજોએ પણ પોતાની ખરી દલગીરી જાહેર કીધીછે. આપણી હાઇ કોરટના પલીડરોના આસોસીએશન તરફથી એ કોરટને અરજ થઇ હતી કે તેને તાબેની બીજી સઘલી કોરટોમાં આ પલીડરોને હાઇ કોરટની ખાસ પરવાનગી યા સનદ મેલવયા વીના ધંધો ચલાવવાનો હક બક્ષવો. આ કામની અરજી જયારે કોરટમાં રજુ કરવામાં આવી તયારે મી૦ જેહાંગીર આપણા પલીડરો તરફથી આગેવાન હતા, અને ગઇ પરમ દીને એ બાબતનો ફડચો આપતાં કામચલાઉ વડા જડજ મી૦ બેલીએ તેમને યાદ કરીને તેમનાં અકાલ મરણ માટે દલગીરી બતાવી હતી. ગુરૂવારને દીને મી૦ જેહાંગીરનાં મરણની ખબર સાંભળીને સમાલ કાજ કોરટના ત્રીજા અને ચોથા જડજો રાવબાહદુર ગણપતરાવ ભાસકર તથા મી૦ હોરમજજી દાદાભાઇએ મરનારની કાબેલીઅત અને ઉંચી આબરૂ વીશે ભારી દીલસોજીભરેલા શબદો કહયા હતા, તેમજ પરમ દીને એજ કોરટના બીજા જડજ મી૦ સ્પેનસરે પોતાની ખુરસી લેતાંજ કોરટના એક જુના પલીડર દાખલ મી૦ જેહાંગીરને યાદ કરીને યોગય શબદોમાં તેવણની સ્તુતી કીધી હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી ડીસેમ્બર ૧૮૮૩.]

13*th December* 1883.

Jehangeer Merwanjee Pleader.—Death of Mr. Jehangir Merwanjee.—We regret to announce the death of Mr Jehangir Merwanjee, one of oldest pleaders of Bombay, and an esteemed member of the Parsee community. Respected for a through conscientiousness in the discharge of his professional duties, he enjoyed an extensive practice in the Small Cause Court and the Prasee Chief Matrimonial Court. Mr. Jehanger was a man of a charitable and humane disposition, and instances are known in which

he rendered gratuitous services to suitors in indigent circumstances. He had at heart the welfare of his community; and before some of the local association he read essays and delivered lectures on subjects bearing on the social amelioration of his co-religionists. He took a part in every important movement for the good of his community. He had an attack of fever of a bad type last week, congestion of the brain supervened on Wednesday; and he died yesterday morning at his residence on the Waudby-road. Esplanade, opposite the Bombay Gymkhana.

Bombay Gazette, 14*th December* 1883.

DEATH OF MR. JEHANGEER MERWANJEE, PLEADER.-We regret to record the death yesterday from brain fever of Mr Jehangir Merwanjee, the well-known pleader. The Chief Judge of the Small Cause Court (where the deceased practised for upwards of 19 years), made a feeling reference to the deceased, remarking that he was always esteemed as a sagacious and conscientious pleader. The other judges of the court also expressed their regret very feelingly at so sudden a loss of such a valuable and talented member of the local bar The deceased commanded a very respectable practice in the Parsee Chief Matrimonial Court at the High Court, and was always resorted to as "a popular arbitrator" in many unhappy family quarrels. As a public lecturer also the deceased was often before the public and his charity was extended to the needy without the slightest whisper of the deed being heard. The deceased has published a few works among them being the law of "Libel and Slander" and numerous essays on morality and religion. At one time he was one of the chief contributors to the *Rast Goftar*, and edited several Gujarati periodicals. He was 46 years of age. His funeral takes place this (Friday) morning at his residence opposite the Gymkhana on the Esplanade.

Tvme: of India 14*th December* 1883.

તા૦ ૩૧ મી ડીજેમબર.

રોજ ૧૪ માહ ૪ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

રતનજી જમશેદજી જશાંવાલા—આપણા ટાપુ ખાતે તેમજ દેશાવરો ખાતે બરીટીશ લશકરની છાવણીવાલાં મથકો ખાતે મી૦ જમસેદજી કુવરજી જશાવાલાની પેહેડીને નામે ચાલતા.બોહોલા વહીવટથી તેમનુ નામ મુંબઇ વગેરે હીનદુશતાનના બીજા ભાગના મુખીઅ મથકો ખાતે અનજાણુ નથી. એવા એક જાણીતા નરના પુતર મી૦ રતનજી જમશેદજી જશાવાલા અતરે ગઇ પરમ દીને કાંઇક ફુકાના દરદથી થોડા વખતની હેરાનગતી ભોગવીને ૫૩ વરશની વયમાં શવરગવાશી થયાછે. મરનારે કરાંચી વગેરે બીજા શેહેર ખાતે ધંધાને અરથે ફરીને પોતાની પેહેડીનો લાગવગ વધારવામાં એટલી હદ શુધી ફાવીઆ હતા કે, "જશાવાલા" ના પુરાણા નામની દુકાનો મુંબઇ, દીલી, લાહોર, ફીરોજપોર, શીઆલકોટ, જલંડર વગેરે મઠકો ખાતે ઉઘાડીને આપણી રાજકરતી કોમની એવી શરશ રીતે માલ તથા ખોરાકી પુગાડવાની શેવા બજાવી હતી, કે આજે પણ તેઓ એ ભાગો તરફ મોટો લાગવગ અને માન ધરાવીને પોતાનુ કામકાજ વધારીઆ જાયછે. મરનાર ઘણા દીનદાર માયાલુ શવભાવ અને રમુજી ખવાશના હતા, અને તેમના મરણથી દોશત આશનાવોમાં તથા તેમના કુટુંબોમાં ભારે દલગીરી ફેલાઇછે.

[અખબારે સોદાગર, તા૦ ૭ મી જાનેવારી ૧૮૮૪.]

ઈ૦ સ૦ ૧૮૮૪.

તા૦ ૨ જી જાનેવારી.

રોજ ૧૬ માહ ૫ (કે૦) ૧૨૫૩ યજદેજરદી.

દાદાભાઈ ડોશાભાઈ કામાજી—જણાવાને દલગીરી ઉપજેછે કે મી૦ દાદાભાઇ દોસાભાઇ હોરમશજી કામા બારીસ્ટર જેવણ નજદીક ૩ વરસની વાત ઉપર ઇંગલંડ ખાતે વેપાર વનજને ખાતર ગયા હતા તેવણ ગયા બુધવારે સ્વીટઝરલેંડ ખાતે 'મરણ પામયાછે. આ ગરહસથ લંડનમાં કેટલીક મુદત સુધી માંદગીથી હેરાન થવાથી તબીબોએ તેવણને સ્વીટઝરલેંડ ખાતે હવા ફેરબદલ કરવા મોકલયા હતા જયાં આ બનાવ બનયો હતો, મરનારની ઉમર ૩૮ વરસની હતી. અને ૧૮૬૫ માં બારીસ્ટર થવા માટે પેહેલા ઇંગલંડ ગયા હતા. તેવણ પોતા પાછલ પોતાની વીધવા અને ૩ બાલકો મેલી ગયાછે અને તેઓ એખલા અટુલાં એક દુરદરાજ દેશમાં ગમમાં ગીરફતાર થવાથી તેઓના બેહદ મીતરોમાં આ ખબર ગઇ કાલે સાંભલતાંજ મોટી ગમગીની ફેલાઇ હતી.

[જામે જમશેદ, તા૦ ૪ થી જાનેવારી ૧૮૮૪.]

2nd January 1884.

DADABHOY DOSSABHOY CAMA — We regret to announce the death of Mr. Dadabhoy Dossabhoy Cama, at Devos Platz, Switzerland, on the 2nd inst., at the age of 38 years. The deceased was a barrister-at-law and the son-in-law of Mr. and Mrs. Cowasjee Jehangir Jussawalla. He leaves behind him in London a widow and three children.

[*Times of India, 4th January* 1884.]

તા૦ ૧૭ મી જાનેવારી.

રોજ ૧ માહ ૫ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

અરદેસર ખરશેદજી રાજકોટવાલા—

કરાંચી, તા૦ ૧૭ મી જાનેવારી.

જણાવવાને ઘણી દલગીરી લાગેછે કે, અતરેના જાણીતા શેઠ અરદેશર ખરશેદજી રાજકોટવાલા પોતાની ચાલીસ વરશની ભરજુવાનીમાં આ ફાની દુનીઆ છોડી આજ દીને સ્વરગવાસી થયાછે. એવણનો જાતી સ્વભાવ માયાલું હતો, અને છુપી સખાવતો તથા જાહેર સખાવતોમાં પોતાનો હાથ લંબાવેલો રાખતા હતા. કેટલોક વખત સુધી ગાડી ખાતાંની દરેમેહરમાં એવણ એક ટરસતી હતા, અને બીજા ટરસતીઓ વચે કુટફાટ ચાલવાથી એવણે પોતાના ગીરોથી પઇસા આપી તે દરેમેહર ચાલુ રાખી હતી, તો જોકે તે દરેમેહરના ટરસટીઓ એકઠા થયા તયારે હીસાબ કરી એવણનો ખરચ મજરે આપીઓ હતો. અતરે જયારે નવું દખમું બંધાયું તે વેલાએ એવણ એક આનરરી સેકરેટરી હતા, અને તે વેલાએબી પોતે જાતે પારસીઓને ઘરેઘર જઇ એક સારૂં ફંડ ઉભું કરવાને મેહનત લીધી હતી. તેમજ એ કામને પેહલેથી છેડે સુધી સરંજામ ઉતારવાની રંજ લેવા તથા પઇસા ખરચવામાં બકાત રાખયું નહી હતું. તે એવી રીતે કે, એ ડુંગરની જગા દુર હોવાથી પાણીની તથા પથરની સગવડ કરવાને તથા દુર દેશાવરથી કારીગરો બોલાવીને કામ બરાબર કરાવવાને મેહનત કીધી હતી. એ કામમાં પણ એવણે પોતાની ગીરોથી છુપી રીતે કેટલીક નાણાની મદદ કીધી હતી. એવણનું અચબુચ મરણ નીપજવાથી જેમ એવણના એશીઓ તથા દોસતઆશનાવોમાં ને તેમજ જાત પરજાતના લોકોમાં દલગીરી ફેલાઇછે. એવણ અંગરેજોમાં તથા વેપારીઓમાં ઘણા માન પામતા હતા, અને કોઇનું પણ કામ કરવાને આનાકાની ન કરતાં તુરતજ બહાર પડતા. એવણે અતરેની દરેક "લાંડજ" ના માસતર મેશનની પદવી ભોગવી હતી. સીંદ મેસાનીક એસોશીએશન, જેની મતલબ ગરીબ તથા ગુજરી ગએલા ફરીમેશનોનાં છોકરાંને શીખવવાને ઉતેજન આપવાના હેતુની છે તેમાં એવણ એક ટરસતી હતા અને એવણની જાતી મેહનતથી આજે તે ફંડમાં સારૂં નાણું છે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૧ મી જાનેવારી ૧૮૮૪.]

તા૦ ૧ લી ફેબરવારી.

રોજ ૧૬ માહ ૫ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

દીનબાઈ તે અરદેસર ડોશાભાઈ મુનશીનાં ધણીઆંની—મી૦ અરદેશર ડોશાભાઇ મુનશી નામના પારશી કોમમાં અછી રીતે જાણીતા થાએલા ગરહસથની ધણીઆંની બાઇ દીનબાઇનું મરણબી ગીઆંજ અઠવાડીઆંમાં થઇઉં હતું, એવું સાંભલીને, એ બોહલી ઓલખાંનપીછાંન-વાલા ગરહસથનાં મીતરોને અને ઓલખીતા-ઓને, શું અતરે કે શું પરદેશ ખાતે મોટી દલગીરી ઉપજેઆ વગર રેહશે નહીં એવું હમો માનીએ છઇએ. એ મરનાર બાનું એકાંતવાશી તથા ગરીબી હાલતમાં અને આશરે ૭૫) વરશની પાકી ઉમરનાં હતાં, તેથી તેવાં મરણની નોધની જાહેરી દરકાર જેવું નહી હોએ, એમ કદાચ કેટલાએકો ધારે ખરા. પણ આજના જમાનાના ઉધરતા પારશીઓ અને પારશનો ફીજે એવાં મરણની જાહેર નોધની વધારે મોઠી અગત હમો શમજીએ છઇએ. મરનારનાં જેવી જુના જમાનાની ભલી બાનુઓ પોતાનો સંસાર કેવી ખુબી ભરેલી રીતે, કેવી મરવત અને મહલાજા ભરેલી રીતે, કેવી લાએકી અને શારી સમજ ભરેલી રીતે, કેવા ઉદઓગ અને કરકસર ભરેલી રીતે, કેવી શાદાઇ અને શફાઇ ભરેલી રીતે, અને કેવી દાનાઇ તથા દીનદારી ભરેલી રીતે ચલાવતાં હતાં. તેનો ધડો જો આજની પારશી અબલાઓ લીએ તો, તેઓ પોતાનો તેમજ પોતાના ભરથારનો અને પોતાનાં કુટંબ કબીલાનો ભવ ખરાં સુખ તથા સંપજ અને શોભામાં ગુજારવાને ફતેહમંદી મેલવેઆ વગર રેહજ નહીં.

[સતીઅ મીતર, તા૦ ૧૦ મી ફેબરવારી ૧૮૮૪.]

તા૦ ૪ થી ફેબરવારી.

રોજ ૧૯ માહ ૫ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

ભીમજીભાઈ બેહરાંમજી મોરીનાસ—ભીમજીભાઇ બેહરાંમજી મોરીનાસનાં નામથી આગલા તેમજ પાછલા જમાનાનો કોઇબી પારસી ગરહશથ અનજાણેઓ હોય તેવું હું ધારતો નથી. અતરેનાં તેમજ બાહેરગામના જરતોશતીઓ કંઇ ને કંઇ પરકારેબી એ ગરહસથ શાથે મોહબત અથવા મીતરાચારી-માં આવેઆ હશે એવું મનાઇ શકેછે, અને તેથી તે સરવેને સાંભલીને એકસરખી રીતેનીજ દલગીરી ઉપજશે કે એ મી૦ ભીમજીભાઇ જેવા ભલા અને મીલનશાર ગરહશથ, કેટલી-એક મુદત તલકની માંદગી ભોગવેઆ બાદ આશરે ૬૫) વરશોની ઉમરે, તા૦ ૪ થી ફેબરવારીને દીને હક થએઆ હતા. એક પારશી તરીકે સઉથી પેહેલાં મુંબઇમાં આઇશ-કરીમનું અને બીજી જાતનો અંગરેજી મીથાઇમેવો વેચવાનું કારખાંનુ એ મરનારે કાહડીઉં હતું. એ કારખાંનાંથી એટલી મોટી પરખેઆતી મેલવી હતી કે ઇઅરોપીઅનનો-નાં તેમજ પારશીઓના નાંધલાં મોટાંઓનાં મોહડાંમાં મોરીનશના ભીમજીભાઇનું નામ એક મીઠાશભરેલી કેહવત તરીકે બોલાતું થઇ પડીઉં હતું. મીઠા સભાવ શાથે ટકોરી અને રમુજી ભાશા બોલવાની શકતી એ મરનારમાં વીશેશ હતી.

[સતીઅ મીતર, તા૦ ૧૦ મી ફેબરવારી ૧૮૮૪.]

તા૦ ૧૧ મી ફેબરવારી..

રોજ ૨૬ માહ ૫ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

એ૦ પેશતનજી ઇજીઆરજી ભરડા ઉદવાડના—

ઉદવાડા તા૦ ૧૦ મી મારચ ૧૮૮૪.

જણાવાને ભારે સંતાપ તથા દલગીરી ઉપજેછે કે અતરેના લાયકીવાલા અને બાહોશ ગરહસથ પારસી અનજુમનની તથા દરેક ધરમખાતાંઓની લગામના જાલવનાર શેઠ પેશતનજી ઇજીઆરજી તા૦ ૧૧ મી ફેબરવારી ૧૮૮૪ ને રોજે સેહેજ માંદગીના સબબથી આ ફાંની દુનીઆ છોડી તે બીનાઇ જેહાનમાં વાસો કરયોછે. મજકુર ગરહસથ અતરેની અનજુમનના મુખય પંચ ...

રોમાંના (સરપંચ શેઠ માણેકજી કાવશજીથી) બીજા નંબરે બેસનાર હતા. એઓ પંચાયતના ઓનરરી સેક્રેટરી અને બીજાં દરેક ધરમખાતાંઓ ચલાવવામાં આગેવાન હતા. એમની અથાગ જાતી મેહેનતથી પંચાયતની ટીજોરી આજ મોટી સીલક ધરાવેછે કે જે ટીજોરીમાં એમના વહીવત આગમચ જુજ સીલક હતી અને પછે ટીજોરીની હાલત એવી મનમાંનતી સંતોશકારક રહેશે કે નહી તે એક જાહેર સવાલ છે. દમણવાલા શેઠ માણેકજી કાવશજીના એઓ પીતરાઇ થતા હતા. દેશાવરોમાં દસતુર દાવરો અને બીજા ધરમચુસત નામીચા જરતોશતીઓ સાથે એવોને સારી પીછાંણ હતી જોકે અતરે શ્રીમંતમા લેખાતા ન હતા છતાં જાતપરજાના ધરમ સંબંધી તથા સંસાર સબંધી ખટપટના ગુંચવાડાના ચુકાદા એઓની સલાહથી થતા હતા. પરોપકાર, દયા, સખાવત, ધરમ ઉપર ચુસતપણુ, અને દરેક સુભ કામોમાં ખંતીપણાથી આગલ પડવુ એઓમા સઉથી મુખ્ય ગુણો હતા, કે જે ગુણોને અતરેના લોકો હમેશાં યાદ કરી તેઓના મરણની દલગીરી મનમાં હજુર સુધી રાખી મુકેછે. અતરેનું ધરમનું દવાખાનું એઓની દેખરેખ હેઠલ ઘણા સારા પાયા ઉપર આવયું હતુ. જે દવાખાનાનું પણ ડાકતર માધવરાવ ગોપાલરાવના રાજીનામું આપી જવા પછે અને એઓના મરણ પછે અવયઅવસથાપણામાં આવી પડયુંછે. ખરૂ જોતાં શેઠ પેશતનજીના મરતયુક પછે આ ઉડવાદા પાયતખત રંડાપો ભોગવતું દીસેછે. ટુકામાં એઓના શુભ ગુણોના જેટલાં વખાંણ કરીએ તેટલાં ઓછાં છે, એટલે આ જગયાએ વધારે બોલવા ધારતો નથી. તે પાક કીરતાર આ સરવે બદલામાં એઓને બેહેસતમાં મોટામાં મોટું સુખ આપો એવી સરવેની દુવા છે.

[જામે જમશેદ, તા૦ ૧૨ મી માર્ચ ૧૮૮૪.]

તા૦ ૨૦ મી ફેબરવારી.

રોજ ૫ માહ ૬ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

જીવણજી ફરાંમજી જાબ પ્રીંટીંગ પ્રેસવાલા—અતરેનાં "ઇંગરેજી તથા ગુજરાતી જાબ પ્રીંટીંગ પ્રેસ" ના માલેક મી૦ જીવણજી ફરાંમજી ગયા બુધવારે ૫૬ વરસની વયે મરણ પામયાછે. એ મરનારે પોતાની આખી જીંદગી છાપાખાંનાંનાં કામમાં ગુજારી હતી, અને સવભાવે ઘણા રાંક તથા એકમારગી હતા.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી ફેબરવારી ૧૮૮૪.]

તા૦ ૨૦ મી ફેબરવારી.

રોજ ૫ માહ ૬ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

પીરોજશાહ પેશતનજી ચાહેવાલા, પુણાના—પુણાના જાણીતા સરકારી કંટરાકટર મી૦ ફીરોઝશાહ પેશતનજી ૬૫ વરસની ઉમરે ગયા બુધવારની સાંહજના મરણ પામયાછે. મુંબઇમા લાંબી મુદત વાસો કરી હવા ખાવા તેવણ થોડાક દીવસ થયા પુણા ખાતે ગયા હતા. જે દીવસથી તેવણનું મરણ નીપજ્યું તેજ દીવસે તેવણની એક નબીરીનાં લગન હતાં, જે મુલતવી રાખવાં પડયાં હતાં. મરનાર મુંબઇવાલા સોલીસીટર મી૦ બહમનજી ફીરોઝશાહના પીતા થતા હતા.

[જામે જમશેદ, તા૦ ૨૨ મી ફેબરવારી ૧૮૮૪.]

તા૦ ૨૨ મી ફેબરવારી.

રોજ ૭ માહ ૬ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

કુવરજી રૂસતમજી મોદી—આપણા આગલા એલફીનસટોનીયનોમાંના અને આપણી જાહેર મંડળીઓ તથા જાહેર ખાતાંઓ સાથ જોડાયલા એક બીજા જાણીતા શેહરીનું મરતીઉક જાહેર કરતાં અમોને અતીઅંત ખેદ થાયછે. મી૦ કુવરજી રૂસતમજી મોદી ગઇ કાલની બામદાદે માત્ર ૬૩ વરશની ઉમરે બેહેસ્તનશીન થવાની નોંધ મોટાં દુખ સાથ અમોને લેવી પડેછે. એવણે અતરેની એલફીનસટન ઇનસટીટીઉશન મધેથી

૧૮૪૧ માં "ફલેર સ્કાલર" ની પદવી મેલવી હતી, અને તે બાદ એજ ખાતાંમાં થોડુંક સુધી શીક્ષક રહયા હતા. વેપાર અને હીસાબના કામમાં એઓને અછો અનુભવ હતો. શેઠ નવરોજજી ફરદુનજીએ કાઢેલાં "વીદયા સાગર" અને શેઠ સોહરાબજી બંગાલીના કાહડેલાં "જગત મીત્ર" નામના આગળાં ચોપાંનયાંઓનું એવણે જુદે જુદે વખતે અધીપતીપણું ચલાવયું હતું. ૧૮૪૯ માં એવણે "બાલક દીકરીની હંતયા" બાબે ૩૪૦૦) માં ઇનામનો એક રેસાલો બોરડ આફ એડયુકેશનને માટે લખયો હતો. વળી બામબે ટેમપરનસ યુનીયન, રાહનુમાએ માજદીઅસના સભા તથા સર જમશેદજી ફીલા-સોફીક ઇનસ્ટીટીયુટમાં એવણે ભાશણો કીધાં હતાં. ૧૮૫૬ ના મેએ માસમા એવણ મેશરસ કામા કુંપનીના એકાંઉનટંટ તરીકે ઇંગલાંડ ગયા હતા. સાસુન મીલના સેકરેટરી તથા ઘણીક જાંઇંટ સટાક કંપનીના આડીટર હતા. જાંઇટ સ્ટાક ખાતાંઓમાં સગાં વાહલા-ઓના લાગવગથી વરતાવેલા ખુસામતીયા આડીટરોના સાધારણ વરગથી મરનાર ઘણા ચહડતા હતા. એવણ પોતાના એ ઓધા ઉપર ઘણા પ્રમાણીક, મેહનતુ અને સ્વતંત્ર હોવાથી આબરૂદાર ખાતાંઓ એઓને આડીટર નેમવાને મગરૂરી સમજતા હતા પણ કેટલાક મતલબીઆ ડરેકટરો અને એજંટોમાં એઓનો ત્રાસ હતો. જરતોશતી છોકરીઓની નીશાળ મંડળીના સેકરેટરીનું કામ પણ આ મરનારે કેટલીક મુદત સુધી ચલાવયું હતું. આ દલગીરી ભરેલા બના-વને લીધે ગેઇ કાલે જરતોશતી છોકરીઓની નીશાળો બંધ રાખવામાં આવી હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૪ મી ફેબરવારી ૧૮૮૪.]

22*nd February* 1884.

Cooverjee Rustomjee Mody:—Mr. Cooverjee Rustomjee Mody, one of the old Elphinstonians, died at his residence in the Fort, at the age of 63 years, on Saturday morning last. Mr. Mody was one of those scholars who flourished with men like Mr. Nowrozjee Furdoonjee and Mr. Sorabjee Shapoorjee Bengallee, and was for a long time the editor of the *Vidaya Sagar* and the *Jagat Mitra*, Guzerati magazines, started under the auspices of the above-named two gentlemen, respectively. Mr. Mody was one of the many social reformers of his age, and had obtained a handsome prize from the Board of Education, for a learned and elaborate essay against infant marriages. In the year 1856 Mr. Mody went to England in the service of Messrs. Cama and Company as accountant, and from that time he followed commercial pursuits. He was the secretary of the Sassoon Mills, and was the auditor of no less than fifteen different joint-stock companies Deceased was a very popular man, and his funeral was attended by about a thousand members of his community. The several Parsee girls' schools, of which the deceased was formerly secretary, were closed on Saturday in respect of his memory.

[*Times of India, 25th February* 1884]

તા૦ ૨૫ મી ફેબરવારી.

રોજ ૧૦ માહ ૭ (ક૦) ૧૨૫૩ યજદેજરદી.

માણેકજી જામાસપજી કાકા—મી૦ માણેકજી જામાસપજી કાકા, કે જેવણ અતરે-ના આગલા જાણીતા સરકારી વકીલ મીસી-અરસ આકલંડની પેહેડીનાં લાંબી મુદત સુધી મેનેજીંગ કલારક હતા, તેવણ ગયા સોમવારે ૭૨ વરસની ઉમરે ફક થયા હતા. અસલના વખતમાં જયારે કેલવણી હાલના જેટલી ન હતી તયારે મરનાર મી૦ માણેકજી કાકા આપણા શેહેરમાં એક માહ્ડા વકીલના

જેટલું માન મેળવતા હતા, અને સંખ્યાબંધ પારસી કુટુંબોના મુકદમા મરનારની મારફતે પારસીઓના ઘણાંક ધરમખાતાંની પુંજીઓના દીડા આગલા વખતમાં થયાં હતાં, જેઓમાં સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસટીટયુટનું દીડ એક હતું.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૮૪.]

તા૦ ૨૬ મી ફેબરવારી..

રોજ ૧૧ માહ ૬ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

નવરોજજી અરદેસર દાવર—મી૦ નવરોજી અરદેશર દાવરનું મરતીઉક—આ ગરહસથ ગઇ કાલે શેહેજ માંદગી ભોગવી મરણ પામયાછે. મરનાર ફરાંસના જાણીતા દારૂવાલાઓના આજ લાંબી મુદત થઇ મુંબઇના આડતયા હતા. મરનાર આગલા વખતમાં એટલેકે ૪૦ વરસથીબી વધુ અગાઉની વાત ઉપર મીસીઅરસ કેંપબેલ ડાલસની કું૦, તથા મીસીઅરસ હુશકી વાટન બેકની કુંપનીના દલાલ હતા. એ બાદ મીસીઅરસ ગમપરટની કુંપનીના પણ દલાલ થયા હતા. શેર મેનીયાના વખતમાં મરનારને છાંટા લાગા હતા પણ પાછલથી પાછા રોજગારમાં વધી એક બેહલું કુટુંબ મેલી શુખી હાલતમાં મરણ પામયાછે. આગલા વખતમાં મરનાર કમરશીયલ, મરકનટાઇલ વગેરે બેંકોના હીશાબ તપાશનારા નેમાતા હતા.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૮૪.]

તા૦ ૨ જી મારચ.

રોજ ૧૬ માહ ૬ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

જાંગીરજી ખરશેદજી જાંગીરજી તારાચંદ—જણાવવાને દલગીરી ઉપજેછે કે મી૦ ખરશેદજી જાંગીર તારાચંદનો વડો બેટો મી૦ જાંગીર એક અતી લાંબી મુદતની દુઃખભરી માંદગી ભોગવી ગયા રવીવારે મધરાતનાં ૨૭ વરસની ઉમરે મરણ પામયોછે. મરનાર ઇજનેર તથા મીલ મેનેજરના કામનો સારો અનુભવ મેળવી કેટલીક મુદત સુધી ભાવનગર મીલના મેનેજર તરીકે તથા તયાર પછી નાગપોર મીલનાં મદદનીસ મેનેજર તરીકેની નોકરી કરી હતી.

[જામે જમશેદ, તા૦ ૪ થી મારચ ૧૮૮૪.]

તા૦ ૬ થી મારચ.

રોજ ૨૦ માહ ૬ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

જમશેદજી રૂસતમજી કમીસરીવાળા—ફ્રીમેસનરી—તા૦ ૨૭ મી અને ગયા બેસ્પતવારને દીને બાંયખાના ઉપરના મેસાનીક હાલમાં ફ્રીમેસનોની "ઇસલામ" લાડજ તરફથી એક મરણ ક્રીયાની ગંભીર અને શોકાતુર મીજલશ ભરવામાં આવી હતી. મરનાર બીરાદર જમશેદજી રૂસતમજી કમીસરીવાલા એ મુસલમીન લાડજમાં ડેપયુટ માસટરનો ઓધો ધરાવતા હતા, તેઓના અચબુચ અને દુખદાયક મરણ ઉપરથી ફ્રીમેસનોની મરણ ક્રીયા કરવાને આ લાડજ મળી હતી. લાડજે સરેસતાના કાળાં કપડાંનો શોક પકડયો હતો. ક્રીયા સઘલી લાડજના માસટર બીરાદર અબદુલઅલી ખાન બાહદુરે કીધી હતી અને ઇંગ્રેજ, પારસી, હીંદુ, મુસલમાન અને આરમીનીયન બીરાદરો જેઓ લાડજના મેમબરો નથી તેઓ પણ આ ગંભીર ક્રીયામાં હાજર હતા. બીરાદરો ખરશેદજી રૂસતમજી કામા, જમશેદજી ધનજીભાઇ વાડીયા, દારાસાહ રતનજી ચીનગર, બાળા મંગેશ વાગલે અને બીજા જાણીતા બીરાદરો પોતાના આ મરનાર જુવાન બીરાદરના મરણ ઉપર ગમ બતાવવામાં સામેલ થયા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૯ મી મારચ ૧૮૮૪.]

તા૦ ૧૨ મી મારચ.

રોજ ૨૬ માહ ૬ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

નવરોજજી હોરમજજી ગાએ—જુનામાં જુના એક એલફીનસટોનીયનનું મરણ નોધવાની અમોને દલગીરીભરેલી ફરજ પડીછે. આતરેની એલફીનસટન ઇનસટીટીઉશન મધેથી

૧૮૩૨ માં પેહલવેહલાં વેપાર સબાબાર તરીકે જાહેર પડેલા બે પારસી વીદીઆરથીઓમાંના એક શેઠ નવરોજજી દોરાબજી ગાએ ગયાં પખવાડીઆના બુધવારે ૭૨ વરસની વયે મરણ પામયાછે. એવણે પેહલવેહલી ૧૮૩૪ માં મુંબઇનાં કોટ મધે સાંજને વખતે છોકરાઓને ઇંગ્રેજી ભાષા શીખાડવાની "નોકટરનલ શોશાઇટી" નામની એક શાળા ઉંઘાડી હતી. એ બાદ ૧૮૩૯ થી તે ૧૮૪૭ સુધી મુંબઇ સમાચાર તથા ૧૮૪૯ થી તે ૧૮૫૪ સુધી સમાચાર દરપણનાં પતરોનું અધીપતીપણું એવણે ચલાવયું હતું. છેલાં પત્રમાં એવણે ૧૮૫૨ ના જાનેવારી માસમાં મુંબઇનાં પાંજરાંપોલનાં વહીવટ બાબેનાં મરહુમ સર જમશેદજી જીજીભાઇ બારોનિટે પરગટ કરેલાં એક ચોપાંનીઆંને લગતી કાંઇક બાબદ લખતાં તેના એક તરસટી શા૦ ખીમચંદ મોતીચંદને બેવકુફ, અનસમજ વગેરે લખવાથી તેવણે મરહુમ શેઠ નવરોજજી ગાએ ઉપર સુપરીમ કોરટમાં ડામીજની ફરીઆદી માડી હતી, જેનો ચુકાદો તા૦ ૨૫ મી ફેબરવારી ૧૮૫૨ ને દીને ચીફ જસટીસ સર અરસકીન પેરીએ એવો કીધો કે એક જાહેર માણસની આબરૂ તથા ગુણ વીશે કાંઇપણ છલકપટ વગર લખવું અથવા છાપવું તે કાંઇ લાઇબલ ગણાય નહી, તોપણ બંને બાબદ ધીઆંનમાં લઇ શેઠ નવરોજજી પાસે એક પાઇ ખરચની અને એક પાઇ ડામીજની વાદીને અપાવી હતી. આ વખતે એમનાં ગજવામાં રૂપાનાણું હતું પણ છુટી પાઇઓ નહી હોવાથી તુરત એમના વકીલના માનેજીંગ કલારક શેઠ નવરોજજી હોરમજજી પેઆએ પોતાનાં ગજવામાંથી બે છુટી પાઇ કાઢી કોરટમાં આપી હતી. આ બનાવ મરનારની યાદને કાંઇપણ માઠું લગાડવા નહી પણ ઇનસાફની એક અજાયબી તરીકે તવારીખના બનાવની આ યાદ માત્ર અમે લીધીછે. એ ઉપરાંત મરનાર નવરોજજી ગાએ ૧૮૫૩ નાં જાનેવારી માસથી હીંદુસ્થાનની [illegible] ૧૮૬૩ ની [illegible] થયલા મુંબઇ ઇલાકાને લાગુ પડતા ધારાઓનો ગુજરાતીમાં તરજુમો કરી ત્રણ દફતરમાં "ધારા પુશતક" નાં નામથી બાહેર પાડયો હતો. પછવાડેથી એવણ મેશરસ ખરશેદજી નશરવાંનજી કામાની કંપનીમાં એક ભાગયા તરીકે જોડાયા હતા.

[રાસ્ત ગોફતર, તા૦ ૨૩ મી મારચ ૧૮૮૪.]

તા૦ ૧૫ મી મારચ.

રોજ ૨૯ માહ ૭ (કદમી) ૧૨૫૩ યજદેજરદી.

હીરાંબાઇ તે કાવશજી એદલજી ખંબાતાનાં માએ—બાઇ હીરાંબાઇ તે પોરટ કેનીંગના કલકતાના એજંટ મી૦ કાવશજી એદલજી ખંબાતાના માએ ગયા શનીવારે બપોરનાં બે વાગે આએ ફાની દુનીઆ છોડી ગયાં છે. મરનાર વાછા ખાનદાનથી ઉતરેલાં હતાં અને તેવણના બાવા શાપુરજી વાછા આગલ જયારે પારસી પંચાએત પોતાના પુર વખતમાં હતી તયારે તેના વદા દસતુર હતા તથા બેહદીન તેમજ મોબેદ વરગમાં સારો વગ અને આબરૂ ધરાવતા હતા, અને હાલ પણ તેવનનાં નામની યાદ જઇફ પારસીઓ હેતથી લેયછે. મરનારના વર એદલજી ખંબાતા મધરાસના એક મોહતા વેપારી હતા જેવન મરનાર બાઇને ૩૭ વરશની જુવાન વયમાં રંડાપો આપી મધરાજ શેહરમાં ગુજરી ગયા હતા. મરનારની વય ૮૨ વરશની હતી. તેવન પોતા પાછલ બે છોકરા મુકી ગયાંછે જેમાંના એક મી૦ કાવશજી એદલજી ખંબાતા આપણા કેલવાયલા પારસીઓની એક મગરૂરી છે અને જેઓની ઇંગરેજી કલમે આજ સુધીમાં ઘણું કીધુંછે. મરનારના બીજા પુતર મી૦ પેસતનજી એદલજી ખંબાતા ચીનમાં એક વેપારી છે જેવન હાલ તેજ મુલકમાં વસેછે.

[જામે જમશેદ, તા૦ ૧૭ મી મારચ ૧૮૮૪.]

તા૦ ૧ લી આપરેલ.

રોજ ૭ માહ ૭ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

બહુમનજી માણેકજી કરાંની—

સુરત, તા૦ ૪ થી એપરેલ.

અતરીના એક પારસીનું કાબુલ આગલ થયલું ખુન—અતરેના રહીશ બમનજી માણેકજી કરાંણી નામના બુજરગ જરથોસ્તી કાબુલની નજદીક દેહેરા ગાજીખાન મધે એક દુકાન ઉપર નોકર હતા,' તેમનું તયાંના કોઇ મુસલમાને ખુન કીધુ છે, એવા સમાચાર તારની મારફતે તયાંના પોલીસ સુપરીનટેંડંટ મારફતે આવયાછે. મરનારનું ખુન થયાને ચાર દીવસ થયા છે; પણ ગઇ કાલે એ ખબર આવયાથી આજ રોજે ઉઠમણાની કીરયા કરવામાં આવીછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૭ મી આપરેલ ૧૮૮૪]

1st *April* 1884.

BOMANJEE MANECKJEE KARANEE—MURDER OF A PARSEE ON THE AFGHAN FRONTIER.—The *Gujrat Mitra* says that news have been received at Surat of an old Parsee shopkeeper, named Bomanjee Manockjee Karanee, being murdered at Dehra Gazee Khan.

[*Times of India, 8th April* 1884]

તા૦ ૧૯ મી આપરેલ.

રોજ ૪ માહ ૮ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

દેસાઈ મનચેરજી હોરમજજી, નવસારીના—

નવસારી, તા૦ ૧૯ મી એપ્રીલ.

જણાવવાને દલગીરી ઉપજેછે કે, અતરેના વડા દેસાઇજી સાહેબ મનચેરજી હોરમજજી, જેઓ થોડાજ માસ થયા વડા દેસાઇની ગાદી ઉપર આવયાં હતા, તેઓ સીતેર વરસની ઉમરે, આજે સહવારે બેહેશતનશીન થયાછે. મરનાર દેસાઇજી જાતે બાયકીવાલા, સ્વભાવે નરમ, બહુ મળતાવળા મનથકસીના હતા. તેમનાં મરણથી અતરે ઘણી દલગીરી ફેલાઇછે. તેમનાં ઉઠમણાંની વેલાએ તેમની જગાએ વડા દેસાઇ તરીકે, દેસાઇ મનચેરજી એદલજીને ઠેરવવામાં આવશે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૧ મી આપરેલ ૧૮૮૪.]

તા૦ ૨૫ મી આપરેલ.

રોજ ૧૦ માહ ૮ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

કાવશજી ખરશેદજી નગરવાલા—

પુણાં અને ખડકીના જાણીતા આગેવાન શેઠ કાવશજી ખરશેદજી નગરવાલાનાં મરણના માઠા સમાચારે અમોને દુખી કરયાછે. અહમદનગરની જાણીતી વેપારી પેહેડી "ખરશેદજી એનડ સનસ" ના એ ભાગીઆઓ ખડકી ખાતેની શાખા પોતેજ પેહેલાં સથાપી હતી, અને પોતાના વડા ભાઇ અહમદનગરવાલા ખાંનબાહદુર નશરવાંનજીની પેઠે એઓ પુણામાં સરવે કોમોમાં માન પામેલા હતા. એઓ પોતાનાં ખરાપણાં અને સુધાપણાને માટે જાણીતા હતા, અને એકઆરગી હોવા છતાં ઘણીએક વાર પોતાના મીત્ર ઇંગ્રેજ અમલદારો આગલ કશી ખટપટ વગર ગરીબોનાં વાજબી કામમાં મદદ આપવાને ના પાડતા હતા નહી. એ વીશેનો એક નોંધી લેવા જોગ દાખલો એઓએ પુણાંની પાસેનાં પાશાન ગામના ઇનામદારોને આપેલી મદદનો છે. એ ગામના ઇનામદારોની હકીકત એક કાહાણી સરખી છે. છેક પેશવાઇના વખતમાં એ ગામના ઇનામદાર કોઇ બે ભાઇઓ હશે તેઓમાં અપસમાં કાંઇ અદાવત થવાથી બંને જણે પેશવા પાસે જઇને અરજ કરી કે એ ગામ જાંહાં સુધી અમો બંને ભાઇઓનો ટંટો પતે તાંહાં સુધી તમેજ તમારી પાસે અનામત રાખવું. એ અરજ પેશવાની સરકારે કબુલ કરી. એ પછી ઘણે વરસે પેશવાઇ જતી રહી, દાએકાપર દાએકા જતા રહેઆ, અસલ ગામ અનામત મુકનાર ઇનામદારો અને તેની પાછલ તેની બે તરફ ઓલાદ અટવાઇ ગેઇ, પણ એ હીંદુ ભાઇઓનો કજીઓ તેઓની ઓલાદમાં ચાલુ

રહેઓ. સેવટે જારે જમાનો ગુજરતાં મુફલેસી હાલે પોહોચેઆ અને કજીઆની યાદદાસત કમજોર થઇ તારે એ ઇનામદારોની આંખ ઉઘડી પણ તેવારે તો રાજ બદલાઇ ગયું અને ગામ અનામત મુકવાને ૯૦ વરસની લાંબી મુદત થઇ ગીએલી, અને તે પાછું મલવું મુશકેલ એવા વખતમાં તેઓએ મરહુમ શેઠ કાવશજીની મદદ માગી અને તે તેઓએ ફકત દયા અને વાજબીપણાંની રાહે એવી રીતે આપી કે તે ગામ તેના ઇનામદારોને સરકાર તરફથી પાછું મલયું. પોતાના ધંધામાં એઓ બાહોશ અને કુશલ સાથે પ્રમાણીક હોવાથી ઇંગ્રેજ અમલદારો સરવે એઓને ચાહાતા હતા, તે એટલા સુધી કે હમાસ ચોકસ જાણવામાં છે કે એક ઇંગરેજ લશકરી તબીબ જારે થોડાંએક વરસોપર ખડકીમાં નજલાના મરજથી હેરાંન હતો તારે મી૦ કાવશજી શીવાએ બીજા કોઇબી મીત્રને જોવા ચાહાતો નહી હતો, અને એઓને પોતાની પાસેથી ખસવા દેતો હતો નહી. ઇંગ્રેજ મીત્રો છેક ઇંગલંડ વેરથી એઓની ઉપર પોતાની ઇઆદદાસતની ઇધાણીઓ મોકલાવતા હતા.

શ્રીઅહમદનગરની તા૦ ૧૬ મી મેએ ૧૮૮૪.

જત આ જાણીતા અને જાહેર માણસનાં દુખદાયક મરણની ખબર તમે તમારા તા૦ ૪ થીનાં પતરમાં લીધીછે, તેથી એ એકમારગી ગરહસથનાં ગરીબોને મદદ કરવાના ભલા ગુણોને તમે જે ઇનસાફ આપીઓછે તેમાં હું મારી તરફથી થોડો વધારે ઓલાસો હુમેરવાની રજા માગું છું.

એ બેહેશતનશીનની લાએકી, મીલનસારી અને ગરીબીને લીધે સરવે ગનીઆતનાં સાહેબો એવણ ઉપર મેહેરબાંની રાખતા હતા. એવણનાં બાવા ખરશેદજી નશરવાંનજી સુરતવાલાએ અશલ જનરલ વેલશલી તથા નામદાર ડયુક આફ વેલીગટનની વખતે નગર ખાતે અંગરેજી વેપારની દુકાન કાહડી હતી અને સરવે ભાઇ તેજ ઠેકાણે પોતાની આબરૂ ઇજતથી વેપાર કરતા હતા. સને ૧૮૬૦ નાં શાલમાં જનાબ મુંબાઇનું તોપખાનું નગરથી સરકારે કાહડીને ખરકી મોકલીઉં તે વેલા તોલેરીના જુના સરદારોએ જે નગરમેને ૧૮૩૦ થી "હેડ કુવાટર" વસેલું હતું તેના આશીસરોએ ફરમાસ કીધી જે તમોબી ખરકીમો એક બરાંચ કાહાડો તે ઉપરથી મરનાર કાવશજી ખરશેદજીએ આએ ઠેકાંણે આવી મુકામ કીધું. એવણ ઉદયોગી, ઉદાર, હીમતવાંન, વીચારવંત ને ખરાંના સાથી હતા, ને હમેશા કોઇનુંબી ભલું કરવા પાછલ ખંતી હતા.

નગરમે સને ૧૮૫૭ નાં શાલમો "મીઉતીની" ની વખતે આરશનલ કીલામો લશકરી સામાન પોહોંચાડવાનું કાંમ ચાલતું હતું, તે વખતે જેનરલ જાંન પાટીનજર કમાનડીંગ હતો તેનાં હોકમથી રેતીના મોરચા બાંધવાની થેલીઓ ટુક વખતમો મોહટી રકમ ખરચીને દર' રોજનાં જતાં લશકરને પુરી પાડી, ને અસબાબની એક મોટી સપલાઇ સર હીઉરોજના કાલમને ટુક દાહડાની અંદર પોંહચાડી, તેજ પરમાણે બીજી ખાધખોરાકીને તથા બીજો સરનજામ દરરોજ આવતી ફોજની ટુકરીઓને પોહોંચતો કરવામો એવણે મેહનત લીધી હતી. તેજ પરમાણે નગરથી સરકારે નગરનાં કીલામોથી શીજ ટરેન તથા બાવક ટરેન રવાંને કરાવી તે કાંમમો બલદો તથા માણસોની ભરતી થોડા થોડા વખતમો ઉપરાથાપરી કરાવી આપી હતી.

નગરમો "મીઉનીશીપાલ કમીટી" મુકરર કરવાને શરુથી આગેવાંન એ કાવશજી હતા. તેવણે મેહનત કરી ગામના લોકોને સમજાવીને "મીયુનીશીપાલ" ખાતું ચાલુ કરવાની સાંમને જે લોકો હતાં તે લોકોની સમજુતી કરાવીને એ ખાતું શરૂ કીધું ને ૩) વરસ સુધી મુખય કાંમ કલેકટરનાં હોકમ મુજબ એવણે પોતે ચલાવીઉં.

સરકારે "ઇનકમ ટાકસ" કાહાડીઉં તે વેલા લોકોએ સરકારનાં માગેલાં "સીડીઉલ"

ભરી નહી આપીઆં ને મહીનાના મહીના સુધી તકરારો ચાલી તે વેલાબી ગાંમના શેઠ શાહુકારો તથા લોકોની સમજુતી આપીને તે કાંમબી કલેકટરની સાથે સમજુતીથી ચાલુ થાઇઉં તે મરનાર મી૦ કાવશજીથી થયું.

શ્રી અમદનગરમો નલના પાણી પીવા તથા વાપડવાને બશ નહી તે દર શાન તે ઠેકાણે રેહેવાસીઓની ઉપર પાણી વીશે કેવી જફા ને અડચણ હતી તે તાંહના રેહેવાસીઓને સારી યાદ છે તેમા હુનાલાના દાહાડામો તો દીસની વખતે તમામ કારંનજાન પાણીનાં ઓજો સુકાં, રાત વગર પાણી પીવાનુ મલે નહી તે બદલે એ મરનાર ધણીએ પોતાના મેહેરબાન દોસત શેઠ દીનશાહજી માણેકજી પીટીટને એ બીનાં સમજાવીને તે શબી સાહેબને જે અસલમો નામાંબાઇ નામે નલ બીશમાર હાલતમો પડેલો હતો (ને કીલા સારૂં બાંધેલો) તેને દરૂસત કરી પાણી શેહેરમો લાવવાની અરજ કીધાથી તે નેક નામદારે કેવી સરત કીધી જે અગર એ નામાબાઇ નલ દરૂસત કરી તેનું પાંણી શેહેરમો લાવે તેને જે ખરચ લાગે તેની ⅓ (તરીજો હીસો) પુન શારૂ આપું ને ⅓ હીસો સરકાર આપે ને બાકીનો ખરચ નગરની "મીયુનીસીપાલીટી" આપે ને પાણી લાવી તે પાણી લોકોને મફત વગર પઇસે લેવે આપવું. તે નેક કામ ઘણી ખટપટથી પુરૂ થાઇઉં ને તે ઠેકાંણે પાણીની આબાદી થાઇ. હાલ તે પાણીથી તાંહાના રેહેવાશીનો લગભગ ⅓ (તીજો હીસો) પાણી વાપરેચ ને સુમારે ૨૫) કારંજા તે ઉપર બની આછે.

એવણે પુણે જવા પછી એક આખું ગામ તેના અસલ માલેકોને સરકાર પાસેથી પાછું અપાવવું તે વીશેની મેહનત તો તમે નોખી ચુકાછો.

એવણુને અવલમંજલ પોહોંચાડવાને વખતે ટીલરીનાં હાકેશરો તથા એવણનાં ઇંગ્રેજ દોસતોએ એવી પોતાની મરજી બતાવી જે હમો "કીકેનરલ" મો પાયદસતે આવીએ, લેકીન જવાનું ઘણુંજ લાંબું ને ઉનાલાના દાહાડા તેથી તેવોને અરજ કરવામો આવી જે તમો સાહેબથી આવવાનું બને એવું નથી. હેવી રીતે પોતે ગામનાં તથા મુંબાઇનાં તથા લશકરનાં લોકો સાથ પોતે ભલાઇ મેલવીને ગીઆછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૧ અને ૨૫ મી મેએ ૧૮૮૪.]

25th April 1884.

COWASJEE CURSETJEE NAGARWALLA —It is with deep and sincere regret that we announce the death of Mr. Cowasjee Cursetjee of the Firm of Messrs. Cursetjee and Son, of Kirkee and Ahmednuggur, and the brother of Khan Bahadoor Nusserwanjee Cursetjee. The melancholy event occurred yesterday noon at his residence in Kirkee. The deceased Parsee gentleman had been suffering lately from an abscess on the right side, for nearly six weeks. An operation being considered necessary, this was performed by Doctors Gaye and Joynt, but, with all the medical skill and the unremitting attendance of Dr. Gaye, he at last succumbed to the disease. He was 58 years of age, and the news of his untimely and unexpected death has cast a gloom amongst his co-religionists, for by them he was much respected Since the transfer of the Royal Artillery from Ahmednuggur to Kirkee, he established himself at the latter place until he was, in the manner above described, carried away. He was most obliging and friendly to every one, and was always ready to do a good act to every and any body. He was well known both at Poona and Kirkee amongst the European community as Mr. Cursetjee—and the

announcement of his death will no doubt be received with general regret. His elder brother Khan Bahadoor Nusserwanjee Cursetjee arrived at Kirkee from Ahmednuggur yesterday evening, and the funeral of the deceased takes place this morning, which we have no doubt will be attended largely. His loss will be mourned by a large number of the members of his family, and his friends and admirers.

[*Poona Observer*, 26*th April* 1884.]

તા૦ ૩ જી મેએ.

રોજ ૧૮ માહ ૮ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

ડાકટર કુવરજી દોરાબજી મેહતા—જણાવવાને દલગીરી ઉપજેછે કે ગરાંટ મેડીકલ કાલેજના અસલી ગરાડયુએટોમાના એક ડાકટર કુવરજી દોરાબજી, જેવણ સાધારણ રીતે કુરલાવાલા ડાકટરને નામે ઓલખાતા હતા, તેવણ ગયા સનીવારની બપોરના મરણ પામયાછે. મરનાર ગરાડયુએટોમાનાં પેહેલા "બેચ" ના એક હતા અને સરકારની બેલગામ, પુણા, સાવંતવાડી, ઊરન, કુરલા અને વસાઇ ખાતે નોકરી બજાવી આજ તરણ વરસ થયા પેનસન ઉપર આશાયસ લેતા હતા. તેવણની પેહેલી નોકરી બેલગામમાં સરૂ થઇ હતી અને તયાંના મોટે ખાંચરેના દેશીઓમાં તેવણ એટલા તો લોકપરીય થઇ પડયા હતા કે લુકમાનને નામે તેવણને તયાં ઓલખવામાં આવતા હતા. કુરલા ખાતે તેવણે ૧૭ વરસ નોકરી બજાવી હતી અને પોતાનાં સવતંતર સવભાવથી તથા ગરીબો તરફની· રેહેમ અને દીલસોજીથી તેવણે સારૂ નામ કાહાડયું હતું. નજદીક ૧॥ વરસની સખત માંદગી તથા એક જવાન બેટાનો ગમ ભોગવી તેવણ ૫૦ વરસની ઊમરે મરણ પામયા હતા.

[જામે જમશેદ, તા૦ ૫ મી મેએ ૧૮૮૪.]

તા૦ ૧૨ મી મેએ.

રોજ ૨૭ માહ ૯ (ક૦) ૧૨૫૩ યજદેજરદી.

નશરવાંનજી ચાંદાભાઈ ઈજનેર—વખતના દોર આગળ આપણા જુના એલફીનસ્ટોનીયનો ધીમે ધીમે ઓછા થતા ચાલયાછે તેઓમાં મી૦ નસરવાંનજી ચાંદાભાઇના દુખદાયક મરતીઉકથી આગલા અને હાલના જુવાનીયાંઓ વચેનો ગોયા એક અગતનો સાંધો તુટી ગયો હોય એવી ખોટ ગઇછે. મી૦ નસરવાનજી ઘણા એકમારગી હતા અને પોતાને જાહેરમાં મેળવાની કોશેશ કરતા નહી હતા, તોપણ તેવણના મરણથી એક જાહેર માણસ અને ઉપયોગી શેહરી ખુટયાછે તે તેવણના નીચલા ટુક હેવાલ ઉપરથી જણાશે. તેવણ ગયા સોમવારે ૬૧ વરશની ઉમરે ગુજરયાછે પણ આ ઉમર તેવણે છેલી ઘડી સુધી ખાનગી અને જાહેર ઉદયોગમાં ગુજારીછે. તેવણે પોતાની બાળ કેળવણી સુરતની સરકારી ગુજરાતી નીશાલમાં પ્રખયાત અને માન પામેલા મેહતાજી દુરગારાંમ મંછારાંમના હાથ હેઠલ લીધી હતી· તયાંથી સરકારી ઇંગ્રેજી સ્કુલમાં પ્રોફેસર ગ્રીનના હાથ હેઠલ શીખી ૧૮૪૩ ની શરૂઆતમાં મુંબઇ મધે એલફીનસટન ઇનસટીટીઉશનમાં કેળવણી લેવાને આવયા હતા, તે વખતે દુરગારાંમે એવણને આપેલી સરટીફીકિટમાં નવાઇ જેવી રીતે લખયું હતું કે "જે દીવસે એ ધણી નીશાળમાં ભણવા આવયો, તે દીવસે મને એવું લાગયું હતું કે એ નીશાળીયો થોડી મુદતમાં ઘણું શીખશે, માટે મારૂં પણ મન એનાપર ચણ્યું હતું, તેથી તે વીચાર અંતે પુરણ થયો; ને એ ધણી વીદ્યાનો ઘણો લોભી છે તેથી અંગરેજી વીદ્યા ભણવાને બોરડ આવ ઇડીઉકેશનનાં માનથી પોતાનું નામ ગવરમેંટ સ્કાલર ધરાવીને અંગરેજી નીશાળમાં ભણવા ગયો ને મને ભરોસો છે કે એને તે વીદ્યા થોડા કાળમાં આવડશે." અલબતાં તે વખતની ઇંગ્રેજી કેળવણી આજના વખત કરતાં ઉત-

રવી હવી, પણ તે વખત ઉપર ઇંગ્રેજી કેળવણી લેવાના સાંધનો થોડાં હતાં અને કામ મુશકેલ હતું. મેહતાજી દુરગારામની આગમચેવી ટુક મુદતમાં ખરી પડી. ૧૮૪૫ માં નસરવાનજીએ એલફીનસટન કાલેજ મધેથી "ક્લેર સ્કાલર" ની પદવી મેલવી, તથા પ્રોફેસર પોલના હાથ હેઠલ "સીવીલ ઇનજીનીયર" નું કામ શીખાડવાનો જે નાનો વરગ ઉઘાડવામાં આવયો હતો તેમાં ત્રણ વરસ સુધી તાલીમ લઇ મરનાર ૧૮૪૭ ના ડીશેમબર માસમાં સીવીલ ઇજનેર તરીકે પસાર થયા હતા. એ પછી તુરતજ સરકારી ચાકરીમાં કરાંચી તથા તે પછી એડન ખાતે સરવેયર અને બીલડર તરીકે ગયા હતા.

આપણા દેશીઓમાં આજે સીવીલ એનજીનીયરો ઘણા થયાછે અને તેઓ મોટી પદવીઓ પામયાછે. પણ તેઓમાં સરવેથી પેહલો પારસી સરકારી સીવીલ એનજીનીયર મરનાર મી૦ નસરવાનજી હતા. તેવણ જેમ પોતે આ ઉમદા કેળવણી પામ્યા તેમજ વળી બીજાઓને એ એલમની કેળવણી આપનાર પણ તેવણ પેહલવેહલાજ દેશી હતા. ૧૮૫૨ નાં સપટેમબર માસમાં સુરત મધે શુપરીટેંડીંગ ઇનજીનીયરની આફીસમાં સરકારના હોકમથી એવણનાં ઉપરીપણાં હેઠલ જમીનની માપણી તથા ઇમારતોની બાંધણી વગેરે (સીવીલ ઇનજીનીયરીંગ) નું કામ શીખાડવાનો એક વરગ ઉઘાડવામાં આવયો હતો, જેમાં છ હીંદુ વીદયારથીઓ શીખી પસાર થયા હતા, જેઓ માંહેલા એક શેઠ લલુભાઇ કેશવલાલ હાલ સુરતના એકજીકયુટીવ ઇનજીનીયર છે. એજ વખત ઉપર ૧૮૫૪ માં એવણે ઇજનેર ખાતાંની પેહલા વરગની પરીક્ષા મીલીટરી બોરડની કમીટી આગળ ફતેહમંદીથી પસાર કીધી હતી. પણ એ દરમેઆને પોતાની કેળવણી સંબંધી સેવા એઓએ ચાલુ રાખી હતી. તેઓ જાહેર લખનાર અને ગ્રંથકાર હતા અને વળી શુધ ગુજરાતીના લખનાર હતા. પારસી લખનારાઓ આજે પણ શુધ ગુજરાતી સંપાદન કરી શકયા નથી, પણ મરનારે તો છેક ૧૮૫૧ માં પોતાના જોડયા મરનાર મી૦ કાનદાસ મંછારામ ભેગા મળીને એક શુધ ગુજરાતી ગ્રંથ બનાવયો હતો જે ઘણા વરસ સુધી વીદયારથીઓના મોહમાં ગોયા રમી રહયો હતો અને તેમાની શુધ ભાષાને માટે ગુજરાતી અભયાસનું તે મુખ્ય પુસતક ગણાતું હતું. એ પુસ્તક ઇંગ્રેજી "મારલ કલાસ બુક" ના તરજુમાનું હતું અને તેનું "શાળોપયોગી નીતીગ્રંથ" નામ શીખનારાઓ રમુજ સાથ યાદ રાખતા હતા. ૧૮૫૪ માં મી૦ નશરવાનજીની મદદથી મી૦ કાહનદાસે "યંત્રશાસ્ત્રનાં મુળ" વીશે એક બીજુ પુસ્તક પ્રસીધ કીધું હતું.

૧૮૫૪ મા સીવીલ ઇજનેરનું કામ શીખાડવાનો એક વરગ મુંબઇ મધે ચીફ-ઇજનેરની આફીસમાં સરકારે ઉઘાડયો હતો, અને તેના શીક્ષક તરીકે પણ શેઠ નશરવાંનજીનેજ નેમયા હતા. એ વરગ મુંબઇમાં આસરે ચાર વરસ ચાલુ રહયો, અને તે અરસામાં ૩૦ વીદયારથીઓ એમના હાથ હેઠલ ઇજનેરનું કામ શીખી પસાર થયા હતા. એ વરગ ૧૮૫૮ માં પુણાંની "ઇનજીનીયરીંગ સ્કુલ" સાથે જોડી નાખયો હતો, તે વેળાએ કેળવણી ખાતાંના ડાએરેકટર મરનાર મી૦ હાવરડે પોતાના ૧૮૫૭-૫૮ ના રીપોરટમા એવણ વીશે સરકારમાં ઘણી સરસ ભલામણ કરી હતી. અને તે ઉપરથી એજ શાલમાં પુણાની "ઇનજીનીયરીંગ સ્કુલ" માં એમની નેમનુક થાઇ હતી, જયાં ૧૮૬૩ સુધી એવણે ઇનજીનીયરીંગને લગતા વરગો એવી તારીફ લાયક રીતે ચલાવયા હતા કે એ ખાતાંના ઉપરી કપટાંન કલોસે પોતાના રીપોર્ટોમાં સરકારને સાફ લખયું હતું કે "શીખવવું એ એની ખાસ માહેતગારી છે માટે જો એ ઓધો છોડે તો અફસોસની વાત છે." પણ મી૦ નસરવાનજીએ આ ઓધો છોડયો એટલુંજ નહી પણ ઘણા ધીકાર અને કંટાલા સાથ છોડી દીધો, ૧૮૬૨માં અતરેનાં પબલીક વરકસ

ખાતાં તરફથી એવણના હાથ તલે શીખેલા બે જવાંન ઇંગ્રેજોને એવણથી ચઢતી પદવી આપવામાં આવી, અને એવણ પેહલા વરગમા પસાર થયલા હોવા છતાંબી બીજા વરગની પાએરીમાંજ એવણને રાખી મેળયા, તે ગેરઇનસાફ સાંમે એવણે સતાવાલાઓ સાથે ઘણાક સંઘેશા ચલાવયા, તથા છેક ગવરનર સર બારટલ ફ્રીઅર સુધી એવણ ગયા, પણ અંતે કસો ઇનસાફ ન મલવાથી એવણે નાસીપાસ થઇ ૧૮૬૪ માં ૧૭ વરસે સરકારી નોકરી કસાં પણ ઇનાંમ અથવા બદલા વગર છોડી.

આ ગેરઇનસાફ સામે મી० નસરવાનજી તરફથી ફરીયાદ ઉઠાવનારાઓમાં અમે પણ એક હતા અને તેથી એ મરનારની નામી પાસીના અમે પોતે શાક્ષી છીયે એમ કેહલુ ખોટું નથી. સરકારી નોકરી છોડયા પછી મી० નસરવાનજીએ ઇજનેરનો ખાનગી ધંધો ચલાવયો પણ જાહેર બાબતોમાં અને અગત કરીને ઇજનેરની બાબતોમાં તેવણ ઘણો જાહેર શોખ અને અભયાસ રાખતા હતા. એવણ પુણાં મધે હતા તે દરમેઆંન ત્રાણ વરશ સુધી જયાંના એક મયુનીસીપલ કમીશનર પણ હતા, અને તે ઓધાની રૂહે પુણાં શેહરને પાણી પોંહચતું કરવાની યોજના વીશે ૧૮૬૨ માં એક કીમતી રીપોરટ ઘડી કાઢયો હતો, તથા કાતરજના તલાવનાં બાધકામમા ઘણી મદદ આપી હતી. તેમજ પુણાં શેહરની સુખશાંતીના સુધારાઓ માટે ઠેડવેલી સેનીટરી કમીટીના મેમબર દાખલ એવણે એક લંબાણ તથા ઉપયોગી મીનીટ કીધી હતી, કે જેનાં મયુનીસીપાલીટીએ ૨૦૦) ચોપાનીઆં છપાવી પ્રગટ કીધા હતાં, તથા તેમાં સુચવેલા સુધારાઓ પુણાં મધે કરવામાં આવયા હતા. એ પછી ૧૮૬૬ ના ડીસેમબર માસમાં શેઠ નશરવાંનજીને રૂ૫૦૦) ને દરમાયે પુણાના પગારદાર મયુનાસીપલ કમીશનર ઠેડવવામાં આવયા હતા. તે ઓધો એક વરસ સુધી ચલાવી એવણ પાછા મુંબઇ આવયા હતા, અને પોતાનો ઇજનેરનો ધંધો ચાલુ કરયો, જેમાં મોટી ઘરાકી થવા સાથે અતરેની ઘણીક મીલો, વીમાની કુંપનીઓ, તથા બીજાં જાહેર ખાતાંઓએ પોતાના સલાહકાર ઇજનેર તરીકે એમને નેમયા હતા. ધરમ ખાતાંઓને લગતાં મકાનોના સંબંધમાં મરનાર પોતાની સલાહ તથા અનુભવનો લાભ મુફત આપતા હતા. એવણ સુલેહના અમલદાર તથા કેટનાંક વરસો સુધી મુંબઇની મયુનીસીપાલ કારપોરેશનના એક મેમબર હતા અને મુંબઇના તુલસી તલાવના બાંધકામની તકરારમાં તથા મી० વાલટન ઇજનેર સામે ઉઠેલી ફરીયાદોમાં તેવણે ઘણી હીમતથી અને સવતંત્રપણાથી ભાગ લીધો હતો. મરનાર ઘણા લાયકીવાલા અને ધીરજવાલા સમજુ ગૃહસ્થ હતા. તેવણના દુખદાયક મોતથી તેવણના દોસતઆશનાવોની મોહલી સંખયાને લાગેલા ગમમા અમે પુરતો ભાગ લઇયે છીયે.

[રાસ્ત ગોફતાર, તા० ૧૮ મી મેએ ૧૮૮૪]

12*th May* 1884.

NUSSERWANJEE CHANDABHOY — We regret to announce the death of Mr. Nusserwanjee Chandabhoy, a well-known Parsee citizen and a Civil Engineer of Bombay, who succumbed yesterday morning to an attack of liver complaint, from which he had been suffering. The deceased, who was sixty years of age at the time of his death, was educated in the Elphinstone College and received his diploma as a Civil Engineer in 1846. In course of time, at the recommendation of Colonel Goodfellow, he was appointed a professor in the Civil Engineering College of Poona, where he served for several years. His lectures to the Sappers and Miners on engineering displayed considerable knowledge and were highly spoken of. He left Government service in

1868, and established himself as a Civil Engineer on his own account. The deceased did extensive business in the way of making designs and constructing several of the local mills and other large buildings in Bombay. He was a Justice of the Peace, and a member of the Municipal Corporation about three years ago His funeral, which took place yesterday afternoon, was largely attended by members of his community The deceased was a very popular man, and was liked by the native community for his genial and courteous disposition.

[*Times of India*, 14th *May* 1884]

તા૦ ૧૮ મી મેએ.

રોજ ૩ માહ ૯ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

ખાંનબાહાદુર એદલજી પેશતનજી ઘાસવાલા, મઉના – મઉવાલા જાણીતા ખાનબાહાદુર એદલજી પેસતનજી ઘાસવાલાનાં મરણના સમાચાર તારની મારફતે અમને મલયાછે. એક વાહડકાપ તેવણની ઉપર થોડુંકની વાત ઉપર કરવામાં આવયું હતું અને તયાર પછી તેવણની હાલત પાછી બીગડી અને છેલ્લે આપણે સાંભલયું હતું કે ઘુટી આગલથી તેવણનો એક પગ કાપવાનો તબીબોનો ઇરાદો હતો. આખરે ગઇ કાલે સવારના ૫ કલાકે ૫૭ વરસની ઉમરે તેવણ મરણ પામયા હતા. કમીસરીએટમા એક સાધારણ ઇનસપેક્ટર ઉપરથી વધી તેવણ એક મોટા ઓધા ઉપર આવયા હતા, જે ઓધો હાલ તેવણનો બેટો ભોગવેછે. મરનારને ખાનબાહાદુરના એતાબ ઉપરાંત પાલખીના ખરચનું જવાજમ સરકાર તરફથી મલતું હતું. મઉ અને તેની આસપાસના ગામોના ઇંગરેજોમા તેવણ અતીશય પલોટાઇ ગયા હતા.

મરહુમ ખાનબાહાદુર એદલજી પેસતનજી ઘાસવાલાની સરકારી નોકરી ૧૮૪૭ ના શાલમાં પુણાનાં કમીસરીયેટ ખાતાં સાથ સરૂ થઇ હતી. ૧૮૫૬ વેર તયાં નોકરી કરયા પછી તેવણ ઇરાનની લડાઇમાં ગયા હતા અને તયા કેટલીક કીમતી સેવાઓ બજાવી હતી. લડાઇમાથી પાછા ફરી તેવણ પોતાનાં અસલી ઓધા ઉપર પુણેજ ગયા હતા જયાંથી થોડોક વખત રહી વધારે મોટા ઓધા ઉપર તેવંણને મઉ મોકલવામા આવયા હતા. ૧૮૭૬ નાં ડીસેમબર માસમાં તેવણે પોતાની નાદરૂસતીને લીધે પેનસન મેલવયું હતું અને બીજે વરસે સર હેનરી દાલીની ભલામણ ઉપરથી તેવણે મઉના આનરરી માજીસટરેટની માન ભરી પદવી આપી હતી. ખાનબાહાદુરનો એતાબ ૧૮૭૫ નાં ફેબરવારી માસમાં નામદાર લારડ નારથબરૂકે તવણને આપયો હતો. ૧૮૭૭ ની તા૦ ૧ લી જાનેવારીએ કયસરે હીંદનો જે ઢંઢેરો દબદબા ભરી કીરયા સાથ લારડ લીટને વંચાવયો હતો તેની યાદગારી કાયમ રાખવાને માટે જે ચાંદો પડાવયા હતા, તમાંનો એક રૂપાંનો ચાંદ મરહુમ ખાનબાહાદુરને લારડ લીટનના હુકમથી સર હેનરી દાલીએ તેજ વખતે એનાયત કરયો હતો. એ પછી સર રીચરડ ટેમપલ જયારે મઉ ગયો હતો, તયારે નામદાર વાઇસરાય તરફથી એક મોટી દરબાર ભરી એક મોટા ભાશાણ બાદ એક સુંદર પાલખી એ મરહુમ શેઠને એનાયત કરી હતી.

[જામે જમશેદ, તા૦ ૧૯ અને ૨૦ મી મેએ ૧૮૮૪.]

18*th May* 1884.

Khan Bahadoor Eduljee Pestonjee Ghaswalla, of Mhow — We regret to announce the death of Khan Bahadoor Eduljee Pestonjee, which took place at Mhow yesterday at about 5 o'clock in the morning at the age of 57 years. Our correspondent at Mhow, telegraphing the sad event, informs us that the whole station regrets the loss of this popular and esteemed citizen. The deceased

was a Commissariat contractor, and, as such, rendered valuable services to Government at the time of the Mutiny He was an honorary magistrate at Mhow, and was much respected by the European community of the place. His charity to his co-religionists, and his kindness and affability generally, made him a most popular man in the station. Deceased has a large number of friends in Bombay, who will no doubt be deeply moved by the intelligence of his death. He had been ailing for the past few weeks, and an operation had to be performed recently. The funeral, we are informed, took place yesterday afternoon, and it was largely attended. The *Oothumna*, or third day ceremony, will be performed to-morrow at the Wadia fire-temple, Churniwadi, at 3 p.m.

Our Mhow correspondent sends us the following sketch of the career of the late Khan Bahadur Eduljee Pestonjee, of the Commissariat Department, whose death was recently announced in our columns. Our correspondent writes —It is with extreme regret that I chronicle the melancholy death of Khan Bahadur Eduljee Pestonjee, honorary magistrate of Mhow, who succumbed on the morning of the 18th instant, at about 5 o'clock, to an attack of gangrene, which affected his right foot. During the last few years the deceased had suffered from diabetes, which weakened his constitution to a great degree In January last he undertook a long journey to Calcutta, in order to see the International Exhibition there, and visit other places of historical note. In December, while he was in Bombay, he appears to have injured his right toe. He did not take the slightest notice of this injury at the time, and the consequence was that the part was eventually affected to such an extent that on his return from Bombay, by the end of March last, he found himself greatly harassed by the pain it caused him, and was compelled to show it the first time to his medical adviser, who finding it all diseased in consequence of its being neglected for so long a time, amputated it on the 27th April. For about fifteen days the deceased showed signs of progress, but on the 11th of May it was discovered that the second bone higher up was dead, the state of the limb necessitating its removal. It was then found that the tissues had a tendency to gangrene, and on the 14th instant the case was pronounced hopeless Surgeon-Major Taylor, the Staff Surgeon, left nothing undone to secure the recovery of his patient, who was so highly esteemed alike by the Europeans and the natives of this part of India. The news of his death, which spread like wild-fire, cast a gloom over this station. The deceased leaves behind him a widow and a very large circle of relatives and friends. He was very charitably disposed towards the poor, whose sufferings he would alleviate, and whose wants he would satisfy even at his own personal inconvenience. Khan Bahadur Eduljee was born in 1826, and at the age of 21, he entered the Government service as an inspector in the Commissariat at Poona. It is on record, that as an inspector he singly performed duties which in the Bengal Commissariat had been entrusted to two warrant

officers and double the number of goomastas. In 1855 he accompanied Lord Elphinstone's camp to Guzrat, where, by his great zeal and intelligence, he won the good will of Colonel Bates, military secretary to his lordship. During the turbulent time of the mutiny he served with the 12th Lancers, and never failed to provision both men and horses under circumstances of great personal danger. In 1856 he proceeded to Persia with the Persian Expedition, in which he performed, as Major Gray remarks, most excellent service from the commencement to the termination of the war. In consideration of these and other services he rendered to the State, on his return to India he was raised to the head clerkship of the executive Commissariat office at Mhow, which post he held, till 13th December 1876, with credit to himself and advantage to the State. In 1870 the title of Khan Bahadur was conferred upon Mr. Eduljee Pestonjee as a personal distinction in recognition of his meritorious services to Government. The Zoroastrian residents of Poona, headed by Dustoor Tamooljee and Khan Bahadur Pudumjee Pestonjee, and the Parsee community of Mhow and Indore took that opportunity of publicly showing, in the form of addresses, the feeling of satisfaction with which they received the intelligence of the bestowal of the title of Khan Bahadur. During the administration of Sir Henry Daly, ex-Agent to Governor-General for Central India, Khan Bahadur Eduljee was appointed honorary magistrate within the limits of the cantonment of Mhow. It was in the judicial work in connection with the honorary magistracy that he shone forth most. In commemoration of the Imperial Assemblage held at Delhi on 1st January 1877, a silver medal was granted to Mr. Eduljee under the orders of his Excellency the Viceroy. In a letter dated London, 22nd March 1877, and addressed to the Governor-General of India in Council, Lord Salisbury, the then Secretary of State for India, spoke of Mr. Eduljee in the following complimentary terms:—"In consideration of the high character borne by Mr. Eduljee Pestonjee, his long and faithful services, and the recommendation of your Government, I sanction the grant to him, as proposed by you, of a palanquin with an allowance of Rs. 40 per mensem for its maintenance." The ceremony of the presentation of the palanquin was performed at Mhow by Sir Richard Temple, G C.S.I., Governor of Bombay, in the presence of the European and native inhabitants of the station, when his Excellency expressed himself thus:—"I am certainly very glad that I am offered an opportunity of publicly acknowledging your services to Government in the Commissariat Department for a long period of thirty years. On the strong representations of the Commissary Generals of the Bombay Army, the Bombay Government have already recognized your valuable services by conferring upon you the honourable title of Khan Bahadur as a badge of personal distinction Not only that, but the local Government of Sir Henry Daly, the Government of India, and lastly the Supreme Government, have publicly acknowledged your worth as a man of business, a man of honour and in-

tegrity, and a man of financial comprehension, by presenting you with silver medals in commemoration of the Empress's Proclamation of 1877, which I and my European colleagues are glad to see hanging on your breast this evening, and with this richly furnished palanquin with a handsome palanquin allowance. You have reason to be congratulated for the admirable way you have raised the standard of the Commissariat Department of the Bombay Presidency I am also very much pleased to hear several officers of this station say that you are held in high esteem by all those with whom you have come in contact as a Government servant and as a private gentleman. You have discharged your varied and onerous duties both in the cantonments, and in the field with great zeal and fidelity under great difficulties and under every risk of personal safety and convenience In recognition of these services the Government have thought it proper to present you this beautiful palanquin, in doing which I sincerely wish that you may enjoy this high distinction for a very long time." During the time that the deceased resided in this cantonment, he took an active and lively part in movements set on foot for the purpose of bettering the social and moral condition of the inhabitants by the establishment of schools and dispensaries. The Mhow Zoroastrian School, the Native Girls' School, the Charitable Dispensary are the living instances of his benevolence and magnanimity of heart In matters of charity he was not partial to the members of his own creed, but was ever ready to help those who sought his assistance. He commanded great influence among the natives, who will cherish his memory for a long time to come. The remains of the deceased were carried to the Tower of Silence at about 5 p. m. on the 18th inst The funeral was attended by the whole Parsee community of Mhow and Indore and a large crowd of Hindoos and Mahomedans. The following officers were also present to pay a last token of respect to the deceased —Colonel Burlton, Cantonment Magistrate. Col. Hibbert, Executive Commissariat Officer, Surgeon-Major Taylor, Staff Surgeon, Rev Mr. Scott, &c., As a mark of respect towards the deceased, the Mhow English and Vernacular Schools (boys' and girls') and some of the Parsee shops were closed, and the civil and criminal courts of Mhow were closed on the 20th inst.

T of India, 11*th and* 30*th May* 1884.

તા૦ ૧ લી જુન.

રોજ ૧૭ માહ ૯ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

કાવશજી શોરાબજી પટેલ—"કાવશજી પટેલ કરેનીબાજી" નામના જાણીતાં પુશતકના કરતા મી૦ કાવશજી સોરાબજી પટેલ ૭૨ વરસની ઉમરે ગઇ કાલે બપોરના મરણ પામગાછે. અસલી જાહોજલાલી ભોગવેલા પટેલ ખાનદાનનાં જાહોજલાલીમાં રમેલા જે એક બે નબીરા બાકી રહયાછે તેઓમાંના એક મરનાર મી૦ કાવશજી હતા. મરનારને જવાનીમાં જાહેર લખાણનો શોખ તથા માહવરો હતો અને આપણા બુઝરગ મીતર મી૦ નવરોજી ફરદુનજી સાથે કલમની લાંબી લડત તેવણે ચલાવી હતી. ચીનમાં તેવણ મુશાફરી કરી આવયા હતા અને તે મુશાફરીના બે પુશતકો તેવણે, બાહેર પાડયાં હતાં. મરનાર

એક ચુશટ મેથન હતા અને તેવણના સાદા તથા મીઠા ખવાશને લીધે કેટલાક અશલી જાણીતા ઇંગરેજો તો તેવણ ઉપર ચાહ હતો અને તેજ સાહેબોએ મેહેનત કરી મરનારને ઇનામમાં સરકાર પાસેથી ચોકસ જમીન અપાવી હતી તથા રાયલ એશીયાટીક સોસાઇટીના પુશતકાલયનો જીંદગી સુધી મુફત લાભ લેવાની પરવાંનગી અપાવી હતી.

[જામે જમશેદ, તા૦ ૨ જી જુન ૧૮૮૪.]

તા૦ ૨૩ મી જુન.

રોજ ૯ માહ ૧૦ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

બરજોરજી મનચેરજી વાડીઆ—જાંણીતા વાહડયા ખાનદાનના એક બુઝરગ નબીરા જેવણે પોતાના વખતમાં અતી મોઠી જાહોજલાલી ભોગવી હતી અને તે જાહોજલાલીનાં વખતમાં સખાવતના કામોમાં દુલા હાથથી પોતાની દોલતનો સારો ઉપયોગ કરયો હતો. પણ ચહડતી પાછલ પડતી આવે એ સાધારણ રેવાજ પરમાણે જેવણ અસતના સીકજામાં જમાનાની ગીરદેશીથી આજ કેટલીક મુદત થઇ દબાયા હતા તેવણના મરણની નોંધ અસુરેથીખી લેવાને અમો અમારો ધરમ સમજીયે છીયે. અમો મરનાર શેઠ બરજોરજી મચેરજી વાહડયા વીશે બોલીયે છીયે, જેવણ પોતાની ૧૧ દીવસ અગાઉ મરણ પામેલી એક બેટીનાં મરણથી એટલા તો જખમી થયા હતા કે દુનીઆંનાં બીજા આદેસા સાથ એ મોટો આદેસો ન ખમાયાથીજ તેના ભારથી લડડી ગયા સોમવારની સવારના તે કીરતારના જનાબમાં ગયા હતા. જવાનીમાંથીજ તેવણ પોતાનાં પીતા મરહુમ શેઠ મંચેરજી વાહડયા સાથે મેસરસ ઇવરટ લાઠમની પેહેડીમાં દલાલ તરીકે જોડાયા હતા અને ઘણાક વરસ તયાં ગુજારવા બાદ શેર મેનયાનાં વખતમાં પોતાનાં મરહુમ ભાઇ શેઠ નશરવાનજી વાહડયા સાથ મેસરશ મંચેરજી જમશેદજીનાં છોકરાઓની કંપનીને નામે બાગમાં વેપાર સરૂ કરયો હતો. કમનસીબે એ પેહેડી શેર મેનયાની ખુમારીમાં બહુ તેજ ઉપર આવયા પછી બીજી કેટલીક પેહેડીઓ ભેગી ભાગી અને તે પછી મરનાર સર ચારલસ ફારબસની પેહેડીમાં સેલસમેન તરીકે દાખલ થયા હતા અને મેસરસ લાયન તથા મેસરસ મેકાલેની પેહેડીમાં પણ એજ કામ તેવણે કેટલીક મુદત સુધી ચલાવયું હતું. હીસાબ કેતાબમાં તેવણનું ધયાન બહુ સારૂ હતું. અને કેટલીક મોલોના તેવણને હીસાબ તપાસનાર નેમયા હતા. મરનાર એ ઉપરાંત કેટલીક ફડચામાં ગયલી કંપનીમાં લીકવીડેટર થયા હતા અને કેસવજી નાયકની ઇસટેટનાં એક ટરસટી પણ હતા. ફારસી ભાશાનો મરહુમ શેઠ બરજોરજીને બહુ સારો અનુભવ હતો અને ૧૮૪૬ નાં શાલમાં આગા મેહેડી નામના એક મોગલે ફીરદોશીનું શાહનામુ છપાવી બાહેર પાડયું હતું તેમાં પેગમબર સાહેબ હજરત જરથોસતને અપમાન કરયું છે એવી વાત ફેલાવાથી કેટલેક ઠેકાણે જબરી લાગણી ફેલાઇ હતી. પણ મરનારે મરહુમ શેઠ ડોસાભાઇ મુનશી સાથ બેસી આગા મેહેડીનાં શાહનામાને બીજાં શાહનામાઓ સાથ બહુ મેહેનત લઇ સરખાવયું હતું અને પછી પરજાને જાહેર કરયું હતું કે શાહનામામાં એવુ કાંઇબી અપમાન પેગમબર સાહેબને થયું નથી, જેથી જરથોસતીઓની લાગણી નરમ પડી હતી. ૧૮૪૭ માં તેવણે મરહુમ શેઠ ડોસાભાઇ મુનશીની સાથ "કેટીકીઝમ ઓવ હેલઠ" નામની ઇંગરેજી ચોપડીનો તરજુમો છપાવીને બાહેર પાડયો હતો. પરેલ ખાતે જે અગીઆરી છે તેને માટે મરનારે પોતાની ગીરોનો મોટો ખરચ કરયો હતો તથા તેની પડોશનીજ લવજી વાહડયા ડીસપેનસરીમાં પણ મરનારે એક સારો હીસો આપેલો કહેવાયછે. પોતાની જાહોજલાલીનાં વખતમાં મરહુમ શેઠ બરજોરજીએ જે દયાલુ દીલનાં સખાવતી કામો કરયાં હતાં તેનો એક દાખલો આજે અમોને યાદ આવેછે અને તે મરનારનો કેવો ઉતમ દીલગુરદો હશે તે બતા-

વવાને તેવણનાં મરણ બાદ અમો મોટી ખુશીથી આજે રજુ કરયે છીયે. નજદીક ૨૦ વરસની વાત ઉપર સખત ચોમાસાંના તોફાનની એક સાંહજના "ડાયમંડ" નામનુ એક વાહણ મલબાર હીલ આગલ ખરાબે અઠડી અટકી પડયું હતું, અને તે જાતરાલુઓથી ભરેલું હોવાથી અતી મોટો ગભરાત થઇ રહયો હતો. આ જાતરાલુઓને કેટલીક મુસીબતે તોફાની દરીઆમાંથી જીવતા કાહડયા હતા અને અમારા ઇંગરેજ મીતરોને જાણવું અગતનું થઇ પડશે કે આ ધરમાતુ જીવડાઓનો જાન દરીઆઇ દેવીનાં ફેડાયલાં મોહોડાંમાંથી છીણવી લેવા માટે ગયા માસમાંજ ઇંગલંડ ગયલા મી૦ હેનરી કલીવલાંડ સોલીસીટરે બહુ મેહેનત કરી હતી. તે ગમે એવાં સખત તોફાનમાં પોતાની જીંદગીનાં મોટા જોખમે પોતાની કમરે દોરડું બાંધી દરીઆમાં પડયો હતો અને દર ખેપે બબે જણાઓને કીનારા ઉપર ઘસડી લાવી એક સારી સંખ્યાને દરીઆમાં કબરવાસી થતી અટકાવી હતી. મી૦ કલીવલાંડની આ મેહેનત અતીશય તારીફ લાયક હતી અને તે પછી તેવોજ દયાલુ દીલગુરદો આ મરહુમ શેઠ બરજોરજીએ પોતાનાં મરહુમ ભાઇ શેઠ નશરવાનજીની સાથ બતાવયો હતો. તેવણનો બંગલો નજદીકમાં હોવાથી આ ભાગાં વાહણનાં ઘણાક કમનસીબ ઉતારૂઓને—અને જાતરાલુ વહાણ તે હોવાથી ઉતારૂઓની કેવી મોટી સંખ્યા હશે તે તો વાંચનારને ખબર હોવી જોઇએ—પોતાનાં બંગલામાં ઉતારો આપી જયાં વેર તે જાતરાલુ વાહણ તેઓને લઇ જવા માટે તઇયાર થયું તયાવેર તેઓને પોતાને ખરચે ખોરાક પુરો પાડયો હતો અને તેમ કરતાં તેવણને એક મોટો ખરચ થયલો કેહેવાયછે. એવી સખાવતનાં, એવાં ઉદાર દીલનાં, કામો કમનસીબે એક માણસની પડતીમાં ભુલી જવામાં આવેછ. દુનયાં એવીજ છે. તોપણ એક વરતમાન પતર લખનારનાં અખતીકાર તરીકે ૨૦ વરસની આ દતાઇ ગયલી પણ ખરા દયાલુ ખવાશની બીનાં તેવણનાં મરણ બાદ પાછી યાદ કરી તેની સાથ તેવણનાં મરણની આ નોધ પણ ખટમ કરીયે છીયે.

[જામે જમશેદ, તા૦ ૨૬ મી જુન ૧૮૮૪.]

શેઠ બરજોરજી મનચેરજી વાડીઆ જેઓનાં દુખદાયક મરણ વીશે અમારા ભાઇબંધો આ અઠવાડયાંમાં ઘણુંક બોલયાછે તેઓ સંબંધી એક બનાવ ઉપરથી અમારા ભાઇબંધોની નજર તદન ચુકી ગઇછે અને તે એ કે ૧૮૬૨ માં પારસીઓના ધારા વીશે રીપોરટ કરવાને નેમાયલાં સરકારી કમીશને એવણને શાક્ષી આપવાને ખાસ ઇજન કરી બોલાવયા હતા. જયાં એવણે શાક્ષી આપતાં છોકરીને વારશો આપવાની તરફેણમાં તથા પારસીઓમાં ૧૬ વરસની અંદરનાં લગન કાએદાસર નહી ગણવાની ભલાંમણ કીધી હતી. એ મરનાર નેક સવભાવ, તીક્ષણ બુધી અને અતીઅંત સબુરીવાલા હતા અને જમાનાના દોરે એઓ ઉપર ગુજરેલી ગીરદેસ્તી, જેથી આગલી પુર જાહોજલાલી સાથ તેમની પાછલી હાલત તદન જુદીજ હતી તે એઓએ સહન કીધી તે એમની સબુરીનુંજ પરીણાંમ હતું. મરનાર ફારશી ભણતરના મોટા અભયાશી હતા અને તેમનું એ ભાશામાં મોટું ગ્નાન અને ખબરદારી હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૯ મી જુન ૧૮૮૪.]

23rd June 1884.

BURJORJEE MUNCHERJEE WADIA.—Mr. B. M. Wadia, whose death was announced yesterday, was born in 1819. In early life he acted, in conjunction with his father, as broker to Messrs. Ewart, Latham and Co. Subsequently he traded for years under the name of Muncherjee Jamsetjee and Sons. After the failure of this firm, served as salesman in the firms of Messrs. Lyon, Sir Charles Forbes, &c., for many years. The

deceased was the liquidator of the Akbar Manufacturing Company, and trustee of the estate of Kessowjee Naik. Besides this, he was the auditor of many mill companies. He leaves behind him a large family.

[*Times of India*, 25th *June* 1884.]

તા૦ ૪ થી જુલાઇ.

રોજ ૨૦ માહ ૧૦ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

નવરોજજી ફરાંમજી મેઘોરા—વાસડા તથા શુંનખડ અને તેવાંજ બીજાં ગામો તરફ મોટી હીમત ભરેલો, અને બોહલા પાએઆ ઉપર રોજગાર ચલાવનારો પારસી ગરહસથ શેઠ નવરોજી ફરાંમજી મેઘોરાના મરણના સમાચાર સાંભલીને અતરેનાં તેમજ બાહેર ગાંમનાં તેવણના એશીઓને તથા દોસતઆશનાઓને મોટી દલગીરી ઉપજીઆ વગર રેહશે નહી. એબલા એક એ ગર હસથથી આજના વખતમાં શેંહકડો ગરીબ જરતોશતીઓનું પાલનપોશન અને રોજી-રજક ચાલુ રહેલી હતી.

[સતીઆ મીતર, તા૦ ૧૦ મી જુલાઇ ૧૮૮૪]

તા૦ ૨૦ મી જુલાઇ.

રોજ ૬ માહ ૧૧ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

હોરમજજી બહમનજી વાડીઆ—પારસીઓના એક આગલા જાણીતા શેઠીઆ તથા સરવેને મોઢે યાદ રહી ગયલા મરહુમ બહમનજી બાવાના વડા દીકરા શેઠ હોરમજજી બહમનજી વાડીઆ ગયા રવીવારને દીને ૫૮ વરસની વયે હક થયાછે. એ મરનાર અતરેની એલફીનસટન ઇનસટીટીઉશનમાં કેલવણી લઇ ઇસવી ૧૮૪૭ માં "બી. એન્ડ એ. હોરમજજીની કું૦" માં દાખલ થયા હતા. આ વેળાએ મુંબઇના દરેક દેશીઓનો ખેરખાહ સર ચારલસ ફારબસ બારોનેટ, કે જે એમના બપાવા આગળા મરહુમ શેઠ હોરમજજી બહમનજી વાડીઆ સાથે ઘની મોહબત રાખતો હતો, તેણે પુર જઇફીએ પોંહચવાને લીધે લખવાનો માહવેરો છોડી દીધા છતાંબી પોતાના મરનાર દોસતનાં માનને ખાતર ખુદ પોતાને હાથદસખતે એવણ ઉપર એક કાગજ લખી મોકલયો હતો, જેમાં શરૂઆતમાં તે નામીચો નર લખેછે કે—

"માહરા પીઆરા જવાન દોસત.

તમારા નામીચા બપાવાનાં મરણ (ઇસવી ૧૮૨૬) પછી હોરમજજી બહમનજીનું માનવત નામ હું આજે પાછું પેહલવેહલું લખુંછું.

તમારો તા૦ ૧૮ મી જુન ૧૮૪૭ નો કાગજ મને મનયો તેની પોંહચ હું ખુદ મારે પોતાને હાથે તમોને લખુંછું, કે જેમ કરવું મને હાલ લખવાનો માહવરો છોડી દીધાને લીધે અસાધારણ છે."

મરહુમ શેઠ હોરમજજીએ ૧૮૬૨ માં પોતાના બાપના મરણ પછી "બી. એન્ડ એ. હોરમજજી" ની પેહડીમાંથી છુટા થઇ "એચ. બહમનજી ટુચ" ને નામે જુદી પેહડી ઉંઘાડી મોટો રોજગાર ચલાવયો હતો, અને ૧૮૭૨ માં તે પેહડી ભાગા પછી એકાંત જીંદગી ગુજારતા હતા. એવણ સુલેહના અમનદાર, પારસી મેટરીમોનીઅલ કોરટના ડેલીગેટ, તથા સર જમશેદજી ઇનસટીટીઉશનના એક અખ્તીઆરી હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૭ મી જુલાઇ ૧૮૮૪.]

20th *July* 1884.

HORMUSJEE BOMANJEE.—Mr. Hormusjee Bomanjee Wadia, eldest son of the late Mr. Bomanjee Hormusjee Wadia, first native sheriff of Bombay, and a partner in the late firm of Messrs. H Bomanjee, Touche and Company, died on Sunday at his residence, Grant Road. Deceased was one of the leading members of the Parsee community, and was much respected He was 58 years of age.

[*Times of India*, 22nd *July* 1884.]

તા૦ ૨૩ મી જુલાઇ.

રોજ ૯ માહ ૧૧ (શે૦) ૧૨૫૩ યજ્દેજરદી.

માણેકબાઈ તે જાંગીરજી નશરવાંનજી વાડીઆનાં વીધવા—ઉપલાંજ ખાંનદાંનના બીજા એક આગલા જાણીતા તથા શગ્વેને મોઢે ચઢી ગયલા મરહુમ વાડીઆજી જાંગીરજી નશરવાંનજીનાં વીધવા બાઇ માણેકબાઇ ૯૦ વરસની પુખત ઉમરે ગયા બુધવારે હક થયાંછે. એ બાઇએ ઇ૦ સ૦ ૧૮૪૩ માં પોતાના ખાવંદનાં મરણ પછી પોતાની બેટી બાઇ મોટલાંબાઇની સાથે મલી તેમની દોલત એવી વેહવાર રીતે સાચવી હતી કે તે આજે લગભગ એક કરોડ રૂપીઆની ગણતરીપર આવેછે. દોલત સાચવીઆ સાથે એ બાઇઓએ ઘણુંક ધરમનાં કામોમાં મદદ કરીછે. ૧૮૪૪ થી દમણ મધે મોબેદ રાખવાનો મુસારો, ૧૮૫૦ માં રૂ૨૦૦૦૦) ને ખરચે નવસારીની દરેમેહર દરૂસ્ત કરાવી, ૧૮૬૮ માં પીઠાંવાલા મોહલામાં એક દરેમેહર બંધાવી, ૧૮૭૦ થી માહેમમાં ધરમનું દવાખાનું ચાલુ કીધું; તેમજ સુરતની ગોપીપરાની તથા દીવ મધેની દરેમેહરોનો આજસુધીનો ખરચ, લવજી વાડીઆના ધાહંબારનું ફંડ, ભરૂચનાં ૧૮૫૭ ના હુલડમાં નુકસાંન પામેલાઓને રૂ૫૦૦૦) તથા સુરતની છેલ્લી રેલ વખતે રૂ૧૫૦૦૦) ની મદદ, વગેરે બીજાં ૧૮૪૩ પછી ઉભાં થયલાં દરેક ધરમખાતાંમાં કાંઇને કાંઇ રકમો આપણ એ બંધે બાઇઓનાં નામ ઉપર જોતા આવીએ છઇએ. તેવણનાં ઉઠયાણાંમાં રૂ૧૬૭૫૦ ની રકમ જુદાં જુદાં ધરમખાતાંઓમાં ભરાઇછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૭ મી જુલાઇ ૧૮૮૪.]

23rd July 1884.

Manockbai, widow of the late Mr. Jehangeer Nusserwanjee Wadia.—Bai Manockbai, widow of the late Mr. Jehangeer Nusserwanjee Wadia, and mother of Bai Motlibai, the most wealthy Parsee lady of Bombay, died yesterday morning at her residence in the Fort, at the advanced age of ninety years The share market was closed yesterday as a token of respect to the memory of the deceased, who was the owner of the premises occupied by the brokers and known as the Brokers' Hall."

[*Times of India, 25th July* 1884]

તા૦ ૨૬ મી જુલાઇ.

રોજ ૧૨ માહ ૧૨ (ક૦) ૧૨૫૩ યજ્દેજરદી.

પોંહુચાજી શોરાબજી પોંહુચા—અતરેની જાણીતી મેસરસ પોંહચાજી ફરામજીની કું૦ વાલા શેઠ પોંહચાજી સોરાબજી પોંહચા ગઇ કાલે ૬૪ વરસની ઉમરે થોડાક દીવસની માદગી ભોગવી મરણ પામયાછે. એ મરનાર સને ૧૮૪૨ થી ઉપલા નામની પોતાના મામાની દુકાનમાં જોડાયા હતા, જે આપણી ટાપુમાં એક સદીથી વધુ મુદતની પુરાંણી છે અને જે અગાઉના વખતમાં ઇંગરેજોની તરીચર અને બોલતનની દુકાન હતી. પેહેલાં તે મરનાર ભીખા બેહેરામે સથાપી હતી, તે પછી લીમજી ભીખાજી તથા પછવાડેથી પેસતનજી ભીખાજીના છોકરાઓ અને છેલ્લે ૧૮૪૨ થી તે ઉપલાં નામથી ચાલુ છે. મરહુમ શેઠ પેસતનજી ભીખાજી પાંડે, જેઓ પારસીઓમાં આજ સુધી "પેસીકાકા" ને નામે મશહુર છે, તેવણની દીકરીના દીકરા આ મરનાર પોંહચાજી થતા હતા અને સવભાવે એકમારગી, રાંક તથા અસીલ હતા. તેવણ પોતા પાછલ એક મોટું કુટુંબ મેલી ગયાછે.

[જામે જમશેદ, તા૦ ૨૮ મી જુલાઈ ૧૮૮૪.]

તા૦ ૧૮ મી આગશટ.

રોજ ૫ માહ ૧૨ (શે૦) ૧૨૫૩ યજ્દેજરદી.

રતનજી જામનગરવાલા—

રાજકોટ, તા૦ ૧૬ મી આગસટ.

લખવાને દલગીરી ઉપજેછે કે અતરેનાં જાંણીતા પારસી મી૦ શોરાબજીનાં જમાઇ

મી૦ રતનજી તે જામનગરનાં પરાઇવેટ સેક્રેટરી ગઇ રાતનાં ૭ાા કલાકે ગુજરી ગયાછે. એમનાં મરણનાં સમાચાર જાણી જામનગર તથા રાજકોટમાં સઘલે દલગીરી ફેલાઇછે.

[જામે જમશેદ, તા૦ ૨૨ મી આગશટ ૧૮૮૪.]

તા૦ ૨૨ મી આગશટ.

રોજ ૯ માહ ૧૨ (શે૦) ૧૨૫૩ યજદેજરદી.

નશરવાંનજી કુવરજી બાટલીવાલા—અતરેના એક જઇફ અને રાંક વેપારી શેઠ નશરવાનજી કુવરજી બાતલીવાલા ગયા શુકરવારની રાતના ૭૨ વરસની વયે મરણ પામવાના સમાચારની નોંધ લેતા અમોને દલગીરી ઉપજેછે. એ મરનાર આગલા જાણીતા પારસી વેપારી શેઠ બેહરામજી કાવસજી બાતલીવાલાના ભાણેજ હતા. અને લાંબી મુદત થઇ પોતાના ભાઇઓ સાથે મઉ તેમજ બીજા દેશાવરો ખાતેનો રોજગાર ચલાવતા હતા. એ મરનાર ધરમી, એકમારગી, તથા દયાલુ સવભાવના હતા. એ મરનારના ઉઠમણાની ગઇ કાલે થયલી ફીરયામાં રૂ૬૬૦ ની રકમ ભરાઇ હતી જેની ટીપ હવે પછી આપવામા આવશે.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી આગશટ ૧૮૮૪]

તા૦ ૧૫ મી સપટેમબર.

રોજ ૨૮ માહ ૧ (ક૦) ૧૨૫૪ યજદેજરદી.

મેહરવાંનજી હોરમજજી મેહતા—મુંબઇના પારસીઓમાં બીજા એક જાણીતા ગ્રહસથ તથા આગલા વખતના એક ગ્રંથકાર શેઠ મેહરવાંનજી હોરમજજી મેહતાનાં ગયા શોમવારે કલકતા મધે ૬૫ વરસની ઉમરે હક થવાના સમાચારની નોંધ લેવાને પણ અમોને દલગીરી ઉપજેછે. એ મરનારે છેક ૧૮૪૨ ના શાલમાં શીખાઉઓને માટે અરવાચીન કાલની ભુગોલ, તથા ૧૮૫૧ મા રસાયણ શાસ્ત્ર સંબંધી વાતચીત, અને ૧૮૬૫ માં ભુગોલ વરણન નામનાં પુસતકો રચી પ્રગટ કીધાં હતાં. ૧૮૬૩ થી એવણ મેશરસ ખરશેદજી નસરવાંનજી કામાની કંપનીમાં એક ભાગયા તરીકે જોડાયા હતા, અને ૧૮૬૮ થી કલકતા ખાતે જઇ પોતાનો જુદો વેપાર ચલાવતા હતા. મુંબઇનાં મયુનીસીપલ કારપોરેશનના સરનશીન શેઠ પીરોજશાહ મેહેરવાનજી મેહતાના મરનાર બાપ હતા.

[સુરત ગોફતાર, તા૦ ૨૧ મી સપટેમબર ૧૮૮૪.]

15th September 1884.

MERWANJEE H MEHTA.—A telegraphic message was received from Calcutta yesterday that Mr. Merwanjee H. Mehta, the father of Mr. Pherosbaw M. Mehta, died there from a prolonged attack of fever.

Times of India, 16*th Sepetmber* 1884.

તા૦ ૧૮ મી સપટેમબર.

રોજ ૧ માહ ૨ (ક૦) ૧૨૫૪ યજદેજરદી.

હોમજી ખરશેદજી દાદીશેઠ—આ અઠવાડયાંમા મયુનીસીપલ કારપોરેશનના એકદમ બે સભાસદોનાં મરણ નીપજયાંછે. એઓમાંના પેહેલા અતરેનાં દાદીશેઠનાં પુરાતમ ખાનદાનના એક નબીરા શેઠ હોમજી ખરશેદજી દાદીશેઠનાં ગયા ભરેસપતવારની સાંજનાં ૬૦ વરસની વયે હક થયા હતા. એ મરનાર ૧૮૫૧ માં પોતાના બાપનાં મરણ પછી "ખરશેદજી અરદેશરના છોકરાઓ" ને નામે પોતાના મરહુમ ભાઇઓ અરદેસર તથા નશરવાંનજીની સાથે બોહલો વેપાર તથા મેશરસ ગરે, પીલકાસલસ, તથા કરેસવેલ શેસન અને બીજી વેપારી પેહડીઓની દલાલીનાં કામો ચલાવતા હતા. એ બાદ ૧૮૬૩ માં ભાઇઓથી છુટા પડી પોતાને હીસાબે વેપાર ચલાવયો હતો. ચોપાટી મધે નાચાર ઇરાંનીઓને રેહવાની ધરમશાલા એવણે પોતાના ભાઇઓની સાથે મલી રૂ૧૫૦૦૦) ને ખરચે પોતાના બાપના નામે બંધાવી ૧૮૫૩ ના આગસટ માસમાં ખોલ્લી મુકી હતી. ૧૮૬૩ ના સપટેમબર માસમાં એવણે મુંબઇની યુનીવરસીટીમાં રૂ૫૦૦૦) ની રકમ

તેનાં વયાજમાંથી દર શાલ પોતાના નામનું એક ઇનામ આપવાને ભેટ આપી હતી. એવણ ૧૮૬૨ થી સુલેહના અમલદાર, ૧૮૭૦ થી પારસી માટર્ગામોનીઅલ કોરટના એક ડેલીગેટ, ૧૮૭૧ થી મુંબઇની યુનીવરસીટીના ફેલો, ૧૮૭૨ થી સર જમશેદજી જીજીભાઇ ચેરીટેબલ ઇનસટીટીઊટના એક અધીકારી, અને ૧૮૭૪ થી મુંબઇનાં મયુનીસીપાલ કારપોરેશનના એક મેમબર હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૧ મી સપટેમબર ૧૮૮૪.]

18*th* S*eptember* 1884.

HOMEJEE CURSETJEE DADY—We regret to announce the death from paralysis of Mr. Homejee Cursetjee Dady, the eldest member of the well-known Dadysett family, at his residence at Mazagon, on Thursday afternoon, at the age of 66 years. Mr. Homejee was descended from an opulent and well-known Parsee family, and was the uncle of the late Sir Cowasjee Jehangeer, Kt., C S I., and like the latter was a most successful merchant. Mr. Homejee, through his tact and keen foresight, considerably augmented his ancestral property, and it was during his palmy days that he contributed a large sum of money to the funds of the Bombay University, which annually awards a prize bearing his name. Mr. Homejee was kind and courteous in his behaviour, and was much respected. The fact of his being very popular with the members of his community was unmistakably shown by the large number of influential persons who attended his funeral yesterday He was one of the earliest native Justices of Peace, a Fellow of the Bombay University, a delegate of the Parsee Chief Matrimonial Court, and had been a member of the Municipal Corporation from the date of its establishment. He leaves behind him a widow who is the sister of the present Sir Jamsetjee Jejeebhoy, a most accomplished lady, and an only son, a lad of about twelve years of age.

Times of India, 20*th September* 1884

તા૦ ૧૦ મી અકટોબર.

રોજ ૨૩ માહ ૧ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

શાપુરજી ફરામજી કરાકા—જણાવાને દલગીરી ઉપજેછે કે આપણા જાણીતા માજીસટરેટ શેઠ ડોસાભાઇ ફરામજીના નાના ભાઇ શેઠ શાપુરજી ફરામજી કરાકા ગઇ રાતના સેહેજ માંદગી ભોગવી પેલી જહાનમાં કુચ કરી ગયાછે. મરનાર એક ચંચલ તથા સારી કેલવણીવાલા જવાન હતા અને એક પારસી વેપારી પેહેડી તરફથી ૧૮૬૨ના સાલમાં ઇંગલંડ ગયા હતા, જે પછી મુંબઇ પાછા ફરી કેટલીક મુદતવેર વેપારમાં ગુંટાઇ આજે નજદીક ૧૦ વરસ થયાં મરહુમ શેઠ માણેકજી શેઠની મોટી એસતેતના મેનેજર હતા. એવા એકમારગી તથા દયાલુ સ્વભાવના ગરહસથનાં મરણથી તેવણના જઇફ પીતા તથા ભાઇ અને કુટુંબને જે ગમગીની ઉપજી હશે તેમાં અમારો ભાગ છે.

[જામે જમશેદ, તા૦ ૧૧ મી અકટોબર ૧૮૮૪]

10*th October*, 1884.

SHAPOORJEE FRAMJEE KARAKA.—Mr. Shapoorjee Framjee Karaka, brother of Mr. Dosabhoy Framjee, C. S. I., died yesterday evening at his residence at Girgaum, from the effects of cholera. Deceased was the manager of the properties and estates of the Parsee millionaire, Mr. Jalbhoy Ardeshir Sett.

[*Times of India*, 11*th October* 1884.]

તા૦ ૧૮ મી અકટોબર.

રોજ ૧ માહ ૨ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

દસ્તુર અસપંદીઆરજી ફરામજી રબાડી—દસ્તુર અસપંદીયારજી ફરામજી રબાડીના શ્રી સુરતમાં નીપજેલાં મરતીઉકની અતરે નોધ લેતાં દલગીરી પેદા થાયછે. મરનાર એક જુના વખતના અને જુના વીચારવાલા એરવદ હતા તે છતાં રાહનુમાય માજદયસનાં સભાના સુધારાના કાંમોને એઓના સુધરેલા વીચારોનો ટેકો હતો, અને જરતોશતીઓના જુદા જુદા વેહેમોની વીરૂધ સભાએ આગલા વખતમાં જે દસ્તુરોના મત પુછાવયાં તથા જેઓએ ફતવા લખી મોકલયા હતા તેઓમાં એક આ મરનાર હતા, તે મુકતાત વીશેના લખાઇ આવેલા ફતવા અમે ગયાં બે વરશ ઉપર પ્રગટ કરેલા જે વાચનારાઓને યાદ હશે તેઓ કહી શકશે. પણ મરનાર એરવદ ફકત રાહનુમાયના "વાલમો" થીજ એક જાહેર લખનાર દાખલ જણાયલા નહી હતા. એઓ અમારા આગલા ભાઇબંધોની સંકમાંના એક હતા. જયારે આજકાલના આપણા ઘણા લખનારાઓનો જનમ પણ થયલો નહી હતો તયારે દસતુર અસપંદીયારજી વરતમાનપત્રોના એક લખનાર હતા. છેક સને ૧૮૪૯ માં મરનાર શેઠ નવરોજજી ગાય અને મરનાર દસતુર કેકોબાદ મીનોચેહરજી મુલાંફીરોજ સાથ મળીને એવણે "સમાચાર દરપણ" નાંમનું ગુજરાતી પત્ર પ્રગટ કરવા માડયું હતું, કે જે પેહલવેહલું ગુજરાતી રોજીંદું હતું. મરહુમ ફરદુનજી મરજબાનજીએ પોતાના "મુંબઇ સમાચાર" પત્રને પેહલવેહલું સને ૧૮૩૨ માં રોજીંદું રૂપ આપયું, પણ તે માત્ર આઠ મહીનામાં રોજીંદાં દાખલ ચાલતું બંધ પડયું હતું, જે પછી છેક ૧૭ વરશે મરનાર દસતુરે પેહલેથીજ રોજીંદું "સમાચાર દરપણ" કાહાડયું હતું, તે પેહલવેહલું રોજીંદું હતું. એ મરનાર દસતુરે આગલા વખતમાં જરથોશતી મજહબને લગતી કેટલીક કેતાબો અતરે પ્રગટ કીધી હતી, જેમાં ૧૮૪૧ માં મરહુમ ડાકટર વીલસને વદીદાદ ઉપર કરેલી મુજાહેમતોના રદ-જવાબમાં "હાદીએ ગેમરેહાન," તથા ૧૮૪૯ માં "ઇજશને બા માએની," અને ૧૮૫૩ માં ગોશ ખાવાની મનાઇ બાબેના ઓલાસાનાં ચોપાંનીયાંએ તે વખતનાં જરથોશતીઓનું ઘણું ધેઆંન ખેંચયું હતું. મરનાર લાંબી મુદત થાઇ સુરત ખાતે એકાંત વસતા હતા અને આસરે પોણાસો વરશની બુજરગ ઉમરે ગયા શનીવારની રાત્રે બેહસ્તનશીન થયાછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૬ મી અકટોબર ૧૮૯૪.]

તા૦ ૨૫ મી અકટોબર.

રોજ ૮ માહ ૨ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

એદલજી રૂસતમજી ગાય, નવસારીના—અતરેના શેઠ એદલજી રૂશતમજી ગાય નામના જાણીતા અને આબરૂદાર એક સરાફ ગયા સનીવારે પોતાની આસરે ૭૦ વરસની ઉમરે મરણ પામયાછે. મરનાર પોતાની બાલ અવસથાથી પોતાના એક સગા સરાફની દુકાન ઉપર ગુમાસતા તરીકે રહયા હતા, અને તેમના મરણ પછી તે સરાફી ધંધો પોતે ચલાવા માંડયો હતો. મરનારે પોતાની સાખ એવી સારી રાખી હતી કે કેટલાક ગરીબ બાઇબાવરાં પોતાના મરણ જીવનનું દઇવત મરનારના ઇતબાર ઉપર વગર આધારે સોંપી જતાં હતાં. લોભની જાલમા કોણ નથી ફસી પડતું? દઇવયોગે છેલાં પાચ છ વરસ ઉપર મરનારે કાંઇ અનાજનો વેપાર કરવા માંડયો, પણ બજાર એકદમ મંડીપર આવી જવાથી મરનાર એકદમ પઇસા સંબંધી હાલતમાં દબાણમાં આવી ગયા. આથી કેટલાક માગનારો ઉભા થયા. મરનારે ૫૦ વરસ સુધી મેલવેલી ઇજત અને સાચવેલી પોતાની આટને કાંઇ પણ હીણું ન લગાડવાને પોતાનો વાડી વજીફો વગેરે ગીરવી મુકીને પોતાના સાહુકારોને રાજી કરયા હતા,

તે વખતથી સરાફી ધંધો છોડી મરનારે પોતાના વજીફામાં ખેતી કરવા માંડી હતી. જે હાલત ૩-૪ વરસ ભોગવી આખરે પોતાની હમેશાંની ઇજતભર આ ફાણી દુનયાને છેલી સલામ કરી ચાલ્યાછે. મરનાર ઘણા ભલા, એકમારગી, ધરમાલુ તેમજ શરીરે મજબુત બાંધાના હતા.

[જામે જમશેદ, તા૦ ૩૦ મી અકટોબર ૧૮૮૪.]

તા૦ ૨૭ મી અકટોબર.

રોજ ૧૦ માહ ૨ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

ખાંનબાહદુર દસ્તુર નોશરવાંનજી જામાસપજી જામાસ્પ આશાના—પુણાવાળા ખાનબહાદુર દસ્તુર નોશેરવાનજી જામાસપજી જામાસપ આસાના, આસરે ૭૦ વરસની પાકી ઉમરે, જાહોજલાલી અને માન વચે, ગઇ કાલે પેહલા પોહરના અગયાર કલાકને અમલે બેહસ્તનશીન થયાછે. મરહુમ દસ્તુરજીની તબીયતમાં લગભગ એક માસ થયા, મીઠા પીશાબ તથા પાઠાંના દરદોથી બીગાડો થઇ પડયો હતો, અને કાબેલ ડાકટરોના ચાંપતા ઉપાયો છતાં તે અંત સુધી વધતો ચાલયો હતો. તેમની બીમારીને લીધે તેમની પીછાણનાં બોહલાં મંડલમાં—મુંબઇ, ગુજરાત તેમજ દખણમાં—ઘણી ઇનતેજારી ફેલાઇ રહી હતી, અને તેની પુછપરછ તથા તેમના તરફની દીલસોજી માટે બાહેરથી તારના ઘણા સંદેશા પુણે ફરી વલયા હતા. પણ તેઓ સરવેની ભારે દલગીરી વચે, મરહુમ દસ્તુર ગઇ કાલે આ દુનયાથી પોતાનો અસબાબ ઉઠાવી ગયાછે. દસ્તુર નોશેરવાનજી દખણની પારસી વસતીના ધરમગુરૂ તરીકેજ નહી, પણ દખણના એક સરદાર અને તયાંના આગેવાન દેશી તરીકે પણ પરખયાત થઇ ગયાછે. એક ધરમગુરૂને છાજતાં કાબેલયત, પરહેજગારી અને સાલેસાઇના ગુણો તેઓ ધરાવતા હતા. જોકે ચાલુ વખતની યુરોપયન શોધ પરમાણેના પુરવ ભાષાના અભયાસી તરીકે તેવણ જાણીતા હતા નહી, તોપણ અસલી રીતી પ્રમાણે અવસતા, પેહલવી, પાજંદ અને ફારસી ભાષાઓનું ભંડોળ તેવણ ધરાવતા હતા. પોતાનું મથક પુણા છતાં મુંબઇ સાથ તેમને ચાલુ વેહવાર અને આવજાવ હતાં, અને મુંબઇના ઘણાખરા પારસી અકાબરો તેમના તરફ માન અને ચાહ ધરાવતા હતા. પારસી કોમમાં એખલાસ વધારવાને મરહુમ દસ્તુર મલતી તક હાથ કરવાને ચુકતા ન હતા; અને તેમની આગેવાની હેઠળ ઉભી થયલી પુણાની "બજમે રોજે બેહેરામ" નામની મંડલી, મુખય કરી એજ નેમથી સથાપન થઇ હતી. પોતાનો દરજજો જાલવવા અને વધારવાની તેમની કોશેશ તારીફલાયક હતી, અને દરેક ઠેકાણેના પારસી ગરહસથો, જેઓ તેમને મલવા અને જાણવાને શકતીવાન થતા, તેઓ તેમના તરફ માન ધરાવતા રેહેતા હતા. પારસીઓજ નહી, પણ બીજી ગ્નાતના લોકોમાં પણ, તેમને માટે માન અને ચાહ દેખાડવામાં આવતો. અંગરેજ સરકાર અને નીજામ વગેરે દેશી રાજયોમાં, મરહુમ દસતુરજી માન અને વગ ધરાવતા હતા. અંગરેજ સરકારે ખાનબહાદુરનો ખેતાબ તથા દખણના સરદારની પદવી બખશીને તેમની કદર પીછાણી હતી, અને દેશી રાજયો તરફથી પણ તેમને તક મલતાં માન અને ખીલાત એનાયત થતાં રહયાં હતાં. મરહુમ દસતુરની એ પીછાણ અને વગમાં, તેમના ભાઇઓથી બોહલો વધારો થયો હતો. તેમના લગભગ સઘલા ભાઇઓ અંગરેજ તેમજ નીજામ સરકારને હસતક મોટા નાના ઓધા ધરાવતા હોવાથી, તેનો લાભ દસતુર નોશેરવાનજીને ઘણો મલતો હતો. એ સઘલાં જોડે, કુટુંબના વડા તરીકેની દસતુર નોશેરવાનજીની બુજોરગી, તારીફ લાયક અને નકલ કરવા જોગ હતી. આખાં કુટુંબે હલીમલીને સાથે રેહેવાનો જે ગુણ આગલા પારસીઓ અને દેશીઓ ધરાવતા હતા, અને જે હમણાં તેમનામાંથી વેગલો થતો જાયછે, તે આ મરહુમ દસતુરજીએ પોતાના ઘરમાં

અજબ રીતે સાચવી રાખયો હતો. અરધો ડજન ભાઇઓનું બેટાઓ અને નબીરાઓ સાથનું એક મોટું કુટુંબ, તેઓએ છેલી ઘડી સુધી જોડેલું રાખયુંછે, જે તેમની સારી સમજ અને મોટાં દીલનો સારો દાખલો છે. જેમ તેમના ભાઇઓ તેમજ તે ભાઇઓના ઘણાખરા છોકરાઓ સરકારી ઓધેદારો છે, અને તે સઘલાઓ ઉપર મરહુમ દસતુર વડા તરીકેનો કાબુ અને પીતા તરીકેનું માન ભોગવી ગયાછે. એવી રીતે એક મોટાં કુટુંબને જોડેલું. અને આબાદ રાખવામાં, તેના વડાના વીચાર અને વરતનુક ઉંચી પ્રકારનાં જોઇયેછે, અને દસતુર નોશેરવાનજી તે ધરાવતા હતા, એ તેમની મોટાઇમાં વધારો કરનારી વાત છે. તેમનાં મરણથી તેમનાં બોહલાં કુટુંબમાં, તેમના દોસત આસનાઓમાં તેમજ પારસી વસતીના મોટા ભાગમાં ભારે દલગીરી ઉપજશે, જેમાં હમો ભાગ લઇયે છીયે.

પુણા, તા૦ ૨૭ મી રાતે કલાક ૯.

દખણ મધેના જરથોસતીઓના વડા દસતુર ખાનબાહાદુર નોશેરવાનજી જામાસપજી આજ દને બપોરે પોણા અગીઆર વાગાને અમલે મરણ પામયાછે. મરનાર કેટલોક વખત થયો મીઠી પીશાબ અને પાઠાંનાં દરદની પીડાકારી ભોગવતા હતા, અને અંતે તેના ભોગ થઇ પડયાછે. મરનાર તા૦ ૧૧ મી જુન ૧૮૧૮ ને દને જનમયા હતા, જેથી તેમની ઉમર મરણ વખતે ૬૭ વરસની હતી. મરનારનાં મરણથી આખા પારસી ટોલામાં ભારે ગમગીની ફેલાઇછે. તેમનાં મરણના સમાચાર બાહેર ફેલાતાંજ બાહેરગામથી ઘણાક જરથોસતીઓ અતરે આવયાછે, જેમાં શેઠ બેરામજી જીજીભાઇ તથા બીજા ઘણાકો છે. મરનાર પોતાની પાછલ એક છોકરી અને છોકરો મુકી ગયાછે. તે ઉપરાંત મરનારના ચાર ભાઇઓ છે. તેવણના બાવા જામાસજીનાં મરણ પછી દખણના જરથોશતીઓના વડા દસતુર તરીકે તેવણનો જાહેર કરવામાં આવયા હતા. મરનારનો જનમ નવસારીમાં થયો હતો, અને તયાંજ તેઓએ પોતાની કેલવણી લીધી હતી. મરનાર ફારસી, અરેબી, જંદ, પેહેલવી, પાજંદ તથા સંસકરીત વગેરે ભાષાઓ જાણતા હતા. મરનારના અભયાસનાં ઉંચાપણાં વીશે પુરવ બાષાઓના જાણીતા વીદવાન પરોફેસર મોનીઅર વીલીઅમસે ઉંચું મત જાહેર કરયું હતું. મરનારનો દેખાવ ઘણો દબદબા ભરેલો હતો. તેઓ જરથોશતીઓમાજ માન પામેલા અને માનીતા હતા એટલુંજ નહી, પણ સઘલી વરણના લોકોમાં મરનાર માનીતા થઇ પડેલા હતા. મરનારનો દેખાવ અસરકારક હતો. સવભાવે ઉદાર, પવીતરાઇ, એલમ અને બીજા ભલા ખવાસોમાં સારીપેઠે જાણીતા હતા. લગભગ પાંચ દરેમેહેરોમાં, તેમજ પુણા, શોલાપુર, હેદરાબાદ, જાલના, ઓરંગાબાદ, નીમચ, નસીરાબાદ, ઇંડોર, મઉ, સતારા, આકોલા, ઇગટપુરા તથા બીજાં ઘણાં ઠેકાણાઓમાં મરનારની સતા કબુલ રાખયામાં આવતી હતી, એટલુંજ નહી, પણ તે દરેક ઠેકાણાંમાં તેઓ આબરૂ અને માન ધરાવતા હતા. દેશી રાજયો સાથે મીત્રાચારી ધરાવતા હતા. નીજામ, હોલકર, મરનાર સર સાલારજંગ અને બીજા દેશી રાજવંશીઓ જોડ તેમને સારો એખલાસ હતો. મરનારનો સવભાવ ઉદાર હતો, અને ઘણીક ખાનગી સખાવતો તેઓએ કરી હતી. બલવાના હીંગામમાં અંગરેજ સરકારની ઘણી કીમતી સેવાઓ બજાવયાથી લારડ નેપીઅર આફ મગડલાએ તેવણને ખાનબહાદુરનો એતાબ આપવાની ભલામણ કરી હતી, જે ભલામણ મંજુર. કરી, નામદાર સરકારે તેવણને ૧૮૬૮ નાં સાલમાં ખાનબહાદુરનો એતાબ એનાયત કરયો હતો. તે વેલાએ, તેમને એ એતાબની ખુશાલીમાં જુદાં જુદાં પચીસ માનપતરો, કપો અને કાસકેટો, શાલજોડા વીગેરે ભેટ કરવામાં આવયાં હતાં. ૧૮૭૩ ના સાલમાં સાયનસ કાલેજમાં એક

દરબાર ભરી મરનારને ગવરનર સર સીમોર ફીટજરાલડે સોનાનો એક ચાન એનાયત કરયો હતો, અને દખણના પેહલા વરગના સરદારનો એલકાબ આપવામાં આવયો હતો, એટલુંજ નહી, પણ ગવરનરના મેહેલમાં અને દરબારોમાં ખાનગી દાખલ થવાનો હક આપયામાં આવયો હતો. નામદાર મહારાણીના વડા પુત્ર શાહજાદા પરીનસ આફ વેલસને રૂપાંનો એક સુંદર દાબડો મરનારે ભેટ કરયો હતો, તથા ફારશી ભાષામાં આવકારનું એક માનપત્ર આપયું હતું, જે પત્ર મરનારે પોતેજ ઘડયું હતું.

મરનારની પાયદસતની કીરયા.

મરનારને આવલમંજલ પોહોંચાડવાની કીરયા આજ પાછલા પોહોરે ચાર કલાકે થઇ હતી. એ કીરયામા તમામ જરથોશતીઓએ ભાગ લીધો હતો. મરનારનાં મરણની ખબર ફેલાતાંજ જુદી જુદી તરફથી દીલાસા પતરો જેમ તારની મારફતે તેમજ પતરોની મારફતે આવયાં હતાં. તેમજ નામદાર ગવરનર તથા સર વેદરબરન વગેરેએ પણ દીલાસા પતરો મોકલી આપયાં હતાં.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૮ મી અકટોબર ૧૮૮૪.]

27th October 1884.

SIRDAR KHAN BAHADOOR, DUSTOOR NUSSERVANJEE JAMASPJEE JAMASP-ASSANA—Widespread regret will be felt at the news we publish this morning of the removal of one of the most prominent figures amongst the Parsee Community. At noon yesterday tidings were received in Bombay, that an hour previous, the Parsees of the Deccan had been deprived by death of their venerable chief priest, Khan Bahadoor Dustoor Noshirvanjee, who had passed away at his residence, Dustoor Hall, Poona, where he had for a month past been suffering from illness.

Sirdar Khan Bahadoor Dustoor Noshirvanjee Jamaspjee, the high-priest of the Parsees residing in the Deccan and in the Central Provinces, had been ailing for the last month; and he was in such a state of utter prostration on Sunday last, that the telegraph was put into requisition to summon to his bed side his near relations from Bombay and other places. Dustoor Hall, his residence in Nana's Peit was crowded during the day by numbers of anxious inquirers regarding the state of his health. He died at 11 o'clock yesterday forenoon, in spite of the best medical aid that could be procured. The late Dustoor was born at Nowsaree. He was the eldest son of Dustoor Jamaspjee Eduljee, high priest of the Parsees in the Deccan, and succeeded his father in the office some thirty years ago From an early age Dustoor Noshirvanjee applied himself to the study of languages, and had a knowledge more or less, of the Zend, Pehlvi, Persian, Arabic, and Sanskrit languages He had also studied something of Hindoo astrology. His jurisdiction as high-priest extended over a large area from Poona to Hyderabad, Jalna, Neemuch, Sholapore, Indore, Mhow, Akola, and Egutpoori, where he was much respected for his learning and piety. For important services rendered by him during the Mutiny the distinction of Khan Bahadoor was conferred upon him, and at a later period he was nominated a second-class Sirdar of the Deccan. He was invited by Government to the Imperial Assemblage at Delhi, when a medal was presented to him, and he was raised to the rank of a first-class Sirdar of the

Deccan. Dustoor Noshirvanjee had, at his own expense, built a fire-temple at Akola for the benefit of his co-religionists, He had also contributed largely, in conjunction with his brothers, to the repairing and building of the Patel Hall and the Dustoor Hall at Poona, which are used by Parsees on religious and festive occasions. The last Dustoor was the eldest of five brothers. His four surviving brothers are distinguished public servants, and have helped to add to the reputation of the family. Of these Mr. Bomonjee Jamaspjee, C. I E, was some time ago Commissioner of Akola in the Central Provinces, and is now a Government pensioner Mr Byramjee Jamaspjee is at present the Dustoor of Hyderabad. Mr. Ruttonjee Jamaspjee was some time ago Commissioner in the Berars, and is now employed in the Revenue Department in the Nizam's service, and Mr. Hoshungjee Jamaspjee is Professor of Persian in the Deccan College, Dustoor Noshirvanjee leaves behind him a widow and an only daughter, who is married to his nephew, Mr. Dinshah Pestonjee Kanga, of the firm of Messrs Jefferson, Bhaishunker, and Dinshah, solicitors.

In the afternoon our correspondents telegraphed from Poona —Khan Bahadoor Dustoor Noshirvanjee Jamaspjee died at 11 o'clock this forenoon at his residence, Dustoor Hall. in the city, after nearly one month's illness. The unhappy occurrence has spread a gloom over the whole Parsee community. The late Dustoor Saheb was the high-priest of the Parsees of all the Deccan, and was much esteemed and respected among all classes of the European and native communities of Poona and the surrounding towns. The news of his death will throw the Parsees of the Deccan into deep mourning. The learned Dustoor commanded great influence at some of the native Courts, notably H. H. the Nizam's. For the valuable services he rendered to the British Crown during the troublous times of the Mutiny he was created Khan Bahadoor, and the distinguished title of first-class Sirdar was subsequently conferred on him by the Government of India. He enjoyed these distinctions till the time of his death. He also had the previlege of private entry at the Governor's levèe and on other State occasions. His funeral this afternoon was influentially and numerously attended. Many came from long distances specially to be present at the ceremony. Great sympathy is felt by all classes for the brothers of the deceased and the members of his family. The late Dustoor was a prominent figure in Poona society, to whom he was endeared by his commanding figure, pleasant address, refined manners, free and interesting conversational power. Visitors to Poona will miss his pleasing presence next season. He was 66 years of age. Doctors Gholey, Bhiccajee, and Beatty attended the deceased during his illness.

The deceased was recognised as high-priest of the Deccan and Malwa, on his father's death, when he was only 30 years of age. He was born and educated at Nowsaree. He was ordained at the age of 12. Professor Monier Williams, in the *Nineteenth*

Century Lord Mayo's Memoirs, refer to his learning and accomplishments, benevolent disposition, wellknown veneration, piety, and learning. The fire temples of Poona, Sholapore, Hyderabad, Jaulna, Aurangabad, Neemuch, Nusseerabad, Indore, Mhow, Satara, Akola, Egutpuri, and other places acknowledge his jurisdiction. He was esteemed by the Native States, and was friendly with the Nizam, the Holkar, the late Sir Salar Jung and others. He was charitable and made many private donations. Besides being made a Khan Bahadur in 1868 for distinguished services during the mutiny—a distinction for which he was recommanded by Lord Napier of Magdala—he received at various times 25 addresses, with cups, caskets, and shawls. When the Prince of Wales visited this country he presented H. R. H. with an address enclosed in a rich silver casket. The funeral took place at 4 p. m. all the Zoroastrian in Poona came to the Towers of Silence. Letters and telegrams of condolence were received from the Governor, Sir William Wedderburn, and others. Mr. Byramjee Jeejeebhoy, C. S. I., and many others arrived from outstations to be present at the funeral.

[*Bombay Gazethe 28th October 1884.*]

તા૦ ૯ મી નવેમબર.

રોજ ૨૩ માહ ૨ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

હોરમજજી હીરજીભાઈ શેઠના—જણાવવાને અતીશય ખેદ ઉપજેછે કે આપણા અતી લાયકીવાલા બુજરગ શેઠીયા શેઠ હીરજીભાઇ હોરમશજી શેઠનો એકપુરો બેટો ભાઇ હોરમસજી ગઇ બપોરનાં માહબલેશવર ખાતે હારટ ડીસીજથી અચબુચ મરણ પામયો હતો. મરનાર ગયા અઠવડીયામાં પોતાની માતાની સાથ તંદરોસતીના સુધારા માટે માહબલેશવર ગયો હતો અને એકદમ આ માહેતમભરી ખબરથી શેઠ હીરજીભાઇ અને તેવણના કુટુંબમાં જે બેહદ દુખ ફેલાયુછે તેનો ખયાલ આપી શકાતો નથી. ૫ઇસે પુર બુઝરગ શેઠ હીરજીભાઇની એકપુરી બેટીનો એકપુરો તે બેટો હતો અને શેઠ હીરજીભાઇએ પોતાના ચેરાગ તરીકે પોતાથી તેને કદી વેગલો રાખયો ન હતો તથા પોતાનો વારસ કરી લીધો હતો. બુઢાપામાં જે કારી ઘાહ એ બુઝરગ શેઠને લાગોછે તે કદીબી રૂજાય એવો નથી પણ તેવણની માહેતમ ભરી ગમગીનીમાં જે ટોલાંના ધરમ ફંડના તેવણ એક રખેવાલ છે તે આખાં ટોલાંનો ભાગ છે તે એક મુખય દીલાશો છે.

મરનારના રવાંનને છેલ્લો સેજદો કરવાને કુટુંબની ખાહેશ પરમાણે રવાનને મુંબઇ જેમ બને તેમ જલદી લાવવાની ગઇ સાંહજનાં મોટા પાયાની ગોઠવણ થતી હતી, તે માટે વીજલીના તારનો બોહલો ઉપયોગ કરવામાં આવયો હતો, અને વકી રખાયછે કે મરનારના રવાંનને આજે બપોરની અંદર આપણા શેહેરમાં લાવવામાં આવશે.

[જામે જમશેદ, તા૦ ૧૦ મી નવેમબર ૧૮૮૪.]

તા૦ ૨૫ મી નવેમબર.

રોજ ૯ માહ ૩ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

જમશેદજી રૂસતમજી અપુ—મી૦ જમશેદજી રૂસતમજી અપુનું મરણ—આ પારશી ગરહસથનું મરતબુક મુંબઇમાં નીપજયુંછે અને જોકે અપુનું ખાનદાન મુંબઇમાં જાણીતું છે તોપણ આ ગરહસથનો વડોદરા સાથનો સંબંધ થોડો નથી. મેસરસ જીવણજી એદલજી સનસની કંપની વડોદરામાં જાણીતી થયલીછે. એ પેહડીની હઇયાતી પોણોસો વરસની ગણાયછે અને તે પેહડીનો પેહલો પાયો નાખનાર આ મરનારનાં બપાવા શેઠ જીવણજી અપુ હતા

તેઓનું નામ વડોદરામાં આશકારા છે. મી૦ જમશેદજીને પણ જીવણજીના નામથી ઘણાક યુરોપયનો આજ ઓળખેછે કેમકે મરનાર જીવણજીનો સઘલો વહીવટ એઓ ચલાવતા હતા. આ પેહેડી મરનાર ગણપતરાવ ગાયકવાડના કારોબાર તુલીક ધીકતી હતી પણ તે પછી આ પેહેડીનો લગભગ અંત આવયોછે. આગલ મે૦ જીવણજી અને સનસવાલાઓએ શેહર અને કાંપમાં મોટી દુકાનો સથાપી હતી અને તે દુકાનો આ રાજમાં પેહેલી હોવાથી રાજાઓ તથા સરદારો અને અમલદારો તથા રેસીડનટોથી ઘણીજ આબાદ હાલતમાં રહી હતી. તે દુકાનોથી એટલો વગ ચાલતો હતો કે આ મોટા રાજવાડામાં શેઠ જીવણજી ઘણાજ પરખયાત થઇ ગયા હતા અને પોતે છુટે હાથે પોતાનો ધંધો ચલાવતા હતા, આસતે આસતે આ પેહેડીનું વજન અને આંટ એટનાં વધી ગયાં કે ગાયકવાડોના સરાફો તરીકે પણ આ લોકો થોડો વાર ગણાવા લાગયા. ગણપતરાવ ગાયકવાડનાં મરણની તરત વેલા થોડાક હજારની ગાંસડીઓ ખંડેરાવ માહારાજને તરત આ ધુંધી પેહેડીવાલાઓએ પોહોંચાડી આપી હતી અને ગણપતરાવ ગાયકવાડના વખતમાં પણ એઓનો જોર વધુ હતો. વખત જવે આ પેહડીએ દારૂના ઇજારાનું કામ લઇ લીધું હતું અને ઇજારો કાંઇક મુદત સુધી રાજાઓ પાસેથી લેતા ગયા હતા. એ ઇજારામાં આ પેહેડીવાલાઓ ઘણાજ પગ ભરતા થયા અને તેથી બંગલાઓ અને ઘરોના મોટા મીલકતદાર ગણાવા લાગયા જે મીલકતો હજુર સુધી આ પેહેડીને લગતી કેહેવાયછે. વચગાલે આ ઇજારા દેશી રાજવાડાની હમેશની ખટપટ મુજબ બીજા બીજા શખસોને આપવામા આવતા હતા પણ તે સઘલા છોડી દેતા અને શેઠ જીવણજીવાલાજ આખરે ચલાવતા હતા. મલહારાવના વખત પછી આ પેહેડી પડવા લાગી અને શેઠ જીવણજીના મરણ પછી તેઓના દીકરા અને દોતરાઓએ તરણ પેહેડી લગી કામ ચલાવયું અને શેઠ જમશેદજીના મરણ પછી આ પેહેડીનો છેલો અંત આવવાની ધાસતી છે. આ હેવાલ પારસી ઇતીહાસ કરતાઓનું ધયાંન ખેંચનારો છે.

[જામે જમશેદ, તા૦ ૩૦ મી નવેમબર ૧૮૮૪.]

ઈ૦ સ૦ ૧૮૮૫.

તા૦ ૧૫ મી જાનેવારી.

રોજ ૩૦ માહ ૪ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

શાપુરજી ગોરાભાઈ ચોથીઆ—

વલસાડ, તા૦ ૧૮ મી જાનેવારી.

વલસાડના ઓભાવાલા તથા બુજરોગ શેઠ શાપુરજી ગોરાભાઇ ચોથીઆ રોજ ૩૦ મો માહા ૪ થો ને તા૦ ૧૫ મી જાનેવારીને દીને ગુજરયા હતા. એવણ અતરે એક લાએકીવાલા ગરહસથ તથા લાંબી મુદત સુધી મીયુનીસીપાલીટીના અધીકારી હતા. એ મરનારનું ઉઠમણુ રોજ ૨ જો માહા ૫ મો તા૦ ૧૭ મી જાનેવારી ને શનેહને રોજે તેવણનાં મકાંનમાં થયું હતું તે વેલાએ એ બાહોશ તથા લાએકીવાલા શેઠનાં પોતાનાં તથા તેવણના છોકરાઓ ભાઇ હોરમજી સોલીસીટર, ભાઇ બમનજી કપડવાલા, તથા ભાઇ રતનજી રેજીસટરારના દોસતો તથા સગાં વાહાલાં મુંબઇથી તેમજ નવસારી, ગણદેવી, બીલીમોરા તથા ઉદેપોરથી ખાશ આવયા હતાં, તેમજ વલસાડનાં દસતુરજી સઘલા મોબેદો તથા આખી અનજુમન હાજર થઇ હતી.

[જામે જમશેદ, તા૦ ૧૯ મી જાનેવારી ૧૮૮૫.]

તા૦ ૨૪ મી જાનેવારી.

રોજ ૯ માહ ૬ (ક૦) ૧૨૫૪ યજદેજરદી.

ખુરશેદજી નોશરવાંનજી કામાજી—મરવાનું તો આ જીહાનમાં સરવેને છે અને

મોત દરએક જાણની સરજત છે, પણ બુજરગીની ઉમરે યાદગારી ભરેલું મોત થોડાજ ભાગ્યશાલીઓને સરજેલું છે. જીવતાં જીવત તો સરવે કોઇ જીવેછે, પણ જે ખરા ભાગ્યશાલી છે તે મુવા છતાં આ જીહાનમાં જીવે છે. જેમ તેઓ લાંબા કાળના મરણ પામેલા હોયછે તેમ તેઓનું નામ અને કીરતી વધારે લાંબો કાળ જીવેછે. તેવા ભાગ્યશાલીઓનું તેવું જીવવુ તેમના ભલાં કામોનું પરીણામ હોયછે. દુનીયાંમાં સરવ ભલું અને ભલુંજ કરી જનાર તો કોઇજ નથી. ભલાં માણસો પણ ભુલેછે અને ભલાઓને હાથે ઘણીવાર ભુલો પણ થાયછે, પણ ભલાં માણસોની તે ભુલો વકીક તે ભલાં કામોની યાદમાં ભુલી જવાયછે અને તેની પાછળ જે રહી જાયછે તે ભલાં કામોની કીરતીવાન યાદ માત્ર રહી જાયછે. પારસી કોમના જે બુજરગ શેઠીયાનું મરણ આ બાબતને મથાલે અમે જણાવયુંછે તે સખી, અમરાક અને અનુભવી માણસનું મરણ તેના મોતની ઘડીએ ઉપલુંજ સીધાંત ખરૂં પાડી આપેછે, કેમકે શેઠ ખુરશેદજી નોશરવાનજી કામાજીની જીંદગી તેવણના ભલાં કામોના પમરાટથી બીજી સઘલી યાદને ભુલાવેછે અને જોકે તેવણની હૈયાતીમાં મતફેરથી અથવા અધીકારની રૂહે અમે તેવણની વીરૂધ ઘણીવાર વીચારો આપયા હશે પણ તેવણ પોતાની બાહલી જેહમતો અને મહા ઉપયોગી કામોનું આ જેતર છોડી જાયછે તે વેળા તેવણ વીશે જે કાંઇ વીચારવાનું મળી આવેછે તે સઘલું એ ભલાં દીલના, માયાલુ, પરમારથી, ઉદાર, હીમતવાન, કસાયલા, અને સવતંત્ર શેઠીયાની તરફેણમાંજ કેહવાનું મળેછે. શેઠ ખુરશેદજી નોશરવાનજી કામાજીને આ રાસ્ત ગોફતાર પત્ર પોતાની ખુદ હસતી અને હૈયાતીને માટે આભારી છે, પણ અમે જયારે એ શેઠીયાની લાયકી ભરેલી જાહેર હીમત, સમજણ ભરેલી શખાવતો અને બીજા માણસને શોભાવનારા ગુણોની સ્તુતી કરીયે છીયે તયારે અમારા તે પોતાના ઉપકારના કશા ઉભરાથી નહી, ઇયા એ મરહુમ તરફની અમારી કશી પક્ષપાતી લાગણીથી નહી પણ ફકત તેવણના આખી જીદગી સુધીનાં સારાં કામોની યાદથી અમે બોલીયે છીયે. તેવણની પાછલી જીંદગી જમાનાના ફરતાં ચક્ર તલે મુસીબત ભરેલી ગુજરીછે અને તેવણના જે નેક કામોની અમે યાદ કરીયે છીયે તે કામો એક જમાના જેટલાં જુનાં થવાથી આ ઉધરતો જમાનો તેથી ઘણો બેખબર પણ છે—તોબી તેવણના તે કામોનો વારસો તેવણની પાછલના આ જમાનાને મળયોછે અને હજી પછી મળતો રેહશે, અને તેટલા માટે તેવણનું મોત તેવણની ગરીબાઇ છતાં તથા તે ગરીબાઇની મુસીબતો છતાં તેવણની આગળી જાહોજલાલીના વખત જેટલુ માન અને તેટલીજ યાદ પામશે. કેળવણી અને સુધારાનું એક કામ એવું નહી હશે કે જેમાં શેઠ ખુરશેદજીના પૈસા, વખત અને તનમનની મેહનતથી મદદ ભોગવી ચુકયુ નહી હશે, અને તેમાંના ઘણા કામો એવાં પણ નીકલશે કે જેમાંથી તેવણની પૈસાની મદદ બોરવાઇ હશે પણ તેવણની દીલસોજી, તેવણની ભલી દુવા અને તેવણની જાહેર હીમતથી તેવણનાં મોત સુધી બેનસીબ રહયું નહી હશે. એવા એક ગૃહસ્થનાં મરણમાં પારસી ટોળાએ એક કસાયલો અને મદદગાર અકાબરને ખોહયો છે એટલુંજ નહી પણ મુંબઇએ પોતાના વેપાર અને સંસાર મંડળનો એક સણગાર ખોહયોછે.

મરહુમ શેઠ ખુરશેદજીએ માત્ર પંદર દીવસની માદગી ભોગવી હતી. એવણની માંદગીએ વધારે જોર પકડવાથી થોડાક દીવસ થયા એમને માહલક્ષમી મધે શેઠ માણેકજી ખરશેદજી સરાફ રેહછે તે બંગલામાં હવા ફેરફાર કરવાને લાવયા હતા, જયાં એવણે પોતાનો કીમતી પરાંણ ગઇ કાલે રાતનાં ૭॥ કલાકે ૬૯ વરશની ઉમરમાં મુકયોછે. એઓ પેહલવેહલા ૧૮૩૪ માં તે વેળાના જાણીતા પારસી વેપારી શેઠ ખરશેદજી કામાજી

બનાજીની પેહડીમાં એક શીખાઉ તરીકે રહયા હતા. તે પછી ૧૮૩૬ માં તેજ પેહડી તરફથી ચીન મધે "હીરજી નવરોજજીની કંપની" નાં નામથી સ્થાપેલી નવી પેહડીમાં પોતાના ભાઇ શેઠ ધનજીભાઇની સાથે ગયા હતા. ચીન મધે ત્રણ વરસ રહી ૧૮૩૯ માં અતરે પાછા આવી થોડુંક સુધી પોતાના બાપની સાથે તેમના વેપારમાં પડયા હતા, અને ૧૮૪૩ થી પોતાને હીસાબે જુદો રોજગાર કરવા માડયો, તથા મુંબઇ મધે "ખરશેદજી નશરવાંનજી કામાની કંપની," કલકતા ખાતે "પી. એનડ સી. એન. કામાની કંપની" અને ચીન મધે "પેશતનજી અને દોરાબજી નશરવાંનજી કામાની કંપની" નાં નામથી પેહડીઓ ઉઘાડી હતી. આ માટે એવણે "મરમેંદ" અને "અરદેસર" નામનાં બે મોટાં વાહણો પણ ખરીદયા હતાં, જેમાંનું પેહલું ૧૮૪૭ માં દરીયામાં તોફાંનથી ભાગી ગયું, અને બીજું ૧૮૫૧ માં આગ લાગાથી બળી ગયું હતું.

આવો મોટો વેપાર તથા બોહલો વહીવટ ચલાવયા સાથે એવણ દરેક પ્રજા ઉપયોગી તથા પોતાની કોમને લગતાં કામોમાં તથા ધરમખાતાંઓ ચલાવવામાં ઘણો મોટો ભાગ લેતા હતા, બલકે એમબી કહીશું કે આપણા પારસીઓને લગતા ઘણાંક ધરમખાતાંઓ એવણની કોશિશથી બરપા થયા હતા અને તે સંધામાં એવણ પોતાની હૈયાતીની છેલી ઘડી સુધી શામેલ હતા, જે નીચલી વીગત ઉપરથી માલમ પડશે.

સ્ત્રી કેળવણીનું મુંબઇમાં જે દીવસથી મંડાણ થયું તે દીવસથી તેમાં એમની મદદ હતી. પેહલવેહલી સ્ટુડંટસ લીટરરરી સોશાઇટીએ ૧૮૪૯ માં છોકરીઓને શીખવવાની નીશાળો કાઢી તે વેલા તે મંડળીને એવણ શેઠનો મોટો ટેકો હતો. એવણે પોતાના બાપ, ભાઇ, પોતે, અને શેઠ ફરામજી નશરવાંનજી એટલે મળી કેટલીક મુદત સુધી તે નીશાળોના શીક્ષકોના પગાર પોતાની ગીરાથી ચુપે

નામે આપયા હતા. વળી ૧૮૪૯ ની તા૦ ૧ લી આગશટથી મુંબઇ મધે "સમાચાર દરપણ" નામનું દરરોજનું એક ગુજરાતી વરતમાન પત્ર એવણની મદદથી નીકલયું હતું. ૧૮૫૧ માં એવણે ગ્નાન પ્રસારક મંડળી હસ્તક "શીતલા કહડાવવાની જરૂરીઆત" વીશે ગુજરાતીમાં પોતાને ખરચે એક ઇનાંમનો રેસાલો લખાવી તેનાં ચોપાંનીઆં મુંબઇ તથા દેશાવરો ખાતે વેંહચાવયાં હતાં. એજ શાલમાં મરહુમ શેઠ ફરાંમજી કાવશજી બનાજી હક થયા તેવણનાં વહીવટને લગતો ફડચો કરવાનાં કામની મુખતીઆરી તેવણનાં વીધવા બાઇ બચુબાઇએ એવણને આપી હતી અને તે કામ એવી તો સમાધાનીથી એવણે પાર પાડયું હતું કે તેની આજ સુધી આપણા લોકોમાં તારીફ થાયછે. એજ મરહુમની યાદગારીમાં "ફરામજી કાવશજી ઇનસ્ટીટીઉટ" ઉઘાડવામાં એવણની આગેવાંની હતી, તથા એ ઇનસ્ટીટીઉટની કમીટીના એવણ શરૂઆતથી અખ્તીઆરી, અને ૧૮૮૧ માં તેનું તરશટડીડ કીધું તયારથી એક તરસ્ટી હતા. ૧૮૫૧ ના નવેમબર માસમાં આ "રાસ્ત ગોફતાર" પત્ર તે વેળાના આસીસ્ટંટ પ્રોફેસર દાદાભાઇ નવરોજજીએ એવણની સાહેતા હેઠલ પેહલવેહલું પરવરતાવયું હતું, અને તેના લાંબી મુદત સુધી મરનાર શેઠ ખરશેદજી એક માલિક હતા. ૧૮૫૨ માં બોમબે આશીઆટીક સોસાઇટી...

શીએશન તથા કોટનું ધરમનું દવાખાનું ઉઘાડવામાં એવણની આગેવાંની હતી. એ દવાખાંનાના ૧૮૫૫ થી તે આજસુધી એવણ ચેરમન તથા ખજાંનચી હતા. એજ શાલમાં મુંબઇના ચીફ જસટીસ સર અરસકીન પેરીની યાદગારી રાખવા માટે "પેરી પ્રોફેસરશીપ આફ જુરીસપરૂડનસ" સ્થાપવામાં મુખ્ય મેહનત એવણે લીધી હતી, અને જયારે સર અરસકીનને અતરેથી વીદાય થતી વખતે દેશી આગેવાંનો માનપત્ર આપવાને ગયા તેવારે તે નામદારે એવણને ખાસ પોતાની આગલ બોલાવી હરેક સારાં

કામમાં એવણે મેહનત અને દીલસોજી લેવા માટે સરવેની હજુરમાં શાબાશી આપી હતી. એજ શાલમાં એલફીનસટન ઇનસટીટીઉશનની કમીટીના એવણને એક અધીકારી ઠેડવયા હતા, તથા એવણે આગેવાંની લઇ મુંબઇ માં "બોમબે મરચંટસ ઇનસુરનશ" નામની વીમાની કંપની ઉઘાડી હતી. વળી એજ શાલમાં મી૦ કાઇટ નામનો એક ઇંગ્રેજ મુંબઇ મધે બલુનમાં બેશી હવામા ઉડવાનો તમાસો કરવાને આવયો હતો, કે જે બનાવ અતરે પેહલવેહલોજ હતો, અને જે માટેની સરવે ગોઠવણો કરવાને ટાઉન હાલમાં એક સભા મળી હતી તે સભાએ ઠેડવેલી પાંચ છ ગ્રહસ્થોની કમીટીમાં એવણ એક મુખ્ય હતા. વળી ૧૮૫૩ માં ગ્નાન પ્રસારક મંડળી હસતક એવણે "હીંદુઓમાં પુનરવીવાહની રસમ દાખલ કરવા" માટે ગુજરાતીમાં એક ઇનામનો નીબંધ લખાવી ૧૮૫૭ માં પોતાને ખરચે તેનાં ૨૦૦૦) ચોપાંનીઆ છપાવી વેંહચ્યાં હતાં. એજ શાલ (૧૮૫૩) થી તે ૧૮૬૪ સુધી એ મંડળી હસ્તકથી નીકલતાં "ગ્નાન પ્રસારક" ચોપાંનીઆના લખનારાઓને દર માસે ૩૨૦) નો દરમાયો એવણ અને શેઠ દાદાભાઇ નવરોજજી પોતાની ગીરોથી આપતા હતા. એજ શાલમાં પારસીઓની પેહલવેહલી એક નાટક મંડલી ઉભી થાઇ તેને એવણે કેટલીક મદદ આપી હતી તથા તેપર દેખરેખ રાખવાની કમીટીમાં શામેલ થયા હતા. ૧૮૫૪ માં મુલ્લાંફીરોજ મદરેસા સ્થાપવાની સરવે આગેવાંની એવણે લીધી હતી, તથા તેના પેહલે દીનથી તે આજ સુધી એવણ ખજાંનચી તેમજ એક તરસટી હતા. એજ શાલમાં ચોપાતીની ધરમશાલામાં વસનારા નાવારીસ ઇરાંનીઓનાં ફંડના તેમજ મરહુમ શેઠ કાવશજી બેહરાંમજીનાં આતશબેહરાંમના ધાહંબારનાં ફંડના એવણ તરસટી નેમાયા હતા. એજ શાલમાં વાંદરા મધે ઉધરાંણાથી એક ધરમનું દવાખાનું કાઢવાની એવણે આગેવાની લીધી હતી, તથા તેનાં ફંડના શરૂઆતથી તે ૧૮૭૭ માં તે દવાખાનું "સર કાવશજી જાગીર ડીસ્પેનસરી" નાં નામથી સરકારને સ્વાધીન થયું તયાંસુધી ખજાંનચી હતા. વળી એજ શાલમાં એવણે તુરંબા તથા ક્રીશોલ અને વરલી મધે ગરીબોનાં બાળકોને શીખવવાને પોતાને ખરચે એકકી નીશાલ ઉઘાડી તે લગભગ દશ વરસ સુધી ચાલુ રાખી હતી. એજ શાલની આખરીએ મુંબઇ મધે કાગજ બનાવવાનું એક કારખાનું "ધી બોમબે પેપર માનયુફેકચરીંગ કંપની" ને નામે ભાગીદારોની સાથે ઉઘાડવાને એવણે આગેવાંની લીધી હતી. ૧૮૫૫ ની શરૂઆતમાં ઇરાંન દેશના રેહનારા ગરીબ જરતોશતીઓની હાલત સુધારનારી મંડલી એવણે મરહુમ શેઠ માણેકજી નશરવાંનજી પાટીટની સાથે મલી સ્થાપી હતી તથા તેના શરૂઆતથી તે આજ સુધી એવણજ ખજાંનચી તથા એક તરસટી હતા. એજ શાલમાં ઇંગલાંડ મધે પેહલવેહલી દેશી વેપારી પેહડી—શેઠો હોરમજજી મનચેરજી કામાજીના છોકરાઓ તથા દાદાભાઇ, મનચેરજી કામાજીની કુંપની અને એવણની કુંપનીએ મલી મેશરસ કામા કંપનીનાં નામથી ઉઘાડી તેમાં પણ એવણનો ભાગ હતો. એ પેહડી ઉઘડયા પછી એવણે પોતાના છોકરાઓને ઇંગલાંડ કેળવણી લેવાને મોકલયા હતા. અને એમના દાખલા ઉપરથી ઘણાંક માબાપોને પોતાનાં છોકરાઓને તે તરફ મોકલવાને વધારે ઉતેજન થયું હતું. નામદાર સરકારે એજ શાલના આગશટ માસમાં એવણને સુલેહના અમલદારનું માન આપયું હતું. વળી એજ શાલમાં જરથોસતીઓને માટે ધારા બંધાવી મંગાવવા સારૂં નેમાયલી કારોબાર મંડલી તથા તેની દરેક સબ-કમીટીના એવણ શરૂઆતથી એક અધીકારી હતા, અને એ કામમાં તે સભાના ધુંધી શેક્રેટરીઓની સાથે એવણે પણ ઘણીક મેહનત લીધી હતી. એજ શાલના ડીસેમબર

માસમાં એવણના બાવા મરહુમ શેઠ નશરવાંનજી મનચેરજી કામાજીનાં મરણ તાંકણે તેઓના નામનું રૂ૧૨૫૦૦૦) નું ધરમખાતું જે આજ સુધી ચાલુ છે તે ઉંઘાડવામાં એવણે મોટો ભાગ લીધો હતો. ૧૮૫૬ માં નવસારી મધે જરથોસ્તીઓનાં ફરજંદોને કેલવણી આપવા માટે મદરેશા ઉઘાડવામાં એવણે મોટી આગેવાંની લીધી હતી, તથા તે મદરેસાના પ્રથમ તરસટીઓના અને તે'પછી કારોબાર મંડલીના એવણ શરૂઆતથી તે પોતાનાં મરણની છેલી ઘડી સુધી સરનશીન તથા ખજાંનચી હતા. એજ શાલમાં અતરે "બોમબે નેટીવ ઇનસુરનશ કંપની" તથા "બોમબે મરકનટાઇલ સ્ટીમ નેવીગેશન કંપની" એ એવણે શેઠ ડોશાભાઇ ફરાંમજી કામાજીની સાથે મલી ઉભી કીધી હતી. ૧૮૫૭ ની ૧ લી જાનેવારીથી સ્ત્રીબોધ ચોપાંનીઉ અતરે પરવરતાવવા માટે ઉભી થયલી પાંચ ગ્રહસથોની મંડળીના એવણ પણ એક અધીકારી હતા. એજ શાલમાં મુલ્લાંફીરોજ કેતાબખાનું મદરેસાથી છુટું પાડી જુદી કારોબાર મંડળીના સવાધીનમાં આપયું તેના એવણ શરૂઆતથી તે આજ સુધી ખજાંનચી હતા. સ્ટુડંટસ શોશાઇટીને લગતી પારસી છોકરીઓની નીશાળો આપણા જરથોસ્તીઓના હસતકમાં લઇ તેનો વહીવટ ચલાવવાને ૧૮૫૮ ના મારચ માસમાં ઉભી થાયલી "જરથોસ્તી છોકરીઓની નીશાળ મંડળી" ના એવણ શરૂઆતથી તે આજ સુધી ખજાંનચી તથા એક તરસ્ટી હતા. એજ શાલની આખરીએ મુંબઇ મધે "વીકટોરીયા મીઉજીઅમ એનડ ગારડનસ" સ્થાપવાનાં કામમાં પણ એવણે આગેવાની લીધી હતી, તથા તેનાં ફંડમાં પેહલેજ દીને રૂ૫૦૦૦) ભરયા હતા. ૧૮૫૯ માં સુરત મધેની ફારસી મદરેસા પુખત પાયા ઉપર લાવવાને તે તરફ તથા મુંબઇમાં જે ફંડ ઉભું કીધું હતું તેના એવણ ૧૮૬૫ માં તે ફંડાતને સવાધીન કીધું તીઆંસુધી ખજાંનચી હતા. એજ શાલમાં બેલગાંમના જરથોસ્તીઓએ પોતાના ગામમાં ધરમનાં મકાનો બાધવા માટે એક ફંડ ઉભું કીધું હતું તે પણ એવણના સવાધીનમાં આપયું હતું. ૧૮૬૦ માં મુંબઇ મધે રાયન સ્પીનીંગ એનડ વીવીંગ કુંપની, સેનટરલ બેંક આફ વેસટરન ઇંડીઆ, તથા વીગાસ પેટંટ સલીપ કુંપની ઉભી કરવામાં એવણે મુખય આગેવાંની લીધી હતી. એ શાલમાં એવણ પોતાના કેટલાક દોસતો સાથે હીંદુસથાંનની મુસાફરીએ મોટો ખરચ કરી ગયા હતા. એજ શાલની તા૦ ૨૯ મી ડીશેમબરે એવણે જામ ખંડીના રાજા શ્રીમત રામચંદર આપા સાહેબને પોતાના માઉનટ રોડના બંગલામાં બોલાવી દેશીઓની એક મોટી મીજલસ કરી "ઇવીનીંગ પારટી" આપી હતી કે જે બનાવ તે વેળાએ આપણા લોકોમાં ઘણો અસાધારણ હતો. ૧૮૬૧ માં વાવયખુણાનાં પ્રાતો ભણી ચાલેલા દુકાલનાં ફંડમાં એવણે મોટી મદદ કીધી હતી. એજ શાલમાં એવણની કોશેશથી ફ્રીઅરલાંડ કુંપની, યુનેટેડ વીકટોરીઆ કુપની, અને વીકટોરીઆ પેટટ બ્રીકસ કુંપનીની સ્થાપણાં થઇ હતી. ૧૮૬૨ માં અતરેની જાણીતી નેટીવ જનરલ લાઇબ્રેરીની પુંજીના એવણને પેહલવેહલા એક તરસટી નેમયા હતા. ૧૮૬૩ માં એવણે નવસારીની પાસે આવેલાં વેઆરા સુનઘડનાં ગામમા તયાંના લોકોની અરજ ઉપરથી અતરે એક ઉંઘરાણું કરી દોખમું બંધાવી આપયું હતું. એજ શાલમાં મુંબઇ મધે દેશી છોકરીઓને ઇંગ્રેજી શીખાડવાની "અલેકજાંડરા નેટીવ ગરલશ ઇંગલીશ ઇનસટીટીઉશન" ઉંઘાડવામાં એવણે શેઠ માણેકજી ખરશેદજી સરાફને ઘણી મદદ કીધી હતી, તથા તે ખાતાંની પુંજીના પોતાની હૈયાતી સુધી ખજાંનચી હતા. એજ શાલમાં લાનકેશાયર કેમીન રીલીફ ફંડમાં એવણે મોટી મદદ આપી હતી. અને ૧૮૬૪ માં મુંબઇ મધે કદમી અંજુમનના મુકરર કરેલા દસતુરને દરમાયો આપવાનું એક ફંડ એવણ

તથા એવણુના એક સાથી શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીની મેહનતથી ઉભું થયું હતું, અને તે ફંડના પણુ એવણુ સેવટની ઘડી સુધી ખજાંનચી હતા. ૧૮૬૫ માં મુંબઇ મધે પારસીઓના ઘર સમારી કજીયા ચુકવનારી પારસી ચીફ માટ્રીમોનીઅલ કોરટના એવણુને સરકારે એક ડેલીગેટ નેમયા હતા. ૧૮૬૬ માં તારાપોર મધે એવણે ઉંઘરાંણું કરી આગેવાંની લઇ એક દોખમું બંધાવી આપયું હતું. ૧૮૬૯ માં અતરે સ્થાપેલી ગાયન ઉતેજક મંડળીના એવણુ પોતાની હૈયાતીની છેલી ઘડી સુધી સરનશીન હતા. ૧૮૭૦ માં અતરેની કસરતશાળા સ્થાપક મંડળીના એવણુ ખજાંનચી તથા ૧૮૭૨ થી સરનશીન ઠડયા હતા. એજ શાલમાં જુની ગ્નાન પ્રસારક મંડલી પાછી સજીવન થાઇ તેના સરનશીન તરીકે એવણુ થોડુંક સુધી રહયા હતા. એજ શાલમાં નામદાર સરકારે એવણુને મુંબઇની યુનીવરસીટીના ફેલોનું માન આપયું હતું. ૧૮૭૬ માં તા૦ ૧૦ મી આપરેલે સ્ટુડંટસ લીટરરી શોશાઇટીએ પોતાની એક ખાસ સભા ભરી એવણુ તથા શેઠો ફરાંમજી નશરવાંનજી પટેલ અને દાદાભાઇ નવરોજજી પ્રોફેસરને હાનરરી મેમબર ઠેડવી માન આપયું હતું. એ ઉપરાંત મરહુમ શેઠ ખરશેદજી પોતાની હૈયાતીની છેલી ઘડી સુધી ઘણુંક ખાંનગી ધરમખાતાંઓ ચલાવતા હતા, અને તે ઉપર પોતાનું સઘલું ચીત આપતા હતા.

શેઠ ખુરશેદજી નોસરવાનજી કામા અને શેઠ ફરામજી કાવસજી બનાજી— મરહુમ શેઠ ખુરશેદજી નોસરવાનજી કામાજીના મોતમાં આપણે એક બીજા ફરામજી કાવસજીને ખોહયાછે. એમનું મૃતયુ અમારો ગયો અંક બાહેર પડયાની એકજ રાત અગાઉ બનવાને લીધે તે વેળા એ મરનાર તરફની અમારી ફરજ અમે બનતી શકતીથી બજાવવાની જોકે કોશેશ કીધીછે, તોપણુ એ સુધારાવાળા શેઠીયાના ગુણદોશને વધારે ઇનસાફ આપવાનું આજ સુધી મુલતવી રાખવાની અમોને ફરજ થઇછે. મરનારની જીંદગીનો મનમાનતો સરવાળો અમે ધારીયે છીયે કે આ ઉપમામા સમાઇ જાયછે કે મરનાર શેઠ ખરશેદજી એક બીજા ફરામજી કાવસજી હતા. પાછલા હીમતવાન શેઠીયાના મોતની સરવેથી મોટી ખોટ આપણા કેળવાયલા વરગોને લાગી હતી કે જેઓને ફરામજી કાવસજીના ગુજરવાથી પોતાનો એક મુરબી અને સરદાર, પોતાના એક મોટા મદદગાર અને પોતાનો જમણો હાથ ખોહવા સરખું લાગયું હતું. આજે મરહુમ કામાજીના મરણથી આખો કેળવણી પામેલો વરગ પોતાને તેવીજ ઉંડી ખોટના ખાડામાં પડેલો જુવેછે. તે ખોટ શેઠ ખુરશેદજી કામાથી પુરાઇ હતી. આજે તે જુવાન વરગ ઘરડો થયોછે અને તે વરગ જે ફરામજી કાવશજીના જમાનામાં મુઠીભર એનફીનસટોનીયનોનો માત્ર હતો તેમાં સેંકડો બલકે હજારો જુવાનો વધયાછે તેવા વખતમાં ખુરશેદજી નોશરવાનજી કામાજીની જગયા તેઓ ખાલી જુવેછે, સુધારાને શેઠાઇ સાથ કંઇ અસલી વેર હોય તેમ સુધારા–વરગથી શેઠીયા–વરગ જુદો ચાલતો આવયોછે—બલકે સુધારાની શરૂઆતના જમાનામાં તો શેઠીયા–વરગ સુધારા–વરગથી વીરૂધ પડએ ચાલતો આવયોછે. સુધારાના વધારામાં પઇસાની મદદ મોટી જોઇયે, પણુ શ્રીમંત વરગ યંગબાંયેના ઉછળતા સુધારાઓની વીરૂધ હોવાથી મુંબઇના સુધારાવાળાને જે મુસીબત ભરેલી હરકતો નડીછે તે બંગાલના સુધારાવાળા કરતાં વધારેછે કે જેઓમાં તો સારાં ભાયેગે રામ મોહનરાય અને બીજા સુધારકો જેમ સુધારામાં આગળ વધેલા હતા તેમજ તેઓ પોતે માતબરો હતા. એવી મદદ વગર મુંબઇના પેહલા સુધારાવાળાઓને પગલે પગલે શકતીવાળા હરીફો નડયાછે. તે સઘળી હરીફાઇમાં તેઓની ફતેહ વધારે કીરતી ભરેલી છે, પણુ આજે પોતાના તે

જુના મદદગારના મોત વેળા તેઓ ઉપકાર સાથ યાદ કરશે કે જો તેઓને પેહલાં ફરામજી કાવસજીની અને પછી ખુરશેદજી નોસરવાનજી કામાજીની મદદ નહી હોત તો તેઓને આ સઘળી ફતેહ મેળવવી મુશકેલ હતી. આજે સુધારાવાળો વરગ પોતેજ પૈસાવાળો વરગ થઇ પડયોછે. આજનો સુધારા વરગ શ્રીમંત વરગથી સ્વતંત્ર થઇ પડયોછે. આજે ખાલી પૈસાદારની નહી પણ કેળવાયલા સુધારા વરગની બલીહારી છે. આજના સરકાર દરબારે બીરાજનારાઓ, નયાય ચલાવનારાઓ, ધારા ઘડનારાઓ, સુલેહના અમલદારો, સી. એસ. આઇ. ઓ અને સી. આઇ. ઇ. ઓ ફકત પૈસાની ભલામણથી થતા બંધ પડી કેળવણીની યોગીયતાવાળાજ થવા માંડયાછે. પણ જયારે એ સુધારા વરગે સુધારાની લડત ચાલુ કીધી, તયારે તે એક ગરીબ નીશાળીયા વરગ માત્ર હતો. ખાલી હાથના અને ખાલી ખીસાના પોરીઆઓ લેખે તેમના શ્રીમંત હરીફો તેમને તુચ્છ ગણીને હસતા હતા. તે વખતમાં કોઇપણ માતબર હાથ તેઓને માથે જોઇતો હતો. તે હાથ જેમ એક વખત ફરામજી કાવસજીનો તેમ બીજી વખત ખુરશેદજી કામાજીનો હતો—બલકે ફરામજી કાવસજી કરતાં તે વધારે લાંબો હાથ હતો, વધારે સખી હાથ હતો, વધારે શકતીવાન હાથ હતો, વધારે લાંબી મુદત નીભયો હતો, અને તેથી કરીને ઘણી વધારે ફતેહ સુધારા વરગને મળી હતી.

શેઠ ખુરશેદજી કામાએ કઇ કઇ જાહેર બાબતોમાં કયા કયા સુધારાનાં કામોને મદદ કીધી તેની તફસીલવાર ટીપ અમે ગયા અંકમાં પ્રગટ કીધીછે. અને અગયારીઓ, અને દોખમાંઓ બંધાવવાનાં ધરમ કરતાં એ કામો જુદાંજ હતાં. તેમાં શખાવત તો એકસરખીજ હતી, પણ ઉપયોગીપણું ઘણું વધારે હતું અને એ જાતની સખાવત અને એ જાતના પરમારથમાં સ્વતંત્રપણું અને જાહેર હીમત ઘણી વધારે હતી. અંહી અમે મરહુમના એક બીજા અગતના ગુણ ઉપર આવીયે છીયે કે જે શેઠીયા-વરગમાં તો એક શણગાર ગણાવો જોઇયે. તે ગુણ સ્વતંત્રપણું અને જાહેર હીમતનો હતો. કેળવણી સંબંધી, નીતી સંબંધી, સંસાર સંબંધી અને ધરમ સંબંધી સુધારાઓમાં આગેવાની લેવી એટલે ચાલુ વીચારો અને સાધારણ રેવાજોથી અવશીય ઉલટા જવાનું હતું. તેમ કરવા માટે એક શેઠીયાને શેઠીયા દાખલ ઘણો ભોગ આપવાનું હતું. શેઠીયા-વરગને પોતાના ફીરકામાં માન મેળવવાની લાલચ વધારે હોયછે અને ચાલુ રૂઢી અને રીતીઓને વલગી રેહવાથી તે માન જાલવી રાખવાનું તેમને જેટલું સેહલ છે તેટલું બીજું કાંઇ નથી. પણ શેઠીયા-વરગમાંથી જે ધણી ચાલુ રૂઢીઓની દરકાર ન કરતાં સુધારા વરગમાં જવા જેટલો આગળ વધેછે તે ધણી પોતાના તે માનભરેલા દરજજાનો ભોગ આપેછે અને એ ભોગ એક શેઠીયાને માટે ઘણો મોટો અને ઘણો હીમતભરેલો છે. સુધારાવાલાઓને શ્રીમંતોમાંથી એકલા કામા ખાનદાનનીજ મુખય મદદ હતી, કે જે એક શેઠીયા ખાનદાન એટલેકે પૈસાવાલું ખાનદાન હતું. પણ "કામા ખાનદાન" ની મદદ તે મુખીય કરીને મરહુમ શેઠ ખુરશેદજીની મદદ હતી એટલેકે શેઠાઇમાંથી સુધારામાં જવા સારૂં જે મુખય ભોગ આપવા જોઇયે તે એ શેઠને આપવા પડયા હતા. "સીસોટીના પોરીયાઓ" સાથ મળી જવા માટે તેઓ ઘણા વગોવાયા હતા, તેમની ઘણી નીંદા થઇ હતી. પણ તેવણનું સ્વતંત્રપણું સુધારાની સંફમાં માત્ર નામના જોડાઇ રેહવામાંજ નહી પણ આગેવાની ભરેલો ભાગ લેવામાં પ્રકાશતું હતુ. તેવણ સુધારા વરગને દરએક કામમાં પૈસાનીજ મદદ આપીને છુપા બેઠા નહી હતા પણ તેઓની હરોળમાં તેવણ હીમતથી ચાલનારા હતા. જયારે સ્ટુડંટસ સોસાયટી પેહલવેહલી ઉભી થઇ હતી તયારે

તે એટલી હાલહવાલ હતી કે મરહુમ ફરામજી કાવસજીએ તેને માટે વાલશેડા અને ટેબલના ઓખાં ભેટ આપયાં તયારે સભાનું કામ ચાલયું હતું તે આગલા યંગબાંમેની એકબી સભા, એકબી નાથાળ, કે એકબી ખાતું એવું નથી નીકલયું.—તેઓનું એકબી પત્ર, એકની ચોપાનયું, એકબી પુસતક, એકબી નીબંધ કે એકબી ભાશણ એવું નથી થયું કે જેમાં મરહુમ શેઠ ખુરશેદજીની આગેવાની ભરેલી મદદ મળી નહી હોય. ફરામજી કાવસજીનું વાહલું નામ આપણને યાદ આપેછે કે જયારે ગ્રાંટ મેડીકલ કાલેજ પેહલવેહલી નીકલી તયારે તેમાં ધરમ સંબંધી છીટને લીધે લોકોનો દર કરી શીખવા જવાને ના પાડનારા હીંદુજ નહી પણ પારસી વીદયારથીઓને શેઠ ફરામજીએ હીમત આપી હતી અને તેવણની તે હીમત ઉપરજ વીદયારથીઓનો પેહલવેહલો બાટચ એ કાલેજમાં દાખલ થયો તો તેની કેળવણીનુ પેડું ચાલતું થયું. વીદયારથીઓ અને જુવાનીયાઓના વરગને મરહુમ કામાજીથી આગળ વધવાની એવી હીમત તો એક નહી પણ અનેક કામોમાં મળી હતી.

એક દાખલો લઇયે તો રાહનુમાય માજદયસને સભામા એક વખત એવો આવયો હતો કે જયારે પોલીસની મદદ વગર તે સભાઓ ભરાતી નહી હતી. જયારે દાદાભાઇ નવરોજજી, નવરોજજી ફરદુનજી અને તેમના સાથીઓને સભામાં મોહડે છુટતી ગાલો દેવામાં આવતી હતી અને જયારે શેઠીયાઓ તથા દસતુરો એ સભાની સામા મોટા ડાલદકથી નીકલયા હતા. તે વખતે રાહનુમાય સભાનો શેઠીયામાં શેઠીયો કામાવાલાઓનો આ વડો હતો. પછવાડેથી પારસીઓને માટે ધારા બાંધી મંગાવનારી સભાની જોસભરી જીકરોમાં વીચારોના મતફેરને લીધે શેઠીયા વરગ એક બાજુએ અને જુવાનીયા વરગ બીજી બાજુએ થઇ ગયો. તે વેળા છેલા છોકરાઓને ટેકામાં ટેકો કામા ખાનદાનના આ સરદારનો હતો. ૧૮૫૧ ના મોટાં હુલડ વેળા શેઠીયા અને યંગબાંમે વચે એક બીજી તડ હતી—કે જે તડે આ રાસ્ત ગોફતાર પત્રને જનમ આપયો હતો—તે વેળાએ પણ હીમતવાન યંગબાંમેની બોરદુએ પૈસાનું જે બળ તે કામા શેઠોનું બળ હતુ. પણ શેઠ ખુરશેદજી કામાની સવતંત્રતા અને જાહેર હીમત તો આગલી પારસી પંચાયત સામેની તે જોસ ભરેલી લડતો વખતની અમોને યાદ આવેછે કે જયારે કેટલીકવાર તો મરનાર પંચાયતના શેઠીયાઓ અને જુવાનીયાઓ મરહુમ શેઠ માણેકજી પીટીટના બંગલામાં અને બીજે ઠેકાણે સભાઓમાં મોહડેમોહડું અડડી પડેલા અમોને યાદ છે. તે સઘળી વખત જુવાનીયાઓની હીમાયતે કોઇ શેઠીયા નહી હતા એમ તો કેહવાશે નહી, કેમકે શેઠ ખુરશેદજી અને બીજા કામા શેઠો તવાંજ પોતે જાતે એ જુવાનોની સ્વતંત્ર લડતોને "ટેકો આપવા" ને હાજર રેહતા હતા. એ બીના મરહુમ સર જમશેદજીની લખેલી "ઓલાસે પંચાયત" કેતાબમાંથી મરહુમ ફરામજી કાવસજીના સ્વતંત્રપણાની મળી આવતી નોંધોના સરખી કાંઇ લાગેછે. શેઠ ફરામજી પારસી પંચાયતના મેમ્બર હતા, પણ તેજ પંચાયતના આગલા શેઠીયાઓની આપખુદીઓ સામે તેવણ એવી શખત મીનીટો લખી ગયાછે કે જે જાણકારોમાં આજવેર યાદ કરવામાં આવેછે. તેવણ સેવટે તે અસલી ખાતાને અપમાન સાથ છેડી ગયા હતા. પારસી પંચાયતનો દોર તોડવાની જે ટુંક શરૂઆત શેઠ ફરામજી કાવશજીથી થઇ તે પારસી યંગ બાં બેએ પછવાડેથી પાર પાડી અને તેમાં આ મરનાર શેઠ કામાજીનો પેહલેથી છેલે સુધી હાથ હતા. આ સઘલી આગલી યાદ અમ તાજી કીધીછે તે કોઇ આગના બા તાજા કરી કોઇના દાલ દુખવવાની મતલબથી અમે કરતા નથી. આગલી પારસી પંચાયત અને તેને લગતા જઘડાઓ હવે માત્ર તવારીખના બનાવ લેખે રહી ગયાછે અને તેમાંથી

કોઇના પણ દીલ દુખતાં બંધ પડયાંછે. તે જઘડાઓમાં જેઓ સુધારાની વીરૂધ પક્ષના હતા તેઓ જો આજે જીવતા થઇને આવે તો આજે કશાં દીલ દુખવયા વગર તેઓ કેહશે કે જુવાનીયાઓની લડતોથી જે થયું-છે તે બરહક થયુંછે. તે લડતમાં શેઠ કામાજીની હીમતવાન મદદ માત્ર બતાવી આપવા અને તેબી મરહુમ ફરામજી કાવસજી સાથનો એમનો મુકાબલો કેટલો મળતો આવે-છે તે દેખાડવા સારૂં અમે તે વાત આજે યાદ કરીછે.

જાહેર કારખાનાઓ અને ઉદયોગો સંબંધી મરનાર શેઠ કામાજી ઘણા ઉલટમંદ હતા તેમાં તેવણ ફરામજી કાવસજીને મળતા ઉતરે-છે, પણ એ ઉલટમાં એઓ ફતેહમંદ નહી હતા તેબી શેઠ ફરામજી કાવસજીના સરખું જ છે. આ મથાલાં હેઠલ મરહુમ શેઠ ખુરશેદ-જીના વીચારો અને કામોથી ઘણીવાર ઉલટા જવાની અમોને ઓધાની રૂહે ફરજ પડી હતી. ઇંગ્રેજી અને વળી તેબી વીલાતમાં વડી પેહડીવાળી બેંકોથી દેશી વેપારીઓને સગવડ થતી નથી માટે પેહલેહલી દેશી બેંક દેશી વહીવટ તલે સ્થાપવાનો વીચાર શેઠ ખુરશેદજીનો હતો અને તે વીચાર આજ વીસથી વધારે વરશ ઉપર "સેંટરલ બેંક આફ વેસ્ટરન ઇંડયા" સ્થાપીને તેવણ અમલમાં આણ્યા હતા. તે બેંકને અમારો ટેકો હતો પણ તેના વહીવટ સામે અમોને એકથી વધારે વાર લખવું પડયું, અને તે વખતથી આ પત્રે એઓના અને એમના સુધારાવાળા મીત્રોના સટોલીયા પવન સામે અને સટોલીયાં ખાતાંઓ સામે શખત લખવાને કાંઇજ બાકી રાખયું નહી હતું— તો જોકે તે સઘલો વખત શેઠ કામાજી આ પત્રના એક માલીક હતા. અમારૂં લખાણ અમારા એ મીત્રોને કડવું લાગતું હતું, અને તેઓ અમારી ઉપર ખીજવાતા હતા, પણ શેઠ ખુરશેદજી કામા જાહેર લખાણના સ્વતંત્રપણાના કેહલા કદરદાન હતા તેની સાબેતી દાખલ અમે આ બાબખા લખીયે છીયે કે પોતાનાજ પત્રમાં પોતાની વીરૂધના આ લખાણો તેવણે છુટથી પ્રગટ થવા દીધાં હતાં. શેરસટાના તે જુગારી પવનમાં અમારા સુધારાવાલા મીત્રોના ઘસડાઇ જવા સામે અમારાં સઘલાં લખાણો માઠાં ભાયગે પછવાડેથી ખરાં પડયાં, તેથી નુકસાન પ્રજાને થયુંછે કેમકે મરનાર શેઠ ખુરશેદજી જેવા લખપતી, જેવણે પોતાની દોલત ગોયા પ્રજાની સેવાને અરપણ કરેલી કહીયે તો ચાલે, તેવા એક દોલતમંદે દોલતનું ખોહવું તે તેની એકલાનીજ ખોટ નથી પણ જે જે પ્રજાનાં સારાં કામો તેના-થી થતાં હતાં તથા થવાનાં હતાં તે સરવે કામોને તથા તે પ્રજાને એ ખોટ ગઇછે. સુધારાના આવા સખી સરદારોની દોલતની ખુહારીના દુખ વચ્ચે ધીરજ એકજ છે અને તે એ કે સુધારાવાલાઓની તે દોલત એવા વખતમાં ગઇછે કે જયારે સુધારો પગભર થયોછે અને સુધારાવાળા-ઓ પુરતા સ્વતંત્ર થયાછે. તેઓએ મરહુમ શેઠ કામાજીને જેમ તેવણના માતબરપણામાં તેમજ તેવણની ગરીબી હાલતમાં પોતાના "શેઠીયા" દાખલજ ગણ્યાછે અને તેવણના મોતની ઘડી સુધી તેવણે જે માન ભોગ-વયુંછે તે તેવણની યાદગારીને માટે ઉભુ થયલું ફંડ કહી આપેછે. શેઠ કામાજી પૈસે ગરીબ ગુજરયાછે અને તે છતાં એક ગરીબ માણસની યાદગારીમાં આવા જાહેર ઉપાય સેવાય એ તેવણની આગલી ભલાઇના પ્રતાપ લેખે વધારે માન ભરેલું છે. શેઠ કામાજીએ પોતાના સ્થાપેલાં અથવા સપોવેલાં જાહેર ખાતાંઓમાં પોતાની પૈસાની મદદ જોકે બંધ કરવી પડી તોપણ તેમાંના એકબી ખાતાં સાથનો પોતાનો દીલસોજી ભરેલો સંબંધ તેવણે પોતાના મોત સુધી છોડયો નહી હતો એજ તેવણની કીરતી છે—અને બીજા હાથ ઉપર આ સઘળા સુધારાનાં કામોને લીધે જે માતબર વરગો પેહલાં તેવ-

ણના મરણ વેળા તેવણને માન આપવાને એકઠા મળયાકે એજ તેવણની મોટામાં મોટી ફતેહ છે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૪ મી જાનેવારી અને ૧ લી ફેબરવારી ૧૮૮૫.]

24th January 1885.

CURSEIJEE NOSSERWANJEE CAMA—We regret to announce the death of Mr. Cursetjee Nusserwanjee Cama, which took place on Saturday evening at the residence of Mr. Manockjee Cursetjee at Breach Candy, whither he had been temporarily removed for a change of air For about a fortnight past Mr. Cama had been suffering from depression of spirits, and, although his medical advisers were hopeful, he himself gave up all hopes of recovery. As he was in charge of numerous charitable and trust funds, he called to his bedside on Thursday last a few confidential friends, and in their presence made arrangements for the proper disposal of the money, stating that he was destined to die on the following night. After having settled all his mundane affairs, he held a conference with the high priests of his community, requesting them to bless him and to pray for his soul after his death. He then invited a few friends in order that he might see the last of them, and having protested that he had led an honest life and had done no harm and had meant none to any of his fellow-creatures passed away in the most placid and tranquil manner only a few hours later than he thought he was destined to die. Mr. Cama was born in about the year 1815, and was consequently 69 years of age at his death. In early life his circumstances were not of the best, but by undaunted energy, close perseverance, and strict honesty of purpose, he gradually worked his way up and eventually became one of the most successful merchants trading with England and China, and amassed considerable wealth. Mr Dosabhoy Framjee in his history of the Parsees, writing about the Cama family, says "It has been well distinguished for its commercial enterprize, honesty, and uprightness in Bombay." But the deceased was not only known for his rare honesty and shrewd commercial instincts; he stood pre-eminent in his family as one of the greatest social reformers of the age. It was, indeed, strange that a man who had never received the benefit of higher education, and who lived and moved in orthodox society, should ever prove as staunch a reformer as the deceased showed himself to be in his life and actions. The Parsee community very gratefully acknowledged that they owe their present advancement and social freedom to the many sacrifices the Cama family made on the altar of reform. The following brief history of Mr. Cama's career will show at a glance that he was very liberal in the bestowal of charity, and displayed great enterprize in his commercial dealings. In the year 1834 the deceased joined the well-known firm of the late Cursetjee Cowasjee Banajee as an apprentice, and about two years afterwards went to China in company with his late brother, Mr. Dhunjeebhoy, on behalf of the firm of Heerjee Nowrojee and company. He returned to Bombay in

about three years and established a firm of his own in Bombay under the name and style of Cursetjee Nusserwanjee Cama and Company. Corresponding firms were opened in Calcutta and China, and as fortune seemed to favour Mr. Cama he built two ships of his own, named Mermaid and Ardeshir, to meet his commercial demands. It was Mr. Cama's aim and ambition that his ships, whose number he thought of increasing, should be officered and manned by a Parsee crew, by way of opening a new line for his co-religionists, but he was never able to carry out his design. As an instance of his abiding interest in female education he was instrumental in opening in 1849 a girls' school, in connection with the Students' Literary Society and carried on with others the expenses of maintaining the institution. In the same year he started a daily Gujrati paper named the *Samachar Durpan*, which exists up to this day incorporated with the *Akbari Soudagar*. The deceased was known for his earnest solicitude to do all he could for the alleviation of the sufferings of the poor, and in 1851, at a time when hundreds and thousands of souls were destroyed by a small-pox epidemic, he offered a handsome prize for a Gujrati essay on the use and advantages of vaccination, and circulated the pamphlet at his own expense far and wide in the remote corners of this presidency. The first public act which brought the deceased prominently to the notice of his countrymen was the successful administration of the estate of the late Mr, Framjee Cowasjee, which was then declared to be in an insolvent condition. He was again the first and foremost of the promoters for the establishment of the "Framjee Cowasjee Institute," to commemorate the good name which it bears, and was a trustee of the institution till the time of his death. He was also the father and founder of the *Rast Goftar*, a weekly Gujrati newspaper, which has, since its establishment in 1851, attained considerable influence and has become the leading native paper of this presidency. He took an active part in the establishment of a charitable dispensary in the Fort, and was until the day of his death the chairman and treasurer of that institution. When Sir Erskine Perry, late Chief Justice of Bombay, retired from this country in 1851, the deceased contributed largely towards the establishment of a "Perry Professorship of Jurisprudence," and in accepting the address which the native gentlemen presented to him the late Chief Justice spoke in flattering terms of the services rendered by Mr. Cama to the native community and of his good qualities of head and heart. The deceased in his zeal to consult the best interests of his co-religionists did not forget the well-being and welfare of the other native communities. In 1853 he offered a handsome prize in connection with the *Dnyan Prasarak Mandli* for the best essay on the advisability of introducing widow remarriage amongst the Hindoos, and about two thousand copies of a small brochure treating the subject were printed and freely circulated among the members of their community. He

was a patron of literature, and did all he could, privately and openly, to encourage and support those who devoted themselves to literary pursuits He started the Moola Feroze Madresa (College) in 1854, and was its trustee and treasurer till the time of his death. He also gave a start to a Parsee dramatic company as a means of introducing social reforms of which he was so powerful an advocate. He was one of those who first established a charitable dispensary at Bandora, and ably managed its affairs till such time as it was handed over to Government. He established schools for the poor at Trombay, Korole and Worli, and maintained them at his own expense for about ten years. In 1855 he established an association in conjunction with the late Mr. Manockjee Nusserwanjee Petit for the amelioration of the condition of the Parsees of Persia, and was ever afterwards the treasurer and trustee of that association. In the same year Mr. Cama, in partnership with two or three other members of his family, established a mercantile firm in London under the name of Messrs. Cama and Company, and did a flourishing business for a number of years. It was at this time that Mr. Cama encouraged his Parsee friends to send their sons to England for the purpose of education, affording them every facility through his firm in London. Believing, as he always did, that example was better than precept, he sent his own sons to England for the purpose of education, and several Parsee students followed after them. It is said that there were more than a hundred Parsees, members of the firm and students, residing in London at the time, and they were all more or less indebted to Messrs, Cama & Co. for services rendered. As a member of the committee appointed to frame the Parsee law of succession and inheritance, the deceased did valuable work, and his suggestions, which were the results of his long worldly experience and strong common sense, were taken in a kindly spirit by the committee. At his father's death, Mr. Cama and another member of his family contributed Rs. 1,25,000 towards the nucleus of a charity fund to commemorate his memory. In 1856 he took the lead in opening a school for boys at Nowsaree, and rendered valuable and enduring services as chairman and treasurer of the institution. He was also one of the five promoters who started the *Stri Bodh*, a journal treating of social and economical matters, which is now entirely written by Parsee ladies under the superintendence and guidance of its well-known editor, Mr. K. N. Kabrajee. He took an active interest in the establishment and construction of the Victoria Museum, and contributed Rs. 5,000 towards it. He was the chairman of the native Music Club, and as such gave a great impetus to the advancement and improvement of native music. He was one of the original founders of the Bombay Gymnasium, and was an active member of its board. He had a hand in the formation of a number of public companies, among them being the Bombay Merchants Insurance Company, the Bombay Paper Manu-

facturing Company, the Bombay Native Insurance Company, the Bombay Mercantile Steam Navigation Company, the Frere Land Company, the Uni'ed Victoria Company, the Victoria Patent Bricks Company, the Royal Spinning and Weaving Company, the Central Bank of Western India, and the Viegas Patent Slip Company. The deceased was a Justice of the Peace, a Fellow of the Bombay University, and an honorary member of the Students' Literary Society. He was connected with numerous Parsee charitable institutions, and was the custodian of their funds. He was a high Freemason, and connected with Lodge Rising Star of Western India, the first native lodge in Bombay, for a number of years. In the crisis of 1864 the deceased suffered reverses, and was never afterwards able to recover his position. He made the best of his rather unenviable position, and it is said that even in his latter days the needy and the indigent did not seek his aid in vain. Although the deceased had lost his fortune, he did not suffer in the estimation of his fellow-countrymen. The best testimony of his popularity was displayed in the large circle of relations and friends who assembled to mourn his loss yesterday at Mr. Manockjee Cursetjee's residence at Breach Candy. The Native General Library, of which the deceased was one of the trustees, was closed yesterday in respect to the memory of the deceased.

The *Rast Goftar*, writing regarding Mr. Cama's death, says that the Parsees have lost in him a useful and benevolent member of the community, and Bombay an ornament of its commercial and social circle.

(*Times of India, 28th January* 1885)

તા૦ ૪ થી ફેબરવારી.

રોજ ૨૦ માહ ૫ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

બહુમનજી ફરાંમજી વારડીન—જણાવવાને દલગીરી ઉપજેછે કે ઓરીએંટલ સપીનીંગના જાણીતા મેનેજર શેઠ બહમનજી ફરામજી વારડીન ગયા બુધવારે મધરાત પછી ૫૪ વરસની ઉમરે હાંફનની સેહેજ માંદગી ભોગવી એકાએક મરણ પામયા હતા. મરનારે એલફીનસટન ઇનસટીટયુટમાં પેહેલી કેલવણી લીધી હતી, જે પછી ૧૫ વરસની ઉમરે સરકારી ગોદીમાં ઇજનેરનું કામ શીખવા મી૦ નશરવાનજી અરદેસર વાહડયા તથા ગોદીના માજી મદદનીસ માસટર બીલડર ખાનબાહદુર રૂસતમજી અરદેસર વાહડયા સાથ એકજ દીવસે રહયા હતા. ગોદીમા ફોરમેનના ઓધા ઉપર આવયા પછી પોતાની ૨૯ વરસની ઉમરે તે નોકરી છોડી ચીનના કોસટા ઉપર ફરતી સટીમરોમાં ૩ વરસ સુધી વડા ઇજનેર તરીકે તેવણે નોકરી કરી હતી, પણ માંદગીના સબબથી તેવણને તે કામ છોડી મુંબઇ પાછું આવવું પડયું હતું. મુંબઇમાં થોડો વખત આશાએસ ભોગવયા પછી શેઠ દાદાભાઇ નવરોજીની તરફથી એવણ ઇંગલંડ ગયા હતા, જયાં ૧॥ વરસ રહી સટીમર "જોન બરાઇટ" નાં વડા ઇજનેર થઇ મુંબઇ આવયા હતા. ૧૮૬૩ માં શેઠ રણછોડદાસ છોટાલાલની મીલનું સાંચાકામ ગોઠવવા માટે તેવણ ગયા હતા, જયાં ૨॥ વરસ રહી મુંબઇ પાછા આવી "બોંમે હાઇડરાલીક પરેસ" માં ઇજનેર તરીકે રહયા હતા. ૧૦ વરસ તયાં ગુજારવા પછી ૧૮૭૭ નાં શાલમાં ઓરીએંટલ સપીનીંગનાં તેવણ મેનેજર થયા હતા અને તારદેવ તથા કોલાબાની એ કંપનીની બેઉ મીલોનું કામ ચાલાકીથી મરણવેર ચલાવયું હતું. ૧૮૫૯ નાં

એપરેલ માહમાં મરનારને બેએ મીકેનીકસ ઇનસટીટયુટ તરફથી બાજુના પડખાં વગર ચાલતાં વરાલયતરની જોડીનો એક નમુનો બનાવા માટે રૂપાનો એક ચાન મલયો હતો, જે માન તે વખતે બહુ અસાધારણ ગણાતું હતું. એ પરમાણે એક જવાન ૧૫ વરસની ઉમરનો છોકરો રૂ૧૦ નાં દરમાયા ઉપરથી ગોદીમાંથી વધી પોતાની જાતી ચાલાકી અને ઉમગથી ૩૯ વરસમાં માનઅકરામ સાથ રૂ૮૦૦ નાં દરમાયાની નોકરીએ પુગો હતો, મરનારનાં માન માટે એ બેઉ મીલો તથા શેઠ નસરવાનજી પીટીટની આફીસ ગઇ કાલે બધ રાખવામા આવી હતી અને પોતા-નાં વડાને સેવટનું માન આપવા માટે એ બેઉ મીલના કામદારો દોખમાંની બાહેર હાજર થયા હતા.

[જામે જમશેદ, તા૰ ૬ ઠી ફેબરવારી ૧૮૮૫.]

4th February 1885.

BOMANJEE PRAMJEE WARDEN—Owing to the death of Mr. Bomanjee Framjee Warden, manager for the past ten years of the Oriental Spinning and Weaving Company, the company's mills, both at Tardeo and Colaba, and the office of the agents, Messrs. J. N. Petit & Co. were closed yesterday.

[*Times of India, 6th February* 1885.]

તા૦ ૯ મી ફેબરવારી.

રોજ ૨૫ માહ ૫ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

કાવશજી પેશતનજી ઘડીઆલી, સુરતના—શેઠ કાવશજી પેશતનજી ઘડીઆલી કે જેઓ અતરેના જુના અને પ્રખ્યાત પારશી ગ્રહસ્થ હતા તેઓ ગયા સોમવારની રાતરે થોડાક દીવશની માંદગી ભોગવી મરણ પામવાથી તેમના લાગતાવળગતાઓમાં દલગીરી ફેલાઇછે.

[ગુજરાત મીત્ર, તા૰ ૧૫ મી ફેબરવારી ૧૮૮૫.]

તા૦ ૧૩ મી ફેબરવારી.

રોજ ૨૯ માહ ૫ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

ખરશેદજી મેહરવાંનજી હાથીખાંનાં-વાલા, સુરતના—ગુજરાતનું એક પતર જણાવેછે કે ઉચી બનાવટનો તરેહવાર કારીગરીથી જાતજાતનો દારૂ બનાવી જાંણનારા મી૰ ખરશેદજી મેહેરવાનજી હાથીખાનાંવાલા ગઇ તા૦ ૧૩ મીએ સુરતનાં ગોપીપુરા ખાતે ૭૫ વરસની ઉમરે મરણ પામયા હતા અને તેવણનાં ઉઠમણાંને દાહડેજ તેમનાં ધણીઆણી પણ ૭૦ વરસની વયે પોતાના ખાવીંદની પછવાડે કુછ કરી ગયાં.

[જામે જમશેદ, તા૰ ૨૪ મી ફેબરવારી ૧૮૮૫.]

તા૦ ૨૨ મી ફેબરવારી.

રોજ ૮ માહ ૬ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

અરદેસર બહુમનજી કાકા—જણા-વવાને દલગીરી લાગેછે કે પા સદીની વાત ઉપર મુંબઇનાં વેપારી મંડલને જાણીતા થયલા શેઠ અરદેશર બહમનજી કાકા ગઇ કાલે સાંજે હક થયાછે. એ મરનાર આગલા વખતમાં મરહુમ શેઠ કાવસજી નાનાભાઇ દાવરના હાથ હેઠલ તેઓએ સથાપેલાં ઘણાક ખાતાંઓમાં સેકરેટરી હતા. જેમાં હાઇદરા-લીક પરેસ, કાટન કલીનીંગ કમપની, બામબે સપીનીંગ કમપની, અને બરોકરસ બેંક મુખય હતાં. એ મરનાર ગરહસથમાં હીસાબી તથા બીજું ઘણુંક સારં માન હતું.

[જામે જમશેદ, તા૰ ૨૩ મી ફેબરવારી ૧૮૮૫.]

તા૦ ૭ મી મારચ.

રોજ ૨૧ માહ ૬ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

રૂસતમજી એદલજી વાલેસના—ગાયણ ઉતેજક મંડલીનો ગયા સનીવારે રાતનાં એક મોટો જલસો હતો અને તેની રમત-ગમતમાં જયારે સઘલાઓ ચકચુર હતા, તયારે એક દુ:ખદાયક બનાવે તયાં મોટી ગમગીની ફેલાવી દીધી હતી અને એ મંડલી-ના એક માનવંતા પુરાને સદાનો દુર કરી

નાંખયો હતો. મેસરસ વાલેશ કંપનીના જાણીતા "સેલસમેન" મી૦ રૂસતમજી એદલજી વાલેશ આ જાણીતી મંડલીના એક કરતાકાવરતા હતા તેમજ એક ગાનાર હતા અને તેવણુની હાજરી વગર કોઇપ્ણી જલસો અધુરો ગણાતો હતો. ગયા શનીવારના જલશામાં પણુ એ ગરહસથે પોતાનો બહુ મોટો હીસો આપયો હતો અને મધરાતની થોડાક વખત અગાઉ પોતાનું ગાનું પુરૂ કરી પોતાની બેઠક ઉપર બેસવા જતા હતા, જેટલાંમાં એકદમ તેવણુનાં જીગરનો ધપકારો બંધ પડેલો લાગો અને એકદમ તેવણે પોતાનું માથું નાખી દીધું. તયાં હાજર રહેલા બે જવાન ચચલ ડાકટરો મેહેરજીભાઇ રૂસતમજી શેઠના તથા જીજીભાઇ પેસતનજી નીકલીસન તેવણુની મદદે દોડી ગયા, પણુ કાંઇપ્ણી ઉપાય કારગત લાગે તે અગાઉ હારટડીઝીઝનાં રોગથી તેવણુ મરણુ પામયા હતા. એ બનાવથી તયા અતીશય ખેદ ઉપજયો હતો. કારણુકે મરનાર શેઠ ઘણા અતીશય લોકપરીય સભાસદ હતા અને તેવણુના રવાનને જયારે તેવણુનાં ઘર આગલ લાવવામાં આવયું હતું તયારે અચ્યબુચ આફતથી મરનારના કુટુંબમાં પણુ મોટું માહેતમ ફેલાયું હતું. મરનારની લાસ ઉપર જુરી ભરવાની વાત ચાલતી હતી, પણુ વાજબી ખુલાસો થવાથી તે વીચાર ફેરવવામાં આવયો હતો. ખરેખર મરનાર મી૦ રૂસતમજીનાં મરણુથી ગાયન ઉતેજક મંડલીએ એક ઉલટમદ અને મેહેનતુ મુતવલી ખોહયોછે.

[જામે જમશેદ, તા૦ ૯ મી મારચ ૧૮૮૫.]

7th March 1885.

RUSTOMJEE EDULJEE WALLACE—We regret to announce the death of Mr. Rustomjee Eduljee Wallace, salesman to Messrs. Wallace & Co., which took place on Saturday night at the native philharmonic society's premises in Grant Road. There was a concert given by the society on Saturday, and Mr. Rustomjee was one of those who took part in it. He sang a song at about midnight, and having retired from the platform amidst the plaudits of the audience took his seat on a sofa and dropped down dead soon after. There were two Parsee doctors among the audiance and they did all they could to restore breathing but to no purpose. The deceased was removed to his house in the Fort. There was no inquest held over the body, as there was medical evidence to show that deceased had been complaining lately of some pain in the chest, and that the sudden death was due to heart disease.

[*Times of India 9th March* 1885]

તા૦ ૫ મી આપરેલ.

રોજ ૨૦ માહ ૭ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

ડોશાભાઈ દોશાબજી લાલકાકા—અતરેના પારસીઓનાં એક જાણીતાં ખાંનદાંનના જઇફ ગરહસથ શેઠ ડોશાભાઇ દોરાબજી લાલકાકા ગઇ પરમની રાતનાં ૮૬ વરસની પુખ્ત ઉમરે બેહશતનશીન થયાછે. ઉદયોગી તથા નીયમીત જીંદગી ગુજારવાથી માણુસ લાંબી મુદત સુધી જીવેછે તેનો આ એક દાખલો છે.

[જામે જમશેદ, તા૦ ૭ મી આપરેલ ૧૮૮૫.]

તા૦ ૧૦ મી આપરેલ.

રોજ ૨૫ માહ ૮ (ક૦) ૧૨૫૪ યજદેજરદી.

જમશેદજી નશરવાંનજી દાદીશેઠ—જણાવવાને દલગીરી ઉપજેછે કે દાદીશેઠના પુરાતમ ખાનદાનના એક નબીરા મી૦ જમશેદજી નશરવાંનજી દાદીશેઠ ગઇ પરમ દીને ૩૯ વરશની જવાંન વયે હક થયાછે. એ મરનાર ગ્રહસ્થને પોતાની નાધલી ઉમરથીજ હરેક પ્રકારના હુનરો શીખવાનો શોખ હતો,

અને ઇંગ્રેજી ગાયણ તેમજ સાંચાકામ સંબંધી એ મરનારે સારો અભીઆસ કીધો હતો, તથા તે માટે એકવાર ઇંગલાંડ પણ જઇ આયા હતા. એવણે માણસની મદદ વગર યંત્રથી ચાલતા પંખા બનાવી તે માટેનું સરકાર તરફથી પેટંટ પણ મેળવયું હતું. ૧૮૭૯ માં એવણે પારસી રવાનોને અવસમંજલ પોહચાડવા લઇ જતી વખતે વાપડવાનો એક નમુનાદાર ગાડી પોતાનાં ઉપરીપણાં હેઠલ ઇંગલાંડમાં તૈયાર કરાવી અતરે અંજુમનના તરસટીઓ ઉપર મોકલી હતી, અને જે હાલ ડુંગતપુરા ખાતે વાપર વામા આવેછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૨ મી આપરેલ ૧૮૮૫.]

10*th* *April* 1885.

JAMSETJEE NUSSERWANJEE DADYSETT—Mr Jamsetjee Nusserwanjee Dadysett, a member of the well known Dadysett family, died yesterday morning at his residence at Dadysett Hill, Cumballa Road The deceased gentleman was about 39 years of age, and had been suffering from consumption for the last five years. He was a man of means, and it was with a view to qualify himself for some profession that he went to England about six years ago and succeeded in obtaining the diploma of A. I. C. E. Having contracted the ailment in England, he returned soon after to Bombay, and was never able to recover from its effects. He was a Freemason, and considered to be an excellent amateur musician.

[*Times of India* 11*th* *April* 1885.]

તા૦ ૨૬ મી મેએ.

રોજ ૧૧ માહ ૯ (શે૦) ૧૨૫૪ યજદેજરદી

પેશતનજી ખરશેદજી માજુ, પુણાંવાલા—જણાવવાને દલગીરી ઉપજેછે કે પુણાનાં જાણીતા શેહેરી શેઠ પેસતનજી ખરશેદજી માજુ ગયા મંગલવારે પાછલા પોહોરનાં ૫૦ વરસની ઉમરે પુણા શેહેરમાં મરણ પામયા હતા. મરનાર મલતાવડા સવભાવના અને અતી લાયકીવાલા ગરહસથ હતા અને જે મુંબઇગરાઓ પુણા શેહેરની વારંવાર ભેટ લીયેછે તેઓમાંથી જવલે કોઇજ મરનારને ઓલખતા ન હશે. ગરીબ માબાપને પેટે અવતરી પોતાની જાતી મેહેનત અને ઉમંગથી મરનાર સારી હાલતે પુગા હતા. મુંબઇની આગલી ઉસકી કંપનીમાં તથા મરહુમ શેઠ નવરોજજી અરદેસર દાવરને તયાં ગોડાઉનકીપર દાખલ પેહેલાં ટુંક પગારે મરનારે નોકરી કરી હતી, પણ પાછલથી પોતાના સસરા શેઠ હોરમસજી સોરાબજી તાડીવાલા (જેવણે પુણામા પારસીઓ માટે ધરમશાલા બાંધીછે) ની સાહયતાથી પુણામાં લાકડાંનો વેપાર કરી સારી પુંજી એકઠી કરી હતી અને પુણામાં એક જાણીતા મીલકતવાલા તરીકે તેવણ ઓલખાતા હતા. મરહુમ શેઠ પેસતનજીના ખુશ સવભાવ તથા પરમારથી લાગણીનો ઘણાઓને અનુભવ છે અને તેટલાં માટે એવાં મરણથી આખાં પુણાં શેહેરમાં દલગીરી ફેલાય એ સવભાવીક છે. મરનારને છેલ્લું માન આપવા માટે મુંબઇથી કેટલાક પારસીઓ પુણે ગયા હતા.

[જામે જમશેદ, તા૦ ૩૦ મી મેએ ૧૮૮૫.]

તા૦ ૨૬ મી મેએ.

રોજ ૧૧ માહ ૯ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

ડોશાભાઈ કાવશજી દલાલ—સુઆકીમમાં દેશી લશકરમાં જે મોટી માંદગી ફેલાઇછે તેથી આપણે જાણીતા થયા છીયે, ગઇ સાંહજના તારની મારફતે ખબર મલીછે કે કમીસરીએટ તરફથી ઇનાસપેક્ટર તરીકે

મી૦ ડોસાભાઈ કાવશજી દલાલ નામનો જે જવાન પારસી થોડુંકની વાત ઉપર તયાં ગયો હતો તે કોલેરાનો ભોગ થઈ મરણ પામયોછે. આ જવાન પારસી અફગાનીસટાનની છેલ્લી લડાઈમાં પણ કમીસરીએટ ખાતાં તરફથી ગયો હતો.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી મેઅ ૧૮૮૫.]

તા૦ ૪ થી જુન.

રોજ ૨૦ માહ ૯ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

નાનાભાઈ પાલણજી શેઠના—

કરાંચી, તા૦ ૧૦ મી જુન ૧૮૮૫.

હયાં ગઈ તા૦ ૪ ઠી જુનને દીવસે જે પારસીનું રેલવે તલે દબાઈ જવાથી મરણ નીપજયું હતું તે વીશે તમારાં પતરમાં ટુંક એસારો આવયોછે. પણ વધુ વીગત એમ છે કે મરનારનું નામ નાનાભાઈ પાલણજી શેઠનાં હતું, તેવણની ઉમર ૨૬ વરસની હતી અને હયાંનાં ડેપયુટી પોસટ માસટર જનરલની આફીસના તેવણ વડા કલારક હતા તથા થોડુંક થયુંજ સુપરીનટેનડંટની પરીક્ષા પણ પસાર કરી હતી જે જગા ઉપર આ અકસમાત બનયો હતો તે રેલવેનાં પુલ પછાડી પારસીઓને બંદગી કરવાની છે. મરનાર તયાં બંદગી કરવા ગએલ હતા અને પાછા ફરતાં ગુડસ ટરેન પાસે આવતી જોઈ એક બાજુએ ઉભા રહયા, પણ સખત તાપ પડવાનાં સબબથી ફેર આવયાથી પડી ગયા અને રેલવેના પાતાની વચે આવી ગયાથી તેવણ ઉપરથી ૨૨ ગાડીનાં ચાક ફરી ગયાં હતાં અને તેથી તેવણની લાસ ઘણે ઠેકાણેથી તુટી ગઈ હતી.

[જામે જમશેદ, તા૦ ૧૬ મી જુન ૧૮૮૫.]

તા૦ ૮ મી જુન.

રોજ ૨૪ માહ ૯ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

કાવશજી રૂસતમજી રાંણીના—મેદાનમાં કરીકીટરોને જાણીતા થએલા મી૦ કાવશજી રૂસતમજી રાણીના ગઈ કાલે મરણ પામયાછે. મુંબઈમાં છેલી પા સદીમાં કોઈબી ઈંગરેજ સીવીલીયન અથવા લશકરી અમલદાર યા તો વેપારી એવો આવી ગયો ન હશે કે જે બુધા "મી૦ તોફીજી" ને ઓલખતો ન હોય. "મી૦ તોફીજી" ની વાતચીતમાં એ ઈંગરેજ ગરહસથો મોટી ઉલટ લેતા હતા અને જુની બોમબે કરીકીટ કલબમાં તથા તયારપછીનાં બોમબે જીમખાનામા જેબી ગરહસથ સાંજને છેડે ખેલવા આવે તે "મી૦ તોફીજી" સાથ હસીબોલીને ઘેર જવાને પોતાની એક જાતની ફરજ ધારતો. જીમખાનાના આ માનીતા પારસી મેનેજર નજદીક પા સદીની નોકરી બજાવયા પછી દેહથી દુખી થઈ છેલા પાંચ માસ થયા પેનશન ઉપર રીતાયર થયા હતા, પણ તે પેનશન ભોગવવાને તેવન લાંબી મુદતવેર જીવયા નહીં. પોતાના એ માનીતા મેનેજરનાં મરણથી મુંબઈના ઘણા ઈંગરેજોમાં ખરેખરી દલગીરી ફેલાશે.

[જામે જમશેદ, તા૦ ૯ મી જુન ૧૮૮૫.]

તા૦ ૧૮ મી જુન.

રોજ ૪ માહ ૧૧ (ક૦) ૧૨૫૪ યજદેજરદી.

દસતુર ફરાંમજી બેજનજી—મરહુમ શેઠ ફરામજી કાવસજી બનાજીનાં આતસબેહેરામના દસતુર ફરામજી બેજનજી ગયા ભરેસપતવારે હક થયા પછી ગઈ સાહજનાં તેવણને અવલમ જલ પોહોંચાડવામાં આવયા હતા.

[જામે જમશેદ, તા૦ ૨૦ મી જુન ૧૮૮૫.]

તા૦ ૩ જી જુલાઈ.

રોજ ૧૯ માહ ૧૧ (ક૦) ૧૨૫૪ યજદેજરદી.

જીવાજી ડોશાભાઈ નાજર— આજના અમારા પત્રમાં એક આગલા વખતમાં જાહોજલાલી પણ પાછળથી ગરીબી હાલત ભોગવનારા એક શેહરી વાડીયાજી દાદાભાઈના મૃતયુની નોંધ લીધીછે. તેવણના મરણની એકજ અઠવાડીયું અગાઉ તેવણનાજ વખત-

ના અને તેવણુનીજ પેઠે એકવાર તવંગરી પણુ પછી મુફલિશીની ગીરદેસતી ભોગવનાર એક બીજા પારસી ગ્રહસથ શેઠ જીવાજી ડાશ્યાભાઇ નાજર પણુ ૮૬ વરસની લાંબી ઉમરે હક થય છે. એ મરનારનો એક વખત એવો હતો કે જયારે એકવાર એવણુને અમદાવાદમાં કાંઇ મોટા ઓધાપર તથ બીજી વાર મુંબઇમાં સમાલ કાજ કોરટના એક જડજ તરીકે નેમાવાની પણુ બુમ પડી હતી. બલકે ભલામણુ થઇ હતી. ૧૮૪૩ ના આપ-રેલ માસમાં એવણે પોતાના એક પારસી ચાકરને આગમજથી ખબર આપયા વગર એવણુની નોકરી છોડી જવાના વાંકસર પોલીસ માજીસ્ત્રેટ મી૦ રીવેટની સાંમે ઉભો કરી તેને ૧૫ દીવસનાં કેદખાનાંની સજા કરાવી હતી, જેથી પારસી નોકરોમાં ઘણોક તહરાસ બેઠો હતો. આગલા વખતમાં એવણુ અતરે એક વગવાલા ગણુાતા હતા, અને ૧૮૨૮ થી અતરેની સદર અદાલતમાં એક રાઇટર તરીકે રહયા હતા, તથા ૧૮૩૯ ની તા૦ ૧ લી નવેમબરથી એજ અદાલતના નાજર ઠરયા હતા, જે ઓધો ૧૮૬૦ વેર ભોગવી પેનશન લીધું હતું. સદર અદાલતના આગલા જડજો સર જારજ એનડરસન, મેશરસ પી. ડબલયુ. લીજેટ, વીલયમ ફ્રીઅર, વગેરે અમલદારોને એવણુ વીશે ઘણો સારો ચાહ હતો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૬ મી જુલાઇ ૧૮૮૫.]

તા૦ ૭ મી જુલાઇ.

રોજ ૨૩ માહ ૧૧ (ક૦) ૧૨૫૪ યજદેજરદી.

હીરાંબાઈ તે પેશતનજી હોરમજજી કામાજીનાં ધણીઆંની—પારસી કોમમાં એક જાણીતાં ખાંનદાંનની અને સઘલાંઓ તરફથી એકસરખું માન ખેંચી લેનાર બુજ-રગ બાઇનાં મરણુની નોધ લેવાને અમોને અતીશે દલગીરી પેદા થાયછે. મરહુમ શેઠ હોરમજજી એદલજી કામાજીનાં બેટી અને આપણી ટાપુમાં ઓરતોને માટે એક ખાસ આસપીટાલ સ્થાપનાર સખી શેઠ પેશતનજી હોરમજજી કામાજીનાં ધણીઆંની બાઇ હીરાં-બાઇ સડસટ વરસની ઉમરે ગયા મંગલ-વારને દને હક થયાંછે. આ બાઇ એક જાણીતાં ખાંનદાંનનાં હતાં અને એક સખી શેઠીયાનાં ધણીઆંની હતાં તે માટે આ નોધ-ને અગત આપતા નથી, પણુ તે બાનુએ પોતાની આખી જીંદગીમાં જે પવીત્રાઇ, સભયતા, સખી દીલગુરદો, રાસતીની પક્ષ-પાતી અને સરવે વરગના લોકો તરફ મીલન-સારીના સદગુણો નીભાવીને સઘલાંઓ તરફ-થી જે માન અને મમતા ખેંચી લીધી હતી તેટલાજ માટે હવે પછેની ઓલાદને ઢડા આપવાજોગનું જાણીને આ નોધ કરીયે છીયે. એ બાઇની રૂડી અને સુખવાસી જીંદગીમાં બનેલા બનાવોને લગતી વીગત અને ઘણુાએક રૂડાં કામોમાં હીમતથી બજા-વેલા ભાગનું વર્ણન એક કીસ્સાની માફક ચાનક આપે તેહેવું છે, પણુ તે કરવાનો આ પ્રસંગ નથી, માટે એ દુખભરેલા બનાવથી ઉપજતી દલગીરી જાહેર કરીને તેવણુનાં અશો રૂહને જાવેદાનનો આરામ ચાહીયે છીયે.

[કૈસરે હિન્દ, તા૦ ૧૨ મી જુલાઇ ૧૮૮૫.]

તા૦ ૧૯ મી જુલાઇ.

રોજ ૫ માહ ૧૧ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

દાદાભાઈ પેશતનજી વાડીઆ—જણુા-વવાને દલગીરી ઉપજેછે કે પારસીઓના એક વખતના જાહોજલાલીભરેલા અને દબ-દબાવાળા શેઠીયા તથા આગલા અકાબર શેઠ દાદાભાઇ પેસતનજી વાડીઆ ગયા રવી-વારની રાતે ૮૫) વરશની બુજરગ વયે હક થયાછે. એ મરનાર ગ્રહસથે પોતાની જીંદગી-નાં પેહલાં ૧૮) વરશ બાળવય, લાડ, અને કેળવણી લેવામાં; બીજાં ૩૨) વરશ જાહો-જલાલી, દબદબો, તવંગરી, અને શેઠાઇ ભોગવવામાં, અને છેલાં ૩૫) વરશ ગરી-બાઇ, માંદગી, અને અંધાપામાં ગુજારયાં હતાં. એ મરનારની જીંદગીપરથી આ દુની-

આંના દોર તથા જમાનાના તરેહવાર ફેરફારો વીશે માણસજાતને ઘણુંક શીખવાનું છે. આપણા બુઢા પારસીઓની કેહતી મુજબ એક વખત એ મરનારની પેહડી લોખંડનો કીલ્લો તથા એવોની મીલકત અરધી મુંબઇ માં ગણાતી હતી, તે ગ્રહસ્થનું દુખદાયક મૃતયુ ખેતવાડી મધે એક ભાડેના ઘેરમાં થયું-છે એ બનાવ થોડો નોંધી લેવાજોગ નથી.

મરહુમ શેઠ દાદાભાઇ આપણા માજી અકાબર મરહુમ વાડીઆજી શેઠ નવરોજજી જમશેદજીના વડા બેટા હતા. પણ એવણ તથા એવણના બીજા ભાઇ મરનાર શેઠ મનચેરજીને પોતાના મમાવા તે આગલા વખતના મુંબઇના એક આગેવાન તથા સવતંત્ર વીચારના અને જાહેર હીમતના શેહરી શેઠ પેસતનજી બહમનજી વાડીઆએ પોતાના પાલક તથા મોટી દોલત અને મીલકતના વારસ ઠેરવવાથી એઓ બંધે ભાઇઓ પેસતનજીનાં નામ સાથે ઓળખાતા હતા. મરનાર શેઠ દાદાભાઇએ મુંબઇના કોટનાં સેંટ થામસનાં મોટાં દેવળનાં એક ખુણાંમાં એક પોરટુગીજ શીક્ષકે ઉઘાડેલી ઇંગરેજી સકુલમાં કેળવણી લીધી હતી, તથા અતરેના આગલા વખતના પ્રખ્યાત પાદરી રેવરંડ આરનોલડ બરોસે પણ એવણને ઇંગ્રેજી શીખવામાં ઘણી મદદ કરી હતી. એવોનું ઇંગ્રેજી ભાષાનું ગ્નાન પોણી સદીની વાત ઉપર લીધેલું હોવા છતાં સારૂં હતું. મરહુમ શેઠ પેસતનજી વાડીઆ ૧૮૧૬ ના આગશટ માસમાં પોતાનો સઘળો વહીવટ એ બંધે ભાઇઓ ઉમરે પુગે તીઆંસુધી પોતાના ભાઇઓ જમશેદજી, રતનજી, અને હોરમજજી બહમનજી તથા વીધવા જીવનબાઇ અને જમાઇ શેઠ નવરોજજી જમશેદજીને તરસટીઓ તરીકે સોંપી મરણ પામયા હતા. એ તરસટીઓએ ૧૮૧૯ માં શેઠ દાદાભાઇને સઘળો વહીવટ સોંપયો હતો, અને એવણે તેજ સાલથી પોતાને નામની પેહડી ઉઘાડી હતી. શેઠ મનચેરજી આ વખતે સગીર હોવાથી તેવણ ઉમરે પુગયા બાદ તા૦ ૧ લી નવેમબર ૧૮૩૪ ને દીનથી તેવણને પણ પેહડીમાં શામેલ કરી "દાદાભાઇ અને મનચેરજી પેશતનજી" ને નામે વહીવટ ચાલુ કીધો હતો. એઓની પેહડીનું "મીનફરડ" નામે બાપીકું વાહણ તથા ઘણાક દેશાવરોનો રોજગાર હતો. એ ઉપરાંત મેશરસ દંકન ગીબસ, ગીબ મીલર, મેકવીકર બરન, ક્રેમબેલ મીલર, ફરગુસન ટરનર, અને સાયર લીવીંગસટનની કુંપનીઓની દલાલીનાં કામ પણ અવારનવાર એઓની પેહડીએ કીધાં હતાં. એ પેહડી તે વખતે ઘણી આબરૂદાર તથા આંટવાળી ગણાતી હતી એમાં કશો શક નથી.

શેઠ દાદાભાઇ પેહલવેહલા ૧૮૨૩ માં સુરત મધે મરહુમ શેઠ દાદાભાઇ નશરવાંનજી મોદીનાં નામથી થયલાં આતશબેહરામ પરઠવાને લગતી કીરીઆમાં શામેલ થવા સારૂં પોતાના કેટલાક એશીઓ સાથે તે તરફ ગયા હતા. તીઆં એમને એક નવા શેઠીયા તરીકે ઘણું માન મળયું હતું. ૧૮૨૪ માં એવણે કીમની ખાડી ઉપર ગાડાં તથા માણસોને આવજાવ કરવા સારૂ પોતાને ખરચે એક પુલ બંધાવયો હતો, જે ૧૮૪૫ માં પાણીના જોસથી ભાંગી પડયો હતો. ૧૮૨૬ માં બગાળા ખાતે "કલકતા હેરલડ" માં સરકારનાં કામકાજની સાંમે કાંઇ લખાંણ આવયાથી તેના અધીપતી મી૦ બકીંગહામને તેનુ પત્ર બંધ કરી એકદમ દેશ છોડી ઇંગલાંડ જવાનો હોકમ થયો હતો. આથી ઇંગલાંડમાં તેના તરફ ઘણી દીલસોજી ઉશકેરાઇ હતી, અને દેશીઓના બેરખાહ સર ચારલસ ફારબસે તેને ભેટ આપવા માટે એક ઉઘરાણું કીધું હતું, જેમાં મુંબઇથી ભરાયલા રૂ૫૬૦૦) માં રૂ૫૦૦) શેઠ દાદાભાઇએ ભરયા હતા. ૧૮૨૭ માં માઉન્ટ સટુઅરટ એલફીનસટનની યાદગારી રાખવા માટે સ્થાપેલી "એલફીનસટન પ્રોફેસરશીપના" નાં ફંડમા એવણે રૂ૧૫૦૦) ની રકમ આપી હતી. ૧૮૩૦ માં ઉદવાડેનાં પુરાતમ આતશબેહરામ સાહેબની ઇમારત

ઘણી જુની થવાથી તે જગાપર હાલની નવી મોટી ઇમારત એઓએ બંધાવી તે તા૦ ૨૭ મી મારચને દીને ઇજાવી હતી, તથા તેનાં જશનમાં સામેલ થવાને એઓ પોતે પણ ગયા હતા. એજ સાલમાં શુપરીમ કોરટના એક જડજ સર જે. પી. ગ્રાંટને રૈયત તરફનું માનપત્ર આપવામાં એવણે પણ બીજા શેઠીયાઓ જોડ આગેવાંની લીધી હતી, અને એ માનપત્ર આપવાને સઘળા દેશીઓ શેઠ જાંગીરજી નશરવાંનજી વાડીઆનાં ઘરમાં ભેગા મળી ચાલતા ગયા હતા, જેમાં હરોલમાં એવણ હોવાથી તેજ વખતે સરકારના ચીફ-સેક્રેટરીની સહી સાથનાં છાપેલાં હેંડબીલની એક નકલ પેહલવેહલી સીપાહીએ એવણના હાથમાં મુકી હતી. આ હેંડબીલમાં ચેતવણી આપવામાં આવી હતી કે "સર જે. પી. ગ્રાંટને કીંગ ઇન કોનસીલ તરફથી રી-કૉલ કરવામાં આવયોછે." આ છતાં પણ દેશીઓએ તેને બે વાર માનપત્રો આપયાં હતાં. એજ સાલના અકટોબર માસમાં કદમીઓના વડા દસ્તુર મુલાં ફીરોજ બેહસતી થવાથી તેવણનાં મરણ બાબે અતરેની કોનસીલના એક અધીકારી હાનરેબલ જેમસ સધરલાંડ એવણ ઉપર નીચલો પતર લખી પોતાનો અફસોસ જાહેર કીધો હતો:—

My Dear DADABHOY,

I am much grieved to hear of the death of the learned and venerable Moola Feroze bin Kaoos, and many will be sorry on the occasion, for he was held most deservedly in high estimation by the literary community. To the Parsees, of whom he was so bright an ornament, his loss must be severe, for I fear he has left darkness behind, as he had not his equal as an Oriental Scholar, and there is no one so well qualified to throw light on any difficulties on your ancient religion and literature as he was

For my own part I never met a more gentlemanly person possessed of such amiable feelings as he had among any of the Natives of India.

I remain, &c &c.

(Sd.) JAMES SUTHERLAND.

Balmont 9th October 1830.

એજ સાલના નવેમબર માસમાં અતરેનો નામદાર ગવરનર સર જાન માલકમ પોતાનો ઓધો છોડી ઇંગલાંડ સીધારવાથી તેને અતરેના દેશીઓ તરફથી આપવામાં આવેલું માનપત્ર શેઠ ફરાંમજી કાવસજીની એલતેમાસ ઉપરથી શેઠ દાદાભાઇએ બુલંદ અવાજે મીજલસમાં વાંચી સંભલાવયું હતું. ૧૮૩૧ માં એવણે વાડીબંદર આગલની પોતાની મીલકત તરફ આતશદાદગાહની એક દરેમેહર બંધાવી હતી, પણ ૧૮૬૪ માં તે જગા રેલવે અને નવા રસતાને માટે ભાંગવાથી તે દરેમેહર નીકળી ગઇ હતી. એજ સાલની આખરીએ અતરેના ટાઉન હાલમાં એક દરબાર ભરી તે વેળાના માસ્ટર બીલડરો શેઠો નવરોજજી જમશેદજી અને ખરશેદજી રૂસતમજી વાડીઆને હાનરેબલ મી૦ રોમરે કોરટ આફ ડાએરેકટરસ તરફથી મોકલેલી એકકી રૂપાંની રૂલ તથા રૂ૪૦૦) ની કીમતની શેઆલો ભેટ આપી હતી. તે વેળાએ એ બંધે વાડીઆજીઓ તરફથી શેઠ દાદાભાઇએ ઉઠી ઉપલાં માનને માટે નામદાર સરકારનો ઉપકાર માનયો હતો. ૧૮૩૨ ના મારચ માસમાં એવણના બે વડા દીકરાઓ ખરશેદજી અને પેશતનજીનાં લગનની ખુશાલીમાં એવણે પોતાના પરેલના બાગબાગમાં અતરેના પેહલે વર્ગના યુરોપયન ગ્રહસથો તથા બાનુઓને એક "કુવાડરીલ-પારટી" ની જીયાફત આપી હતી. જેની સેવટે નામદાર કમાનડર ઇન ચીફની બાનુ લેડી હાલકેટની તરફથી સરકારના ચીફ સેક્રેટરી મી૦ નયુનહામે એવણનાં ધણીઆંણી બાઇ ધનબાઇજી તથા લવજી વાડીઆનાં કુટુંબની સરખે બાનુઓની મુલાકાત લેવાડી હતી, તો જોકે તેઓ કોઇ વીઆમાં હાજર હતાં નહીં.

૧૮૩૪ માં સરકારે ઠેરવેલા પેહલવેહલા ૧૪ દેશી સુલેહના અમલદારોમાં એવણ એક હતા, અને છેક સેવટ સુધી એ માન ભોગવ્યું હતું. એજ સાલની તા૦ ૧૬ મી આગશટે એવણે પોતાના પરેલના લાનબાગમાં એક આદરાંનની દરેમેહેર પરઠાવી હતી, જે આદરાંન હાલ પરેલની લવજી વાડીઆ ડીસપેનસરીની પડોસમાંનાં મરહુમ શેઠ મનચેરજી જમશેદજી વાડીઆના છોકરાઓએ બંધાવેલાં મકાંનમાં મોજુદ છે. એજ સાલમાં પેહલવેહલા દેશીઓ ગ્રાંડ જુરીમાં બેઠા તેની સપટેમબર માસની બીજી સેશનમાં એવણ પણ શેઠ ફરાંમજી કાવશજી બનાજી સાથે બીરાજ્યા હતા. ૧૮૩૫ માં એવણ "બોમબે નેટીવ એજયુકેશન સોસાઇટી" ની કમીટીના એક અધીકારી નેમાયા હતા, અને પોતે સારી કેળવણી પામેલા હોવાથી પોતાના છોકરાઓને પણ એ ખાતાંનો પુખત લાભ ચખાડયો હતો, કે જેમ તે વખતે થોડાજ તવગરો કરતા હતા. એવણના બે દીકરાઓ શેઠો ખરશેદજી તથા પેશતનજી ૧૮૩૭ મા એજ ખાતાંમાં વેસ્ટ સકાલરશીપને માટેની પરીક્ષામાં પસાર થયા હતા, તથા વડા મી૦ ખરશેદજીએ એજ સાલમાં રૂપાંનાં તથા બીજે વરસ સોનાના ચાંદનાં સરવેથી ચઢતાં ઇનામો મેળવયાં હતાં. ૧૮૩૬ માં શેઠ દાદાભાઇને લંડનની "રાયલ એશીઆટીક સોસાઇટી ઑફ ગ્રેટબ્રીટન એન્ડ આયરલંડ" ના થોડાક દેશી ગ્રહસથોની સાથે એક નાન–રેસીડંટ મેમબર ચુંટી કાઢયા હતા. એજ સાલમાં મુંબઇ મધેની હાલની જાણીતી "ચેમબર આફ કામરસ" ની મંડળી સથાપવામાં એવણે કેટલાક ઇંગ્રેજ વેપારીઓ સાથે મોટી આગેવાની લીધી હતી, તથા એ ચેમબરની કમીટીના શરૂઆતથી તે ૧૮૪૫ સુધી એક ઉપયોગી અધીકારી હતા. વળી એજ સાલ (૧૮૩૬) માં મુંબઇ મધે બંગાલ બેંકના ધોરણપર એક બેંક સથાપવા તથા તેનો ઇગલાંડથી "ચારટર" મગાવવા વગેરેની ગોઠવણ કરવાને અતરેના વેપારીઓએ તા૦ ૨૭ મી ડીસેમબરે ૧૦ ઇંગ્રેજ અને એકલા એવણ દેશીની એક પ્રોવીજીનલ કમીટી ઠેરવી હતી.

એજ સાલમાં એઓએ વસાઇ મધે મુસાફરોના ઉતારાને કીજે એક મોટી ધરમશાળા બધાવી ખોલી મુકી હતી, જે હજુ સુધી મોજુદ છે. ૧૮૩૭ ની સુરતની મોટી આગમાં નુકસાન પામેલાઓના ફંડમાં એવણે રૂ૨૦૦૦) ભરયા હતા. ૧૮૩૮ માં મુબઇનો નામદાર ગવરનર સર રાબરટ ગ્રાંટ પુણાં મધે મરણ પામયો તેની યાદગારી માટે સ્થાપવા ધારેલી ગ્રાંટ મેડીકલ કાલેજની કમીટીના એવણ એક અધીકારી હતા. એજ સાલમાં મુબઇ મધે નવું દોખમું બાધવાનું ફંડ થયું તેમાં એવણે રૂ૨૫૦૦) આપયા હતા. એજ સાલની આખરીએ કાઠીઆવાડ તથા કછ તરફ પડેલા દુકાળથી ભુખમરાને લીધે અતરે આવેલા લોકોને આશરો આપવા માટે ટાઉન હાલમાં મળેલી જાહેર સભાએ ઠેરવેલી પાંચ દેશી ગૃહસથોની કમીટીમાં એવણ પણ એક હતા. ૧૮૩૯ ના આપરેલ માસમા ત્રણ પારસી બંધવાઓને પીનાંગ દેશનીકાલ લઇ જતી વખતે વાહણપર પોલીસના એક કાનસટેબલે તેઓના સદરા કસતી કાઢી લીધા હતા. આ વાતની ખબર એવણને થવાથી તુરત તે કાનસટેબલપર તથા પોલીસ માજીસટરેટપર કાગળો લખી તે બંધવાઓને પાછા સદરા કસતી અપાવયા હતા, તથા એ બાબેની ફરીઆદ એવણે આગેવાંની લઇ છેક ગવરનર ઇન કૌનસીલ સુધી પુગાડી હતી. ૧૮૪૦ ના જાનેવારી માસમાં ઇંગલાંડ મધે સ્થાપેલી "બ્રીટીશ ઇંડીઆ સોસાઇટી" ની અતરે એક શાખા ઉઘાડી તેની કમીટીના પણ એવણ એક અધીકારી હતા. એજ સાલમાં દેશીઓના ખેરખાહ સર ચારલસ ફારબસનું અતરે બાહવલું ઉભું કરવાનાં ફંડમાં એવણે રૂ૨૦૦૦) ની મોટી રકમ આપી હતી. એજ

સાલમાં એવણને અતરેની "કોરટ આફ રીકવેસટસ" ના એક હાનરરી કમીશનર ઠેરવયા હતા.

એજ સાલના મેએ માસમાં મોથથી સીવરી જવાના રસતાપર એવણની જે મોટી મીલકત આવેલી હતી તેમાંની કેટલાએક એકર જમીન જે નકાંમી તથા કાદવકીચલથી ભરેલી હતી તીઆં શેઠ દાદાભાઇએ પોતાને ખરચે બાર બાંધી લઇ મોટા મીઠાંનાં અગર બનાવાં હતાં. આ વીશે તે વેળાનાં સરવે વરતમાંન પતરોએ એવણની એક અવાજે તારીફ કીધી હતી, તથા સરવે લોકોને તે જોવા જવાને ભલામણ કીધી હતી. ૧૮૪૧ માં એવણને એલફીનસટન ઇનસટીટીઉશનની કમીટીના એક અધીકારી નેમયા હતા. ૧૮૪૨ માં કાબુલની લડાઇમાં મારયા ગએલાઓનાં કુટુંબને આશરો આપવા માટે ફંડ ઉભુ કરવાને ટાઉન હાલમાં મળેલી જાહેર સભાએ ઠેરવેલી કમીટીનાં ફકત બે દેશી અધીકારીઓમાં એવણ તથા શેઠ ખરશેદજી જમશેદજી જીજીભાઇ હતા. એજ સાલમાં નામદાર સર જમશેદજી જીજીભાઇને નાઇટહુડનો એતાબ મળયો તેની યાદગારીમાં તેવણ તરફ પારસીઓના માનની નીશાંન દાખલ "સર જમશેદજી જીજીભાઇ ત્રાનસલેશન ફંડ" ઉભું કરવાની એવણ તથા શેઠો બહમનજી હોરમજજી વાડીઆ અને ખરશેદજી કાવશજી બનાજીએ આગેવાંની લઇ તે ફંડ ઉભું કીધું હતું. ૧૮૪૪ માં એવણ તથા બીજા ચાર પારસી શેઠીયાઓના આશરા હેઠલ મી૦ હેનરી ફીનટને મુંબઇ મધે તવંગર પારસીઓના છોકરાઓને ઇંગ્રેજી ભાષાની કેળવણી આપવાને એક સકુલ ઉઘાડી હતી. એજ સાલના જુન માસમાં શેઠ દાદાભાઇએ સુરત મધે સઇયદપુરામાં આદરાંનની એક દરેમેહર બંધાવી પરઠાવી હતી. ૧૮૪૫ માં મુંબઇ મધે લોઢાંની સડક બાંધવા માટે સ્થાપેલી "ગ્રેટ ઇસટરન રેલવે કુંપની" ની શરૂઆતની ગોઠવણ કરવાને નેમેલી પ્રોવીજીનલ કમીટીના એવણ એક અધીકારી હતા. ૧૮૪૬ ના ફેબરવારી માસમાં એઓએ ભેશાંન ગામમાં એક દરેમેહર બંધાવી પરઠાવી હતી.

એજ સાલમાં મુંબઇ મધે નાળીએરી, તાડ, માહડ, ખજુરાં, ભાતનાં ખેતરો, મીઠાંનાં અગરો, બાગ બગીચા, તેમજ જાહેર બજારોમાં વેચવા બેસનારાઓ ઉપર આસેસમેંટ નાખવાની વાત સુલેહના અમલદારોની સભામાં આવી હતી તે વેળાએ એવણે તેની સામે મજબુત બાથ લીધી હતી. એજ સાલના અકટોબર માસમાં એવણે સીહા મુસલમાંનોના વડા નામદાર આગાખાંનને પરેલ મધે લાલબાગમાં મેજબાંનીએ બોલાવયા હતા. ૧૮૪૭ માં અતરેની ઓરીએનટલ બેંકના એવણને એક ડાએરેકટર નેમયા હતા. ૧૮૪૮ માં અતરેની કસટમમાં વેપારની જીનસો ઉપર લેવાતી જગાતની ટીપમાં ફેરફાર કરવાને સરકારે નેમેલી ૭) વેપારીઓની કમીટીમાં એવણ પણ એક હતા. ૧૮૪૯ માં હાનરેબલ એલ. આર. રીડની યાદગારી માટે મેડીકલ કાલેજમાં સથાપેલી "રીડ સકાલરશીપ" નાં ફંડની કમીટીના એવણ એક અધીકારી હતા. એજ સાલમાં સ્થાપેલી સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસટીટીઉટના એવણ શરૂઆતથી તે ૧૮૫૬ ની આખરી સુધી અધીકારી હતા, અને એવણે તે ઓધો છોડવાથી આપણા બુજરગ શેઠ હીરજીભાઇ હોરમજજી શેઠનાને તે જગોપર નેમયા હતા. ૧૮૫૦ માં મુંબઇ મધે ગરીબ સ્ત્રીઓને માટે એક સુવાવડખાનું સ્થાપવાને ટાઉન હાલમાં મળેલી જાહેર સભાએ નેમેલી ૧૨) ગ્રહસથોની કમીટીમાં એવણ એક હતા.

આટલીબધી જાહોજલાલી ભોગવીઆ પછી દુનીઆંના ફરતા દોરથી એવણની કારકીરદીનો અંત આવયો અને એમની પુરાતન પેહડીને નુકસાંન થવાથી ૧૮૫૧ નું વરસ બેસતાંજ તે બંધ કરવી પડી, તથા તા૦ ૪ થી જાનેવારીને દીને માંગનારાઓની સભા મળવી મેશરસ આર. મેહેનજી, ડબલયુ. હાવરડ, માંણેકજી લીમજી બનાજી, ડી.

એકલક, અને રામલાલ થાકોરસીદાસને ટરસટીઓ નેમી સઘળો વહીવટ તેમને સોંપ્યો હતો. એમની પેહડીનું દેવું રૂ૩૩,૬૦,૦૦૦ હતું અને મીલકત વગેરે સારી હોવાથી માંગનારાઓને રૂપીએ દશ આના જેટલો ફાળો મળયો હતો. એમના ભાંગવાના પેહલા દીવસો ઉપર તો આખા મુંબઇમાં મોટો ગભરાટ ચાલયો હતો અને તયારપછી લાંબી મુદત શુધી અતરેના લોકોમાં દલગીરી ફેલાઇ હતી. "દાદાભાઇ વાડીયાનું દીવાળું" ઘેરેઘેરની વાત થઇ પડી હતી, તેની પત્રે પત્ર નોંધ લેવાઇ હતી અને તેના ગીત અને ગરબા જોડાયા હતા. પછવાડેથી જેમ જેમ એઓની મોટી મોટી નામાંચી મીલકતો વેચાતી જતી તેમ તેમ લોકોનો કકલાટ વધતો હતો. કોટમાંનું મીશીયરસ ગ્રેહામની કુા૦વાળું ઘર તથા મજગામમાં શેઠ બેહરામજી જીજીભાઇ સી. એસ. આઇ. વાળો નામાંચો "બેહરામજી હાલ" તથા પરેલનો નામાંચો લાલબાગ અસલ શેઠ દાદાભાઇ વાડીયાનાં ખાસ મકાનો હતાં એજ તેવણની પેહલી જાહોજલાલીનો આજના વખતમાં ખયાલ આપવા માટે બસ છે. તા૦ ૩ જી જાનેવારી ૧૮૫૧ નાં બોમબે ટાઇમસમાં લખેછે કે—

The suspension of payment by Messrs. Dadabhoy and Muncherjee Pestonjee withdraws for the present, from active employment, two of our most able and energetic Parsee Merchants,—merchants who for long period were believed to be the possessors of enormous wealth.—Dadabhoy Pestonjee in particular has always been distinguished for the philanthrophy of his disposition and liberality of his opinions,—taking an active lead amongst the members of his active race in all matters of native improvement.

આએ વખત પછી શેઠ દાદાભાઇએ તદન એકાંત જીંદગી ગુજારી હતી, અને જાહેર કામોમાં કશોબી ભાગ લીધો હતો નહી. ૧૮૭૦ માં જયારે હાલના સર જમશેદજીને પારસી કોમના આગેવાન તરીકે ઠેરવવાને જાહેર અનજુમન મળી હતી તે વખતે એવણ તે અંજુમનમાં બે માણસોનો હાથ પકડી આલબલેસ બાગના કમપાઉંડમાં જરથોશતીઓની ગીરદી વચે આવીને બેઠા તીઆરે ઘણે વરસે એ બુજરગ અકાબરને જોઇ સરવે લોકોનું માન એવણ તરફ ખેંચાયું હતું. એવણની માહીતગારી તથા યાદદાસત શકતી એટલી તો મજબુત હતી કે એક લેખે પાછલી પોતાની એકાંત જીંદગીમાંથી એવણ આપણા લોકોને કામ લાગા હતા, અને તે એ કે "પારસી પ્રકાશ"ના બનાવનારને આગલા વખતના ઘણાક કીમતી દસતાવેજો તથા પુશકળ આગલી પાછલી ખબરો એવણથી મલી હતી, અને તે માટે એ લખનાર પોતાના દીબાચામાં ખાસ રીતે જણાવેછે કે—"બુજરગ શેઠ દાદાભાઇ તો અમોને એક એવા ભોમીયા મળયા હતા કે જેવણની યાદદાસત શકતી, અને પકી માહીતગારીએ કરી આએ ચાલુ સદીમાં બનેલા ઘણાખરા સઘળા અગતના બનાવોની વરતમાન પતરોમાં વાંચયા ઉપરાંત નજરે નજર જોયલા તુલાતવીલ વીગત એ સાહેબથી જાણી લેવાને અમો નસીબવાન થયા છઇએ."

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૬ મી જુલાઇ ૧૮૮૫.]

19*th* *July* 1885.

DADABHOY PESTONJEE WADIA—We regret to record the death, on Sunday night, of one of the Parsee patriarchs of a past generation, Mr Dadabhy Pestonjee Wadia Until the year 1850 the deceased gentleman was recognised as one of the richest Parsees of Bombay, and one of the largest merchants, a contemporary and a rival of the first Parsee Baronet in commerce and in public life The saying has almost passed into a proverb amongst his co-religionists that Mr. Dadabhoy was the

owner of landed property covering one-half the island of Bombay. Though this is an exaggeration, it is a recognised fact that the deceased was a very large landholder, his possessions extending over nearly one-half of the district of Mazagon. Mr. Dadabhoy, with his late brother Mr. Muncherjee, succeeded to a princely fortune left by their maternal grandfather and adoptive father Mr. Pestonjee Bomanjee Wadia With the resources at his disposal, Mr. Dadabhoy soon raised himself to an eminent position in the native community, and was much respected among the European residents of the time. He was one of the leaders of native society, and took an active part in all movements of a public character. He traded largely in produce, chiefly cotton and in imported goods, and was a broker to three of the largest English firms of the time, namely, Messrs. Campbell, Miller, and Co., Messrs. Syers, Livingston, and Co., and Messrs. Fergusson, Turner, and Co. He traded jointly with his brother under the name of D. and M. Pestonjee. The brothers built in 1830 the fire-temple at Oodwarra, the oldest fire-temple in India; and during the days of their prosperity spent about half-a-lakh of rupees in building in different places fire-temples and rest-houses for travellers. Mr. Dadabhoy's hospitality was largely partaken of by Europeans and natives alike at his country residence, the Lall Baug, Parel. His Fort residence for many years was the premises now owned and occupied by Messrs W. and A. Graham and Co. Owing to reverses of fortune Mr. Dadabhoy's firm stopped payment on the 30th December, 1850, since which year he retired into privacy and led a solitary life for the space of thirty-five years. He had been ailing for the last two months from fever and general debility, and died at 9 o'clock on Sunday night at his residence in Khetwady at the good old age of 83 years, leaving behind him four sons and a daughter His body was brought to his ancestral house in the Fort, whence the funeral procession started yesterday afternoon for the Towers of Silence. It was very numerously attended by Parsees of all classes.

[*Bombay Gazette* 21*st July* 1885.]

તા૦ ૨૬ મી જુલાઇ.

રોજ ૧૨ માહ ૧૧ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

હોરમજજી ફરાંમજી વારડન—જણાવવાને દલગીરી ઉપજેછે કે આપ મેહેનત અને પરમાણીક ઉદયોગથી વધી સારી સુખી હાલતમાં આવેલા મી૦ હોરમસજી ફરામજી વારડીન નજદીક બે માસની સખત માંદગી ભોગવી ગયા રવીવારે મધરાત પછી મરણ પામયા હતા. મરનાર ઓરીએંટલ મીલના જાણીતા મરહુમ મેનેજર મી૦ બમનજી વારડીનના ભાઇ થતા હતા અને નાનાં સાહશથી વધી કમીશરીએટનાં મોટા જાણીતા કનટરાકટર થયા હતા તથા દુબાશના ધંધામાં પણ સારી ફતેહ મેલવી હતી. મરનાર મીલનસાર, સભયતાભરયા તથા દયાલુ ખવાશના હતા અને એવા સવભાવને લીધે એક અતી મોટાં મંડલને પોતાના મીતર તરીકે ગમગીનીમાં મેલી ગયાછે. અમારા સાંભલવામાં આવયુંછે કે મરનારે પોતાની પુંજીમાંથી ૨૬૫,૦૦૦ ની એક રકમ તરસટમાં કાહડીછે જેમાંથી "આલબલેસ બાગ" ના ધોરણ ઉપરનો એક "વારડન બાગ" બાંધવામાં આવશે અને તે જરતોસતીઓને સરઅવસરે વાપડવા માટે ખુલ્લો મેલવામાં આવશે.

[જામે જમશેદ, તા૦ ૨૮ મી જુલાઇ ૧૮૮૫.]

26th July 1885.

Mr. Hormusjee Framjee Warden—Mr. Hurmusjee Framjee Warden who died last Sunday, has bequeathed the sum of Rs 65,000 for the construction of a building on the model of the Allbless Baug at Girgaum, for the use of the Parsee community. Mr. Hormusjee had amassed a large fortune by his own industry and energy as a Commissariat contractor and dubash and landing agent to the British India Steam Navigation Company. In addition to leaving a large snm of money to his widow, he has given in all about three lakhs of rupees to his nearest relatives,—the residuary legacies to be divided amongst his two deceased brothers' sons. A further sum of Rs. 10,000 is set apart for the religious and other annual ceremonies of the poor relations of the deceased.

[*Bombay Gazette*, 1*st August* 1885]

તા૦ ૧ લી આગશટ.

રોજ ૧૮ માહ ૧૧ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

બચુબાઈ તે દોરાબજી નાનાભાઈ સવાઈ, નવસારીવાલાનાં વીધવા—નવસારી મધે સનવાર તારીખ ૧ લી આગસ્ટ સને ૧૮૮૫ ને દીને એક પારસી સ્ત્રીનુ મરણ થયુંછે તે નોંધી રાખવાજોગ છે. મરનાર બચુબાઇ તે દોરાબજી નાનાભાઇ સવાઇની વીધવા લગભગ ૧૦૦ વરસની ઉમરે પુગાં હતાં અને તેવણુની ચાર પેહડીના વંશો છે. મરનાર પોતાની પાછલ પોતાનાં છ છોકરાં, બતરીસ છોકરાંનાં છોકરાં, સાડતીસ છોકરાંનાં છોકરાંનાં છોકરાં અને અગીઆર છોકરાંનાં છોકરાંનાં છોકરાંનાં છોકરાં મલીને એકંદર ૮૬ જનને પોતાના વંશ દાખલ મુકીને ગુજરી ગયાંછે.

[જામે જમશેદ, તા૦ ૪ જી આગસટ ૧૮૮૫.]

1*st August* 1885.

Bachubai, widow of Dorabjee Nanabhai Savai, of Nowsaree—A correspondent informs us that on Saturday there died at Nowsaree an old Parsee lady named Bachubai, widow of Dorabjee Nanabhai Savai, at the advanced age of about 100 years. She survived four generations, and left behind her six children, thirty-two grand-children, thirty-seven great-grand-children and eleven great-great-grand-children, in all 86 lineal descendants.

[*Times of India, 3rd August* 1885.]

તા૦ ૩ જી આગશટ.

રોજ ૨૦ માહ ૧૧ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

દસતુર ફીરોજજી પેશોતનજી, વલસાડના—અમારો વલસાડનો ખબરપતરી પોતાનાં ગઇ તા૦ ૩જી આગસટનાં પતરમાં જણાવેછે કે "અતરેના વડા દસતુરજી ફીરોઝજી પેશોતનજી બે દીવસની સેહેજ માંદગી ભોગવી આજ બપોર પછી એકાએક મરણ પામયાછે, જેથી અતરેની તમામ પારસી કોમમાં ભારે દલગીરી ફેલાઇછે. એ દસતુરજી ઘણા ભોલા, સખુરીવાલા અને મીલનસાર સવભાવના હતા."

[જામે જમશેદ, તા૦ ૫ મી આગશટ ૧૮૮૫]

તા૦ ૨૬ મી આગશટ.

રોજ ૧૩ માહ ૧૨ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

નશરવાંનજી નવરોજજી બોદ—મરહુમ શેઠ (નશરવાંનજી નવરોજજી બોદ) ની દીલસોજી પોતાના જાતભાઇઓના ભલાંમાં હંમેશ વેહેતી હતી, અને જોકે તેમની સખાવતે તેમની જીંદગીમાં કોઇપણ જાહેર રૂપ પકડયુ ન હતું તોપણ તેમની ગુંજાશ માફક તેઓએ ગરીબ જરતોસતીઓને અવારનવાર સારી મદદ કરી હતી. શેઠ નશરવાનજી, બાહારકોટ બચાવ ફંડના, તથા

બાહારકોટ ખાતેના મુકતાદના ફંડના એક ટરસટી હતા, તથા બાહારકોટ ખાતેની લાઇબરેરીના એક મુખ્ય મદદગાર હતા.

[જામે જમશેદ, તા૦ ૨૮ મી જુલાઇ ૧૮૮૬.]

26th August 1885.

Mr. Nusserwanjee Nowrozjee Bodd—Mr. Nusserwanjee Nowrozjee Bodh a wealthy Parsee gentleman, who died last week in Bombay, has, we hear, left by his will a splendid collection of statuary and fancy toys, of the aggregate value of about five thousand rupees, to the Victoria and Albert Museum. He has also set apart Rs 10,000 for certain charitable purposes, but it is apprehended that some legal technicality will make the bequest void

[*Times of India*, 5th *September* 1885.]

તા૦ ૬ થી સપટેમબર.

રોજ ૨૪ માહ ૧૨ (શે૦) ૧૨૫૪ યજદેજરદી.

શેરાબજી રતનજી ડાકટર—ગયા રવીવારને દને પોતાના ઉદયોગના જોરથી ગરીબીમાંથી ચહડતા વરગનું સુખ ભોગવી ગયલો એક પારસી ગુજરયોછે. ડાકટર સોરાબજી રતનજી અત્રેની ગ્રાંટ મેડીકલ કાલેજની ડીપલોમા ધરાવનાર સનાવાર ડાકટર નહી હતા, તોબી પોતાની જાતી ચંચલતા અને લાંબા અનુભવને લીધે એક ડાકટર તરીકે ઘટતી રીતે ઉપયોગી થઇ પડયા હતા. સને ૧૮૫૬-૫૭માં ગ્રાંટ મેડીકલ કાલેજમાંથી પસાર થયના કાબેલ પારસી તબીબોને તાંહાં 'કમપાઉંડર' તરીકે નોકરીએ લાગવા પછી દવા અને દરદો સંબંધી તેવણનામાં જે જીગાસા ઉશકેરાઇ હતી તે બર લાવવાને માટે તે મરનારે બીજાં સાધણોની ગેરહાજરીમાં પોતાના ઉદયોગથી કોશેશ કીધી હતી અને તેમાં તેવણ કેટલેક દરજજે ફતેહમંદ નીવડીને પોતાની ફરજ બજાવવાનો લાહાવો પાંમી ગયાછે. કમપાઉંડર તરીકેનું વહીતરૂં છોડી દઇને અત્રેના સરકારી મેડીકલ સ્ટોરમાં પ્રેસીડેનસીના ફીઝીશીયન જેનરલના ખાતાંમાં એક સારી નોકરી મેલવવા પામયા. તાંહાં તેવણને પોતાનો અભયાસ અને અનુભવ વધારવાની પુશકલ જોગવાઇઓ મલી. લશકરી છાવણીઓનાં મથકો તરફની હાસપીટાલોના રીપોરટોમાંથી જુદાં જુદાં દરદો ઉપર લાગુ પડતા ઉપાયોની સહમજ મલવાથી તેની અજમાયસો કરીને તેવણ કોઇ કાબેલ ડાકટરની ગરજ સારવા જેટલી શકતી ધરાવતા થયા. અત્રેનાં પત્રોમાં તેવણના નામ સાથ છપાતી જાહેરખબરોમાં આવેલી મોટા અનુભવી ડાકટરોની સરટીફીકેટો તેવણની કુષલતા વીશેની ખાતરી આપવાને બસ હતી, અને અત્રેની પારસી વસતીમાંથી ઘહરાકીનો જે હીસ્સો મેલવયો હતો, અને એક ડાકટર તરીકે નીભયા ચાલતા હતા તે ઉપરથી આપણને સંતોષ ઉપજેછે જે વઇદાંના વીદયારથી તરીકે કાલેજથી સતા નહી મલવાને લીધે તેવણને હરકતો નડતી હતી, તોબી જાતી હુશીયારી અને અનુભવને જોરે પોતાના સંબંધી થતા અદાવતના ટીકાઓને રદ કરી શકયા હતા. મરનાર સોરાબજીનો દાવો ડાકટર એનકાબ ઉપર કેટલો હતો અને તે એનકાબ ધરાવનારાઓ તે દાવાને કેટલે દરજજે યોગય છે તે વીશેની નકામી જીકર જગાડવાને બદલે આ મરનારે ગરીબોની સેવા કરવામાં જાતી મેહનતનો અને પોતાની ટુક કમાઇનો જે ભોગ આપયો હતો તે કામની ખાસ નોંધ લેવાની ફરજ સહમજીયે છીયે. તેમ કરતી વખતે મુકાબલામાં બતાવવા વગર અમોને ચાલતું નથી કે જેવું કામ બજાવવાને મુંબઇની વસતીમાં મોટી કમાઇ કરનારા અને વગવસીલો મેલવેલા ગ્રાડયુએટો અને લાઇસેનસીએટો આજસુધી પછાત પડયાછે તે કામ ગરીબ શેરાબજી ભરુચાએ પોતાને એખલે જોરે અને પોતાની સારી મનસનીથી બજાવયુંછે. તેવણે કાંદાવાલા મોહોલામાં અને કરેલવાડી આગળ

પોતાની ગીરોથી બે ધરમનાં દવાખાનાંઓ કાહાડયાં હતાં અને તે દરએક જગાએ પોતાના થોડા થોડા વખતની હાજરી આપીને ગરીબોને મફત દવાઓ આપીછે. તે ધણી હવે આ સ્તુતી સાભલવા આવનાર નથી એટલે એ જાહેર વાતને ફરીથી જાહેર કરવામાં ખુસામત કે બડાઇ કરવા જેવું કાંઇ નથી, પણ એ દાખલો આ જગાએ ટાંકવામાં અમારી મકસદ એટલીજ છે જે હરેક આદમી પોતાની કાયનાત પ્રમાણે બીજાઓને ઉપયોગી થવાનું દીલ ધરાવતા હોય તો તે થોડે કે ઘણે દરજ્જે કાંઇબી ભલું ભાઇબંધોનું કરી શકેછે, તે બતાવવું. તેમ કરવાથી આપણા માતબર ડાક્ટરોની ગરીબ ભાઇબંધો તરફની ગફલત માલમ પડી આવતી હોય તો, તે દાખલાની નકલ થવાનો ઉમંગ પણ પેદા થશે.

[કયસરે હિન્દ, તા૦ ૧૩ મી સપટેમબર ૧૮૮૫.]

તા૦ ૨૨ મી સપટેમબર.

રોજ ૫ માહ ૧ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

નવરોજજી ફરદુનજી, સી. આઈ. ઈ.— "નવરોજજી માસટર" આ જીહાનમાં રહયા નથી. મુંબઇ શેહરમાં એવા કદાચજ હશે કે જેણે નવરોજજી ફરદુનજીનો જાણીતો ચેહરો દીઠો નહી હશે, આખા ધલાકામાં એવા થોડાજ હશે કે જેઓએ નવરોજજી ફરદુનજીનું માનીતું નામ સાંભળયું નહી હશે, આખા હીંદુસ્તાનમાં વળી વાંચનારી આલમમાં એવા કોઇકજ હશે કે જેને નવરોજજી ફરદુનજીનાં કામકાજની થોડી કે ઘણી ખબર નહી હશે. તે સઘળી આલમ જે મી૦ નવરોજજીને પીછાણેછે અને જે સઘળી આલમ તેમનાં કામો ઉપરથી તેમને હવે પછી પીછાણશે તેમને શોકસીખુમાં ડુબાડનારો જે સંતાપજનક બનાવ આ અઠવાડયાંમાં બનયોછે તે ગયા મંગલવારની સાંજે ૯૮ વરસની પુખ્ત વએ જાણીતા, માનીતા, બેરખાહ, હીમતવાન, દેશહીતકારી અને સ્વતંત્ર લોકરક્ષી નવરોજજી ફરદુનજીનું આ જીહાનથી કુચ કરી જવું છે. તેઓ દેહ તયાગ કરી ગયાછે પણ એમનું નામ સદાનું યાદગાર રહયુંછે. તેઓની કીરતી રહીછે, પણ અફસોસ ! કે જગયા ખાલી પડીછે. આપણા જે સંખયાબંધ જાહેર પુરૂશો જાહેર બાબતોમાં શોખ, અભયાસ ઇયા ઉલટ રાખેછે તેમને કશું પણ માઠું લગાડયા વગર કેહવાઇ શકાશે કે પચાસ વરશની જાહેર જીંદગીમાં શું રાજદુવારી, શું સંસારી, શું ધરમ સંબંધી કે શું નીતી સંબંધી દરએક સવાલ, દરએક કામ અને દરએક હીલચાલમાં ઉલટથી, ઉમંગથી, હીમતથી, જેહમતથી, અભયાસથી, આતુરતાથી, ખંતથી, શોખથી, શોધખોળથી, વેહતાં દીલથી, દાજતી બેરખાહીથી, બેદેહસત હીમતથી, બીનગરજ પરમારથથી, પોતાના ભોગ આપનારાં સ્વતંત્રપણાથી તથા પ્રજાની સેવાના એકચીત અને નીશપક્ષ નેમથી ભાગ લેનાર તથા તન, મન અને ધનથીજ નહી પણ જીવથી જીહીપલું દેનાર જે શુરા પણ ધીરા વીરલ વીર પુરૂશના અકાળ મરણનો આપણે શોક કરીયે છીયે તેની જગયા લેતાં આપણાં એ સઘળા જાહેર પુરૂશોને ઘણો વીલંબ છે. અને તે જગયા ખાલી, લાંબા કાલની ખાલી પડીછે. જાહેર સેવાઓમાં મી૦ નવરોજજીએ ગુજારેલી મુદતજ પેહલાં તો બરોબરી નહી કરાય એવી છે. તેવણે બજાવેલા કામોની ટીપજ તેવણની જીંદગીને છેડે સરવાલો લેતાં આપણને હેરત ઉપજાવેછે. તે કામોના પ્રકાર—વીદયાના, ગ્રંથના, જાહેર લખાણોના—સભાઓના, ભાશણોના, જાહેર તકરારોના—કેળવણીના, સંસારના, ધરમના, કે જાહેર શખાવતોના—રાજદુવારી, નાણા સંબંધી, કે શેહર સંબંધી—આપણા આ મરહુમ મહા પુરૂશના કામોના એ જુદા જુદા પ્રકારોજ આજના વખતમાં ઘણાઓએ નહી વકી રાખેલા એવા માલમ પડેછે.

આ ભલા પુરૂશની આપણી નજરમાંથી કદી નહી ખસે એવી તસવીરની એક નકલ

અમારે માટે લાકડાંના ડીબાં ઉપર છાપ કોરેલી અમે આજના અંક સાથ વાંચનારને ભેટ આપીયે છીયે અને તેવણની વીસરાય નહી એવી કીરતીવાન જીંદગી તથા તે જીંદગીના નામ લેતાં નીઠે નહી એવાં કામોનું વરણન અમારા મેહનતું મદદગાર મી૦ બહમનજી પટેલની મેહરબાનીથી અમે પાછના ભાગ ઉપર આપીયે છીયે, જે ઉપરથી એ મરહુમના કામો જેઓ પીછાણેછે તેઓને ઘણું નવું યાદ આવશે અને જેઓ નથી પીછાણતા તેઓ ઘણું નવું શીખશે. મી૦ નવરોજજીના આ જનમચરીત્રમાં ફકત તેઓના કામોની અમારા ધુનથી લખનારે પોતાની સાદી ભાશામાં એક લુખી ટીપ માત્ર આપીછે અને તોપણ એ ટીપ કશી વીગત વગર, કશા વીચારો વગર, કશી સહરાગાત વગર અમારી એટલીબધી જગયા રોકેછે કે મરહુમના માનને માટે તેમના મરણાનતે કાંઇ તાલ કરવા યા જીવતાંનાં બોધને માટે તે ઉપરથી કાંઇ સાર ખેંચવાને અમે પોતાને કેવલ અશકત અને લાઇલાજ જોઇયે છીયે. પણ એક મરનારની યાદ જીવતાંનેજ કામની છે, "નવરોજજી માસટર" બોલીબોલ માસટર હતા. તેવણ એલફીનસ્ટોનીયન આલમના માસટર હતા, તેવણ જુવાનીયાઓની નવી પ્રજાના માસટર હતા, તેવણ સુધારાવાળી દુનીયાંના માસટર હતા, તેવણ દાદાભાઇ નવરોજજી અને સોહરાબજી શાપુરજી અને બીજા ઘણા જાણીતા જાહેર પુરૂશોના એક વખત માસટર હતા, તેવણ છાપામાં એક વખત માસટર હતા, તેવણ અમારી આ અદના કલમના પણ એક વેળા માસટર હતા. માટે મી૦ નવરોજજીના ગુણો અને કામોની અમારી આ ટુંક તુલના અમારી અને અમારા મીત્રોની અતલગની પીછાણ અને અનુભવથી અમે કરીયે છીયે. મરહુમ નવરોજજી ફરદુનજી કોઇ પૈસાદાર પીતાના સોનેરી સાજમાં જનમેલા અથવા સાટીન અને અતલશમાં લોટતા દીકરા નહી હતા. તેવણ આજના જમાનાની યુનીવરસીટીની કેળવણી પામેલા નહી હતા. ગરીબીમાંથી વધીને ઓધા, પદવી, અને દોલતના ઉંચા દરજજા ઉપર તેવણ ચહડયા હતા. દોલતમાં બીજા દોલતવાનો કરતાં તેઓ ઘણા ઉતરતા હતા પણ ઓછી દોલતે એઓ વધતા સુખી હતા, અને મોટી દોલતથી જે ઉચાંમાં ઉંચું માન—પ્રજાપ્રીતી—નહી મળે તે વગર પૈસે વધારે ચહડતાં ધન, વીદયાધન અને સદગુણના ધનથી મેળવવાને એઓ ફતેહ પામયા હતા. તે શાથી? બચીત ખુસામતથી તો નહીજ, તે તો એમના હડહડતા શત્રુબી કબુલ કરશે. સતાવાલાઓની રૂસવત યા મરૂવત અથવા પૈસા યા પૈસાદારની પગેપડુ પુંજા એ મી૦ નવરોજજીનો વધવાનો મારગ નહી હતો. જોકે તેવણની આપએખતીયારી અપમાનભરેલી નહી હતી, પણ તેવાગુનું સ્વતંત્રપણું હુજતની હદ ઉપર ગયું હતું અને ગમે એવા વડા અમલદારની સતા યા પદવીની તેવણ પોતાની ફરજ આગળ દરકાર કરતા નહી હતા.

રણના મેદાનમાં ઉતરનાર વીર પુરૂશ ખરો શુરો તયારેજ ગણાય કે જયારે તે રણવીર હોય એટલે કે રણસંગ્રામના ગભરાટ વચે ધીરજ ધરાવી શકે. મી૦ નવરોજજી ફરદુનજી અતીઘણા થંડા અને ધીરા હતા. તેવણ ગમે એટલા ખીજવયાથી ખીજવાય એવા નહી હતા, અને જાહેર તકરારોમાં પોતાની આસપાસ ગમે એટલું સંકટનું વાદળ વીટલાય પણ તેવણ ધીરજ છોડતા નહી હતા. રાહનુમાય સભામાં ડાથલાંની આગલી બાંજગડા વેળા ઉસકેરાયલા અંધયારૂઓ તેવણને ગાળો દેતા અને તેવણના બદનની સલામતીને માટે તેવણના સરનશીનની ખુરશી ગોયા પોલીસના પાહરા તલે હતી, પણ નવરોજજી ફરદુનજી તે વખતે કદી મીજાજ ઓહીને ગરમ થયા હોય એવું કોઇને યાદ નથી. ટાઉન હાલવાલી તુફાની સભાઓમાં જયારે તેવણ મીયુનીસીપલ ખાતાંના ઉડાઉ

ખરચો ઉઘાડા પાડવા અને સજો લાગેલા કારોબારના ભોપાળાં કાહાડવા ઉભા રેહતા હતા તયારે તેવણુને બેસાડી દેવાને ઇંગ્રેજ સભાસદો તથા ઇંગ્રેજોના ખુશામતખોરાં દેશી પુછડાંઓ તાલી પાડતા, બુમરાણ કરતા અને પગે પગે ગોયા જમીનમાં કોખો કરતા, પણ આ થંડાં પાણીની માટ સરખો પારસી કદી ઉસકેરાઇને પોતાનું કામ બગાડે, કદી બીહને બેસી જાય એમ કોઇએ જોયું નથી. તેવણુ ગડબડને માટે તાહાડકથી ઉભા રેહતા પણ તે ગડબડ બંધ પડયા પછી પાછી તાહાડકથી બોલવા માટેજ. તેવણુ એટલા થંડા હતા તેથી મત બાંધવામાં ધીરા હતા, પણ મત બાંધયું તો એવું પાકું બાંધતા કે નવરોજજી ફરદુનજીને કોઇ તેના ઠરાવથી ફેરવે એ બને એવું નહી હતું. કેટલાક અગતના સંસારી સવાલો અમને યાદ છે કે જેમાં તેવણુના વીચારો જેટલા પાછલથી સુધરેલા જણાયા તેટલા આગલથી સુધરેલા નહી હતા. એક વખત એવો હતો કે જયારે તેવણુ દેશી છોડીઓની ઇંગરેજી કેળવણી વીશે ઘણા ઘચુપચુ હતા. તેવણુને એક વખતે જુદદીન સાથ જમવાની છીટ હતી અને હીંદુઓના ઇંગલંડના પ્રવાસ સંબંધી ઉતાવલની તેવણુ વીરૂધ હતા. સાર એ કે તેવણુ મત બાંધવામાં છેલા હતા અને પોતાના ધીરા સવભાવ પ્રમાણે કોઇપણ સવાલ પુખત અભયાસ વીના તેવણુ મનમાં પાકો કરતા નહી હતા. પણ એક મત બાંધયું કે પછી તે ફેરવવામાંથી તેવણુ છેલાજ હતા. ઉપલા અને એવાજ બીજા સવાલોમાં એકવાર તેવણે તરફેણ મત બાંધયું કે પછી તેની હીમાયત ઉપર એવણુ સરખા ઉસ્તવાર કોઇ નહી હતા. એવા પોતે ધીરા હતા તેથી એઓ પુખ્ત અભયાસી હતા. એકબા સવાલમાં બાહેર પડવા આગમચ સારીપેઠે દાખલા દલીલો સાથ પુરતા તૈયાર થવું અને પુખ્ત અભયાસની તૈયારી વગર કદીબી બાહાર નહી પડવું એવો તેવણુનો ધારો હતો. એક અરજી લખવા માટે તેવણુ એક કબાટ ભરીને પુસતકો વાચતા અથવા એક તકરાર લેવી હોય તો તેવણુ એવા પાકા પુરાવા લાવતા કે ગમે એવા મોટા સતાવાલા તેવણુને હરાવી શકતા નહી હતા. સતાવાનાઓ તેવણુના અસરકારક બોલવાથી બીહતા નહી હતા તેટલા તેવણુના દાખલ દલીલોથી ધ્રુજતા હતા. તેવણુ અભયાસમાં પુખત, વીચારોમાં સ્વતંત્ર, બોલવામાં બાહદુર, હીમાયતમાં હીમતવાન, પણ કામમાં ધીરા અને બાહોશ હતા, એટલે તેવણુના આ દુખદાયક મરણથી આપણે આપણો અસલી લખનાર, સુનંદો બોલનાર, સભાઓ જીતનાર, ભાશણો ચલાવનાર, આપખુદી તોડનાર, અંધેર ઉંઘાડા પાડનાર, બદીને બુરૂ બોલનાર, અરજીઓ કરનાર, સભાઓ સ્થાપનાર, ફંડો હુગડાવનાર, ધરમખાતાંઓ ચનાવનાર, મુસાફરીઓ માથે લેનાર અને અનેક રીતે પોતાના લાભનો ભોગ આપનાર એવા એક તુગરા, સુનંદા, શેહરીને ખોહયોછે.

શેઠ નવરોજજી ફરદુનજી સી. આઈ. ઈ.

(રાસ્ત ગોફતારને માટે ખાસ વૃતાંત.)

મરહુમ શેઠ નવરોજજીનો જનમ તા૦ ૧૦ મી મારચ ૧૮૧૭ ને દીને ભરૂચ મધે થયો હતો. એવણુના બાવા શેઠ ફરદુનજી ફરામજી તે વખતની સુરતની સદર અદાલતના જડજ મી૦ જેમસ સદરલાડની નોકરીમાં હોવાથી તેવણે સુરતમા પોતાનું મથક કીધું હતું, અન તીઆં પોતાના આ બેટાને મીશનરી શોશાઇટીવાલા રેવરંડ થામસ સાલમનના હાથ હેઠલ શરૂઆતની કેલવણી અપાવી હતી. એ પછી ૧૮૩૦ માં મી૦ સદરલાંડની બદલી મુંબઇ થવાથી ફરદુનજી પણ તેની સથે હીયાં આવયા હતા અને બાળક નવરોજજીને મી૦ સદરલાંડની ભલામણ ઉપરથી અતરેની નેટીવ એડયુકેશન શોશાઇટીની ઇંગ્રેજી સેનટરલ સકુલમાં કેલવણી લેવાને મુકયા હતા. ત્યાં બેજ વરસ સુધી અભીઆસ કીધા પછી તેવણે ૨૧૫) ના દરમાયા-

ની વેસ્ટ સ્કાલરશીપ મેળવી હતી. નેટીવ એડયુકેશન શોસાએટીની સ્કુલમાં એ સકાલરશીપો પેહલવેહલીજ સથાપીઆમાં આવી હતી, અને તે મેળવનાર પેહલવેહલા ચાર દેશી જવાનીયાઓમાં એવણ એક હતા. વળી ૧૮૩૫ ના ફેબરવારીમાં એજ શાળા તરફથી એવણ તથા શેઠ જનારધન વાસુદેવને તે વખતના ગવરનર લારડ કલેરે ઇંગ્રેજી ભાષા તથા તવારીખમાં સંપુરણતાને માટે જાહેર સભામાં એકેકો રૂપાનો ચાંદ ઘટતા લેખ સાથે બેટ આપયો હતો, અને એજ શાળના આપરેલ માસથી એવણને એ શોસાએટીની સેનટરલ સ્કુલના એક શીક્ષક નેમયા હતા. એજ સાનના તા૦ ૧૬ મી નવેમબરે મુંબઇના નવા આવેલા ગવરનર સર રાબરટ ગ્રાંટે ટાઉન હાલમાં એક દરબાર ભરી હતી, ત્યાં એવણને પેહલવેહલા વેસ્ટ સ્કાલર તરીકે તે નામદાર સાથે મોલાકાત કરાવી હતી. તે વેળાએ અતરે નીકળતાં "ઓરીએનટલ ક્રીશચીઅન સ્પેકટેટર" ના ૧૮૩૬ ના મારચ માસના આંકમાં એવણે "પારસીઓની નીતિ" વીશે ઇંગ્રેજીમાં એક વીશય લખ્યો હતો.

૧૮૩૬ માં કપટાન (પછવાડેથી સર એલેકઝાંડર) બરનસ કાબુલ ખાતે ત્યાંના અમીર દોસ્ત મહમદ પાસે બ્રીતિષ સરકાર તરફથી અગત્યનાં કારણસર તથા આફગાનીસતાંન અને હીંદુસથાંન વચે વેપાર સારી રીતે ચાલુ કરવા બાબેના બંદોબસ્તો કરવા માટે એલચી તરીકે જવા નીકલયો ત્યારે તેની ખાએસ પોતાની સાથે અતરેની નેટીવ એડયુકેશન શોસાએટીની સ્કુલમાંના ચઢતા વરગના એકબે વીદયારથીઓને લઇ જવાની હોવાથી તેણે તેઓમાંના ઘણાકોને પુછયું, પણ તેમાંથી એખલા મી૦ નવરોજજી ફરદુનજી સીવાય બીજા કોઇએ જવાની હીમત કીધી નહી. એ ઉપરથી કપટાંન બરનસ એવણને પોતાની પછવાડે આવવાની સમજી ગોઠવણ કરી પોતે જલમારગે સીંધ તરફ ગયો, અને મી૦ નવરોજજી તા૦ ૧૧ મી ડીસેમબર ૧૮૩૬ ને દીને મુંબઇથી થલ મારગે એક મુસલમાંન અને બે પારસી નોકરો લઇ કાબુલ જવાને નીકલયા હતા. તેઓ તા૦ ૪ થી ફેબરવારી ૧૮૩૭ ને દીને સીંધ હૈદરાબાદ ખાતે કપટાંન બરનસના રેસાલાને જઇ મલયા. કપટાંન બરનસને એવણ આ મુસાફરીમાં ઘણા કામ લાગા હતા. તેણે એવણને તથા દીલ્લીની મદરેસામાં શીખેલા મોહનલાલ નામના એક જવાંન મુનશીને એક યાદી કરી આપી મુસાફરીમાં જે ચીજો તેઓ જોય તથા બનાવો બને તેની નોંધ લેવાનું કામ સોંપયું હતું. તેમજ આખી મુસાફરીમાં તથા કાબુલ જઇ પોંહતા પછી તયાં પણ એવોની સરસ રીતે મદારત કરયા સાથે દરેક રાજવંશીની (કાબુલના અમીર દોસતમહમદ સુધાં) મોલાકાત કરાવી હતી, તથા કેટલાક રાજવંશીઓએ તો એવણની મોલાકાત થયાથીજ મુંબઇના પારસીઓને લગતી ઘણીક હકીકતો જાણી હતી. એવણે કાબુલથી અતરેના તે વેલાના "બામબે ગેઝેટ" પર લખેલો એક લંબાન પત્ર તેના તા૦ ૧૮ મી આપરેલ ૧૮૩૮ ના આંકમાં છપાયો હતો, જેમાં ભાવલપોર, ધારા, પેશાવર, અને કાબુલનો અહેવાલ તથા તે દેશોનું બેઆંન; તેમજ "સખી સરવર" નામનાં સીંધુ નદીપરનાં દેરા ગાજીખાનની પાસેના એક શેહરની વીગત. તથા "સખી સરવર" નામનો પીર કે જેની ઉપરથી એ શેહરનું નામ પડયું છે તેને લગતી કેટલીક હકીકત લખી હતી. એ પછી બીજો એક પત્ર મી૦ નવરોજજીએ કાબુલ ખાતેથી અતરે પોતાના એક દોસ્ત ઉપર લખયો હતો, તે તા૦ ૨૪ મી મેએ ૧૮૩૮ નાં "બામબે કુરીઅર" માં તેના અધીપતીએ ઘણી વડાઇ સાથે છાપયો હતો, જેમાં શેઠ નવરોજજીએ કાબુલમાં પોતે જોએલી "ઇદ કુરબાંન" ની ક્રીઆ, તેમાં ત્યાંના અમીર દોસતમહમદે લીધેલો ભાગ, તથા બાબા ઉસ્તારના ક્રીઆમાં થએલી ધામધુમ, વગેરેનો અહેવાલ

તેમજ એ ઇદ પછી ૧૧) દીવસે પડેલા નોરોજની હકીકત, અને કાબુલમાં બેઠેલી વસંત રૂતુનું બેઆંન અલંકારીક રીતે કીધું હતું. આ પત્ર માટે "કુરીઅર" ના અધી-પતીએ નીચે પ્રમાણે પોતાના વીચારો જણાવ્યા હતા:—

"We publish an interesting letter from one of the Alamni of the Native Education Society Schools (Nowrojee Furdoonjee) and who it will be recollected was attached to the party of Captain Burnes, when that officer proceeded to the northward for the purpose of prosecuting the enquiries and discoveries on which he is bent As the production of a very young person, in a language which he has only lately acquired, it is deserving of all the indulgence which could be extended to it, although we may remark that many who have enjoyed superior advantages might find some difficulty in expressing themselves better and rendering their observations more interesting than he has done."

એ પછી એવણનો છેલો પત્ર તા૦ ૨૦ મી જુલાઇ ૧૮૩૮ નાં ગેજેટમાં છપાયો હતો જેમાં એવણે કાબુલ છોડવા વીશે તથા હવે પછી લાહોર ખાતે રંજીતસીંહની દરબારમાં એલચીખાતાંના જવાના ઇરાદા બાબે ટુકમાં લખ્યું હતું. એ બાદ એવણના બાવા પન-ચલથી મુંબઇ આવતાં દરીયામાં મોટું તોફાંન થવાથી ૧૮૩૭ માં ડુબી મરણ પામયા હતા તે ખબર એવણને થવાથી એવણે કપટાંન બર-નસની રજા લઇ એલચીખાતાંથી છુટા પડી ૧૮૩૮ માં બે વરસે મુંબઇ આવી પોહતા હતા. શેઠ નવરોજજીની કાબુલની આ મુસાફરીની અહેવાલ ૧૮૫૩ ના "જગત પ્રેમી" ચોપાંનીઆંના ચાર આંકોમાં બંબાંનુથી છપાએલો છે. કાબુલથી અતરે આવ્યા પછી એવણે બે રૂપાંના અને ૪૧ સોનાના બાખ્ખાન શીક્કાઓ કે જે એવણ ત્યાંથી એકઠા કરી લાવ્યા હતા તે અતરેની રાયલ એશીઆટીક સોશાઇટીનાં પુસ્તક-ખાનાંમાં બેટ મોકલ્યા, અને તે બાબે એ સોશાઇટીની સભામાં એવણનો ઉપકાર માન-વામાં આવ્યો હતો. જેમ કાબુલી સીક્કાઓ તેમજ કાબુલનો મેવો, ફળફુલાદી વગેરેનો પણ એઓ અભયાસ કરી આવયા હતા અને અતરેના પત્રોમાં બીઆંન છપાયું હતું. ૧૮૩૯ ની તા૦ ૧ લી મારચથી એવણને અતરેની એલફીનસટન કાલેજના બીજા "આસીસ્ટંટ પ્રોફેસર" નેમ્યા હતા.

૧૮૪૦ ની તા૦ ૧ લી સપટેમબરથી એવણે "વીદેઆ સાગર" નામનું એક ગુજરાતી માહવારી ચોપાંનીઉં દર મહીને પ્રગટ કરવા માંડયું હતું. તેની કીમત દર મહીને રૂ૧ા રાખી હતી. મુંબઇમાં પેહલ-વેહલું ગુજરાતી માહવારી ચોપાંનયું એ નીક-લયું હતું. એ ચોપાંનયું ૧૮૪૬ સુધી શેઠ નવરોજજીએ લખવાનું ચાલુ રાખયું હતું. એજ શાલની આખરીએ મુંબઇ મધે એક મુસલમાંન નામે હાજી સઇઅદ હોશેન અતરેના જાણીતા મગોલ વેપારી આગા મહમદ રહીમ શીરાજીને ત્યાં આવ્યો હતો. તેણે અતરેના પારસીઓમાં એવી વાત ચલાવી કે "હું ઘણાએક મુલકો ફરતો ફરતો આવેઓ છેઉં અને માહરું વતન શી ખતાઓ ખોતન છે. તાંહાં રાજ જરતોશતી-ઓનું છે. તે લોકો કાંઇ આતશને માનતા નથી, તે જાતે ઇઅજદાંપરશત છે, પણ આતશને કીબલો જાણેચ, અને તે વાશતે ઘણા આતશકદેહ બનાવેલાછે. તાંહાંના પાદ-શાહનું નામ ગોશતાશપ બહમન કરીછે, અને તેનાં પાએતખતના જગો ખાંનબાલેક નામનાં શેહરમો છે, તેહનો મુલક ઘણો મોટો છે અને શહેતનત દબદબા ભરેલી કે તેવી શહેતનત હુંએ ઇરાંનના પાદશાહનીબી નથી જોઇ. અને તાંહાંના રેહેવાશી જરતોશતીઓ મોટા હોનરવાન છે અને તે પાદશાહ લશકરબી મોટું રાખેચ. અને તે લોકોનાં ડુંગરોપર દખમાં છે અને મુએલાં લોકોને તાંહાં અવસ-મંજન પોંચારેછે. અને જેવાર માંહુસ

મરેઅ તારે ઉજરાં કપડાં પેહરાવેઅ. તે લોકો ગોશત ખાતા નથી. તે મુલકમો જે કોઇ મુશલમાન લોકો વશેછે તેઓને પાશેથી જજીઓ લાએછે. તે લોકોની જબાન જંદ આ પાજંદ છે અને તે શીવાએ તુરકીબી બોલેછે."

આ શઇઅદની વાત અતરેના ઘણાક પારસીઓએ એટલી તો સાચી માની કે તેઓએ બે બે વાર મેલાવડા કરી તે શઇયદને ઘણાક સવાલો, વગેરે પુછ્યા. આ મેલાવડાઓમાં મરનાર શેઠ નવરોજજીને પણ બોલાવ્યા હતા. તેવણે પેલા શઇઅદને ખતાઓ ખોતન તથા ખાને બાલિકના રસતા, વગેરે બાબદો ઉપર ઘણાક સવાલો પુછ્યા, પણ તેના જવાબો ઘણા હેરફેર મલયા, અને વધારે ચીપીને પુછતાં તેણે ટુકામાં જવાબ આપયો કે તમો જાવો અને બધું જુવો. આ છતાંબી કેટલાક પારસીઓએ તે શઇઅદને રૂ૧૦૦૦) સુધીની મોટી રકમનું નજરાણું આપયું, અને ખતાઓ ખોતનના ધારેલા જરથોશતી પાદશાહ ગોસતાસપ બીન બહમનનાં નામનું એક ફારસીમાં નામું લખાવી તેને આપયું. આ નામુ તથા ઉપલી બખશેશો લઇ પેલો શઇએદ રવાને થયો, અને આજે એ વાતને બરાબર ૪૫ વરસ થયાંછે તોબી તેની કસી ગંધનસલ જણાતી નથી. શેઠ નવરોજજીને આ શઇયદ વીશે પેહલાંથીજ શક હતો, માટે તેવણે એ બાબે કાબુલ ખાતેના પોતાના આગલા શેઠ તથા બ્રીટીષ સરકારના એલચી સર અલેકજાંડર બરનસ ઉપર એક કાગજ લખી ખતાઓ ખોતન કે જે ત્યાંથી ૭૦૦ માઇલ દુર છે, તે તરફ એ બાબેની પરપુછ કરાવી તેહકીક કરવાને અરજ કીધી હતી. તે અમલદારે સઘળી તેહકીક કરી શેઠ નવરોજજીને લખી જણાવ્યું કે ઉપલા શઇયદે તમારી કોમને ઠગી છે, અને તેને જણાવેલી સઘળી બીના બનાવટખરી છે. સર અલેકજાંડરનો શેઠ નવરોજજી ઉપર તે વેલાએ આવેલો પતર નીચે મુજબ છેઃ—

CABOOL, 7TH JANUARY 1841.

MY DEAR NOWROZJEE,

I ought to have replied to your letter of November the 19th before this, but I wished to make particular enquiries regarding the singular statements made by the Syud in Bombay, that a tribe of Parsees ruled by their own kings, and guided by the ancient customs of Zoroaster, reside in Khoten.—I have now no hesitation in telling you, that I believe the whole story from first to last to be a fabrication, and in this I am joined by Major Rawlinson, who is a highly competent judge of such matters. I imagine that the Syud, seeing the flourishing condition of your noble race in Bombay, thought that, by ministering to human vanity, he might draw on your purses The country of Khoten is by no means the *terra incognita* this man represents I have seen several men who have been there. It is a dependency of China, and chiefly inhabited by Mahomedans subject to that Empire, the only Chinese in it being the Garrison and the Governor. In the accounts given to me of Khoten and the adjoining countries, the only difficulties which I experience, are in finding out who the Christian merchants are, who frequent these marts. They may be Russians, but I rather suspect Nestorian Christians

I hope this will satisfy you: if does not, let me hear again from you.

Believe me always,
My dear Nowrozjee
Yours very faithfully,
ALEX BURNES

૧૮૪૧ થી તે ૧૮૫૦ સુધી મરનાર શેઠ નવરોજજીએ જામે જમશેદ પતરનું અધીપતીપણું ચલાવ્યું હતું. જે વેળાએ એવણે તે છોડયું તે વેળાએ અતરેનાં ગુજરાતી પતરોએ ઘણી દલગીરી બતાવી હતી.

આએ વખતે તથા તેની પાંચ વરસ આગમજથી ખીસતી મીશનરીઓ જરથોશતી

મજહબ ઉપર તકરારોં તથા મુજાહેમતો કરતા હતા. તેનો તુરત રદીઓ આપવાને બની આવે માટે ૧૮૪૨ થી એવણે "રેહનુમાએ જરતોશતી" નામનું માસીક ચોપાનયું પરવરતાવવા માંડયું હતું. એ ચોપાંનીઆના પેહેલા ભાગમાં જરથોશતી ધરમની સંભાળમાં અને બીજા ભાગમાં ઇશાઇ ધરમની વીરૂધમાં લખાંણ કરવામાં આવતું હતું. એ ચોપાનીયું ૧૮૪૫ ની આખરી સુધી ચાલુ રહયું હતું.

૧૮૪૩ માં (રેવરંડ) હોરમજજી પેશતનજીએ પોતાની પાંચ વરસની છોકરીને પોતાના સવાધીનમાં લેવાને પોતાના પારસી સસરા ઉપર હીબીઅસ કારપસનું હુકમનામું કાઢયું હતું તે વેલાએ બોમબે ટાઇમસમાં તેના અધીપતી ડાકટર બયુસટે પારસી પંચાત સામે કેટલાક ખોટા ગીલાઓ છાપીઆ હતા, જેના મરહુમ શેઠ નવરોજજીએ તેજ વેલાએ "જેનટલમેનસ ગેઝેટ" મા Philo Persicus ની શહીથી માયાકુલ રદીઆ આપયા હતા. ૧૮૪૪ ની તા૦ ૧૩ મી જુલાઇનાં જેનટલમેનસ ગેઝેટમાં Don do Pedro કરી શહીથી કોઇએ પારસીઓ ધાહંબરની નેઆતો જમાડવાપર ઘણું નાણું ગુમાવી દીએચ એમ જણાવી તે નેઆતો જમાડવા વીશે ઠેકડી કીધી હતી. તેનો મી૦ નવરોજજીએ Fair Play ની શહીથી તેજ પતરમાં ઉતર આપી ધાહંબારની નેઆતની મતલબ સમજ પાડી હતી.

૧૮૪૫ માં અતરેની નેટીવ જનરલ લાઇબ્રેરી સ્થાપી તીઆરથી એવણ તેની કમીટીમાં હતા, તથા ૧૮૪૭ માં એ લાઇબ્રેરીનો પેહલવેહલો કયાટલગ એવણે તૈયાર કીધો હતો, તેમજ ૧૮૬૪ માં તેને માટે ઇંગલાંડથી મોટી કીમતની ચોપડીઓ, નકશા, વગેરે એવણે ખરીદ કરી મોકલ્યું હતું. ૧૮૪૫ માં મુંબઇની શુપરીમ કોરટમાં એક દુભાશીયાની જગો ખાલી પડી તે મેલવવાને મરહુમ શેઠ નવરોજજી ઉપરાંત મેશરસ વીનાયક વાસુદેવ, હરી કેશવજી, વરોડરા રેસીડનસીવાલો મી૦ આનટોન વગેરે ઉમેદવારો હતા, તેઓની ખુની જડજ સર અરસકીન પેરીએ ત્રણ દીવસો સુધી સખત પરીક્ષા લીધા બાદ તેઓમાંથી એવણને પસંદ કરી નેમ્યા હતા.

૧૮૪૬ માં મુંબઇ મધે મીશનરીઓથી લખાતા "નેટીવસ ફરેંડસ" નામના એક ચોપાંનીઆમાં તેના અધીપતી રેવરંડ મરે મીચલે શેઠ નવરોજજીવાલાં "રેહેનુમાએ જરતોશતી" ચોપાંનીઆમાં આવેલી કાંઇક બાબદ વીશે અણઘટતા ટીકાઓ કરયા હતા, અને તેના મોકલેલા જવાબો પોતાનાં ચોપાંનીઆંમા લીધા નહીં, અને સાંમા ટીકા ચાલુ રાખયા, જે ઉપરથી એવણે તે સઘળા જવાબોનું તથા બીજા કેટલાક ખોલાસાનું "ડીસકશન આન ધી ક્રીસચીઅન રીલીજીઅન" ના નામથી એક ઇગ્રેજી પુસ્તક મરહુમ શેઠ પેશતનજી માણેકજીનાં નામે પ્રગટ કરયું હતું. એજ શાલમાં એલફીનસટન કાલેજનો પ્રોફેસર જાન બેલ પોતાને વતન સ્કાટલંડ ગયો તેની યાદગારી માટે એલફીનસટન કાલેજના સરવ આગલા પાછલા વીદ્યારથીઓએ ઉભા કરેલાં "બેલ પ્રાઇઝ" ફંડની કમીટીના એવણ સરનશીન હતા. એજ શાલમાં પેહલવેહલી ગુજરાતીની ઇંગ્રેજીમાં એક મોટી ડીક્ષનરી ૧૫૦૦૦) થી વધારે શબદોની મીરજાં મહમદ કાજીમ તથા એવણે બનાવી રૂ૨૦) ની કીમતે બાહેર પાડી હતી. એ કેતાબનો દીબાચો શેઠ નવરોજજીએ ઇંગ્રેજીમાં લખી તેમાં ગુજરાતી ભાષાનાં બંધન, વાકયરચના, વગેરેનો ઘણો માયાકુલ રીતે ખોલાસો કરેલોછે.

૧૮૪૭ ના આગશટ માસમાં શુપરીમ કોરટની પીટીટ જુરીઓ તથા ડીજેમબર માસમાં કાબુલની બારે માસની રૂત બાબે એવણે "ટેલીગ્રાફ એન્ડ કુરીઅર" પતરમાં લખાંણો કરયાં હતાં.

૧૮૪૮ માં સુરતની મીશન સ્કુલમાંનો એક પારસી છોકરો રેવરંડ મોંટગોમરીની

મેહનતથી ખ્રીસ્તી ધરમમાં વટલી ગયો તે બાબે મી૦ નવરોજજીની મદદથી ત્યાંની ગવરમેંટ ઇંગલીશ સ્કુલના શીક્ષક મરહુમ શેઠ નવરોજજી બેહરાંમજી પારખે મજકુર પાદરી સાથે ઘણીક તકરારો તથા સંધેશાઓ ચલાવી તે છોકરાને પાછો જરથોશતી દીનમાં લાયા હતા, અને મીશનરીઓની એવી ચાલ બાબે એવણે a Native તથા Omega ની શહીથી લખાંણો કરી અતરે ટેલીગ્રાફ એન્ડ કુરીઅર પત્રમાં ઘણીક જીકરી ચલાવી હતી.

૧૮૪૯ માં સ્ટુડંટસ લીટરરી શોસાઇટીએ ઉંઘાડેલી કોટની છોકરીઓની નીશાલોના એવણ એક હાનરરી ઉપરી, તથા ૧૮૫૩ માં એજ શોશાઇટીના નાયબે સરનશીન, અને તેની શાખા—ગુજરાતી ગ્નાન પ્રસારક મંડલીના સરનશીનના ઓહ્દા કેટલીક મુદત સુધી એવણે ચલાવ્યા હતા. એજ શાલ (૧૮૪૯) માં મુંબઇ ઇલાકામાં રેલવે બાંધવાની અગત વીશે અતરેની મેશરસ નીકલ કુંપનીવાળા મી૦ જાન સમીથે રચેલાં ઇંગ્રેજી ચોપાંનીઆંનો "ચેમબર આફ કામરસ" ની સભાએ એવણ પાસે ગુજરાતીમાં તરજુમો કરાવી તેનું એક ચોપાંનીઉં બાહેર પાડયું હતું.

૧૮૫૦ ના સપટેમબર માસમાં અતરેની સુપરીમ કોરટમાં ચીફ જસટીસ સર અરસકીન પેરીની હજુરમા એક મુકદમામાં એક પારસી શાક્ષી અ જાંણપણાંથી (ધારીઆમેલે તેની આગમજનાં હીંદુ અથવા મુસલમાંન શાખશીઓને જોઇને) શાખશીનાં પાંજરાંમાં પોતાના જોડા કાહાડી સપત લેવાને ઉભો રહેઓ. એ ઉપરથી કોરટના શપત આપનાર માબેદે ઘટતી અને વાજબી રીતે તે પારશીને પોતાના જોડા પાછા પેહેરવાનો હોકમ કીધો. એમ કરવાનું કારણ નામદાર સર અરસકીને તે માબેદ પાશેથી જાંણવા માંગીઉં. તેવારે તેણેથી હેવો ઉતર મલીઓ જે પારસીઓનો હેવો સુરેશતો છે. પણ એ જવાબ પેરી સાહેબનાં પેઆંનમાં મનમાનતો નજર આવીઓ નહી તે ઉપરથી એ નામદાર જડજે ફરીને પુછીઉં કે શું પારસીઓ પોતાના આતશકદેહમાં જાએછે તેવારે પોતાના જોડા પગમાં રાખેછે? એ સવાલમાં કોરટના સપત આપનારે હેવું જણાવયું કે પારસીઓ પોતાના આતશકદેહમાં જાતી વખતે જોડા કાહાડેછે. એટલા ઉપરથી સર અરસકીન પેરીએ સપત આપનાર માબેદને ઠપકો દીધો અને હેવું બોલીઓ કે પારસીઓનાં આતશબેહેરાંમ કરતાં નામદાર રાણીની આ શુપરીમ કોરટનો દરજજો કાંઇબી રીતે ઓછો નથી, તેથી હીંદુ અને મુસલમાનો કોરટમાં સપત લીએ છે તેવારે કોરટને આબરૂ આપવાને કીજે પોતાના જોડા બાહેર કાહાડેછે તેજ પરમાંણે પારસીઓને પણ કરવું જોઇએ. હેવું કહીને સર અરસકીન પેરીએ શાખસીને તેહેના જોડા કાહાડવાનો હોકમ કીધો. એ પછી બીજે દીને મરનાર શેઠ નવરોજજી ફરદુનજીએ નામદાર સર અરસકીન પેરીને આ બાબત વીશે પારસીઓની રસમ સારી રીતે સમજ પાડી, તથા તે નામદારે પુછેલા સવાલોના જવાબ પારસીઓના ધરમ પરમાણે ઘટતી રીતે વાલીઆમાં આવયા જેથી નામદાર જડજે હવે પછી સઘળા પારસીઓને જોડા પેહરી સપત લેવાની છુટ આપી હતી.

એજ શાલની આખરીએ એવણે પારસીઓના પેગંમબર હજરત જરથોશતના સનેની બાબદમાં "તારીખે જરતોશતી" નામની એક કેતાબ છપાવી પ્રગટ કીધી હતી. એની સાંમે એવણને ટાઇમસમાં ઘણી લડત ચલાવવી પડી હતી. આએજ વખતે એવણે મીશનરીઓની સ્કુલમાં અપાતી કેલવણી વીશે ટેલીગ્રાફ એન્ડ કુરીઅરમાં ઘણીક તકરારો ચલાવી હતી.

૧૮૫૧ માં રાહેનુમાએ માજદીઆસનાં સભા એવણે કેટલાક સહસબોની સાથે મલી સ્થાપી હતી, અને તેના સેક્રેટર સુધી સરનશીન, બલકે એ સભાના લોહી અને [illegible] એવણ હતા. એ સભાની સાંમે તે [illegible]

લોકોનો મોટો ભાગ હતો, અને તેની કેટલીક સભાઓની વખતે શેઠ નવરોજજી તથા તેમના સાથીઓને સલામતીને ખાતર પોલીસની મદદ પણ લેવી પડી હતી. ૧૮૬૪ માં એવણ ઇંગલાડ ગયા તે વખતે એ સભા સાથે એ ચંચલ ગરહસથનુ નામ કાએમ રાખવા સારૂં એ સભાનાં ફંડ મધેથી દર વરસે રૂ૧૫૦) નો એક ઇનાંમનો નીબંધ એ સભાની મતલબને મળતો લખાવીને તે નીબંધ સાથે શેઠ નવરોજજીનું નામ જોડવાનો ઠરાવ કીધો હતો. વળી ૧૮૫૧ માં મુંબઇ મધે મુસલમાનોએ કરેલાં હુલડ વખતે એવણે પારસીઓને કેટલીક મદદો કરી હતી, તથા ઇંગ્રેજી પતરોમાં લખાણો ચલાવ્યાં હતાં. એજ શાલમાં એવણને એલફીનસટન ઇનસટીટીઉશનની કમીટીના એક અધીકારી નેમયા હતા, તથા સર અરસકીન પેરીએ એવણને ડેપ્યુટી કલેકટર અને માજીસટરેટની જગા આપવા માગી, જે એવણે ઉપગાર સાથ ના પાડી હતી.

૧૮૫૨ માં બોમબે આસોશીએશન ઉભી કરવામાં પણ એવણની આગેવાંની હતી, તથા તેના એવણ ૧૮૫૩ થી તે ૧૮૫૮ સુધી સેકરેટરી હતા, અને તે દરમેઆન એ સભા તરફથી ઇંગલાંડની, હીંદુસથાંનની, તેમજ મુંબઇની સરકારજોગ જુદી જુદી બાબદોપર કરેલી ૨૩) અરજીઓ ઘડી કાઢવા તથા તૈયાર કરવામાં મુખ્ય બલકે સંઘી મેહનત એ ધુંધા શેકરેટરીની હતી. એ આશોશીએશન સાથના એવણના સબંધને લીધે ૧૮૫૮ માં વીકટોરીઆ મયુજીયમ એન્ડ ગારડનસની કમીટીમાં એવણનું નામ હોવાથી કરનલ પોપે તેમાં પોતાનું નામ દાખલ કરવાને વાંધો લીધો, અને તેનાં કારણમાં જણાવીયું કે શેઠ નવરોજજીને તે બાળપણથી ચાહેછે, અને તેમની શકતી વીશે તે ઘણું ઉંચું મત ધરાવેછે, તોપણ શેઠ નવરોજજી સરકારી ઓફીસર હોઇને બોમબે આશોશીએશનમાં શામેલ છે તે તેના વીચાર પ્રમાણે અણઘટતું છે. આ ઉપરથી એ આશોશીએશનના બે આગેવાન મેમબરોએ શેઠ નવરોજજીનું નામ ઉપલી વીકટોરીઆ મીઉજીઅમની કમીટીમાંથી કાઢી નાખયું, અને કરનલ પોપનું દાખલ કીધું. આ વખતે તે દેશી શેઠીઆઓની ચાલથી શેઠ નવરોજજીને ઘણી દલગીરી ઉપજી, તોપણ તેઓએ પ્રજાઉપયોગી કામોથી પોતાનો હાથ એવા નજીવાં કારણને લીધે ઉઠાવયો નહી!

૧૮૫૩ માં એવણે મુંબઇ ઇલાકાને લગતી રાજદરબારી બાબદોનો "સીવીલ આડમીનીસટરેશન ઑફ ધી બોમબે પરેસીડનસી" નામનો નીબંધ લખી ઉપલી આશોશીએશનને ખરચે ઇંગલાંડથી છપાવી મંગાવી પ્રગટ કીધો હતો.

૧૮૫૪ માં હીંદુસ્થાંનના ત્રણે ઇલાકાઓ મધે લેજીસલેટીવ કૌનસીલમા એકેકો દેશી અધીકારી નેમવાની ચરચા અતરે ચાલી હતી, તે દરમેઆંન "ટેલીગ્રાફ એનડ કુરીઅર" પતરવાલાએ મુંબઇ ઇલાકાની કૌનસીલમાં ડાકટર ભાઉ દાજી, શેઠ નારાયણ દીનાનાથજી, અને શેઠ નવરોજજી ફરદુનજીમાંથી એકુ જણાને કૌનસીલર નેમવાની સુચના કીધી હતી. તેમા શેઠ નવરોજજી વીશે બોલતા મજકુર પત્રવાળો લખેછે કે:—

"Nowrojee Furdoonjee would make an excellent legislator Possessing an intellect far above mediocrity, and more than Europeanised, he would be quite able to discuss the affairs of the empire with the best men the Indian Civil Service could delegate to the Council Board. His knowledge is vast and varied, and his experience has taught him that, for the present, all that India requires is gradual and moderate reform"

૧૮૫૫ માં એવણે "સર જમશેદજી ફીલાસોફીક ઇનસ્ટીટીઉટ" માં હીંદુસથાનના લોકોની નીતિસંબંધી તથા રાજદવારી અને સંસારી હાલત વીશે એક ભાષાણ કીધું હતું. એજ શાલમાં પારસીઓમાં લગન

તલાક તથા વારસા હીસ્સાને લગતા ધારાઓ બંધાવી મંગાવવા સારૂં ઉભી થયલી મંડલી સ્થાપવામાં આવી તેના એવણ શરૂઆતથી શેઠ સોરાબજી શાપુરજી બંગાલી સાથે જાંઇટ શેક્રેટરી હતા, અને એ ધારાનું કામ બરાબર ૧૦ વરસે એ બધે ધુંધા શ્રહસથોની મેહનતથી પાર પડયું તે કોઇથી ના પાડી શકાશે નહી. આ માટે એ મંડલી તરફથી ૧૮૬૯ માં એ બધે શ્રહસથોને દરેકને રૂ૫૦૦) ની કીમતની "પીસ આફ પલેટ" ઘટતા લેખ સાથે ભેટ આપી હતી.

૧૮૫૬ માં કોટમાંની ફોરટ રીડીંગ રૂમ એન્ડ લાઇબ્રેરી ઉંઘડી તીઆરથી તે ૧૮૬૪ સુધી એવણ તેના ચેરનશીન હતા. એજ શાલમાં એવણની કોશેશ તથા મેહનતથી મુંબઇના નામદાર ગવરનર લારડ એલફીનસટનપર સરકારી નીશાલોમાં શીખવવામા આવતી ચોપડીઓમાં ખ્રીસ્તી ધરમને લગતા કેટલાક ટડાઓ આવેલા હોવાથી દેશીઓના દીલમાં એવી ચોપડીઓ વીશે રખાતી ધાસતી તથા બેદીલી દુર કરવા માટે કાઇ ઘટતો મારગ લેવાને અતરેના ૧૦૦૦ દેશીઓની શહી સાથની એક અરજી મોકલવામા આવી હતી, જે ઉપર નવા ઠરેલા ડાએરેકટર આફ પબલીક ઇનસ્ટ્રકશન મી૦ હાવરડે સરકારની સુચનાં ઉપરથી ધીઆન આપી તેવી ચોપડીઓ કેલવણીખાતાંમાંથી શીખવવાને બંધ કીધી હતી. વળી એજ વખતે પારસીની પંચાતના બે અકાબરો મરહુમ શેઠો માણેકજી નશરવાંનજી પીટીટ અને કાવશજી જાંગીરજી રેડીમનીએ સુચના કરવાથી મરનાર શેઠ નવરોજજીએ જરથોશતી ધરમનો સંભાલ તથા ફેલાવો થાય, અને આપણા ટોલાના સઘલે વાધેના લોકોને ધરમ સંબંધી ગ્નાન અને તાલીમ મલે એવા ઉપાય તથા ખરચ કરવા બાબેની એક લંબાંન મીનીટ લખી ગોઠવણ બતાવી હતી.

૧૮૫૭ ના આપરેલ માસમાં અતરેની મરકનટાઇલ બેંકના ભાગીદારોની મલેલી એક સભામાં તે બેંક મધે ઉંચી પદવીના અને જોખમ ભરેલા ઓહદાઓ લાએક અને અનુભવી દેશીઓ છતાં તેમને દુર રાખી શીખાઉ ઇંગ્રેજોનેજ આપવામાં આવેછે તે બાબે શેઠ નવરોજજીએ હીમતથી તકરાર ઉઠાવી હતી. આ વેલાએ ઘણાક દેશી ભાગીદારો હાજર હોવા છતાં શેઠ કાવશજી જાંગીરજી રેડીમની સીવાય કોઇએ એવણની તકરારને ટેકો અપયો નહી. એજ શાલમાં ભરૂચ મધે કેટલાક મુસલમાનોએ પારસીઓ સાંમે ઉઠાવેલાં હુલડ વેલાએ ત્યાંના પારસીઓ તરફની અરજી અતરેની સરકારમાં પોંહચાડવા, તથા સઘલો ખરેખરો અહેવાલ જાહેર કરવા, તથા એક ફંડ ઉભું કરવા, વગેરે બીજી ઘણીક પ્રકારની મદદ એવણે કીધી હતી. એજ શાલમાં અતરે નીકલતું બોમ્બે ટાઇમસ પતર કે જે ભાગીદારોની એક કંપનીનું હતું, અને જેના ઘણાખરા ભાગીદારો દેશીઓ હતા, તે પતરમાં તેનો અધીપતી ડાકટર બ્યુસટ હીંદુસ્થાંનમાં તે વેળાએ ચાલેલા બળવાને લીધે બધા દેશીઓની ચાલચલણ તથા વફાદારી સાંમે સખત પણ તદન વગર પાયાનું લખાંણ કરયો જતો હતો, તે ઉપરથી એ પતર આવા બારીક હીગાંમમાં કયા ધોરણ ઉપર ચલાવ‍ે તેનો વીચાર કરવાને ભાગીદારોની મ‍ સભામાં મરનાર શેઠ નવરોજજીએ એ લંબાન ભાષાણ કરી ડાકટર બ્યુસ્ટનાં દેશીઓની સાંમેનાં ખોટાં લખાંણના દાખલા બતાવ્યા, તથા તેને એ ટપ છોડી દેવાને સભામાં એકરાર કરવાની દરખાસ્ત મુકી, જેમ તેને ન કરવાથી તેને અધીપતીની ખુરસી ઉપરથી બરતરફ કીધો હતો. આ એમનું કામ તે વખતે ઘણું હીમત ભરયું ગણાયું હતું.

૧૮૫૮ માં અતરેની ગ્રાંટ મેડીકલ કાલેજમાં ચાલતી બેદાદી વીશે શેઠ નવરોજજીએ બોમબે સટાનડરડ તથા ગેઝેટ પતરોમાં તકરાર ચલાવી હતી. એજ શાલમાં સ્ટુડંટસ

શાશાઇટીને લગતી પારસી છોકરીઓની નીશાલો આપણા જરથોસ્તીઓના હસતકમા લઇ તેનો વહીવટ જરથોશતીઓથીજ ચલાવવાને "જરથોશતી છોકરીઓની નીશાલ મંડલી" ઉભી કરવામાં આવી હતી તેના શરૂઆતથી તે ૧૮૬૪ સુધી અને તે પછી ૧૮૬૮ થી તે ૧૮૭૦ સુધી એવણ હાનરરી શેક્રેટરી હતા, તથા એ મંડલી હસતકની નીશાલો ખાતે શીખવવાને પાઠમાલાની પેહલી બે ચહડ ઉતર ચોપડીઓ એવણે નવા પાએઆ ઉપર રચી હતી. એ મંડલીના કામ પાછળ મરનાર શેઠ નવરોજજીએ ઘણી દીલસોજીથી મેહનત લીધી તે માટે ૧૮૬૩ માં એ ખાતાંની કારોબાર મંડલીના અધી-કારીઓએ પોતપોતામાં એક લીસટ ફરતું કરી રૂ૩૪૫૦) ભેગા કીધા હતા, અને તેમાંથી એમની યાદગારી રાખવા સાર એવણના નામની દર માસે રૂ૫) ની એક સ્કાલરશીપ આપવાને રૂ૧૫૦૦) ની રકમ એજ મંડલીનાં દફતરમાં જુદું ખાતું પાડી અનામત રાખી, તથા બાકીની રકમનો એક રૂપાંનો ટીઇ શટ તથા કલમદાન ઘટતા લેખ સાથે એમને ભેટ આપ્યું હતું.

૧૮૫૯ માં મરહુમ પેહલા બારોનેટ સર જમશેદજીનાં દુખ ભરેલાં મરતીઉકની નોધ જરતોશતી અંજુમનનાં દફતરમાં નોધવાનો ઠેડાવ કરવાને એલાહીબાગમાં મલેલી અંજુ-મનની મોટી ગંભીર સભામાં એવણે મર-હુમ બારોનેટ સાહેબની તારીફમાં એક અસરકારક ભાષાણ કરી સંભલાવ્યું હતું.

મુંબઇ ઇલાકામાં દેશીઓની કેળવણીનો પાયો નાખનાર માજી ગવરનર માઉન્ટ સ્ટુઅરટ એલફીનસટનનાં મરણની દલગીરી બતાવવા તથા તે નામદારની યાદગારી રાખ-વાનો વીચાર કરવાને એલફીનસટન કાલેજ તથા ઇનસટીટીઉશનના આગલા પાછલા સરવે વીદયારથીઓની એક મોટી જાહેર સભા ૧૮૬૦ ની શરૂઆતમાં ટાઉન હાલમાં મલી હતી, જે વેલાએ સરનશીનની ખુરસી મરહુમ શેઠ નવરોજજીને એ ઇનસ્ટીટીઉટના સર્વથી જુના હૈયાતમાંના એક વીદયારથી તરીકે આપવામાં આવી હતી. તે વેલાએ એવણે આ ઇલાકાની કેળવણીની તવારીખ વીશે કરેલું ભાષાણ ઘણું વખાણવાજોગ હતું. નામદાર એલફીનસટનનું વીકટોરીઆ મયુ-જીઅમમા મુકેલું બાહવલુ શેઠ નવરોજજીની કોશેશથીજ સાત વરસે મુંબઇમા આવી ગોઠવાયું હતું.

૧૮૬૧ માં એવણ રાસ્ત ગોફતાર પતરના એક માલેક તરીકે જોડાયા, અને એ પતરમાં કેટલુંક સુધી ઇંગ્રેજી લખાંણ એવણના કલમથી લખાતાં હતાં. ૧૮૬૨ માં હીંદુ-સથાંનની સરકારના હોકમથી ઠેડવેલાં પારસી લા-કમાશનની હજુરમાં એવણે વારસા હીસ્સાની બાબદમાં—મુખીઅ કરી વાધવા તથા છોકરીઓને વારસો અપાવવાની તર-ફેણમા તથા લગન તલાકના ધારાની અગત વીશે તથા પારસીઓમાં બાયડીપર બાયડી કરવાના વધતા જતા દાખલાઓ વગેરે બાબદ ઉપર લગભગ બે દીવસ સુધી શાક્ષી આપી, તેમજ કમીશનના માગવાથી સઘલી વીગતો અને દાખલા દલીલોની ટીપ એક લંબાંન પત્રમાં કમીશન ઉપર લખી મોકલી હતી.

એ પછી ૧૮૬૪ માં એવણે પોતાની સરકારી નોકરી રૂ૧૭૩) ને પેનશને છોડી હતી. આ વેળાએ હાઇ કોરટના ત્રાનસલેટરના આખાં ખાતાં તરફથી એવણને એક આડ-રેસ તથા ટેસટીમોનીઅલ આપવામાં આવ્યું હતું. વળી એજ વખતે એવણે લાંબી મુદત સુધી કરેલાં પરજા ઉપયોગી કામોને માટે એવણનો ઉપકાર વાલવાનો વીચાર કરવાને એક જાહેર સભા ખંબાલે શેઠ ફરામજી નશર-વાંનજી પટેલના બંગલામાં શેઠ હીરજીભાઇ હોરમજજી શેઠનાના પ્રમુખપણાં હેઠલ મલી હતી, જે વેળાએ નીચલો ઠેડાવ સરવેનાં એકમતથી પસાર થયો હતો:—

"શેઠ નવરોજજી ફરદુનજીએ આજ ૨૫ વરશની લાંબી મુદતમાં પોતાની જીંદગીનો

સરવેથી સરશ ભાગ રોકીને આ દેશના વતનીઓના અને તેમાં અગત કરીને પારસીઓના લાભ સંબંધી જે પરોપકારપણાંથી અને બેગરજ રીતે કામો કીધાંછે, તે આ સભા મંજુર રાખેછે, અને તે ઉપકારનો લાએક રીતે બદલો વાલવાની સઘલા દેશીઓની ફરજ છે."

એ પછી એવણની યાદગારી ઘટતી રીતે કાએમ રાખવાને તથા એવણને એક પરસ ભેટ આપવાને ફંડ એકઠું કરવાનો ઠેડાવ થયો હતો, જે મુજબ રૂ૨૦૫૯૭) એકઠા થયા હતા જેમાંથી રૂ૨૫૦૦) ની રકમ "નવરોજજી ફરદુનજી ટેસટીમોનીઅલ" ફંડને નામે જરતોશતી છોકરીઓની નીશાલ મંડલીની પુંજીમા જુદું ખાતું પડાવી આપી હતી, અને બાકીની રકમ વીઆજના વધારા સાથે (બધા મલી રૂ૨૫૧૭૭—૮—૨) એ ફંડના શેક્રેટરી શેઠ શોરાબજી શાપુરજી બંગાલીએ ૧૮૭૨ માં એવણને ભેટ આપી હતી. એ બાદ એજ શાલ (૧૮૬૪) માં એવણ મેશરસ શોરાબજી પેશતનજી અને નવરોજજી નાનાભાઇ ફરામજીની વેપારી પેહડી તરફથી ઇંગલાંડ ગયા હતા. ત્યાં પણ એવણે આ દેશના લાભનાં કેટલાંક કામો કીધાં હતાં, તથા અકસર કરી ઇંડીઅન સીવીલ કોડનો ધારો પારસીઓને લાગુ ન પડે તે માટે શેક્રેટરી આફ સ્ટેટ સર ચારલસ ઉડ તથા ઇંડીઅન કોનસીલ તેમજ ઇંગલાંડ મધે ઠડેલાં ઇંડીઅન લા કમીશનના અધીકારીઓની શેઠ દાદાભાઇ નવરોજજી પ્રોફેસર સાથે જઇ મોલાકાત લેવા સાથે તે સઘળાઓ ઉપર પતરો લખીઆં હતાં. એજ શાલમાં મુંબઇની સરકારે એવણને સુલેહના અમલદાર નેમી માન આપયું હતું.

ઇંગલાંડથી અતરે પાછા આવ્યા બાદ શેઠ નવરોજજીએ બોમબે આશોશીએશનની સભા ૧૮૬૭ માં પાછી સજીવણ કીધી, અને તેના એવણજ પાછા શેકરેટરી નેમાયા હતા. ૧૮૬૮ માં જુની બોમબે બેંકના વહીવટ વાશે તલાસ કરવાને સરકારે નેમેલાં કમીશનના એવણને દુભાશીઆ ઠેડ્યા હતા. એજ શાલમાં સરકારે એવણને મુંબઇની યુનીવરસીટીના ફેલો તથા પારસી ચીફ માટરીમોનીઅલ કોરટના એક ડેલીગેટ નેમયા હતા. એજ વખતે એવણે મુંબઇનાં મ્યુનીસીપાલ ખાતામાં ચાલતી કેટલીક બેદાદી તથા ભોપાલું મેશરસ જે. એ. ફારબસ, શોરાબજી બંગાલી, વગેરે ગ્રહસથો સાથે મલી શોધી કાઢયું, અને તે સંબું બેનચ આફ જસટીસની સભાઓમાં હીમત તથા સ્વતંત્રપણાંથી ખોલું કરી આપ્યું અને તે દીવસથી તે પોતાનાં મરણની છેક છેલી ઘડી સુધી એવણે આપણાં શેહર સુધરાઇ ખાતામાં કેવો ભાગ બજાવયોછે તે સરવે આલમને રોશન છે.

વળી ૧૮૭૦ મા અતરે નખાયલા ઇનકમ ટાકસ બાબેની ફરીઆદની બોમ્બે આશોશીએશન તરફની અરજી લઇ તે ઉપર સતાવાલાઓનું ધીઆન ખેંચવાને એવણ પાછા ઇંગલાંડ ગયા હતા. ૧૮૭૧ માં બોમબે બેંકનાં માણસોને લગતાં "ગેરેનટી ફંડ" માં દેશીઓને કીધેલી ગેરઇનસાફી બાબે એવણ સામે થયા હતા.

૧૮૭૩ ના જાનેવારી માસમાં ગુજરાતના ગરીબ લોકો તથા ખેડુતોની હાલત જાતે મુસાફરી કરી તપાસી આવી તે પછી પારલામેંટે ઠેડવેલી ફીનાનસ કમીટી આગલ શાક્ષી આપવાને બોમબે આશોશીએશન અને પુણાં સરવજનીક સભાની તરફથી ઇંગલાંડ ગયા હતા, અને સાત દીવસો સુધી જુદી જુદી ૨૩ બાબદો ઉપર તે કમીટી હજુર શાક્ષી આપી હતી. એજ શાલમાં ઇરાંનનો શાહ નસરૂદીન ઇંગલાંડની સફરે ગયો હતો તે તકનો લાભ લઇ એવણે લંડનમાં વસતા જરથોશતીઓની સાથે પ્રમુખ તરીકે જઇ તે નામદારને ઇરાંન મધે બાકી બચેલા જરથોશતીઓપરથી જજીયાનો કર કાઢી નાખવાને તથા તેઓપર પડતા બીજા જુલમો ટાલવાને મુંબઇથી ગયલી મોટી અરજી તથા લંડનના જરતોશતીઓ તરફની એક

ડ્યુક અરજી બકીંગહાંમ પાલેસમાં જઇ શાહને હાથોહાથ પોંહચાડી હતી. વળી ત્યાંની નેશનલ ઇંડીઅન આશોશીએશનની એક સભામાં ૧૮૭૪ માં હીદુસ્થાંનના યુરોપીઅનોની દેશીઓ તરફની વરતણુક વીશે એક નીબંધ એવણે વાંચયો હતો, તથા એજ શાલના ફેબરવારી માસમા મુબઇમાં થયલાં મુસલમાંનોનાં હુલડમાં પારસીઓને થયલી બેઇનસાફી બાબે લંડન ટાઇમસ તથા ત્યાંનાં બીજાં પતરોમાં એવણે ચરચા ચલાવી હતી.

ઇંગલાંડની એ છેલી મુસાફરીથી પાછા ફરયા બાદ ૧૮૭૫ માં વરોડરાના મરનાર પદભ્રષ્ટ રાજા મહલારરાવની તપાસ કરવાને હીંદુસથાંનની સરકારે નેમેલાં કમીશનના એવણને દુભાશીઆ ઠેડયા હતા. એજ શાલથી એવણ મુબઇના મીઉનીસીપાલ કારપોરેશનના તથા ટાઉન કાઉનસીલના કર ભરનારાઓ તરફના મેમબર નેમાયા હતા.

૧૮૭૯ માં નરશી કેશવજી હસતકની ચાર મીલો ફડચામાં ગઇ તેના એવણને હાઇ કોરટ તરફથી એક લીકવીડેટર નેમવામા આવ્યા હતા. ૧૮૮૩ ની છેલી સુરતની મોટી રેલમાં નુકસાંન પામેલાઓના આસરાને માટે જે મોટું ફંડ અતરે થયું હતું તેની કમીટીના પણ એવણ એક શેકરેટરી હતા, અને તે કામ હાર પાડવામાં ઘણી મેહનત લીધી હતી.

ઉપર જણાવીઆ મુજબની લગભગ અરધી સદીની એવણની કીમતી તથા પ્રજા ઉપયોગી સેવાઓના બદલામાં છેક અસુરેથી પણ નામદાર માહરાંણીની સરકાર તરફથી ૧૮૮૪ ના બેશતાં શાલને દાહડે એવણને સી. આઇ. ઇ. નો ખેતાબ આપવામાં આવ્યો હતો. એ ખેતાબ શેઠ નવરોજજીને મનયો તેથી અતરેની રૈયતમાં મોટી ખુશી ઉપજી હતી, અને મુંબઇના જરથોશતીઓએ એક ઉબરાંણું કરી એવણને વાલકેશર શેઠ હીનશાહજી માણેકજી પીટીટના બંગલામા એક જીયાફત આપી હતી, જે વેળાએ ૪૫૦) પારશી ગ્રહસથો ખાણાંની ટેબલ ઉપર હાનરેબલ સર જમશેદજીનાં પ્રમુખપણાં હેઠલ બીરાજયા હતા. આ બનાવ પારસીઓમાં તદન નવોસવો હતો. વળી આ તકનો લાભ લઇ એવણની કાંઇ યાદગારી રાખવા માટે શેઠ નાનાભાઇ રૂસતમજી રાંણીનાએ અતરે તથા દેશાવરો ખાતેના દેશી ગ્રહસથો વચે એક ટીપ ઉભી કીધી હતી, જેમાં રૂ૧૨૪૬૪) ભરાયા હતા, અને તે નાણાં ભરનારાઓની છેલા ૧૪ દીવસ થયા ભરાયલી સભામાં એ ફંડમાંથી રૂ૨૫૦૦) સુધીનું મરહુમ શેઠ નવરોજજીનું બાહવલું મંગાવી કોઇ લાયક જગાપર મુકવા, તથા બાકીનાં નાણાંમાંથી અતરે ઉભી થનારી નવી રીપન ઇનડસટ્રીઅલ કાલેજમાં એઓનાં નામની સ્કાલરશીપો આપવાને ઠેડવ્યું હતું.

બ. બે. પ.

[શરત ગોફતાર, તા૦ ૨૭ મી સપટેમબર ૧૮૮૫.]

22*nd September* 1885.

NOWROZJEE FURDOONJEE, C. I. E.— The death of Mr. Nowrozjee Furdoonjee, which we report to-day, will be sincerely lamented by all classes of the community to whom, during a long and active career, he rendered untiring service. His first and most conspicuous services were to his own people, who will recognize in the Parsee Matrimonial Court and in the body of laws regulating marriage and inheritance in their community an enduring monument to his energy and public spirit. Mr. Nowrozjee also was one of the leaders in the educational revival which has been such a beneficial incident in the recent history of the Parsees of Bombay. But while he thus, and in many other ways, gave a just place in his labours to the people of his own race and faith he also made

himself the servant of a much wider public. Such work as the Bombay Association was able to do in guiding public opinion and in influencing the Government was in a very large degree the work of Mr Nowrozjee. His political work he long since allowed to pass into other hands, but to the last he took a very active part in municipal affairs, looking after the interests of the ratepayers with a zeal which never abated, and was unflinchingly directed to the one end of securing an economical administration of the affairs of the city. He had, as he deserved to have, a host of friends, whose respect for his abilities and for his services in many causes was great and sincere. Men of more showy qualities have been seen at his side, and will continue the work to which he so untiringly devoted himself, but none of them will apply themselves to it with a more earnest purpose, or with a more genuine desire to be useful in their day and generation.

The death of "The Tribune of the People" will cause general regret throughout the country. Mr. Nowrozjee Furdoonjee, C. I. E., whose public services to his countrymen for a period of more than thirty years have become a matter of history, died at his residence in Girgaum last night. He had been suffering in health for some six months past, and it was thought that a residence at Matheran would do him good. A pretty long stay at that hill sanitarium produced, however, no change in his condition. During the last month or so, he was confined to his room, and his illness terminated fatally at 6 p. m. yesterday.

Born in Broach in March, 1817, in the family of a zemindar and soucar of that city, Mr. Nowrozjee was married at an early age, and had two sons, who died during their infancy. In 1829 he was placed under the care of the Rev. Thomas Salmon, of the London Missionary Society at Surat, under whom he received his elementary education in English. In 1830 he settled in Bombay, where he was placed by his patron, the Hon'ble James Sutherland, a judge of the Appeal Court in Gujerat, and afterwards Member of the Council of the Governor of Bombay, in the English school of the Native Education Society and the Elphinstone Institution, where he had the advantage of receiving an excellent education under the late Mr. Mainwaring and Professors Henderson and Bell. He proved himself an apt student, gained scholarships and medals, and was in 1835 appointed a teacher in the school. In the following year the late Sir A. Burnes, having been appointed by the Government of India to proceed on a mission to Kabul, offered to take Mr. Nowrozjee with him to Afganistan. Mr. Nowrozjee accepted the offer and proceeded to Kabul, as attache to the Mission. Being acquainted with the Persian language, he was able to collect useful information and to communicate with the people. In this capacity he had the opportunity of visiting the courts of the rulers of Sind, Maharaja Runjeet Sing of the Punjab, and Dost Mahomed Khan of Kabul during 1837 and 1838. Having resigned his post and returned to India, Mr. Nowrozjee had a providential escape from the massacre

of the British Mission in 1841. He wrote an account of his travels which was published at the time in the *Bombay Courier* and *Bombay Gazette* newspapers, with complimentary notices of the ability of the writer of the account. He also wrote two elaborate reports giving a description of the chief commodities of trade in Kabul and Bokhara, of the weights and measures of those countries, etc. Sir Alexander Burnes thought so highly of those reports that he forwarded copies thereof to the Government of India and the Bombay Government, both of which complimented Mr Nowrozjee on the ability and intelligence he had shown in their preparation. During his absence in Afghanistan Mr. Nowrozjee lost his father under rather peculiar circumstances Mr. Furdoonjee, while in the employ of Mr. Sutherland, was crossing the Panwell creek in a bunder boat, which capsized in a terrible cyclone which burst over Bombay on the 15th June, 1837, and he was drowned in the creek. On hearing of his father's death, Mr. Nowrozjee, against the advice of Sir Alexander Burnes, returned abruptly to Bombay about the end of 1839. He then secured the appointment of Assistant Professor in the Elphinstone College. In 1845, in the time of Sir Henry Roper, Chief Justice, he was appointed an interpreter of the late Supreme Court on the recommendation of Sir Erskine Perry, who subjected him to a rather severe examination. He rose to the higher grades in the translators' department until he became second translator and interpreter; and finally, in April, 1864, having served Government for a period of twenty-eight years, he retired on a pension of Rs. 173 a month, receiving at the time an address and testimonial from the men employed in the translators' department. A public meeting of the native inhabitants of Bombay was also held in May, 1864, when it was resolved to raise a subscription in order to present a purse to Mr. Nowrozjee and to found a memorial in recognition of his public services. Out of the subscriptions a sum of Rs. 20,177 was subsequently handed to Mr. Nowrojee, besides a sum of Rs. 5000 which was remitted to him whilst he was in England. A permanent endowment of Rs 2 500 out of the fund was also made to the Parsee Girl's Schools Association in order to found a scholarship bearing Mr. Nowrojee's name.

It was in 1840 that Mr. Nowrojee became known as a public writer. In that year he started the first Gujeratee monthly magazine called *Vidya Sagar, i e.* Ocean of Knowledge, which was dedicated to the first Parsee Baronet. Two years later he started the first bi-monthly Gazerati magazine, called the *Rahnoomai Zarthoshti*, under the patronage of the Parsee Punchayet, with a view to vindicate his religion from the aspersions of Christian missionaries and others; and in the following year he published letters in the *Gentleman's Gazette* in reply to attacks made upon the Parsee Punchayet by Dr. George Buist, editor of the *Bombay Times* at the same time carrying on a controversy with the Rev. J. M. Mitchell, editor of the *Natives' Friend*, and the Rev. Dr. John Wilson. In 1845 Mr. Now-

rojee published a work in English entitled "Discussions on the Christian Religion," containing correspondence which he had carried on with the Rew. Dr. Mitchell in defence of Zoroastrianism. In 1846 he recast, revised, and published a Guzerati and English Dictionary by Monshee Mahomed Cauzim of Ahmedabad. The work was the first of its kind, and was dedicated to the first Parsee Baronet. In 1849 he passed through the press, at the expense of the Bombay Chamber of Commerce, a Guzerati translation of Mr J. Smith's pamphlet on the proposed construction of railways in the Bombay Presidency. In the following year Mr. Nowrojee published a Guzerati book entitled "Tareekh-i-Zarthosht, or Era of Zoroaster," proving by the testimony of ancient and modern Europeans, as well as Oriental writers, that Zoroaster flourished at least five centuries before Christ, and disproving the era adopted by several Parsees and others, making Zoroaster a contemporary of Alexander the Great. Mr. Nowrojee also took a prominent part in the discussion conducted by the Rev. Dr. John Wilson in the *Bombay Times* regarding the existence of Zoroaster and the authenticity of Zend and Pehlvi works. In 1851 Mr. Nowrojee, with the assistance of others, founded the Rahnoomai Mazdiosna Association; and in the following year co-operated with the leading native citizens in presenting Sir Erskine Perry with an address and a testimonial. The subscriptions amounted to about half a lakh of rupees, which were devoted to the foundation of a Perry Professorship of Law. In the same year he was instrumental in the establishment of the Bombay Association for the advocacy of the rights and interests of the natives. Mr. Nowrojee contributed to the *Bombay Gazette* a review of Mr. Manockjee Cursetjee's letters condemning the conduct of the Association, in consequence of which the latter was compelled to resign office as a member of its managing committee. Mr. Nowrojee in 1853 compiled a pamphlet on the Civil Administration of the Bombay Presidency, which was transmitted to and published in England at the expense of the Bombay Association, and which attract general notice and called forth much adverse criticism. In the same year he was elected joint secretary to the Association in succession to Dr. Bhau Daji, who had resigned Mr Nowrojee communicated to the local newspapers valuable contributions on the important questions of the day,—being notices of Mr. Manockjee Cursetjee's attacks against the natives in general, on the progress of the India Bill through the Committee of the House of Commons, on Mr Willoughby's evidence before the Parliamentary committee regarding the petition of the Bombay Association, examined and contrasted with the testimony of Sir Erskine Perry; on the Practice of Torture in the Mofussil, etc In 1855, in concert with the leading native gentlemen, Mr. Nowrojee organised and established the Parsee Law Association, with the object of ascertaining and defining the laws of the marriage, divorce, inheritance, and succession adapted to the Parsees, and of procuring the enactment of

such laws Mr. Nowrojee and Mr. Sorabjee Shapurjee Bengalee were appointed honorary joint secretaries to the Association. In 1858, Mr. Nowrojee took a principal part with Mr. Framjee Nusserwanji Patel, Mr. Sorabjee Shapoorjee Bengalee, and others, in the inauguration of the Parsee Girls' Schools Association. In recognition of the services rendered to the Association, the managing committee presented to Mr Nowrojee a handsome testimonial consisting of a silver tea service and inkstand of the value of Rs. 2,500, and founded a scholarship bearing Mr. Nowrojee's name in connection with their schools. In consequence of attacks on the natives published soon after the Mutiny by Dr. George Buist then Editor of the *Bombay Times*, a joint stock concern, Mr. Nowrojee organised a meeting of the shareholders, at which he vindicated the character of his countrymen from Dr. Buist's aspersions, and evoked such a feeling of sympathy with his sentiments that the meeting passed a resolution dispensing with Dr. Buist's services as editor of their paper. Mr. Nowrojee was nominated a Justice of the Peace in March, 1864, and according to the rules then in force, qualified himself for the office by taking the prescribed oath before a judge of the High Court. In May, 1864, after the public meeting of the native inhabitants held for the purpose of commemorating his name, Mr. Nowrojee left for England as assistant in the firm of Messrs S. P. Framjee and Company. He selected and transmitted from England maps, globes, scientific apparatus, and works on science and literature, of the value of about Rs. 20,000, for the Native General Library. After his return to Bombay, a meeting of the principal native inhabitants was held for the purpose of re-establishing the Bombay Association on a more efficient and more useful basis; and it assumed a new lease of life through Mr. Nowrojee's exertions as secretary. In 1868, he discovered and exposed before the Bench of Justices extensive defalcations committed, in the time of Mr. Arthur Crawford, Municipal Commissioner, by Yeshwuntrao Bulwant and Tomooljee Shroff in the wheel tax Department of the Municipality. He prepared a memorial to the Secretary of State, praying for additional facilities being afforded for the admission of natives into the Covenanted Service, which was adopted at a public meeting held at the residence of Sir Munguldas Nathoobhoy. In July, 1868, Mr. Nowrojee was, on the recommendation of Sir Charles Jackson, the president, appointed translator and interpreter to the Bombay Bank Commission. In September, 1868, on behalf of the Bombay Association, he proceeded to Poona and presented to the Select Committee of the Legislative Council the petition of the Association against the City Survey Bill, and argued in support of the repesentations made in the petition. In November of the same year, he was appointed a Delegate of the Parsee Chief Matrimonial Court, and in the following month was nominated a Fellow of the University of Bombay. In 1870, Mr. Nowrojee took a part in a public meeting held in the Town Hall to

protest against the passing of the enhanced Income Tax Act; and a memorial to the Secretary of State, prepared by him, was adopted and forwarded to its destination through the Bombay Government. In May of the same year, he was deputed by the Bombay Association on a mission to England to support the above-mentioned memorial. He solicited several public men and public bodies to promote the object of the Association by asking Parliament to abolish the Income Tax, and to reduce the burden of taxation and public expenditure, He addressed several meetings convened by the East India Association to discuss important questions relating the Government of India. He prepared an elaborate petition to Parliament on the finances and financial administration of India, and the pressure of taxation and the adjustment of the financial relations between England and India on a just and equitable footing. This memorial was adopted by the Bombay Association in March, 1871, and being presented to the House of Commons by Mr. Eastwick, was referred to the Select Committee on Indian Finance. On behalf of the Bombay Association, Mr. Nowrojee prepared and addressed petitions to the Bombay Government remonstrating against the imposition of additional taxes in the Bombay Presidency on the inauguration of the Decentralization Scheme. Mr. Nowrojee also prepared the addresses voted by the Bombay Association to Professor Fawcett, thanking him for his advocacy of the cause of the natives in Parliament, and to the electors of Brighton for electing Mr. Fawcett as their representative in Parliament. In January, 1873, Mr. Novrojee went on tour through Gujerat for the purpose of enquiring into the condition of the people, especially of the agricultural and labouring classes, and for collecting trustworthy information to be laid before the Parliamentary Select Committee on Indian Finance. Having been deputed by the Bombay Association and the Poona Sarvajanik Sabha to give evidence before the Finance Committee in London, Mr. Nowrojee again left Bombay for England with Mr Dadabhai Nowrojee in April, 1873, and gave evidence for seven days on twenty-three different subjects. About that time he addressed the electors of Hackney in support of Professor Fawcett's election to Parliament. In company of the Parsee residents of London, Mr Nowrojee presented to His Majesty the Shah of Persia, at Buckingham Palace, addresses from the Parsee inhabitants of Bombay and London, soliciting His Majesty to exempt the Zoroastrians of Persia from the payment of the poll tax, to remove the civil disabilities to which they were subject, and to accord to them the same rights and privileges that were enjoyed by the majority of His Majesty's subjects in Persia. The Shah received the addresses and promised to enquire into the complaints. In January, 1874, Mr. Nowrojee read before the London Branch of the National Indian Association in aid of Social Progress in India a paper on the "Personal

Bearing of Europeans in India towards the natives," which elicited an interesting and animated discussion. In May, 1874, Mr. Nowrojee accepted an invitation from Professor Fawcett to lunch, when the latter introduced him to his father, his wife, his sisters-in-law, etc., and thanked him for his trouble in addressing the electors of Hackney and for procuring contributions from India towards his election expenses Mr. Nowrojee was surprised to learn the particulars of the deplorable accident which deprived Mr Fawcett of his eye-sight many years ago While Mr Fawcett was out shooting with a friend the latter fired a gun loaded with small shot at some birds, ignorant of the position of Mr. Fawcett, who was unfortunately wounded by the small shot in both eyes In January, 1875, Mr. Nowrojee returned to Bombay from his third visit to Europe, and was in the following month appointed assistant translator and interpreter to the Commission appointed at Baroda to try Mulhar Rao Gaekwar. In the same year, Mr Nowrojee was elected a member of the Municipal Corporation and of the Town Council. Towards the end of the year, he went on a two months' tour through India. Since his return from England, Mr. Nowrojee has taken a prominent part in the conduct of municipal affairs. He devoted a considerable portion of his time and energy to the task of exposing mismanagement, extravagance, and misappropriation of municipal funds, bringing about such changes and reforms as were necessary to place matters on a satisfactory footing. On the 1st January, 1881, in recognition of his public services, Her Majesty the Queen-Empress conferred on Mr. Nowrojee the title of a Companion of the Indian Empire. The Parsees of Bombay, on the 19th January, 1884, gave him a grand public dinner to celebrate the distinction conferred on him This was an unprecedented honour. His fellow countrymen of his birth-place, Broach, and those of Surat, where he spent the earlier portion of his life, presented to him addresses of congratulation on the same occasion. A few month ago, Mr. N. R. Ranina started another fund in recognition of Mr. Nowrojee's public services, and subscriptions were collected from all parts of India, from England, China, Aden, and other places. A meeting of the subscribers was held last week to receive the report of the committee, suggesting the object to which the money should be applied The following series of resolutions were adopted by the meeting —1 That in recognition of the public services rendered to the native community by Mr. Nowrojee Furdoonjee, the Memorial Funds be appropriated to the undermentioned purposes. 2. That a bust together with a pedestal, etc, complete at a cost not exceeding Rs. 2,500, be erected in honour of Mr. Nowrojee Furdoonjee to be placed in a building or locality to be decided upon by the Committee. 3. That the remaining sum invested in Government Paper be handed over to the authorities of the proposed Ripon

Industrial College for the foundation of a scholarship or scholarships to be styled the Nowrojee Furdaonjee scholarship, carrying such stipends as the said authorities may from time to time determine. 4. That a committee be appointed for holding the moneys pending the establishment of the proposed Ripon Industrial College and for carrying out generally the objects of the above resolutions.

Early yesterday forenoon, an ill-timed report spread through the town that Mr. Nowrojee Furdoonjee was dead. Very general regret and much sympathy were expressed on all sides, and his friends and acquaintances, among whom were Mr. E. C. K. Ollivant, Mr. G. A. Kittredge, and other prominent citizens, went to his bungalow to condole with the members of his family. The funeral takes piace this morning.

[*Bombay Gazette*, 23*rd Sept* I885.]

તા૦ ૨૨ મી સપટેમબર.

રોજ ૫ માહ ૧ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

ધનજીભાઈ રતનજી બીશની, ચીનવાલા—હાંગકાંગના એક મુખ્ય પારસી ગરહસથ શેઠ ધનજીભાઇ રતનજી બીશનીનાં મરણના તાર સમાચાર ગયા મંગળવારે રાતના ૭ કલાકે મુંબઇમાં ફરી વળયા પછી અતરેના ચીનના સરવે વેપારીઓમાં દલગીરી ફેલાઇ હતી. મરનારના પીતા કલકતાના વતની હતા અને શેઠ ધનજીભાઇનો જનમ પણ તયાંજ થયો હતો. તેવણ નજદીક ૩૫ વરસ થયાં ચીનમાં વેપારને અરથે ગયા હતા, અને પા સદીની વાત ઉપર તયાં તેવણની પેહેડી એક મુખ્ય વેપારી પેહેડી ગણાતી હતી તથા જાણીતી મેસરસ જારડીન મેઠીસનની કંપનીના જેટલી તેની આંટ તથા મરતબો હતો. તયારબાદ વખતે તેવણને યારી આપી નહી. ચીનના જરતોસતીઓમાં તેવણ સારી આબરૂ ધરાવતા હતા અને તયાંની અનજુમનના તેવણ સરનશીન હતા, જે અનજુમનના ફંડના વખાણવા જોગ ઉપયોગ વીશે અમોને હવે પછી બોલવાની જોગવાઇ મલનાર છે. ૧૮૮૩ ના સાલમાં હાંગકાંગ ખાતે દેશીઓને પેહેલીવાર સુલેહના અમલદાર બનાવયા હતા અને જે ચાર દેશી ગરહસથોને આ માન સરકાર તરફથી મલયું હતું તેમાં મરનાર શેઠ ધનજીભાઇ બીશની પણ એક હતા તેવણના બે ભાઇઓ મેસરસ રૂસતમજી તથા જમશેદજી કાંઇ વરસો થયાં કલકતા ખાતે વસેછે જયારે તેવણનો એકપુરો બેટો તયાંની હાંગકાંગ બેંકમાં ચાકરી છે.

[જામે જમશેદ, તા૦ ૨૪ મી સપટેમબર ૧૮૮૫.]

22*nd September* 1885.

DHUNJEEBHOY RUTTONJEE BISNEY, of China—The Parsee community of Hongkong has lost one of its leading members in the person of Mr. Dhunjeebhoy Ruttonjee, who died a few weeks since. A Hongkong paper, in recording Mr. Dhunjeebhoy's death, says that for nearly forty years he had been connected with the China trade, and he and his elder brother were prominent among the foreign community at Canton as long ago as the "good old days." Deceased had been more or less identified with the Colony of Hongkong ever since it began to rival the old trading centre of Canton, and for nearly thirty years had had his permanent residence in the Colony. He was educated in Bombay, and arrived in Canton when quite a yonng man; he soon took a leading position as a merchant there and in Hongkong, and at one time he was one of the wealthiest

men in this part of the world. Of late years his fortunes had suffered material change, but his days of prosperity were days of profuse hospitality and munificent charity. His integrity and intelligence naturally placed him in a leading position among the Parse community, and he was the spokesmen of his countrymen on the occasion of the presentation of an address to H. R. H the Duke of Edinburgh some sixteen years ago. His genial and pleasing manner and his straightforward honesty of character made him a favourite with all classes of the foreign community, and the news that he was no more was heard with genuine regret

[*Bombay Gazette*, **19*th* *October*** 1885.]

તા૦ ૭ મી અકટોબર.

રોજ ૨૦ માહ ૧ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

દારાશાહ દસતુર નશેરવાંનજી કેખુશરૂ, સુરતના—

સુરત, તા૦ ૭ મી અકતોબર.

સુરતના વડા દશતુરના બેટાનું મરણ— અતરેના વડા દશતુર નોશેરવાનજી કેખુશરોના ત્રીજા બેટા મી૦ દારાશાહા જેવણુની વય વીશ વરશની હતી, તેઓ આજે ગુજરયાછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૯ મી અકટોબર ૧૮૮૫.]

તા૦ ૫ મી નવેમબર.

રોજ ૧૯ માહ ૨ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

રતનબાઈ તે દીનશાહજી માણેકજી પીટીટનાં બેટી અને ફરાંમજી દોરાબજી પાંડેનાં ધણીઆંની—શેઠ દીનશાહજી માણેકજી પીટીટને થાયલા એક કારી જખમની નોંધ લેતાં અતીઅંત દુખ લાગેછે. આપણા એ સખાવતે બાહાદુર શેઠની ૩૧ વરસની ઉમરની બેટી અને મી૦ ફરાંમજી દોરાબજી પાંડેની ધણીઆંની બાઇ રતનબાઇ ગયા ગુરૂવારે બેહશતનશીન થયાંછે. આ દુખદાયક જવાંન મોહોતથી એ શેઠને અને તેમનાં કુટુંબને જે દુખ અને શોક થયોછે, તેમાં પારસી આલમ ખચીત ભાગ લેશે. શેઠ દીનશાહજીને અતયાર સુધીમાં જે સંસારી ગોદા લાગાછે, તેમાં તેમનાં બચાંઓનાં મોહોતના ગોદા ઘણા સખત થઇ પડયાછે. તેમના વડા બેટા શેઠ કાવશજીનાં મરણ પછી, તેમની બે જવાંન બેટીઓ ગુજરી ગઇછે, જેમાં છેહલો ગોદો તેમની બુઝરગ વયમા તેમની ઉપર એક ભારે ગજબ અને સીતમ મરીખો થઇ પડેલો જોઇયે. શેઠ દીનશાહજીનાં આ દુખમા અમો તેમને દીલાસો દઇયેછે, અને પ્રારથના કરયેછે કે, એ બુઝરગ શેઠને થયલો કારી જખમ ખમવાની સંપુરણ શકતી તે સાહેબ આપો.

[યજદા પરસ્ત, તા૦ ૮ મી નવેમબર ૧૮૮૫.]

તા૦ ૨૩ મી નવેમબર.

રોજ ૭ માહ ૪ (ક૦) ૧૨૫૫ યજદેજરદી.

બાહમનજી ખુરશેદજી કામાજી—મરહુમ શેઠ ખુરશેદજી કામાજીના બીજા બેટા મી૦ બહમનજી ખરશેદજી કામાજી ગઇ પરમ દીને પાછલી રાતનાં ૪૫ વરસની ઉમરે હક થયાછે. એ મરનાર ગરહસથ છેલા બે દાહેકાપર પોતાના નામીચા બાપની સાહેતા હેઠલ મોટો વેપારવનજ ચલાવતા હતા.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી નવેમબર ૧૮૮૫.]

તા૦ ૩ જી ડીસેમબર.

રોજ ૧૭ માહ ૩ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

એદલજી ફરાંમજી ઢાંડી—જણાવવાને ખેદ ઉપજેછે કે આ પતરના માજી અધીપતી મી૦ એદલજી ફરાંમજી ઢાંડી એક મામુની ધાસતી ભરી માંદગી ભોગવી ગયા ભરેસપતવારે મધરાતના મરણ પામયા હતા. પોતાના અતી સાલેસ તથા મલતાવડા

સવભાવથી, ભોલા ખવાસથી અને નીશકપટ-પણાંથી તેવણે બહુ મીતરો છાપા મંડલમાં તથા બાહેર કરયા હતા અને આ શેહેરમાં તેવણનો એક પણ દુશમન હતો એમ જો અમો સાભલીએ તો અચરત થઇએ. મધ્યમ રીતની કેલવણી લેઇ ૧૮૫૦ પછી તેવણ મી૦ નાનાભાઇ જીવનજી પટેલની સાથે એપોલો સ્ટ્રીટમાં મેસરસ નાનાભાઇ એદલજીની કંપનીને નામે દુકાનદારીનો ધંધો ચલાવતા હતા જે ભાગ ૧૮૫૬ માં જુદો પાડી તેવણે પોતાને એખલે નામે ધંધો ચલાવવા માડયો હતો. ૧૮૫૭ ના સાલમાં "મુંબઇ સમાચાર" ના અધીપતીનું કામ મી૦ પીરોજશાહ મેહેરજી ચીન જવાથી તેવણે માથે લીધું હતુ અને ચીનથી મી૦ પીરોજશાહ પાછા ફરીયા તયાં વેર બે વરસ સુધી એક પાઇની પણ હાસલ વગર એ કામ તેવણે ચલાવયું હતું. પોતાના પોતાના મરણ બાદ ૧૮૬૨ ના સાલમાં તેવણે ફોરબસ સ્ટ્રીટમાં આવેલી પોતાના કુટુંબની જાણીતી મેસરસ ફરામજી નવરોજજીની કંપનીની આઇલમેન સટોરવાલી દુકાનનો અખતયાર લીધો હતો અને ૨૩ વરસના અરસામાં દુનયાનું કોઇ પણ જાણવાજોગ પરદરશન એવું ન ગયું હશે કે જેણે મેસરસ ફરામજી નવરોજજીની કંપનીને ચાન અથવા પેહેલા વરગની સરટીફીકટનુ માન આપયું ન હોય. તે સઘલું માન મરનાર મી૦ એદલજી ધોંડીની મેહેનતને મુખ્ય કરી આભારી હતું. ૧૮૬૩ ના સાલમા મી૦ એદલજીએ આ પતર સાથ પોતાનો સબંધ જોડયો હતો અને ૨૧ વરસ વેર તે સંબંધ ચાલુ રાખી ૧૮૮૩ ના જાનેવારી માસમાં તે છોડયો હતો. એ ૨૧ વરસના અરસામા દેશી મંડલમાં તથા દેશમાં મોટા મોટા ફેરફારો થઇ ગયા હતા પણ મરનાર મી૦ એદલજીની પરમાણીક લાગણી સદા પોતાના મનના વીચાર તરફજ ધલતી હતી અને પોતાની કલમને સદા તેવણ પોતાનાં મનની વલાંણ પરમાણે ધલવા દેતા હતા. એ અરસામાં ઘણીક ધરમ તથા સંસારને લગતી ઝનુની તકરારો થઇ હતી. તે તકરારોમાં આ "જામે જમશેદ" પતરની એકજ વલાંણ હતી, તે વલાંણ મી૦ એદલજીના ભીતરના વીચારને અનુસરતીજ હતી. પણ તેવનના તે વખતના હરીફો પણ એકે અવાજે કબુલ કરશે કે તકરારોમાં કદી બી તેવણ "પરસના-લીટી" ઉપર ઉતરી પડતા ન હતા અથવા તો પોતાના હરીફોને પોતાના દુશમન તરીકે ગણતા ન હતા. તેવણના બુઝરગી વગરના દુઃખદાયક મરણથી છાપા મંડલે પોતાનો બહુ સારો મીતર ખોયોછે અને એવા એક જાની મીતરને ખોવા માટે અમો ખરેખરા દુ.ખી છીયે. દેશી છાપા સાથ એવો લાંબો સંબંધ ધરાવનારા બે તરણ ગરહસથો હજી હઇયાત છે, અને તે ગરહસથોને પણ અમારા જેટલુંજ દુઃખ આ મરણથી ઉપજેલું હોવું જોઇએ, કારણકે તે સઘલાઓના તેવણ મીતર હતા.

[જામે જમશેદ, તા૦ ૫ મી ડીસેમબર ૧૮૮૫.]

3rd December 1885.

EDULJEE FRAMJEE DHONDY.—Mr Eduljee Framjee Dhondy, a well-known Gujerati journalist and author, died on Thursday night at his residence in Girgaum. Literary work was congenial with him from an early age, when he contributed to the columns of the *Bombay Samachar* without any remuneration. Some years later he became the responsible editor of the *Jam-e-Jamshed* newspaper, which he conducted for a long period with discretion and ability, finding many admirers among the conservative party in the Parsee community. On the *Jam-e-Jamshed* passing into the hands of a joint-stock company, Mr. Eduljee's connection with it was severed; but

he continued to write occasionally for one of the Gujerati dailies. He was the author of some Gujerati books and plays. He was also the proprietor of the well-known oilmanstore establishment of Messrs. Framjee Nowrojee and Co., of Forbes-street.

[*Bombay Gazette*, *5th December* 1885.]

તા૦ ૭ મી ડીસેમબર.

રોજ ૨૧ માહ ૩ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

પેશતનજી ફરાંમજી મેહતા, કલકતાવાલા—મી૦ પેશતનજી ફરાંમજી મેહેતા નામના કલકતા ખાતે વસેલા એક બુજરગ પારસી ગ્રહસ્થ ગયા સોમવારે ૮૨) વરસની ઉમરે તાહાજ ગુજરયાછે. એ મરનાર છેક સને ૧૮૩૬ નાં શાલમા અતરેથી તાહાં જઇને તાહાના જાણીતા વેપારી શેઠ રૂશતમજી કાવશજી બનાજીની નોકરીમા રહયા હતા અને સને ૧૮૫૨ મા તે શેઠના મરણ બાદ પણ તેવણનાજ પ્રેસમાં બાર વરસ ચાકરી કરીને સને ૧૮૬૪ મા રીટાયર થયા હતા.

[કયસરે હિન્દ, તા૦ ૧૩ મી ડીસેમબર ૧૮૮૫.]

તા૦ ૧૮ મી ડીસેમબર.

રોજ ૨ માહ ૪ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

એદલજી શાપુરજી રીપોરટર—અતરેની બામ્બે એંડ પરશીયન સટીમ નેવીગેશન કંપનીના સેક્રેટરી મી૦ એદલજી શાપુરજી રીપોરટર ૫૨ વરસની વયે ગયા શુકરવારે બપોરનાં એકાએક હારટ ડીઝીઝથી પોતાની આફીસમા કામ કરતાં મરણ પામયા હતા. એ મરનાર ગરહસથ અતરે યુનીવરસીટીની સથાપણા થયાની આગમજ એલફીનસટન કાલેજમાંથી ૧૮૫૪ માં નારમલ સકાલરની ઉંચી પદવી તથા સકાલરશીપ મેલવી બાહેર પડયા હતા, તથા ઘણાં વરસ સુધી બામ્બે ગેઝેટમાં રીપોરટરનું કામ ચલાવયું હતું. અતરેની ફીરસ્ટ રીડીંગ રૂમ એંડ લાઇબરેરી ૧૮૫૯ માં સ્થાપવાને એ મરનારે મોટી આગેવાની લીધી હતી અને તેના શરૂઆતથી તે ૧૮૬૪ સુધી એવણ હાંનરરી સેક્રેટરી રહયા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૦ મી ડીસેમબર ૧૮૮૫.]

18*th December* 1885.

EDULJEE SHAPURJEE REPORTER—We regret to announce the death of Mr. Eduljee Shapurjee, manager of the Bombay and Persia Steam Navigation Company, which occurred most suddenly yesterday afternoon. Mr. Eduljee was many years ago a reporter of the *Bombay Gazette* newspaper, during the proprietorship of the late Mr. John Connon, which he left in 1864 and turned a share-broker. He subsequently joined his present employment under Mr. Hajee Zonail Abadeen Yesterday afternoon, whilst engaged at his usual work in the office of the company, he dropped down dead, it is supposed from heart-disease

[*Bombay Gazette* 19*th December* 1885]

ઈ૦ સ૦ ૧૮૮૬.

તા૦ ૧૨ મી જાનેવારી.

રોજ ૨૭ માહ ૪ (ક૦) ૧૨૫૫ યજદેજરદી.

નવરોજજી હોરમજજી પેઆચના—મુંબઇ મધે આગલા વખતમાં ઇંગરેજ વફીસોના દેશી હેડ ક્લારકો આપણા લોકોમાં વકીલોના જેટલો મોભો ધરાવતા હતા. એવા આપણા એક પુરાતમ પારસી માનેજીંગ કલારક શેઠ નવરોજજી હોરમજજી પાટચના ગયા મંગલવારે ૭૮ વરસની વયે હક થયા-છે. એ મરનાર છેક ૧૮૨૬ નાં શાલથી

ઇસ્ટ ઇંડીઆ કંપનીના સોલીશીટર મી૦ મારગેનની પેહડીપર રહયા હતા, અને તે પછી મેશરસ પાટ્ચ અને બેનબરીડજ, બરન અને બોયર, બોયર અને ક્રાફરડ, અને છેલા ક્રાફરડ અને હગલ વકીલોની પેહડીપર મલી લગભગ અરધી સદી એ ધંધામાં ગુજારી હતી; અને તે દરમેઆંન ઘણાક ગરીબોના પોતાની ગીરેથી પઇસા ખરચી મુકદમાઓ ચલાવયા હતા, તથા ઘણાંક ધરમખાતાઓનાં તરસ્ટ ડીડો વગર ખરચે કરાવી આપયાં હતાં. ૧૮૪૬ માં પારસી મોહલાઓમાં એક બે વખતે મઇઅતની વખતે મુકેલા બાંકો પોલીસે જબરીથી ઉંચકાવયા હતા તે બાબે એવણે પોલીસના અતાવાલાઓ સાથે લડત ચલાવી એ હુકમ રદ કરાવયો હતો.

[શુરત ગોફતાર, તા૦ ૧૭ મી જાનેવારી ૧૮૮૬.]

તા૦ ૨૪ મી જાનેવારી.

રોજ ૮ માહ ૫ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

શોરાબજી રૂસતમજી પોસ્ટમાસટર—

સુરત, તા૦ ૨૮ મી જાનેવારી.

એક વાઘે પારસીનો લીધેલો ભોગ—નાંનપરા પોપટ મોહલામાં રેહનાર મી૦ સોરાબજી રૂશતમજી પોસટ માસતર જેઓ ધંધાનેઅર છોટા ઉદેપુર ખાતે ગયા હતા તેઓ તયાં આજથી પાંચમાં દીવસપર ઘોડાપર બેસી રાતનાં આશરે ૧૦ કલાકે જતા હતા તે વેલા રસતે મલેલા એક વીકરાલ વાઘે તેવણને ઘોડાપરથી ઉચકી લઇ જમીનપર નાંખી શરીરના જુદા જુદા ભાગોપર સખત બાચકાં ભરી તેવણનો જાણ લીધો. આ વેલા મરનાર શેરાબજીનો ઘોડો હફતો દોડતો ગામમા આવયો તેથી ગાંમના લોકો કંઇ ખરાબ બનયુંછે એવું ધારી તરત મરનારને વાઘે મારી નાંખયો તે જગાએ દોડી જઇ જોતાં જમીનપર પુશકલ લોહી પંદરાઇ ગયલું તથા ટોપી પડેલી જણાઇ હતી. મરનાર સોરાબજીનાં ૨૫ વરસની જુવાંન વયે થયલાં દલગીરી ભરેલાં અકાલ મોતથી તેવણની જુવાંન વીધવા વગેરે સગાઓમાં અતરે બહુ દલગીરી ફેલાઇછે.

[જામે જમશેદ તા૦ ૩૦ મી જાનેવારી ૧૮૮૬.]

24th January 1886.

Sorabjee Rustomjee Postwalla—Intelligence has been received at Surat that a Parsee youth, named Sorabjee Rustomjee Postwalla, who was engaged in business as a liquor shopkeeper, was killed by a tiger a few days since at Oodeypore. It appears that the unfortunate youth was returning on horseback to his house from a visit to a neighbouring village, when a tiger sprang upon him and carried his body off to the jungle. The jungle was beaten by the deceased's brother with the assistance of the villagers, and the body in a dreadfully mutilated condition was recovered.

[*Times of India, 6th February* 1886.]

તા૦ ૨૯ મી જાનેવારી.

રોજ ૧૪ માહ ૫ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

નશરવાંનજી રતનજી તાતા—જાણાવવાને દલગીરી ઉપજેછે કે આપણી ટાપુના જાણીતા અથોરનાંન વેપારી શેઠ નશરવાંનજી રતનજી ટાટા જેવણ નજદીક એક માસ થયો પોતાના માનીતાં સવદેશ નવસારીમાં લકવાના મરજથી હેરાંન થતા હતા, તેવણના આખરે ૬૫ વરસની વયે ગઇ સવારનાં ૯ કલાકે હક થવાના સમાચાર તારની મારફતે ફરી વલયાછે. એ મરનારે એક નાઘલા કંટરાકટર ઉપરથી વધી ઇ૦ ૧૮૫૭ માં ઇરાંનની લડાઇની વખતે કેટલાક ભાગીદારો સાથે કમીસરીએટમાં મોટાં કનટરાકટો તેમજ કરાંચી, કછ, જંગબાર, વગેરે બારાંઓ માહેલાં "બોટ કંટરાકટ" લીધાં હતાં.

૧૮૬૨ માં એઓની કંપનીએ ચીન ખાતે એક વેપારી પેહેડી ઉંઘાડી હતી. વલી ૧૮૬૭ માં એબીસીનીઆની લડાઇ વખતે એઓએ કમીસરીએટખાતાંનાં મોટાં કંટરાકટો લીધાં હતાં, જેમાં મોટો નફો રહયો હતો. નાગપોર ખાતે હાલ ચાલતી "સેનટરલ ઇંડીયા સપીનીંગ એંડ વીવીંગ કંપની" એવણની આગેવાંની હેઠલ કેટલાંક વરસ થયાં સથાપી હતી જેના એવણ મોટા ભાગીદાર હતા. નવસારીમાં એવણે પોતાના બેહન "નવાજબાઇ ટાટાનાં" નામથી જરતોસતી છોકરીઓની એક નીશાલ તથા પોતાના નામની એક જરતોસતી મદરેસા ઉઘાડી હતી. એજ પોતાના પયારા વતનમાં ઇ૦ સ૦ ૧૮૭૮ માં એવણે પોતાના માતાજીની નઇએતે એક દોખમું બંધાવયું હતું તથા ૧૮૮૩ માં વાંદરા ખાતે પોતાના મરહુમ ધણીઆંણીની નઇએતે આદરાંનની એક દરેમેહેર બંધાવી પરડાવી હતી. એ મરનાર ગરહસથે હીંદુસથાન, ચીન, જાપાન, વગેરે મુલકોમાં મુસાફરીઓ પણ કીધી હતી. એ મરનારનો પોતાના વતન નવસારી ઉપર તથા પોતાના આથોરનાન ટોલાં ઉપર બહુ પયાર હતો અને એ ટોલાંના ભલાં માટે પોતાથી બનતું કરવા તથા ખરચવાને સદા તઇઆર થતા. માબેદાનો હાઇ કોરટનો મોટો મુકદમો એ શેઠની ખરચની આગેવાનીની હીમતથી સરૂ થયો હતો અને ભગરીયાઓના નવાં મકાંન માટે રૂ૧૧૦૦૦ ની રકમ તેવણે ભરી આપી હતી. તેવણ પોતા પાછલ એક જાણીતા બેટા મી૦ જમશેદજી તથા બેટીઓ મેલી પોતાની ખાહેશ પરમાણે પોતાની જનમભુમીમાંજ મરણ પામયાછે.

[જામે જમશેદ, તા૦ ૩૦ મી જાનેવારી ૧૮૮૬.]

29th January 1886.

Nusserwanjee Ruttonjee Tata.—In the death of Mr. Nusserwanjee Ruttonjee Tata, a wealthy merchant of Bombay, the Parsee community loses one of its prominent members and well-wishers. Many years ago, Mr. Nusserwanjee made a fortune as a Commissariat contractor. Since his retirement from business, he started the Nagpore Spinning and Weaving Mills, of which his firm are the agents and chief proprietors. He built a Tower of Silence at Nowsaree, which Sir Richard Temple, then Governor of Bombay, went specially to inspect before the performance of the inaugurate ceremony. Mr. Tata also built a fire-temple at Bandora, which has afforded great facilities to the Zoroastrian residents for the performance of their religious ceremonies. For some months past Mr. Tata had been residing at Nowsaree, his birthplace, for the benefit of his health, and died there yesterday morning.

[*Bombay Gazette, 30 January* 1886.]

તા૦ ૨૧ મી ફેબરવારી.

રોજ ૭ માહ ૬ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

કાવશજી શેરાબજી ભેદવાર, આ૦—મુંબઇના એક જાણીતા પારસી કનટરાકટર આ૦ કાવસજી સોરાબજી ભેદવાર ગયા રવીવારે મધરાત પછી આપણા શેહેરમાં ૪૫ વરસની ઉમરે મરણ પામયા હતા. મરનાર ગરીબ માબાપને પેટે અવતરી નાની વયથી મુંબઇમાં આવયા હતા અને નાનાં ફુટકલયાં કનટરાકટમાં પડી એક જાણીતા કનટરાકટર થઇ સારી દોલત મેલવી હતી. તેવણનું પેહલું મોટું કનટરાકટ વાર્ડીંથી કસારા સુધીનું રેલવેની સડકને લગતું હતું. મરણની ઘડીએ પણ મયુનીસીપાલીટીનું એક મોટું કનટરાકટ તેવણની કંપનીના હાથમાં હતું. મરનાર પારસી પરજાની વધારે જાણમાં દુખમાને લગતા મોટા મુકદમાથી આવયા હતા, જયારે ધરમ તરફની લાગણી બતા-

વતાં હાથમાં બેડી નાંખીને તેવણુ અને બીજા કેટલાકોને પકડી લેઇ જવામા આવયા હતા અને એક લબાણુ મોટા ખરચનો મુકદમો ચાલવા પછી સેશનસમાં તદન નીરદોશ ઠરવી તેઓ સઘલાઓને છોડી દેવામાં આવયા હતા. મરનાર આ૦ કાવસજીએ કેટલીક પરસુતણુ ધરમ કરવા કરતાં નવસારીમાં રૂ૫૦૦૦૦ ને ખરચે એક મોટો જાહેર બગીચો બંધાવી ખુલ્લો મેલયો હતો જે "સોરાબ બાગ" ને નામે જાણીતો છે. ઉદવારામાં તેવણે એક કુવો બંધાવયો હતો તથા નવસારી તરફની પોતાની લાગણીને અનુસરીને ભગરીયાઓને લગતા આતસબેહેરામનાં ફંડમા રૂ૩૬૦૦ ની રકમ તેવણે ભરી હતી. મરનારના લાગતાવલગતાઓ તેવણની યાદગારી કાયમ રાખવાનો કાઇ ઉપાય લેવાની હીલચાલ કરતા સંભલાયછે.

[જામે જમશેદ, તા૦ ૨૩ મી ફેબરવારી ૧૮૮૬.]

તા૦ ૨૨ મી ફેબરવારી.

રોજ ૮ માહ ૬ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

બચુબાઈ તે એદલજી દીનશાહ સરાફ, કરાંચીવાલાનાં ધણીઆંની—

કરાંચી, તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૮૬.

લખવાને ઘણી દલગીરી ઉપજેછે કે બાઇ બચુબાઇ તે અતરેના સખી શેહરી શેઠ એદલજી દીનશાનાં ધણીઆણી તા૦ ૨૨ મી ફેબરવારીને દીને હક થયાં. મરનાર બાઇ ઘણાં સાલેસ અને એકમારગી હતાં અને ગરીબને મદદ કરતાં હતાં.

[રાસ્ત ગોફતાર, તા૦ ૭ મી મારચ ૧૮૮૬.]

22*nd February* 1886.

Buchubai, wife of Eduljee Dinshaw, of Kurrachee.—Bai Buchubai, wife of Mr. Eduljee Dinshaw, contractor, Kurrachee, has just died after a short illness. The deceased lady was very benevolent, and supported a number of widows and other indigent persons. Her funeral was largely attended.

[*Times of India, 4th March* 1886.]

તા૦ ૨૭ મી ફેબરવારી.

રોજ ૧૩ માહ ૬ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

શાપુરજી શોરાબજી દસતુર મેહેરજીરાણાના—

નવસારી, તા૦ ૧ લી મારચ.

ગયા સનીવારે બપોર પછી અતરેના બુજરોગ નાયબ દસતુર શાપુરજી શોરાબજી મેહેરજીરાણાના ૮૩ વરસની જઇફ ઉમરે ૪ દીવસની સખત માડગી ભોગવી બેહેસતનશીન થયાછે. મરહુમ દસતુર એ ખાનદાનમાં એક બુજરોગ, ભલા, ભોલા અને દસતુરી નામને જેબ આપનાર ઘણાજ ખાલેસ દીલના ગરહસથ હતા. એ મરહુમ ઇજતે અને મોભે વડા, પણ પઇસે બીજાઓની માફક મધયમ હતા. એવણુ એટલા તો ખાલેસ દીલના હતા કે ગમે એવો ચલે જાવ બલે જાવ જેવો માણસ હોય તેને તેની ખામી વીગેરે છડેચોક મોહો ઉપર કહી દેતા જેથી લોકો એઓને "પાછેરા મારૂ—ભડાકા મારૂ" કેહેતા. જો એઓ પાસ પઇસાનું ભંડોલ હતે તો લોકો દુનયાદારીમા ચાલતી રીત પરમાણે તેમના "મારેલા પાંછેરાને" સોનેરી શીખામણ તરીકે તેમની હઇયાતીમાં ગણતે, કે જે તેમની હઇયાતી બાદ આજે ઘણાઓ કબુલ કરેછે.

[જામે જમશેદ, તા૦ ૩ જી મારચ ૧૮૮૬.]

તા૦ ૯ મી મારચ.

રોજ ૨૩ માહ ૬ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

પીરોજબાઈ તે ધનજીભાઈ ભીમાજી દારૂવાલાનાં વીધવા—

એકસો પાંચ વરસની ઉંમરે ગુજરેલાં એક પારસી ડોસાં—ગઇ પરમ દીને અત્રે કોટમાં પીડાના મોહલામાં બાઇ પીરોજબાઇ તે મરહુમ શેઠ ધનજીભાઇ ભીમાજી દારૂ-

વાલાનાં ખાનુખાણી બેહેશતનશીન થયાછે, તેમનું મરણ તેમની અસાધારણ ઉમરને લીધે નોંધ લેવા જોગ છે. મરનાર બાઇ એકસો પાંચ વરસની વએ મરણ પામયાંછે, જેવી મોટી ઉમર સુધી જીંદગી ગુજારવાને આજના વખતમાં કોઇજ ભાયગસાલી થાયછે. એકસો અથવા તેથી વધારે વરસની ઉમરે મરણ થવાનાં દાખલા હવે આપણી તરફ કવચીતજ મલેછે, અને જે બહુ થોડા મલેછે તેમાં ઉપલો દાખલો અગતનો ઉમેરો કરેછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૧ મી મારચ ૧૮૮૬.]

તા૦ ૧૧ મી મારચ.

રોજ ૨૫ માહ ૬ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

પેશતનજી રતનજી રાગી—

નવસારી, તા૦ ૧૫ મી મારચ.

ગયા ગુરૂવારે મલેસર ફલીએ રહેનાર પારસી પેસતનજી રતનજી રાગી જે ખાનદેશ જીલ્લાના એક ગામમા દારૂની દુકાણ રાખતા હતા, તે પોતાની ૫૫ વરસની ઉમરે ગુજરી ગયા.

[જામે જમશેદ, તા૦ ૧૭ મી મારચ ૧૮૮૬.]

તા૦ ૬ થી આપરેલ.

રોજ ૨૧ માહ ૭ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

પાલણજી દોરાબજી રાંનજી—મી૦ પાલનજી દોરાબજી રાનજીનું ૭૭ વરસની બુઝરગ વયે ગઇ સવારના મરણ નીપજવાથી પારસી મંડલમાં મોટી દલગીરી ફેલાઇછે, કારણકે પોતાના મલતાવડા સવભાવથી, મીજનસારીથી, અસલી વાતોના મોહલાં ગ્નાનથી અને હસમુખા ખવાશથી તેવણે બહુ મીતરો સંગરયા હતા. તેવણ ૧૮૩૮ ના વરસમાં વેપારને અરથે ચીન ગયા હતા, જયાંથી ૧૮૫૦ ના વરસને આસરે અહીયા પાછા ફરયા હતા. ચીનની મોટી લડાઇ તેવણે નજરે જોઇ હતી, જે વખતે તેવણ મકાઉ ખાતે હતા.

[જામે જમશેદ, તા૦ ૭ મી આપરેલ ૧૮૮૬.]

તા૦ ૨૫ મી આપરેલ.

રોજ ૧૦ માહ ૮ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

બેહરાંમજી ખરશેદજી ગાંધી—ગુજરાતી લખનાર તરીકે જાંણીતા થઇ ગયલા મી૦ એદલજી ફરામજી ધાંડીનું દુખદાયક મરણ થયા બાદ ટુંક અરસામાં તેજ વરગના જાણીતા લખનાર મી૦ બેહેરાંમજી ખરશેદજી ગાન્ધીના મરણની નોંધ કરવાની દુખભરેલી ફરજ અમારે માથે આવી પડીછે. આગલા વખતની એનફીનસટન સ્કુલના એક ચાલાક વીદયારથી તરીકે અને ત્યારપછે એક શીક્ષક તરીકે તેઓ પેહેલે જાહેર પડયા હતા. તેજ અરસામા તેવણે 'ચીત્રગ્નાન દરપન' હેવે નામનું ચીત્રો સાથનું એક અઠવાડયાનું પત્ર પ્રવરતાવવા માડયું હતું, જેની ટુંક કારકીરદીમાં તે પત્રથી મુસલમીન કોમના કેટલાક બેસમજ લોકોએ પોતાની લાગણી દુખાવલી સહમજીને તેઓએ પારસીઓની વીરૂધ એક મોહોટું રમખાન સને ૧૮૫૧ ના સાલમાં ઉઠાવયું હતું. ત્યારબાદ એલફીનસટન કાલેજના પ્રીનસીપાલ પ્રોફેસર ગ્રીનની મજબુત ભલામણ ઉપરથી અત્રેની હાઇ કોરટના ચીફ જસટીસ સર વીલીયમ યારડલીએ બીજા ઉમેદવારોની સાથે તેમની પરીક્ષા લઇને તેવણને હાઇ કોરટના ત્રાંનસલેટરના ખાતાંમાં એક નોકરી આપી હતી. તેજ અરસામાં મુંબઇ સમાચારના આગલા માલેકે તે પત્રને રોજીદું બનાવયું તેની લગામ મી૦ બેહેરાંમજીને સોંફવામાં આવી હતી. એ વખતે પારસીઓમાં સંસારી સુધારાનાં કેટલાંક ખાતાંઓની સરૂઆત થઇ હતી તે વખતે બીજા સુધારકોની મડલીમાં મરનારની સામેલગીરી હતી અને મી૦ ડાશાભાઇ ફરાંમજી કામાજીની સખાવતની મદદથી 'રાસ્ત ગોફતાર' નહીં — 'સ્ત્રીબોધ' નું ચોપાનયું નીકલયું તેમાં મી૦ બેહેરાંમજીના સવાધીનમાં તેનું અધીપતીપણું સોંફવામાં આવયું હતું. ત્યારબાદ તેવણ તેજ વેપારી મીત્રની કલકતાની પેહેડીમાં એક આસીસટંટ તરીકે લાગુ પડવા પછી

મરનાર બેહેરાંમજી વેપારીઓની સંફમાં દાખલ થયા હતા. અત્રે ચીનના દેશી વેપારીઓએ ઉભી કરેલી ચાઇના મરચંટ સ્ટીમ નેવીગેશન કુ૦ અને ચાઇના મરચંટ ઇનસુરેનસ કંપનીના તેવણ મેનેજર તરીકે નેમાયા બાદ અને ૧૮૬૪–૬૫ ના મોહોટા અરાબાના હીંગાંમમાં એક બાહોશ પેહેડીવાલા તરીકે ફાવી શકયા, પણ તે વખતના પરપોટાઓ જેમ જેમ ફુટવા લાગા તેમ તેમ બીજાઓની પેઠે તેવણ નુકસાનીમાં આવયા હતા. તોબી એક હુશીયાર વેપારી અને પકકા હીસાબી તરીકે આજ સુધી કેટલીક જાહેર કુંપનીઓના આડીટર તરીકે રોકાયલા હતા. તોબી જાહેરમાં લખાંણો કરવાની તેવણની ઉલટ તેવણમાં સદા ગરમ રહેતી. "સદગુણી સ્ત્રીઓ" નામનું ઉપયોગી અને બોધકારક પુસ્તક મરનારે રચયું હતું. અને "બોમબે ક્રાનીકલ" નામનું અંગ્રેજી અઠવાડયાનું પત્ર આજ સુમારે સાત વરસ થયાં મરનારે પ્રવરતાવવા માડયું હતું.

પણ તે સરવ હકીગતો કરતાં, મરનારને એક જુસ્સા ભરેલા ભાષાણ કરતા તરીકે નોધવાને વાજબી સમજીયે છીયે. બોંમબે આસોસીયેશન ઉભી થઇ તે વેલાય, મરહુમ શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇએ 'જુહારે જીંદગી' નો નાદર રસાલો અત્રેની ટાઉન હાલમાંની ભર મીજલસમા વાંચયો હતો તે વેલાય તેમજ રાહાનુમાય માજદીઅસનાની સ્થાપણાની વેલાય, તથા ઇરાંણમાં પડેલી દુકાલની આફતની વખતે તાંહાંના ગરીબ જરથોસ્તીઓને મદદ આપવાને માટે તેવણે કરેલાં ભાષાણો ઉંચી સહમજવાલાં, સુર ભરેલાં અને અસરકારક હતાં, તેની યાદ તેવણના મીત્રો અને સાંભલનારાઓનાં મનમાં હજુર જારીજ છે.

[કૈસરે હિન્દ, તા૦ ૨ જી મેએ ૧૮૮૬.]

25th April 1886.

BYRAMJEE CURSETJEE GHANDHEE.—It is indeed a fearful task to advert to the very heavy loss this paper has sustained by the death of its Proprietor and able Editor Mr. Byrambjee Cursetjee Ghandhee. It would be remembered that the *Chronicle* was first called into being by him in 1880, and solely edited since then almost to the time of his lamentable demise on Sunday last. During this period of more than six years, the even policy of the paper as also the manner and tone of its writing could not have failed to show, that its zealous conductor faithfully adhered to the pledge given by him that he would treat every question on its own merit without plunging into personality, discuss or represent every important subject without going into angry debate, wide statements, or wild exaggeration, and that in respect of what may concern the governing and the governed he would be straight-forward, respectful, and moderate. Conformably to it with a thorough singleness of purpose he always endeavoured to represent to the rulers in a temperate tone and deferential manner the wants and aspirations of the subject races, and to keep the latter in mind of the benevolent intentions and actions of the governing class His connection with the press and the public lasted for upwards of 33 years, during which time he gave unmistakable proofs of his wide and varied experience of the world, deep insight into human affairs, clear perception of the probable and the possible,

unwarped judgment in intricate matters, large fund of information, powerful grasp of the intellect, and strong capacity for business coupled with unflinching vigour and perseverance, and honest, firm determination in dealing with vital public questions and burning topics of the day. Those that have marked his public career would agree with us when we say that he was one of those foremost few who at personal sacrifices first gave to female education that start and impetus to which its present growth—perhaps, its existence itself—is now mainly due,—while his services to the public in connection with the proceedings of the Bombay Association, the Parsee Law Commission, and divers other public movements have been too many to require any dilation here. We are certain that his clear manly voice must still be ringing in the ears of those who many a time must have heard him with rapt attention. As a Justice of the Peace, a Delegate of the Parsee Chief Matrimonial Court, a member of the Bombay Municipal Corporation, and in many other useful public situations of life he has always rendered such lasting and meritorious services to the publice that we feel sure his name will be long remembered by all, with mingled feelings of thankfulness, esteem, and fond-regret too deep to be expressed, and it would be acknowledged by all who personally knew him that by his death a gap is made in social and other circles which will not be filled up for a long time to come,

[*Bombay Chronicle* 26*th April* 1886.]

Death of Mr. Byramjee Cursetjee Ghandhi.—We regret to learn of the death of Mr. Byramjee Cursetjee Ghandhi, editor and proprietor of the weekly paper called the *Bombay Chronicle,* which took place at his residence opposite the Marine Lines station yesterday morning. The deceased had been suffering from chronic diarrhœa and dysentery for about three months. During the early period of his life he was appointed a translator of the late Supreme Court of Bombay, which appointment he subsequently resigned and became the editor and proprietor of a vernacular daily paper called the *Chittra Dnyan.* He also edited several Gujerati dailies, and was one of the auditors of the old Bank of Bombay and various mill companies. The deceased was at one time elected by the rate-payers as a member of the Bombay Municipal Corporation, he was a Justice of the Peace and a delegate of the Parsee Chief Matrimonial Court. He was about 55 years of age.

[*Times*, 26*th April* 1886.]

તા૦ ૧૦ મી મેએ.

રોજ ૨૫ માહ ૮ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

ખરશેદજી હોરમજજી ખરાસ, કરાંચીવાલા—કરાંચીનાં એક સરકારી પેનશનર મી૦ ખરસેદજી હોરમસજી ખરાસ ગયા સોમવારે ૬૦ વરસની ઉમરે મરણ પામવાનાં સમાચાર મલયાછે.

[જામે જમશેદ, તા૦ ૧૫ મી મેએ ૧૮૮૬.]

તા૦ ૨૧ મી મેએ.

રોજ ૬ માહ ૯ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

પેશતનજી નવરોજજી ખરાસ—મેશરસ રીચી સટ્રુઅરટની કંપનીના સરાફ મી૦ પેશતનજી નવરોજજી ખરાસ ગઇ તા૦ ૨૧ મીએ ૭૪ વરસની વરધ વયે ગુજરી ગયાછે. એ મરનાર ઉપલી કંપનીના એક વીશવાસુ નોકર હતા અને તેઓના મરણની ખબર એ આફીસના વડાઓ મી૦ આરલસ ડગલાસ અને સી. સમીથને પડવાથી તેઓ દલગીર થયા હતા. તેઓના તરફ માનની ઇધાની દાખલ પોતાની આફીસ એક આખો દીવસ બંધ રખાવી હતી.

[જામે જમશેદ, તા૦ ૩૧ મી મેએ ૧૮૮૬.]

તા૦ ૨૩ મી મેએ.

રોજ ૮ માહ ૯ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

પેશતનજી રૂસતમજી—ભરૂચ વર્તમાન નામનું શીળા છાપખાનું અને એજ નામનાં વર્તમાન પત્રના આગલા માલેક અંધીઆરૂ પેસ્તનજી રૂસ્તમજી ૭૦) વરસની વૃદ્ધ ઉમરે ગઇ તા૦ ૨૩ મીને શુકરવારે ગુજરયાછે. મરનાર આગલ અતરેની ડીસ્ટ્રીકટ જડજની કોરટમાં પારસીઓને સોગંદ આપવા માટે તથા કોરટની ચોપડીઓ બાંધવાનાં કામ માટે નોકર હતા. ત્યાર બાદ શીળા પ્રેસ ખરીદ કરી તેની મારફતે ભરૂચ વર્તમાન નામનું એક વર્તમાન પત્ર ૨૪ વરસ સુધી ચલાવ્યું હતું કે જેને પોતે પકડી રાખેલી રૂઢીમાં છેલી ઘડી સુધી કોઇ જાતનો ફેરફાર કર્યો હોય એમ જણાયું નથી. મરનારે પોતાની વૃદ્ધ ઉમરના સબબે પોતાનો એ પ્રેસ થોડીક મુદત ઉપર વેચી નાંખ્યો હતો કે જે મી૦ ઇચ્છાલાલ અમરતલાલ સુરતી નામના એક ઇજુવાન હીંદુ ગ્રહસ્થે સુમારે રૂ. ૨૦૦) થી ખરીદ કરવા પછી તેને જ્ઞાનોદય પ્રીન્ટીંગ પ્રેસનું નામ આપવા છતાં મરનારનાં વર્તમાંનપત્રનું જુનું નામ કાયમ રાખવામાં આવેલુંછે.

[ભરૂચ સમાચાર, તા૦ ૨૭ મી મેએ ૧૮૮૬.]

તા૦ ૩૧ મી મેએ.

રોજ ૧૬ માહ ૯ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

નવરોજજી બાલાભાઈ, કલીઆંણીવાલા—જણાવવાને દલગીરી ઉપજેછે કે કલયાણીના જાણીતા અકાબર શેઠ નવરોજજી બાલાભાઇ ૮૫ વરસની ઉમરે આ જહાંનમાથી પેલી હંમેશની મીનોજહાંનમાં ગયાછે. થોડુંક થયું મરનાર પીસાબના મરજથી હેરાન થતા હતા અને કલયાણીના ડાકટર પેસતનજી તથા અતરેના ડાકટર રૂસતમજી નસરવાનજી ઓરી અને ડાકટરો ભાલચંદર તથા કુનાહે ચાંપતા ઉપાયો કરવા છતાં મરનાર મોહોતના પંજામાંથી છટકી શકયા ન હતા. મરનાર શેઠ થોડુંક ઉપર એક દખમું બંધાવી કલયાણીની પારસી અનજુમનને સપુરદ કીધું હતું. પોતાની જાતી કુનેહથી તેવણે એક મોટી દોલત એકઠી કરી હતી તથા તેમની સખાવતનો પમરાટ કલયાણીના પારસીઓમાંથી ભુલી જવાવાનો નથી. મરનાર પોતા પાછળ એક છોકરો (મી૦ ફરામજી) અને એક છોકરી મેલી ગયાછે.

[જામે જમશેદ, તા૦ ૨ જી જુન ૧૮૮૬.]

તા૦ ૧૬ મી જુન.

રોજ ૨ માહ ૧૦ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

રૂસતમજી વીકાજી મેહેરજી—

સીકંદરાબાદ, તા૦ ૨૧ મી જુન.

શેઠ રૂસતમજી વીકાજીનું મરણ—વીકાજીનાં જાણીતાં કુટુંબના આ વડા ગ્રહસથનાં મરણથી, એ મોહોલાં કુટુંબમાં અને તેના ઓલખીતાઓમાં દલગીરી ફેલાઇછે. મરહુમ જાતે ચાલાક પણ એકમારગી હતા, અને આજ કેટલાક મહીના થયા તાવ અને બીજી બીમારીથી પીડાતા હતા. વીકાજીના કુટુંબે એક વખત હેદરાબાદમાં મોટી જાહોજલાલી ભોગવી હતી, અને જોકે તે વખત હાલ નથી, તોપણ એ કુટુંબ તરફ હમણાં પણ લોકો માનની નજરથી જુવેછે. એ

કુટુંબના મજકુર વડાના અંતકાલથી, અને તેમાં કુસંપનો જે સડો પેઠો છે, તેથી તેની શી દશા થશે તે કેહેવાઇ શકાતું નથી.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૮ મી જુન ૧૮૮૬.]

તા૦ ૧૯ મી જુન.

રોજ ૫ માહ ૧૧ (ક૦) ૧૨૫૫ યજદેજરદી.

બેહુરામજી ખોદાદાદ ઈરાની—બેરામજી ખોદાદાદ ઇરાની તે બકસાર જેલના સુપરીનટેનડનટ બકસાર મધે તા૦ ૧૯ મી જુન અને અસપનદાદ રોજે ત્રણ ચાર કલાકની માંદગી ભોગવી એકાએક ગુજરયાછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૯ મી જુન ૧૮૮૬]

તા૦ ૨૮ મી જુન.

રોજ ૧૪ માહ ૧૧ (ક૦) ૧૨૫૫ યજદેજરદી.

દીનશાહ દારાશાહ કપટાંન—જણાવવાને અતીશે દલગીરી ઉપજેછે કે આપણી વસતીના એક જાણીતા શેહેરી મી૦ દીનશાહજી દારાશાહ કપટાન ગઇ કાલ દીને સવારના પાંચ વાગતે વાંદરા ખાતે એકાએક મરણ પાંમયાછે. મરનાર એક ઘણા એકમારગી અને લાયકીવાલા ગરહસથ હતા. તેવણ પોતાની જુવાંનીમાં સરકારી નોકરીમા જોડાયા હતા અને લગભગ ૨૫ વરસ થયાં અતરેની કરનસી આફીસમાં "ડીપ્યુટી ટરેઝરર" તરીકે ખાનબાહાદુર રૂસતમજી આશબરનરના હાથ હેઠલ નોકરી બજાવતા હતા. મરનારને "દાયાબીતીસ" નો મરજ હતો, ગયા આતવારની રાત સુધી તેવણ તદન સાજી હાલતમાં ધારા પરમાણે હશી બોલીને સુતા હતા અને પરોઢીયામા ઉઠતાં અવારનવાર વાંમીટ કીધા પછી ડાકટર આવી પુગે તેની આગમજ આસરે પાંચને સુમારે પોતાનો પરાંણ છોડી દીધો હતો. મરનાર કોઇબી રીતની જાહેર ધુમધાંમ અને માનઅકરાંમના સોખીન નહીં હતા. તેવણ એક મલતાવડા સવભાવના, ખુશમીજાજી અને સોખીન ગરહસથ હતા અને તેમની મુખય ઉલટ પોતાનો ઓધો પરમાણીકપણાં અને બાહોશીથી બજાવવાની હતી, જે સીવાય તેમને બીજો કશો લોભ નહી હતો. ઓગણપચાશ વરસની ટુંક ઉમરમાં તેવણ પોતાની પાછલ એક વીધવા, બે ભાઇઓ અને એક વીધવા બેહેનને મુકી ગયાછે. તેવણનાં પોતાનાં બચ્ચાં છોકરાં કોઇ નથી. તેમનાં માન માટે ગઇ કાલે અતરેની સરકારી કરનસી આફીસ બપોર પછી બંધ કરવામાં આવી હતી.

[જામે જમશેદ, તા૦ ૨૯ મી જુન ૧૮૮૬.]

તા૦ ૧૮ મી આગશટ.

રોજ ૫ માહ ૧૨ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

એદલજી ફકીરજી, કરાંચીના—કરાંચીની સમાલ કાઝ કોરટના રેજીસ્ત્રાર મી૦ એદલજી ફકીરજી ગયા બુધવારે મરણ પામવાથી તેવણ તરફની માનની ઇધાંની તરીકે એ કોરટ એ દીને આખો દીવસ બંધ રાખવામાં આવી હતી. જાંણીતી નેશનલ ઇંડયન આસોસીએશનની કરાંચીની શાખાના મરનાર સેકરેટરી હતા અને અબલા કેલવણીના બાબમાં તેવણ સારો ભાગ લેતા હતા.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી આગશટ ૧૮૮૬.]

18*th August* 1886.

EDULJEE FAKIRJEE OF KURRACHEE.—We are very sorry to hear that Mr. Edalji Fakirji, Registrar of the Small Cause Court, Karachi, is no more. He breathed his last on Wednesday last at 9 A.M. He had been suffering from a painful carbuncle which several operations were unable to cure. Mr. Edalji was Clerk of the Court and Registrar of the Small Cause Court for a very long time. He was a very hard-working man and he will be long missed in the Small Cause Court. Mr. Edalji was also Secretary to the Karachi Branch

of the late Miss Mary Carpenter's Association in England and took great interest in female education. We heartily sympathize with his widow and his son, who we hear is now a clerk in the Commissioner's office.

The Small Causes Court was closed on Wednesday last, out of respect for Mr. Edalji Fakirji, the Registrar, who expired on Wednesday morning, after a lingering and protracted illness.

[*Sind Times*, 21*st August* 1886]

તા૦ ૨૨ મી આગશટ.

રોજ ૯ માહ ૧૨ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

રતનજી જામાસપજી જામાસ્પઆશાના, દસતુર—

સીકંદરાબાદ, તા૦ ૨૪ મી આગસટ.

આ માનવંત ગરહસથનાં અકાલ મરણથી દખણ હેદરાબાદના જરતોસતીઓમાં જે દલગીરી ફેલાઇછે તેનો મુકાબલો માતર એટલાથીજ થઇ શકશે કે જયારે અતરેના લોકરક્ષી નવાબ સર સાલારજંગ ગુજરી ગયા તયારે અતરેના જરતોસતીઓમાં જેવી ઉદાસી અને ગમ ફેલાયો હતો તેવોજ હમણા પણ આ મરતધુકથી ફેલાયોછે.

આ મરહુમ દસતુરજી ઇસવી સન ૧૮૩૦ માં નવસારી કસબામા જનમીયા હતા, જેથી મરણ વખતે તેવણની ઉમર ૫૬ વરસની હતી. મરહુમ આજ નજદીક બે માસથીબી વધુ હરસ (પાઇલસ) ના મરજથી બીમાર હતા અને તે બીમારીએ આસતે આસતે ઘણું મજબુત રૂપ લીધું, જેમની દવા માટે અતરેના વડા ડાકટર લારી તથા ડાકટર રૂસતમજીએ ખરેખુત રહી જેવા ઇલાજ લેવા ઘટે તે સરવે લીધા જેથી વચગાલે મરહુમની જીંદગી બચશે એવી સરવેને પાછી ઉમેદ આવી હતી, પણ આગલું દરદ (હારટ-દીઝીસ) ઉભરાઇ આવયું. સુકરવારે ડાકટર લારીએ તપાસ કીધી તયારે તેણે ઉમેદ બતલાવી કે હવે કશી પણ ફીકર જેવી બીમારી નથી જેથી સરવેમાં બેહદ સંતોશ ફેલાયો હતો, મગર તકદીર આગલ કોઇનો ચારો નથી અને રવીવારે સાંજના પાંચ વાગા પછી તેવણે પોતાનો પરાંણ છોડયો. મરહુમ માજી સરદાર ખાનબહાદુર દસતુર નોશરવાનજી જામાસપજી પારસીઓના દખણ અને માલવાના વડા દસતુરજીના ભાઇ થતા હતા. અંગરેજ સરકારને જયારે બીરારનો મુલક સોંપવામા આવયો તયારે મરહુમને ૧૮૫૩ ના સાલમાં તયાં મુનસફની નોકરી ઉપર મોકલવામાં આવયા હતા અને ધીમે ધીમે એકસ્ત્રા આસીસટંટ કમીશનર નેમાઇ પાછલથી આસીસટંટ કમીશનરની પદવીએ પોંહોંચયા હતા.

ઘોડા ઉપરથી પડી જવાનાં કારણે તેવણની છાતીને કાઇક ઇજા પોંહોંચવાથી નોકરી છોડવાની તેવણને ૧૮૭૦ મા ફરજ પડી હતી. બરીટીશ સરકારથી પેનશન મલવા બાદ મરહુમ સર સાલારજંગે રેસીડંટની ભલામણ ઉપરથી મજકુર દસતુરજીને સદર તાલુકદારની રૂ૧૨૦૦ ના પગારની જગા ઉપર નેમયા હતા, જયાં તેવણે ઘણી તારીફલાયક નોકરી બજાવી પોતાના અમલમાં લખો રૂપયાનો મેહસુલમાં વધારો પોતાની સરકારને કરી બતલાવયો હતો, જેનો આ એકજ દાખલો બસ થશે કે અતરેનાં એલગનદર જીલ્લાના તાલુકદાર નશરૂલાખાંએ પોતાના અમલનો ગેરઉપયોગ કરવાથી તયાંની તમામ રઇયતે નારાજ થઇ માજી દીવાન સર સાલારજંગને ફરીયાદરૂપી એક અરજ કરી કે અમારી ઉપર ઘણો ગેરઇનસાફ ગુજરેછે માટે તમો પોતે આવી અમોને દાદ આપો. એ અરજ તે મરહુમે તુરત બાહાલ રાખી પોતાને બદલે દસતુર મજકુરને તયાં જઇ પુરતી સમાધાંની કરવા માટે ફરમાસ કરી જેથી એઓએ તયાં આવી સઘલી બારીકીથી પુરતી ચોકાસી કરી સરવે ભેદ પાંમી લીધો અને રઇયત જે જે વીશે ફરીયાદ કરતી તે

સરવે તપાસી તેઓને પુરતો ઇનસાફ આપયો. એટલુંજ નહી પણ સરકારના ખજાંનામાં મજકુર જીલ્લામાંથી દર સાલ જે ખજાંનો જવો જોઇયે તેમ ન થતાં દર વરસ ૩૬ લાખની ગંજાવર રકમ લુચ્ચા અમલદારો તથા જાગીરદારો ગુપચુપ પચાવી જતા હતા તેની સરવે કેફીયતથી માહીતગાર થઇ તે વીશે એક બંદોબસ્ત કરી ૩૬ લાખની મોટી રકમ હકવાજબી રીતે સરકારી ખજાંનામાં મોકલાવતી કીધી. જેમ થવાથી મરહુમ સર સાલારજંગે તેઓની આવી રાજનીતી અને બાહોશી માટે જાહેરમાં તેઓને ઘણી શાબાશી આપી પુરતી વખાંણ કરી હતી અને તયારથીજ તે નામદારનો એઓ ઉપર પુરતો વીશવાસ થસી ગયો હતો.

મજકુર ખીદમત ઉપર ચંદ સાલ રહેવા બાદ તેવણુને સદરૂલમહામ એટલે રેવીનયુ મીનીસતરના સેકરેટરીની ચઢતી પદવી આપી રૂ૧૭૦૦નો મુસારો મુકરર કરી આપયો હતો. આ ઓધા ઉપર આવતાંજ બીરાર પરાંતમાં તથા આજુબાજુના ઇલાકાઓમા રેવીનયુ સીસટમ જેવી ઢપથી ચાલુ છે તેવી રીત અતરે દાખલ કીધી, જે સાથે પેહલવેહલી સરફીયુટ સીસટમ પણ ઘણાક જીલ્લાઓમાં સથાપી હતી, જેથી મેહેસુનખાતાંમાં પરજા તથા સરકારને ઘણાક ફાયદા હાસલ થયા હતા. જયારે સદરૂલમહામનું ખાતું કાહાડી નાંખવામાં આવયું તયારે મરહુમ સર સાલારજંગે પોતાના ખાસ કામ સારૂં પોતાના હાથ તલે તેઓને નેમયા હતા, અને તેવણુને ઉમેદ આપવામાં આવી હતી કે કોઇ મહાભારત કામ તેમને સોંપવામાં આવશે. પણ તેટલામાં તેવણુનાં કમનસીબે દઇવજોગથી મરહુમ નવાબ સાહેબ ખલકને ગમમાં નાંખી હક થયા જેથી સરવેની આશા ભરસત થઇ. તોપણ તયાર પછી મરહુમ દસતુરજીને કોરટ આફ વારડસના જડજની જગા આપવામાં આવી હતી અને તે ખાતું પણ તેવી જાતનાં બીજાં ખાતાંઓ માફક કાહડી નાંખવામાં આવયું હતું, જેથી મરહુમને ખરચ ખાતાંમાં ઘટાડાની સબ કમીટીના મેમબર તરીકે નેમવામાં આવયા હતા. પણ સેવટે મચકુર દસતુરજી મી૦ દનલાપની ગેરહાજરીમાં ઇનામ કમીશનર નેમાયા હતા, જે ઓધો તેઓ સાહેબના હક થવા સુધી સવાધીન હતો અને જોકે કામકાજમાં આટલા ફેરફાર થયા છતાં પણ મરહુમને આજદીન સુધી તેઓને આગલોજ લવાજમ રૂ૧૭૦૦ નો મલયો જતો હતો. તેઓ મુંબઇ અને દખણમાં એક વખણાયલાં અને જાણીતાં કુટુંબના નબીરા હતા. તેઓના હાલ તરણ ભાઇઓમાથી એક બીરારના માજી આસીસટંટ કમીશનર દસતુર સાહેબ બહમનજી જામાસપજી સી. આઇ. ઇ. જેઓ હાલ પુણા ડીસ્ત્રીકટના આનરરી ફરસટ કલાસ માજીસ્ત્રેટ છે; બીજા શ્રી હેદરાબાદના હાલના વડા દસતુર સાહેબ બેહેરાંમજી જામાસપજી જેઓ નામદાર નીઝામ સરકારના અગાઉ અઉવલ તાલુકદારના માનવંતા ઓધા ઉપર હતા જેનું અતયાર સુધી એ સરકાર તરફથી પેનશન ચાલુ છે, તેમજ અતરેની જરતોસતી અનજુમન તરફથી એઓ સાહેબને ઘણો લાયક મુસારો મુકરર કરવામાં આવયોછે અને તરીજા ભાઇ સરદાર ખાનબહાદુર પરોફેસર દસતુર હોસંગ જામાસપજી હાલમા દખણ અને માલવાની વડી દસતુરીનો મરતબો ભોગવેછે. મરહુમ દસતુર રતનજી પોતા પાછલ એક વીધવા તથા એક બેટા, જેઓ હાલ બીરારમાં એકસ્ત્રા આસીસટંટ કમીશનર છે, તથા ૪ બેટીઓનું કુટુંબ મેલી ગયાછે. આ ખેદકારક મરતયુકથી જેમ પારસીઓમાં તેમજ પરનાતીલાઓમાં એકસરખી દલગીરી ફેલાઇછે. વલી હાલના વડા પરધાન નામદાર નવાબ સાલારજંગે મરહુમનાં કુટુંબના દીલાસા માટે એક ખાસ દીલાસાપતર લખાવી મોકલયોછે જેમાં તે નામદાર જણાવેછે કે તેને ઘણી ઉમેદ હતી કે એઓ તનદરૂસત થાય પણ મોટા અફસોસ સાથે તે પોતાની એ બનાવથી ગમગીની જાહેર કરેછે. વલી તે

લખેછે કે "એવા પરમાણીક અને વફાદાર આએ રીઆસટના એક ગરહસથના ગુજરવાથી આમારી સરકારે ગોયા એક ભારે ખોટ ખમીછે. એટલુંજ નહી પણ મારા મરહુમ પીતા સર સાલારજંગના વખતના એક સહલાકારને અને મારા એક દોસતને ખોહો-વાનો હું ગમ કરૂંછું કે જેઓ વીશે મારા મરહુમ પીતાનું ઘણું ઉંચું મત હતું અને ચોકસ અજમાએશ ઉપરથી હું પોતે પણ તે સરવે ખુબી મરહુમમાં સપસ્ટતપણે જોતો હતો અને એવા એક સદ ગરહસથનાં અકાલ મરતબુકથી કોણ નહી દલગીર થશે તે હું સમજી સકતો નથી. તોપણ ખુદરતના ચારા આગલ કોઇનો કશો એલાજ નથી" માટે ખોદાપર ભરોસો રાખી તેની યાદ કરવાને સેવટે એ નામદાર સુચવી સંવચારો આપેછે.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી આગસટ ૧૮૮૬.]

22*nd August* 1886.

DASTOOR RUTTONJEE JAMASPJEE JAMASPASSANA.—a large class of our Parsee readers must, we are sure, have received with deep regret the sad intelligence we gave in our telegraphic column yesterday regarding the death of a highly respected and esteemed member of their community—we mean Dustoor Ruttonjee Jamaspjee, late Revenue Secretary to the Nizam's Government. This melancholy event took place at Secunderabad on the evening of the 22nd instant. It seems that the deceased had been suffering very severely for the last two months, and that latterly the case had become somewhat complicated by symptoms of heart-disease making themselves evident. He was, however, progress ing satisfactorily for the past few days, and it was not expected that his illness would suddenly take such a fatal turn as it has.

Dustoor Ruttonjee belonged to the well-known Dustoor family of Poona, the head of which died about two years ago, amid the universal sorrw and grief of the entire Parsee community. He was formerly in the Berar Commission, where he served the British Government for seventeen years, rising, during that period, to the rank of an Assistant Commissioner, and twice holding charge of the high office of a Deputy Commissioner. The long and mature experience of revenue and judicial administration which he had thus acquired induced the late Sir Salar Jung to offer him the post of a Sudder Talukdar under H. H. the Nizam's Government, and his selection was soon justified by the sound and substantial footing on which he placed the administration of the division, to the head of which he was appointed. The state of things before his advent has been described in official rpeorts as in the highest degree deplorable. The revenues were grossly mismanaged, malpractices of every description freely flourished, and thousands of rupees were annually lost to the Government through the negligence or dishonesty of its servants. All this he speedily remedied, and succeeded moreover in discovering a wholesale system of fraud and peculation—a discovery which led to the recovery by the Government of about eight lakhs of rupees that had been embezzled. His services in connection with the notorious Mr. Stuart, who had been engaged by the Nizam's Government for the purpose of horse breeding and scientific farming in the Hyderabad territory, were ack-

nowledged in the most handsome and flattering terms by the Government and approved and well-spoken of by the then Resident, Mr. Saunders. The tact, ability, and zeal thus displayed in the discharge of his duties as Sudder Talukdar were rewarded by his promotion to the office of Secretary to the Revenue Minister, and the late Sir Salar Jung once intended, it seems, to confer on him the still higher rank and dignity of an Assistant Revenue Minister. As Revenue Secretary, he not only thoroughly over hauled and reformed his department, but quickened it into fresh life and activity. He framed elaborate rules for the conduct of the *Jamabundy* operations for the collection of revenue, for the cultivation of waste lands, for the re-population of deserted villages, and for numerons other purposes connected with the revenue administration of the State, and it was during his incumbency that the first administration report of the State was prepared after a year's laborious and patient research.

On the formation of a Revenue Board in Hyderabad, Dustoor Ruttonjee was transferred to the Judicial Department, and the late Sir Salar Jung availed himself of that opportunity to testify to his "thorough conscientiousness and integrity," his "vest experience of local affairs, and his intimate acquaintance with judicial procedure in Berar and Hyderabad," and to promise that the Government would always bear in mind the illustrious services rendered to the State by the Dustoor.

Before this promise could be carried out premature death put a sudden end to the glorious career of the most eminent statesman that India has ever seen. But Dustoor Ruttonjee was appointed president of a Court of Wards that was newly created some time afterwards in Hyderabad This court was short-lived, but during its brief existence Dustoor Ruttonjee made its beneficent operation felt by exposing and remedying various frauds and malpractices in relation to the estates and wards of the Government

Throughout the fifteen years that Dustoor Ruttonjee served the Hyderabad Government he was never known to have mixed himself with any of the political intrigues which are frequently heard of in that State. He kept himself scrupulously aloof from all party dissensions, devoting all his energies and the experience acquired in the course of nearly thirty-four years of service in different branches of the administration to the performance of the duties entrusted to him. It was on account of this abstention from all cliques and cabals that he was invariably able to form a cool and sober judgment on matters on which he was consulted, and that he was selected as in the case of the famous Shums-ool-Oomra family dispute by the late Sir Salar Jung for delicate negotiations requiring a disinterested and unbiassed consideration and skilful handling. In the case above alluded to a settlement was effected with such tact and prudence that Sir Salar expressed his deep sense of gratification to Dustoor Ruttonjee for the satisfactory manner in which

he had conducted the negotiations throughout.

To lose an officer of such ability and ripe experience when he was only 55 years ot age is certainly a misfortune for the Hyderabad State. But his death will come upon the Parsee community of Hydrabad with still greater force and sadness. He was one of their leading men, and one through whom many of his co-religionists obtained a footing in the Hyderabad service. They will long miss the frank and genial face which always beamed with sympathy for them; they will listen no more to the voice which often solaced them with words of cheering hope or wise counsel. The heart that throbbed with silent delight when its possessor was able to do anything for their comfort and welfare has ceased to beat. Before concluding this brief notice we may add that Dustor Ruttonjee was a brother of the present high priest of the Deccan, Sirdar Khan Bahadoor Dustoor Hoshang Jamasp, was an accomplished Persian scholar, and possessed a striking presence and the most refined manners. He leaves behind him a widow, a son, who is his heir and successor, and who is an Extra Assistant Commissioner in Berar, three married and one unmarried daughter. We offer our sincere condolences to the family and the Parsee community of which the deceased was a very worthy member.

[*Times of India 24th August* 1886.]

તા૦ ૨૫ મી આગશટ.

રોજ ૭ માહ ૧ (ક૦) ૧૨૫૬ યજદેજરદી.

પીરોજશાહ રતનજી કામાજી—ગઇ બપોરના એડનથી તારની મારફતે દલગીરીભરી ખબર મલીછે કે મી૦ પીરોજશાહ રતનજી કામા તયાં મરણ પામયાછે. મરનાર નજદીક ૧૭ વરસની વાત ઉપર ઇંગલંડ ગયા હતા અને એક ચોકસ દુખને શરણ થવાથી બહુ એકાંતવાસ હાલતમા કેટલાંક વરસ થયાં પારીસ શેહેરમાં રેહેતા હતા. મરનાર પોતાના વીધવા તથા જમાઇ મી૦ જમશેદજી માણેકજી ફરામજી પટેલ સાથે મેલ સટીમરમાં મુંબઇ આવતા હતા પણ ધાસતીભરી માંદગીને લીધે એડન ખાતે ઉતારવામાં આવયા હશે, જયાં તેવણનું આવું કમનસીબ મરણ ગઇ કાલે નીપજયું હતું. મરનારની ઉમર ૪૦ વરસની હતી અને શેઠ પેસતનજી હોરમસજી કામાના તેવણ ભતરીજા થતા હતા.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી આગશટ ૧૮૮૬.]

તા૦ ૨૯ મી આગશટ.

રોજ ૧૬ માહ ૧૨ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

રૂસતમજી શોરાબજી ખરાસ—મુંબઇના એક જાણીતા પારસી ગરહસથ મી૦ રૂસતમજી સોરાબજી ખરાસ ગયા રવીવારે રાતના ૬૩ વરસની ઉંમરે મરણ પામયાછે. એ મરનાર ગરહસથ લાંબી મુદત સુધી એડન ખાતે મોટો વેપાર ચલાવતા હતા અને થોડાં વરસ થયાં આપણા શેહેરમાં રીતાયર થવા આવયા હતા અને એકાંતવાસ રહેતા હતા તેવણે મહાલક્ષમી મધે એક અતી રોણકદાર મોટો બંગલો બંધાવયો હતો, જેણે તે વખતે મુંબઇમાં સારૂં ધયાંન ખેંચયું હતું.

[જામે જમશેદ, તા૦ ૩૧ મી આગશટ ૧૮૮૬.]

તા૦ ૨ જી સપટેમબર.

રોજ ૧૫ માહ ૧ (ક૦) ૧૨૫૬ યજદેજરદી.

હોરમજજી દોરાબજી કામાજી—ગઇ કાલે શેહેંગાઇથી તારની મારફતે ખબર મલીછે કે મી૦ હોરમસજી દોરાબજી કામા જેવણ ૩ માસની વાત ઉપર તયાં ગયા હતા તેવણ મરણ પાંમયાછે.

[જામે જમશેદ, તા૦ ૪ થી સપટેમબર ૧૮૮૬.]

તા૦ ૬ થી સપટેમબર.

રોજ ૨૪ માહ ૧૨ (શે૦) ૧૨૫૫ યજદેજરદી.

આદરજી ભીખાજી રાસ, સુરતના—

સુરત, તા૦ ૭ મી સપટેમબર.

લખવાને બહુ દલગીરી પેદા થાયછે કે સુરત નાનપરામાં રહેતા શેઠ આદરજી ભીખાજી રાસ જેઓ ઘણા વરસ સુધી રજપુતાણાની મેવા રેસીડંસીમાં હેડ કલારક હતા અને તયાંથી આબરૂભરી રીતે પેનશન મેલવી આજ આશરે ૮ વરસ થયાં અતરે પોતાનાં વતનમાં આવયા હતા તેઓ આઠ દીવસ હાંફન ને તાવનું દરદ ભોગવી ગઇ કાલ બપોરે ૬૧ વરસની ઉમરે પોતાની વીધવા તથા બે છોકરીઓ અને એકપુરો છોકરો જમશેદજી જેઓ બીકાનેર એજંસીમાં કલારક છે તેઓને શોક કરતા મુકી પોતાનો વાહલો પરાંણ તે કીરતારને સવાધીન કીધોછે. મરનાર ધરમાલુ, સચાઇને ચાહાનારા અને દયાલુ હોવાથી તેઓ જરતોસતીઓમાં સારૂં માન ધરાવતા હતા. નાનપરા લાઇબરેરીને મરનાર સારી મદદ કરતા હોવાથી તેવણનાં માન માટે મજકુર લાઇબરેરી આજે બંધ રાખવામાં આવી હતી.

[જામે જમશેદ, તા૦ ૯ મી સપટેમબર ૧૮૮૬.]

તા૦ ૮ મી સપટેમબર.

રોજ ૨૧ માહ ૧ (ક૦) ૧૨૫૬ યજદેજરદી.

જાંગીરજી ગુસતાદજી—અતરેના પારસીઓમાં તેમજ દેશી વેપારીઓમાં જાણીતા થયલા મી૦ જાંહગીરજી ગુસતાદજી ગઇ કાલ દીને ૫૫ વરસની વયે હક થવાના સમાચારની નોંધ લેતાં અમોને દલગીરી ઉપજેછે. એ મરનાર ગરહસથ હીસાબ કેતાબ તથા દફતર રાખવાનાં કામમાં ઘણા ખબરદાર હતા, અને લાંબી મુદત સુધી અતરેની માજી સેનટરલ બેંકમાં એકાંઉંટંટ હતા, કે જે ઓધો તે વખતે ગણતરીના બે તરણ દેશીઓજ ભોગવતા હતા. એ પછી એવણે બેંકમાંથી સંબંધ છોડી પોતાને હીસાબે વેપાર કરવા માંડયો હતો, અને અતરેની લગભગ ૧૫ મુખય જાઇંટ સટાક કંપનીઓના એવણ આડીટર એટલે હીસાબ તપાસનાર હતા. થોડાક વરસ થયાં એવણે પોતાની એજનસી હેઠલ "ઇંડીયન ફાયર ઇનશયુરંસ કંપની" નામની વીમાની પેહેડી સથાપી હતી. એ મરનાર ઘણી લાંબી મુદતના એક ચુસત ફરીમેશન તથા લાડજ રાઇઝીંગ સટારના "પાસટ માસતાર" હતા. આપણી નામદાર સરકારે એવણને સુલેહના અમલદારનું માન આપયું હતું. પોતાના મલતાવડાપણાંથી એવણે ઘણાઓનો પયાર પોતા તરફ ખેંચયો હતો તથા મીતરોનું એક બહુ મોટું મંડલ પોતાની આસપાસ એકઠું કરયું હતું, જેઓમાં એ મરણથી બહુ દલગીરી ફેલાઇછે.

[જામે જમશેદ, તા૦ ૯ મી સપટેમબર ૧૮૮૬.]

8th September 1886.

JEEANGIR GUSTADJEE—We regret to announce the death of an esteemed and well-known member of the Parsee community, Mr. Jehangir Gustadjee, at his residence at Mody Khana, Fort, yesterday afternoon. He was a man of great mercantile and banking experience, and was an auditor to many of the local joint stock companies. Mr. Jehangir was many years ago an assistant in the Mercantile Bank. On the establishment of the Central Bank he was appointed its accountant, and was subsequently promoted to the office of secretary at the time when the late Mr. John Gordon was the manager of the Bank. For some years past, Mr. Jehangir traded on his own account, and was latterly appointed joint secretary and manager of the Indian Fire Insurance

Company, Limited. He was an old Mason and a Past Master of Lodge "Rising Star of Western India." He was a universal favorite with those who knew him for his hearty, genial good nature and obliging disposition.

[*Bombay Gazette, 9th September* 1886]

તા૦ ૨૬ મી સપટેમબર.

રોજ ૯ માહ ૧ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

હોરમજજી ફરાંમજી, ઇજનેર—મી૦ હોરમસજી ફરાંમજી જેવણ હીંદી સરકારની સટીમર "જેલમ" માં વડા ઇજનેર હતા તેવણ ગઇ તા૦ ૨૬ મી સપટેમબરને દીને કોટરી ખાતે મરણ પામયા હતા. મરનારની આખાં પેનશનની મુદત આવતા અકટોબર માસમાં પુરી થનાર હતી જયારે તેવણ પેનશન લેઇ આશાયેશ ભોગવવા માટે ઓધો છોડનાર હતા. પણ કુદરતે એ આશા પાર પાડી નહીં. મરનાર મી૦ હોરમસજી સટીમરના બીજા અમલદારોમાં બહુ માનીતા હતા. કોટરી ખાતે વેપારવનજ વતરોગે માટે કેટલાક પારસીઓની તયાં વસતીછે.

[જામે જમશેદ, તા૦ ૨ જી અકટોબર ૧૮૮૬.]

26*th Setember* 1886.

HORMASJEE FRAMJEE, ENGINEER.—WE learn with regret of the death at Kotri on the 26th instant of Mr. Hormusjee Framjee, Chief Engineer of the I. G. S. "Jhelum." We understand he contemplated retiring from the Service at the end of October as he would have then completed his time in the Navy for full pension. But it was decreed otherwise. Mr. Hormusjee was very much liked by all who knew him, and held in great respect and esteem by his countrymen for his many good and amiable qualities

[*Sind Times, 29th September* 1886]

તા૦ ૨૮ મી સપટેમબર.

રોજ ૧૧ માહ ૧ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

નવરોજજી શોરાબજી મેહેરજીરાંણાના, દસતુર—

નવસારી, તા૦ ૩૦ મી સપટેમબર.

અતરેના જાણીતા દસતુર નવરોજી સોરાબજી મેહેરજીરાણાના ગયા મંગલવારે પાછલા પોહોરના પોતાની ૭૬ વરસની ઉમરે ગુજરયાછે. એ મરહુમ દસતુર અતી નમનતાઇવાલા ખવાસને માટે અતરે સારીપેઠે જણાયલા હતા. પોતાના પરેજગાર વીચારથી પોતાની જીંદગીમાં આગગાડીમાં બેઠા નહી એટલુંજ નહી પણ રેલવે સટેશન અને એવીજ બીજી જગા જયા ભંગયા વીગેરે કામે લાગેછે એવા વીચારથી તયા પણ ગયા નહી, અને ગમે એટલું દરદ ખમવા છતાં મરણ સુધી ડાકટરની દવા લીધી નહી. હાલના વડા દસતુરજીના બનાવા મરહુમ દસતુર કેકોબાદજીના વખતથી તેમના ઘેરમાં એઓ એક મુખય કારભારી હતા, અને પોતાનાં મરણ સુધી તેજ ઘેરમાં રહયા હતા, અને એમની ખાહેશ પરમાણે એમનું રવાન તેજ વડા દસતુરજીના ઘેરમાં મુકાવયું હતું. મરહુમ દસતુર કેકોબાદજીએ એ ગરહસથની મેહેનતનાં બદલામાં કેટલીક જમીન પોતાના વજીફામાંથી એમને બક્ષીસ આપી હતી, પણ નસીબનાં ચકરથી જયારે તે દસતુરજીના મરણ બાદ તેમના માગનારાઓએ તેમના છોકરાઓ પાસે સઘલું લઇ લીધું તયારે એ ભુલા ખવાસના દસતુરે પોતાને બક્ષીસ મલેલી જગા પણ એ છોકરાઓની મદદ માટે તેમના માગણામાંજ આપી દીધી હતી. ગયાં છ માસની વાત ઉપર એ મરહુમ દસતુરના વડા ભાઇ દસતુર સાપુરજી સોરાબજી ગુજરયા તે વખતે તેમની નાયબ દસતુરની જગા એમને મલી હતી, પણ એમની દેહ બરોબર ન હોવાથી એમના વડા દીકરા દસતુર એદલજીને કામચલાઉ ઠેડવયાછે, જેઓ હવે પછી કાયમ થશે, એ મરહુમ દસતુરની બાબજી

પરમાણે તેમની પાયદસતની મીજલસ અસાધારણ હતી. તેમનાં ઉઠમણાની મીજલસમાં અતરેના પારસીઓના મોટા ભાગે ભાગ લીધો હતો તે ઉપરાંત બહારગામોથી દસતુરો અને મોબેદો પણ આવયા હતા.

[જામે જમશેદ, તા૦ ૨ જી અકટોબર ૧૮૮૬.]

તા૦ ૮ મી અકટોબર.

રોજ ૨૧ માહ ૧ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

ફરામજી જામાસપજી ભાવનગરી—

સુરત, તા૦ ૯ મી અકટોબર.

અતરેના પરસીધ એકવાર બહુ જાહોજલાલી ભોગવેલા ભાવનગરી ખાંનદાનવાલા શેઠ ફરામજી જામાસજી ભાવનગરી ગઇ કાલે સવારના ૭ કલાકે પોતાની ૫૫ વરસની વયે એક માસ સુધી લકવાનું દરદ ભોગવી મરણ પાંમયાછે. મરનાર ફરામજી અતરેની મયુનીસીપાલીટીના સરકાર તરફના માજી કમીશનર તથા અતરેની પારસી મેટરીમોનીયલ કોરટના ડેલીગેટ હતા.

[જામે જમશેદ, તા૦ ૧૧ મી અકટોબર ૧૮૮૬.]

તા૦ ૯ મી અકટોબર.

રોજ ૨૨ માહ ૧ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

રૂસતમજી દોરાબજી દાદાભાઈ બુટી-

પુણા, તા૦ ૧૦ મી અકટોબર.

જણાવવાને દુઃખ ઉપજેછે કે પુણાના જાણીતા શેહેરી તથા તમારા મુંબઇમાં પણ સારી રીતે પલીટાયલા મી૦ દોરાબજી દાદાભાઇ બુટીનો એકપુરો દીકરો રૂસતમજી આજે પાછલી રાત પછી ૩ કલાકે મરણ પામયો હતો. મરનાર નજદીક ૧૨ દીવસની પેટના મરજ તથા તાવની માંદગી સેહેવી પોતાનાં આખાં કુટુંબને મોટી ગીરફતારીમાં નાખી ગયોછે. આ મરણની ખબર પડતાંજ પુણાના પારસીઓમાં મોટી દલગીરી ફેલાઇછે, જેમાં મી૦ દાદાભાઇની બોહોલી ઓલખાણવાલા બીજી કોમવાલાઓએ પણ ભાગ લીધોછે. આજે પાછલા પોહોરના મરનારનાં રવાંનને અવલમંજલ પોહોંચાડવાની કીરયા વખતે પારસીઓની એક અસાધારણ મોટી સંખયા હાજર થઇ હતી, જેમાં મુંબઇથી પણ કેટલાંક જાણીતાં પારસી કુટુંબો આવયાં હતાં. ખચીત એકપુરો મોટો બેટો ખોવો તે કાંઇ જેવી તેવી આફત નથી.

[જામે જમશેદ, તા૦ ૧૨ મી અકટોબર ૧૮૮૬.]

9th October 1886.

RUSTOMJEE DORABJEE BOOTTEE—It is with deep regret we have to announce the death of Mr. Rustomjee, only son of Mr. Dorabjee Dadabhoy Boottee, Secretary, Napier Hotel Company Ld The deceased was only fifteen years of age. He had been suffering from fever for more than a week, during which every medical aid that could be had in the station was obtained, but, unfortunately, he gardually sank and died, at three o'colck, yesterday morning. The funeral took place the same evening, and was largely attended by the members of the Passee community. Very general, indeed, is tne sincere sympthy felt for Mr. and Mrs Boottee in their terrible bereavement by the large circle of their friends and acquaintances, European and native, and extensive has been the expression of this feeling for them in their deep distress. Several of the bereaved parents' lady and gentlemen friends came in from Bombay to condole with them, among others being the Wadia and Mr N Byramji Jijibhoy's family,

[*Deccan Herald*, 11*th October* 1886.]

તા૦ ૨૨ મી અક્ટોબર.

રોજ ૫ માહ ૨ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

અરદેસર કાવશજી દીનશાહજી પીટીટ—શેઠ દીનશાહજી માણેકજી પીટીટનાં કુટુંબમાં બનેલા દુખદાયક બનાવની નોંધ લેતાં ભારે સંતાપ પેદા થાયછે. તેમના દીકરાના દીકરાનું મરણ તેમનાં કુટુંબને એક સંતાપ થઇ પડયું-છે, અને પારસી કોમમાં તેથી એ બુઝરગ શેઠયા તરફ લાગણી અને દીલસોજી ઉપજાઇ-છે. આ માઠા બનાવમા એ શેઠના સખી કુટુંબે જુદાં જુદાં ધરમખાતાઓમાં કરેલી સખાવત એક ગંભીર દીલાસો છે.

[યજદાપરરત, તા૦ ૩૧ મી અક્ટોબર ૧૮૮૬.]

તા૦ ૨ જી નવેમબર.

રોજ ૧૬ માહ ૨ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

બેહુરામજી હોરમજજી કડાકા—કાઠીઆવાડ જીલ્લાના એક શુરા સરદાર તરીકે અને શેહરસુધારાનાં ખાં તરીકે વખણા-એલા મી૦ બેરામજી હોરમજજી કડાકા કે જેમનાં જાણવાજોગ કામોપરથી આ પત્રે કેટલીકવાર નોંધ લઇને વાંચનારી આલમને તેમની ઓળખાણ કરાવેલી હતી તે ગ્રહસ્થ ગયા મંગળવારે મીઠી પીસાબનાં દરદની બીમારી ભોગવીને સ્વર્ગવાસી થયાછે. મર-નાર આ શેહેર કરતાં આખા કાઠીઆવાડ જીલ્લાની રઇયત અને રાજવંશીઓમાં વધારે જાણીતા હતા, કેમકે ત્યાંના અથંગ લુટારા બાહારવટીઆઓએ જે વખતે ત્યાંની પ્રજાને લુટફાટથી હેરાંન કરવા માંડી હતી અને તેમને હાથે ઘણાકોનાં વારંવાર ખુનો થતાં હતાં તેઓનાંના પાંચ છ મુખ્ય સરદારોને પકડીને ગરદન મારયા પછી તથા તે બાહાર-વટીયાઓનાં ટોળાં ઉપર ધરપકડ સાથે મોટો ત્રાસ બેસાડયા પછી પ્રજા અને રાજાઓ નીરભય થઇ ગયા હતા, જેનું જાણવાજોગ વરણન લાંબું હોવાથી આ પત્રનાં કદ તરફ જોતાં તે બધું જણાવવાને અમે અશકત છઇયે, તોપણ ટુકમાં કહીશું કે તેઓને જેર કરતાં મી૦ બેરાંમજી બે ત્રણવાર તેમના હાથથી ઠાર થતાં અછી તદબીરથી બચી ગયા હતા. ખુદ કેટલાક રાજાઓની પોતાની સલા-મતી તે બાહારવટીયાઓની ગોઠવણથી અચ-બુચ ઠાર થવાની મોટી ચીંતામાં હતી; એટલુંજ નહીં પણ તેઓની ત્રીજોરીપર વારંવાર હુમલા આવવાની તૈયારી હતી તેનો મી૦ કડાકાની સમયસુચકતાથી અટકાવ થયો હતો. તેઓની પુઠ પકડી જેર કરવામાં મરનારે થાક, ભુખ, અને તરસથી જેટલું ખમ્યુંછે તેટલું તેઓને હાથે એકવાર મરવાને શુર છોડયું નહોતું. તેમનાં તે વખતે સારાં નશીબે તીર અને ગોળીઓ શરીરથી થોડી ઇંચને તફાવતે પસાર થઇ ગઇ હતી અને તેવા ભયકર મામલામાં તેઓને પકડીને જેર કર્યાથી રાજા, રાણાં અને ઠાકોરોથીજ નહીં પણ ખુદ ઇંગરેજ સરકાર તરફથી રૂ૫૦૦) થી ૩૦૦૦) સુધીનાં કેટલીકવાર ઇનામો મલ્યાં હતા અને આવા મામલા-માં આખો કાઠીઆવાડ જીલ્લો શાંત થવાથી તથા લોકો નીરભય થવાથી ખુલે બારણે સુતાં ડર રહયો નહોતો, તેથી ચીફ અને આસીસ્ટંટ પોલીટીકલ એજંટો તરફથી તેમને સાબાશીનાં સરટીફીકેટો મલ્યાંછે. મી૦ બેરાં-મજીએ કાઠીયાવાડની આ એક મોટી સેવા બજાવ્યા પછી જે જે રાજાઓને સરહદને લગતી ભાંજઘડો ઉઠતી તેનો નીકાલ પોતે વચે આવીને બંને બેરફુને રાજી થવાજોગ રીતે લાવી સમજુતી કરાવતા, કોઇપણ સ્ટેટ-નાં ગરીબગુરબાંઓને કાંઇ ગુજરાન જેટલું આપીને તથા દુખીદરદીઓને પોતાની ગાંઠથી દવાઓ આપીને પોતે આશીરવાદ લેતા અને રાજ્યસુધારામાં પુષ્કળ મેહેનત લઇને તથા દેશની મેહશુલ વધારવાને પોતે ઘણા ખંતીલા બનીને પોલીટીકલ એજંટોની સાબાશી મેલ-વતા. મોરબી અને ઝીંઝુવાડા સ્ટેટની પાછળ મરનારે સારી સેવા બજાવીને ત્યાંના લોકોની એટલીબધી તો ચાહેના મેળવેલીછે કે મર-નારનાં મરણ વીશે સાંભળીને ત્યાંનું લોક ગમમાં ગીરફતાર બન્યુંછે અને રડતે ચેહેરે મરનારના લાગતાવળગતાઓ ઉપર દીલાશા-

પત્રો મોકલવા માંડયાંછે. મરનાર ઘણા લાયકીવાળા, મમતાળુ, નીષકપત, ચાલાક અને બાહાદુર હતા તેથી પોતાની હૈયાતીમાં ઘણા લોકોની બંધુભાવ જેવી મીત્રાચારી બાંધીને પોતાના તે મીત્રો અને સગાંસ્નેહીઓને છેલે ગમની ગીરફતારીમાં મુકી ગયાછે. મરનાર જોકે દુખથી નબળા થઇ ગયા હતા પણ પોતાનાં કૌવત અને હુશીયારીની નીશાની છોડી નહી હતી. તેમની ઉમર ૪૯ વરશની હતી તે દરમ્યાન ઇંગરેજ સરકારની કેટલીક નોકરી કર્યા પછી અને છેલે રજવાડાઓમાં ઉપર મુજબ બાહાદુરી અને દેશદાઝની સેવા બજાવીને પોતે છેલી આગમશ્રાની જગા લીધાથી અમે પણ લોકોની દલગીરીમાં ભાગ લેતાં જણાવીયે છીયે કે મરનાર તરફ અત્રેના લોકોનું માન અને પીછાણીયત કેટલું હતું તે તેમની પાયદસ્ત અને ઉઠમણાં વખત મળેલી મીજલશથી હરકોઇના ખ્યાલમા આવ્યા વીના રહેશે નહી.

[ગુજરાત મીત્ર, તા૦ ૭ મી નવેમબર ૧૮૮૬.]

તા૦ ૯ મી ડીસેમબર.

રોજ ૨૩ માહ ૩ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

કાવશજી નાનાભાઈ ડીસાવાલા—મી૦ કાવશજી નાનાભાઇ દીસાવાલાના ગયા બેસપતવારે સાજના દીસા ખાતે મરણ પામવાની ખબર મલીછે. મરનાર દીસાના મુખ્ય વેપારી તથા કનટરાકટર હતા અને પોતાની સભયતા તથા ઉદારતાથી દેશી તથા યુરોપયનોમાં સારો વગ તથા માન ધરાવતા હતા અને તેથી તેવણનાં મરણથી તયાં મોટી ગમગીની ફેલાઇછે.

[જામે જમશેદ, તા૦ ૧૧ મી ડીસેમબર ૧૮૮૬.]

તા૦ ૧૩ મી ડીસેમબર.

રોજ ૨૭ માહ ૩ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

રૂસતમજી રતનજી દાદાચાંદજી, એ૦—નોસારીથી દલગીરી ભરેલી ખબર મલીછે કે મુંબઇના હાલના ઘણા પારસી ગરહસથોના આગલા જાણીતા ઉસતાદ એરવદ રૂસતમજી રતનજી દાદાચાનજી ગયા સોમવારે ૬૭ વરસની ઉમરે તયા મરણ પામયા હતા. મરનાર ગરીબ માબાપને પેટે અવતરેલા હતા, અને પોતાનીજ ખંટથી જંદ અને ફારસીનું ઠીક ગ્નાન મેલવયું હતું. જવાન વયે મુંબઇ આવી રૂ૩ાા ના દરમાયાએ એક પારસી કુટુંબના છોકરાઓને તેવણ ભણાવવા રહયા હતા, જે પછી કોટમાં તેવણે એક નીશાલ કાહાડી હતી, જેણે લાંબો વખત વેર પારસી કુટુંબોમા સારૂં નામ મેલવયું હતુ અને આપણામાથી ઘણા જણાઓને હજી એ નીશાલની કેલવણીની તથા મરહુમ એરવદ રૂસતમજીની ચીમકીની યાદ છે. સટાની લાલચે એવણને પણ પોતાના તરફ ખેંચયા અને તે વખતે એવણે આ જાણીતી મુલ કેલવણીની શાલા કાહાડી નાખી હતી. મરનારના એક બેટા મી૦ કેરસાસપજી દાદાચાનજી આપણા કદીમ માનવંતા એલફીનસટોનીયનોમાના એક છે અને એમ. એ. તથા એલ. એલ. બી. ની પદવી લઇ ગાયકવાડ સરકારની નોકરીમા કેટલાક વરસો થયાં જડજની પદવી ભોગવેછે. તેવણના બીજા બે દીકરાઓ પણ સારી કેલવણી લઇ દુનયામાં બાહેર પડેલાછે. મરનારની અગાઉ મોટી ખાહેશ હતી કે જંદ ભાશાની એક તુલોતવીલ ડીક્ષનરી કાહાડવી અને તેને લગતી ઘણીક ગોઠવણો કરી પણ હતી, પરતુ તે અમલમાં આવી શકી નહી.

[જામે જમશેદ, તા૦ ૧૫ મી ડીસેમબર ૧૮૮૬.]

ઈ૦ સ૦ ૧૮૮૭.

તા૦ ૫ મા જાનેવારી.

રોજ ૨૦ માહ ૪ (શે૦) ૧૨૫૬ યજદેજરદી

કાવશજી એદલજી કોલંબોવાલા—શ્રી કોચીન તથા સીલોનના એક આગના જાણીતા પારસી વેપારી મી૦ કાવસજી એદલજી કોલં-બોવાલાના ગએ પરમ દીને ૭૫ વરસની બુજરગ વયે આંતરે મરણ પામવાના સમા-ચારની નોંધ લેવાને અમોને દલગીરી ઉપજે-છે. એ મરનાર ગરહસથ પોતાની નાહની વયથી પોતાના મરનાર સસરા શાપુરજી હીરજી ઓવનની સાથે કોચીન તેમના વેપારમાં મદદ કરવાને ગયા હતા, અને ઇ. સ. ૧૮૨૩ થી સીલોનનો વેપાર ચલાવતા હતા. ૧૮૪૬ માં શાપુરજીનાં મરણથી એવણ એકલા સઘલો વહીવટ ચલાવતા હતા, અને કોલમ્બો ખાતે મોહોટું માન તથા મરતબો ભોગવયો હતો, તે એટલાંસુધી કે એક વાર સીલોનની લેજીસ-લેટીવ કાઉનસીલમાં પરજા તરફના અખતીઆરી તરીકેની ચુંટણીમાં એવણને માટે પણ પુશકલ મતો પડયાં હતાં. સીલોનમાં એવણનાં ઘણાંક કારખાનાં ઇસટેટો હતાં. કોલંબો મધે એવણે જરતોસ્તી રવાનોને જુદીદા કરવાને પોતાની એક જગા એનાએદો કાઢી હતી.

[જામે જમશેદ, તા૦ ૮ મી જાનેવારી ૧૮૮૭]

તા૦ ૨૦ મા જાનેવારી.

રોજ ૫ માહ ૬ (ક૦) ૧૨૫૬ યજદેજરદી.

શોરાબજી પાલણજી દોલીમેહરજીના—અતરેના જાણીતા માશીઅરસ મેહરજી જાનસટનની કુંપનીના શેઠ શોરાબજી પાલ-ણજી દોલીમેહરજીના ગયા ભરેસપતવારે મરણ પામવાના સમાચારની નોંધ લેવાને અમોને ભારે દલગીરી ઉપજેછે. એ મરનાર પારસીઓને લગતાં ઘણાંક સંખ્યાબંદ ધરમ-ખાતાંના ટરસટી તરીકે મુગે મોહડે તેમને લગતો વહિવટ એકમારગીપણે ચલાવતા હતા. મરનાર સ્વભાવે મીલનસાર અને રાંક હોવાથી અતરેના ઘણા લોકોમાં માન સાથ પલોટાયલા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૩ મી જાનેવારી ૧૮૮૭.]

તા૦ ૨૮ મી જાનેવારી.

રોજ ૧૩ માહ ૫ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

બેહરાંમજી રૂસતમજી બારીઆ, નવસારીના—

નવસારી, તા૦ ૧ લી ફેબરવારી.

ગયા સુકરારે પારસી બેરાંમજી રૂસતમજી બારયા ઉરફે કેકવાલા સવારે સારી હાલતમાં સુતેલા ઉઠવા પછી ખુદરતની હાજતે જંઇ તયાજ થોડું લોહી વોમીટ કરી કાંઇપણ બોલયા ચાલયા વગર તરતજ પરાણ મુકી દીધો હતો.

[જામે જમશેદ, તા૦ ૪ થી ફેબરવારી ૧૮૮૭.]

1st *February* 1887.

DINSHA PESTONJEE KANGA—Beyond the small circle of friends with whom he was in special favour, Mr. Dinsha Pestonji Kanga was scarcely half so well known to the public at large as any one of the rising generation of public men with scarcely half his ability and worth. After a most successful course at College he laid the foundation of a solid reputation in his profession. As a citizen his career was a matter of only the other day ; and yet it often showed a no indistinct tendency towards taking the place of Mr. Dadabhai Naoroji in future. The points of resemblance were not very striking but they could not have escaped a careful observer. Close reasoning, fluent speech, ready powers of debate, with that cheery presence which

disarms opposition even where it cannot command assent—these appeared to us to be Mr. Kanga's special characteristics We had hoped ourselves to have the benefit of his co-operation some day in one form or another.

On the deliberations of the Bombay Presidency Association, of which Mr. Kanga was a prominent and an active member, he has, we believe, deeply impressed his personality Of this the Association are, no doubt, better qualified to speak. But the death of such a man, before he had barely crossed the threshold of civic life, is a grievous loss to the community of Bombay as much as to the political and other Associations. The Parsis lose in him a true believer, one who tried to live in all relations of life, up to the ideal of good thought, good speech and good deed Personally Mr. Kanga has been spoken of in the kindliest terms by those who knew him longer, but to that homage of his friends and associates we are not denied the privilege of adding our own tribute of affection and respect.

[*Indian Spectator, 6th February* 1887]

તા૦ ૧ લી ફેબ્રરવારી.

રોજ ૧૭ માહ ૫ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

દીનશાહ પેશતનજી કાંગા—જણાવવાને અમને અતીશય દલગીરી ઉપજેછે કે આપણા શેહેરમાં પલોટાઇ ગયલા જાણીતા સોલીસીટર મી૦ દીનશાહ પેસતનજી કાગા થોડા દીવસની માંદગી ભોગવી માતર એકજ દીવસની સખત માંદગીનો ભોગ થઇ ગયા મંગળવારે રાતના ૭ા કલાકે આ ફાંની દુનયા છોડી બીજી જેહાનમાં વાસો કરવા ગયાછે. પોતાના અતી મીલનસાર અને નમનતાઇભરેલા ખવાશથી, સુધરેલા સાથ પલોટાઇ જવાની ખાહેશથી અને અસાધારણ કામેલીયત તથા પરજાનાં ભલાને માટેની કાળજીથી મરનાર મી૦ દીનશાહ કાગાએ પોતાની ટુંક વયમા ઘણાક મીતરોનો તથા સંખયાબંધ વખાણનારાઓનો ચાહ ખેચ્યો હતો, જેઓને આ નજદીક અચબુચ મરણથી મોટો ગેહેરો લાગયોછે. મી૦ દીનશાહ કાગા નાની ઉમરમા મરણ પામયાછે, પણ અસાધારણ કારકીરદી પોતા પાછલ મેલી ગયાછે. ૧૮૭૦ ના વરસમા પરોપરાયટરી સકુલમાથી તેવણ ઉંચી પદવી સાથ મેટરીકયુલેશનની પરીક્ષામા પસાર થયા હતા. એ પરીક્ષામા તેવણ હાજર થયા તેની માતર ૧૦ માસ અગાઉ તેવણ લાટીન ભાશાનો એ પરીક્ષા માટે અભયાસ કરતા હતા, પણ ૧૮૭૦ ની મેટરીકયુલેશનની પરીક્ષા માટે "એલીસ પરાઇઝ" ગુજરાતી ભાશામાં પેહેલા નીવડનાર ઉમેદવારને આપવામાં આવશે એવું જાહેર થતાંજ તેવણે ગુજરાતીનો અભયાસ કરવા માડયો અને ખરેખર તેવણ પોતેજ પેહેલા નીવડીને એ ઇનામ લઇ ગયા હતા. ૧૮૭૨ મા એફ. એ. ની પરીક્ષામા પેહેલીજ વાર તેવણ ફતેહમંદ નીવડયા હતા અને બીજેજ વરસે બી. એ. ની ડીગરી મેલવી હતી, જેને લગતી પરીક્ષામાં ઇગરેજી ભાશામા પેહેલી પદવી ધરાવવા માટે ૩૨૫ ના દરમાયાની "એલીસ સકાલરશીપ" તેવણને મલી હતી. ૧૮૭૬ નાં વરસમાં ઇગરેજી અને લાટીન ભાશાઓમાં તેવણે એમ. એ. ની માનવંતી ડીગરી મેલવી હતી અને ૧૮૭૮ માં એલ. એલ. બી. થયા હતા. ૧૮૭૪ માં તેવણ મેસરસ જેફરસન અને પેન સોલીસીટરોને તયાં આરટીકલડ થયા હતા અને પાચ વરસનો અભયાસ કરી પેહેલીજ તપાસમા ૧૮૭૯ નાં વરસમાં સોલીસીટર તરીકે ફતેહમંદ નીવડયા હતા. તુરતજ તેઓ મેસરસ જેફરસન અને ભાઇશંકરની પેહેડીમાં ભાગયા તરીકે જોડાયા હતા અને એ પેહેડી સાથના સંબંધમાં એક સોલીસીટર તરીકે તેવણે

કેવું નામ કાહડયુંછે તે તો જેઓ એવણના સંબંધમાં આવયાછે તેઓ બરાબર જાણેછે. ૧૮૮૫ નાં વરસમાં તેવણને મુંબઈની નામદાર સરકારે યુનીવરસીટીના ફેલો બનાવી ગયે વરસ સુલેહના અમલદાર તરીકે નેમયા હતા. આપણી પરેસીડનસી આસોસીએશનનાં કામોમાં તેવણ મોટો લાભ લેતા હતા અને કલકતાની છેલ્લી નેશનલ કાનગરેસમાં મુંબઈના ડેલીગેટ તરીકે હાજર થઇ આવયા હતા. પારસીઓને લગતા મુકદમાઓમાં તથા કામોમાં તેવણે જે જાતી લાભ લીધોછે તે લાગતાવલગતાઓથી લાંબી મુદત વેર વીસરાનાર નથી. તેવણ એક સુભાખીત બોલનાર હતા અને વાજબી મધયમ વીચારો ધરાવતા હતા. તેવણ એક આથોરનાન હતા, આથોરનાન હોવાને લીધે મગરૂર હતા અને આથોરનાન ટોલાના ભલા તથા મરતબા માટે સદા કાલજી ધરાવતા. મી૦ દીનશાહ કાંગા સોલીસીટરનાં મરણથી કેલવાયલા દેશીઓમાંથી એક તુરાની જે ખોટ ગઇછે તે પુરાવી મુશકેલ છે અને લાંબી મુદત વેર તેની દુઃખભરી યાદ રહી જવાની.

[જામે જમશેદ, તા૦ ૩ જી ફેબરવારી ૧૮૮૭.]

તા૦ ૧૧ મી ફેબરવારી.

રોજ ૨૭ માહ ૬ (ક૦) ૧૨૫૬ યજદેજરદી.

શાવકશાહ મેહરવાનજી મરજબાંન—મરઝબાનનાં ખાનદાનના એક જુઆન નબીરા મી૦ શાવકશાહ મેરવાનજી મરઝબાનનુ અકાલ મરણ નોંધવાને અમોને અતીઅત દલગીરી પેદા થાયછે. મી૦ મેરવાનજીના બે દીકરાઓ ભરજુઆનીએ પુગીને અગાઉ મોહોતના ભોગ થઇ પડયા હતા, તેમાં આ ત્રીજાના મરણથી લાગેલા કારી જખમો વધારે દુખદાયક થઇ પડયાછે. એક ચોવીસ, બીજો બાવીસ અને વલી આ શાવકશાહ એકવીસ વરસની વયે પુગીને ઉઠી ગયા, તે બનાવ તીરાહેત સાંભલનારને વટીક ગમખારીમાં ગીરફતાર કરવાને બસ છે. વલી અચંબો ઉપજાવવા જોગ બનાવ એ છે જે, ત્રણે જુઆનો મેત્રીકયુલેશનની પરીક્ષાને માટે તઇયાર થયા હતા પણ પરીક્ષામાં નીષફલ ઉતરવા પછી સઘલાઓ ચાર કે છ માસના અરસામાં મોહોતને તાબે થયા હતા. મી૦ મેરવાનજીની બુજરોગ વયમાં આ સંતાપ ભરેલા બનાવ માટે બચીત અમો તેમજ તેમના બીજા મીત્રોમાં દલગીરી પેદા થઇછે.

[કયસરે હિન્દ, તા૦ ૧૩ મી ફેબરવારી ૧૮૮૭.]

તા૦ ૧૨ મી ફેબરવારી.

રોજ ૨૮ માહ ૫ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

જાલભાઈ ખરશેદજી પોંહચખાંનાંવાલા, કરાંચીના—

કરાંચી, તા૦ ૧૬ મી ફેબરવારી.

લખવાને ઘણી દલગીરી લાગેછે કે અતરેના એક જુના રેહવાશી ગ્રહસથ મી૦ જાલભાઇ ખરશેદજી પોંહચખાનાવાલા તા૦ ૧૨ મી ને સનીવારે હક થયાછે. કરાંચી શેહેરમા તેવણના ગુજરીઆથી પારસીઓમા ઘણી દલગીરી ફેલાઇછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૮૭.]

તા૦ ૨૪ મી ફેબરવારી.

રોજ ૧૦ માહ ૭ (ક૦) ૧૨૫૬ યજદેજરદી.

નવરોજજી ખરશેદજી બનાજી—જણાવવાને દલગીરી ઉપજેછે કે આપણા શેહેરના એક બુઝરગ પારસી ગરહસથ મી૦ નવરોજજી ખરશેદજી કાવસજી તે આપણા જાણીતા ટાઉન કાઉનસીલર મી૦ મનચેરજી નવરોજજી બનાજીના પીતા ગઇ કાલે પરોઢયામાં ૭૨ વરસની ઉમરે હક થયાછે. તેવણ આગલા સાહશીક વેપારી તથા જાણીતા પારસી અકાબર મરહુમ ખરશેદજી કાવશજી બનાજીના વડા બેટા હતા. ઇ૦ સ૦ ૧૮૩૬ ના વરસમાં એવણના પીતાએ પેહેલવેહેલી ચીન ખાતે "હીરજી તથા નવરોજજી ખરશેદજીની કું૦" ને નામે પેહેડી ઉઘાડી તયાં મરનારને તથા મી૦ હીરજી જહાંગીર રેડીમનીને મોકલયા હતા અને એઓની સાથે એજ પેહેડી ઉપર કારભારી તરીકે મરહુમ

ખુરશેદજી નોશરવાનજી કામાજી પણ ગયા હતા. તેઓ તથા બીજા ૧૨ પારસીઓ સઘલા સાથે વાહણ "કાસટલ હંટલી" મા તા૦ ૩૦ મી જાનેવારી ૧૮૩૯ને દીને પાછા મુંબઈ આવયા હતા અને ચીનથી આવી મોટી સંખ્યા સાથે પાછા ફરવાનો એ અસાધારણ બનાવ હતો. એ બાદ તા૦ ૩ જી નવેમબર ૧૮૪૨ ને દીને એવણના પીતાએ મરનારને પોતાની પેહેડીમાં ભાગયાં કરી "ખરશેદજી કાવસજી એંડ સનસ" ને નામે તે ચલાવવા માંડી. ૧૮૪૭ માં પોતાના બાવાનાં મરણ પછી તેવણ એકાંતવાસ થયા હતા. મરહુમ કાવસજી બેહેરામજી બનાજીનાં આતશબેહેરામને લગતા ગાહમબાર ફંડના તેવણ ૧૮૫૪ થી એક ટરસટી હતા.

[જામે જમશેદ, તા૦ ૨૬ મી ફેબરવારી ૧૮૮૭.]

24*th February* 1887.

Nowrozjee Cursetjee Banajee.—Another link between old Bombay and new has been snapped by the death of Mr. Nowroji Cursetji Banaji, son of the late Mr Cursetji Cowasji, in many respects the most notable of the Banaji brothers An account of Cursetji Cowasji's life, so romantic in its leading incidents, would repay perusal, and we should like his grandson to arrange with the author of *Parsi Prakash* for an English version of the narrative. Mr. Nowroji seems to have led a retired life for years. He went off quietly on Thursday morning.

[*Indian Spectator*, 27*th February* 1887.]

4*th March* 1887.

Bhikaijee, Widow of Rustomjee Jamsetjee Jeejeebhoy.—Bai Bhikaijee, widow of the late Mr. Rustomjee Jamsetjee Jejeebhoy, second son of the first Parsee Baronet, died yesterday.

[*Times of India, 5th March* 1887.]

તા૦ ૧૦ મી મારચ.

રોજ ૨૪ માહ ૭ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

જીવણબાઈ તે મેહરવાનજી લીમજીભાઈ બીલીમોરીઆનાં વીધવા—૧૦૧ વર્ષની લાંબી ઉમરે મરણ પામેલી એક ભાગ્યશાલી પારસી બાનુના મરણ-સમાચાર વાંચનારે અમારી ગયાં અઠવાડિયાંની મૃત્યુની ટીપમાં વાચ્યા હશે. લાંબા આયુષનો એક એવો નવાઇજેવો દાખલો બન્યોછે કે જેની નોંધ પોતાની મેળેજ કેટલીક વિશેષતા ધરાવેછે અને આ મરનારને વિષે સઘળું જાણવાની આપણને પોતાની મેળેજ જીગ્નાશા થાયછે. બાઇ જીવણબાઇ જેઓ મી૦ રૂસ્તમજી મેહરવાનજી બીલીમોરિયાનાં માતા, તથા મીશીયર્સ ફરામજી અને ખરશેદજી કાવસજી મેહતાની માતાનાં બપાઇ અથવા મમાવાનાં મા, યાને આપણા જાણીતા શેહરી મી૦ કાવસજી શાપુરજી મેહતાના આગલા બપાઇસાસુ હતાં. એમનો જન્મ સને ૧૭૮૬ માં બીલીમોરા ખાતે થયો હતો જયાંથી તેવણ ૪૧ વર્ષની વ્રધ વયે મુંબઇ આવ્યા હતાં અને એ રીતે અહીના ફક્ત રેહવાસનેજ ૬૦ વર્ષ થયાંછે. એમના ભર્તાર મરનાર મેહરવાનજી લીમજીભાઈ બીલીમોરિયા બંગાલના વેપારી હતા અને તેઓ ઘણા વર્ષ ઉપર ગુજરી ગયા હતા જે પછીથી તેઓ પોતાના સાવકા દીકરાની દીકરીના દીકરા મી૦ ફરામજી અને અને ખરશેદજી મેહતાને ત્યાં રેહેતાં હતાં અને પોતાનાં સાવકાં ફરજંદના એ વંસવેળાને પોતાના બચ્ચા સમાન ચાહતાં હતાં. મરનારની એ લાંબી જીંદગી પોતેજ તેમની તનદરોસ્તીનો પુરાવો છે, કાંકે સુખાકારી વગર લાંબી જીંદગી ભોગવી સકાયજ નહી. પણ બાઇ જીવણબાઇની તનદરોસ્તી ઘણી સારી હોવી જોઇયે, કાંકે મરણના દિવસ સુધી તેવણ પુરતી હોશ્યારીમા હતાં. તવણની યાદદાસ્ત અજાયબ જેવી સારી હતી. સર્વના બાજ રોજગાર વગેરે દિવસો તેમને મોહડે હતા અને પુત્ર પોત્રોજ નહી પણ પોત્રાના પુત્ર

પુત્રીઓની વર્ષગાંઠ સઘળી તેવણને યાદ હતી. દીર્ઘાયુષ માણસો ઘણું કરીને ખાવા પીવાની પરહેજીવાળા હોયછે અને તેમની મુખ્ય સંભાલ ખોરાકનો અમુકજ વખત વિષે હોયછે. મરનાર બાઇ જીવણાઇમા એ ગુણ ઘણો તપાસવા લાયક હતો. તેવણ દાહડામા બેજવાર ખાતાં હતાં, તેમા પેહલું ભોજન સહવારના ૧૦ તથા બીજું ભોજન સાંજના ૩॥ થી ૪ વાગતે લેતા અને એ વખતથી વધારે કદી પણ મોડું થવા દેતા નહી હતા. રાતના ખાણાની એઓને ટેવજ નહી હતી, અને રાત્રે "હલકાં સુવાની" ડાકટરોની હમેશની ભલામણોને આ દાખલાથી જીવતો ટેકો હતો. તેવણ જમવાના વખતને માટે એવા ચોકસ હતા કે પોતાના ઓરડામાં અકસર કરીને ઘડીયાલ રખાવતા અને તેને ચાલતું રાખવા સારૂં ચાવી અપાવવાને ઘણી તાકીદ કરતાં અને તેવણ "છોકરાઓ" ઉપર ઘણાં ખફા ત્યારેજ થતાં કે જયારે તેઓથી ઘડીયાલને ચાવી આપવામાં કદાચ ગફલત થઇ હોય. ઘડપણ તે બીજું બચપણ કેહવાયછે અને તેમ છેલા બે ત્રણ વર્ષ થયાં મરનારને મીઠું ખાવા તથા મોહડું સમારવાનો શોખ બચ્ચાંના જેવોજ થતો ગયો હતો. કેક, હલવો, પેપરમીંટ, દ્રાક્ષ એવું એવું એવણ દરરોજ માંગતા અને વળી એઓને દરરોજ નવી મીઠાઇ ભાવતી, પણ કોઇબી મીઠાઇ વિના એમને ચાલતું નહી હતું. જો કાંઇ નહી હોય તો રોટલી વડે ખાંડ પણ ખાતાં અને જોકે પોતાના મોહમાં દાંત નહી હતા તોપણ "ગોળપાપડી" જેવી કઠણ મીઠાઇ પોતાના મોહમાં વગોળી વગોળીને ખાતાં હતા. તેઓને જુદદીનને હાથનું ખાવાપીવાની જબરી છીટ હતી તે અંહીસુધી કે આઇસ અને આઇસનાં પાણીને વટીક તેવણ આખી જીંદગી સુધી અડકયાં નહી હતાં, પણ આ લાંબી જીંદગીના પાછળા દિવસોમાં એવણની એ છીટ પણ નીકલી ગઇ હતી અને આજ બે ત્રણ વર્ષ થયાં તો તેમને એ જીણસો વગર ચાલતું નહી હતું. એઓની તનદરોસ્તી સારી હતી. મરવાની છેલી ઘડી અગાઉ એઓએ પોતાનું ભાણું માગ્યું હતું, પણ તે આવે તેટલાં અચબુચ ડાકી નાખી દઇને પ્રાણ મુકી દીધો હતો. એઓ ૯૦ વર્ષનાં થયાં ત્યાંસુધી દાદરો ચહડતાં હતાં પણ છેલા દસ વર્ષ થયાં એમનાંથી તે ચહડ ઉતર થતી નહી હતી. આજ બે વર્ષ અગાઉ સુધી તેવણ ઓરડામાં હાલતાં ચાલતાં હતાં, પણ તે પછી એમની જાજી ચાલહાલ બંધ થઇ હતી. મરનારના કુટુંબીઓ ઘણાખરા લાંબા આયુષના હતા. એમના બાપ ૭૫ વર્ષના ગુજરી ગયા હતા. એમના બે મરનાર ભાઇઓમાંના એક ૭૫ તથા બીજો ૮૫ વર્ષની વયે મરણ પામ્યા હતા. હાલ એમના બે "નાના" ભાઇઓ બીલીમોરામાં જીવેછે તેઓમાંનો "સહુથી નાનો" આસરે ૭૫ વર્ષનો છે અને બીજાની ઉમર સુમારે ૮૫ વર્ષની છે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૦ મી મારચ ૧૮૮૭.]

તા૦ ૨૨ મી મારચ.

રોજ ૬ માહ ૭ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

રૂસ્તમજી રતનજી ભરૂચા—ઠરાવની મજબુતીમાં નોશાકરા વધતા કે ભરૂચા એ એક સવાલ છે કે જે ઘણીવાર વિચારવા જોગ થઇ પડેછે. નોશાકરા એંટાલ કેહવાયછે, પણ ભરૂચી એંટ તેમનાથી વધેછે. અહીં અમે એંટાલપણું એક દૂર્ગુણ લેખે નહી પણ મનની મજબુતીના સદગુણ લેખે તપાસીયે છીયે, અને તે સદગુણ વિષે અગર નોશાકરાઓ પોતામાંથી એક દાદાભાઇ નવરોજજીનો દાખલો બતાવી શકેછે તો ભરૂચાઓ પોતાના એક નવરોજજી ફરદુનજીના દાખલા ઉપર મગરૂર રહી શકેછે. આપણ કહીશું કે એ બેહુ નામાંકિત નરોમાં ચોકસ વિશેષ ખુબીઓ છે, તે એક નોશાકરો અને બીજો ભરૂચો હોવાથી છે, અને પોતાના ઠરાવની મજબુતી એક તેવી ભલી વિશેષતા

છે કે જે ભરૂચા ભાઇઓ ભલાને અર્થે વાપરી શકેછે. એવા એક અસલી પણ ગરીબ ભરૂચાના મરણ ઉપરથી અમોને આ વિચારો સુજયાછે, તે મરનાર રૂસ્તમજી રતનજી ભરૂચા જેઓ ગયા મંગળવારને દીને ગુજરયાછે તેમનો દાખલો છે. આ મરનાર મુંબઇના એક અસલ વખતના શિક્ષક હતા અને આપણામાં કેટલાક જાણીતા પુરૂષો પોતાના બાળપણની તરબિયત એ મરનારના દ્રઢ દિલની સંભાલ તલે પામ્યા હતા. તેવણની ચંદનવાડીમાં અસલી એક સ્કુલ હતી ત્યારથી કોઇ ઘણી કીમતી મનની કેળવણી કરતાં દિલના ગુણો તથા કવાયદને ખીલવવામાં તેવણની શખ્તાઇ ઘણી જાણીતી હતી. દરિયાના પાણી જે તે વખતે હિંદુઓના સ્મશાનને અડકતાં હતાં અને એ સ્મશાન ઉંચે એક પથરના કીલ્લાપેરે હેઠલના દરિયા કિનારા ઉપરથી લાગતુ હતું તે વખતે ત્યાં સમુદ્ર તીરે ફરવા અથવા મેદાનમા ખેલવા અથવા આતશબેહરામમાં એબાદત કરવા નિશાળિયાઓનું એક નાનું જેવુ સરઘસ નીકલતું તે આ મરનાર રૂસ્તમજી ભરૂચાના શિષયો લેખે જાણીતું હતું. સરઘસની સરદારી ઉપર તેવણ ચાલતા અને જેમ નિશાળની બાહાર તેમજ અંદર ઘણીક કઠિણ પણ કવાયદ ભરેલી કેળવણીથી તે મજબુતીના બી મરનારે પોતાના તે બાળક ચેલાઓનાં મનમાં રોપ્યાં હતાં. પાછળથી કેળવણીનો જમાનો સુધરતો ગયો તેમ આ એક વખતના ઉસતાદનો ધંધો પડી ભાગ્યો, પણ પોતાની જુવાનીમાં કેટલીક બાબતો જે મજબુતીથી પકડેલી તેને બુઢાપામાં છેક જીંદગીના અંત સુધી તેવણ એંટાલપણે વલગી રહ્યા હતા. ગયા સોમવારે જમશેદી નોરોજ ગયો, તે પારસીઓનાં નવાં વર્ષનો ખરો દાહડો છે અને ફરવરદીન મહીનો તથા હોરમજદ રોજ એ દાહડાથી ગણવો જોઇયે, એ મરનારનો પ્રથમ વિચાર હતો અને તે વિચાર મુજબ પોતે ચાલનાર તથા પોતાના ઘેરને ચલાવનાર ગણત્રીના એક બે પારસીઓમાં મરનાર હતા. તેવણ ધર્મ ઉપર ઘણા ચુસ્ત અને ભણનાર ગણનાર હતા, પણ આજ ઘણાં વર્ષોથી તેવણે પોતાના ઘેરના ક્રિયામાર્ગમાં એ નવો રોજ માહ ચાલુ કરેલો હતો. એજ પ્રમાણે પ્રાણહત્યાનો એમનો કમકમાટ જાનવરી ખોરાકને છેક જુવાનીથી તજી દઇ તેઓએ બતાવ્યો હતો, પણ તે કયાંસુધી? જેને આપણા લોકો “ પરહેજી ” કેહેછે તેમાં માછલા અને ઇંડાંનો તો આસાનીથી ભક્ષ કરેછે, જાણેકે માછનાં અને મુર્ગનો તે કાંઇ જીવ હોયજ નહી. પણ મરનાર રૂસ્તમજીએ માંશભક્ષણ વરજ્યું તો માછલાં, ઇડાં અને એવા બીજા સઘળા ખોરાકને આખી જીંદગી સુધી એઓ અડયા નહી હતા. અમે કાંઇ ભાજીખાઉઓના હીમાયતી નથી, તોપણ મરનારને ધનસાફ આપવા કેહવું જોઇયે કે જાનવરી ખોરાક તજી છાંડવાથી મરનારે પોતાની દેહથી કાંઇ ખમ્યું નથી એમ તેના આગળા ચેલાઓ આજવેર કબૂલ કરેછે. મરનારમાં દિલની દ્રઢતા બીજા એવા ઘણા દાખલાઓથી જણાતી હતી. પણ તેવણ એ બાબતોમાં મજબુત હતા, કાકે, અમે ધારીયે છીયે કે તેવણ એક ભરૂચા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૭ મી મારચ ૧૮૮૭.]

તા૦ ૨૭ મી મારચ.

રોજ ૧૧ માહ ૭ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

ડોસાભાઇ ફરામજી રાંદેલીઆ—મરનાર મી૦ ડોસાભાઇ ફરામજી રાંદેલીયા જેઓ ગયા રવીવારે સેજ માદગી પછી ૪૬ વર્ષની જુવાન વયે અચબુચ અને અકાળ મરણ નીપજ્યુંછે તેમના ગુજરવાથી આપણા પારસી લખનારાઓમાંથી એક જણાયલી કલમની ખુટ પડીછે. મરનાર ઘણા સાદા અને એકમારગી હતા, પણ જાહેર લખાણ કરવાનો એમને ઘણા વર્ષનો શોખ હતો. કેટલીક મુદતની વાત ઉપર એવણ “ સ્ત્રીબોધ ” ના એક અધિપતિ હતા, જે વેળા “ પીઆરો,”

"ધીરજનું ધન" અને બીજાં નાટકરૂપી તથા વાર્તારૂપી લખાણો એઓએ રચ્યાં હતાં, પણ "જીંદગી જોગવવાની જુગતી" એ નામના જાણીતાં પુસ્તકના રચનાર દાખલ એઓ વધારે જાણમાં આવ્યા હતા, કેજે જોકે ઇંગ્રેજી ઉપરથી તરજુમો કરેલુ છે પણ મરનારની છટાદાર ગુજરાતીથી તથા અસલ ગ્રંથ ઉમદા નીતિસંબંધી શીખસુખથી તે વખણાયલું પુસ્તક છે અને તેની ઘણી આવૃતિઓ થઇછે, જેમાંની એક આવૃતિ મી૦ જાહગીર બેજનજી કરાંણીએ હમણાજ પોતાના છાપાન્યાં સાથે જ્યુબિલીના વધારા લેખે બાહાર પાડીછે. "દાદે દરિયાવ" નામનું જાણીતું નાટક પણ મરનાર મી૦ ડોસાભાઇએ શેક્ષપીયરના "પેરીક્લિસ" ઉપરથી રચ્યું હતું અને એમનું ગુજરાતી લખાણ પસંદ પડવાથી મી૦ સોહરાબજી શાપુરજી બંગાલી સી. આઇ. ઇ. એ પારસી બાનુઓને માટે એક સુંદર "પત્ર પોથી" એ મરનાર પાસે રચાવી હતી. એઓ એક વીધવા તથા ઘણા બચરવાલ કુટુંબને ગરીબી વચે મુકી ગયાછે, જેમના દુઃખમા અમે પુરતો ભાગ લઇયે છીયે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩ જી આપરેલ ૧૮૮૭.]

તા૦ ૨૧ મી આપરેલ.

રોજ ૬ માહ ૮ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

કાવશજી ફરામજી ઘાસવાલા—જણાવવાને દલગીરી ઉપજેછે કે પુણાવાલા મી૦ ફરામજી દોરાબજી ઘાસવાલાના ૨૦ વરસની ઉમરના જવાન બેટા મી૦ કાવસજી ગઇ પરમની સાંજે, એક કમનસીબ અકસમાતમાં થયલી ઇજાની અસરથી મરણ પામયાછે. મરનાર થોડોજ વખત થયો કાલેજમાં પડેલી ગરમીની રજા ભોગવવા અતરેથી પુણે ગયા હતા અને ગયા સોમવારે બે બીરાદરો ભેગા તેવણ સરતના રસતા ઉપર ઘોડાપર ફરવા નીકલયા હતા. તરણે જવાનોના ઘોડાઓએ મસતી કરવાથી તેઓ ઉડલાઇ પડયા હતા અને તરણેને ઇજા થઇ હતી પણ મરનાર ઉંધે મસતક પડવાથી તેવણને એટલી તો સખત ઇજા થઇ હતી કે તેવણ તરતજ બેહોશ થયા, અને તેમાંથી સેવટ સુધી હુશયાર થયાજ નહી. મરનાર એક ચંચલ જવાન હતા. તેવણ અતરેની એલફીનસટન કાલેજમાં કેલવણી લેતા હતા, અને ફરસટ બી. એ. માં પસાર થયલા હતા.

[જામે જમશેદ, તા૦ ૨૩ મી આપરેલ ૧૮૮૭]

21*st April* 1887.

COWASJEE FRAMJEE GHASWALLA.—It is with deep regret we announce the death of Mr. Cowasjee Framjee Ghaswalla, which took place at his residence at Wanowrie yesterday afternoon. It appears that on Monday evening last, he met with an accident while riding one of the race-horses belonging to his father, Mr. Framjee Dorabjee Ghaswalla. The horse shied and bolted away, and threw him, but unfortunately one of his feet was caught in the stirrup, and it appears he was dragged along by the horse in that state to some distance. He was picked up in an unconscious state and remained so until yesterday afternoon, when he expired. He was only twenty years of age, and was a very promising young man, he was studying at the "Elphinstone College" and was preparing for the B. A. Examination, Great sympathy is felt for the family, by the friends and admirers of Ghaswalla's, and by the Zoroastrian, community at large, in Poona.—*Poona Observer*, April 22.

[*Times of India*, 23rd *April* 1887.]

તા૦ ૨૮ મી આપરેલ.

રોજ ૧૩ માહ ૮ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

રતનબાઈ તે કરાંચીવાલા જમશેદજી રૂસતમજી ઘડીઆલીનાં ધણીઆંની—

કરાંચી, તા૦ ૭ મી મે.

અતરેના જાણીતા શેઠ જમશેદજી રૂસતમજી ઘડીઆલીનાં ધણીઆણી બાઇ રતુબાઇ, કેટલાક દીવશની બીમારી ભોગવી ગયા ગુરૂવારને દને પોતાની ૬૭ વરસની ઊમરે રાતના હક થયાંછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૪ મી મેએ ૧૮૮૭.]

તા૦ ૩૦ મી આપરેલ.

રોજ ૧૫ માહ ૮ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

બરજોરજી દોરાબજી કોપર, ડાકટર— વેલાતવાળા ડાકટર બરજોરજીનું મરણ— જણાવવાને દલગીરી ઉપજેછે કે આ તબીબ ગઇ કાલે ૬૩ વરસની ઉમરે મરણ પામ્યાછે. મરનારે આપણી તરફ જાહેર સવાલોમાં ભાગ લીધેલો અમો જાણુતા નથી, તોપણ તેમનાં કેટલાંક કામો રૂડાં હતાં. તેઓએ એલફીન્સ્ટન ઇન્સ્ટીટયુશનમા કેળવણી લીધી હતી અને મેડિકલ કાલેજમાં વૈદું શિખી પેહલવેહેલા બાહેર પડનારા જવાનિયાઓમાં મરનાર એક હતા. તેઓએ કોટનું ધર્મનું દવાખાનુ થોડાંક વરસો સુધી મુફત ચલાવ્યું હતું, અને પછી પોતાનાં કુટુંબ જોડે વેલાત જઇ ત્યાં તેવણે પોતાનાં બાળકોને કેળવણી આપવામાં અને પોતે વેપાર કરવામાં ૧૧ વરસ ગુજાર્યાં હતાં. આ મુદતમાં મરનારે ૩૦ લાખથી વધારે રકમની દોલત પેદા કીધી, જેમાંથી મુંબઇ મધે એક હાસ્પિટલ અને છોડીઓ માટે એક નિશાળ સ્થાપવાનો તેમનો વિચાર કેહેવાતો હતો અને તે માટે તેઓ નાણાંની મોટી રકમો હેલાયદી કાહાડનાર હતા, પણ ૧૮૬૪ માં અમેરીકા ખાતેની માહોમાંહેની લડાઇ પુરી થતાંજ જે કડાકા સાથ હજારો લોકો ખુહાર થયાં તેમાં મરનાર પણ એક હતા. પોતાની દોલત ગુમાવીને ડાકટર બરજોરજી મુંબઇ ખાતે પાછા ફર્યા અને વૈદાનો ધધો જારી કીધો. તેમને મ્યુનિસિપાલિટી તરફથી વૈદાના એક પરીક્ષક નેમ્યા હતા જે ઓધો તેઓએ પોતાનાં મરણ સુધી ચલાવ્યો હતો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧ લી મેએ ૧૮૮૭.]

30th April 1887.

DR. BURJORJEE DORABJEE COOPER. —We regret to announce the death, on Saturday, at his Fort residence, of Dr. B. D. Burjorjee, at the age of sixty-three years. He was educated at the Elpinstone Institute and was one of the first batch of Graduates of the Grant Medical College. He practised for some time in Bombay, and rendered gratuitious services to the Fort Charitable Dispensary. He proceeded in 1858 to England for the purpose of personally superintending the education of his children and for trade. During his stay in England for eleven years, he amassed a fortune of over thirty lakhs of rupees, but at the close of the American civil war, in 1864, he lost his fortune as did others who had embarked in the cotton trade. He was a staunch friend of female education, and one of the cherished objects of his life was to establish a girls' school in Bombay on a large and permanent basis, and to build and endow a hospital, but reverses in trade prevented the carrying out of his intentions. After his return to Bombay, in 1868, he resumed medical practice, and was appointed medical examiner to the local municipality, which post he held up to the time of his death. His funeral

took place yesterday morning, and was largely attended by his relatives and friends.

[*Bombay Gazette*, 2nd *May* 1887.]

તા૦ ૨ જી મેએ.

રોજ ૧૭ માહ ૯ (ફ૦) ૧૨૫૬ યજદેજરદી.

શોરાબજી ફરાંમરોજ સાટીનના—

૨ જુન, તા૦ ૬ થી મેએ ૧૮૮૭.

તા૦ ૨ જી મે અને સોમવારે સહવારથી મારમારનો વરસાદ પડવો શરૂ થયો હતો. એ વખતે વલી કમભાયગે આપણા જરથોસ્તીઓમાં એક દુખદાયક બનાવ બનયો હતો. અત્રેના પુરાના આરમીનયન વેપારીઓ મેશરસ બાલંતજારની કંપનીના મેનેજર મી૦ સોહરાબજી ફરામરોજ સાતીનના જેવણે નજદીક અગયાર વરસ ઉપર ઉપનાં ફરમમા રૂ૪૦૦) ન દરમાયાએ નોકરી કરી સારૂ નામ મેલવયું હતું, તેવણ તા૦ ૨ જીએ સહવારના આફીસમાં આવયા બાદ એકાએક બેસુધ થઇ ગયા હતા. તુરતજ ડાકટરો મેહેતા તથા પારખની બેગી મદદ બોલાવામાં આવી જેઓએ આવી પોતાથી બનતા આપતા ઉપાયો લઇ ઘણી કોશેશ કરવા છતાં, મોહોતના જમે એવણુઉપર મજબુત તરાપ મારી હતી, જેથી એવણ બે કલાકમાં પોતાનો પયારો જાન છોડી આએ ફાની જેહાનમાંથી વાસો ઉઠાવી ગયાછે. જરથોસ્તીઓમા એથી ભારે દલગીરી ફેલાઇછે.

[કયસરે હિન્દ, તા૦ ૧૫ મી મેએ ૧૮૮૭.]

તા૦ ૪ થી મેએ.

રોજ ૧૯ માહ ૮ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

હોરમજજી એદલજી કોટવાલ—એક વીકરાલ વાઘના સપાટામાં સખત ઘાયલ થઇ આખરે તેનો ભોગ થઇને જાણીતા પારસી શેકારી મી૦ હોરમસજી એદલજી કોટવાલ ગયા બુધવારે રાતના મરણ પામયા હતા જે ખબરથી દરેક વાંચનારને મોટો ખેદ ઉપજયો હશે. મરનાર પેહેલા દરજાના વાઘના શેકારી હતા, તોપણ તેવણનું અંગ બહુ કાવલું દેખાતું હતું અને તેવણની વાઘ મારવાની બાહાદુરી તેવણની હીમત તથા કલામા સમાયલી હતી. દેશી રાજમાં બાપદાદાથી વસતા આવેલા હોવાથી તેવણ હીદુ પોશાક પેહેરતા હતા અને લાલ રંગની મરાઠા પાઘડી, હીંદુ ઘપની દગલી, પગમાં સુરવાલ તથા રૂપાનાં કરાં અને મરાઠા ફાશીનના જોડા તથા મજબુત બાંધેલા કમરબંધમાં ખંજર તથા તલવારથી તેવણ એક મરાઠા લડવઇયા જેવા લાગતા હતા, જોકે તેવણનો પારસી ચેહેરો તેવણની કોમ બતાવવા માટે પુરતો હતો. આવા બાહારના હીદુ પોશાક છતાં મરનાર અસલી વીચારના ધરમની લાગણીવાલા જરતોસતી હતા. મરનારના પીતા તેવણને બચગીમાં મેલીને મરણ પામવા પછી તે પીતાનું વાંસદા ગામનું દારૂને લગતું કામ મરનાર મી૦ હોરમસજીનાં માતા ચલાવતાં હતા અને એ માતાએ પોતાના આ એકપુરા દીકરાને ઉપરતપકેની જુજ ધંધામાં કામે લાગે એવી કેલવણી આપીને પોતાનાજ દારૂના ધંધામાં નાખયા હતા. જયારે તેવણ ૨૫ વરસની ઉમરના થયા તયારે એક તોપીવાલા સાહેબને વાંસદાના જંગલમા વાઘ મારતાં જોઇ તેવણનો પણ લડાયક આગલો ખવાશ ઉશકેરાઇ આવયો અને માતાની ચોરીછુપીથી તેવણ એ શેકારગાએ બીજા શેકારીઓ સાથ જવા લાગા. ઉલટ નીયતરીજ હોયછે અને મી૦ હોરમસજીનો એ શોખ એટલો તો આગલ વધયો કે થોડા વખતમાં તેવણ એ લતાના સઉથી સરસ દેશી શેકારીમાં ખપવા લાગા. વાંસદાના જંગલોમાં વાઘનો વધુ ઉપદરવ કહેવાયછે, જે વાઘો રાતના ચોરીછુપીથી આવી ગરીબ ગામડીયાઓનાં ઢોરો ઉપાડી જતા હતા અને જો સપાટામાં કોઇ માણસ આવે તો તેનો જાણ લેવાનેબી ભુલતા નહી. ગરીબ ગામડીયાઓને મરનાર હોરમસજી કોટવાલ એક મોટા આશીરવાદ જેવા થઇ પડયા અને એ ગામડીયાઓ પોતાનાં ઢોરોની ગુમ

થવાની ખબર તેવણને આપતાંજ તેવણ જંગલમાં ફરી જયાં તે ઢોરોનાં હાડપીંજર ધરાઈ જવાથી વાઘે રાતના નાખયાં હોય અને બીજી રાતના તયાં આવી તે વધુ ભક્ષ કરવાની ઉમેદ હોય તયાં જઈ કોઈ મોટાં ઝાડ ઉપર માચરો નાખી સાંજથી તેવણ કોઈ એકાદ સાથી સાથે ધામો નાંખતા અને વાઘની વાત જોતા બેસતા. એ વાત જોયા કરવી કાંઈ જેવી તેવી ધનતેજારીનું કામ નથી. કેટલાક વાઘો ૨૫ થી ૩૦ હાથ ઉંચા કુદેછે અને જો પોતાના ભરાઈ બેસવાનો કાંઈબી ખખડાત તેના કાંન ઉપર જાય તો તે ઉંચે કુદકા મારી સીહા અંધારામાં આ શેકારીઓને હેરાંન કરવા વગર રહે નહી. માટે ખુબ સંભાલથી તકેદારી રાખવા પછી વાઘ જો આવતો દેખાય અથવા કાંઈ ધોધાત કરતો જણાય તો તે બાજુ તરફ પુરતી સભાલ રાખી તેને પોતાના ખાવાના કામમાં મસગુલ થવા દેઈ સારી નેમ લઈ મરનાર હોરમજજી પોતાની બંદુક ફોડતા અને ઘણી ખરી વાર તે નેમ આબાદ જતી. કેટલીક વાર વાઘ બહુ હલવેથી કાંઈબી ઘોઘાટ કરવા વગર આવવાથી સીહા અંધારામાં તે દેખી શકાય નહી, પણ જનાવરનાં હાડપીંજર ઉપર સપાતો મારતાં હાડકાં ચાવવાનો ખખડાત ઘણું કરીને થાયછે અને તે વખતે એ આવતા અવાજ ભણી પુખત નજર દોડાવી અછી રીતે નેમ ટાંકી તેવણ એ વીકરાલ પરાણીનો ભોગ લેતા. વાઘની આંખ બહુ ચલકતી હોયછે, અને અંધારામાં તો તે ચલકાત દુરથી પણ દેખાયછે. મરનાર હોરમસજી કોટવાલે કેટલાક વાઘોને એમ તેઓની આંખના ચલકાત ઉપરથી ઓળખીને રાતના બેજાન કરયા હતા. છેલ્લાં નજદીક ૩૦ વરસમાં મરનાર હોરમસજી કોટવાલે ૧૦૦ કરતાં વધુ વાઘને બેજાન કરયા હતા, પણ કોઈબી વાર તેવણ છેલ્લા અકસમાત જેવી કમનસીબ હાલતમાં આવયા ન હતા. તેવણની ખુબી શોખીન યુરોપયન શેકારીઓના કાન ઉપર પણ ગઈ હતી અને એ જંગલોમાં શેકાર કરવા આવતા યુરોપયન શેકારીઓનો સારો ભાગ મરનારને પોતાની સાથે શેકારગાએ લઈ જવાનો શોખ રાખતા અને તે માટે વાસદાના રાજાની ખાસ પરવાનગી માગતા. તેવણ પોતા સાથ આ શેકારની રમુજ ચખાડવા માટે કોઈ હીમતવાન મીતરોને લઈ જવા માગતા હતા, પણ તે બહુ જોખમભરયો અખતરો છે. છેલ્લા જયારે તેવણ મુંબઈ આવયા હતા તયારે અમારી પોતાની હજુર એવા એક રમુજી અખતરાનો હેવાલ તેવણે બહુ હસીને રજુ કરયા હતો. એક મીતરની ખાસ આજીજી ઉપરથી તેવણ એક વખતે એક વાઘની ખબર પડતાંજ ઠેકાણું નકી કરી આવી એક ઝાડ ઉપર માચરો બાંધી તે મીતરને પોતા સાથે લઈ જઈ માચરા ઉપર બેસાડયો. તે ભાઈએ હીમત તો ઠીક બતાવી, આવી સલામત જગાએ બેશીને વાઘ મારવાનું કામ કેટલુંક સેહેલું ઠેરવયું, પણ વાઘ આવી પુગતાંજ તેના ઘુજારા તથા ઠનઠનાતથી આ ભાઈના હોંસકોંસ ઉડી ગયા અને તેવણ એટલા તો કાંપવા લાગા કે માચરો વટીક ધ્રુજવા લાગો અને પાણી પાણી થઈ ગયા. મરનારે જોયું કે આ ધ્રુજતો શખસ પોતાના ઘભરાટમાં રખે જમીન ઉપર પડી જશે અને પડવાનો ખખડાત વાઘને નજદીક લાવી તે બીચારાને બેજાન કરી નાખી મરનારનો પોતાનો જીવ પણ જોખમમાં આણશે. માટે મરનારે પોતાની રોજની સમયસુચકતા પરમાણે તે ધ્રુજતા શખસની પાઘડી કાહાડી જલદીથી તે છોડી નાખી તે પાઘડીનાં કપડાએ તે શખસને ઝાડ સાથ મજબુત બાંધયો અને પછી પોતે વાઘને બેજાન કરવાની ખોલમાં મસગુલ થઈ અછી નેમ ટાંકી તેને બેજાન કરવાને ફતેહમંદ થયા અને આ મીતરને સલામત પાછો ઘર લઈ ગયા. તયાર બાદ તે મીતરે વાઘના શેકારનો શોખ પાછો બતાવયો હોય એવું રોશન નથી. મરનારે મારેલા ૧૦૦ કરતાં વધુ વાઘો નાના ખરીયા નહી પણ મોટા કદના હતા અને તેમાં સઉથી જબરજસત વાઘ એક વાર તેવણે મારયો

હતો જે નજદીક ૮ ફીટ ઉંચો તથા ૧૩ ફીટ લાંબો હતો. આ વાઘનાં મુરડાંને જંગલમાંથી રાજાના મેહેલ આગલ લઇ જવા માટે ધજડી લઇ જવા થકી ૪ બલદો વાપડવા પડયા હતા અને એવા જબરજસ્ટ વાઘને મારવાની તેવણની ખુબીની પીછાણ તરીકે રાણી સાહેબે તેવણને એક ખાસ સરપાવ આપયો હતો. વાસદાના જંગલમાંથી વાઘ મારી લાવનારને દરબાર તરફથી દર વાઘ દીઠ રૂ૨૦ અથવા સેહેજ વધુ ઇનામ મલેછે અને તેવાં સંખ્યાબંધ ઇનામો મરનાર હોરમસજીને મલેલાં હોવાં જોઇયે અને તેની રકમ રૂ૧૫૦૦ થી વધારે ગણવામાં આવેછે. એકાદ બે વાર મરનારે એકજ રાતના બે કરતાં વધુ વાઘ મારયા હતા. મરનાર મી૦ હોરમસજીની એ બાહાદુરીની પીછાંણ તરીકે તા૦ ૧૪ મી અકટોબર ૧૮૮૫ ને દીને આપણા ફરામજી ઇનસટીટયુટમાં એક મોટો ગંજાવર મેલાવડો મી૦ જસટીસ બરડઉડના પરમુખપણા હેઠલ કરી જાહેર ઉઘરાણું કરી ખર્ઝદિલી એક સુંદર બંદુક ઘટતા લેખ સાથ એનાયત કરવામા આવી હતી. એ પરસંગે વાંસદાના જવાન રાજાએ મરનાર માટે મોકલેલો એક કીમતી સરપાવ ભેટ આપયો હતો તથા મી૦ એદલજી પેસતનજીએ મોકલાવેલો એક ચાંદ પણ ભેટ આપવામાં આવયો હતો. એ પરસંગે મરનારે વાંચેલું પોતાનું સાદું બાથાંણ હજી ઘણાકોને યાદ હશે અને જે તા૦ ૧૬ મી અકટોબર ૧૮૮૫ ના અમારા અંકમાં સદાબરૂં પરગટ થયું હતું. એ બંદુકે મરનાર આ બધુ વાઘ મારવા ગયા હશે, પણ કમનસીબે તેનો ભોગ થઇ પડી પોતા પાછલ એક મોટું કુટુંબ મેલી મરણ પામયાછે. વાંસદાના જવાન રાજાનો મરનાર ઉપર ઘણો ચાહ હતો. ૨ા વરસની વાત ઉપર એ રાજા જયારે આપણા શેહેરમાં આવયા હતા તયારે મરનારને પોતા સાથ અહીંયાં લાવયા હતા અને તે વખતે ગવરનર સર જેમસ ફરગસને મરનારની મુલાકાત લેઇ મરનારને મોહડે તેવણના શીકારગાહને લગતી સઘલી વીગતો ઉલટ સાથ સાંભલી હતી અને છુટા પડતી વખતે બહુ મમતા બતાવી હતી. મરનારની બાહદુરીની પીછાંણ તરીકે વાંસદાના જંગલખાતાંના વડા રખેવાલનો ઓધો તયાંની દરબાર તરફથી તેવણને આપવામાં આવયો હતો.

[જામે જમશેદ, તા૦ ૬ ઠી મેઅ ૧૮૮૭.]

4th May 1887.

Hormasjee Eduljee Kotwal.—Mr. Hormusjee Edulji Kotwal, the wellknown tiger slayer, died last night at the Sir Jamsetji Jeejeebhoy Hospital. It will be remembered that he was severely wounded in the arm in an encounter with a leopard, a few days ago, in the jungle of Bansda, and would have been killed on the spot by the infuriated beast but for the assistance he received from the villagers who had accompanied him. With their aid the leopard was killed, but Mr. Kotwal being far away from any competent medical help bled profusely from his wounds. The Raja of Bansda very kindly treated the wounded *shikari*, who had been a resident for years in his Highness' territory. The medical man of the place offered to amputate his arm; but as the deceased did not like the idea of incapacitating himself from gratifying any more his love of sport, he preferred to be removed to Nowsari, his native place, Having stayed in that town for a day, he was recommended to be brought down for more skilful treatment to Bombay. During the week that he remained in the hospital, he was under the treatment of Dr. Gray. But in spite of the best medical aid that was available, the condition of the unfortunate man

grew from bad to worse. He had grown exceedingly feeble from loss of blood, and for the last two or three days was in a semi-conscious state. Although the record of the tigers slain by Mr. Kotwal comes to far above a hundred, he had never met with any mishap before. Only last year, he was presented with a rifle at a large public meeting of natives held in the Framji Cowasji Institute. A public subscription had been raised for the purpose, in appreciation of the rare courage always shown by the sportsman in the field. He dies at the age of 60, leaving a large family behind.

[*Bombay Gazette*, 5th *May* 1887.]

તા૦ ૫ મી જુન.

રોજ ૨૧ માહ ૯ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

રતનબાઈ તે નશરવાંનજી પેશતનજી મનાવાડીઆનાં વીધવા—ગયા રવીવારને દીને એક પારસી બાનુ ગુજરી ગયાછે, તેવોના મરણની નોધ લેતા અમોને દલગીરી ઉપજેછે. એ બાઇ રતનબાઇ નશરવાંનજી મણાવાડીઆ તે આપણી સર જમશેદજી સકુલનાં પ્રીનસીપાલ મી૦ ડાશાભાઇ નશરવાંનજી વાડીઆનાં માતાજી હતાં. એવો ૬૧ વરસની ઉમરે દાયાબીતીસનાં દરદનાં ભોગ થઇ પડયાં હતાં. લાંબો વખત માંદગી ભોગવવા પછે ગયા રવીવારે લગાર અચબુચ એવોએ પરાંણ છોડઓ હતો. મી૦ ડાશાભાઇ તે સાથે પાંચ બેટાઓ અને ત્રણ બેટીઓ અને દોતરા દોતરીઓનાં એક મોટાં કુટુંબનાં એવો ગોયા મુરંબી હતાં. એવોના પાંચે દીકરાઓ એકેકથી વધારે લાયકીવાલા અને જાણીતા ગ્રહસથો છે અને તેઓએ સારી કેલવણી લીધેલી હોવાથી હાલ પારસીઓમાં સારો દેખાવ કરેછે. આ કેલવણી આપવામાં એ માતાએ જાણવાજોગ આગેવાંની કીધી હતી. મરનાર ઘણાં રાંક અને લાયકીવાલા સવભાવનાં હતાં અને સ્ત્રી કેલવણીને ઘણી પસંદ કરતાં હતાં. તેવોના એક બેટાએ પોતાની લખેલી એક ચોપડી તેવોને અરપણ કરી હતી; તેવો પોતાના એક બીજા બેટાની દીકરી બાઇ પુતલીબાઇ ધનજીભાઇ વાડીઆને ઉચ્ચ દરજાની કેલવણી લીધેલી જોઇ હમેશાં હરખાતાં હતાં અને બાઇ પુતલીબાઇનાં વીષયો તથા ચોપડીઓ તેવો હંમેશાં ઘણી હોંસથી વાંચતાં હતાં. મરનાર પોતાની સાદાઇ અને નરમ સવભાવથી જેવોબી તેવોનાં સંબંધમાં આવતાં તેવોનો એ ભલી બાઇએ માન ભરેલો પયાર મેલવયો હતો.

[કૈસરે હિન્દ, તા૦ ૧૨ મી જુન ૧૮૮૭.]

તા૦ ૯ મી જુન.

રોજ ૨૫ માહ ૧૦ (ફ૦) ૧૨૫૬ યજદેજરદી.

કાવશજી બેજનજી દસ્તુર—ગયા બરેસપતવારે કલકતા ખાતે ૫ થકી કાવશજી બેજનજી દસ્તુર ગુજરયાછે. મરનાર ૧૭ વરસની વયે અત્રેથી ચીન ખાતે ઉપડી ગયા હતા અને તયારબાદ કલકતે આવી પોતાની જીંદગી પેહેલાં શેઠ રૂસતમજી કાવશજીના હાથ તલે, પછી શેઠ મેરવાંનજી મેહેતાને ત્યાં ગુજારી હતી અને ત્યારબાદ નજદીક ૨૦ વરસ થયાં અત્રેની જાણીતી મીશીઅરસ નશરવાંનજી બમનજી મોદીની કુંપનીની કલકતાં ખાતેની પેહેડીમાં ઘણી એકાંત જીંદગી ગુજારતા હતા. મરનાર ધરમી હતા અને ગુજરવાની આઠ દીવસ અગાઉ તે તરફ રૂવાંનોને અવલમંજલ પોહોચાડવાનાં ફંડમાં રૂ.૧૦૦૦) ની રકમ આપી હતી. મરનાર ૭૩ વરસની વયે મરણ પામયા હતા.

[કૈસરે હિન્દ, તા૦ ૧૧ મી જુન ૧૮૮૭.]

તા૦ ૨૦ મી જુન.

રોજ ૬ માહ ૧૦ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

માણેકજી ફરામજી કોલાબેવાલા—

કરાંચી, તા૦ ૨૩ મી જુન.

અતરેના જાણીતા અને પુરાણા વતની શેઠ માણેકજી ફરામજી કોલાબેવાલા, જેવણ મુંબઇના કોલાબામાં જાણીતા છે, તેવણ બે ત્રણ દીવસની બીમારી ભોગવી, સોમવાર-ની પાછલી રાતના હક થયાછે. મરનાર અતરેના જુના રહીશ હતા, અને રીજ-મીતના કંટરાકટર તેમજ રેલવેના કંટરાકટર કેટલાંક વરસો વેર હતા. તેમજ અતરેના એક વેપારી પણ હતા. તેવણ સરવે સાથે મીલનસાર, તથા કોઇનું પણ કામ પાર પાડી આપવાને બહાર પડતા હતા. જાહેર કામોમાં એવણ આગલ સારી રીતે ભાગ લેતા હતા. પણ હમણાં પોતાની તબીયત તથા બીજા કારણોને લીધે ભાગ લેતા નહી હતા. પણ ખાનગી રીતે તેવણ ઘણા કામમાં મદદ આપતા હતા. તેવણના મરણથી અતરેના જરથોસ્તીઓમાં ઘણી દલગીરી ફેલાઇછે. તેમજ કેટલાક અંગ્રેજો તથા દેશીઓ પણ દલગીર થયાછે. મરનારનો સંબંધ અત-રેની સીંધ પંજાબ અને દીલહી રેલવે કંપની સાથે ઘણો ચાડો હતો, અને તેવણ-ની લાએકીને લીધે એવણનો બગીચો મલીર (જે કરાંચીથી ૧૨ માઇલને છેટે છે) માં હોવાથી પણ તરેન એવણને લેવા તથા ઉતા-રવા ઉભી રહેતી હતી. એ જાણી મુંબઇના તેમજ બાહેર ગામના જરથોસ્તીઓ ઘણા મગરૂર રહેશે. તેવણની વાડી મલીરમાં હોવાથી અતરે આવતા રાજવંશીઓ તે રસ્તેથી પસાર થયા હોય તેવી વેલાએ, તે બગીચાને ખુબ શણગારતા, અને જો રાતનો વખત હોય, તો આતશબાજી તથા દીવાબતીઓથી ઝુલકાવી મુકતા. એવી ઉદાર-તાને લીધે અતરેના સરકારી અમલદારોએ પણ એવણને "બેરન આવ મલીર" કરીને કહેતા હતા. એવણની પાયદસતનીજ મીજ-લસમાં અતરેના પારસીઓ બોલયા હતા કે, "મલીરની મજાહ હવે આપણા માટે નાબુદ થઇ."

[મુંબઇ સમાચાર, તા૦ ૩૦ મી જુન ૧૮૮૭.]

20*th June* 1887.

MANECKJEE FRAMJEE COLABA-WALLA.—We regret to learn of the death of Mr. Maneckjee Framjee, at the age of 61. He was one of the oldest Parsi residents of Karachi. He was a frank, free and liberal-hearted gentleman, and was well known to the European Military and Cilvil officers in former years. Of late he lived a retired life at his country residence at the Mulleer, where although not over-burdened with wealth, Europeans and Parsis alike shared his hospitality. He seldom used to dine without having a dozen Parsi friends at his table. His relations subscribed a large sum to local Parsi charities on the occasion of his *Uthumna* ceremony.

[*Sind Times*, 25*th June* 1887.]

તા૦ ૨૩ મી જુન.

રોજ ૯ માહ ૧૦ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

જમશેદજી ધનજીભાઈ સીકંદરાબાદ-વાલા—સીકનદરાબાદના આબકારીખાતાંના સુપરીનટેનડંટ મી૦ જમશેદજી ધનજીભાઇ જેવણ થોડા દીવસની વાત ઉપર આપણાં શેહેરમાં સેહેજ માંદગી ભોગવી મરણ પામયા હતા તેવણની કીમતી નોકરી ધયાનમાં લઇ નીઝામ સરકારે તેવણની વીધવા તથા બચ્ચા-ના નીભાવ માટે રૂ૧૦૦ નું માસીક પેનશન આપવાનો ઠેડાવ કરયોછે.

[જામે જમશેદ, તા૦ ૧૫ મી જુલાઇ ૧૮૮૭.]

તા૦ ૭ મી જુલાઇ.

રોજ ૨૩ માહ ૧૦ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

દીનશાહજી ભીખાજી ખાન—મુંબઇ તથા સીલોનના એક જાણીતા વેપારી મી૦ દીનશાહ ભીખાજી ખાન ગયા બરેસપતવારે સાંજનાં ૬૭ વરસની ઉમરે હક થયા હતા. મરનાર લાંબી મુદત થઇ સીલોન તથા મલબાર કોસટા ઉપર પોતાના મરહુમ ભાઇ ફરામજી સાથે સારો વેપાર ચલાવતા હતા અને કોલંબો ખાતે લાંબી મુદતવેર રેહેઠાંણ કરયું હતું જ્યાં તેવણની મીલકત તથા પેહેડી છે. એવણની પેહેડીનાં આગલ એક બે બારકસો પણ હતાં.

[જામે જમશેદ, તા૦ ૯ મી જુલાઈ ૧૮૮૭.]

તા૦ ૧૯ મી જુલાઇ.

રોજ ૫ માહ ૧૧ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

માણેકબાઈ તે કુવરજી શોરાબજી વેશુગરાનાં વીધવા—સુરતમા આવેનાં વેસુ ગામમાં ગઇ તા૦ ૧૯ મી જુલાઇને દીને બાઇ માણેકબાઇ તે કુવરજી સોરાબજી વેસુગરાનાં વીધવા ૧૧૧ વરસની અસાધારણ મોટી ઉમરે મરણ પામવાની ખબર પરગટ થઇછે.

[જામે જમશેદ, તા૦ ૨૮ મી જુલાઇ ૧૮૮૭.]

તા૦ ૨૪ મી જુલાઇ.

રોજ ૧૦ માહ ૧૧ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

એ૦ જમશેદજી માણેકજી ઉનવાલા—

સુરત, તા૦ ૪ થી આગશ્ટ ૧૮૮૭.

મરણ—અત્રેના જાણીતા બુઝોરગ મોબેદ જમશેદજી માણેકજી ઉનવાલા, નેવું વરસની પાકી ઉમરે, રોજ ૧૦ માહ ૧૧ સને ૧૨૫૬ ને દીને બેહશતનશીન થયાછે. મરનાર જંદ પેહલવીનુ ભંડાલ ધરાવવા જોડે મોબેદીના પેશા તથા પાકી પરહેજગારીમાં પુરવીન હતા, અને તે ઉપરાંત જોતીશું પણ સારી રીતે જાણતા હતા. તેઓ એક સારૂં કેતાબખાનું ધરાવતા હતા, જેની ભેટ થોડા માસની વાત ઉપર જાણીતા ફરેંચ વીદવાન પ્રોફેસર જેમસ દારમેસટેટરે લઇ પોતાની ખુસી દેખાડી હતી. એ વેલા તેઓએ તેની આગલ કેટલાક સંસકરત શલોકો ગાઇ સંભળાવયા હતા, જેથી પણ તે વીદવાનને સંતોષ ઉપજયો હતો. મરનારના હાથ હેઠલ બસોથી વધુ જને જરથોસતી ધરમ તથા ભણતરને લગતી તાલીમ લીધી હતી. વલી તેઓએ સને ૧૨૩૮ યજદજરદીમાં અત્રે નાનપરા મધે કાવસજી જીવાના મોહલામાં એક ધરમનું મકાન પોતાના પઇસાથી બધાવયું હતું, જેમાં પાછલથી ઇંદોરા ઇજાવીને નવસારીના ભગર સાથના મોબેદોના વપરાસ માટે આપયા હતા. એવા એક ભલા ધરમગુરૂનાં મરણથી અત્રેના પારસીઓમાં દલગીરી ઉપજીછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૬ થી આગશટ ૧૮૮૭.]

તા૦ ૨૫ મી જુલાઇ.

રોજ ૧૧ માહ ૧૧ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

જીવણબાઈ તે આ૦ નવરોજજી શોરાબજી કાંગાનાં બેટી—ગયા સોમવારે મધરાત પછી નવસારી ખાતે ઘેર પડવાથી બાઇ જીવનબાઇ તે આ૦ નવરોજજી સોરાબજી કાંગાનાં બેટીનાં દટાઇ મરવાની જે દલગીરીભરી ખબર ગઇ કાલે અમોએ પરગટ કરી હતી તેના સંબંધમાં એટલું વધારવું જોઇયે કે એ બાઇ ભણેલાં હતાં અને તા૦ ૩ જી જુલાઇ ૧૮૮૨ ને દીને દશતુર મોહલાનાં બઇરાંઓના ધમબારના જશનમાં તેવણે "ધમબાર" વીશે એક વાએજ કરી હતી. એ ઉપરાંત એક બીજી જાહેર વાએજ પણ તેવણે ત્યારબાદ કરી હતી.

[જામે જમશેદ, તા૦ ૨૯ મી જુલાઇ ૧૮૮૭.]

તા૦ ૨ જી આગશ્ટ.

રોજ ૧૫ માહ ૧૧ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

દસ્તુર ખુરશેદજી મીનોચેહરજી પંથકી થાંણેવાલા—થાના ગામના જરતોસતીઓના દસતુર ખુરશેદજી મીનોચેરજી પંથકી ગઇ

કાલે ૬૭ વરસની ઉમરે મરણ પામયા હતા. મરનાર ૩૩ વરસ થયાં થાનામાં વડા ધરમ-ગુરૂ હતા અને એક દાહિકાની વાત ઉપર એક જાહેર મેલાવડો અન્જુમનનો કરી તેવણને દસતુરની શયાલ હોરાડવામાં આવી હતી. મરનારે પોતાની સાલેસાઇથી થાનાના સરવે રહેવાસીઓનો સારો પયાર એંચયો હતો.

[જામે જમશેદ, તા૦ ૪ થી આગસ્ટ ૧૮૮૭.]

2nd August 1887.

DASTUR CURSETJEE MUNCHERJEE OF THANAH.—We regret to announce the death yesterday of Dastur Cursetjee Panthaki, high priest of the Parsis at Tanna where he was held in much reverence by the Zoroastrian community. Deceased was about 67 years old, and had lived nearly 33 years at Tanna. Last year he was appointed high priest there.

[*Advocate of India, 3rd August* 1887.]

તા૦ ૨૩ મી આગશટ.

રોજ ૧૦ માહ ૧૨ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

આ૦ નવરોજજી દોરાબજી, કરાંચીના—

કરાંચી, તા૦ ૨૮ મી આગશટ ૧૮૮૭.

પારસી વીરબાઈજીની નીશાળના મોબેદ આ૦ નવરોજદારૂ દોરાબદારૂ કેટલાક દીવસની બીમારી ભોગવી ગયા મંગલવારે સવરગવાસી થયાછે. એમનાં મરણની નોંધ કરવાને એટલુંજ કે કરાંચીમાં નજદીક ૩૫ વરસની અગાઉ એક નીશાળ ઉભી થઇ હતી. તયારનો પોતાનો સંબંધ પોતાના મરણ વેર તેની સાથે રાખેલો હતો. એમની કેલવણીની વલણ તથા છોકરાં બચ્ચાંઓને ધાકમાં રાખવાની કુનેહને લીધે તેવણ જાણીતા થયા હતા. એ નીશાળ કેટલુંક થયું ગુજરાતી શીખવનારની ખુટને લીધે હાલહવાલ ચાલેછે તેમાં એવા એક મોબેદના મરણથી નીશાળનો કારોબાર બગડવાની ધાસ્તી રહેછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨ જી સપટેમબર ૧૮૮૭.]

તા૦ ૨૩ મી આગશટ.

રોજ ૧૦ માહ ૧૨ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

રૂસતમજી ફરદુનજી કાતરક—અતરેથી આશરે દશ અગયાર મહીનાની વાત ઉપર ઉતર બરમાહ તરફ ગયલા કમીસેરયત ખાતાંના એક જુના પરવેયર મી૦ રૂસતમજી ફરદુનજી કાતરક મરણ પાંમવાના સમાચાર તારની મારફતે મુંબઇમાં ગઇ કાલે મલયાછે. મરનારની પોતાની તરફથી આગલે દીવસે મલેલા એક તાર ઉપરથી જણાયછે કે, તેવણને ખરાબ જાતની તાપ લાગુ પડી હતી, અને પાછલથી ગઇ કાલે મલેલા તાર ઉપરથી જણાયછે કે, તેવણ ગઇ પરમની ગતે એ તાવની અસરથી હક થયાછે. મરનારની વય ૪૦ વરસની હતી. તેવણ મી૦ હોરમસજી દીનશાહ રેડીકના જમાઇ થતા હતા. આગલા વખતની પારસીઓની વખણાયલી મારસ કરીકેટ કલબના એક અછા ખેલાડી તરીકે મરનાર કરીકેટના શોખીનોમા જાણીતા હતા, અને મુંબઇ જીમખાનાની સામેની તથા બીજી કેટલીક મોટી મેચોમાં પણ તેવણે ભાગ લીધો હતો.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી આગશટ ૧૮૮૭.]

તા૦ ૬ થી સપટેમબર.

રોજ ૨૪ માહ ૧૨ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

બાહમનજી નશરવાંનજી અરદેસર વાડીઆ—જાણીતા મરહુમ શેઠ અરદેસર હોરમજી વાહાડીયાજીના વડા પુત્ર મી૦ નશરવાનજીનો એકવીસ વરસનો ભર જુઆંન દીકરો મી૦ બહમનજી પોતાની ગાડીને થયલા અકસમાતમા ચટ ને પટ બેજાન થઇને વાહાડયાજીનાં બોહોલાં કુટુંબને તથા સારા પારસી ટોળામાં ગમખારી ફેલાવી

ગયોછે. પોતાના પીતાજીના સંબંધવાલી "ધન મીનમાં" જતાં તેની ગાડીનો ઘોડો ચોંકીને નાહાસવા લાગો તે જોઈને મરનારે ઘોડાવાલાને હોકમ આપવા પોતાનું માથું બહાર કહાડયું, તેજ બુરાં ચોઘડીયાંમાં તે ગાડી મરનાર હતો તેજ બાજુએથી ભીત સાથે જોસથી અથડાવાને લાધે તેનું કપાલ ફાટી ગયું અને તેનાં શરીરને બીજી ઈજા થવાંથી તે ત્યાંનો ત્યાંજ હક થયો. આ ગજબ અતી દુખદાયક હતો, અને તે એકાએક બનવાથી તે દુખ વટવટા ભરેલું થઈ પડેછે.

[કયસરે હિન્દ, તા૦ ૧૧ મી સપટેમબર ૧૮૮૭.]

તા૦ ૧૭ મી સપટેમબર.

ગાથા ૫ (શે૦) ૧૨૫૬ યજદેજરદી.

હોરમજજી પેશતનજી જાલ—

સુરત, તા૦ ૧૭ મી સપટેમબર ૧૮૮૭.

અતરેના વતણી ને રજપુટાણા એજંસીના એજંટ ગવરનર જનરલના માજી હેડ કલારક મી૦ હોરમસજી પેસતનજી જાલ જેઓ આજ બે વરસ થયાં રૂ૧૫૦ ના માસીક પેનશન ઉપર મુંબઈમાં આવી રહયા હતા તેઓ તયાં પોતાની ૫૦ વરસની વયે પોતાની પાછલ એક મોટું કુટુંબ મેલી આજે મરણ પામવાનો અતરે તારની મારફતે સંદેશો મલયાથી અતરે તેમજ નીમજ, મહુ, અબુ વગેરે ઠેકાણેનાં મરનારનાં અતબગના સગાંઓ તેમજ તેઓની ઓલખાણવાલા દોસતોમાં વાજબીની રાહે દલગીરી ફેલાઈછે. મરનાર શેઠ હોરમસજીએ સને ૧૮૫૭ ના પરસીધ બલવા વખતે નામદાર સરકારની વફાદારીભરેલી સેવા બજાવયાથી તેઓને સરકાર તરફથી એક ચાન પણ મલયો હતો.

[જામે જમશેદ, તા૦ ૨૦ મી સપટેમબર ૧૮૮૭.]

તા૦ ૨૪ મી સપટેમબર.

રોજ ૭ માહ ૧ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

દાદાભાઈ પેશતનજી વરકીંગ બાકસવાલા—"જ્ઞાનવર્ધક" ચોપાનીયાંના છેલા અંકમાં અતરેના ગાયન–મંડળોમાં જાણીતા એક ગરીબ પારસીના ગુજરવાની નોધ લીધીછે, કે જેની કારકીર્દિ ગાયન સંબંધી શોખ વિષે ઘણુંક નવાઈ જેવું ધરાવેછે. તે મરનાર દાદાભાઈ પેશતનજી વરકીંગ બાક્ષવાળા છે, કે જેની મદદને માટે થોડાંક વર્ષ ઉપર દેશી ગાયનના શોકીન ગૃહસ્થો ફરાંમજી કાવશજી ઈનસ્ટીટયુટમાં એક જાહેર જલસો કરવામાં શામેલ થયા હતા તે અમારા વાંચનારાઓને યાદ હશે. અમારા ભાઈબંધે મરનાર તરફની ઉદારતાની ઉલટમા કાંઈક સહરાગાતો કરી હોય, તોપણ લોકોમાં એક ગરીબ પારસીના એક ધિકાર પામેલા હુનરના અજાયબ જેવા શોખને તેમા પુરતો ઈનસાફ આપયોછે. મરનાર જોકે ગરીબ માણસ હતો પણ આબરૂદાર ગરીબો પોતાની મુફલેશી છતાં પોતાની પદવી કેવી સમજેછે, પોતાની આબરૂને માટે કેવું અભિમાંન રાખેછે, અને હલકાઈમાં ઉતરવાનું કેવું ધિકારેછે તંનો મરનાર એક નમુનો હતો. કશીબી કેળવણીથી બેનસીબ હોવાને લીધે મરનારના હાથમાં પોતાના હુનરને દીપાવવાના અથવા ખીલવવાના રસ્તા નહી હતા; પણ ગાયનનાં તેનાં જ્ઞાન અને સમજ વિષે અભ્યાસીઓમાં એકથી બે મત નહીં હતાં. ગાયનના સ્વરોની રચના તથા કાયદાઓ મરનારે જાણયા નહી હતા—કાંકે દેશી ગાયન એવા કાયદાથી શિખવવામાં આવતુંજ નથી. પણ રાગોની પિછાણ તથા આવડમાં મરનાર પારસીઓમાં એકો હતો, એટલુંજ નહી પણ સર્વથી પેહલો હતો. એક અભણ માણસ ફકત આણીમેર પેલીમેર ફકત ઉપરતળે સાંભળીને આટલુંબધું જ્ઞાન મેળવી શકે એ તે વખત ઉપર એક અજાયબી ગણાતી હતી, અને ગાયનનો હુનર હલકો યા નીચ નથી તે વિષે લોકોના વિચાર સુધારવાનું કામ ગાયન ઉતેજક મંડળીએ માથે લીધું ત્યારે તે મંડળીના આગેવાનોએ પેહલવેહલી આ મરનારની મદદ લીધી હતી, કે જેણે એ

મંડળીના બચગીના દિવસોમાં પોતાના હુન્નરથી ઘણીક ગમત પુરી પાડી હતી. ગાયનના ઉસ્તાદોમાં મરનારની પિછાંણ હતી અને ઉસ્તાદ ગવૈયાઓ જ્યારે હરીફાઈનો જલસો કરતા હતા ત્યારે તેઓ વચે શોકીન અતાઈઓમાંથી એકલા મરનાર મી૦ દાદાભાઈને ભાગ લેવાનો હક હતો. પણ "જ્ઞાનવર્ધક" કેહછે તેમ મરનારનો મિજાજ અભણ ગવૈયાઓને એટલો તો મળતો હતો કે બીજાની ભુલ કાહડવા વિષે અને પોતાની ભુલ નહીં સાંખવા વિષે તથા ઉસ્તાદી ગાયનો સિવાય બીજાં સેહલ યા સાધારણ ગીત નહીં ગાવા વિષે મરનારમાં ઉસ્તાદોના સરખુંજ આકળાપણું હતું, અને તોપણ અભણ ગવૈયાઓ કરતાં મરનારમા આબરૂ વિષે ઘણા ચહડતા ખ્યાલ હતા અને ગવૈયા કે ખેલાડીમાં નહીં ખપવા માટેજ મરનારે ગાયનના ધંધામાં પોતાને વધતી કમાણી થાત તે ન લેતાં પોતાના વરકીંગ બાક્ષના ધંધાને વળગી રહી મુફલેશી પસંદ કીધી હતી. ગરીબાઈને લીધે પાછળથી મરનારના ગાયનના હુન્નર યા જ્ઞાનમાં કશો વધારો થયો નહીં હતો, અને તેજ ગરીબાઈની મુસીબતો વચે તેણે આપઘાત કરી પોતાનો પ્રાણ ખોહયોછે. તેનાં ગરીબ કુટુંબની મુફલેશી તરફ નજર કરી તેનાં નાવારસ બાળકોને મદદ આપવાની ગાયન ઉતેજક મંડળીની તથા મરનારથી ગમત મેળવનારા દોસ્તોની આઈન ફરજ છે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી અકટોબર ૧૮૮૭.]

તા૦ ૩ જી અકટોબર.

રોજ ૧૬ માહ ૨ (૪૦) ૧૨૫૭ યજદેજરદી.

સરજ્યન બેહુરામજી નશરવાનજી કોયાજી—સરજ્યન કોયાજીનાં ૩૫ વર્ષની જુવાન ઉમરે નીપજેલાં દુખદાયક મરણે આપણા લશકરી ડાકટરોની નાની સંખ્યામાં એક અગત્યનો ખાડો પાડયોછે. ડાકટર કોયાજી મુંબઈની યુનિવર્સિટીમાં પસાર થયા પછી લશકરી વૈદાંની પરીક્ષાને માટે ઈંગ્લંડ ગયા હતા અને ત્યાં ૧૮૭૭ માં તેઓ એ નોકરીમાં દાખલ થયા હતા. તે વખત પછી માલેગાંમ, મહુ, ઈડોર, નીમચ, હેદરાબાદ અને જેકબઆબાદની હાસ્પીટલો એમના હાથમાં મુકવામાં આવી હતી કે જ્યાં ઘણી ફતેહમંદી સાથ લોકપ્રીતી મેળવ્યા પછી એમને બરમાની લડાઈ ઉપર જવાનો હુકમ થયો હતો. જેકબઆબાદમાં એઓ હતા ત્યારે કોલારાનો ઉપદ્રવ એક મરકી પેઠે ફેલાયો હતો તે પ્રસંગે ડાકટર કોયાજીએ ખાસ કોશેશ કરી હતી, અને સીંધમાં મુખ્ય મેડીકલ આફીસર દાખલ એઓ પોતાના મેહનત અને ચાલાકીથી તેમજ સભ્ય અને મિલણસાર ગુણોથી ઘણુંક માન પામ્યા હતા. બરમાની લડાઈ બરમા જીત્યા પછી શરૂ થઈછે અને ત્યાંના પિંડારાઓને પકડવાની જે ભારી ઝેમતો ત્યાં ચાલેછે તે ઝેમતોએ ડાકટર કોયાજીનો જીવ લીધોછે એમ કેહવામાં સહરાગાત નથી. ઘીચ જંગલોમા લાંબી લશકરી મંજલો સાથ મરનારને કુચ કરવી પડતી હતી અને તે દરમેઆંન નદીઓ તથા ઝાડીઓ પસાર કરતાં એમને તાપ તથા સરદીમાં સખત ખમવું પડયું હતું, અને કેટલીક વાર તો ઘણા કલાકો પાણીમાં ઉભા રેહવું પડતું હતું. તે સખત ઝેમતોથી એઓને બુરો રોગ લાગ્યો કે જે અચબુચ અને જુવાન ઉમરે એમના જીવનો કાળ થઈ પડયો. મરનાર પોતાની પલટણોમાં વડા કર્નલથી તે સઘળા અમલદારો અને સિપાહીઓને માનીતા હતા અને ચોકસ સુધરેલા તથા છુટા વિચારોથી મુંબઈ તેમજ બાહારગામ એઓ જાણીતા થયા હતા તેને લીધે એઓની વિધવા થઈ પડેલી જે અર્ધાંગના ઉપર જફા ગુજરીછે તેનાં સંકટમાં અમે ભાગ લઈયે છીયે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૯ મી અકટોબર ૧૮૮૭.]

3rd October 1887.

SURGEON BYRAMJEE NASSERWANJEE KOYAJEE.—We regret to announce the death yesterday morning of Surgeon Byramjee Nosherwanjee Koyaji, of the Indian Medical service, on the Bombay establishment Dr Koyaji, after having obtained his degree of L. M. S. in the Bombay University, proceeded To England for the purpose of competing for the Indian Medical service Having successfully passed his examination, he was selected for the Bombay Presidency, in which he served for upwards of eight years. He was a great favourite with the officers and men of his regiment, and was very skilful in his profession. He was the eldest surviving son of Mr N. Koyaji of the Bombay Municipality.

[*Bombay Gazette, 5th Octobe*r 1887.]

તા૦ ૧૨ મી અકટોબર.

રોજ ૨૫ માહ ૧ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

એ૦ એદલજી આદરજી હોમજી—બાહેરકોટના એક આગેવાન જરતોસતી એ૦ એદલજી આદરજી હોમજી ગઇ કાલ દીને લાંબા દીવસની માંદગી ભોગવી મરણ પામયા છે. મરનાર ગરહસથ કંટરાકટનું કામ કરતા હતા અને લાંબી મુદત થઇ પારસીઓને લગતાં કેટલાંક અગતનાં કામોમાં સારી આગેવાંની લઇ ગરીબોને સાહાય થતા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૪ મી અકટોબર ૧૮૮૭.]

તા૦ ૧૩ મી અકટોબર.

રોજ ૨૬ માહ ૧ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

નશરવાંનજી નવરોજજી મોદી, લખનોરવાલા—મી૦ નશરવાનજી નવરોજજી મોદી ગયા ભરેસપતવારે લખનોર શેહેરમાં મરણ પામવાની ખબર મલીછે. મરનારના બાવા બાહેર મુવે ઘણા વરસોવર મેસરસ જહાંગીરજી ફરામજી જમસાવાલાની પેહેડીના મેનેજર હતા અને તયાંજ મરણ પામયા હતા. મરનાર મી૦ નશરવાનજીની જવાંની તયાંજ ગુજરી હતી અને તેવણ તયાના લશકરમાં જવાનીથી જોડાયા હતા. બલવાની વખતે તેવણ લશકરમાં રીસાલદારની પદવીએ હતા અને ૧૮૫૮ માં તેવણને લખનોર ખાતે ઉભાં કરેલાં નવાં લશકરમાં એક સારો ઓધો આપવામાં આવયો હતો. ૧૮૫૯ ના મારચ માસમાં તેવણને લખનોરના ડેપયુટી સુપરીનટેનડંટ નેમયા હતા. મરનારે એજ વરસમાંના અકટોબર માસમાં લખનોરમાં ભરાઇ બેઠેલા ચાર પીંડારાઓને પકડી આપયા હતા. એ આગમજ આઉડમાં ભરાઇ બેઠેલા એક પરખયાત લુટારાને પણ તેવણે પકડી આપયો હતો. આ સેવા માટે નામદાર સરકારે તેવણની ખાસ સતુતી કરી હતી. મરનારના ભાઇ મી૦ હોરમસજી નવરોજજી મોદી હાગકાંગની જરતોસતી અનજુમનના સરનશીન છે.

[જામે જમશેદ, તા૦ ૧૫ મી અકટોબર ૧૮૮૭]

તા૦ ૩ જી નવેમબર.

રોજ ૧૭ માહ ૨ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

ભીખાઇજી તે ખાનબાહદુર નવરોજજી માણેકજી ચોકસીનાં ધણીઆંણી—મઉવાલા ખાન બાહાદુર નવરોજજી માણેકજી ચોકસીનાં ધણીયાંણી બાઇ ભીખાઇજીનાં મરણ સંબંધી અમને ગઇ કાલે મલેલા વીજલીક સંદેશામાં જણાવ્યું છે કે મરનાર આઠ દિવસની માંદગી ભોગવી મરણ પામ્યાં હતાં અને તેમની પાયદસ્ત વેળા આગેવાંન પારસીઓ ઉપરાંત કાજી સાહેબ તથા મોહેંદ્રનાથ છતરજી મહમદિયાંન હિંદી કોમોના પ્રતિનિધી દાખલ તથા મેસાનિક બેરાદરો તરફથી મેથ્યુસીની અને બાન્ડ છેક દોખમાં સુધી પાયદસ્તની પુઠે ચાલ્યા હતા, તો ભીકે દોખમું પાંચ માઇલ દુર છે.

[શાસ્ત ગોફતાર, તા૦ ૬ ઠી નવેમ્બર ૧૮૮૭.]

તા૦ ૧૦ મી નવેમબર.

રોજ ૨૪ માહ ૨ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

જમશેદજી રૂસતમજી શેઠના—હાઇ કોરટના એક દુભાશીયા મી૦ જમશેદજી રૂસતમજી શેઠના ગયા ભરેસપતવારે રાતનાં ૪૧ વરસની ઉમરે મરણ પામયાછે. મરનારે ૨૦ વરસની નોકરી હાઇ કોરટમાં બજાવી હતી અને નબલી તંદરોસ્તીને લીધે પેનશન ઉપર રીટાયર થનાર હતા, જેટલામાં મોહતે તેવણ ઉપર ગલબો કરયોછે. દેશી ગાયનનો મરનારને શોખ હોવાથી ગાયણ ઉતેજક મંડલીની સથાપણામાં તેવણે ભાગ લીધો હતો અને કેટલીક મુદત વેર એ મંડલીના મુનશીનો ઓધો ચલાવયો હતો.

[જામે જમશેદ, તા૦ ૧૨ મી નવેમબર ૧૮૮૭.]

તા૦ ૨૭ મી નવેમબર.

રોજ ૧૧ માહ ૩ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

દસ્તુર દીનશાહજી માણેકજી કામદીનજીના, કરાંચીવાલા—

કરાંચી, તા૦ ૧ લી ડીસેમબર.

અતરેના જાણીતા અને પુરાણા રહીસ દસતુર દીનશાહજી માણેકજી દસતુર (ભરૂચના વતની) થોડા દીવસની સેહેજસાજ બીમારી ભોગવી, ગયા રવીવાર અને ઓરમજદ રોજની રાતના પોણાનવ વાગે પોતાની ૫૮ વરસની ઉમરમાં આ ફાની દુનીઆ છોડી મીનો જેહાન તરફ કુચ કરી ગયાછે. એ મરણથી એવણના કુટુમબ તેમજ અતરેના બેહદીનો તથા મોબેદોમાં દલગીરી ફેલાઇછે. મરનાર નેક માણસ હતા. એવણનાં મરણથી અતરેની હીરજીભાઇ બેહરાની દરેમેહરનો કારોબાર, જે એવણની આગેવાનીથી મનમાનતી રીતે ચાલતો હતો, તેનો છેડો આવેલો ધારવામાં આવેછે. એવણની લાએકીને લીધે એવણની પાએદસતની મીજલસ પણ ઘણી સારી રીતે જોવામાં આવતી હતી. ઉઠમનાની મીજલસ પણ સારી હતી. મરનારની કોઇ રીતે યાદગારી કાએમ રાખવાની હીલચાલ અત્રે થતી સંભલાએછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૫ મી ડીસેમબર ૧૮૮૭.]

તા૦ ૨૮ મી નવેમબર.

રોજ ૧૨ માહ ૩ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

બરજોરજી અસપંદીઆરજી પટેલ—જે પુરાતન જમાનામાં અંગરેજ સરકારનું આ દેશમાં રાજ નહોતું. બલકે જે જમાનામાં યુરોપીયનોને હીંદુસતાન આવવાના રસતાની પણ ખબર નહોતી, જે જમાનામાં ગાયકવાડ, પેશવા અને તે પહેલાં થઇ ગયલા જાહાંગીર તથા અકબર સરખા મહાન પાદશાહોના બાપદાદા હજી તો કયાંને કયાં કોઇ દીવાલની ઇંટમાં કે ખેતરની જમીનમાં દટાયલા હતા, તે જમાનામાં આજથી ૫૦૦ વરસ ઉપર જે કુટુંબ આ દેશમાં અસલી હીંદુ રાજાઓના વખતમાં રાજનો સવતંત્ર અખતયાર ભોગવી તથા માજદીયસની દીનની સેવા બજાવી ગયું, તે કુટુંબના એક નબીરા—તે આ પત્રના માલેક શેઠ બરજોરજી અશપંદીઆરજી પટેલ—એક માસ સુધી અતેસારની માંદગી ભોગવી ૮૦ વરશની જઇફ ઉમરે ગયે સોમવારે સહવારમાં આ ફાની દુનીઆ કુચ કરી ગયાછે.

[સુરત અખબાર, તા૦ ૫ મી ડીસેમબર ૧૮૮૭.]

28th November 1887.

Burjorjee Aspandiarjee Patell.—It is with a heart laden with heavy grief that we have to record the death of the late proprietor of this paper, Mr. Barjorji Aspandiarji Patel, on Monday, the 28th ultimo, at the venerable age of 80. It is natural for our readers to desire some knowledge of the deceased's life & birth, but to do so would be but to give a brief history of the Parsi community from its early dawn in this country, & so we defer it.

[*Surat Akhbar*, 5th December 1887.]

તા૦ ૬ ઠી ડીસેમબર.

રોજ ૨૦ માહ ૭ (શ૦) ૧૨૫૭ યજદેજરદી.

માણેકજી ખરશેદજી સરાફ—જાડાજ માણેકજી ખરશેદજી હેંસી વર્ષની ઉમ્મરગીરી દાર જૈફીએ અચબુચ ગુજરી જવાના સુખી મોતે મુવા છે. ગયે વર્ષ જયારે એમના હક થવાનો ગપાટો ઉઠયો હતો અને જયારે એમના કોઈક અતલગિયાંઓ પાયદસ્તના પોશાકમાં એમને બારણે ગયાં હતાં ત્યારે મરહુમ માણેકજીએ એક ધાસ્તીભરેલી બિમારીમાંથી પાછા જીવતા ઉઠીને તે પાયદસ્તે આવનારાઓને અચરતીમાં નાખ્યા હતા. "મેં મોતને લાત મારીછે" એમ એઓ અલેકજાંદ્રા સ્કુલના છેલા વાર્ષિક મેળાવડામાં તેમજ ફ્રીમેસન બિરાદરોની એક જીયાફતમાં જવાબ દેતાં બોલ્યા હતા. "મને ખોદાએ જીવતો રાખ્યોછે અને તેથી મારાથી કાંઈ સારૂંજ થવાનું હશે." આ એમની મગરૂરી ઝાઝી ટકવા પામી નથી, કેમકે ગયે મંગળવારે સહવારે જયારે "કોઈના મનમાં નહી કે ચિતમાં નહી" તે વખતે તેવણ અચબુચ બિછાનામાં મરણ પામેલા મળી આવ્યા હતા. આગમચને દહાડે તો ફરવા અને મુલાકાતે જઈ આવ્યા, એકજ રાત અગાઉ તો હસી બોલીને સુતા, પણ સહવારે પોતાની છાતીમાંના ધાડા અને ઉંડા એતેકાદ મુજબ તેમનું રૂહ જે પોતાના પાક પેદા કરનાર ઉપર સદાનું ઉસ્તવાર હતું તેને જઈ મળ્યું. એમના મોતથી મુંબઈએ પોતાનો જુનામાં જુનો એક શેહરી ખોયોછે. માણેકજી ખરશેદજી જેવા જુની બાબતોના ભંડારિયા જાણકાર મુંબઈમાં કોઈકજ મળશે. તેવણ જુના પણ જાહેર માણસ હતા, અને જુના માણસોમાં એવી જાહેર જીંદગી ગુજારનાર વળી કોઈ નહી હતા. પણ વળી એવણ જમાનાથી જુના પણ મગજના વિચારોથી નવા માણસ હતા—એક છેલામાં છેલા સુધારાવાળાના આગળ વધેલા વિચારોમાં એવણ સદાના તાજા અને તત્પર હતા અને નાદાનમાં નાદાન જુવાનિયાના ચિખાવલાપણામાં એવણ જેવાને તેવા જીવી અને જાહેલ હતા. એવણનાં જાહેર કામો પાછલાના કરતાં આગલા જમાનાનાં વધારે હતાં, અને તોપણ આ જમાનામાં છેક છેલા દાહડા સુધી એવણે જાહેરમાં પોતાની જગ્યા જાળવી રાખી હતી, જેથી મુંબઈના સંસાર મંડળોમાંથી, અગત્ય કરીને પારસી આલમમાંથી એમના મોતે એક સર્વને જાણીતો, સર્વમાં હાજર, સર્વમાં હસ્તો અને બોલતો, અભિમાની અને તોપણ મીઠો, ગુંડ મીજાજી અને તોપણ નરમ, સખત દેખાવનો તોપણ માયાળુ એવો એક ઘણાઓને અણગમતો તોપણ ઘણાઓને માનીતો અને સર્વને ઓળખીતો ચેહરો દૂર કરયોછે.

આ મરહુમની જીંદગીનું એક વાંચવા લાયક વૃત્તાંત અમારા પાછલા સફાઓ ઉપર એવી સત્તાવાર વિગતો સાથ અમે પ્રગટ કરીયે છીએ કે જેમાં આજના વખતના વાંચનારને મી૦ માણેકજી ખરશેદજીની કેટલીક ભુલાઈ ગયલી અને નવી વાતો મળી આવશે અને જેમાંથી મરનારની કારકીર્દિ વિષે વાંચનાર પોતેજ તોલ કરી શકશે. મરહુમના પ્રમાણીકપણા, સ્વતંત્રપણા, ખંતીપણા અને પોતાને જે કાંઈ ખરૂં લાગે તેને વળગી રેહવાના મકમપણા વિષે તો એકથી બે મત પડવાના નથી. પોતાની જીંદગીની શરૂઆતમાં ઈંગ્રેજો સાથના સહવાસના અકસ્માતથી સુધા અને સાચા માણસોના એ સુલક્ષણોના મરહુમે પોતાની જીંદગીમાં બી વાવ્યાં હતાં એમ કેહવાઈ શકાય. એ સદગુણો ખાતર મરનારે ઘણું ખમ્યું હતું, તેમાં ઘણુંક ગેરવાજબી તેમ કેટલુંક વાજબી પણ ખમ્યું હતું. સામટી રીતે લેતાં સંસારી બાબતોમાં એવણે જે કાંઈ ખમ્યું તે ઘણું ગેરવાજબી હતું; રાજદ્વારી સવાલો ઉપર એવણને ઘણુંક વેઠવું અને સાંભળવું પડયું તે ઘણે દરજજે વાજબી હતું. અને તોપણ તે ખરી બાહાદુરીથી એવણે ખમ્યું હતું. જયારે સુધારાવાળાઓનો જન્મબી થવાનો

હતો ત્યારે મી૦ માણેકજીના વિચાર દરએક સંસારી બાબતમાં સુધરેલા હતા અને તે વિચારો મુજબ ચાલવામાં સર્વથી પેહલો દાખલો આપનાર પણ તેવણ હતા. સુધારાને ગાળ દેનારાઓ કેટલા ખોટા છે તેનો મી૦ માણેકજી એક જીવતો પુરાવો હતો. કોણ પારસીઓમાં આજે ડગલા કોણ નથી પેહરતું ? પણ એક વખત એવો હતો કે જ્યારે મી૦ માણેકજી એક પારસી શેઠિયાને ત્યાંનાં રવાનની મિજલસમાં ડગલો પેહરીને જવા માટે અપમાન ખમીને આવ્યા હતા. તે શેઠિયા તે વખતે તવગરીના ગુમાનમાં હતા અને સુધારાની રીતભાત તેવણને નાપસંદ હતા, માટે ડગલો પેહરવાનું જુવાનિયાઓનું છુટાપણું તેવણે પૈસાના જોર જબરદસ્તીથી દાબી દેવાની આશા રાખી હશે, તેથી મરહુમ ઓટલેથી ઉઠયા પછી તેવણને કેહવડાવ્યું કે ડગલો પેહરીને ફરીથી આવશો ના ! બચીત આ ધમકીથી મી૦ માણેકજી યા બીજા જુવાનો ડગલા પેહરતા બંધ પડયા નહીં. વળી આજે પારસી સ્ત્રીઓને મળતું ઘટતું છુટાપણું સર્વ કોઇ પસંદ કરેછે, પણ તે હર પ્રકારના ઘટતાં છુટાપણાનો પોતાના કુટુંબથી દાખલો આપતાં મી૦ માણેકજીનો નિંદાની નીચ જીભોએ ઘણો ભોગ લીધો હતો. પોતાની દીકરીઓને બુટ સ્ટાકીંગ પેહરાવવાના નજીવા સુધારાથી તથા માથાબાનાનો બિહામણો પાટો કાહાડી નાખવાના અગત્યના છુટાપણાથી તે તેમની ઉમદા કેળવણી અને તેમના યુરોપના પ્રવાસ સુધીના મી૦ માણેકજીનાં સઘળાં કામો સખત ટીકાને આધીન થયાં હતાં, અને આજ ત્રીશ વર્ષ ઉપર આ સુધરેલા બાપની લાડકી કન્યાઓની એક હીલચાલ એવી નહી હતી કે જેમાંના સુધારાને માટે તેમને ગેરઇનસાફ ખમવો પડયો નહી હોય. જેમ કે સુરતના નવાબને ત્યાંના લગ્નમાં મી૦ માણેકજી પોતાની બેટીઓને સાથે લઇ ગયા ત્યા તે બાઇઓ લગ્નની સ્વારીમાં હાથીઓ ઉપર સવાર થઇ હતી તે તે કામથી જાહેર જખનારાઓની આંખોમાં નવાઇ પેદા કીધા વિના રહ્યું નહી હતું. અને પ્રીન્સ આફ વેલ્સ પરણ્યા તેની ખુશાલીમાં આગલાં કાંપનાં મેદાન મધે જાહેર ફુગરાણાથી મસ મોટો મેળો થયો હતો, તે વેળા મેળો એક બાજુએ રહી ગયો હતો અને માણેકજી ખરશેદજી અને તેમના જુવાનિયા દોસ્તો એકેકની બાનુઓને બગલમા લઇને ફરવા નીકળ્યા તે મેળાના કરતાં વધારે લોકો જોવા પડયાં હતાં.

પણ આ સઘળી ઉલટ અને હીમત જુવાનીમાંજ હતી એમ નથી. માણેકજી ખરશેદજી જુવાનીના વિચાર બુઢાપામાં ફેરવે એવા નહી હતા. અલેકજાંદ્રા સ્કુલનો તેવણે પાયો નાખ્યો તે વાતને આજ વીસથી વધુ વર્ષ થયાંછે, પણ તે વખતે એવણ જુવાન તો નહીજ હતા, અને તોપણ તેવણે એકજ અઠવાડિયાંમાં એ સ્કુલને માટે રૂ૦॥। લાખનું ફંડ ભરાવ્યું તે તથા બીજી એ સ્કુલ સંબંધી એમની અથાગ દિલસોજીને આજે કોણ માન સાથ યાદ નહી કરશે ? એ સ્કુલ પણ નિંદાખોરોની પરનિંદાને ઓછી ભોગ થઇ નથી, પણ મી૦ માણેકજી ખરશેદજીએ એ ખાતાંના બાપ દાખલનો પોતાનો ખેતાબ તેની કીર્તિને દરએક તુફાની વમળમાંથી સલામત તેરવી કાહાડીને ખરો પાડયો હતો. એ સ્કુલને માટે એક મકાન થયુછે અને સર્વ કોઇ જાણેછે કે મી૦ માણેકજીની મેહનતથી એ મકાન બંધાયું-છે. પણ તે કેટલી નાસિપાસી, કેટલી રંજ, કેટલા કંટાળાનું પરિણામ છે તે થોડાજ જણ જાણેછે. એ સ્કુલની ઇમારેતનાં ફંડ બાબે મી૦ માણેકજીને મરહુમ સર કાવસજી જાંહગીર સાથ વાંધો પડયો તે વખતની એમની જંજાળ અને માથાકુટ વાંચનાર એકાએક ભૂલી જશે નહી. પણ અલેકજાંદ્રા સ્કુલને માટે એક મકાન બંધાવવું એવો જબ એકવાર પોતાના માથામાં ઉતારયો કે પછી

ફર્મસી બાન્જેરાંથી, તેમાં છેક યુરોપની શાહજાદીઓ સુધીની મદદથી અને બીજી અનેક સંદબીરોથી તેવણે એ યત્ન પુરો પાડયો તે એવાં નરથીજ બની શકે. જ્યારે ફંડ બાબતમાં એવણને નાસીપાસી થઇ ત્યારે એવણ "હાથમાં ટોપી લઇને ઘેર ઘેર ફરવા" ને તૈયાર થયા, અને શવટે સરકારમાં પોતાનું વચન ખરૂં કરવા મી૦ માણકજીએ હજારો રૂપીયાનો પોતાની ગાંઠનો ઘસારો ખમીને પોતે ગરીબ થઇ જવા છતાં આ મકાન બંધાવ્યું. ખરૂં છે કે જેમ મી૦ માણકજીએ પોતાની ખંત અને ઉલટથી આપણી આ એકપુરી ઇંગ્રેજી નીશાળને જન્મ આપ્યો, તેમજ તેમાંના અભ્યાસ સંબંધી પોતાની કુજતને લીધે એકવાર તેવણે એ સ્કુલને મરવાતોલ પણ બનાવી. તોબી એ ખાતાને માટે મુંબઇની પ્રજા મરહુમને ખરેખર આભારી છે, તે વાત કોઇ ના પાડશે નહી. એ ખાતાંમાં તેવણને લીધે ખામીઓ રહી હશે તો તે હવે તેવણના ગુજરવા પછી સુધારી શકાશે. પણ તે સુધારો આ ખાતું મરહુમે સ્થાપવા અને જીવાડવાની માથાકુટ ચલાવી તેથીજ બની શકશે. અગરજો તેવણે એ હેમત નહી લીધી હોત તો આજે એ ખાતાંમાં સુધારો પણ થઇ શકત નહી. દરએક કામમાં ખરૂં માન તેના પેહલ કાહાડનારને છે, જોકે તે પેહલ હમેશાં નાની અને નબળી હોય છે. મી૦ માણકજી ખરશેદજીની જાહેરમાં યાદગારી રાખવા સામે ઘણાક જણને વાંધો જણાયછે; પણ સંસારી સુધારામાં અને અગત્ય કરીને સ્ત્રી કેળવણીમાં તથા અવસ્થ અલેકજાંદ્રા સ્કુલમાં મી૦ માણકજીએ જે કાંઇ બાહાદુરીથી ખમ્યું-છે, તેને માટે એ એક ખાતાંમાં એમની યાદગારી રાખવી જોઇયે તે તો એમના વિરૂધ પક્ષવાળાઓ પણ કબૂલ કરશે.

(રાસ્ત ગોફતારને માટે ખાસ.)

મરહુમ શેઠ માણેકજી ખરશેદજી સરાફનો જન્મ તા૦ ૧૪ મી મારચ ૧૮૦૮ ને દીને મુંબઇ મધે થયો હતો. એવણના બાવા મરનાર ખરશેદજી માણેકજી સરાફનાં નામથી કોઇપણ પારસી અંજાણ્યો હશે નહી. માણેકજીએ તે વખતની રૂઢી પ્રમાણે સાધારણ કેળવણી લીધી હતી, તોપણ પોતાના બાપના લાગવગના ઘણાક ઇંગ્રેજો સાથે અવારનવાર ભેળાયાથી ઇંગ્રેજી ભાષા બોલવા તથા લખવાનું સારૂં ગ્નાન મેળવ્યું હતું. પેહલવેહલા માણેકજીને તેવણના બાવાએ વ્યાપારનાં કામમાં નાખ્યા હતા, અને ૧૮૨૮ માં એમના વડા ભાઇ મરનાર હોરમજજીની સાથે રાસમાં એવણને "હોરમજજી માણેકજીની કું૦" ને નામે એક પેહડી કહાવી આપી હતી. તે પેહડીનું કામ ૧૮૩૩ સુધી ચાલયું હતું.

પેહલવેહલા મરહુમ માણેકજી ૧૮૩૦ માં એક જાહેર બોલનાર તરીકે બાહેર પડયા હતા. એ શાલની તા૦ ૧૨ મી મેએ મળેલી અતરેની નેટીવ એડયુકેશન સોશાઇટીની વાર્ષિક સભામાં એવણે ઉઠી સરનશીન હાનરેબલ સર જેમસ ડયુઆરનો ઉપકાર માનતાં દેશીઓની કેળવણી વિષે એક નાખલું પણ સુભાખીત ભાષણ કીધું હતું. તે પછી અતરેની "બોમ્બે બ્રાંચ ઓફ ધી રાએલ એશીઆટીક સોશાઇટી" ની મંડલીમાં દાખલ થવાની એવણે કોશેશ કીધી હતી, અને તા૦ ૨૯ મી મેએ ૧૮૩૩ ને દીને મળેલી એ મંડલીની સભામાં રેવરંડ ડાકટર જાન વીલસને એવણના અભીઆસ તથા સુધરેલા વિચારોની ઘણી તારીફ કરી એ મંડલીના એમને સભાસદ કરવાની દરખાસ્ત મુકી હતી, જે ચઉદ વધતાં મતથી રદ ગઇ, સબબ દેશીઓને તેમાં શામેલ કરવાને ઇગ્રેજોના વિચાર વિરૂધ હતા. આથી પાછો હટી ન જતા શેઠ માણેકજીએ એવી મંડલીઓમાં સામેલ થવાની પોતાની કોશેશ જારી રાખી, અને તા૦ ૧૭ મી જાનેવારી ૧૮૩૫ ને દીને લંડનની "રાએલ એશીઆટીક શોશાઇટી ઓફ ગ્રેટ બ્રીટન એંડ આએરલંડ" ના એક "નોન રેસીડંટ મેમબર," તરીકે

ચુંટી કહાયા, કે જે માન હિંદુસ્થાનના એક દેશીને પેહલવેહલું મલ્યું હતું. એ બાબે છપાતાં લંડનના "ધી એટલાસ" નામનાં પત્રના તા૦ ૨૫ મી જાનેવારી ૧૮૩૫ ના અંકમાં જણાવ્યું હતું કે—

"*Royal Asiatic Society* —At the general meeting of the Society, held at 2 o'clock on Saturday, the 17th January, Sir Henry Willock in the chair, Manockjee Cursetjee a highly respected Native Parsee gentleman of Bombay, was unanimously elected a non-resident member This is the first instance in which the Society has drawn into its body a native of India, and may be regarded as an auspicious evidence of the desire of the better class of Natives to associate with us in the work of social, and of moral improvement"

એ પછી એજ શોશાઇટીની એજ શાલમાં તા૦ ૩૦ મી જુને મળેલી સભામાં ઠેડાવ થયો કે "મુંબઇના સઘળા પ્રખ્યાત પારસીઓને અરજ કરવી કે તેઓએ મુંબઇમાં પારસીઓની તવારીખ, ધર્મ, સાહિત્ય, કાએદા, રીતભાત, અને રેવાજો વિષે સતાવાર ખબર ભેગી કરી આ શોશાઇટી ઉપર મોકલી આપવા માટે એક કમીટી ઠેડવવી, કે જેથી મુંબઇના પારસીઓની નીતિ તથા રાજદ્વારી સુધારામાં ગ્રેટ બ્રીટનને જે મોટો લાભ લેવો જોઇએછે તે વિષે બ્રીટિશ પ્રજાને તથા પાર્લામેંટને જાહેર કરવાને તેને અગતના દીસે એવા ઉપાયો તે લે." આ ઠેડાવની રૂહે સરનશીન સર અલેકઝાંડર જાનસને શેઠ માણેકજી ઉપર એક પત્ર લખી એવી એક ખોલ કરનારી કમીટી મુંબઇમાં સ્થાપવાને અરજ કીધી હતી, પણ તે વેલાએ કોઇએ તે સુચના ઉંચકી લીધી નહી.

ઇ૦ સ૦ ૧૮૩૭ માં પારસીઓને માટે વારસા હીસ્સાનો કાંઇ ચોકસ કાએદો ઘડવાને વડી સરકારમાં પારસી અકાબરોએ હીલચાલ કરવા માંડી, અને એક બે ઠેકાણેથી તે કાએદાના ખરડાઓ વટીક ગયા હતા, જેમાંની કેટલીક બહુંદી કલમો તથા ખામીઓ શેઠ માણેકજીએ અકાબરો તેમજ સરકારી અમલદારો ઉપર કાગળો લખી બતાવી હતી. વળી એજ શાલમાં પારીસની "એશીઆટીક શોશાઇટી" ના પ્રમુખ મો. મોહલ તથા શેક્રેટરી મો. ઇ. બરનુફ ઉપર એવણે એશીઆખંડને લગતી બાબતોનો એક પત્ર લખી મોકલ્યો હતો, જે ઘણો કીમતી જણાયાથી એવણને તા૦ ૧૭ મી ડીસેમબરે એ મંડળીના એક "નાન-રેસીડંટ મેમબર" ઠેડવી અતરે તેની સનદ મોકલી હતી.

તા૦ ૧ લી ફેબરવારી ૧૮૩૮ ને દીનથી અતરેની કસટમમાં જગાતનો નવો ધારો અમલમાં આવ્યાથી તે ખાતાંના કલેકટરના આસીસ્ટંટ તરીકે સરકારે શેઠ માણેકજીને નેમ્યા હતા. આ ઓહ્દો અતીઆર સુધી ઇગ્રેજોનેજ મળતો હતો, તે પેહલવેહલો એક દેશીને મલવાથી તે વેળાનાં તા૦ ૮ મી ફેબરવારીનાં બાંબે ગેઝેટમાં નીચે મુજબ ખુશાલી બતાવી હતી :—

"We observe by this day's Government Gazette that among other new arrangements in the Custom House, a native has been introduced on the list of Uncovenanted Assistants. This is we believe the first occasion on which an appointment in a grade hitherto occupied exclusively by Europeans has been granted to a native, and we cannot but hail it as the auspicious commencement of a course of action in accordance with the liberal spirit of the law, by which all inhabitants of India, of whatever caste or religion, are declared eligible for civil appointments under Government. The fortunate individual elected for this new office is Manockjee Cursetjee, a gentleman who has been distinguished among the native community for superior abilities"

એજ શાલમાં ઇયાને ૧૮૩૮ માં મરહુમ ગવરનર સર રાબરટ ગ્રાંટની યાદગારીમાં ગ્રાંટ મેડીકલ કાલેજ સ્થાપવાને જે કમીટી

નેમાઇ હતી તેના, તેમજ અતરેની બોમ્બે નેટીવ એડયુકેશન શોશાઇટીની કમીટીના એવણુને અધીકારી નેમ્યા હતા. ૧૮૪૦ ની તા૦ ૨૯ મી જાનેવારીએ એવણુને ડાકટર વીલસનની દરખાસ્ત ઉપરથી અને તેને ડાકટર બરનસે ટેકો આપવાથી "બોમ્બે બ્રાંચ ઑફ ધી રાએલ એશીઆટીક શોશાઇટી" ના પેહલવેહલા એક દેશી સભાસદ તરીકે ચુંટી કાઢયા હતા, અને તે પછી દેશીઓને એ મંડલીમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૮૪૧ માં મુંબઇની કોનસીલનો એક અધિકારી હાનરેબલ જેમસ ફેરીસ કે જેણે ૧૮૩૯માં અતરેના કામચલાઉ ગવરનરનો ઓહ્દો પણ ચલાવ્યો હતો તે ઇંગલાંડ જવાનો હોવાથી તેની યાદગારી રાખવા માટે અતરેના ટાઉનહાલમાં મલેલી જાહેર સભામાં એખલા દેશીઓમાં એવણુજ બીરાજ્યા હતા, તથા દેશીઓની સભામાં ગેરહાજરી વિષે ઠપકો આપવા ઉઠયા હતા જેથી અતરે ઘણી ચકચાર ઉઠી, કેમકે દેશીઓનાં મનમાં એવો ભરાત હતો કે દેશી છોકરાઓને વટલાવવામાં મીશનરીઓને મી૦ ફેરીશની ઘણી મદદ તથા કુમક હતી. આ ઉપરથી તા૦ ૨૧ મી ફેબરવારી ૧૮૪૧ નાં મુંબઇ સમાચારમાં એવણુને ઠપકો આપ્યો હતો કે દેશી થઇને દેશીઓની સામા વીચાર જણાવેચ. એજ શાલની તા૦ ૧ લી મારચે એવણ ઇંગલાંડની સફરે ગયા હતા. આ વેળાએ કસટમનો ઓહ્દો રજા ઉપર છોડવાથી એવણુને મસજીદ બંદરપરના ૧૫૯ વ્યાપારીઓએ તે ઓહ્દો ચાલાકી તથા અપક્ષપાતપણે ચલાવવા માટે એક માનપત્ર આપ્યું હતું. મુંબઇના તે વેળાના ગવરનર સર જે. આર. કરનાકે એવણુને કોરટ ઑફ ડાએરેકટરસના વડા ઉપર મજબુત ભલામણનો પત્ર આપ્યાથી એવણુને તે તરફ ઘણાક વગવાળા ઉમરાઓ વગેરે સાથ પીછાણ થઇ હતી, અને તે પીછાણ એવણે સેવટ સુધી સર્વ ઉપર કાગજપત્રો લખ્યા કરી જાળવી રાખી હતી.

આ વેળાએ એવણે ઇંગલાંડમાં હિંદુસ્થાનના એક શાહજાદા જેવો દેખાવ કીધો હતો, અને તેથી લોકો એમને "બારન ઑફ ધી ઇસ્ટ" કરી ઓળખવા લાગા હતા. જે ઉપરથી તે વખતનાં "મુંબઇ ચાબુક" મશ્કેરીમાં એમને "નકલી ભાટ" કરી નામ આપયું હતું. ૧૮૪૨ ની શરૂઆતમાં એવણ પારીસ મધેની ફ્રીમેશનોની એક લાડજમાં દાખલ થયા હતા, જે પણ દેશીઓમાં પેહલવેહલું એવણે કીધું હતું. એજ શાલની તા૦ ૮ મી આપરેલે ઇંગલાંડથી પાછા ફરી એવણે પોતાનો કસટમમાંનો ઓહ્દો લીધો હતો. ૧૮૪૪ માં એવણુને અતરેની ફ્રીમેશનોની લાડજ રાઇઝીંગ સ્ટારના સેક્રેટરીનો ઓહ્દો મલ્યો હતો, અને અતરેનાં ફ્રીમેશનોની એ સર્વેથી વખણાયલી લાડજમાં એવણે સઘળી માનભરી પદવીઓ ભોગવી હતી, તથા એ લાડજના મકાનમાં એવણુની એક તસવીર સઘળા બીરાદરોના ઉઘરાણાથી પડાવી ટાંગવામાં આવેલીછે. ૧૮૪૫ માં એવણે મુંબઇની આગલી પારસી પંચાતની આપઅખતીઆરી વિષે અને એ વખતની પંચાયતની ખુશામતખોરી ચાલની વીરૂધના ઘણાક દાખલા દલીલો સાથના પત્રો તે વેળાના બોમ્બે ટાઇમસમા Q in the Corner ની સહીથી છપાવ્યા હતાં જે તે વેળાએ ઘણાં વખણાયાં હતા. એ જુની ઇયાને ૧૮૧૮ થી તે ૩૦ સુધીની પારસી પંચાતનું અસલ દફતર મરનાર શેઠ માણેકજી પાસે છે, તે આશા છે કે એમના સાહેબજાદાઓ પંચાતનાં ફંડના તરસ્ટી સાહેબોને સાચવી રાખવાને આપશે. વળી એજ સાલમાં મુંબઇ મધે નાધલા દીવાની મુકદમાઓનો ચુકાદો કરનારી "કોરટ ઑફ રીકવેસ્ટસ' ના એવણુને એક હાનરરી કમીશનર ઠેરવ્યા હતા. એજ સાલની આખરીએ એવણે નામદાર લારડ એલફીનસ્ટનને પોતાની સાથે ઘારાપોરીની ગોફાઓ દેખડાવવા લઇ જઇ ત્યાં એક જીયાફત આપી હતી.

૧૮૪૮ માં એવણુને ઉપલીજ "કોરટ ઑફ રીકવેસ્ટસ"ના સ્ટીપેનડરી એટલે પગારદાર કમીશનર નેમ્યા હતા. જયાં દર આંતરે આંતરે એમને બેસવું પડતું હતું, અને બાકીના દીવસો સદર અદાલતમાં વકીલનું કામ ચલાવતા હતા. ૧૮૪૯ માં અમદાવાદના ફોજદાર હીરાલાલ ગોરધનદાસવાળા લાંચ લેવાના પ્રખ્યાત મુકદમામાં હીરાલાલ તરફથી એવણે કરેલાં ભાષણની સદર અદાલતના તે વેળાના જડજો ગ્રાંટ તથા વારડને બેન્ચ ઉપરથી તારીફ કીધી હતી. એજ સાલમાં એવણનાં ધણીઆણી બાઇ માણેકબાઇ ગુજરી ગયાં હતાં જેથી કેટલીક દલગીરી ફેલાઇ હતી. બીજે સાલ બયાને તા૦ ૧૯ મી જાનેવારી ૧૮૫૦ ને દીને એવણે પોતાની વડી બેટી બાઇ કુવરબાઇનાં શેઠ જીવણજી હીરજીભાઇ રેડીમની સાથે લગન કીધા હતાં, તેઓ હાલના શેઠ જાંગીર કાવસજી જાંગીર રેડીમનીનાં માતા હતાં. તેમના લગન ઘણી સુધરેલી ઢબથી કીધાં હતાં, જે વિષે બોલતાં તે વેળાનાં બામ્બે ગેઝેટમાં લખે છે કે—

"......It took place at the residence of Manockjee's brother, at Gowalia Tank The fair fiance, in this instance, has been the only other lady, excepting the daughter of the princely Knight of his nation, Sir Jamsetjee Jeejeebhoy, who has successfully studied and can converse in English, and her father is favorably known to European circle as the first traveller of his race in Christendom, as well as the first in Western India who gave a stimulous to literary attainments and foreign acquirements. The marriage we understand was more in accordance with European tastes than any hitherto known"

મરહુમ શેઠ માણેકજીએ ૧૮૫૦ માં સુનસફની પરીક્ષા પસાર કીધી હતી. ૧૮૫૧ ની તા૦ ૧ લી ફેબરવારીએ હિંદુસ્થાનના માજી સેનાધીપતી સર ચારલસ નેપીઅરને મજગામ શેઠ માણેકજી લીમજીના બંગલામાં એક જીયાફત આપી હતી તે વેળાએ એવણ ભાષણ કરવા ઉઠયા અને તેમાં બોલ્યા કે "હિંદુસ્થાનનો દેશ હમેશાં તલવારથી ફતેહ કર્યાંઆં આવ્યોછે વાસ્તે એક પછી બીજા સબળા હકુમત ચલાવનારાઓએ એ દેશ તલવારથીજ સમાલી રાખવો જોઇએ." આ ઉપરથી અતરેના દેશી વર્તમાન પત્રોએ એમના ઉપર સખ્ત મુજાહેમતો કરી હતી.

૧૮૫૨ માં મુંબઇમાં સ્માલ કાઝ કોરટ ઉઘડવાથી આગલી કોરટ ઑફ રીકવેસ્ટસ કાઢી નાખીઆમાં આવી, અને એવણને રૂ૬૦૦૦) નું ઇનામ અથવા તો બીજો આગલા દરમાયાનોજ કાંઇ ઓધો આપવાને સરકારે ઠેરાવ કીધો હતો. એજ સાલમાં નવી નીકળેલી બામ્બે આશોશીએશનની એવણ વિરૂધ હતા, તથા તે ઉપરથી હિંદુસ્થાનના રાજકારોબાર વિષે કેટલાંક ચોપાનીઆં એવણે પ્રગટ કીધાં હતાં, જેમાં કેળવાયલા દેશીઓ ઉપર તેઓએ સખત હુમલા કીધા હતા અને તેમને કોઇપણ રાજદ્વારી હકને માટે નાલાયક ઠરાવવા માંગ્યા હતા. ૧૮૫૩ ના નવેમબર માસમાં એવણને સમાલ કાઝ કોરટના ત્રિજા જડજનો ઓધો એક વર્ષ તથા ૧૮૫૫ માં બીજા જડજનો ઓધો છ મહિના મલ્યો હતો. ૧૮૫૬ નાં સાલ માટે મુબઇના શેરીફ તરીકે એવણ નેમાયા હતા કે જે માન દેશીઓમાં પેહલવેહલું એવણનેજ મલયું હતું. એજ સાલના જુન માસમાં એવણને સમાલ કાઝ કોરટના ત્રિજા જડજનો ઓધો કાએમ મલયાથી શેરીફનો ઓધો છોડી દેવો પડયો હતો. એજ શાલના અકટોબર માસમાં એવણ વિષે અતરેનાં ઇંગ્રેજી વર્તમાન પત્રોમાં એવી મતલબના હોમલા થતા હતા કે એવણ પોતાના લોકો તરફથી માન મેળવવાને તથા વિશ્વાસ ખેંચી લેવાને લાએક નથી, તથા મુંબઇનાં શેરીફ તેમજ સમાલ કાઝ કોરટના જડજના માનવંતા ઓધાઓ એવણને ચલાવતાં કોઇ દેશીઓ રાજી નથી. આ ઉપરથી અતરેના ૧૦૦૦ દેશી સરાફો, નાણાંવટી અને વેપારીઓની થઇ સાયનો એક પત્ર૰ ૧૮૫[illegible]

મી અક્ટોબર ૧૮૫૬ ને દીને અતરેના ગવરનર લારડ એલફીનસટન જોગ મોકલવામાં આવ્યો હતો, અને તેમાં ઉપલા મરહુમ શેઠ માણેકજી વિષે છપાતા હોમનાઓમાંની ખીનાની સચ્ચાઇ વિષે ખોલ્લો ઇનકાર કરી તેવણની માનભરી આબરૂ તથા ચોખી દયાનતદારી માટે દેશીઓ જે મોટુ માન ધરાવેછે તે જાહેર કીધું, તથા એવા ગ્રહસ્થને ઇનસાફની ખુરસીએ બેશાડી નામદાર સરકારે તેવણપર જે વિશ્વાશ મુકયોછે તે સાચવી રાખવાને તેવણ તદન લાયક છે એમ સરવે દેશીઓ તરફનું મત જણાવ્યુ હતુ. આ મત નામદાર સરકારે તા૦ ૧૫ મી ડીસેમબર ૧૮૫૬ ને દીને ઉપલા સહી કરનારાઓ જોગ મી૦ આનડરસન શેક્રેટરીની મારફતે લખેલા નીચલા પત્રમાં સ્વીકારયું હતું—

Gentlemen—I am directed to acknowledge the receipt of your letter of the 15th of October last, and to inform you that the Right Hon'ble the Governor in Council has received with great satisfaction the testimony you have therein borne to the character and ability of Mr. Manockjee Cursetjee, the Third Judge of the Court of Small Causes

સ્ત્રી કેળવણીના મરહુમ શેઠ માણેકજી અસલથીજ હીમાયતી હતા એ સર્વેને જાણીતું છે. એવણે પોતાની ત્રણે બેટીઓને ઘણીજ સારી બલકે ઉંચા દરજજાની કેળવણી આપી હતી, અને એમની બે હૈયાત બેટીઓ બાઇ આઇમાએ તથા બાઇ શીરીનબાઇ પારસીઓમાં સ્ત્રી કેળવણીના ખરેખરા નમુના છે એમ જો અમો લખીએ તો કાંઇ ખોટું નથી. ૧૮૬૦ માં પેહલવેહલી મરહુમ શેઠ માણેકજીએ પોતાના ભાંએખલાના બંગલામા પારસી છોડીઓની એક ખાનગી ઇંગ્રેજી નિશાલ ઉંઘાડી હતી. એજ શાલમાં નામદાર સરકારે એવણને સુલેહના અમલદારનું માન આપ્યું હતું. ૧૮૬૨ માં એવણને પારસી લૉ કમીશન આગલ શાક્ષી આપવા બોલાવ્યા હતા, જ્યાં નં જતાં એમણે એ ધારા વિષેનાં પોતાનાં લખેલાં ત્રણ ચોપાનીઆં મોકલી આપ્યાં હતાં. એજ શાલમાં એવણ પોતાના બે બેટાઓ તથા બંન્ને ઉપલી બેટીઓને લઇ બીજી વાર ઇંગલાંડની સફરે ગયા હતા, અને ત્યાં ઉપલા બંન્ને બેટાઓને ઉંચે દરજ્જેની કેળવણી આપવાને રાખી આવ્યા હતા, કે જયા વડા શેઠ ખરશેદજી ઓકસફરડની યુનીવરસીટીમાં બી. એ. થાઇ બારીસટરની સનદ મેલવી ૧૮૬૯ માં પાછા મુંબઇ ફર્યા હતા, અને નાધલા શેઠ જાંગીરજીએ કેમબ્રીડજમાં તાલીમ લઇ હિંદુસ્થાનનાં લશ્કર ખાતાંમાં કાંઇ મોટા ઓહ્દો મેલવી શામેલ થવાની ઘણીક કોશેશ કીધી હતી, પણ એ ખાતાંમાં દેશીઓને ઓહ્દા આપવાની બંધી હોવાથી તેમાં તેમને નીફ્ફળ થઇ ૧૮૭૦ માં મુંબઇ પાછું ફરવું પડયું હતું. એ બાબે મરહુમ શેઠ માણેકજીએ ઇંગ્લાડના મોટા મોટા સત્તાવાળાઓ સાથે ઘણાક સંદેશાઓ માયાકુલ દલીલોથી ચલાવ્યા હતા.

ઇ૦ સ૦ ૧૮૬૩ ને માટે નામદાર સરકારે એવણને મુંબઇના શેરીફ નેમ્યા હતા. એજ શાલમાં એવણે પોતાની માનીતી "અલેકજાંડરા નેટીવ ગરલસ ઇંગલીશ ઇનસ્ટીટયુશન" ની સ્થાપણા પોતાના વડા બેટા શેઠ હીરાજીના ઉઠમણાંમાં પોતે ૨૪૦૦૦ ની રકમ ભરી કીધી હતી. એ સ્કુલ સ્થાપ્યા પછી તેને માટે એવણે પોતાની તમામ દીલસોજી વાપડી પોતાનાં મરણની છેલી ઘડી સુધી તેના જીવ અને લોહી સરખા રહયા હતા, અને ૨૪ વર્ષો સુધી તેનો સઘળો વહીવટ પોતાનાજ વિચાર મુજબનો ચલાવવા દીધો હતો તથા ખંત પકડીને તેને સારૂં મેદાંનમાં જાથુકનુ મકાન પણ બંધાવી દીધું હતું, જે સેવટ સુધી એમની યાદગારી રાખશે. ૧૮૬૪ માં કાંઇ મુકદમાને દરમેઆંન સમાલ કાઝ કોરટના બેન્ચ ઉપરથી મી૦ કાફરડ વકીલ સાથે ખટપટ થવાથી તે વાત સરકાર સુધી ગઇ હતી, અને એવણને બરાબર ઇનસાફ ન મલવાથી રાજીનામું આપવાને પણ તૈયાર

થયા હતા, સેક્રીન ગવરનર સર બારટલ ફ્રીઅરના સમજાવવાથી તે પાછું ખેંચી લીધું હતું. ૧૮૬૫ માં પાછા ત્રીજીવાર ઈંગલાંડની સફરે ગયા હતા, અને એક વર્ષ સુધી આખા યુરોપમાં ફરી મુસાફરી કીધી હતી, તથા લંડનની શોશીયલ સાએનસ કાંનગ્રેસમાં સ્ત્રી કેળવણી તેમજ હિંદુસ્થાંનની કેળવણીપર બે ભાષાણો કીધાં હતાં. એ મુસાફરીથી ૧૮૬૬ ના જુલાઈ માસમાં પાછા ફર્યા પછી એમને સમાલ કાઝ કોરટના બીજા જડજનો ઓધો મલયો હતો.

૧૮૬૭ માં એવણે ભાંએખલા અને બેલાસીસ રોડના રસ્તાની વચ્ચે પોતાના બાવા મરનાર ખરશેદજી માણેકજીના નામનો એક ફુવારો તથા તે ઉપર તેમનું એક કાંસાંનું બાહવલું કેટલોક ખરચ કરી મુકાવ્યું હતું. એજ સાલના મેએ માસમાં એવણ ચોથીવાર ઈંગલાંડની મુસાફરીએ ગયા હતા, અને ત્યાંથી પાછા ફરતાં પારીસ મધે એકાએક અંતરગલનો મરજ ઘણી ધાસ્તીભરી રીતે એવણ ઉપર લાગુ પડયો, પણ ત્યાંના નામીચા તબીબોની અછી માવજતથી તે દફે થાઈ પાછા ૧૮૬૮ ના મારચમાં અતરે સહીસલામત આવી પુગા હતા. એ પછી તા૦ ૬ ઠી ફેબરવારી ૧૮૭૩ ને દીને એવણે સમાલ કાઝ કોરટના જડજનો ઓહ્દો પેનશન ઉપર છોડયો હતો. આ વેળાએ સરકારે એમની લાંબા વખતની તથા નીમકહલાલ નોકરીઓ ધીઆંનમાં લઈ એમનાં પેનશનમાં દર વર્ષે રૂ૧૦૦૦) નો ખાસ વધારો કરી તે રૂ૬૦૦૦) નુ કરી આપ્યું હતું. ૧૮૭૪ માં ફરી પાંચમી વાર ઈંગલંડ જઈ આવ્યા પછી અતરે એકાંત જીંદગી ગુજારતા હતા, તોપણ ચટપટયા જીવને લીધે યુરોપથી આવતા દરેક મોટા અમલદાર તથા અતરે આવતા દેશી રાજવંશીઓ સાથે મોલાકાતો તેમજ કાગજપત્રોનો વેહેવાર રાખતા અને બધો વખત ફરવાહરવામાં મોજ લેતા હતા. એક મીત્ર તરીકે મરહુમ શેઠ માણેકજી ઘણાજ મલતાવડા અને મીલનસાર હતા, અને અતરેની સઘળી કોમોમાં બોહલી ઓલખાણપીછાણ ધરાવતા હતા.

બ. બે. પ.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૧ મી ડીસેમબર ૧૮૮૭.]

6th December 1887.

MANECKJEE CURSETJEE SHROFF.—WE regret to announce the death of Mr. Manockjee Cursetjee Shroff, for many years a Judge of the Small Causes Court at Bombay, which took place, at the age of eighty years, at his residence, Breach Candy, yesterday. The foremost pioneer of an English education for native girls; the father and founder of the Alexandra Native Girls' English Institution in Bombay; the dauntless Vakil of the Sudder Adawlut who had frequent passages-at-arms with the Judges, twice the High Sheriff of Bombay; the friend and correspondent of the Royalty and Aristocracy of England and of Europe; the "Byron of the East" as he was sometimes facitiously called, one of the first natives who was most lionised in Europe more than forty-six years ago,—the genial, warm hearted, humorous, and loquacious, old Manockjee Cursetjee was found lying dead in his bed early yesterday morning. Throughout his life, his conscientiousness, uprightness, and fearless independence in his public and private relations were the prominent features of his character. A certain amount of assertiveness, bordering occasionally on obstinacy, invested his views and opinions with an unpleasant flavour at times; but his reputation for integrity and unselfishness were

beyond a question. He was never self-seeking; and self-interest never led him to cringe anybody. In private life he was always a jolly, humorous, good old gentleman, and during his leisure hours he experienced a peculiar pleasure in mixing in the pastimes of children as their boon companion In the days when the defunct Bombay Association was a powerful body with the late Dr. Bhau Daji and Mr. Nowrojee Furdoonjee as its secretaries, it found a sturdy opponent in Mr Manockjee Cursetjee. He had no sympathy with its aims and objects for the political advancement of the natives on a footing of equality with Europeans, because he considered the educational machinery of the time to be misdirected and misapplied. The higher education of the natives, he held, was wanting in ethical purity; and their so-called civilization imperfect and irregular. For over half a century, Mr. Manockjee Cursetjee was a prominent figure in the history of this presidency; and it will not be uninteresting to glance at the principal events of his career

Mr. Manockjee Cursetjee was born in Bombay in 1807, His father, Cursetjee Manockjee Shroff, was a Government contractor, Mr Manockjee received his English education in some private schools of the time; but coming as he did, through his father's influence and large acqauintance, in contact with superior class of Europeans, he acquired at an early age a good knowledge of English as well as of the manners, customs, and *etiquette* of educated Europeans, His outspoken address, independence of judgement, firmness of purpose, and fearless advocacy of what he believed to be right and proper, brought him into prominent and favourable notice. There being no fixed laws with regard to inheritance among Parsees at the time, and some difficulty being felt by the law courts in the disposal of questions of legacy and inheritance connected with them, the Government of India sent to the Parsee Punchayet a memorandum containing a number of questions on the subject, and invited explanations and remarks regarding them Owing to a difference of opinion among the members of the Punchayet, the late Mr. Framjee Cowasjee Banajee and Mr. Vicajee Mherjee, who differed in their views with each other as well as with the rest of the members of the Punchayet, sent independent answers to the Government of India. This occurred in 1837, when Mr. Manockjee Cursetjee, then in his thirtieth year, entered the lists on his own account, and in a communication addressed to the Government of India, he shewed the desirability of applying to the Parsees, with some slight modifications, the English law of inheritance; and that was eventually done. The Parse Punchayet subsequently found in Mr. Manockjee a bitter opponent; for in a series of letters written over the *pseudonym* of "Q. in the Corner" and published in the *Bombay Times* newspaper, he exposed what he considered to be the faults and frailties of the Punchayet which the rest of the Parsee community respected as an august body. Dr. George Buist, the editor of the paper,

complimented Mr. Manockjee for his letters, saying—"A thousand thanks for your valuable papers. They are documents of substantial and permanent interest. I wish you would continue them." The rise of Bombay in importance dates from the year 1840 when Sir James Rivett-Carnac was its Governor, it was during his time that the Bombay Bank, the Bombay Chamber of Commerce, and the Bombay Branch of the Royal Asiatic Society came into existence. It was durind that time that the rights and claims of educated natives were first rgcognised, and in Mr. Manockjee's appointment (as the first gazetted officer in the Uncovenanted Service) as Assistant Collector of Cnstoms in 1838, the door was opened for the advancement of qualified natives to the higher class of appointments in the service. Having worked for some time at the Musjid Bunder Custom House, when he took a conspicuous part in the prosecution of the noted leader of the Bunder Gang, Aloo Parroo, that infested the trade of Bombay, he was transferred as Assistant Collector to the Export Department of the Fort Custom House, when Sir Bartle Frere (then Mr. Frere) was Deputy Collector of Customs. Owing to a defective system of measurement which prevailed at the time, the revenue from cotton exported from Bombay was not properly collected in the Custom House. Mr. Manockjee made from time to time written suggestions to the head of the depart ment, Mr. Glasse, with a view to the improvement of the revenue. Differences of opinion soon arose between Mr. Glasse and Mr. Manockjee. The former reported the matter to the higher authorities, and after a lengthy and acrimonious correspondence, Mr. Manockjee was in 1847 removed from his appointment by a resolution of the Government of Sir George Russel, Clerk That resolution, however, complimented Mr. Manockjee in his honesty and integrity, and directed that he should be employed in another appointment suited to his abilities and intelligence. On his leaving the Custom House, he was presented with a testimonial signed by all the leading European and native merchants of the time. At the suggestion of Sir Erskine Perry, then Chief Justice of the Supreme Court at Bombay, Mr. Manockjee took to the study of law and was admitted to practice as a Vakil of the Sudder Adawlut, then located in "Byramjee Hall" the present residence of Mr. Byramjee Jeejeebhoy, C. S. I. The class of native legal practitioners in that Court at the time was remarkable neither for ability nor position, but Mr Manockjee fought in their interest for gaining for them a larger measure of consideration than was granted them in comparison with barristers Mr. Wardon and Mr. W. E. Frere (elder brother of Sir Bartle Frere) were the Judges of the Court at the time, and neither of them had a liking for Mr Manockjee who fought for the same concessions as were made to the barristers, and, refused to address the Judges, as the other Vakils did, with the appellation of "Khodavand Saheb," (i e., Saheb with the dignity of God). He was accused of disrespect to the Bench, and his cases were ordered to stand over indefinitely;

and he, like the other Vakils, was required to attend the Court daily until his case was called on. Mr. Manockjee, who was not free from infirmities and eccentricities of temper, chafed under such treatment and protested against its invidiousness Lord Falkland, then Governor of Bombay, to whose notice the matter had been brought, solved the difficulty by appointing Mr. Manockjee a Commissioner of the Court of Requests (the predecessor of the Small Causes Court). As a pleader he enjoyed a large and lucrative mofussil practice, and up to this day he is well remembered in Surat, Ahmedabad, and other parts of Gujerat as Mr Manockjee Vakil.' He had friends on the Court of Directors of the East India Company, and he frequently communicated to them an account of things as they were in Bombay at the time.

On the institution of the Bombay Small Canses Court, in 1853, Mr. Manockjee was appointed the Third Judge, Mr. W Crawford, barrister-at-law, being the first and Mr. West the second Judges respectively, Mr. Manockjee, from the insight he had gained in the Court of Requests into the chicanery universally practised by Marwaree suitors, was very strict as regarded proofs of their claims in the Small Causes Court. They raised an outcry against his summary disposal of their cases and laid a complaint against him before Mr. Crawford, the Chief Judge, who referred them to Government. All the Marwaree suitors of Bombay entered into a combination aud abstained for two months from filing suits in the Small Causes Court, with the result that the revenue that year fell off considerably. Government having asked for an explanation, Mr. Manockjee sent in a long report, justifying the course he had pursued in the disposal of suits to which Marwarees were parties, and describing the tricks they generally used in bolstering up fictitious claims, Government were satisfied with the report and complimented Mr. Manockjee on his shrewdness. At a subsequent period, when Sir Bartle Frere was Governor of Bombay, and his elder brother, the Hon. W. E. Frere, was Senior Member of Council, Government required from Mr. Manockjee an explanation regarding the allegations made in a newspaper, in which Mr. Manockjee was accused of rudeness towards Mr. W H. Crawford, a solicitor, while pleading in his court. Mr Crawford asked the meaning of a Gujeratee word "hurda," i.e. half bale of cotton, that came out in evidence, and Mr. Manockjee told Mr. Crawford to go into the bazaar and find it out This evoked very serious criticism in the English Press, and Mr. Crawford complained to Government. In submitting his explanation, Mr. Manockjee characteristically urged that Government could not interfere in a matter of this nature without compromising the dignity and independence of the Bench. Government, however, passed a resolution censuring Mr Manockjee for his alleged general want of courtesy to the profession. He was not the man to submit to such censure. He immediately requested Govenment to withdraw the resolution or to publish the explanation given by him, saying that in the event of either of these courses not

being adopted, he begged to tender his resignation. The Chief Judge of the Court and Sir Bartle Frere privately advised Mr. Manockjee to withdraw the resignation. He subsequently went to England on furlough and had a discussion raised in the House of Lords, where his case was taken up by Lords Chelmsford and Ellenborough. Earl de Grey and Ripon, who was then Secretary of State for India, while vindicating the action of the Bombay Government, expressed his regret at what had been done and asked that the publication of the papers called for should not be pressed. Mr. Manockjee, who was then present in the House of Lords, on being consulted, declared himself satisfied, and the motion was accordingly withdrawn. On his return to India, in accordance to a recommendation of the home authorities, Mr. Manockjee was appointed by Sir Bartle Frere's Government to a higher post, namely that of second Judge of the Small Causes Court He continued on the Bench till 1873 when the "fifty-five years" rule compelled him to retire on a pension of Rs. 6,000 a year. The Government of Sir Philip Wodehouse recommended a higher scale of pension, which, however, was vetoed by the Government of India, and on appeal, by the Home Government also. Sir Philip Wodehouse recommended a higher scale of pension, "in consideration not only of his (Mr. Manockjee's) long and zealous public service, but also of his unrelaxing efforts to break down the barriers of prejudice between his fellow-country-men and Europeans, to remove the difficulties which excluded the former from the advantages of European civilization, and above all to educate and elevate the females of India. There can be no doubt that Mr. Maneckjee's career has been of great benefit to the native community and that the present is a fitting opportunity for its recognition by Government" The House Government in upholding the decision of the Government of India in regard to Mr Manockjee's pension, recommended the Bombay Government to assist him in any other legitimate manner it could Soon after his retirement, Mr Manockjes was granted a very large tract of land at Bassein with permission to open salt work, from which he realised a considerable sum of money, which he is said to have devoted to the building fund of the Alexandra School, of which he was the founder

As a private gentleman, as a citizen and as a friend, Mr. Manockjee may be said to have led an irreproachable life Female education was the cherished object of his heart. He held that the education of the mothers of the rising generation of natives should precede all efforts made for their enlightenment and political advancement. Having given his own daughters what he believed to be a sound education, he, in co-operation with several others, opened a small female school in 1853 in his own bungalow at Byculla, which was then known as "Villa Byculla," and is now used as the G. I. P. Railway Infirmary. Ten years later at the third day's funeral ceremonies performed in connection with the death of his eldest son, Mr. Manockjee headed with a sum of Rs. 4,000 a subscription list

with the object of establishing an English school for native girls, A sum of Rs. 60,500 was subscribed for the school; and with this fund the Alexandra School was opened shortly afterwards. The Hon. Mounstuart Elphinstone, formerly Governor o' Bombay, writing to Mr. Manockjee from London on the 31st July 1843 said —

I am delighted to see the continuance of your zeal for education and enlightenment as shown in your attention to that of your daughter. I sincerely hope she may live to be a bright example of the advantage of such a system, and of the folly of believing that extensive knowledge is incompatible with feminine modesty and with the domestic virtues.

Colonel Sykes, in a letter dated India House 2nd January 1815, wrote to Mr Manockjee.—

I am glad to find by your letter of 27th August, particularly from the enclosure written by your daughter to Mrs Sykes, that your mind continues on the right bent for not only elevating the intellectual condition of your male countrymen, but also of the females of India There is no doubt of its ultimately producing very much universal comfort to both sexes; and it is only to be lamented that the period is necessarily so very distant when it can be operative on the mass of the people; meanwhile every innovator upon the barbarous usages, although his efforts be but single and feeble, is yet bringing about the desired end. . . Any progressive or permanent social or intellectual improvement, however, cannot take place in the better classes of Native Society while the present selfish, exclusive, and narrow-minded views obtain in regard to the position and duties of women. No nation in the annals of the earth ever attained lasting eminence in their political, moral, and social institutions, in which women were not, by the cultivation of the mind, to be the companion, the friend and adviser of men, and, moreover, their examples in most of those qualities that elevate and dignify our nature

Mr Manockjee paid five visits to Europe, namely, in 1841, 1862, 1864, 1867, and again in 1874. During the first visit, he was treated with marked distinction by the Queen, the Prince Consort, the great Sir Robert Peel, and almost all the distinguished men of the time. The *East Indian and Colonial Atlas*, of the 1st May 1841, had the following notice of Mr. Manockjee —

Manockjee Cursetjee of Bombay, who arrived by the last overland, is already attracting considerable attention. His remarkable fluency of speech, his pertinent observations on passing scenes and events, richly spiced with the eager research and attic salt of an active mind, combined with the peculiarity of his national constume, render him the observed of all beholders. At the dinner given at Liverpoel to Sir Charles Napier, Manockjee made his maiden speech in England in returing thanks for the proposal of his health. Since his visit to London he has frequented most of the public places of resort; is a member of the City of London Club, has been elected an honorary one of the Athenæum, is about to be proposed for the Oriental, and will be presented at the next levee by the

President of the India Board, who, with the authorities of the India House, have unanimously given him a kind and cordial reception. He is quite a conundrum to John Bull, who, generally speaking, has a crotchet in his head that an Asiatic must of necessity murder her Majesty's English. His garb, too, is rather enigmetical to the cockney, who can comprehend that velvet and gold constitute "an Indian Prince," but the comparative simplicity and uniqueness of the Parsee attire is conglomerating exceedingly Some set him down for an Italian, some maintain he is a Turk, others an Egyptian, and he has even past muster for a mandarin of illustrious button! Murray, the publisher, anxious to introduce a *Fireworshipper* to "the bard of Erin," invited Manockjee to meet him, Lockhart, Coleridge, Milman, Mrs. Jamieson, and a select few of the literati of the day, when they had what Lord Byron would call "a night of it"

The London *Times*, speaking of Mr. Manockjee a few months later, that is in its issue of the 4th December 1841, said —

Manockjee Cursetjee, the rich and accomplished Parsee of Bombay, left town for Paris on Thursday, on a tour of a few months through Europe. He proposes to return to his own country by way of Egypt, some time in the ensuing spring He dined with Sir Robert Peel a few days since, and was treated by the Right Honourable Baronet with marked distinction. He paid visits to and took leave of most of the Ministers and other distinguished persons on Wednesday, his latest calls being at Downing Street Manockjee Cursetjee is higly esteemed for his great and various learning. His acquaintance with the European languages is extensive, and he speaks English as if born in the British Isles.

Mr Manockjee met with a most flattering reception at Paris He has had a private audience with the Emperor, and passed an evening with the Royal family. He was also honored by an interview with the Prime Minister, and was present at several musical *soirees* at the residence of most of the *haute noblesse* of France. The same sort of treatment was accorded him at several of the other courts of Europe which he visited At an audience given to him by the Pope at Rome, his Holiness blessed him in the same manner as is done in cases of royalty, and presented him a gold medal with his impress and a suitable inscription. He was enrolled an honorary member of many of the great literary societies of the places he visited. In 1862, he took his two daughters and sons with him to Europe, where leaving the latter for their education, he and his daughters travelled over a great portion of Europe, being received with marked distinction everywhere. They were present at the wedding of the present King and Queen of Italy. In 1864 Mr. Manockjee went to Europe with one of his daughters (the other having been married to Mr K. R. Cama,) and she was presented at court to the Princess of Wales at the first drawing room after the death of the Prince Consort. Being the first native lady who has had that honour, coupled with her Oriental costume,

she created a great sensation at the time. Mr. Manockjee and his daughter then travelled through Europe as far as St. Petersburgh, being received with marked attention by the members of the Rayal families of the many courts through which they passed. During his visit to England in 1867, Mr. Manockjee was summoned to Windsor Castle to a private audience of Her Majesty the Queen, and was accompanied thereto by Sir Stafford Northcote as Secretary of State for India Mr. Manockjee was acquainted and up to a recent date corresponded with every Prime Minister since 1842, as well as with a great many distinguished men since that period, His acquaintance and correspondence with the aristocracy and men of light and leading in India, including Governors-General, Rajahs, and others, were qually extensive The pamphlets and *brochures* which he published from time to time gave him a sort of literary and political reputation. He was always unpopular with what may be called the "Young India Party" for his boldly contesting their claims for equal rights with the ruling race in a series of pamphlets, some of which were cited by witnesses before the Parliamentary committee of the House of Lords in 1853. His letters to the *Friend of India* are believed to have resulted in the Parsees of the present day being saved from the legalisation of infant marriages.

Mr. Manockjee is entitled to the credit of being the first native Sheriff, the first native Freemason, and the first native member of the Bombay Branch of the Royal Asiatic Society In the year 1855, he was appointed Sheriff of Bombay by Lord Elphinstone, and again in 1863 by Sir Bartle Frere. There was considerable opposition to natives being admitted members of the Bombay Branch of the Royal Asiatic Society, and Mr Manockjee was at first rejected. He was however, elected a member of the Royal Asiatic Society in London; and on this time the Bombay Branch had to follow suit, and Mr Manockjee was duly elected a member in 1840. He had received honors at the hands of the Bombay Government also. His name appeared in the earliest lists of Justices of the Peace and members of the Grand Jury, and he was appointed a Fellow of the Bombay University at the same time as the late Sir Maxwel Melvill, the Hon'ble Mr. Peile, the Hon'ble Mr. West, and others. Mr. Manockjee stongly advocated the enrolment of natives in the Military Service, in its higher ranks, and with this view he addressed a letter to his Royal Highness the Duke of Cambridge He also fought hard for the admission of natives to the Indian and British Medical Services, and to a certain extent his recommendations met with success. No native was made a Freemason before Mr. Monockjee's time. Having seen the light in Lodge "Orient" in France during his first visit to Europe he was on his return to this country admitted into Freemasonry as a matter of course, and became the founder of the first and most influential native Lodge, "Rising Star of Western India," the members of which, in order to mark their

sense of his services, established the "Foundator's Medal" which is conferred upon distinguished Masons, and on one side of which Mr. Manockjee's likeness is impressed. He was a distinguished Mason, and as such was received in all countries which he visited. Only a few years ago, the Freemasons of Bombay subscribed to a large portrait of Mr. Manockjee, which now adorns—with its companion portraits of the Hon. James Gibbs, Mr Mackintosh Balfour, and Sir Henry Morland—the walls of the Freemasons' Hall, at Byculla Through out his life Mr. Manockjee was a strict follower of the Zoroastrian faith. His interest in his pet institution, the Alexandra School, was great; and it was only on Monday last, the evening preceding his death, that he visited it in company of Mr. J, C. Cama, the honorary secretary. Mr Manockjee's funeral will take place this morning.

[*Bombay Gazette, 7th December 1887*]

તા૦ ૧૫ મી ડીસેંમબર.

રોજ ૨૯ માહ ૩ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

ખરશેદજી જાંગીરજી તારાચંદ—ગયા જમાનાના અતી જાણીતા પારસી વેપારી મરહુમ જેહાગીર ખરશેદજી તારાચદના વડા બેટા તથા માજી જાણીતા પારસી અકાબર મરહુમ રૂસતમજી જમશેદજી જીજીભાઇના જમાઇ મી૦ ખરશેદજી જેહાંગીર તારાચંદનાં ૫૨) વરસની ઉમરે ગઇ સવારના ટુંક માંદગી પછી મરણ પામવાના સમાચાર જાહેર કરતાં ખેદ ઉપજેછે. મરનારના પીતાજી ચીનના બોહોલા વેપારી હતા અને ચીનની મુસાફરી તેવણે એ વેપારને અરથે કરી હતી, જે વખતે પારસીઓના બાબમાં તે અસાધારણ હતી. મરનાર મી૦ ખરશેદજી સારી કેલવણી લેવા બાદ વેપારવણજમાં પડયા હતા અને તેવણની વેપારી કુનેહ માટે વેપારી મંડલમાં સારો વીચાર હતો. મુંબઇનાં જોઇંટ સ્ટોક ખાતાંઓમાં તેવણ પરોટાયલા હતા, કેટલાંક ખાતાઓમાં સામેલ હતા અને "સ્વદેશી મીલ" તથા નાગપોરની સેનટરલ ઇંડયા મીલના તેવણ એક ડાયરેકટર હોવાથી તેવણનાં માનને ખાતર ગઇ કાલે કુરલાની "સ્વદેશી મીલ" બંધ રાખવામાં આવી હતી, જયારે એ બેઉ મીલોના એજંટોની આફીસ પણ બંધ રાખવામાં આવી હતી. મરનારે બે વાર યુરોપખંડની મુસાફરી કરી હતી. તેવણનો સવભાવ બહુ એકાંતવાસ હતો, તોપણ તેવણની સભયતા તથા મીલનસારપણાંથી તેમજ પરમાણીક સવતંતર વરતણુકથી તેવણ પોતા પાછલ મીતરોનુ એક મોટું મંડલ મેલી ગયાછે, જેઓ તેવણનાં મરણ માટે બહુ દલગીર થઇ તેવણના અતી બુઝરગ માતાજી તથા વીધવા અને બેશીઓના દુઃખમાં પુરતો ભાગ લીયેછે.

[જામે જમશેદ, તા૦ ૧૬ મી ડીસેંમબર ૧૮૮૭.]

તા૦ ૨૩ મી ડીસેંમબર.

રોજ ૭ માહ ૪ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

કુવરબાઈ તે કેખશરૂ નવરોજજી કાબરાજીનાં ધણીઆંની—મી૦ કેખુશરો નવરોજજી કાબરાજીના લાયકીવાલાં ધણીયાણી બાઇ કુંવરબાઇનાં અતી સંતાપકારક મરણની નોંધ લેતાં અમોને બેહદ દલગીરી ઉપજેછે. આ અફસોસ ભરેલા બનાવથી મી૦ કાબરાજીને અને તેમનાં ગરીબ કુટુંબને જબરો ફટકો લાગોછે. આ બચગવાલ બાપની અને તેમનાં નાહનાં મોહોટાં નવ બચાંઓની, ગઇ કાલે મરનાર બાઇની પાયદસ્ત વેલાની કલાપીત ખચીત છાતી ફાડ તેવી હતી. મી૦ કેખુશરોને એક સદગુણી અને રાંક સ્વભાવની મોહોરદાર બોહવા માટે અને તેમનાં ફરજંદોને એક ઘણાં હેતવાનાં અને પોતાનાં બચાં ઉપર જાન ફીદા કરનારાં વહાલાં માતાજીનાં અકાળ મરણ માટે અમારો ખરા

જીગરનો દીલાસો છે. અમો આ દુખી કુટુંબને એટલોજ સધયારો આપયે છીયે કે મોડે વેહલે સરવેને આ રસ્તો લેવો છે, અને જો કે બાઇ કુંવરબાઇની ઉમર ફકત ૩૮ વરસની હોવાથી તેમનો વખત જમના જાલમ દેવને આધીન થવાનો નહી હતો, તે છતાં હવે તે સરવ શકતીવાન કીરતારના હોકમને આધીન થઇ, બચીત નહી ખમાય તેવા ગજબ માટે દીલને કઠણ કરી તે બારે હકતાલાને યાદ કરી પોતાની ઉપર આવેલા હાંદેશાને ભુલી જવો જોઇયેછે. અને વધુ આ ગમમાં ગીરફતાર થયલા બાપે એટનાથી સંતોશ લેવો કે તેમની ડાહી અને શયાણી વડી બેટી તેમના નાહના બુકાની સંભાલ લેવાને કદીબી પછાત પડનાર નથી તે વીશે સરવેની ખાત્રી છે. આ દુખી બનાવ માટે લંબાણ કરી એ કુટુંબને વધુ ગમખાર નહી કરતાં અમો એટલુજ જણાવયે છીયે કે આ કુટુંબ ઉપર જે એક આફતનું વાદલ ગગડયુંછે તેથી તેઓનાં દુખમા જેમ અમે દુખી થયા છીયે તેમજ એવા બીજા ઘણાઓ છે કે જેઓ આ દુખી બનાવ માટે એ કુટુંબનાં દુખમાં ભાગ લેછે.

[કયસરે હિન્દ, તા૦ ૨૫ મી ડીસેમબર ૧૮૮૭]

23th December 1887.

Cooverbay, wife of Kaikhosru Nowrojee Kabrajee—Mr. K. N. Kabraji, the respected editor of the *Rast Goftar*, has met with much kindly sympathy on the death of his wife. She was herself a prominent member of Parsee society and well known for her advanced views, and she had always cordially assisted her husband in organizing their frequent social gatherings, which were for some years a regular institution in Bombay. She lived, we learn, just long enough to hear with gratification that her son had been appointed to the Statutory Civil Service. On Monday, Lord Reay sent a telegram from Ahmedabad, expressing his sincere sympathy with Mr. Kabraji in his bereavement, and letters to the same purport have been received from all parts of India, and from the leading men of all classes in Bombay.

[*Times of India, 29th December* 1887.]

ઈ૦ સ૦ ૧૮૮૮.

તા૦ ૨ જી જાનેવારી.

રોજ ૧૭ માહ ૫ (ક૦) ૧૨૫૭ યજદેજરદી.

બેહુમનજી ફરામજી કામાજી—શેઠ બેહમનજી ફરામજી કામાજી, જે એકવાર મુંબઇના એક મોટામાં મોટા અને સુંદરમાં સુંદર મકાનમા ચમન કરતા હતા, તેઓ ગયા સોમવારની રાત્રે ગીરગામના એક નાના બંગલામાં ગરીબીમાં પણ ઇજત સાથે આ ફાની જીહાનથી ગુજર પામ્યાછે "ગોકુલદાસ તેજપાલ પાઠશાળા;" ની ગોવાલા તળાવવાળી વિશાલ અને વિસ્તીર્ણ હવેલીમા જે વખતે મરહુમ શેઠ મગ્નવિલાસ કરતા હતા તે વખતની એમની જાહોજલાલીના ઠાઠ એમના આ મરણાતે ઘણાં વાચનારને યાદ આવશે, અને તેઓ, આજની સાથ સરખાવતાં આ ક્ષણભંગુર જગતની ક્ષણિક મોજ અને માયા ઉપર એક સરદ હાય માર્યા વિના નહી રેહશે. મરહુમ શેઠ કામાજીની જાહોજલાલીનો આ એકજ દાખલો બસ થશે કે આજ ચાલીસ વર્ષની વાત ઉપર જયારે ઘણોખરો વ્યાપાર પારસીઓના હાથમાં હતો ત્યારે મરહુમ શેઠ બેહમનજી ચાર મોટા વાહણોના ધણી હતા, અને પોતાના વાહ-

ણોમાં કલકતા, ચીન, બલકે વિલાત સાથ વ્યાપાર ચલાવતા હતા. કામા ખાનદાનમાં જે નામીચા ગ્રહસ્થોએ પોતાનાં સહાશિકપણા તથા પરોપકારીપણાથી પારસી કોમને શોભા લગાડીછે, તઓમા મરનાર શેઠ બેહમનજી પણ એક હતા. એઓનો વ્યાપાર આગલા વખતમા બોહલો હતો. એવણે છેક સને ૧૮૪૩ મા પોતાના વડા ભાઇ શેઠ પેસતનજી સાથે મળીને મુંબઇમા વ્યાપારી પેહડી સ્થાપી હતી. તે પછી તેમા કેટલાક ભાગીયાઓ સામેલ કરી ૧૮૪૯ થી તે પેહડી કલકતા, કંતાન, શંગાઇ, તથા એમોઇ ખાતે ચાલુ કરી બોહળો વ્યાપાર વધારયો હતો, તે એટલાસુધી કે એ પેહડીને માટે ૧૮૪૯ મા "એલીઝાબેથ એનસ્લી" અને ૧૮૫૦ માં "સર હરબર્ટ કોંપટન" નામનાં બે મોટા વાહણો ખરીદ્યાં હતા અને ૧૮૫૭ માં મરનારે ઉપલી પેહડીઓમાથી જુદા પડી પોતાને હીસાબે વ્યાપાર ચલાવ્યો તે વેળા "પાપર કાસ્ટલ" અને "આડમીરલ" નામનાં બીજા બે મોટાં વાહણો ખરીદ કીધા હતા. લંડન મધે પણ ૧૮૬૦ માં પેહલવેહલી એક જુદી વ્યાપારી પેહડી ઉઘાડનાર મરહુમ હતા. વ્યાપાર ઉપરાત એવણ તે વખતે ઉભા થતા દરેક પ્રજા ઉપયોગી કામોમા ભાગ લેતા હતા. ૧૮૪૩ થી તે ૧૮૬૬ સુધી દરેક જાહેર ફંડમાં એઓએ મોટી મોટી રકમો ભરેલી આપણુ જોઇશું. ૧૮૫૪ માં આ શેહર મધે પડેલી પાણીની ટીપણી વખતે મદદ કરવાને મુંબઇના કલેકટરની આશ્રાસમા નેમાયલી કમીટીના એવણ એક સભાસદ હતા, અને ધર્મખાતાંઓ, કેળવણીખાતાંઓ, સુધરાઇખાતાઓ, તથા જાહેર મંડળીઓ અને સભાઓમા એક એવા નહી હતાં કે જેમાં શેઠ બહમનજીની સામેલગીરી નહી હોય. એઓ સ્વભાવે ઘણા રાક તથા એકમારગી હતા; અને એઓની જીંદગીની પુર જાહોજલાલી વચેની સાદાઇ એમના એકાંતપણાને છાજતી હતી. એવણના માનને ખાતર જરતોશતી છોકરીઓની નિશાળ મંડળીની ત્રણેક નિશાળો તેમજ મુલાંફીરોજ મદરેસા મધ્ય મંગળવારે આખો દીવસ બંધ રાખવામાં આવ્યાં હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૮ મી જાનેવારી ૧૮૮૮.]

2nd January 1888

BOMANJEE FRAMJEE CAMA.—We regret to announce the death of Mr. Bomanjee Framjee Cama, which took place on Tuesday last. Deceased was 70 years of age, and was at one time a wealthy merchant of Bombay, having corresponding firms in London, China and Calcutta. During his palmy days he had given large sums of money for various charitable purposes. He took a keen interest in female education, and was a man a of very advanced views, considering his age. In respect to the memory of the deceased, some of the Parsee Girl's Schools were closed for the day.

[*Times of India 5th January* 1888.]

તા૦ ૧૧ મી જાનેવારી.

રોજ ૨૬ માહ ૫ (કં૦) ૧૨૫૭ યજદેજરદી.

બેહરામજી હોરમજજી હકીમ—અતરે સુરત મધે ભોગીજીને નામે મશહુર થયલા હકીમજીને ગુજરાતમા કોણ ઓળખતું નથી? જણાવવાને દલગીરી ઉપજેછે કે સર્વને જાણીતા એ સુરતવાળા ભોગીજી શેઠ બેહરામજી હોરમસજી હકીમ તા૦ ૧૧ મી જાનેવારી ૧૮૮૮ ને દીને ૮૧ વરસની બુજોર્ગ વયે સ્વર્ગવાસી થયાછે. જે વેળા હીંદુસ્તાન મધે ઇંગ્રેજી રાજ્યનો ઉદય છતાં મુગલાઇ દોર પોતાના દમામમાં ઝમાકતો હતો—જે વેળા નામીચા નગર, શ્રીમંત શેહર, વેપારનાં મથક, અને મુગલાઇ દોરની મગરૂરી તરીકે સુરત શેહર પુર બહારમાં હતું તે વેળાના પ્રસિદ્ધ અને માન પામેલાં હકીમ ખાનદાનમાં મરનાર ઈ. સ. ૧૮૦૭ મા

વરસમાં જનમ્યા હતા. તે વેળા કેળવણીનો પ્રસાર ઝાઝો નહોતો. મેહતાજીની નિશાલ હાઇ સ્કુલની બરાબર ગણાતી—અને કોઇ શરાફની પેહડીપર મેલવેલુ નામાનુ ગ્નાન તે કોલેજની કેળવણી સમાન માનવામાં આવતું. કેળવણી મેલવવાના કથાં સાધન નહોતાં તેવા વખતમાં મળી શકતી કેળવણી લેવા ઉપરાંત ફારસી ભાષાનો કાંઇક અભ્યાસ કરવા પછે પોતાના તે વેળાના મુરબી મરહુમ અસપંદીઆરજી જમશેદજી બોગીજી જોડે તે બાબતના ધંધામા એવો શામેલ થયા હતા. સુરત મધે ઉંટવૈદો—બ્રાહમણો—નાક કાનના વૈદો અને એવાજ બીજા તે વખતે ફરતા હતા. કોઇ રીતસર શીખેલા હકીમો, કે ગ્રાડયુએટો નહોતા. તેવા સમયમા નવાબની દરબારમા માન પામેલાં અગમાનીઅન હકીમ ખાજે અવાનેસના પ્રતાપથી મલેલા કિમતી ગ્રંથોમાંથી સંપાદન કરેલા તબીબી ગ્નાનથી અસપંદીઆરજી હકીમ, દરબારમા, કચેરીમાં, હવેલીમાં અને મહેલોમા મશહુર થઇ રહેલા હતા. મરનાર બોગીજી ઘણી નાની વયથી વૈદના સર્વોત્તમ અને વીકટ ધંધામાં દાખલ થયા હતા. તેમા લાંબા અનુભવ અને જાતી ચંચનાઇના બળને લીધે મરનાર ઘણા મશહુર થયલા હતા. વાહડકાપના કામમાં ઘણુ કરી પુનાની હકીમો પાછલ હોયછે. છતા બોહલા અનુભવથી મરનાર પોતાના વખતમાં એ કામમાં કુશળ ગણાતા. એમનું દવાખાનું નાનપરા મધ્યે હતું જ્યાં એક વેલા એમની 'પ્રેકટીસ' એટલી બોહલી હતી કે પ્રસિદ્ધ પુરૂષોનું એકે ઘર શું પારસી, હીંદુ, કે મુસલમાન એમની દવાના લાભથી ખાલી નહોતું.

પણ પોતાના ધંધામાં કુશળતા ધરાવવા ઉપરાંત મરનાર ખરેખરી ખુબીવંતા કેટલાક એવા ગુણો ધરાવતા હતા કે જેને લીધેજ આ ઠેકાણે મજકુર ગૃહસ્થના મરણની નોંધ લેવાની જરૂર વિચારીછે. મુસલમાનની દીનનો દોર અને હીંદુઓ જોડના નીકટ સંબંધને લીધે તે વેળાના પારસી રાહારસમો હીંદુઓને અનુસરતાં થઇ પડયા હતા. તેવા જુના વખતથીજ મરનાર સુધરેલા વિચાર ધરાવનારા હતા. તે વેલા પારસીઓમાં મરણ વેળા પુરૂષો ૧૦ દીવસ સુધી ઓટલે અને સ્ત્રીઓ એક માસ સુધી પાંથરણે બેસતાં હતાં, ઉપરાંત જે ઘરમા મરણ થયું હોય ત્યાં ભાડુતી સ્ત્રીઓ રોવા કુટવા આવતી હતી, અને પુરૂષો માસ એક સુધી રાતના મરનારને ઘર સુવા જતા હતા; જેથી જેના ઘરમાં મરણ થાય તેના વડાને વાહલાના વિયોગના દુઃખ ઉપરાંત બેશીઓને ખાતરદારી કરવાનો બોજો ઘણો ભારે થઇ પડતો હતો. એ રીવાજને મરનાર ઘણો ધિક્કારતા હતા. અને તે છોડી દેવા કાજે વાર વાર લોકોને સમજાવતા હતા. સમજુ પારસી પુરૂષોને એમનું કહેવું વ્યાજબી દીસતું હતું પણ તેમ કરવાને કોઇની હામ ચાલતી નહોતી, એવામાં બનાવ એવો બન્યો કે મરનારના પીતા સને ૧૮૩૭ માં સ્વર્ગવાસી થયા તે વેળા મરનારે પોતે પોતાને ત્યાંજ પેહલવેહલો દાખલો એ બેસાડયો કે ત્રણ દીવસમાંજ ઓટલો તથા પાંથરણું કાઢી નાખ્યુ અને પોતાના જુવાન પીતાના મરણને દીવસે પોતે ઘણા ગમમાં હતા છતાં લોકોને એ બાબે વિનતી કરી પોતાનો મક્કમ વિચાર જણાવ્યો. પુરૂષો તો સમજયા પણ સ્ત્રીઓ સમજી નહી, તેમના તો ટોલેટોલાં બેસવા આવવા લાગ્યાં અને આગૃહ સાથે હઠ લઇ બેઠાં. મરનાર પણ એ વખતને માટે સમાન હતા. પાથરણાની નજદીક ખુરસી લઇ બેઠા અને સમજાવીને તેમજ ધમકાવીને સ્ત્રીઓને પાછી કાઢી, લાંબા પાથરનાનો ચાલ બંધ પાડવાની પેહલ કાઢી. તે વેળાના સામન્ય લોકોમાં એઓની એ ચાલ પસંદગીને પાત્ર ગણાઇ નહી, અને જો પોતાના ઉત્તમ ધંધાનો બોહલો વગ ન હોત તો એમને તે બાબે કાંઇ સોસવુ પડત એવો ભય હતો. રોવા કુટવા આવનારીઓને ધમકાવી કાઢી મેલ્યાં, અને

ત્રણ દીવસ પાથરણું રાખ્યું તેમાં પણ બેસવા આવનારાને એવુ સમજાવ્યુ કે "કસ્તી કરી બે બોલ અથવા આશેમ કરવા પણ રોવું કુટવું નહી." તેમજ રાતના સુવા જવા આવવાનો ચાલ તદન કાઢી નાખ્યો. જે કામ પેહલાં વગોવાયું તે પાછળથી ગવાયુ. લોકો ધીમે ધીમે એમને પગલે ચાલવા લાગ્યાં. થોડા વખતમાં ૧૦ દીવસનો ઓટલો ને લાંબુ પાથરણું તદન બંધ થઇ ગયાં. અને આજ સુરતમાં સેંકડે ૭૫ પારસી ઘરો એમના શુભ દાખલે ચાલેછે.

માસીસા, છમસી અને વરસીના અઘટીત ખરચોને મરનાર નાપસંદ કરતા. તેમજ લગન વેળાએ નાચરંગ અને ખાનીપીણીમાં પૈસો ઉડાવવાના તેઓ હીમાયતી નહોતા. અને એ સઘળા રેવાજો કહેવા કરતા કરી દેખાડવામાંજ ડહાપણ સમજતા, અને પોતેજ એવા દાખલા પોતાના કુટંબમાં બેસાડેલાછે. આજથી ૩૦—૪૦ વરસની વાતપર સુરત મધે દવાદારૂ કરનારા બીજા કેટલાકો નીકલ્યા તેઓ વચ્ચે જબરી રસાકસી ચાલતી અને પક્ષાપક્ષી બંધાએલી હતી. એમ છતાં મરનાર તેનાથી નીરાલા રહયા હતા અને પોતાની અનુભવી સલાહ દરેક પક્ષને આપતા. સ્વતંત્રપણું મરનારને ઘણુ વાહલું હતુ જેથી આગલા વખતમા મુગલાઇ દરબારમાં પગારદાર ડાકટર તરીકે રેહવાને પોતે ઉપકાર સાથ ના પાડી હતી. સુરતમાં કોલેરા પુશકલ ચાલતો હતો તે વેલા સરકાર તરફથી કેટલાક ડાકટરો (મલી શકયા તેવા) રાખવામાં આવ્યા હતા તેમાં મરનારે પણ તે વેલાના બાહોશ અને બાહદુર કોટવાલ અરદેશરની સલાહ પ્રમાણે કેટલાક જીલ્લા તથા પરાંમાં દરદીઓની સારવાર કરી હતી અને તેનું કાંઇપણ લવાજમ લીધું નહોતું.

આ પત્ર "રાસ્ત ગોફતાર" ૧૮૫૧ માં નવું નીકલ્યું તે વેલા ઘણા જુના વિચારવાલાઓ એની સામા વીચાર ધરાવતા, પણ મરનાર બુજોર્ગ વયના હોવા છતાં એવા આગલ પડેલા વિચારો ધરાવતા કે તેની તરફ હંમેશ પસંદગીની નજરથી જોતા તથા હોંસે હોંસે એ પત્રને વાંચતા. મુસાફરીની મુશ્કેલીઓનો તે જમાનો હતો, પણ મુંબઇ મધ્યે નામીચા કામા ખાનદાનના મેનેજર એમના ભાઇ ધનજીભાઇ હોરમસજી હકીમ હતા તેમને દેશાતર કરવાને હીમત અને ઉલટ આપતા. જોકે સને ૧૮૬૩ માં મુસાફરી કરતાંજ ઇંગ્લાંડ મધે પેહલા પારસી તેઓ હક થયા હતા અને તેમના મરણ પછીજ એમની તંદરોસ્તી લથડવા સાથ "પ્રેકટીસ" ઓછી થતી ચાલી હતી.

તે છતાં મરનાર એવા પાકા વીચારના હતા કે ૧૮૬૫ મા શેરસટટાનો ચેપ જે વેલા સુરતમા પણ પસરી રહયો હતો તેવે સમયે પોતે તેથી વેગલા રહેવામા ડહાપણ સમજતા અને પોતાના તેવા વીચારો જણાવતા. તેમ છતાં બીજે રસ્તે તેવણ એના ભોગ થઇ પડયા હતા જેથી ડીપોઝીટ નાણુનો મોટો ભાગ ઘસડાઇ ગયો હતો તેથી ન ઘભરાતાં એઓ વીપત્તીના વમનમાંથી પોતાનો માર્ગ ધીરજ અને દૂરઅંદેશીથી કાઢી શકયા હતા.

આગલા વખતમાં એ પુરાના મુગલાઇ શેહેરમાં શાદીરામસની તેમજ ગમીની મીજલસમાં લોકો બારણે સાદરી સેતરંજી પાંથરી ઓટલે બેસતા અથવા ખાટલાપાટલા યા કોચ કાઢી તેપર બેસતા જેમ કરવાને શાદીની મીજલસમાં તો કાંઇ બની શકતું પણ ગમી વેળા લોકોને પોતાના ગમ અને ગભરાટ વચ્ચે મીજલસની બેઠક કરવી માહમુશીબત ભરેલું થઇ પડતું અને તેનો ઉપાય કોઇને કાંઇ સુજતો નહી હતો. જે શ્રીમંતથી ન સધુ તે બાહોશ હકીમજીથી બન્યું. એવે સમય વાપરવાના બાંક પોતે ધર્માદા કાઢયા જે લોકોને ત્યાં અવસરે વપરાવા લાગ્યા, અને આજસુધી પણ એમના બાંકો સુરતમાં સઘળે વપરાયછે. એમનો શુભ દાખલો દેખી શ્રીમંતોને પણ સુજ્યું. તેઓએ જયાં જયાં એવા બાંકોની અછત હવી ત્યાં ત્યાં કરાવવા

માંડયાછે. ધર્મની ત્રીજા દીવસની ક્રિયા વેળા વાસણોની બહુ અગવડ પડતી. શેઠીઆઓ મીજલસમાં પોતાને ઘેરથી સારાં વાસણો કાઢતા, મધ્ય સ્થીતીના લોકો શેઠીઆઓને ત્યાથી માંગી તાંગી લાવતા, પણ ગરીબોને તો બહુ આપદા પડતી, તે ટાલવા કાજે એવા સમયે ધર્મ સંબંધી ક્રિયામાં વાપરવાનાં રૂપાં તેમજ કોપર-બરાસનાં સારાં વાસણો પોતાને ત્યાંથી આપવાનો કાયદો મરનાર ગૃહસ્થે કાઢયો. નવાં વરસને દહાડે નસીબ અજમાવવાનો ચાલ આગલ ઘણો હતો અને હજીપણ કેટલેક ઠેકાણે છે. જેથી નવાં વરસને દીને અને તેવા બીજા દીવસોએ પારસીઓ મીત્રમંડળમાં નસીબ અજમાવી જોતા—બીજા બોલીમાં કાંઇક પૈસાથી જુગટુ ખેલી જોતા—૩૦ વરસ-પર એ રીવાજ પારસી મિત્રમંડળમાં વિશેષ હતો. તેવા સમયમાં પણ એઓ તે તરફ પોતાની નાપસંદગી બતાવતા અને એવાજ વિચાર એમના લાયકીવાલા માનવંત મીત્ર ડાકટર બેહરામજી પેસતનજી ધરાવતા હોવાથી તેમની મંડળીમાં એ રેવાજ તદન નાબુદ થયલો જોઇ પોતે ઘણા પ્રસન્ન રહેતા

'અવલ ખેશ ફીર પુરવેશ' એ કેહવત પ્રમાણે પોતે પ્રથમ પોતાનાં સગાંવાહલાં તરફ કાંઇ ને કાંઇ મમતાની નજરથી જોવા ઉપરાંત ગરીબગુરબાંની બેહતરી કાજે ખાનગી કોસીશો કરતા, મુફલેસોને મફત દવા આપતા. ગરીબો પાસેથી ગજા પ્રમાણેજ ઘણી જુજવી ફી લેતા (જોકે શ્રીમંતોને છોડતા નહી.) કોઇની નવજોતપર કે મરણ વેળા, કે લગન વેળા છોકરી પરણાવી આપવા કાજે પોતાથી બનતી મદદ કરતા. જો પોતાથી ન બનતું તો બીજાઓ પાસે એવો રૂડો ધર્મ કરાવતા. મુંબઇ મધેના કેટલાક શેઠનો ખાસ એમને એવો ધર્મ કરવાની ફરમાસ હતી જે તેઓ પોતાને જોખમે કરી પાછળથી તેમને એ બાબે જાણીતા કરતા. કાંઇ લાગતાગ ૧૫ વરસ સુધી મરનાર પારસીઓના ધર્મની પવીત્ર જગા દોખ્મા તેમજ તેની આજુબાજુના ગામડાના ગરીબ જરથોસ્તીઓને મુકતાદ તાંકણે સેંકડો રૂપીઆના કપડાં અને નાણાંની રકમો કોઇ સબીવજુદ શેઠની તરફથી આપતા અને એવાજ બીજો કેટલોક ધર્મ એવી ચટતી અને ખાનગી રીતે કરતા કે કોણ મારફતે તે થતો તે આજસુધી જાહેરમાં આવ્યું નથી. સુરતના કેટનાક ગરીબગુરબાને હજીસુધી એમની મારફતે કાંઇ ને કાંઇ મલતું અને તે એવી રીતે મલતું કે એક હાથનું બીજો હાથ જાણી શકતો નહી. એ ઉપરાંત મરનાર એક-મારગી, ધીગજવાન, મીલનસાર, અને મિત્ર-મંડલમાં માન પામેલા એક ગૃહસ્થ હતા, અને બોધ અસર અને ચાનક આપે એવી ધીરજ અને સમાધાનીથી પોતાની છેલ્લી ઘડી સુધી સંતોષી અને શાંતીમાં હતા. એમના મરણ પાછલની સુરત મધે કેહવાતી એક મોટી મીજનસ મરનાર કેટલા લોકપ્રિય હતા તેની ગવાહી હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૨ મી જાનેવારી ૧૮૮૮.]

તા૦ ૧ લી ફેબરવારી.

રોજ ૧૭ માહ ૬ (કo) ૧૨૫૭ યજદેજરદી.

મોટાભાઈ પેશતનજી વકીલ, સુરતના—જાણીતા વકીલ ખાનદાનવાલા શેઠ મોટાભાઇ પેસતનજી વકીલ પોતાની ૭૦ વરસની વુરૂધ ઉંમરે સવારે ૬ કલાકે તરણ ચાર દીવસના થઇ ગયલા કોલેરીક દાયરીયાથી પોતાની આસપાસ છોકરાઓ અને છોકરીઓનાં છોકરાંઓનું મોટું ટોલું મેલી બેહેસતનશીન થયાછે. મરનાર શેઠ મોટાભાઇ સુરતની જાફર-અલી મીલના એકવાર ચેરમેન તથા સેવટ સુધી ડાયરેકટર તથા પોતાના બાપ મરહુંમ શેઠ પેસતનજીએ બંધાવેલાં સુરતનાં કદમીના આતસબેહેરામ સાહેબના તેમજ કદમી જરતોસતીઓને લગતા ધમબારના તથા બાજ આફ્રગાંન ઇજશનેનાં ફંડોના એક મેનેજર હતા.

[જામે જમશેદ, તા૦ ૪ થી ફેબરવારી ૧૮૮૮.]

તા૦ ૨૨ મી ફેબરવારી.

રોજ ૮ માહ ૬ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

અરદેસર ખરશેદજી ફરદુનજી પારખ—એક નેક બાપના નેક બેટાએ આ જહાંનથી પોતાનો અસબાબ ઉઠાવી પોતાની પાછલ પોતાના ખેશીઓને બેહદ દુઃખમાં નાખી પેલી જહાંનમાં વાસો કીધોછે. બુજરેગ અકાબર શેઠ ખરશેદજી ફરદુનજી પારેખના બેટા અરદેશર ગઇ પરમ દીને લાંબી માંદગી ભોગવી ગુજરયા તેથી તેમના દોસતઆસનાવોમા ઘણી ગમગીની ફેલાઇછે. શેઠ ખરશેદજીના ચાલતા વખતમાં તેવણે જે લાયકી અને સખી ગુરદો બતાવયો હતો અને જે દીલની મોટાઇ હજુસુધી ચાલુ રાખી હતી તેમાં મરહુમ અરદેશરનો મોટો ભાગ હતો જે માટે હજીબી તેવણની સાલેસાઇની બબજા વખાણ થાયછે. શેઠ ખરશેદજીના હાલના સમયમા તેમની જઇફ ઉમરે આ ગમ ભારી છે માટે તેમાં અમે દીલોજાણીથી અમારી સામેલગીરી જણાવયે છીયે. મરહુમ શેઠને વીશે પારસી ટોલાનો કેટલો ઉંચો વીચાર હતો તેની પુરવારી ગઇ કાલે તેમનાં મકાન આગલ મલેલી મોટી ઠઠથી જણાતી હતી. પાયદસતે સંખયાબંધ લોક ગયું હતું અને સર જમશેદજી વગેરે બીજા અકાબર સાહેબોએ આખે રસતે સાથે આવી મરનારની યાદગારીને માન આપયું હતું. ગીરગામ ફરંગીના દેવલ આગલ યુનાઇટેડ સપીનીંગ અને વીવીંગ મીલના તમામ કામદારો પોતાના માજી સેકરેટરીનાં રવાનને છેલ્લી સલામ કરવાને હારબંધ રસતો રોકી ઉભા હતા અને ઉપલીજ મીલની સઘલી બાટી ઓીઓ ગમગીન ચેહેરે બીજી બાજુએથી ઉભી હતી. આ દુનીયામાં હમેશ સુધી તો કોઇ જીવતું નથી પણ આવાં કવખતનાં મરણથી મરનારના ઘરડા બાપ અને કુટુંબને મોટો તોટો ગયોછે.

[જામે જમશેદ, તા૦ ૨૪ મી ફેબરવારી ૧૮૮૮.]

22*nd February* 1888.

ARDESEER CURSETJEE FURDOONJEE PAREKH.—We regret to announce the death of Mr. Ardeseer Cursetjee Furdoonjee Parukh, which occurred last evening at his father's residence in Hornby Road, Fort. Deceased was the only son of Mr. Cursetjee Furdoonjee Parukh, who is one of the leading members of the Parsee community; and for a long time past he had been suffering from dropsy. He was up to the time of his death the Secretary of the Bombay United Spinning and Weaving Mills. During the Share Mania in 1863 and 1864 he was one of the leading native cotton merchants of Bombay. He was a very shrewd business man, and his advice was frequently sought with reference to many important and difficult mercantile transactions. Mr Ardeseer also took an active part in the welfare of the Parsees, by whom he was highly respected. He was a man of a very genial disposition, and by his death the Parsee community have lost a worthy leader and the native merchants a valued friend and adviser. He was about 47 years of age. The funeral will take place this morning.

[*Times of India* 23rd *February* 1888.]

તા૦ ૨ જી મારચ.

રોજ ૧૭ માહ ૬ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

રુસતમજી હોશંગજી [illegible]—વડોદરા રેલવેના ગરીબ દેશી નોકરોના હકમાં કેટલો ગેરઇનસાફ થાયછે તે વિશે લખતાં અમે એક આબરૂદાર પારસી સ્ટેશન માસ્ટરની લાંબી માંદગીનો દાખલો આપ્યો હતો, કે જેની લાયકી અને [illegible] [illegible] [illegible] તારીફ થતી [illegible] [illegible]

હતી. રેલવેના એ ગરીબ પણ આબરૂદાર નોકર ચર્નીરોડના સ્ટેશન માસ્ટર મી૦ રૂસ્તમજી હોરમસજી જાગોસનો તેવણની લાંબી માંદગીએ અંતે ભોગ લીધોછે અને એક ગરીબ પણ મોટાં બચ્ચવાલ કુટુંબને પોતાની પાછલ નાખી ૩૮ વર્ષની જુવાન વયે તેનું કવખતનું મરણ જાહેર કરવાની અમોને દિલગીરીભરેલી ફરમાસ કરવામા આવીછે. આ વાત તો અમો જાતે જાણીયે છીયે કે મરનારનાં વખાણ રેલવે ઉતારૂઓની આખી ખલકતને મોહડે થાયછે અને રેલવેના નોકરો સઘળા એકઆવાજે તેનો કેવા ચાહતા હતા તેનો આ એક દાખલો છે કે તેઓએ પોતપોતા વચ્ચે મરનારની નેયતે તેનાં કુટુંબની મદદને માટે એક ખાંનગી ફંડની હીલચાલ કરીછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૪ થી મારચ ૧૮૮૮.]

તા૦ ૧૮ મી મારચ.

રોજ ૩ માહ ૭ (શે૦) ૧૨૫૭ યઝદેજરદી.

જમશેદજી નશરવાંનજી પીટીટ—જણાવવાને મોટો સંતાપ ઉપજેછે કે આ શેહેરના એક જાણીતા એકમારગી વેપારી ગરહસથ શેઠ નસરવાનજી માણેકજી પીટીટના એકપુરા વાહાલા બેટા મી૦ જમશેદજી નસરવાનજી પીટીટ ગયા રવીવારે મધરાત પછી એક કલાકે થોડાક દીવસની સખત માંદગી ભોગવી મરણ પામયાછે. તેવણ ૧૦ દીવસની વાત ઉપર તાવથી હેરાન થયા હતા, જે બાદ કમલાએ તેવણ ઉપર ગલમો કરયો હતો અને છેલ્લા ૪ દીવસ અતીશય ધાસતીભરી બીમારીમાં ગુજારી, પઇસા અને તબીબી હુનર જેટલુંબી કરી શકે તે સઘલા ઉપાયો છતાં તે કીરતારની જનાબમાં વાસો કરવા ગયાછે. શેઠ નસરવાનજીના તેવણ એકપુરા બેટા હતા અને બાપ તથા બેટા વચ્ચે જે ઘાડો સંબંધ હતો તથા પીતાની બુઝરગીમાં એક મજબુત થાંભા તરીકે તેવણ જે ઉપયોગી થઇ પડયા હતા તેવો થાંભો એ બુઝરગ શેઠ પાસેથી ઘડપણમાં દુર થયલો હોવાથી આખાં શેહેરની સઘલી કોમોમાં અસાધારણ મોટી દલગીરી ફેલાઇછે અને સઘલાઓ એ લાયકીવાલા શેઠયાનાં મોટાં દુઃખમાં ભાગ લીયેછે.

મી૦ જમશેદજીએ પરોપરાયટરી સકુલમાં કેલવણી લઇ ઇ. સ. ૧૮૭૫ મા મુંબઇની યુનીવરસીટીની મેટરીકયુલેશનની પરીક્ષા પસાર કીધી હતી. જવાન વયથીજ તેવણ સાહીતયનો—અકસર કરી કવીતાનો—મોટો શોખ ધરાવતા હતા. પોતાની કેલવણી પુરી કરવા પછી તેવણ પોતાના પીતા સાથ વેપારવનજમા રોકાયા હતા અને તેવણની મેસરસ જે. એન. પીટીટની કંપની મોટો વેપાર કરવા ઉપરાંત મીલના ઉદયોગમાં સારો ભાગ લેતી આવીછે. ઓરીએંટલ મીલસ તથા નેશનલ સપીનીંગ કંપનીના તેઓ એજંટ છે અને એ મોટા કામમા શેઠ નસરવાનજીને તેવણના એ મરહુમ બેટાની મોટી મદદ હતી. મરહુમ મી૦ જમશેદજી પોતાનાં એ બોહોલાં કામકાજ છતાં, પોતાની કેટલીક નાતવાન દેહ છતાં, સાહીતયમાં મોટુ ધયાન આપતા હતા. કવીતા જોડવાનો બાલવયનો શોખ તેવણે ખીલવયો હતો અને ખુદરતની બલીહારીને લગતી તેવણની કેટલીક કવીતાઓ ઘણાઓને ભાવતી થઇ પડી હતી. મરનારની કવીતાઓનો એક સારો સંગરહ એકઠો થઇ શકે અને એક દોલતમંદ શેઠયાના બેટાઓ પોતાના કામકાજ છતા કવીતાનો શોખ કેવો પુરો પાડી શકેછે તેની એક યાદગારી તરીકે મરનારના ઘણાક મીતરમાથી કોઇ જો એ સંગરહ એક પુસતકના આકારમાં બાહેર પાડે તો જવાન વયમા મરણ પામેલા આ બાહોશ શેઠની કેટલીક યાદગારી જાળવી રાખેલી ગણાય. બુકસેલરોના મરનાર મી૦ જમશેદજી એક મોટા પેટરન હતા, કારણકે જુદી જુદી બાબદોનાં વાચણોનો તેવણને મોટો શોખ હોવાથી સવચ્છ ચોપડાઓ ખરીદવા માટે તેવણ મોટો ખરચ કરતા. વળી કેલવણીનો ફેલાવો કરવા માટે તેવણ

બહુ ઉત્તેજનકારક હતા અને તેથી કેળવણી-ખાતાંઓને તથા કેળવણી લેતા જવાનોને જ્યાંખી જરૂર જણાતી તથા પોતાની નાની યા મોટી મદદ આપવાને તેવણ આનાકાની કરતા નહીં. કેટલાક ગરીબ છોકરાઓ તેવણની મદદથી કેળવણી લેતા હતા, જ્યારે ઘણાક ગરીબ છોકરાઓને છુટથી તેવણ શીખવાની ચોપડીઓ વેચાતી લઇને અપાવતા હતા. કોઇબી પુસ્તકખાનું એવું ન હશે કે જેને મરનાર શેઠની નાણા સંબંધી તથા પુસ્તકો સંબંધી મદદ મલી ન હોય. માકેનીકસ ઇનસટીટયુટ, નેટીવ જનરલ લાયબરેરી, ફોરટ રીડીંગ રૂમ એંડ લાયબરેરી, સર દીનશાહ પીટીટ કાંદાવાલા મોહોલા લાયબરેરી, કાવસજી દીનશાહ લાયબરેરી, મેહેરજી રાણા લાયબરેરી (નવસારી), જમશેદજી નશરવાનજી પીટીટ કોલાબા લાયબરેરી, મુલાં ફીરોઝ કેતાબખાનું, અંકલેશર લાયબરેરી વગેરે સઘલી લાયબરેરીઓએ તેવણની કીમતી મદદ મેલવીછે અને એવા મદદગારને ખોવાવા માટે એ સઘલા ખાતાઓના લાગતાવલગતાઓમા મોટી દલગીરી ફેલાઇછે, કારણકે તેવણ હઇયાત હતે તો એ સઘલા ખાતાઓને જરૂરજોગી મોટી મદદ કરવાને પછાત રહેતે નહી. ઉપલાં સઘલા પુસ્તકખાનાઓની કમીટીમા તેવણ મેમબર હતા, જયારે કાંદાવાલા મોહોલા લાયબરેરીના ચરનશીન ઉપરાત નેટીવ જનરલ તથા મેહેરજીરાણાં લાયબરેરીઓના તેવણ ટરસટી પણ હતા. અંકલેશર લાયબરેરીને માતર બે માસની વાત ઉપર તેવણે રૂ૧૬૦૦ ની મદદ કરી હતી, જયારે કોલાબા લાયબરેરીને ૧૮૮૬ ના ડીસેમબર માસમાં તેવણે રૂ૩૦૦૦ ની મદદ કરી હતી, જે મદદ માટે એ પુસ્તકખાનાને મરનારનું નામ આપવામાં આવયું હતું. એ પુસ્તકખાનાઓની મરનાર વાર વાર ભેટ લેતા હતા, કેટલીકોને વરતમાનપતરો ભેટ આપતા હતા અને તેઓના કારોબારમાં ખંટીલો ભાગ લેતા હતા. ભરૂચ શેહેરમાં પારસી પંચાયતને અસતક ચાલતી કોટની કનયાશાલાને ૧૮૮૫ ના સપટેમબર માસમાં રૂ૪૦૦૦ ની એક રકમની મદદ તેવણે કરયાથી મરનાર મી૦ જમશેદજીનું નામ એ કનયાશાલા સાથ જોડયું હતું તથા તયાંના રહેવાસીઓએ તા૦ ૨૨ મી નવેમબર ૧૮૮૫ ને દીને એ મદદ માટે તેવણના મકાનમા એક માનપતર તેમને એનાયત કરયું હતું. મરનારને નામદાર સરકારે સને ૧૮૮૪ ના ફેબરવારી માસમાં સુલેહના એક અમલદાર બનાવયા હતા. તેવણ કોટના ધરમના દવાખાના તથા નેટીવ જનરલ ડીસપેનસરીના ટરસટી તથા કારોબારી હતા, કસરતશાલા સથાપક મંડલીના એક કારોબારી ઉપરાત તેના અખાડાનાં ફંડમાં સારી મદદ કરનાર હતા. મુલાંફીરોઝ મદરેસાના પણ તેવણ ટરસટી તથા કારોબારી હતા અને મદરેસામા કેટલાંક ઇનામો આપવા ઉપરાંત ગરીબ વીદયારથીઓને શીખવાની ચોપડીઓની ભેટ કરતા હતા. ગ્નાન પરસારક મંડલીના પણ તેવણ એક કારોબારી હતા. ગરીબ જરતોસતીઓ માટે ચાલી બંધાવાનાં ફંડના તેવણ ખજાનચી હતા અને એ ઉપરાંત બીજાં કેટલાક ઉપયોગી ખાતાંઓમા તેવણ કારોબારી તરીકે યા બીજી રીતે મદદગાર થઇ પડયા હતા. બોંબે આઇસ મેનયુફેકચરીંગ કંપની, ઓરીએંટલ મીલસ, સધરન ઇંડયા સપીનીંગ કંપની, બદનેરા મીલસ, નેશનલ મીલસ, સાસુન એંડ અલાયનસ સીલક મીલસ વગેરેના તેવણ ડાયરેકટર હતા. જંદ અને પેહેલવી સકાલરશીપ એમ. એ. ની પરીક્ષા માટે સથાપવાને તેવણે યુનીવરસીટીને રૂ૫૦૦૦ ની રકમ આપવાની ગયે વરસ માંગણી કરી હતી.

જવાન વયમાંથીજ એવા ઉપયોગી થઇ પડેલા અને વધારે ઉપયોગી થઇ પડવાની આશા બતાવનારા ગરહસથનાં આવાં કવખતનાં મરણથી સઘલે ઠેકાણે મોટી દલગીરી ફેલાઇછે અને તે ગઇ બપોરના તેવણની પાયદસત વખતે એકઠી થયલી અસાધારણ મોટી મીજલસ ઉપરથી જણાતું હતું. એવી

માંટી ૬૬ ઉપરાંત મરનાર હસતકની ઓરી-એંટલ તથા સધરન મીલસ તેમજ મરનારના કાકા સર દીનશાહજી પીટીટ હસતકના છએ કારખાનાઓના ગરીબ મજુરો પણ મરનારને છેલ્લું માન આપવાને રસતાની બેઉ બાજુએ આવી ઉભા હતા. મરનાર તરફનાં માન તરીકે ઓરીએંટલ મીલસ, નેશનલ મીલસ તથા સાસુન એંડ અલાયનસ સીલક મીલસના તેમજ માણેકજી પીટીટ મેનયુફેકચરીંગ, મજ-ગામ, વીકટોરીયા, દીનશાહ પીટીટ મીલસ, ગોરડન મીલસ, વગેરેના કારખાનાઓ ગઇ કાલે આખો દીવસ બંધ રાખવામાં આવયાં હતાં. એ ઉપરાંત મુલ્લાંફીરોઝ મદરેસા, મેદાન-માંની કસરતશાલા, નેટીવ જનરલ લાયબરેરી, ફારટ રીડીંગ રૂમ, કાદાવાલા મોહોલાવાળી સર દીનશાહ પીટીટ લાયબરેરી પણ ગઇ કાલે બંધ રાખવામા આવયા હતા. મરનાર-નાં માનમા શેર બજાર પણ ગઇ કાલે બંધ રાખવામાં આવયું હતું. ગરીબ જરતો-સતીઓ માટે ચાલી બંધાવાના ફંડના લાભ થકી વીકટોરીયા નાટક મંડળી આજ રાતના પોતાની નાટકશાલામા જે ખેલ કરનાર હતી તે મુલતવી રાખયોછે અને મી૦ જહાગીર રેડીમનીવાલી આવતી કાલની ઇવનીંગ પારટી પણ બંધ રાખીછે. શેઠ નસરવાનજી તથા તેવણનાં કુટુંબને જે બહુ મોટો કારી ઘાહ એવા બેટાના મરણથી ઉપજયોછે તે માટે આખી પરજા તેવણનાં દુઃખમાં ભાગ લેછે અને પરજાની એવી લાગણી એ મોટાં દુઃખમાં થોડાક દીલાસા જેવી છે. એ દુઃખ એટલા માટે વધારે મોટું છે કે જેમ મર-નાર પોતાના માનવંતા પીતાના એકપુત્ર બેટા હતા તેમ મરનાર પોતા પાછળ કાંઇપણ સંતાન મેલી ગયા નથી અને તેથી એવું દુઃખ ખચીત પાહડ જેવું ભારી છે. તોપણ એ ધીરજવંત શેઠે કુદરતના એ હુકમને સબુ-રીથી શરણ થવું જોઇયે અને આપણે ઉમેદ રાખીયે છીયે કે પરમેશવર તેવણને તથા તેવણનાં કુટુંબને એવું મોટું દુઃખ સબુરીથી સહન કરવાને પુરતી શકતી આપે.

[જામે જમશેદ, તા૦ ૨૦ મી મારચ ૧૮૮૮.]

18*th March* 1888.

Jamsetjee Nusserwanjee Petit.—We very much regret to announce the death of Mr. Jamsetjee Nusserwanjee Petit, which took place at his residence, Gowalia Thank Road, this morning at 1 o'clock. Deceased was ailing for about a fortnight past from liver complaint, and notwithstanding the best medical aid complications ensued, which ended fatally. He was the only son of Mr Nusserwanjee Petit, a large mill-owner and a wealthy merchant of this city, and was the nephew and also son-in law of Sir Dinshaw Manockjee Petit. He was only about thirty years of age. He was engaged in commercial pursuits with his father, and notwithstanding his multifarious duties, he always found time for the quieter pursuits of literature. He was a man of culture and refinement, and was a frequent contributor to some of the principal vernacular magazines published in Bombay. He emulated the liberality of his father as far as it lay within his own means to do so, and he evinced his deep interest in the cause of education by giving substantial aid to many schools and libraries in Bombay as well as in different parts of Gujerat. Some of these institutions owe their very existence principally to his own munificence. It is said that many poor but deserving young men have received timely and very valuable assistance from him while prosecuting their studies in schools and colleges. He was always ready to give a helping hand to rising authors in the vernacular literature, and speaking generally his compassionate heart never turned away from the appeals

of the needy and distressed. He was a young man of great promise, and had he lived the native public would no doubt have received the benefit on a much larger scale of his enlightened beneficence. Great sympathy is felt for Mr Nusserwanjee Petit, who is one of the most popular members of his community. Sir Dinshaw, who is now travelling with his family in Upper India, was informed by telegraph on Friday last of the critical state of his son-in-law, and he was expected to be in Bombay last evening. Deceased leaves no issue behind him. The funeral will take place this (Monday) evening at 3 o'clock

[*Times of India*, 19*th March* 1888.]

THE LATE MR JAMSETJEE NUSSERWANJEE PETIT.—*Rast and Rayyat* says —The untimely death of Mr Jamsetjee Nusserwanjee Petit has removed one of Bombay's most amiable and promising citizens, as it deprives the Parsee Rothschilds of one of the dearest members of their family. He had done nothing striking, perhaps, for he was no showy or fussy man. But he had done good work in modest noiseless way for the culture as well as general advancement of his own community. Above all, he led an examplary life, pure and wholesome, and has left a fragrant memory of sweetness and light He was, in fine, that rare character—a gentleman of the sterling sort.

> **Look who that is most virtuous alway,**
> **Privy and apert, and most intendeth aye**
> **To do the gentle deedes that he can,**
> **And take him for the greatest gentleman**
> **Christ will we claim of him our gentleness,**
> **Not of our elders for their old richess,**
> **For though they give us all their heritage,**
> **For which we claim to be of high parage,**
> **Yet may they not bequeathen, for no thing,**
> **To none of us their virtuous living.**

In every relation of life, whether as a son or a nephew, a brother or a friend, a subject of the state or a member of society, a Parsee or a man, he aspired after a high standard The loss of such a man is at once a private and a public calamity. And it has been worthily Commemorated. Charity, thy name is Parsee ! And the Parsees have out Parsee'd themselves on the present occasion. And the munificent Petits of Bombay have more than ever covered themselves with a lasting halo In memory of their near and dear one, and for the glory of the All-good Ormuzd, the father gives $3\frac{1}{2}$ lakhs for a Parsee orphanage and Rs 80 000 for a sanatarium at Bandora. The other members make up the total amount of Rs. 10,00,000 There is not another community in the world that can show such a record Here is a nation of Peabodys.

[*Times of India* 5*th April* 1888]

તા૦ ૨૦ મી મારચ.

રોજ ૫ માહ ૭ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

કાવશજી અસપંદીઆરજી—વડોદરા રેલવેના માહીમ સટેશનના આગલા ડેપ્યુટી સટેશન માસતર મી૦ કાવસજી અશપનદયારજીનું અકસમાત મરણ નીપજવાની ખબર મલીછે. સચીન અને નવસારી સટેશનોની વચે આવેલા મરોલી સટેશને તેજ ઓધા ઉપર મરનારની બદલી થઇ હતી; જ્યાં રેલવે સડક ઉપર "શટીંગ" કરતા ડબા તલે અકસમાત રીતે આવી જવાથી તેનું મરણ થયું હતું.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૩ મી મારચ ૧૮૮૮.]

તા૦ ૨૮ મી મારચ.

રોજ ૧૩ માહ ૭ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

બેહેરામનજી એદલજી દાવર—મી૦ બેહેરામનજી એદલજી દાવર કેટલાક દીવસની માંદગી ભોગવી ગઇ સાંજના મરણ પામવાના સમાચાર પરગટ કરતાં દલગીરી ઉપજે છે. મરનાર સને ૧૮૫૦ માં વેસટ સકાલર થઇ બીજે વરસ નારમલ સકાલર થયા હતા અને ૧૮૫૨ માં પેહેલા નારમલ સકાલરની ઊંચી પદવી મેળવી હતી, જે માન તે વખતે કેળવણીના બાબમા સઉથી ચઢતું ગણાતું હતું. રાવસાહેબ વીશવનાથ મંડલીક મરનારના ગોઠયા હતા. એ બાદ એલફીનસટન ઇનસટીટયુશનમાં શીક્ષકનું કામ કેટલોક વખત ચલાવી સને ૧૮૫૫ મા કામાવાલી પેહેડી તરફથી ચીન વેપારને અરથે ગયા હતા. મરનાર હીસાબ કેતાબમાં બહુ માહીતગાર હતા.

[જામે જમશેદ, તા૦ ૨૯ મી મારચ ૧૮૮૮.]

તા૦ ૯ મી આપરેલ.

રોજ ૨૫ માહ ૭ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

શોરાબજી કાવશજી પાંઉવાલા—જણાવવાને દલગીરી ઉપજેછે કે મી૦ સોરાબજી કાવસજી પાંઉવાલા થોડાક દીવસની માંદગી ભોગવી ગઇ રાતના ૫૪ વરસની ઉમરે મરણ પામયા હતા. મરનાર એકમારગી સાદા ખવાસના વેપારી હતા અને પોતાના રાંક મલતાવડા ખવાસથી પોતાની આસપાસ એક મોટું મીતરમંડલ એકઠું કરયું હતું. તેવણે ગયા સાલના એપરેલ માસમાં કોટના ધરમના દવાખાનાં માટે એક ઇમારત બાંધવાને ૩૩૦૦૦ ની રકમ આપી હતી, જે ઇમારત સર જમશેદજી જીજીભાઇ ઇનસટીટયુશનની સામે બંધાનાર છે. તેવણ બે તરણ જોઇંટ સટાક ખાતાંઓના ડાયરેકટર હતા અને રફતે રફતે એકમારગી જીંદગીમાંથી બાહેર આવના હતા, જેટલામાં મોત તેવણને ઉપાડી ગયુંછે. માતર ગયા સુકરવારે તેવણે ઇચછાપોરની આગના નીવારણ ફંડમાં ૩૫૦ ની રકમ અમારી ઉપર મોકલી હતી અને દયાલુ લાગણીનાં ફંડોમાં તેવણ પોતાનો હીસો આપવાને તઇયાર માલમ પડતા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૦ મી આપરેલ ૧૮૮૮.]

9th April 1888.

SORABJEE COWASJEE POWWALLA.—We are very sorry to announce the death of Mr. Sorabjee Cowasjee Powalla. The deceased was a quiet, undemonstrative citizen, but latterly took keen interest in public affairs.

It is seldom that we have to record the death of a man who, without any bustle, did his work for the good of his people. In noticing last week the death of Mr. Sorabji Cowasji Powalla we said he was an undemonstrative citizen, and how fully he deserved that expression can best be seen from the following.

During his life time he maintained a number of widows and orphans whithout even his wife or family knowing anything about them; and the fact was only known at the time of his funeral. Some time ago while walking across the *maidan*, he was appealed to by a group of youngsters who were in want of cricket kit. He quietly gave them Rs 100, and a few days after watched them playing, by concealing himself behind a tree. When travelling in Gujarat he gave away sums of money to teachers of primary and secondary schools, with instructions that the money be spent in purchase of prize books of such a nature, that boys promoted from a lower to a higher standard can use them. The walking matches in connection with the Bombay Gymnasium

originated with him; the first prize was given by him, his name was kept secret for a very long time. He was shrewd, thoroughly practical, but of an exceedingly retiring nature. It is sad to loose such a citizen, but his life was a lesson to many of us, for he had not only wealth and knowledge but *reverence and charity*, which we all want more or less in these days.

[*The Indian Spectator*, 15*th and* 22*nd April* 1888.]

તા० ૨૬ મી આપરેલ.

રોજ ૧૨ માહ ૮ (શે०) ૧૨૫૭ યજદેજરદી.

ધનજીભાઈ ફરામજી બીલીમોરીઆ—

બીલીમોરા, તા० ૩૦ મી આપરેલ ૧૮૮૮.

મી० ધનજીભાઇ ફરામજી બીલીમોરીયા, જેઓ મુંબઇ ખાતે ગુજરયાછે, તેમના ઉઠમનાની કીરયા અહીં પણ કરવામાં આવી હતી. મરનાર ઘણા સાદા હોવાથી વગર જણાવવે કેટલીક છુપી સખાવત કરતા હતા. અત્રેના ગરીબ લોકોમાં પણ તેમની મદદ ચાલુ હતી. કસબાનાં ઢોરને પાણી પીવા માટે સુકી મોસમમાં એક મોટી અભારો એમના ખરચથી અત્રે ભરાવછે, તેથી ઢોરના ધણીઓને મોટો આશરો મલેછે.

[મુંબઇ સમાચાર, તા० ૪ થી મેએ ૧૮૮૮.]

તા० ૨૮ મી આપરેલ.

રોજ ૧૪ માહ ૮ (શે०) ૧૨૫૭ યજદેજરદી.

ડાકટર જમશેદજી જીવાજી સુનાંવાલા, સુરતના—

સુરત, તા० ૨૮ મી એપરેલ.

લખવાને દલગીરી ઉપજેછે કે સુરત નાનપરામાં રહેતા ડાકટર જમશેદજી જીવાજી સુનાંવાલા (કસાઇ) આજ બપોરે ૧૨ કલાકે એકાએક દલગીરીભરેલી રીતે મરણ પામયાછે. મરનાર મી० જમશેદજી મરણ પામયા તેની આશરે અરધો કલાક આગમજ એક ઠેકાણે ગાડીમાં બેસી મલી ઘર આવયા અને તરતજ બાંકરાંઓ આવી બે ગચકરાં ઓકી તેઓ ૪૫ વરસની ભરજુવાન વયે પોતા ઉપર આધાર રાખતાં નાનાં નાનાં છોકરાંઓ મેલી મરણ પામયા હતા. મરનાર આગલ ૩ ખાતામાં એક ઇનસપેકટર હતા. તેઓનાં આવાં કવખતનાં થયલાં મોતથી ઘણાંઓ વાજબીની રાહે દલગીરી બતાવી દેહેસત ખાઇ ગયાછે.

[જામે જમશેદ, તા० ૩૦ મી આપરેલ ૧૮૮૮.]

તા० ૯ મી મેએ.

રોજ ૨૫ માહ ૮ (શે०) ૧૨૫૭ યજદેજરદી.

એદલજી ફરદુનજી ધનજીભાઈ આલબલેસ—મુંબઇમા પુરતાં જાણીતાં થયનાં આલબલેસ ખાનદાનના એક જવાન નબીરા મી० એદલજી ફરદુનજી ધનજીભાઇ આલબલેસનાં દુઃખભરયાં મરણના સમયે મરનારનાં પુન માટે તેવણનાં ગઇ પાછલા પોહોરનાં ઉઠમણાંમાં એ જાણીતાં ખાનદાન તરફથી જુદાં જુદાં ઉપયોગી ધરમખાતાંઓમાં ૩૪૬૦૬૫ ની મોટી રકમ આપવામાં આવી હતી, તે બનાવની ખાશ નોંધ લેવાને અમો જરૂરનું ધારીયે છીયે. એ સખાવત આ રાંક કુટુંબની ધરમાલુ લાગણીને અનુસરતી છે.

[જામે જમશેદ, તા० ૧૨ મી મેએ ૧૮૮૮.]

9th May 1888.

EDULJEE FURDOONJEE DHUNJEEBHOY ALLBLESS—The spring of Parsee charity seems to be of a perennial character. Mr. Manockjee Eduljee Albless, his brothers, and other members of the wealthy Albless family subscribed yesterday Rs.45,000 by way of perpetuating the name of Mr. Eduljee Furdoonjee Albless, a young member of that family, who died on Wednesday last. Great sympathy is felt by the Parsees for the Albless family for the sad loss they have sustained by the death of a promising member of their family.

[*Times of India*, 12*th May* 1888.]

તા૦ ૧૨ મી મેએ.

રોજ ૨૮ માહ ૯ (ક૦) ૧૨૫૭ યજદેજરદી.

નશરવાંનજી પેશતનજી કામાજી— શેઠ પેસતનજી હોરમસજી કામા, સી. આઇ. ઇ. ના એક બેટા મી૦ નસરવાનજી પેસતનજી કામાનાં ગયા સનીવારે સવારના ઉમરાવટી ખાતે મરણ પામવાના સમાચાર ફરી વલયા-છે. મી૦ નસરવાનજી છેલ્લા ચાર પાંચ દીવસ થયા બીમાર પડયા હતા, જે બીમારીએ સુકરવારે વધારે રૂપ પકડવાથી મુંબઇમાં તેને લગતા તાર સમાચાર મોકલાવવામાં આવયા હતા, પણ મુંબઇથી તબીબી મદદ તયાં જઇ પુગે તેટલા તો તેવણ છાતીનાં દરદથી આખરે સનીવારે સવારના મરણ પામયા. મી૦ નસરવાનજી પોતાના એક બીજા ભાઇ સાથ ૧૨ વરસની વાત ઉપર બારીસટર થઇ ઇંગલંડથી મુંબઇ આવયા હતા અને બીરારમાં સારૂ ખેતર છે એવું જોઇ તેવણ આકોલા ખાતે પોતાનો ધંધો ચલાવવા ગય. હતા, જયાં આગલ ચાલતાં તેવણે બીરારના જુદા જુદા ભાગોમાં સારી પરેકટીસ મેલવી હતી અને છેલ્લું તેવણે ઉમરાવટીમાં મકાન કરયું હતું, જયાં તેવણે પોતાની સગવડ સાથનો એક બંગલો બાંધ-યોછે. મરનાર મી૦ નસરવાનજી બહુ રાંક, મીલનસાર સવભાવના ગરહસથ હતા અને સઘલા સાથ મીલાવાની કાલજી રાખી બીરારના પારસીઓનાં દરેક કામમાં મોટી ઉલટથી ભાગ લઇ પોતાનો હીસો આપવાને તઇયાર થતા હતા. જુબીલીને ટાંકણે ૧૮૮૭ ના ફેબરવારી માસમાં તેવણે વીકટોરીયા સકાલરશીપ નામની રૂ૧૦ ની એક સકાલર-શીપ ઉમરાવતી હાઇ સકુલમાં આપતી કરી હતી. મરનાર ૩૭ વરસની ઉમરે એક મોહોલાં કુટુંબને વીલાપ કરતું મેલી ગયાછે.

[જામે જમશેદ, તા૦ ૧૪ મી મેએ ૧૮૮૮.]

***18th May* 1888.**

NUSSERWANJEE PESTONJEE CAMA.— We regret to announce the death of Mr. Nusserwanjee Pestonjee Cama Barrister-at-Law, a son of Mr. Pestonjee Hormusjee Cama, C. I. E., the founder of the Hospital for Women and Children in Bombay, which took place at the age of thirty-seven years at Oomerawatee on Saturday morning last The deceased, with his brother, Mr. Nowrojee, was called to the bar in England some years ago; and both of them practised for some time at the Bombay Bar. The deceased afterwards went to Akola, whence he removed to Oomerawatee, where he had good legal practice. He was a well known professional gentleman in Berar. His remains were consigned to their last resting place at Budneira. Much sympathy is felt with the generous-hearted Mr. Pestonjee Hormusjee Cama in his bereavement.

[*Bombay Gazette, 14th May* 1888.]

તા૦ ૧૯ મી મેએ.

રોજ ૫ માહ ૧૦ (ક૦) ૧૨૫૭ યજદેજરદી.

અરદેસર સોરાબશાહ તાલેયારખાં— અમારો સુરતનો ખબરપતરી જણાવેછે કે તયાના પુરાણા જાણીતા વતની મી૦ અરદે-શર સોરાબશા તાલયારખા ૮૯ વરસની સારી ઉમરે ગયા સનીવારે તયા મરણ પામયા હતા. એ મરહુમ ગરહસથ પોતાની નાની ઉમરથીજ પોતાના સસરા મરહુમ મી૦ દારાશાહ ખરશેદજી તાલચરીવાલા સાથે વેપારન અરથ તમના હાથ હેઠલ તાલમ્રરી ગયા હતા અને લાબા મુદત વેર મલબાર કોસટા બાણી વસી સારો વેપાર ચલાવતા હતા તથા તયાના લોકો તથા રાજવંસીઓમાં સારૂં માન અને મરતબો મેલવયો હતો. મરહુમ મી૦ દારાશાહનો વેપાર કુરગ, તાલ-ચેરી, માઇસોર વગેરે ઠેકાણાઓ ઉપર સુખડ, એલચી, હાથીદાંત, મરી, કાપડ વગેરેનો

બોહોલો હતો. વલી ઇંગરેજોને કુરગનો કીલ્લો જીતવામાં તેવણે ઘણીક મદદો કરયાથી તેના બદલામાં મરહુમ મી૦ દારાશાહને સરકારે હઇયાતી સુધી રૂ૩૦૦ નું માસીક પેનશન કરી આપયું હતું. મી૦ દારાશાહ તાલચરીવાલા ઇસવી સન ૧૮૫૨ માં ૮૫ વરસની ઉમરે વેપારવણજ છોડીને બરાબર ૬૮ વરસની મોટી મુદત પરદેશમાં ગુજારી બાકીની થોડી જીંદગી આશાએશમાં ભોગવવા માટે તાલચરીથી મુંબઇ આવી સુરત ગયા હતા, પણ આશાએશ ભોગવવાને બદલે તેવણ સુરત જઇ પુગતાં એ માસમાં મરણ પામયા હતા. તે પછી તેમનો વહીવટ કેટલુંક સુધી હાલ મરણ પામેલા તેવણના જમાઇ મી૦ અરદેશર તાલયારખાંએ ચલાવયો હતો અને મી૦ અરદેશરના વડા બેટા મી૦ કેખશરૂને મરહુમ દારાશાહ તાલચરીવાલાએ પોતાના પાલક કરવાથી તેવણ હાલ સુધી તયાં વસેછે અને માઇસોર સ્ટેટ તરફથી સારૂં પેનશન મેલવેછે. મરનાર મી૦ અરદેશર તાલયારખાં સુરતની પારસી પંચાયતના એક મેનેજર હતા અને સારા ધરમી હતા. તેવણ પોતા પાછલ પાંચ બેટીઓ તથા તરણ સારી હાલતે પોંહોચેલા બેટાઓ મેલી ગયાછે, જે બેટાઓમાં ઉપર જણાવેલા માઇસોર સ્ટેટના પેનશનર મી૦ કેખશરૂ અરદેશર ઉપરાત વડોદરાના જાણીતા મયુનીસીપલ કમીશનર મી૦ દીનશાહ અરદેશર તાલયારખાં તથા નાદોદના પોલીસ સુપરીનટેનડંટ મી૦ જહાંગીરશા અરદેશર તાલયારખાં છે. મરહુમ મી૦ અરદેશરના ઉઠમણાંની કીરયામાં તેવણના પુનને માટે તેવણનાં વીધવા તથા ફરજંદોએ રૂ૪૧૦ ની રકમ નીચલાં ધરમખાતાંઓમાં આપી હતી:—પેસતનજી કાલાભાઇ વકીલના કદમી આતશબેહરાંમના બાજ અફરગાન તથા ઇજશનીના ફંડમાં રૂ૧૫૦, ગેતીના આદરીયાનના ફંડમાં રૂ૧૦૦, બીબાની વાડીની અગીયારીના ફંડમાં રૂ૫૦, નસેસાલારના ફંડમાં રૂ૫૦, આંધલા લુલાને આશરો આપવાના ફંડમાં રૂ૩૦ તથા હીંદુ નીરાશ્રીત ફંડમાં રૂ૩૦.

[જામે જમશેદ, તા૦ ૨૪ મી મેએ ૧૮૮૮.]

19*th May* 1888.

ARDESHIR SORABSHA TALEYARKHAN—Mr Ardesir Sorabshaw Taleyarkhan, father of Mr Dinshaw Ardesir Taleyarkhan, Municipal Commissioner of Baroda, died at Surat on Sunday last at the advanced age of eight-nine years He had been an extensive trader on the Malabar Coast many years ago, and occupied a high position among the people in those parts Latterly he retired to Surat, where he was a member of the Parsee Punchayet, and enjoyed great influence among the citizens One of his sons is Mr Kaikhosroo, a pensioner of the Mysore Government; the other Mr Dinshaw is the Municipal Commissioner of Baroda; while the third son, Mr Jehangirshah, is Police Superintendent of Nandod

[*Bombay Gazette,* 25*th May* 1888]

તા૦ ૨૩ મી મેએ.

રોજ ૯ માહ ૧૦ (કo) ૧૨૫૭ યજદેજરદી.

શેઠ સોહરાબજી પેસતનજી ફરામજી બનાજી—શેઠ સોહરાબજી પેસતનજી ફરામજીના દિલગીરીભરેલાં મરણથી મરહુમ ફરામજી કાવસજીના નામીચાં કુટુંબની કીર્તિનો છેલો સ્તંભ ગોયા પડયોછે અને એ ખાનદાનની આગલી જાહોજલાલીની છેલી ઇધાણી દૂર થઇછે. બનાજી ખાનદાનના ચોથી પાંચમી પેહડીના નબીરાઓ આજના જુવાનિયા વર્ગને જેબ દેવાને જીવેછે, પણ મી૦ સોહરાબજી મરહુમ ફરામજી કાવસજીના જમાનાની યાદગારી ધરાવનાર એક નબીરા હતા અને એમની પોતાની જીંદગીની જાહોજલાલી

એક વખત ઉપર મરહુમ ફરામજીની સઘળી કીર્તિને બમણા પ્રકાશ સાથ સજીવન કરવાની આશા આપતી હતી. ફરામજી કાવસજી ઉચે દરજ્જેની કેળવણીના પેહલવેહલા હિમાયતી અને આગેવાન હતા અને તેને બીજાઓને દાખલો આપવા માટે તેવણે પોતાના નબીરાઓને કાલેજની કેળવણી લેવા મોકલ્યા હતા, જેઓ વચે એક આપણા મી૦ લીમજી બનાજીના પિતા મી૦ નવરોજજી હતા અને બીજા મરનાર સોહરાબજીએ ચાન અને અગત્યનાં ઇનામો મેળવ્યાં હતાં. પોતાના કીર્તિવાન બપાવાની પાછલી જીંદગીમાં વેપારધંધા સંબંધી સહાસિકપણું પણ મી૦ સોહરાબજી પોતાના નામીચા બપાવાથી શિખ્યા હતા અને તે વિષેના આ એક જાણવાજોગ દાખલાની અમે નોંધ લેવા માગીયે છીયે. જે રૂના કારખાનાઓએ આપણ વચે ફતેહમંદી સાથ વધી જઇ મુંબઇ નગરીનું સ્વરૂપ બદલી નાખ્યુ છે તે કારખાનાની પેહલવેહલી કલપણા મરહુમ ફરામજી કાવશજીની હતી, અને તેમાં તેવણને પેહલવેહલી મદદ તેવણના આ હમણાજ હક થયલા નબીરાની હતી. શેઠ ફરામજી કાવસજીએ શેરો ભરાવીને એક કારખાનું કાહાડવા ધાર્યું હતું અને તેના સેક્રેટરી મી૦ સોહરાબજીને કીધા હતા, કે જેઓ શેરો ભરાવવાને શેહરમાં ફરયા હતા, પણ તે વખતે શેર શું અને કંપની શું તે લોકો કશું સમજતા નહી હતા અને મરહુમ ફરામજીને જેમ બીજા તેમ આ કીમતી ઉદ્યોગની કલ્પના છોડી દેવી પડી હતી.

પછવાડેથી મરનાર મી૦ સોહરાબજી મોટા પાયા ઉપર ચીન અને ઇંગ્લંડ સાથ વેપારમાં ગુંતાયા હતા, જે વેપારની મોટાઇ આ એક દાખલા ઉપરથી જણાશે કે ઇંગ્લંડમાં પોતાના આડતિયા દાખલ તેઓએ કોઇને નહી પણ મરહુમ નવરોજજી ફરદુનજીને મોકલ્યા હતા અને ફકત અમેરીકાની લડાઇના હિંગામ ઉપર એઓએ ખાસા પચીસ લાખ રૂપીયાની એવી મોટી પુંજી એકઠી કીધી હતી કે તે વખતના સઘળાં ફંડો અને ધર્મખાતાંઓમાં મી૦ સોહરાબજી મોટા મદદગાર થઇ પડયા હતા અને મુંબઇની યુનિવર્સિટીમા એકજ ફેલોશિપ સ્થાપવા માટે એઓએ રૂ૧ લાખની સખાવત એકજ રકમે આપવા કાહાડી હતી. આજ પચીસ વર્ષની વાત ઉપર બંગાલમાં એક જબરદસ્ત તુફાને મોટી હાણી પોંહચાડી હતી, તેનો તાર મુંબઇ આવતાંવાર માત્ર એક ડજન શેઠિયાઓએ રૂ૮૦૦૦૦ ની રકમ પોતપોતા વચે પેહલેજ દાહડે કરી આપી અને તે રકમ તેજ દાહડે સર બાર્ટલ ફ્રિયરે કલકતે મોકલી આપવાથી મુંબઇની શખાવતની વાહવા થઇ રહી હતી. તે નાણું ભરનારા ઘણાખરા પારસીઓ હતા અને તેઓમાં એક આ મરહુમ હતા. પણ એટલામાં શેર સટાના વંટોલિયાનો ઘેલો પવન મુંબઇના માતબરોને માથે ઘુમ્યો અને તે વંટોલિયાના વમલમાં જે દ્રવ્યવાનો ખરાબે અડકીને ભાગ્યા તેઓમાં એક મી૦ સોહરાબજી હતા. એઓએ સ્થાપેલાં પરપોટા ખાતાઓએ અગત્યકરીને એઓની કાહાડેલી જાંઇટ સ્ટાક બેંકે પોતાના ટુટી પડવા સાથ એઓને અને બીજા ઘણાઓને તોડી પાડયા. તે વખત આ મરનાર મી૦ સોરાબજી અમારી આ અદના કલમના મારા તલે ઘણીવાર આવ્યા હતા. પોતાના અને પોતાના ભાઇબંધ ડરેકતરોના બચાવમાં મી૦ સોરાબજીએ એક ચોપાન્યું કાહાડયું હતું, કે જેણે તે વખત ઉપર કેટલોક ઘોંગાત કીધો હતો, અને અમોને એમના સામે ઘણું અણગમતું લખાણ કરવું પડયું હતુ, કે જે એમને તે વખતે કડવું લાગ્યું હતું પણ પાછળથી તેના મિઠાસ કબુલ કરી પોતાની પાછલી જીંદગીમાં એઓએ અમોને ઇનસાફ આપ્યો હતો.

પોતાના પાછલા અને પડતા વખતમાં પણ મી૦ સોહરાબજી એક સારૂં કામ બજાવવા પામ્યા હતા, તે હાલ ધોબીતલાવ (ફરામજી કાવસજીના તલાવ) માં ઉભેલી

ફરામજી કાવસજી ઇનસ્ટીટયુટ છે. એ મકાન મરહુમની યાદગારીમાં ઉઘરાણાથી બાંધવાનું હતું, પણ તે ઉઘરાણું માત્ર રૂ૧૫૦૦૦ ને સુમારે થઇને રહયુ હતું. તે વખતે કદાચ એટલાજ રૂપીયામા તે બંધાઇ ગયું હોત, પણ પાછલી મોંઘવારીમા જયારે તેને બાંધવા કાહાડયું ત્યારે તે બાંધવાનો ખર્ચ રૂ૬૫૦૦૦ ની ઉપર ગયો, જેથી રૂ૫૦ હજારની વધારે રકમની મોટી ખોટ સઘલી મી૦ સોહરાબજીએ પોતાની ગીરેથી આપી અને તેથી એક જે મકાન બંધાયું તે એમના મરહુમ બપાવાની યાદગારી કાયમ રાખવા સાથ શેહરીઓના કેવા ઉપયોગનું થઇ પડયુંછે તે તો દર અઠવાડીયે, કેટલીકવાર દરરોજ આપણ જોઇયે છીયે. આ મકાન પ્રજાને માટે ઉઘડયુ તેટલામાં તો શેરસટાની પાયમાલી તલે તેના શખી બંધાવનારની ગરીબી હાલત શરૂ થઇ અને એમના મોત સુધી ચાલુ રહી. આજે એકવારનું એ પ્રકાશિત માણસ મુફલેશી હાલે મરણ પામ્યુંછે, પણ આ ફરતા આસમાનનું ચક્ર એવું તો અજાયબ ફરેછે કે જો આજ પચીસ વર્ષ ઉપર એઓ મરણ પામ્યા હોત તો ખુદ તે મોતજ એક મોટા બનાવ દાખલ તવારીખમાં નોંધાઇ રેહત.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૭ મી મેએ ૧૮૮૮.]

23*rd May* 1888.

SORABJEE PESTONJEE FRAMJEE BANAJEE—We regret to announce the death of Mr Sorabjee Pestonjee Framjee, grandson of the late well-known Mr Framjee Cowasjee Banajee. which occurred on Wednesday evening, at the age of sixty six years About twenty years ago, Mr. Sorabjee held a front rank among the leaders of native society in Bombay and took a part in all public movements with his intimate friend the late Mr. Cursetjee Nusserwanjee Cama. Mr. Sorabjee's firm traded largely with China and England. He was a director on the board of the late Central Bank, of which Mr Edwin Heycock was the manager, and was one of the trustees of the Banajee fire-temple and the Framjee Cowasjee Insitute. He was also connected with several of the Joint Stock companies started in Bombay during the share mania times and sustained reverses of fortune, which compelled him later on to lead a comparatively retired life He was a gentleman of very enlightened views and an advocate of progress in his community, in which he was very generally esteemed and respected.

[*Bombay Gazette*, 25*th May* 1888.]

તા૦ ૨૬ મી મેએ.

રોજ ૧૨ માહ ૧૦ (ક૦) ૧૨૫૭ યજદેજરદી.

કાવશજી ફરદુનજી મરજબાંન—ગયા શનિવારે અસુરેથી પારસીઓમાંથી એક એવા ગૃહસ્થનું મરણ નીપજયુંછે કે જે હાલના નહી પણ જુના જમાનાના એક માણસ હતા, તોપણ તેઓની આગલી સેવા જેની તે વખતે પિછાણ થઇ નહી હતી અને જે આજે વિસરાઇ ગઇછે તે તેમાંથી નીપજેલાં પરિણામને માટે તેવણનાં મરણ વેળા આપણા મન ઉપર એકજ છેલો શખુન કેહવા જેટલી અસર કરી શકેછે. કેહવત છે કે એક પેગામબરની તેનાં જમાનામાં પિછાણ થતી નથી. દેશી છાપો આજે ઘણો ખીલ્યોછે, પણ તેમાં પેહલ કાહાડનાર પારસીબચો છે, અને તેવો એક અગરેસર દાખલ આ મરનાર યાદ આવેછે. અમે અમારા છાપાખાનાના આગલા માલેક અને આપણા જાણીતા ખાનબાહદુર મનચેરજી મરજબાનના પિતા મી૦ કાવસજી ફરદુનજી મરજબાન

વિષે બોલીયે છીયે, કે જેઓની જીંદગીની શરૂઆત શ્રી દમણ ગામના એક ખુણામાં છાપાખાનાના ધંધાથીજ થઇ હતી. ગુજરાતી છાપાના પિતા મરહુમ ફરદુનજી મર્જબાન થઇ ગયાછે, જેઓએ ઘણી મુશકેલી અને મુસીબત વચે પોતાને હાથે ગુજરાતી ડીબાંના પેહલવેહલા ખીલા બનાવ્યા હતા, ત્યારપછી તેઓએ પેહલવેહલું છાપાખાનું સ્થાપી ઘણાંક ઉપયોગી પુસ્તકો કાહાડયાં હતાં, અને તેઓએ આજ ૬૯ વર્ષ ઉપર મુંબઇ સમાચારનો પાયો નાખીને પેહલવેહલા વર્તમાનપત્રના પણ તેઓજ સ્થાપક અને અધિપતિ હતા. મરનાર કાવશજી પોતાના તે કાબેલ અને કળાવંત બાપના ખાસ મદદગાર હતા અને તેમના હાથ નીચે તાલીમ લઇને તેવણે દમણમાં કેટલાંક દફતરો આશકારા કીધા પછી આ "દફતર આશકારા છાપાખાનું" સને ૧૮૪૧ માં, આજ ૪૬ વર્ષ ઉપર, મુંબઇમાં પોતાના ભાઇઓને સાથે લઇને સ્થાપ્યું હતું. તેનું પરિણામ આજે કેવું આવ્યુંછે તે કેહવાની જરૂર નથી. આ છાપાખાનામાં ઘણાક નવાં પુસ્તકોથી ગુજરાતી ભાષાના ભંડોલમાં ભરતી કરીને મરનાર શેઠ કાવસજી સન ૧૮૫૨ માં એ છાપાખાનું પોતાના ભાઇઓને સ્વાધીન કરીને પુણે ગયા હતા, ત્યાં પણ "પુણા પબલીશર પ્રેસ" નામે પેહલવેહલું ઇગ્રેજી—ગુજરાતી છાપાખાનું કાહાડનાર તેઓજ હતા. એઓ પુણાના શેહરી દાખલ ત્રીશ વર્ષ શુધી જાણીતા હતા, જે દરમ્યાન જુદા જુદા ધંધાઓ વચે તેવણના સહાશિકપણાએ પુણામા બરફ બનાવવાનું પેહલવેહલું એક નાનું કારખાનું પણ ઉભું કીધું હતું અને તેને માટે વિલાતથી સંચો મંગાવી ગોઠવ્યો હતો. પગની એક જન્મ ખોડ છતાં તેમની કાઠી મજબુત અને સંગીન હતી, પણ આજ છ વર્ષ થયાં લથડતી દેહથી દુખી થયા પછી તેઓ ગયા શનિવારે ભાવનગર ખાતે પોતાના એક દીકરા મી૦ ખરશેદજીના ઘરમાં હક થયાછે, કે જયાં તેમની મીઠીની સુજતથી તેઓ મુંબઇથી માત્ર ચાર પાંચ દિવસનાજ ગયલા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩ જી જુન ૧૮૮૮.]

તા૦ ૨૮ મી મેએ.

રોજ ૧૪ માહ ૯ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

ડાકટર રૂસતમજી હોરમજજી નાણાંવતી—ડાકટર રૂસતમજી હોરમસજી નાણાંવટી જેવણ અગાઉ નવસારી ખાતે સરકારી તબીબ હતા અને જેવણ હાલ વડોદરામાં ગાયકવાડ સરકારના તબીબીખાતાંમાં હતા તેવણના ગયા સોમવારે રાતના વડોદરા ખાતે કોલેરાથી મરણ પામવાના દલગીરીભરયા સમાચાર ફરી વલયાછે. ડાકટર રૂસતમજી નાણાંવટી ૧૮૭૫ નાં વરસમાં આપણી યુનીવરસીટીમાંથી એલ. એમ. ની તબીબી ડીગરી લઇ બાહેર પડયા હતા, જે વરસે ફકત ૭ જવાન ગરહસથોએ એ ડીગરી મેલવી હતી અને મરનાર ડાકટર રૂસતમજી નાણાવટીના એ ડીગરી મેલવનાર એક ગોઠયા સુરતના હાલના જાણીતા સીવીલ સરજયન ડાકટર કેખુશરો સોરાબજી નરીમાન હતા.

વડોદરેથી એક ખબરપતરી લખી જણાવેછે કે "મરનાર ડાકટર રૂસતમજી કોલેરાના પુરા મરજના ભોગ થઇ પડયા ન હતા, પણ નયુમોનયાથી રીમીટંટ તાવ આવી ફકત તરણ ચાર દીવસની બીમારી ભોગવી એકાએક મરણ પામયા, જેથી તેઓનાં બોહોળા કુટુંબ તથા દોસતઆશનાઓ અને ઘણાક સરકારી અમલદારોમા મોટી ગમગીની ફેલાઇ છે. મરહુમ ડાકટર ઘણાજ લાયકીવાલા અને હુશીયાર હતા અને અતરેની મેડીકલ સરવીસમાં ઘણું માન ધરાવતા હતા. એઓ ૧૨ વરસ ઉપર જયારે નવા ફેરફારો આ રાજયમાં થયા તેની શરૂઆતમા અતરે નોકરી રહયા હતા. પોતે વઇદાંની પરીક્ષા મુંબઇની યુનીવરસીટીમાં ફતેહમંદ રીતે પસાર કરી તોક્ષીકોલોજી અને મેડીકલ જુરીસપરૂડંસમાં સર જમશેદજી જીજીભાઇ-

વાલો સોનાનો ચાંદ મેલવયો હતો. તેમજ અતરેની કાલેજ આવ સાયનસમાં સરજરી શીખવતા હતા. મરનાર ડાકટર પોતાની પાછલ પોતાની એક જુવાન વીધવા તથા પાંચ છોકરીઓ મેલી ગયાછે. મરનાર લશકરીખાતાંના સરજયન હોવાથી લશકરી માન સાથ તેઓની લાશને અવલમ જગે પોહોંચાડવામાં આવી હતી, જે દેખાવ અતરે ઘણોજ દબદબાભરેલો ગંભીર તેમજ ઘણો નવાઇ જેવો લાગતો હતો. મરનારની યાદગારી કાયમ રાખવા માટે એક ફંડ ઉભું થયુછે.

[જામે જમશેદ, તા० ૧ લી તથા ૫ મી જુન ૧૮૮૮.]

તા० ૩૧ મી મેએ.

રોજ ૧૭ માહ ૯ (શે०) ૧૨૫૭ યજદેજરદી.

હોમજીભાઈ જામાસપજી કોબલા—

સુરત, તા० ૩૧ મી મેએ ૧૮૮૮.

અતરેની પારસી પંચાયતનાં એક બુઝરગ મેનેજર શેઠ હોમજીભાઇ જામાસપજી કોબલા આજ સવારે બીજીવારના લકવાની બેતરણ દીવસની બીમારીમાં આશરે ૭૦ વરસની ઉમરે અતરે મરણ પામયાછે. મરનારે કસટમખાતાંમાં ઘણા વરસ સુધી સરકારકુનની જગયાનું કામ કરી પેનશન મેલવયા પછી તેઓ મયુનીસીપાલીટીમાં હજારો રૂપીયાની જગાતી આવક કરનારી ડીલીગેટવાલી આગ્રાસમા સરકારકુન પણ થયા હતા.

[જામે જમશેદ, તા० ૨ જી જુન ૧૮૮૮.]

તા० ૧ લી જુન.

રોજ ૧૮ માહ ૯ (શે०) ૧૨૫૭ યજદેજરદી.

જાંગીરજી જમશેદજી રાજકોટવાલા—

મી० જહાંગીર જમશેદજી રાજકોટવાલા જેવણ ૬૨ વરસની ઉમરે ગયા સુકરવારે પેહલા પોહોરના ૧૦ કલાકે કરાંચી ખાતે તાવની હેરાનગતી ભોગવી મરણ પામયા હતા તેવણ વીશે તયાંનું "સીંધ ટાઇમસ" પતર જણાવેછે કે સીંધમાં તેવણ સઉથી વધુ માન પામેલા તથા કદીમ પારસી રેહેવાસી હતા. તેવણ આપમેહેનતથી વધયા હતા અને આખી પારસી કોમનું મોટું માન ધરાવતા હતા. સદર બજારના ધંધાદારીઓ સદા તેવણની સલાહ તથા મદદ માગતા હતા અને સઘલાંઓનું ભલું કરવા માટે તેવણ સદા તઇઆર હતા. તેવણનાં મરણ માટે સઘલી કોમો ખેદ કરેછે.

[જામે જમશેદ, તા० ૬ થી જુન ૧૮૮૮.]

1st *June* 1888.

JEHANGIR JAMSETJEE RAJKOTEWALLA—IT is with feelings of sincere regret that we have to record the death of Mr. Jehangirjee Jamsetjee Rajkotewalla, one of the most esteemed and oldest Parsee residents in Sind, which took place at his residence yesterday at 10 A M The deceased gentleman was suffering from fever for the past three weeks He was a self—made man, and very much respected by the Parsee community. His advice and assistance was always sought by tradesmen in the Sudder Bazar and he was always ready to do good to all who were in need of his services All classes regret his loss. His funeral took place yesterday at 4 P. M.

[*Sind Times*, 2nd *June* 1888.]

તા० ૧૭ મી જુન.

રોજ ૪ માહ ૧૦ (શે०) ૧૨૫૭ યજદેજરદી.

ડોશીબાઈ તે બેહરામજી નશરવાંનજી ઢાલાનાં ધણીઆંની તથા હોરમજજી રૂસતમજી ઢાલાનાં બેટી—

સુરત, તા० ૨૧ મી જુન ૧૮૮૮.

જણાવવાને અત્યંત દલગીરી ઉપજેછે કે સુરતની છેલ્લી ભયાનક રેલ વખતે પ્રસિદ્ધ થયલા ઘાલા ખાનદાનના બાઇ દોસીબાઇની

માંદગીની ખબર ગયા એપ્રિલ માસમાં "રાસ્ત" માં પ્રગટ થયા પછી એ એરખાહ બાઇ ગઇ તા૦ ૧૭ મીએ સુરત રૂસ્તમપુરામાં ૪૮ વર્ષની ઉમ્મરે સ્વર્ગવાસી થયાંછે. એ બાઇનાં જન્મનાં વૃતાંતની નોંધ લેવા જોગ છે.

જેમ હાલ વ્યાજ ખાવાનો ધંધો કરનારને જુદાં જુદાં શેહેરોમાં અનેક નામથી ઓળખવામા આવેછે તેમ ઇ૦ સ૦ ૧૬ ની સદીમાં સુરત મધે વ્યાજુકો ધધો કરનારને વલંદાઓ "ધાલા" ના નામથી ઓળખતા હતા, જે ઉપરથી એમની અટક પડીછે. એ ખાંનદાનની છ પેહેડીથી રેશમી કાપડનું વણાવતું તથા વ્યાજુકો ધંધો કરતા આવ્યાછે. સુરતમાં વલંદાના ચીકતા વેપારમાં રેશમી કાપડની એક વખ્તે અરબસ્તાંનના મુલકમા તેજી ઘણી થવાથી મરનારના બપાવા કેરસાસપજી ધાલાએ મોકલેલા માલમાં મોટો નફો મેળવ્યો અને મક્કા, જડડા, વગેરેના શેહેરોમા ત્યારથી હજુરસુધી "ધાલા મેકર" નું કાપડ સઉથી સરસ ગણાતું થયુ. ઇ૦ સ૦ ૧૮૭૩ થી ૧૮૮૧ ના મરણના છેલ્લા દીવસ સુધી એ મરનાર બાઇનાં પુત્ર કાવશજીએ પોતાના મમાવાની ૧૪ વર્ષો સુધી બંધ પડેલી પેહેડી મુંબઇમાં એજ પેહેડીની એક શાખા રાખી ઉઘાડી અરબસ્તાનમાં સલંગ વેપાર ચાલુ કર્યો હતો.

એ જાણીતાં ખાનદાનમાં મરનારનો જન્મ સને ૧૮૪૦ મા થયો હતો. તેમનો નવજવાન બેટા ૨૬ વર્ષની વયે મરણ પામ્યાથી મરનાર માતુશ્રીએ શોક ધર્યો હતો અને પોતાના મરણ સુધી સુખશાંતિ તજીને પરોપકારી જીંદગી એખત્યાર કીધી હતી. મરનાર થોડુંઘણું ગુજરાતી શિખેલાં હતાં, પણ તેમના કેટલાક વિચારો ઘણા સુધરેલા હતા અને ઓટા પાયાની અસલી રસમોની વિરૂધ તેમનું મન હતું. મરનારના આશ્રયથી ગરીબ સગાંઓને મદદ હતી અને ડોસીબાઇ વડ ધાલાનું કુટુંબ પ્રખ્યાત હતું.

મરનારના પીતાએ મેળવેલા વારસામાં (એજ ધંધામાં) સારો વધારો કરી સને ૧૨૨૮ માં હક થવા પછી, છ વર્ષે મરનારના માતુશ્રીના ગુજરવા પછી ૨૫ વર્ષની ઉમ્મરે લાખો રૂપીઆની જંગમ અને સ્થાવર મીલકતનાં એ મરનાર બાઇ વારેસ થયાં. સ્થાવરમાં એક વખાણવાલાયક "નવી વાડી" નામની મીલકત રૂસ્તમપરાની નજદીક દક્ષિણમાં માંનની ભાગળ બહારના મૂખથી, સલાવતપુરી ભાગળને રસ્તે અગ્નીકોંણમાં કાંકરા ખાડીના બી. બી. રેલવેના પુલ તરફથી (જે પુલ એજ વાડીમાં છે) સચીન ગામની સીમ સુધી ભરતમાં દશ સ્કુવેર માઇલને આસરે છે, જે એ બાઇના પીતાએ સુકાળમાં રૂ૬૦૦૦૦) ની કીંમ્મતે મરહુમ બહમનજી ભાવનગર્યા પાસેથી વેચાતી લીધેલી હતી. એ વાડીને નામની ફળફળાદી સુરતના બજારોમાં વેચાયછે. સુરતના માજી કલેકટર સર ટી. સી. હોપે મ્યુનીસીપાલીટીના હમેશના ઉપયોગ અર્થે એ વાડી માહેલો જમીનનો થોડો કટકો માંગ્યો. જે એ બાઇએ ચોકસ લખતથી માગણી કબુલ રાખી હતી. સર ટી. સી. હોપે પોતાના ઓધાની હયાતીમાં મરનાર બાઇની માનપૂર્વક ખાત્રી વિશે સરકારી દફ્તરમાં આદરમાનનો શેરો માર્યો હતો.

દર સાલ દેએ મહીનાનો ત્રીજો ઘહમબાર કરી ભગર્યા પક્ષ ઉપરાંત પીછાંણવાલાઓને પરેજીનું ખાંણું મરનારના પીતાના ટ્રસ્ટને આધારે કરવામાં આવેછે. તેવા એક ઘહમબારને દીવસે સુરતની મોટી રેલ આવી હતી કે જે રેલમાં એ મરનાર બાઇએ સદાની કીર્તિ હાંસલ કીધી હતી. બપોરના એક વાગે પ્રથમ રેલનાં પાણી ચઢવા માંડી અઢી કલાકને આસરે મરનારના મકાંનની સાંમી બાજુના હીંદુ વાડાના રહીસોની માલમીલકત પાંણીમા ઘસડાઇ બાળક, સ્ત્રી, મરદો પાંણીમાં માછલાંની માફક તડફડયા મારતાં હતાં. જે દુઃખી બનાવ મરનાર બાઇએ પોતાની હવેલીના બીજા માળામાંથી જોઇ તરત નીચે

આવ્યાં, અને પોતાનાં પતિ ઉપરાંત કુટુંબનાં બીજા મરદોને દયાની લાગણી માટે ઉસ્કેરણી કરી કહ્યું કે "આપણી ચસમ આગળ ડુબતાંઓનો બચાવ નહીં કરીએ તો આપણને જીવવું વ્યર્થ છે."

એવું કહી પોતાની હવેલીપરના લાકડાંના છજ્યાં પડાવી તેના તરાપા બનાવી અરધા કલાકની જડપમાં મરનાર ગુઠંણપુરથી વધારે પાંણીમાં ઉતર્યાં અને તરાપા ઉપર બેસી રેલમાં જવાને હીંમ્મત કરી, પણ પતિએ અટકાવ કર્યો અને મી૦ બેહેરામજી બીજા બે મરદો સાથે તરાપા ઉપર બેસી આ ભયાનક રેલમાંથી ૧૪૨ સ્ત્રીઓ, ૧૦૬ મરદો, અને બાર વર્ષની ઉમ્મરમાંના ૬૯ બાળકોને ડુબતાં બચાવી કાઢયાં. જે કોળી, કાછીઆ, મછીમાર, ડુબરા, લાલીઆની ગ્નાતનાં હતાં. તરાપો હલેસાં મારતો ડુબતાં માણસોને લઇ કીનારે આવતો, ત્યારે એ બાઇ મોટા હર્ષથી તે ઉપરનાં માણસોને ઉતારી, બાળકોને પોતે કેડ મારી, પોતાના મકાંનમાં વાસો આપતાં, એકંદર ૩૧૭ માનવીનો જીવ ઉગાર્યા પછી ત્રણ દીવશે રેલ ઉતરી ત્યાંસુધી ઘરમાં ભરી મુકેલા અન્નવડે ગ્નાતી જાળવણીથી સર્વેને મનમાનતી રક્ષા કરી. એઓ નાના બાળકોને પોતે નાસ્તો આપતાં, જે વખ્તનો દેખાવ રળીયાંમણો થતો. કારણકે બાળકો મરનારની આજુબાજુ ભેગાં થઇ "માજી" "દોસીમા" એવા શબ્દોથી કળવઇને ખોરાક માંગતાં. રેલના મદદના ફંડની કમીટીએ રેલ ઉતર્યાં પછી એ બાઇનો ઉપકાર માન્યો કે સર્વે દુઃખીઓને મદદ આપી. સર્વે જતી વખ્તે એ બાઇને અનેક આસીર્વાદ દીધા હતા. રેલની મેહનતમાં પોતાને હાર્ટડીજીસનું દર્દ થયુંછે એવું મરનાર બાઇ માનતાં હતાં અને લોકોને કેહતાં હતાં.

[શરૂત ગોફતાર, તા૦ ૧ લી જુલાઇ ૧૮૮૮.]

તા૦ ૨૦ મી જુન.

રોજ ૭ માહ ૧૦ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

મનચેરજી ફરદુનજી જાલનેવાલા—

સુરત, તા૦ ૨૧ મી જુન ૧૮૮૮.

ગઇ કાલે વડોદરા રેલવેના ટીકીટ કલેક્ટર મી૦ મંચેરજી ફરદુનજી જાલેવાલા કોલેરાના રોગથી જવાન વયે મરણ પામયાછે. મરનાર ઘણા સાલસ અને નરમ સવભાવના હોવાથી તેમના આવા મરણને લીધે લોકોમા દલગીરી ઉપજીછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૪ મી જુન ૧૮૮૮.]

તા૦ ૨૧ મી જુન.

રોજ ૮ માહ ૧૦ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

રૂસતમજી પેશતનજી મનચેરજી, બીલીમોરાના—

બીલીમોરા, તા૦ ૨૩ મી જુન.

હીંદુઓમાં (કોલેરાથી) સાતેક મરણ નીપજયાંછે, અને હજી કેટલાંક પીડાયછે. તેમજ પારસીઓમાં પાંચેક મરણ થવા સાથ બીજાં દસેક જણ રીબેછે. પારસી મરણોમાં એક જુવાન મી૦ રૂસતમજી પેસતનજી મંચેરજીનું મરણ વધારે દલગીરી ભરેલું થયુંછે, એટલા માટે કે તેઓ અત્રેના રીડીંગ રૂમના કામકાજમાં સારો ભાગ લેતા હતા, તો જોકે તેમની ઉમર માત્ર ૨૩ વરસની હતી.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૭ મી જુન ૧૮૮૮.]

તા૦ ૨૭ મી જુન.

રોજ ૧૪ માહ ૧૦ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

દસ્તુર દારાબજી માહીઆરજી, નવસારીવાલાનો છોકરો—

નવસારી, તા૦ ૨૭ મી જુન.

અતરેના વડા દસતુરજીના ગાદીવારસના જનમની ખબર આપતાં જે ખુશી લાગી હતી તેથી જાદા દલગીરી તેનાં મરણની નોંધ લેતાં ઉપજેછે, તે ઘુંઆ બાળક મરણ

પાંમ્યુંછે. ખુદા અમારા દસ્તુરજીની સબુરી-નો બદલો પાછો આપે !

[જામે જમશેદ, તા૦ ૨૯ મી જુન ૧૮૮૮.]

તા૦ ૩૦ મી જુન.

રોજ ૧૭ માહ ૧૦ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

રૂસતમજી પાલણજી બેંકવાલા—

ભરૂચ, તા૦ ૧ લી જુલાઇ ૧૮૮૮.

મુંબઇ બેંકની અત્રેની શાખાના શરાફ અને મ્યુનીસીપલ કમીશનર મી૦ રૂશતમજી પાલણજી બેંકવાલા ગઇ કાલે બપોરના સુમારે અગીઆર કલાકે કોલેરાથી મરણ પામયાછે. મરનાર અસલ સુરતના વતની હતા, પરંતું લગભગ બાવીશ તેવીશ વરસ થયાં અત્રે નોકરીના સબબથી આવી વસયા હતા, અને સુધરાઇ ખાતાં સાથે મરનારનો સંબંધ પણ ઘણોખરો તયારનોજ હતો. મરનાર ગઇ પરમ દીને, એટલે શુકરવારે પોતાની નોકરી ઉપર ગયા હતા. જયાં બપોર પછી એક ઝાડો થયો હતો, બાદ સાંજના ઘેર સારી હાલતમાં આવયા હતા. પરંતું રાત્રે મરનાર ઉપર કોલેરાનો સખત હુમલો થયો હતો, અને તેની અસરથી સવારમાં બેભાન જેવા પડયા હતા. તેઓએ અગીઆર કલાકે પ્રાણ છોડયો હતો. આ ઓચીંતા બનાવથી પારસી કોમમાં ગમગીની ફેલાઇ છે. તેમાં વધારે ખેદકારક એ છે કે, મરનારનો વીચાર ગઇ કાલે ઉદવાડે જવાનો હતો તેવામાં એકાએક નહીં ધારેલું તેમનું મોત નીપજયુંછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૪ થી જુલાઇ ૧૮૮૮.]

તા૦ ૧ લી જુલાઇ.

રોજ ૧૮ માહ ૧૦ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

આવાંબાઈ તે ખાંનબાહાદુર ધનજી-શાહ હોરમજજી કચકાનાં ધણીઆંની—

"કાઠીયાવાડ ટાઇમ્સ" ઉપરથી મોટાં દુખ સાથ નીચલો ઉતારો કરીયે છીયે—અમ ઘણી દીલગીરીની સાથે જણાવીએ છીએ કે હાલાર પ્રાંતના ડીપોટી આસીસ્ટંટ પોલી-ટીકલ એજંટ ખાનબહાદુર ધનજીશાહ હોર-મસજી કરાકા સાહેબના પત્ની આવાંબાઇ ગુજરી ગયાંછે....જેઓને મરહુમ બાઇ સાથે પ્રસંગ પડયો હતો તેઓ તેમને ઘણાજ ચાહતા હતા, અને આ શોકજનક બનાવથી સઘળી પારસી કોમમાં દીલગીરી ફેલાઇ રહી-છે. દીલસોજી બતાવવા સ્ટેશનના ઘણાખરા યુરોપીઅન ગ્રહસ્થોની ચીઠીઓ તથા બહાર-ગામના મીત્રો અને સગાંઓ તરફથી ખાન-બહાદુર સાહેબ ઉપર તાર આવેલાછે. આખો દીવસ આહીંના ગ્રહસ્થો, સાહુકારો, વેપારીઓ અને બીજાઓ હમદરદી કરવા તેમને ત્યાં આવતા હતા; તેમજ રાજકોટ ઠાકોર સાહેબ, શાહપુર, ગઢકા તથા ખડી-આના દરબાર સાહેબો તેમ કરવા આવેલા હતા. આ મોટો બનાવ બનવાથી ખાનબહાદુર સાહેબને માટે દીલગીરી ઉતપન થાયછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૮ મી જુલાઇ ૧૮૮૮.]

તા૦ ૧૭ મી જુલાઇ.

રોજ ૪ માહ ૧૧ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

ડાકટર માણેકજી બહુખાંજી સુરત-વાલા—

સુરત, તા૦ ૨૫ મી જુલાઇ ૧૮૮૮.

લખવાને દલગીરી થાયછે કે નામદાર સરકારનાં લગભગ પોણી સદીના જુના નોકર ડાકટર માણેકજી બહુખાંજી જેવો સુરતમાં આગળ એસીશટનટ ગેરીસન અને સીવીલ સરજન હતા અને આ સેહેરના એક આગે-વાન શેહરી હતા તેવો તા૦ ૧૭ મી જુલાઇ-ની રાતના પોતાની ૮૭ વરશની વરધ અવસ્થામાં આ ફાની દુનયા છોડી ગયાછે. તેવો ૧૩ વરસની નાની ઉમરમાં સરકારી ડાકટરીખાતાંમાં દાખલ થયા હતા અને ડાકટરીખાતાંમાં ઘણી હુશીઆરીથી ૩૦ વરસ કામ કરી સને ૧૮૪૪ માં પેનસન લીધું હતું. કે જે વાતને આજ લગભગ ૪૫ વરસ થયાછે. એવો દાખલો કવચીતજ મળી આવશે

કે જેણે આટલી લાંબી મુદત સુધી સરકારનું પેનસન ખાધું હોય. આ સેહરના દેશીઓમાં તેમજ અંગ્રેજોમાં તેમણે મોટું માન મેળવેલું હતું. અતરે અંગ્રેજી દવા દાખલ કરવાનું પેહલું માન એ ગ્રહસ્થને હતું. દરેક વખતે મદદ આપવામાં તેવો તૈયાર હતા અને ખસુસ કરીને કોઇપણ જાતનો રોગચાલો અતરે થતો તે વખતે તેવો ઘણી તારીફ લાયક મેહનત લેતા હતા. તેમનો આગલો અંગ્રેજ ઉપરી ડાકટર તથા વલી નામદાર હોનરેબલ સધરલેનડ સાહેબ એમને વીશે ઘણી તારીફ લખી ગયાછે. ડાકટર માણેકજી ૪૦ વરસની લાંબી મુદત સુધી અતરેનાં નવાબ સાહેબનાં ખાસ ડાકટર હતા, તેવણ ઉપર બેગમોનો એટલો તો વીસવાસ હતો કે તેવોને જનાનાનો પણ પડદો નહતો. તેમનાંમાં ઉતમ ગુણ એ હતો કે તેવો દરદી પાસથી કદી ફીઇ કે દવાની કીમત લેતા નહતા. પણ દરદી સાજો થતો ને જે કાંઇ ખુશીથી મોકલતો તો તે માન સાથ કબુલ રાખતા પણ કંઇ માઠો બનાવ બનતો તો ફી ઇયા દવાના બીલકુલ પઇસા લેતા નહી એવો દાખલો હાલના જમાનાના ડાકટરોમાં કવચીતજ નજરે પડેછે.

ડાકટર માણેકજી એક મ્યુનીસીપલ કમીશનર હતા. તેવોએ મ્યુનીસીપલ ખાતું આ શેહેરમાં દાખલ કરાવવામાં મોટો ભાગ લીધો હતો. તે આગમજ સને ૧૮૫૨ માં જે વખતે સરકારી રસતા વીગેરે કામ ઉઘરાણાથી થતું હતું અને તેનું ઉપરીપણું એમને આપવામાં આવ્યું હતું કે જેવો વગર દરમાએ અને કોઇ કોઇ વખતે તો પોતાને ગીરોને ખરચે ઘણી તારીફલાયક રીતે બજાવતા હતા કે જે કામને વાસતે તેમને તે વખતનાં કલેકટર મી૦ ડેવીસ સાહેબ તરફથી વારમવાર સાબાશી આપવામાં આવતી હતી. પાછલથી જાહેર મ્યુનીસીપાલીટી સ્થાપવામાં આવી તે વખતે તેવોને કમીશનર કરવામાં આવયા હતા કે એવો લગભગ ૨૭ વરસ સુધી તેમને માન સાથે ચલાવ્યો હતો અને મ્યુનીસીપાલીટીનાં વારસીક રીપોરટમાં તેમને શાબાસી આપી હતી. મ્યુનીસીપાલીટીને ઘણી કીમતી મદદ કરવાથી સર ટી. હોપ જયારે અતરે કલેકટર હતા તે વખતમાં નામદાર સરકારે એ ડાકટરને હોનરરી મેજીસ્ત્રેટ નીમયા હતા. અતરે ઘરવેરો દાખલ કરવાને હીલચાલ થયલી તે વખતે તેઓ ઘણી અશકત હાલતમાં હોવા છતાં મ્યુનીસીપાલીટીમાં પોતાની છેલી લડત રઇઅત તરફથી એવી તો બાહોસીથી ચલાવી હતી કે તેમાં એમને ફતેહ મલી હતી—

ડાકટર માણેકજીએ પોતીકી હમજાતની પણ સેવા બજાવવામાં કશી ખામી રાખી નથી—તેવો સુરતની પારસી મેત્રીમોનીઅલ કોરટ જયારથી સ્થપાઇ તયારથી ડેલીગેટ નીમાયા હતા તથા અતરેનાં ધરમનાં ફંડનાં તેવો ચેરમેન હતા, અતરેની સર જમશેદજી જીજીભાઇની અંગ્રેજી સ્કુલ કાહાડી નાખવાને મુંબઇનાં ત્રસ્ટી સાહેબોએ નકી વીચાર કરયો હતો તે વખતે પોતે જાતે જઇ ત્રસ્ટી સાહેબોને સમજાવી એ સ્કુલ કાયમ રખાવવાનું માન મેળવયું હતું કે જે સ્કુલ આજસુધી સારી હાલતમાં હઇયાતી ભોગવેછે. જયારે ધરમનાં ફંડના ચેરમેનપણામાંથી અશકતાઇને લીધે તેમણે રાજીનામું મોકલયું તે મુબઇનાં ત્રસ્ટી સાહેબોએ બહુ દલગીરી સાથે કબુલ રાખતાં એવોની ૩૨ વરસ લાંબી મુદત સુધી ધરમનાં ફંડના કારભાર માટે તેનો ઘટતો ઉપકાર માનતાં પંચાયતનાં દફતરમાં નોધ કીધી હતી.

ડાકટર માણેકજી એક જુના જમાનાનાં પણ બાહોસ માણસ હતા. અતરે ગુજરાતી નીસાલો સ્થાપવામાં તેમણે સારો ભાગ લીધો હતો તથા સને ૧૮૫૦ માં અતરેની એનડ્રુસ લાઇબ્રેરી સ્થાપવામાં પણ તેવો હોનરેબલ મી૦ ફારબસની સાથે મદદમાં રહયા હતા. વલી કોઇપણ એવું ખાતું કે જેની સાથ ડાકટર માણેકજીને સંબંધ ન હતો એવું જાણવામાં નથી. ૧૮૩૭ ની મોહટી રેલમાં

તેમણે આરછી મદદ કરી હતી તથા તે આગ-
મજની મોહટી આગમાં પણ ભારે મેહનત
લીધી હતી.

[સુરત ગોફતાર, તા૦ ૨૯ મી જુલાઇ ૧૮૮૮.]

17th July 1888

DR. MANECKJEE KHASOOKHAJEE, SURAT —

SURAT JULY 24.

In the late Doctor Maneckjee Cursetjee, Assistant Garrison and Civil Surgeon at this place, whose sad death I announced in my telegram published in the *Times of India* of the 18th instant, the Government has lost one of its most faithful and deserving officers of nearly three-quarters of a century standing, and the Surat public one of its most conscientious wel-wishers. The deceased, after suffering a protracted sickness of several years, died on the night of the 17th instant, at the venerable old age of nearly seven and eighty years. Dr. Maneckjee was only 13 years old when he entered the Medical Service in 1814. The intelligence and abilities he displayed in the discharge of his duties soon drew the notice of his superiors. He was the only native then admitted into the warrant grade, and appointed to the full rank of apothecary—the highest appointment then given to a native in the Medical Department. His entire medical career was a brilliant one, and his frank and affable disposition, coupled with an almost unapproachable straight forwardness, earned him the esteem and affection of all those with whom he came in contact. In a city like Surat, where western culture and western science had in his days made but scanty progress, it was he who promoted with success the use and application of English medicines. His enviable success as a practitioner is reported to have led one of his superiors to honostly conclude that "Government did not possess in that particular department a more efficient and trustworthy servant, or so successful and popular a physician." The late Hon Mr Sutherland also expressed the opinion that, "He is the most deserving native I ever met with, has been always held in the greatest repute in his talents, and I have not unfrequently known persons prefer his attendance to that of the European doctor." He retired from the Government service in the year 1844, and since then he had been a pensioner up to the time of his death—a fact of no little significance in the history of our old pensioned servants. It was also a noted fact that during his medical practice he refused to receive fee when visiting a patient, nor did he charge for medicine, but when the patient recovered, whatever he was pleased to send him was accepted, but in the case of the death of the patient he never received anything, although he had attended any length of time and supplied any quantity of medicines.

As a Municipal Commissioner Dr. Maneckjee's career, extending over a period of 27 years, has been marked by certain interesting features in the growth of local self-government in the mofussil. Although it is since the memorable days of Lord Ripon that an election element has been introduced into our Municipal Councils, the spirit of independence and self-government necessary to the

redress of public grievances was not wanting in the person of the departed gentleman. What the Bombayites owe in the excellence of their municipal administration to the late lamented Nowrozjee Furdoonjee, the Suratees owe to a certain extent to the energy and assiduity of Dr. Maneckjee. In the advocacy of popular interest he considered discretion to be the better part of valour, and worked with consummate tact and wisdom. The various Collectors, who acted as presidents of the Municipality, entertained a high opinion of him. He was thanked by the Government in the annual Municipal Administration Report for the very harmonious relations he endeavoured to sustain between the Government and the people. In recognition of his valuable services to the Municipality he was appointed an honorary magistrate during Sir T. Hope's tenure of office He rendered yeoman's services to the poor people at the time of the great flood in 1837 and the disastrous fire that preceded it

A future writer on the intellectual progress of Surat will not, I presume, make light of the very eminent services rendered by Dr Maneckjee in the diffusion of primary education. Several public and private vernacular institutions owe their creation and present finished state to the energy, zeal, and activity shown by Dr. Maneckjee in common with many of his eminent colleagues. In 1850 he took a leading part in conjunction with the late Hon. K. Forbes in establishing the Andrews Library at this place. In fact, in his time there was not a single institution with which he was not connected.

Turning for a while from the broad sphere of his usefulness to the city at large, I may unreservedly assert that the deceased had in his own days done an incalculable good to his co-religionists. He had the honour to have been (a) a Delegate of the Surat Parsee Matrimonial Court since it came into existence; (b) the Chairman of the Sir Jamsetjee Jejeebhoy Charitable Fund Committee at Surat. He was held in high esteem by both the late and the present Parsee Baronets. While accepting with regret the resignation of Dr. Maneckjee, the trustees of the Parsee Charitable Fund recorded their high appreciation of the very able manner in which he managed with the greatest zeal and pains the affairs of the Parsee Charitable Fund for the considerably long period of 32 years

Though he never sought friendship, his genial disposition, sterling virtues, and splendid abilities brought him a circle of friends, whose position and honour would surely make Dr. Maneckjee's best acquaintances envy his lot Great men, like the Hon. Sir Theodore Hope, Sutherland, Romer, Lumsden, Frere, Gibbs, Hebbart, Kinlock Forbes, Rogers, Ashburner, Ravenscroft, Kemball, Pinhey, Birdwood, and other gentlemen of distinction, always held Dr. Manecjee in esteem, and had a high opinion of his merits, and it may be remarked that, prior to 1378, when Dr. Manecjee entirely confined to his house owing to infirmity and blindness, there were scarcely any Civilians and other Government servants of high position

who had come to Surat, who had not made the acquaintance of the departed doctor.

Dr Maneckjee has left only one son, Mr. Hormusdiar, who was Superintendent of the Government Salt Depot here, bnt on the abolition of the Depot he was thrown out of his appointment, and snbsequently was obliged to retire from the service in consequence of cataract in his eyes

[*Times of India*, 27*th July* 1888.]

તા૦ ૨૫ મી જુલાઇ.

રોજ ૧૨ માહ ૧૧ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

માણેકજી પેશતનજી તબાક---મુંબઇના એક જાણીતા શેઠીઆ મી૦ માણેકજી પેશતનજી તબાક ગયા બુધવારે મધરાત પછી ૬૧ વરસની ઉમરે આપણાં શેહેરમા થોડાક દીવસની સખત માંદગી ભોગવી મરણ પામયા હતા. એ મરહુમ ગરહસથ પેહેલવેહેલા સને ૧૮૪૫ માં ચીન દેશમાં પોતાના એક ખેશી સાથ વેપારને અરથે ગયા હતા. એ પછી ૧૮૫૧ મા પોતે એક વેપારી પેહેડી સથાપી કરાંચી ખાતે ગયા હતા અને તયા બરીટીશ ઇંડયા સટીમ નેવીગેશન કંપનીની એજંસી પણ ચનાવતા હતા. કરાંચી ખાતે તેવણે કોઇબી યુરોપયન જાસતીની સામે પોતાનો તરાસ દેખડાવયો હતો તથા તે તરફના દારૂના ગુતતા સંબંધી કેટલોક ઘોંટાલો ચાલતો હતો તે સરકાર સનમુખ રજુ કરી સરકારી મેહેસુલમાં ફાયદો કરી આપયો હતો, જે માટે સરકારે તેવણને મી૦ આસબરનરની મારફતે શાબાસી આપી હતી. "ખાસડાંના માન" નો પવન તે વખતે કરાંચી ખાતે પણ ફેલાયો હતો અને એક પારસી પાસે એક ઇંગરેજ અમલદારે "ખાસડાંનું માન" માંગવાથી મરનાર તેની સામે બલતવારીથી થયા હતા. સને ૧૮૬૦ ના મારચ માસમાં તેવણની કરાંચી ખાતેની પેહેડી બંધ પડી અને તેવણ મુંબઇ પાછા ફરયા. શેરસટાના વખતમાં તેવણ ગુંટાયલા હતા અને મરનાર (તે વખતે આનરેબલ) રૂસતમજી જમશેદજી જીજીભાઇના સેકરેટરીનું કામ ચલાવતા હતા. વડોદરામાં મરનાર મહલારરાવની કારકીરદી ફરજયાત ખતમ કરી જે નવું રાજ સથાપવામાં આવયું હતું તે વખતે મરનાર સર ફરાક સુટરની ભલામણ ઉપરથી તયાંની પોલીસના વડાનો ઓવો રાજા સર ટી. માધવરાવે મરનાર મી૦ માણેકજીને આપયો હતો અને મરનારે વડોદરાની પોલીસને બહુ સારી હાલતમા મેલી આપી હતી. ૧૮૮૩ ના નવેમબરમાં નવસારી ખાતે મરનારની બદલી થવાથી વડોદરા પોલીસના સઘળા અમલદારો તથા કામદારોએ તેવણને એક માનપતર એનાયત કરયું હતું. એજ મુજબ ૧૮૮૪ ના અકટોબર માસમાં નવસારીથી ઓવો છોડી જયારે તેવણ પેનશન ઉપર રીટાયર થઇ મુબઇ આવવા નીકલયા તયારે તયાંની રઇયતે ખુરશેદવાડીમાં એક જાહેર માનપતર તેવણને આપયું હતું. એ બાદ મી૦ જહાંગીર ગુસતાદજીના મરણ પછી ૧૮૮૬ માં તેવણ ઇંડીયન ફાયર ઇનશયુરંસ કંપનીના એક સેકરેટરી નેમાયા હતા, જે ઓધા ઉપર તેવણ મરણ તલીક હતા. ગયા મારચ માસમાં નામદાર સરકારે તેવણને એક સુલેહના અમલદાર નેમયા હતા. મરનાર મલતાવડા ખવાશના હતા તથા ગરીબોને પોતાની જાતી મેહેનતથી મદદ લાગતા હતા.

[જામે જમશેદ, તા૦ ૨૭ મી જુલાઈ ૧૮૮૮.]

25*th July* 1888.

MANECKJEE PESTONJEE TUBACK.—We regret to note the death of Mr. Maneckjee Pestonjee Tuback, which sad event took place at his residence at Middle Colaba, on Thursday morning. The deceased gentleman was an esteemed member of the Parsee

community and was connected with the family of the late Mr. Jeejeebhoy Dadabhoy. Mr. Tuback was formerly for many years agent for Lloyd's Steam Service at Kurrachee. In that capacity the deceased gentleman was recognised to be principally instrumental in developing the trade between Punjab and England. In 1854 he rendered very valuable assistance to Colonel G. E Ashburner, who was then Cantonment Magistrate at Kurrachee, in detecting and defeating frauds practised in respect of liquor farms and bread supplies to European troops, which formed the standing complaint of the day. With Mr. Tuback's assistance, Colonel Ashburner was able to increase the Government revenue to more than three times its usual yield In 1876, Mr. Tuback took service at Baroda under the *regime* of the Dewan, Sir T. Madhvarow, who appointed him the Commissioner of Police of that city Under the energetic supervision of Mr Tuback, an efficient police force was organised and established at Baroda, and order was restored in that city in lieu of the disturbed state in which it formerly was. On the occasion of the Durbar at Delhi, Mr Tuback was selected and appointed the agent of his Highness the Gaekwar, and rendered very valuable assistance under exceptional difficulties The deceased gentleman was honourably mentioned in many administration reports by the Dewan, Sir T. Madhva Row, and was praised for his services by successive British Residents. The remarkable improvement introduced by Mr. Tuback in the police force at Baroda was noticed by the late Sir James Ferguson, who personally complimented him upon his success in that respect. In 1884, Mr. Tuback was obliged to resign service on account of ill-health attributable to the hard work he had to undergo while at Baroda, and his Highness the Gaekwar was pleased to confer a large donation in recognition of his valuable services to the Baroda State. Mr. Tuback was well known among natives as also Europeans in Bombay, and in the late Sir Frank Souter he had lost an esteemed and an old friend, whom he never ceased to deplore Mr Tuback was lately appointed one of her Majesty's Justices of the Peace for Bombay. He has left a large family and circle of friends to mourn his loss.

[*Times of India*, *28th July* 1888]

તા૦ ૪ થી આગશટ.

રોજ ૨૨ માહ ૧૧ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

પીરોજબાઈ તે આદરજી દાદાભાઈ મસાલાવાલાનાં ધણીઆંની—મહુની જાણુવાજોગ ખબરો—એક મીતરના કાગલમાં જણાવવામા આવેછે કે "આતરેની વસતીને જાણીતા થયલા શેઠયા શેઠ આદરજી મસાલાવાલાની નેક ખસલત ધણીઆંનીના કવખતનાં ને દુખદાયક મરણથી આખાં મહુમાં શું મોટાં કે નાનાં, અદના કે આના એ સઘલાંમા ભારે દલગીરી ફેલાઇ રહીછે, તે ફકત શેઠ આદરજી આ ઠેકાંણેના એક શ્રીમંત કે આગેવાન અને વગવાલા શેહેરી છે એટલા માટેજ નહીં પણ તે સાથે એ મરહુમ બાઇના પોતાના જાતી ખવાસને લીધેખી છે. આ મરહુમ બાઇ વીશે જાખજા બોલાયછે. તેવણ બુલંદ ખવાસનાં બાનુ હતાં, અને જાત પરજાતનો કશો અંતર રાખવા વગર ખાંનગી રીતે ગરીબ ગુરબાંનાં પાલન કરનાર હતાં. જેટલો વખત એ બાઇ માંદગીને

બીછાંણે હતાં તેટલો વખત લોકો આતુર ચેહેરે એવણને બંગલે એવણની ખબર લેવા આવજાવ કરતાં હતાં, જેઓ સઘલાં એક અવાજે જે કાંઇ બોલતાં તે એટલુંજ કે આ ભલી બાઇનાં મરણથી કેટલાંક ગરીબોનો મરો થવાનો. આ મરહુમ બાઇનાં મકાંનથી દોખમું આશરે ૭ માઇલ દુર હોવા છતાં મહુના લગભગ સઘલા જરતોશતીઓએ મરહુમની પાયદશતની મીજલસમાં શામેલ થયા હતા, તેજ બીના શેઠ આદરજી તથા તેમનાં મરહુમ મોહોરદારની લાયકી દેખાડવાને પુરતી હતી.

[જામે જમશેદ, તા૦ ૧૬ મી આગશટ ૧૮૮૮.]

4th August 1888.

PIROZBAI, WIFE OF ADERJEE DADABHOY MASALAWALLA, OF MHOW. – With sincere regret we announce the death of Bai Peerozbai, wife of our esteemed townsman Mr Auderjee Dadabhoy. The deceased lady was about 47 years of age and had many admirable social qualities. She had been ailing for a long time, but recently she had improved in health sufficiently to render a change to Bombay necessary for its complete re-establishment. Unfortunately, she caught a severe cold about a week ago. Bronchitis set in which rapidly became worse in spite of all that the best medical skill could do and she expired on last Saturday morning. Dr. Barry with Dr. Keegan in consultation, attended the deceased during her illness. We need hardly add that general sympathy is felt for Mr Auderji Dadabhoy's severe bereavement as his popularity with the people is not small.

[*Eastern Herald, Mhow,* *6th August* 1888.]

તા૦ ૧૨ મી આગશટ.

રોજ ૩૦ માહ ૧૧ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

નવરોજજી હોરમજજી પેશતનજી હાંગકાંગવાલા—

શીંગાપોર, તા૦ ૧૫ મી આગસટ ૧૮૮૮.

લખવાને દલગીરી ઉપજેછે કે અતરેવાલી મી૦ બરજોરજી બોદાદાદની કુંપની તથા હોરમજજી પેસતનજીની કુંપનીની પેહેડીના ભાગીયા મી૦ નવરોજજી તે આપણા મુંબઇવાલા શેઠ હોરમજજી પેસતનજી હાંગકાંગવાલાના છોકરા થોડા દીવશની માંદગી ભોગવીને ચાલુ માસની તા૦ ૧૨ મીએ મરણ પાંમયાછે. મરનાર કામકાજમાં ઘણા ચાલાક અને લાયકીવાલા હતા, તેમની ઉમર ૨૬ વરશની હતી અને તેવણની પાએ-શે અતરેની કુલ જરથોશતી અનજુમન સાથે કેટલાએક મોટા અંગરેજો, યાહુદી, આરમીનીઅન, હોરા, મુશલમાનો વીગેરે હાજર થયા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨ જી સપટેમબર ૧૮૮૮.]

તા૦ ૨૬ મી આગશટ.

રોજ ૧૪ માહ ૧૨ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

કુવરજી ધનજીભાઈ કંત્રાકટર, સુરતના—

સુરત, તા૦ ૨૯ મી આગસટ.

જાણીતા કંટરાકટર મી૦ કુવરજી ધનજીભાઇ પનીરવાલા, ગઇ તા૦ ૨૬ મીએ ૪૭ વરસની ભરજુવાંન વયે અતેસારથી દલગીરીભરેલી રીતે અતરે મરણ પાંમયાછે.

[જામે જમશેદ, તા૦ ૧ લી સપટેમબર ૧૮૮૮.]

તા૦ ૨ જી સપટેમબર.

રોજ ૨૧ માહ ૧૨ (શે૦) ૧૨૫૭ યજદેજરદી.

હોરમજજી દોશાબજી જોખી—સુરતના રુસતમપરાનો વતણી હોરમસજી દોરાબજી જોખી નામનો એક ગરીબ જવાન પારસી બરમાહ તરફ કમીસરીયેટખાતાંમાં નોકરીએ ગયો હતો તે તયાં ગઇ તા૦ ૨ જી સપટેમ-

ખરે મરણ પામવાનો તારનો સંધેસો તેના એશીઓ ઉપર આવવાની અમારો સુરતનો ખાબરપતરી ખબર આપેછે.

[જામે જમશેદ, તા૦ ૭ મી સપટેમબર ૧૮૮૮.]

તા૦ ૪ થી સપટેમબર.

રોજ ૨૩ માહ ૧૨ (શ૦) ૧૨૫૭ યજદેજરદી.

દીનશાહ પેશતનજી નાજર, કરાંચીના—

ક્વેટા, તા૦ ૮ મી સપટેમબર ૧૮૮૮.

કરાંચીની સદર કોરટના વડા નાઝર દીનશાજી પેશતનજીનાં દુખદાયક મરણની ખબરે અતરેના જરથોસ્તીઓમાં ભારે દીલગીરી ફેલાવી છે. મરનારનું ઉઠમણું ક્વેટાની અગીઆરીમાં તેવણના મોટા મી૦ રૂશતમજી દીનશા તરફથી ગઇ તા૦ ૬ ઠીએ કરવામાં આવ્યું હતું. મરનાર મરતાં પહેલાં એક મહીનો અતરે હવા ખાવા આવી ગયા હતા, અને કરાંચી જઇ તુરતજ જલંદરના મરજથી બીમાર પડી આ ફાની દુનીયા છોડી ગયાછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૩ મી સપટેમબર ૧૮૮૮.]

તા૦ ૧૮ મી સપટેમબર.

રોજ ૨ માહ ૧ (શ૦) ૧૨૫૮ યજદેજરદી.

ધનજીભાઈ દાદાભાઈ પટેલ, સુરતના—

સુરત, તા૦ ૨૦ મી સપટેમબર.

સુરત ડીસ્ત્રીકટના ઉમરા ગામના અસલ વતણી શેઠ ધનજીભાઇ દાદાભાઇ પટેલ ૭૧ વરસની વરધ ઉમરે થોડા દીવસની માંદગી ભોગવી ગઇ પરમ દીનની બપોરના અતરે મરણ પામયાછે. મરનાર શેઠ ધનજીભાઇ રૂ૬ ને દરમાયે કસટમમા પેહેલવેહેલા નોકરીએ રહયા હતા અને જયારે આશરે ૧૮ વરસ ઉપર તેઓ રૂ૫૫) નુ માસીક પેનશન મેલવી અતરે આવી રહયા તે વેલા તેઓ તરાંમણેના રૂ૧૨૫) ને દરમાયે સર કારકુન હતા. મરનાર મોરી, ફારસી વગેરે ભાશાઓ જાણતા હતા. તેઓ મીલનસાર, પકા અને ખબરદાર હતા. તેવણનાં મરણથી તેવણના બોહોલાં કુટુંબમાં સ્વભાવીક રીતે દલગીરી ફેલાઇછે.

[જામે જમશેદ, તા૦ ૨૧ મી સપટેમબર ૧૮૮૮.]

તા૦ ૨૩ મી સપટેમબર.

રોજ ૭ માહ ૧ (શ૦) ૧૨૫૮ યજદેજરદી.

હીરજીભાઈ હોરમજજી શેઠના—શેઠ હીરજીભાઇ હોરમજજી શેઠનાં ૮૩ વર્ષની બુજર્ગીદાર ઉમરે નીપજેલાં મૃત્યુકથી પારસીઓના પ્રખ્યાત શેઠખાનદાને પોતાના વડાને, નોશાકરા મોબેદોના પંથે પોતાના સરદારને અને અનજુમનના ફંડોના ત્રસ્ટીઓએ પોતાના એક આગેવાન અકાબરને ખોયોછે. પાછલા અખ્તિયાર ઉપરથી શેઠ હીરજીભાઇની સેવાઓ જોકે જાણીતી નહી તોપણ જાહેર અને ઘણી કીમતી હતી, અને શેર સટ્ટાના વખતમાં જયારે સઘળા માતબરોનાં મગજ ચળી ગયલાં હતાં તે વખતમાં જે જુજ અકાબરોએ પોતાનાં મગજ ઠેકાણે રાખ્યાં હતાં, તેઓમાં એક શેઠ હીરજીભાઇ હોવાથી તેઓએ પોતાનું દ્રવ્ય સાચવ્યા સાથ ટોળાનુ દ્રવ્ય પણ સાચવવામાં જે કીમતી મદદ આપી હતી તે તેઓના આ મરણ વખતે ભૂલી શકાય એવી નથી. કદાચ અહીં સુધી કેહવાઇ શકાશે કે પારસી અનજુમનના ધર્મનાં ફંડો આજે એક મહાભારત ભંડોળમાં જળવાઇ રહ્યાછે તે એકલા શેઠ હીરજીભાઇથી છે; કાંકે શેર સટાના ઘેલા પવનમાં જેમ બીજાં ભંડોળો ઘસડાઇ ગયાં તેમ અનજુમનનાં ફંડોનો પણ એક ભાગ, જો શેઠ હીરજીભાઇ મજબુતીથી વચે પડયા નહી હોત તો ઘસડાઇ જાત. તે વખતે સર્વનું નાણું નફા ભરેલી રીતે રોકવાનો પવન ચાલ્યો હતો, અને તે મુજબ "પારસી પંચાયત" ના ફંડોનો પણ વપરાતો ભાગ એક ચોકસ મોટા શેઠને ત્યાં રોકવાનો વિચાર ચાલ્યો હતો, કે જે આસામી કદી ભાગે નહી એવી હતી. પણ જાહેર ફંડોને આમ જોખમમાં નાખવાને શેઠ હીરજીભાઇ મજબુતીથી સામા થયા હતા, અને પછી તે આસામી અંતે ભાગી ત્યારે શેઠ હીરજીભાઇનું તે સાવધ ડાપણ ગવાયું હતું. એજ પ્રમાણે ભગરિયા મોબેદનું વાડિયાજીના

આતશબેહરામને લગતું ભેગું થયલુ પણ લાંબા વાંધામાં પડેલું ફંડ શેઠ હીરજીભાઇએ જાળવી રાખીને ૪૦ વર્ષમાં ૭૦૦૦ રૂપીયાની નાની રકમ ઉપરથી વ્યાજે વધારતાં રૂ૪૦૦૦૦નું કીધું, અને ભગરિયાઓને પોતાનો વાંધો હાઇ કોર્ટમાં ચુકાવવાની ફરજ પાડીને કોર્ટ જેમ ફરમાવે તેમ આપી દીધું, તેમાં જોકે શેઠ હીરજીભાઇ ભગરિયાઓની આપખુદ હુજતોની સામે થવા માટે પોતાના પંથના મોબેદોમાં ગમે એટલા અણગમતા હતા, તોપણ પોતાની દોલત જલવાઇ રેહવા માટે તેઓ એ શેઠને આભારી હતા એ તો કદી ના પાડી શકવાના નથી.

શેઠ હીરજીભાઇ ઝાઝા જાહેરમાં આવવા ચાહતા નહી હતા અને ઘણોજ એકમાર્ગી એકાંતવાસ ભોગવતા હતા, તોપણ તેઓ જે બે ખાતાઓમાં જોડાયા હતા તેમાં સેવટ સુધી જોડાયા હતા અને તેમાં આગેવાન ભાગ લેતા હતા. તેમનું મુખ્ય પારસી અનજુમનનું ધર્મખાતું હતું કે જે ખાતાંની મીલકતો ઉપર આવજાવ રાખી શેઠ હીરજીભાઇ મુખ્ય કારભાર કરતા હતા, અને દોખમાઓવાલી ડુંગરવાડી ઉપર જ્યારે ચોકસ સત્તાવાળાઓ ધાડ લાવ્યા હતા તે વખતના જબરા મુકદમાઓની ઝેમતનો મુખ્ય જુમો ઉઠાવી લેનાર પણ એજ શેઠ હતા. બીજું જે એકજ ખાતું એઓએ પોતાને વ્હાલું કીધું હતું તે જરતોશતી છોકરીઓની નિશાળ મંડળીનું ખાતું હતું. ઘણાં વર્ષો સુધી એ નિશાળના મેળાવડા શેઠ હીરજીભાઇના મકાનમાં થતા હતા અને ઘણા વર્ષો સુધી એ ખાતાંના કારોબાર ઉપર તેઓ બહુ ધ્યાન આપતા હતા. ૧૮૫૮માં એ નિશાળ મંડળી સ્થાપી ત્યારથી તેવણ તેના મદદગાર કારોબારી હતા. પાછલાં વર્ષોમાં પોતાની દેહ લથડવાથીજ તેઓ આ બંને ખાતાંમાં ભાગ લેવાને અશક્ત હતા પણ તેઓ તરફ એમની દિલસોજી ચાલુ હતી. પારસીઓને માટે ખાસ ધારા બાંધી મંગાવનારી ત્રીસ વર્ષ ઉપરની મોટી સભામાં એઓ નાયબે સરનશીન હતા. સખાવતના જાહેર કામોની કોઇ મોટી સ્થાપનામાં શેઠ હીરજીભાઇ કશી રીતે જાણીતા થયા નથી—પારસીઓમાં આખાં શેઠ ખાનદાનના દોલતમંદ નબિરાઓ વિશે એ એક ટીકાની બાબત ગણાતી આવીછે. પણ એક જણની ખાનગી સખાવતો ઉપર કાંઇ પ્રજાનો દાવો નથી, માટે જાહેર સખાવતો જે એ મરનારના તાબામાં હતી તેમને જાલવવા તથા નિભાવવા વિશે એઓ ઉપર પ્રજાને ગોયા હક હતો અને તે સંબંધી એમની કાલજી અને ઉલટ એજ એક મોટી સખાવત જેવી આપણ ગણીશું. એઓનાં ઉઠમણામાં જુદા જુદા અસીઓની ભરેલી રકમો સુધાં રૂ૧૫૦૦૦ ધર્મખાતાઓમાં અપાયાછે, કે જેમાં રૂ૫૦૦૦ એઓની પોતાની પુંજીમાંથી લીધાછે. એઓના માનને માટે ગયા સોમવારે સર જમશેદજી સ્કુલ તથા જરતોશતી છોકરીઓની નિશાળો બંધ રાખવામાં આવી હતી.

[શરત ગોઝનાર, તા૦ ૩૦ મી સપટેમબર ૧૮૮૮.]

મરહુમ શેઠ હીરજીભાઈ હોરમજજી શેઠનાની મરણની નોધ તા૦ ૩૦ મી સપટેમબરના અમારા પત્રમાં છાપી હતી તેમાં એક ઠેકાણે એવું લખ્યું હતું કે "પારસી પંચાએત"નાં ફંડોનો વપરાતો ભાગ એક ચોકસ મોહોટા શેઠને ત્યાં રોકવાનો વીચાર ચાલ્યો હતો કે જે આસામી કદી ભાગે નહી તેવી હતી, પણ જાહેર ફંડોને આમ જોખમમા નાખવાને શેઠ હીરજીભાઇ મજબુતીથી સામે થયા હતા. એ બાબત વીશે ઉપલા ફંડોનાં સેક્રેટરી શેઠ નશરવાનજી બેહરાંમજી પોતાની સતાથી અમોને લખી જણાવછે કે એ વાતમાં કશી સચાઇ નથી. ઉપલો સતા ભરેલો ખોલાસો ખુશી સાથે અમો અત્રે પ્રગટ કરીએ છીએ, તો જોકે તે વાતને પચીસ વર્ષ થઇ ગયાંછે અને આટલું તો બનવાજોગ છે કે એ વિષે મુકરર કહી શકવું મુશકેલ છે તોપણ સેક્રેટરી મી૦ નસરવાનજીનો ખોલાસો અમે

કબુલ રાખીયે છીયે, કેમકે અમે જે લખ્યું-છે તે માત્ર સેજ એસારા તરીકે લખ્યું છે અને એ વિષે અમે કશી તકરાર ચલાવવા ચાહતા નથી.

[રાસ્ત ગોફતાર, ત૦ ૧૪ મી અકટોબર ૧૮૮૮.]

23rd Septemb r 1888.

HEERJIBHOY HORMASJI SETNA — One of the patriarchs of the Parsee community of Bombay, Mr. Heerjeebhoy Hormusjee Setna, died on Sunday night last, at his residence in Borah Bazaar Street, Fort, at the advanced age of eighty-four years. From the year 1855 down to the time of his death, Mr. Heerjeebhoy was a trustee of the funds of the Parsee Punchayet. From the establishment of the Parsee Girl's School Association in 1858, he was a member of the managing committee of the schools, and had, owing to failing health, to decline acceptance of the office of a trustee of the schools, which was offered him. In 1854, he was appointed an auditor of the accounts of the Sir Jamsetjee Jeejeebhoy Parsee Benevolent Institution, and two years later was appointed a member of the committee of the institution in place of the late Dadabhoy Pestonjee Wadia. Mr. Heerjeebhoy was also a member of the committee as well as the sub-committee appointed for getting the laws of divorce and inheritance enacted for the Parsees by the Legislative Council of India; and was in 1859 appointed vice-president of the Committee in the place of the late Sir Cowasjee Jehangir Readymoney. Mr. Heerjeebhoy was an orthodox Zoroastrian of the true ancient type; and although for many years past he seldom took a part in public movements, he was always recognised and respected as a leader of the Parsee community. In respect to his memory the schools of the Parsee Benevolent Institution and the Parsee Girls' School Association were closed yesterday.

[*Bombay Gazette* 25*th September* 1888]

તા૦ ૨૭ મી સપટેમબર.

રોજ ૧૧ માહ ૧ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

હોરમજજી શાપુરજી પાવરી—ડુંગરવાડીની મોટી પારસી મીલકતોના એક આગેવાન અકાબરની સાથે ગોયા સવર્ગમાં સંગત રાખવા માટે એજ મીલકતો સંબંધી આગલી મેહનતોમાં ગરીબો તરફના એક આગેવાનની જાણેકે જરૂર હોય તેમ શેઠ હીરજીભાઇ હોરમજજી શેઠની સાથ શેઠ હોરમજજી શાપુરજી પાવરીનું મરણ પણ આજ અઠવાડિયામાં નિપજયું છે. પારસીઓના ડુંગરવાડીને લગતા મોટા મુકદમાઓ વખતે "તન મન અને ધનથી" મેહનત કરનાર મરહુમ હીરજીભાઇ સાથે મરહુમ હોરમજજી પાવરી પણ હતા, અને તેઓ બંને ગોયા તેજ ડુંગરવાડી ઉપર પોતાની ખાક અને માટીને સાથેજ મેળવા સેવટની આસાએસે ગયાછે. પારસીઓનો પ્રખ્યાત "હોરમજ પાવરી" મરણ પામ્યો એ વાકય સાંભળતાંજ પારસી કોમને એક જાતની ઉદાસી ઉપજીછે; કાંકે તેનું નામ પારસીઓમા એકેએક બચ્ચાથી મોટા સુધી મશહુર હતું, અને જોકે ધંધે મરનાર માત્ર એક બાવરચી ગણી શકાય અથવા પારસીઓનાં મેસમેન યા બટલરનો તે ધંધો કહેવાય, તોપણ તેના દુઃખદાયક મરણની અતરે નોધ લેવાની અમારી દિલસોજી દેખાડશે કે એક બાવરચી અને બટલર કરતાં મરનારને અમે કાંઇ જુદીજ અને ચહડતીજ પદવીએ મેળીયે છીયે, અને તેવા એક માણસના મરણને માટે જાહેરમાં શોક

કરવાનું અમારૂં કારણ પણ તેજ છે. એક "પારસી મર્દબચો" એ શબ્દો, મરનારને આ જાહેર કટારોમાં અમે શી જગ્યા આપીયે છીયે તે દેખાડવાને બસ છે. મરનાર બાવરચી યા બટલર હતો તો શું થયું? તે ગરીબાઇમાંથી વધ્યો હતો તો શું થયું? અને જે વાત વધારે કીર્તિની અમે ગણીયે છીયે તેમ, સેવટની ઘડી સુધી મરનાર તેજ ધંધાને વલગી રહ્યો તો શું થયું? પણ જેમ પૈસાથી તેમજ લાયકીથી મરનારે ગરીબોના શેઠિયા સરખી કાંઇ પદવી મેળવી હતી. સેંકડો ગરીબોનું મુરબીપણું એમને માથે હતું, સેંકડો ગરીબોને રોજીધંધે લગાડનાર એવણ હતા. અને કામ પડે ત્યારે સેંકડો ગરીબોને લોકોની સેવાને માટે હાજર કરનાર પણ એવણ હતા.

પાવરીના ધંધાને લોકમતે ઉતરતા ધંધાઓમા મેળ્યોછે, અને તે ધંધાની અમે કશી વડાઇ કરવા માંગતા નથી. પણ બરાબર બોલીયે તો તાબેદારીભરેલી ચાકરીના કરતાં ગમે એવો સ્વતંત્ર ધંધો ચહડતો છે અને મરનાર હોરમજજી પાવરીએ એક ઇમાનદારીભરેલો ધંધો મોટા પાયા ઉપર ચલાવીને તેમા મોટી દોલત એકઠી કરવાની ફતેહમંદીનું માન લીધુ છે. એક ધધાને માણસથી એબ લાગે તે અમે સમજી શકીયે છીયે, પણ એક માણસને ધંધાથી એબ લાગતી હોય તે અમે સમજી શકતા નથી. એબ યા હીણપરતી માણસની ચાલથી થાયછે, નહી કે તેના ધંધાથી. એક ધંધો ગમે એવો ઉતરતો હોય તોપણ ઉદ્યોગી માણસ પોતાના ઉદ્યોગથી, ઇમાનદાર માણસ પોતાની ઇમાનદારીથી અને પોતાને માટે માન ધરાવનાર માણસ પોતાની ઇજતદાર મગરૂરીથી ગમે એવા ઉતરતા ધંધાને પણ વધારી તથા શોભાવી શકેછે. તેનો જીવતો દાખલો મરહુમ "હોરમજ પાવરી"ની ફતેહમાં હતો. અને ગમે એટલી ફતેહ છતાં, ગમે એટલી પુંજી એકઠી કીધા છતાં, ગાડીઘોડે ફરવા છતાં અને ઘેરબારનો ધણી થવા છતાં મરનાર જે ભક્તિભાવથી પોતાના અસલ ધંધાને વલગી રહ્યા હતા, તથા દિલમાં ડગલી વગર તોપણ માનની ઇંધાણી દાખલ માથે પાઘડી સાથે ખાંધ ઉપર રૂમાલ નાખીને છેક છેલા દિવસ સુધી પાવરી દાખલનો પોતાનો અસલ ઠાઠ તેવણે જે મજબુતીથી જાળવી રાખ્યો હતો તેનો દેખાવજ આવા એક માણસને માટે હલકું નહી પણ ઉંચું મત બાંધવાનું કારણ આપનારો હતો. તે દેખાવ એટલુંજ દેખાડતો હતો કે આ માણસમાં પૈસાનો પવન નહી હતો યા મોટાઇની મગરૂરી નહી હતી. એક ખરો સમજુ માણસ જેમ મોટો થાય તેમ નમ્રતામાં વધારે વાંકો વલેછે, તે માવો અને ખમીર આ માણસમા હતું; અને જો દુનિયાંમાં ફતેહ પામવાને કોઇ પણ માણસ લાયક હોય તો પોતાના ધધાને ઉલટથી બાઝી રેહનાર તથા ઇમાનદારીથી ખીલવનાર એવાજ માણસો ફતેહમંદ થઇ શકે.

પણ ઇમાનદારી અને સહાસિકપણું એવા ગુણો એક માણસના ખાનગી છે અને તે તેને પોતાને કામના વધારે છે; માટે જો મી૦ હોરમજજી પાવરીની ફક્ત એ ખાનગીજ ફતેહ થઇ હોત તો તેને માટે અતરે જાહેરમાં ખબર લેવાજોગ ઝાઝું નહી હતું. પણ મરનારની અમે જે નોધ લઇયે છીયે તે તેના જાહેર ગુણોને માટે લઇયે છીયે. મરનાર ઘણા સખી દિલગુરદાના હતા, તે તેવણ પોતાનાં ઘરાકોને ગમે એટલી છુટ મુકવામા પોતે ખોટ ખમીને જેમ ખાનગી રીતે બતાવતા હતા, તેમજ સુરત ખાતે તેવણે બંધાવેલું નસાખાનું વગેરે—કે જે ઉપર એવણને નામની તખતી મારેલીછે—તેવા જાહેર દાખલામાં પણ તેવણે દેખાડયું હતું. ડુંગરવાડીના મુકદમાઓ વેળા તેવણે અથાગ મેહનતજ માત્ર કીધી નહી હતી, પણ પોતાની ગાંઠનો ઘણો ખર્ચ કીધો હતો. એવા એક માણસને ગમે તો પાવરી કેહો યા ગમે તો બાવરચી કેહો—પણ ત્યારે અમે કહીશું કે જે માહું દિલ મોટાઓને

છાજેછે અને તોપણ જે મોટા ગુણો ઘણા મોટાઓ બતાવી શકતા નથી તે મોટાઇ એક પાવરી યા બાવરચીમાં હોય, તે તો વધારે ખુબીવંત છે. બાપીકી દોલતનો વારસો મેળવીને તેમાંથી ખયરાત કરવી—કે જેમણી ઘણા દોલતમંદો કરતા નથી—તેમાં જો વાખવાખી હોય તો એક ગરીબ માણસનું સખી દિલ તેને વધારે શોભા લગાડેછે. બાપીકાં નામની ઉછીકી કીર્તિ ઉપર દમર મારનારાઓ કરતા એક ગરીબ માણસની પોતાની મેળવેલી કીર્તિ વધારે વાખવાખીભરેલી છે. પારસી જેવી એક કોમમાં જેમ સખી માતબરોની જરૂર છે તેમજ આવા આગેવાન ગરીબોની પણ જરૂર છે, અને મરનાર સાદા દિલના "હોરમજ પાવરી" જેવા હિમતવાન, ઉમંગી, સહાસિક અને સાદાં દિલના માણસો જેટલા વધારે હોય તેટલો પારસીઓનો સેતારો બુલંદ થવાની અમે વધારે વકી રાખીશું. એવા ખરા મર્દબચ્ચાઓ ગરીબ વર્ગના ખરા શેઠિયા છે; અને અમે કરેલું એ તોલ કેટલું ખરૂં છે તે મી૦ હોરમજજી પાવરીના રવાનનો છેલો સેજદો કરતી વેળા મળેલી મોટી ઠઠ કહી આપેછે. આવી મોટી મિજલશ કદાચજ જોવામા આવેછે. કેટલીક વાર ખાનદાની માતબરો જેવી મિજલસ મેળવવાથી બેનસીબ રેહછે તેવી મિજલસ આવા એક ગરીબ પારસીબચ્ચાના મરણ વેળા મળેછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૩૦ મી સપટેમબર ૧૮૮૮.]

27th *September* 1888.

HORMASJEE SHAPURJEE PAVRI.—Mr. Hormusjee Shapoorjee Pavri, popularly known amongst the Parsee community as Hormaj Pavri, the master-cook, died last week in Bombay at the age of about 72 years. Deceased was born of poor parents, and served, when a boy, as a cook to the late Mr. Hirjeebhoy Hormusjee Sett on a salary of Rs. 10 per month. By his meekness and industry he soon ingratiated himself into the good graces of his master, who subsequently lent him a helping hand in seeking to obtain contracts for providing dinners to large gatherings of the community on public and festive occasions. Being a resourceful man of great energy and indomitable perseverance he speedily became known as a master-cook in his community, and working on the principle of "small profits and quick returns," he soon amassed a large fortune, which many a man following intellectual pursuits would have felt proud to possess Having had some experience of the pangs of poverty in his early days, he was always kind and charitable to the poor and distressed He could at a moment's notice command the services of some two or three hundred cooks, and could feed on sumptuous dinners from one to five thousand men on wedding or other festive occasions at a comparatively very short notice. He was always ready and willing to assist his co-religionists whenever any question affecting the interests of the community arose. During the share-mania time in 1865 the deceased lost a large portion of his fortune, but he endeavoured later on to retrieve it.

[*Times of India, 3rd October* 1888]

તા૦ ૧૮ મી અકટોબર.

રોજ ૨ માહ ૨ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

રતનબાઈ તથા બાનુબાઈ તે મરહુમ ફરામજી કાવસજી મેહુતાનાં વીધવા તથા બેટી અને અસપંદીઆરજી પેશતનજી ખંબાતા—

એક પારસી કુટુંબની કમકમાટ ભરેલી કાહાણી—આજ ૫ દિવસ થયા અજવાળાં

માં આવેલા એક કમકમાટભરેલા અપરાધથી આખાં શેહરમાં શોહર ઉઠી રહ્યોછે, અને એકજ પારસી કુટુંબની બે બાનુઓ તથા એક બાળક મળી નિર્દોષ ત્રણ જણનાં ઘાતકી ખૂન થવાથી પારસીઓમાં તો પોતાનું અતલગનું કોઇ મરી ગયું હોય તેમ પારસી કુટુંબોને ઘેરેઘેર ઉદાસી ફેલાઇછે. આ ઘોર અપરાધનો કમકમાટભરેલો હેવાલ, જે અમે પાછલા ભાગ ઉપર વિગતથી પ્રગટ કરીયે છીયે, તે વાંચતાંજ ધ્રુજરાં છુટેછે, અને ફક્ત તેની વાત સાંભળીને નબળા બાંધાની અબલાઓ રડવા અથવા બેહોશ થવાના દાખલા બન્યાછે, તો જે બિચારાં આબરૂદાર પણ નાવારસ ભાઇ બેહનો ઉપર આ ગજબ વીત્યોછે, જેઓ બાપ વિનાના તો હતાંજ, પણ આજે મા વિનાના 'આરફન' થઇ પડયાંછે તેમના જીગરમાં ઉઠતી આગનો તો પુરતો ખ્યાલ પણ કરવો મુશ્કેલ છે. બે કુલવાન કન્યાઓ અને બે નવજવાન ભાઇ-ઓ આ ખૂન કરીને પોતાને માથેથી માતાનું શીરછત્ર ખોહી બેઠાછે, એટલુંજ નાહી પણ તેજ વખતે તેઓ પોતાના માલ મીલકત જે કાંઇ હતું તે સઘળું ખોહીને ગરીબ અને લાચારી હાલતે આવી પડયાંછે. કાકે આ કુટુંબમાં ખૂન અને ચોરી બેહુ સાથે થયાં-છે—ચોરીને માટેજ ખૂન થયાંછે—અને ઘેરમાંથી જે ભાઇ બેહનો બાહાર ગયલાં હતા તે સિવાએ ઘેરમાં જેઓ હતાં તેઓ સઘળા જેમ જીવથી ગયાંછે, તેમજ ઘેરમાં જે કાઇ હતું તે સઘળું લુટીને ખૂની લુટારાઓ સાફ કરી ગયાછે. તેઓ કીમતી દાગીના અને ઘરેણા લઇ ગયાછે, કીમતી પોશાકો લઇ ગયાછે, એટલુંજ નહી પણ કુટુંબના સાધા-રણ પેહરવાનાં કપડાં વટીક લઇ ગયાછે અને બિચારા ભાઇ બેહનોનાં આંગ ઉપર જે કપડાં પેહરેલાં હતાં તેજ માત્ર રહ્યાંછે. કબાટ, પેટી અને બીજો સામાન ભાંગીને સઘળો ચુરો કરી નાખ્યોછે—કબાટ, પેટી, ખાનાં સઘળાં ખાલી પડયાંછે—અને લુટારાઓ એટલે સુધી લુટ ચલાવી ગયાછે કે જે ઘેર સહવારે વરતીથી વાજતું અને રાચરચીલાંથી રચેલું હતું તે ઘેરમાં સાંજે એક બોલતો આવાજ રહ્યો નથી એટલુંજ નહી પણ કેટલા વાગ્યા તે બતાવવાને એક ઘડિયાલ વટીક ત્યાં નથી. જે નાશ અને પાયમાલીનો દેખાવ આ લુટારાઓ પોતાની પાછળ નાખી ગયાછે તે ઉપર નજર પડતાં આપણી વેહતી આંખ્યોને લાગેછે કે તે ચંડાલોને પોતાની પાપી ઇચ્છાઓ પુરી પાડવા માટે આ ઘેરમાંથી એટલીબધી લુટ મળીછે, કે તેઓ જો ત્રણ કીમતી જીવોને જીવતા રાખી ગયા હોત તો તેમની એ સઘલી લુટ છતાં તેઓ દયાલુ કેહવાત. પણ તેઓની નીચ નજરમાં જાન અને માલ એકસરખાં નિર્દયપણાને લાયકનો જણાયોછે, અને એ કરપાણ કસાઇઓ એવી નાતરસ રીતે ખુહારી કરી ગયાછે કે સારાં ભાગ્યે આ કમનસીબ કુટુંબ ઘણા માતબર અને વગવશીલાવાળા સગાંવ્હાલાંઓ સાથ સંબંધ રાખતું જો નહી હોત તો તેમને માટે તેજ દાહડે ફંડ કરવાની જરૂર પડત. આ બચી ગયલા ભાઇ બેહનોના સ્નેહીઓ તેમના તરફની ફરજ બજાવવામાં પછાત પડશે નહી એવો અમોને પકો ભરૂસો છે, તેથીજ અમે તેઓ વિષે વધારે લખતા નથી; પણ તેઓને ખાતરી આપવાની જરૂર નથી કે તેમના ઉપર આવી પડેલાં દુખમાં આખી પ્રજા ભાગ લેયછે, અને આ આફ-તથી તેઓએ જે નહી ખમાય એવું ખમ્યું-છે તે કરતાં વધારે તેમને હવે પછી ખમવું નહી પડે એવું જોવાને પારસીઓ સઘળા તત્પર છે.

મરનાર મી૦ ફરાંમજી કાવસજી મેહતા કે જેઓનાં બુજર્ગ વિધવા, જુવાન બેટી અને દીકરીનો કોમલ દીકરો આ ખુનીઓને હાથે ઠાર થયાછે, તેવણને પિછાણ સાથ સંભાર-વાને અમારા ઘણા પારસી વાંચનારાઓ હજી શક્તિવાન હશે. તેવણ ઘણાં વર્ષ સુધી મુંબઇની ટંકસાલમાં બુલિયન કીપર હતા અને મુંબઇના એક જાણીતા શેહરી હતા, તેવણ અંગબળના એક અછા ખેલાડી હતા,

અને મેદાન માહેલી કશરતશાળાના અખાડા અને મેળાવડાઓમાં તેવણની આગેવાની વુર્ત જણાઇ આવતી હતી, કે જે ખાતાં સાથ તેઓ લાંબો વખત જોડાયલા હતા. જે કુટુંબ આજે આ ગીરદેશીમાં આવી પડયુછે તે કુટુંબે તે આગલા વખતમાં જાહોજલાલીનો વખત જોયો હતો, અને મા૦ ફરામજી દુલ્લા, મોજીલા તથા રંગીલા એક ગૃહસ્થ હોવાથી ફ્રીમેસનોમાં અને બીજા મંડળોમાં તેવણ ઘણા પજોટાયલા હતા. તેવણ એક લશકરી વાલનટીયર હતા અને તેવણના કુટુંબ પાસેથી તેવણનું નામ કોરેલું જે રૂપાંનું કપ લુટાઇ ગયુછે, તે જો અમે ભૂલતા નહી હોય તો, તેમના ભાઇ-બંધ વાલનટીઅરો તરફથી તેવણને યાદદારત-ની ઇધાણી દાખલ ભેટ મળ્યું હતું અને તેવણના કુટુંબે એ કપ એક બાપીકા વારસા જેટલું કીમતી ગણીને જાળવી રાખ્યું હતું. એ કુટુંબ આજે દાદરનાં જે નાના બંગ-લામા માહેતમમાં ગીરફતાર થયુછે ત્યાં પોતાનો ગરીબ સંસાર આબરૂથી ગુજારતું હતું, અને તેમની વધારે પીછાણ જોઇતી હોય તો આ છે કે કરેલવાડીની સરકારી કન્યાશાળામાં આ કુટુંબની બેહુ વડી બેટી-ઓ આજ ઘણાં વર્ષ થયાં સ્ત્રી શિક્ષકનો અધિકાર ચાલાકી અને ફતેહમંદી સાથ બજાવેછે. તેમના ગરીબ ઘેરમાં જ્યારે આ ખૂનરેજી અને કતલ ચાલી રહી હતી અને જ્યારે તેમની વડી બેહન પોતાના પ્રાણઘાતક લુટારાઓ સામે બાહદુરીથી લડતી હતી— એવું તે બાઇના મરતી વેલાના દેખાવ ઉપર-થી પોલીસ પોતે કેહછે—ત્યારે આ બે બેહનો બાલકીઓને કેળવણી આપવાની પોતાની ફરજમાં રોકાયલી હતી. તેમજ તેમના ભાઇઓ પોતાને ધંધે લાગ્યા હતા. તે સઘલાં ભાઇ બેહનો સાંજે સરેસ્તા પ્રમા-ણેના નફિકરાઇથી પોતાને ઘેર ગયાં ત્યારેજ તેમનાં આ મહા સંકટની તે બિચારાંઓને ખબર થઇ હતી. જે કુમલું બાલક આ કરપીણ પાપીઓનું ભોગ થઇ પડયુછે તે પોતાની સાથે મુવેલી મમાઇને મળવા તેજ દાહડે પોતાના બાપને ઘેરથી આવ્યું હતું— તે જાણે કે મરવાજ આવ્યું હતું અને તેની એ માઠી સુરત આ કરૂણાજણક બીનાથી વધારે દયા ઉશ્કેરેછે કે એ બાળકે તેજ દાહડે સહવારે પોતાની માસીઓ સાથે તેમની નિશાળે જવા માંગ્યું, તેઓએ જ્યારે ના કહી ત્યારે તે બિચારાએ પોતાના મામાઓ સાથ તેમની આફીસમા જવાનો આગ્રહ કરી. પણ જે બુઢી મમાઇ પોતાની આંખ્યોના રતન સરખાં એ વહાલા બકલિયાંને પોતાની સાથે સેવટની લઇ ગઇછે તેવણે પોતાની એ અશમાના નૂરને પોતાની આંખ્યો આગળથી જવા દીધું નહી હતું. જો તે પોતાની મરજી મુઆફક માસી કે મામાઓ સાથ ગયું હોત તો કુટુંબના એ રત્નજોતનો જીવ બચત.

આ એક કુટુંબની કરૂણામય કાહાણીથી લોકોની અને અગત્યકરીને પારસીઓની બહુ દયા ઉશ્કેરાઇછે તેમાં કશી નવાઇ નથી. આ કુટુંબની આબરૂ અને ઓળખ પિછાણથીજ નહી, પણ પારસીઓમાં આવા બનાવો કેવળ નવાઇના હોવાથી વધારે નવાઇ પેદા થઇછે. પારસીઓમાં ખૂન નહી સરખાં છે. દસ વર્ષે એકનીબી રાસ આવતી નહી હશે. ખૂનો ઘણાંખરાં કુટુંબ-કલેશ અથવા હસદ અને વેરભાવથી થાયછે, અને પારસીઓમાં ખૂનના છેલા દાખલા જે જુના થયાછે તે એવીજ કીસમના છે. પણ ચોરીને માટે ખૂન થવાનો દાખલો તો પારસીઓમાં પચાસ વર્ષે આ પેહલોજ બન્યો હોય એવું અમોને ભાસેછે. સને ૧૮૩૮ માં પરેલમાં— જ્યાં હાલ ખૂન થયુંછે તેની નજદીકમાંજ, ત્યાંથી આસરે એક માઇલ દૂર—શેઠ જીજી-ભાઇ દાદાભાઇની વાડીમાં લુટારાઓ ઉતરી પડયા હતા, જેઓએ મેહરવાંનજી નામના ચાકરને મારી નાખ્યો હતો. તે ચાકર ઘણી બાહાદુરીથી લડયો હતો અને શેઠ જીજી-ભાઇએ તેની જીંદગી સુધી પેનશન આપ્યુ

હતું, કારકે તેની ચાલાકી અને તથી, જો અમે ભૂલતા નહી હોય તો, આબરૂદાર કુટુંબ જે તે બંગલામાં તે તે વસ્તું હતું તેમનો બચાવ થયો હતો, તો કે મીo મેહતાના કુટુંબની પેઠે સઘળાં માર્યાં જાત એમ હતું. તે પાંચ વર્ષે ૧૮૪૩ માં ડંકન રોડ ઉપર મજી ધનજીભાઇ પટેલના ઘેરમાં એવીજ એક લુટ પડી હતી, કે જ્યારે લુટારા-તે ઘરમાંના પારસી ચાકરને ફાંસો દઇ તેનાજ સદરા કસ્તી વડે તેને બાંધીને ઓરડામાં બંધ કરી ગયા હતા. કારો-રી જુરીએ પેટ ચીરીને તપાસ કરવાનો સીઓમાં તે પેહલોજ દાખલો હતો. પણ અને ખુનો રાતની વખતે થયાં હતાં, તે વખતની મુંબઇ આજથી જુદીજ તે વખતે સાંજ પછી રસ્તાઓ ઉપર નું સલામતીભરેલું નહી હતું; પણ જે દુકાનદારો આખી રાત દુકાનો ડી રાખેછે, અને ઘેરોમાં વસનારાં ઉઘાડે બારણે ઉંઘી શકેછે. તેવા મતીના વખતમા આ જબ્બુન ખૂન અને થવાથી લોકોને ઘણું લાગેછે. મુંબઇ શેહરમા ધોલે દીસે, ધોરી રસ્તા ળ, આસપાસનાં ઘેરો અને ચાલીઓ બંગલાઓની વચ્ચે, એટલુંજ નહી પોલીસના સ્ટેશનનીબી નજદીક બપોરી તે આ ભયંકાર કતલ અને લુટ ચાલે કદી બનેલો નહી, કદી માન્યામાં આવે એવો બનાવ બન્યોછે. માટે જ્યાંસુધી જબૂન કર્મના ખરા અપરાધીઓ પક-નહી અને ફાંસીને લાકડે લટકશે નહી સુધી પ્રજામાં સલગેલી વાજબી વેરની ગ બુજાશે નહી અને ત્યાંસુધી પ્રજામાં થયલો ગેરસલામતી વિષેનો ગભરાટ શાંત નહી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૧ મી અકટોબર ૧૮૮૮.]

તા૦ ૨૬ મી અકટોબર.

રોજ ૧૦ માહ ૨ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

એ૦ તેહમુલજી નવરોજજી મેહરજી રાણાના—

નવસારી, તા૦ ૩૧ મી અકટોબર ૧૮૮૮.

અતરેની સર કાવસજી જેહાંગીર નવ-સારી જરતોસ્તી મદરેસાનાં લાયકીવાલા જંદ અને ફારસી શીક્ષક એરવદ તેહેમુરસ્પ નવ-રોજજી દસ્તુર મેહરજી રાણાં સુકરવારની રાત્રે સ્વર્ગવાસી થયાછે જેથી આખા નવ-સારીમાં ભારે દીલગીરી ફેલાઇછે. એ મર-નાર એરવદે મુંબઇની નામદાર સર જમ-શેદજી જીજીભાઇ પેહેલા બેરોનેટની યાદગારીને માટે ઉભી કરેલી જરથોસ્તી મદરેસામાં સને ૧૮૭૦ થી તે ૧૮૮૩ સુધી પોતાની કેળ-વણી લીધી હતી જ્યા એવો એક 'સ્કોલર' હતા અને એવોએ જંદ, પેહેલવી, સંસકરત, અને અંગ્રેજી વીગેરેનો અભ્યાસ કરી એ મદરેસામાંથી સરતીફીકેટ મેળવી બહાર પડયા હતા. અતરેની મધરેસામાં એરવદ શેરી-આરજી દાદાભાઇ ભરૂચાવાલી ખાલી પડેલી જગાએ જંદ અને ફારસીનાં શીક્ષકનો હોદ્દો પોતાનાં મરણ તુલીક ઘણીજ મનમાનતી રીતે બજાવેઓ હતો. એઓ અતરેની શેઠ નશર-વાનજી રતનજી તાતાવાલી જંદ મદરેસાના તથા તાતા 'ગયેરલ' સ્કુલના ઉપરી હતા તથા અતરેની પેહેલા દસ્તુર મેહેરજી રાણા લાઇબ્રેરીની કમીતીના એક સભાસદ પણ હતા. એ મરનારની તરફ માનની ઇધાની તરીકે અતરેની મદરેસાના છોકરાઓએ એક દીલાસા પતર એવોના કુટુંબ ઉપર મોકલ્યુંછે અને તે મરનારના નામની યાદગારી માટે એક પ્રાઇઝ ફંડ ઉભું કરવાની હીલચાલ કરેછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૪ થી નવેમબર ૧૮૮૮.]

તા૦ ૩૧ મી અકટોબર.

રોજ ૧૫ માહ ૨ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

બહમનજી દારાબજી દેસાઈ—

નવસારી, તા૦ ૩૧ મી અકટોબર ૧૮૮૮.

અતરેની પારસી અંજુમનના તરફે અકા-બરોમાંના એક બુજરોગ અને લાયકીવાલા

અકાબર દેશાઈજી બમનજી દારાબજી (પોલીઆ) છેલ્લી ૧૫ દીવસની માંદગી ભોગવીને પોતાની ૭૮ વરસની બુજરોગ ઉંમરે આજ સવારે સાડા આઠ કલાકે ગુજરી ગયાછે. તેમની પાયદસત આજ પાછલા પોહોરના તરણ કલાકે કાઢી હતી, જે વખતે તેમની પોલ આગલ પા૰સીઓની એક અસાધારણ મીજલસ થઈ હતી. એ મરહુમ અકાબર અંજુમનમાં આપઅખતયારીથી પોતાના વીચાર આપનારા, ડહાપણથી કામ લેનારા ભલા અને ઘણાજ ભોલા હતા. એમની જગા ઉપર કોણની નેમાનુક થાયછે તે તેમના ઉડમણાની કીરયા વખંત જણાશે. એમના માન માટે અતરેના દેશાઈ સકુલ આજે બંધ કરી હતી.

[જામે જમશેદ, તા૦ ૨ જી નવેમબર ૧૮૮૮.]

તા૦ ૩૧ મી અકટોબર.

રોજ ૧૫ માહ ૨ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

માણેકજી નવરોજજી મીનોચેહર હોમજીના, તેમનાં ધણીઆંની દીનબાઈ અને માતાજી નવાજબાઈ તે આ૦ નવરોજજી દોરાબજી મીનાચેહર હોમજીનાં ધણીઆંની—એક પારસી કુટુંબ ઉપર જેમ ગયે પખવાડિયે એક કસાઈ કરતાં વધારે કૂર હાથની હોનારતથી ગજબ વીત્યોછે, તેમ આ અઠવાડિયાંમાં એક બીજાં ગરીબ પારસી કુટુંબ ઉપર આગની હોનારતે એવુંજ એક ભયંકાર આફત ગુજાર્યુંછે. જેમ દાદર ઉપરની ઘાતકી ખૂનરેજીમાં એક મા, એક બેટી અને એક કુમલાં બાળકના અચબુચ જીવ ગયાછે, તેમ મોદીખાનેની ગયા બુધવારની આગથી એક મા, એક દીકરો અને એક વહુ એમ ત્રણ જીવની એકજ રાતમાં અચાનક ઘાત થઈછે. આ બેહુ ગજબોએ તેમનાંથી ખમનારાઓ તરફ આખી દયાલુ કોમમાં ભારી દયાનો જુસ્સો ઉસકેરી મેલ્યોછે એમ કેહવામાં અમે કશી સહરાગાત કરતા નથી—અગત્ય કરીને છેલ્લું આફત પેહલાંની પછી તુર્ત બનવાથી એમાં બળી મુવેલા વહાલા જીવોના દુઃખથી લોકોના દિલ વધારે ડાજેછે—અને ત્રણ સાજા તાજા તનદોરસ્ત માણસો, એક અકસમાત કે જે આગ દાખલ કાંઈ ભયંકાર રીતે વધી ગયલી નથી તેના આમ ભોગ થઈ પડવાથી તેનો હેવાલ દરએક વાંચનારની દયા ઉસકેરેછે. વધારે નોંધવાજોગ એ છે કે આ ત્રણ જીવ એક પછી એક એકેકને બચાવવા જતાં બાહદુરીથી ગયાછે. પેહલાં દીકરો પોતાની માને બદલે પોતે ઘેરનું કામ કરતાં પોતાની આસપાસ ફરી વળેલાં કેરોસીન તેલનાં બળતાંમાં બળી મુવો, તેને બચાવવા તેની ઘરડી મા દોડી તો તે બિચારી આ ભડકાંની ભભુકને ભોગ થઈ, અને છેલે તે દીકરાની વહુ મદદે દોડી ગઈ તો તેણે પણ આ બળતાં અને ધુંવાના વાદળમાં લપેટાઈ જઈને પોતાનુ બળીદાન આપ્યું. આ કમકમાટભરેલા અકસમાતની વધુ વિગતો અમે આજની અમારી ખબરોના સરેસ્તાના ભાગ ઉપર પ્રગટ કરીયે છીયે. અંહી લોક—લાગણીને વધારે કરૂણામય કરનારૂં જે એકજ પરિણામ તે ઉપર ધ્યાન ખેંચીએ છીયે કે મરનાર જુવાન વર વહુ પોતાની પાછળ માત્ર દસ મહીનાનું એકજ કોમળ બાળક મેળી ગયાંછે, કે જે આ ભયંકાર આફતમાં પોતાની દુધમળ વયથી પોતાનાં મા અને બાપ બેહુના બળી મરવાથી આ દુનિયાંમાં જીંદગી ભોગવવાને અનાથ અને નિરાધાર થઈ પડયુંછે. તેની જતનને માટે તેના જેફ બપાવાની ટુંક જીંદગી માત્ર બાકી રહીછે, અને તેની બપાઈ પણ બળી મરવાથી માત્ર બુઢી મમાઈને આધારે તે પડયુંછે. અને તેઓ બંને વળી ગરીબી હાલતમાં છે.

ગયા બુધવારે સાંજના આશરે સાડાપાંચને શુમારે કોટમાં મોદીખાને આવેલી બુમલાચોરની સાંકડી શેરીમાં આવેલાં આ૦ નવરોજજી દોરાબજી મીનાચેહર હોમજીનાં ઘરમાં એક નાશકારક આગ લાગી હતી અને

તેથી ત્રણ કિમતી જાનોની ખુહારી થઇછે. કેહેછે કે મજકુર આ૦ નવરોજજીનો એક દીકરો માણેકજી જે ચાર્ટર્ડ મર્કન્ટાઇલ બેંકમાં નોકરીએ હતો, તે સાંજે ઘરે આવતાં કેરોસીન તેલનો એક દબો પોતાની સાથે લેતો આવ્યો. અને તે બીજા એક નળવાળા દબામાં ખાલી કરતી વેલા સાંજ પડી ગયલી હોવાથી, સેહેજ અંધારૂં થયું હતું, જેથી મરનારે પોતાના મા નવાજબાઇને એક દીવો સલગાવવાને જણાવ્યું. નવાજબાઇએ દીવો સલગાવ્યાથી, તેની ચીંગારી કેરોસીન તેલના દબામાં પડવાથી, સઘળું તેલ એકદમ ભડકું લેઇ ઉઠયું અને દબો ફુટો. આથી મરનાર માણેકજી તેમજ નવાજબાઇનાં કપડાં સલગી ઉઠયાં અને તેઓની મદદ માટેની ચીચયારી સાંભળી માણેકજીનાં ધણીયાણી દીનબાઇ જેવણ ત્રીજા મજલા ઉપર હતાં, તેવણ બીજે માલે દોડી આવ્યાં અને પોતાના ખાવીંદના કપડાં સળગી ઉઠેલા જોઇ તે બુજાવવા લાગ્યાં, પણ તેટલામાં તેવણનાં પણ કપડાં સળગી ઉઠયા. આ વેળા આગની બુમ પડવા પછી કેટલેક વારે સઘળી તરફના આગના બુંબા દોડી આવ્યા, પણ તે આગમજ જેફ્ નવાજબાઇ તો નાગી હાલતમા નીચે દોડી આવ્યાં અને તેવણના આગ ઉપર પાણી રેડી આડોશીપાડોસીઓએ તુર્ત ચાદર ઓઢાડી દીધી હતી. એટલાંમાં બીજા પારસીઓએ મદદ કરી માણેકજીને નીચે એચી કાહાડયો પણ બીચારી દીનબાઇ તો ઉપરજ રહી ગઇ અને આગના ભડકામાં બળીને મરણ પામી. પોલીસે આવી માણેકજી તથા તેવણના માને ગોકળદાસ હાસ્પીટલમાં મોકલ્યાં, પણ ત્યાં દાખલ થવા પછી માણેકજી આગ લાગવાની હકીકત પોલીસને આપ્યા પછી થોડા વખતમાં મરણ પામ્યો અને નવાજબાઇએ મોડી રાતે પોતાનો પ્રાણ છોડયો હતો. બુંબાઓ આવવા છતાં તેઓને પાણી મળવામાં ઘણો વખત પસાર થઇ ગયો જે અરસામાં આડોસીપાડોસીઓએ તેમજ ભીસ્તીઓએ તે ઉપર પાણી નાખી, તે અરધી હોલવી નાખી હતી. આ વેળા પડોસમાં આવેલી કોટની માણેકજી શેઠની અગ્યારીના મોબેદોએ પાણી રેડવા અને આગ હોલવવામાં બનતી મદદ આપી હતી. એ પછી બુંબાઓને પાણી મલવાથી તેનો પુરતો મારો ચલાવી આગ આડાસાત વાગામાં હોળવી નાખી હતી. આ વેળા લોકોની ગીરદી ઘણી મોટી હતી અને મરનાર દીનબાઇના મા રતનબાઇ તથા બીજાં બૈરીઓએ પોલિસને તેમજ બીજાઓને પોતાની દીકરી દીનબાઇને ઉપરથી લેઇ આવવાને ઘણી કાકલુદી કીધી, પણ તે ઉપર કોઇએ આગની ગડબડમાં ધ્યાન આપ્યું નહી અને શેવટે આગ હોળવાવા પછી દીનબાઇની લાશ જે ઘણી ખરાબ રીતે બળી ગયલી હતી, તેને નિચે લાવવામાં આવી હતી. ત્રણે મરનારોની લાશ ઉપર કારોનર ડાકટર બ્લેનીએ ગયા ગુરૂવારે સહવારના જ્યુરી ભરી એવો અભિપ્રાય આપ્યો કે ત્રણે જણા અકસ્માતથી બળી જવાથી મરણ પામ્યાછે. ત્રણે મરનારોની લાશને તેજ દિવસે સાથે અવલમંજલ પોંહચાડવામાં આવી હતી, જે વેળાનો દેખાવ એક કઠણમાં કઠણ હૈડાના માણસને રડાવે એવો હતો. ત્રણે મરનારોની પાયદરતે પારસીઓની એક સારી સંખ્યા ગઇ હતી. માણેકજીની વય ૨૫ વર્ષની, દીનબાઇની ૨૩ વર્ષની તથા નવાજબાઇની વય ૬૦ વર્ષની હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૪ થી નવેમબર ૧૮૮૮.]

તા૦ ૪ થી નવેમબર.

રોજ ૧૯ માહ ૨ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

દારાશાહ શોરાબજી નરીમાંન—પુણાના "રાયલ ફેમીલી હોટેલ" ના માલેક મી૦ દારાશાહ સોરાબજી નરીમાન ગયા રવીવારે રાતના પુણા ખાતે મરણ પામયા હતા. કેટલાંક વરસની વાત ઉપર મહાબલેશવર ખાતે તેવણે "મહાબલેશવર હોટેલ" ઉઘાડયું હતું. જે બે વરસની વાત ઉપર તેવણે કહાડી નાખ્યું હતું અને જે ઇમારત હાલ આગાખાનના હસતકમાં છે.

[જામે જમશેદ, તા૦ ૭ મી નવેમબર ૧૮૮૮.]

4th November 1888.

DARASHA SORABJEE NARIMAN—We regret to announce the death of Mr. Darashaw Sorabjee Nureeman, this melancholy event having occurred on Sunday night at his residence in main street. The deceased had been suffering from a carbuncle and underwent a painful illness with much patience. He leaves a large number of relations and friends to mourn his loss. His funeral took place yesterday morning and was well attended by his co-religionists from Sir Jamsotjee Jeejeebhoy, Baronet, downwards. Deceased was the first person who started a Hotel on a very large scale in Poona, and thirty years ago, which was styled the "Royal Family Hotel" and which now belongs to the family. It is opposite the Poona Railway Station. He also some years ago started a Hotel at Mahableshwar called "The Mahableshwar Hotel" but owing to his failing health he disposed of the premises about two years ago to His Highness Aga Khan. Since then he led a quiet and retired life, but on Sunday night he succumbed to the malady from which he was suffering.

[*Poona Observer 6th November* 1888.]

તા૦ ૧૨ મી નવેમબર.

રોજ ૨૭ માહ ૨ (શ૦) ૧૨૫૮ યજદેજરદી.

રતનબાઈ તે આ૦ માણેકજી શોરાબજી વજીફદારનાં ધણીઆંની—

નવસારી, તા૦ ૧૫ મી નવેમબર.

અતરેની "બીજી ખુરશી" ના દસતુર દારાબ પહાલનના ખાનદાનવાલા મરહુમ દસતુર રતનજી મનચેરજી કુટારનાં બેટી અને આ૦ માણેકજી સોરાબજી વજીફદારનાં ધણીઆણી બાઇ રતનબાઇ ઉરફે બાઇમાય ગયા સોમવારે ગુજરયાં હતાં. તેમના પીતા તેમજ તેમના ખાવંદના લાગવગ તથા એ મરહુમ બાઇની પોતાની લાયકી માટે તેમની પાય-દસતની મીજલસ બહુ મોટી થઇ હતી. ગઇ કાલની તેમની ઉઠમણાની મીજલસ પણ ઘણીજ અસાધારણ હતી.

[જામે જમશેદ, તા૦ ૧૭ મી નવેમબર ૧૮૮૮.]

તા૦ ૧૫ મી નવેમબર.

રોજ ૩૦ માહ ૨ (શ૦) ૧૨૫૮ યજદેજરદી.

ફરામજી દાદાભાઈ કરાકા—જણાવવાને દલગીરી ઉપજેછે કે આપણા જાણીતા શેહેરી તથા ટાઉન કાઉનસીલના પરમુખ મી૦ ડોસાભાઇ ફરામજીના બુઝરગ પીતાજી મી૦ ફરામજી દાદાભાઇ કરાકા ગયા બરેસપતવારે રાતના ૮૮ વરસની બુઝરગ વયે મરણ પામયા હતા. તેવણના પીતાજી મરહુમ દાદાભાઇ બેહરામજી કરાકા ઇ૦ સ૦ ૧૮૦૫ માં સુરતથી મુંબઇ આવી કસતમખાતાંમાં નોકરીએ રહયા હતા. મરનાર મી૦ ફરામજી પણ પોતાના પીતાજીના વખતમાં પેહેલાં કસતમખાતામાં નોકરીએ રહયા હતા અને તયારબાદ સદર અદાલતમાં વડા કલારક થયા હતા. લાંબી વફાદાર નોકરીનું પેનશન લેઇ એક જમાનો થયા તેવણ રીટાયર થયા હતા અને તદન એકમારગી જીંદગી તેવણ આજ વરસો થયાં ગુજારતા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૭ મી નવેમબર ૧૮૮૮.]

15th November 1883.

FRAMJEE DADABHOY KARAKA—We regret to announce the death of Mr. Framjee Karaka, the father of our well-known citizen, Mr. Dosabhoy Framjee Karaka, C.S.I., which took place yesterday at his residence at Chowpatty. Deceased was about 88 years of age, and was an old Government pensioner, having served in the late Sudder Adawlut for about thirty years. He was a clever scholar of

his day, and retired from active life about a quarter of a century ago. He was a man of amiable disposition, and was quiet and unostentatious. The funeral of the deceased was largely attended by his co-religionists.

[*Times of India, 17th November* 1888]

તા૦ ૧૬ મી નવેમબર.

રોજ ૧ માહ ૩ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

શોરાબજી ખરશેદજી નગરવાલા—

અહમદનગર, તા૦ ૨૪ મી નવેમબર ૧૮૮૮.

આ એક નાહાનું લેકીન પ્રખ્યાત શેહરમાં બીજાં શરવે શેહરો મુજબ જરથોસ્તીઓની એક નાહાની વસ્તી ૧૫૦) માણશની છે. જેઓમાના પ્રખ્યાત દુકાનદાર મીસરસ ખરશેદજી એનડ શનશ અરધી સદી ઉપર અત્રે વસી ફતેહમંદીથી ધંધો કરેછે. જણાવવાને દુખ ઉપજેછે કે એ કુટુંબના એક વડા શેઠ સોહરાબજીનું ઘણુંજ દુખદાયક મરણ અત્રે નીપજીયુંછે. મરનાર બહુ ધ સહનસીલ મીલનસાર પરોપકારી હતા. યુરોપીઅન તથા દેશી આગ્રેવાનાઓ તથા ઓધા ધરાવનાર ગ્રહસ્થો સાથે એવા તો પરોતાઇ ગયા હતા કે તેનાને નહી ઓનખતા એવા થોડાજ લોકો હશે. આમદનગર તથા પુનામા એ શેઠના મરણથી ઘણી દલગીરી ફેલાઇછે. મરણની આગમજ માત્ર ૨) ૪ દીવશ મરનારને પોતાની ખુશીથી પુણેથી આમદનગરમાં એનાના વડા ભાઇ ખાનબાહદુર નસરવાનજી તથા એસકબીલા નજદીક લાવવામાં આવીઆ હતા. મરનારનું ઉઠીઆનું નગર, પુના તથા સુરત વગેરે ગામોમાં કરવામાં આવયું હતું. આમદનગર મધે મરનારના પુંનને માટે ૮૮૦ રૂપીઆની રકમ ભરાઇ હતી, જેમાંની રકમ રૂ૫૦૦ થી આમદનગર મધે એક નાનુ લોક ઉપયોગી કામ કરવામાં ખરચવાનો ઠેરાવ થાયોછે. મરનારને અવલમંજલ પોંચાડવા સારૂ નગરના શરવે જરથોસ્તીઓ, કેટલાક મોટા હોદાવાલા યુરોપીઅનો તથા ઘણાખરા શરવે દેશી શેઠશાહુકારો પાયદસમાં હાજર થયા હતા. નગરના ગરીબ હીંદુ, મુસલમાન, કામાઠી, મારવાડી વગેરે શરવે જીવાતના આસરે ૨ થી ૩૦૦૦ માણસ એ માઠા બનાવમાં પોતાની દીલગીરી બતાવવા શારૂ હાજર થયા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨ જી ડીસેમબર ૧૮૮૮.]

તા૦ ૨૩ મી નવેમબર.

રોજ ૮ માહ ૩ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

મીસ આવાંબાઈ મેહરવાંનજી ભાવનગરી—મીસ આવાંબાઇ મેહરવાનજી ભાવનગરીનાં અકાલ મોતથી પારસી મંડળોમાં એક અચાનક દુઃખ આવી પડયુંછે. માત્ર વીસ વર્ષની એક જુવાન કન્યા લોકોમાં એટલીબધી જાણીતી અને માનીતી થઇ પડે કે જાણેકે પોતાનું એક કુટુંબી મરણ પામ્યું હોય તેવી રીતે ઘણાક કુટુંબો ખેદિત થાય તે હજી તો લગભગ હમણાજ આપણે જાણતાં શિખીયે છીયે અને હજી તો ગોયા તે શોધ થાયછે તેટલાંમાં તે બિચારી જમને ભોગ થઇ આ જીહાનથી ચાલી ગઇછે. પારસીઓના સંસાર મંડળોમા આ જુવાન બાનુ હજી તો ગોયા ગઇ કાલેજ પ્રકાશવા માંડી હતી, અને તે તેની ઉમદા કેળવણી, તેની સુંદર સાદાઇ અને તેના માયાલુ સદગુણોના પ્રતાપ હતા. મરહુમ સર માક્ષવેલ મેલવિલે ટાઉન હાલની જાહેર સભામાં એ નાજુક નાજનીનની કેળવણી અને પરીપૂર્ણતાના વખાણ ગાયાં હતાં તેનો આવાજ હજી તો આપણા કાનમાંથી ખસ્યો નથી. એ મધુરી લાડલીએ રેડીમની હાલના એક મોટા જાહેર કાનસર્ટમાં ઉમદા ઇંગ્રેજી કથન કરેલું તે દેખાવ હજી તો નજરમાંથી ભુલાયો નથી. લેડી રેના મોટા ફેનસી ફેરમાં એ જુવાન કન્યાએ હજારો રૂપીયાનો માલ એક સ્ટાલ પોતાને માથે રાખીને વેચ્યો તે વખતના તેના મિઠાસ અને ઉદ્યોગનાં વખાણ હજી તો બંધ પડયાં નથી. આટલી ટુંક ઉમરમાં બેવાર ઇંગ્લંડની મુસાફરી કરવાથી અને વળી નામદાર મહારાણી-

ની પોતાની મુલાકાતનું માન પામવાથી એ બાઇ ખરેખરી ભાગ્યશાળી ગણાતી હતી—કાંકે એ માન મીસ માણેકજી ખરશેદજી સિવાય મુંબઇની બીજી કોઇ પારસી બલકે દેશી અબલા મેળવવા પામી નથી. મીસ ભાવનગરીને ચાહનારા અને વખાણનારા ખાસ વ આમ શું યુરોપીયનો કે શું દેશીઓ અંહીજ નહી પણ ઇંગ્લંડમાંબી ઘણા હતા, કે જયાંના શાહજાદાઓ અને ઉમરાવો તેમની બાનુઓ અને બેટીઓ સાથે આ એક જુવાન પારસી છોડીને પોતાના બચ્ચાં પેઠે ચાહતા હતા. માટે એ અનેક શુભ પ્રસંગો ઉપરથી તેના ભવિષયના ઉપયોગીપણાને માટે મોટી આશાઓ ઉભી થઇ હતી, કે જે સર્વને ભંગ કરીને સેજ દાહડાની તાવથી તેનુ ચાલી જવું તેના સર્વ ઓળખીતાંઓના દિલને વેહતો જખમ કરવાનું છે. તેઓ સર્વ મરનારના જાણીતા ભાઇ મી૦ મનચેરજી ભાવનગરી સી. આઇ. ઇ. અને તેમના બુજર્ગ માતાજી તથા કુટુંબને ઉપજેલા આ ઉંડા ગમમાં કેવો ભાગ લેયછે તે કેહવાની જરૂર નથી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૫ મી નવેમબર ૧૮૮૮.]

23*rd November* 1888.

Miss Avabai Merwanjee Bhownuggree.—We regret to announce the death of Miss Merwanjee Bhownuggree, sister of our well-known citizen, Mr. M M. Bhownuggree, C.I.E., which took place yesterday at the latter's residence, at Warden Road, Breach Candy Deceased had been suffering from fever for the last fortnight, and notwithstanding the best medical aid procured, succumbed to the malady at about noon at the age of nineteen years. Miss Bhownuggree was one of the few Parsee girls who have received a high class liberal education. She was educated in England, where she had been for about four years in company with her brother, who had been then studying for the Bar, and who subsequently went there for the Jubilee as the representative of his Highness the Thakore Saheb of Bhownugger At the time when her Majesty the Queen-Empress conferred the title of C. I E. on Mr. Bhownuggree, she was also pleased to grant a short interview to the deceased, during which her Majesty expressed herself much pleased with the intelligent conversation the deceased was able to carry on in English The high intelligence and scholarly abilities of Miss Bhownuggree were also testified to by the late Sir Maxwell Melvill at a public meeting held under the presidency of the Governor of Bombay, when he informed his audience that he was glad to learn that a highly educated and accomplished lady like Miss Bhownuggree intended to proceed again to England to qualify herself as a medical practitioner for the purpose of affording relief to the poor sick women of this country, and thus assist the cause of Lady Reay's Medical Women's Fund. About three years ago Miss Bhownuggree went to England with her brother for the second time for the purpose of prosecuting her study in medicine, but as suitable arrangement could not be made, she abandoned the idea and returned to Bombay, and made further progress in English and French literature. On her arrival here she devoted herself to the study of English music, drawing, and painting under European instruction, and acquired considerable knowledge in the various arts. By her high in-

telligence, amiability of disposition and pleasing manner, the deceased had made numerous friends in England, where she moved in the best society. Her circle of acquaintance in Bombay was very wide, and her untimely death will be deeply deplored by her European and native friends. Much sympathy is evinced for Mr. Bownuggree, who has lost in the deceased his only sister.

[*Times of India, 24th November* 1888]

તા૦ ૫ મી ડીસેમબર.

રોજ ૨૦ માહ ૩ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

એ૦ લીમજીભાઈ ભીખાજી—અંકલેશ્વર તાલુકાનુ ગામ હલાવમા મોબેદ લીમજીભાઇ ભીખાજી પોતાની વૃદ્ધ ઉમરે આ ફાની દુનીયામાંથી પોતાનો મુકામ ઉઠાવી ૭૨ વરસની ઉમરે જીન્નત મુકામ આખરનો કીધો એ જાણી એમના દોસ્ત આસણાઓ તથા એમના અતલ્લગના જેશીઓ ખરી દીલગીરીમાં આવ્યા લેકીન પોતાના બાળગોપાળને સહીસલામત મુકી જે જીન્નત મુકામ કીધો તે આ જમાનામાં ભાગ્યશાળી કહેવાય એ મરનાર જાતે ઘણા મીલનસાર અને દયાળુ સ્વભાવના હતા. તેમ કોઇ ગરીબ યા તવંગગનું કામ બજાવી આપવાને જાતે ઘણા ખંતી હતા. એજ માફક એઓનો અસલથી સ્વભાવ હતો તેમ ભરૂચમાં શુરતવાળા દાવર મોદીજી સાહેબનું જમીનો વિગેરેનું કામકાજ પોતાની દીલસોજીથી છેલ્લી ઘડી સુધી દુરનો સગપણનો હક ગણી બજાવતા હતા તેમ મોદીજી શાહેબનો પણ એ મરનાર ઉપર પુરતો ભરોંસો હતો. હવે એજ મુજબ એ મરનારને કદમેકદમ એઓના પુત્ર મિ. જીવણજી શેઠ દરેક વખતે ગરીબ અને તવંગરને એકસરખા ગણી બુજરગોનું નામ કાયમ રાખવાને બનતી મદદ કરતા રહેસે અને વળી આજ કાલ તો ગોદારા પંથકમાંથી ખરેખર જો જોઇએ તો જમણો હાથ ટુંકો થયો. તેમ એજ મુજબની બનતી મદદ ભરૂચના પંથકને આપતા હતા. પણ આશા છે કે ભાઇ જીવણજી એઓનાજ પગલે ગરીબોના હકના શંભાળને જોઇતી મદદ હર વખત આપશે એ મરનાર પોતે પોતાની ગરીબી હાલતમાંથી પોતાના કદેજ દુનીયામાં તથા પોતાના શહકુટુંબમાં પ્રસિદ્ધ થયા એ ગ્રહસ્થની લાયકી જેવી જોઇએ તેવી હતી. તેથી એઓના મરણની ક્રીયાના ઉઠયાના ભરૂચમાં ત્રણ થયાં તેમાં દાવર મોદીજી ખા૦ બા૦ બહમનજી એદલજી હજુર ડેપ્યુટી કલેકટર શાહેબ તથા એરવદ બેરામજી કેકોબાદજી તથા ડાકટર. પીરોજશાહ દીનશાહજી કોપરનાં એઓએ અત્રે ઉઠયાનાની ક્રીયા કીધી. તેમ હલાવ, મુંબઇ, શુરત ને ઇછાપોર વિગેર ગોદારા પંથકના ગામોમાં કીધી એવા લોકપ્રિય પણ ભાગ્યેજ થશે.

[દિનમણિ, ભરૂચનુ—તા૦ ૧૮ મી ડીસેમબર ૧૮૮૮.]

8th December 1888.

AVABAI, MOTHER OF MANECKJEE PESTONJEE OF RAJCOT—Bai Avanbai the mother of the late Agency Head Accountant Mr. Maneckji Pestonji died last night at the age of about seventy years. The deceased lady was suffering from bronchitis for some time past. She leaves behind her a son and two daughters The old lady was much respected, and her death is much regretted among the Parsi community of this place.

Kathiawar Times, 9th December 1888.

તા૦ ૯ મી ડીસેમબર.

રોજ ૨૪ માહ ૪ (ક૦) ૧૨૫૮ યજદેજરદી.

કાવશજી હોરમજજી ગાંધીભાઈ—ગાયન સંબંધી છીટ પારસીઓમાંથી હમણા ઓછી થતા છતાં ઘણી રહીછે, તો આગલા વખતમાં જયારે એ છીટ ઘણી મજબુત હતી

ત્યારે એ ખોટા વેહમની સામે થનાર અને ગાયનના ખુદાઇ હુનરને તેના લાયક દરજ્જા ઉપર સ્થાપવા માટે પોતાનો જાતી દાખલો આપનાર એક બુજર્ગ ગૃહસ્થનું ગયા રવિવારે મરણ નિપજ્યુ છે, તેમની એ ખોલમાં અમે નોધ નહી લઇયે તો અમારી ફરજ નહી બજાવેલી કેહવાય. એ ગૃહસ્થ પારસીઓમાં જુના અને જાણીતા શેહરી શેઠ કાવસજી હોરમજજી ગાન્ધીભાઇ છે. એઓ પોતે આગલા વખત પ્રમાણે રાગરાગણીનું ગ્નાન અને તેથી વધારે શોખ ધરાવતા હતા, અને નિર્લજ રાડોના અનીતિવાન નાચના કરતાં આબરૂદાર કુટુંબોને ગાયનનો હુનર ખરેખર છાજેછે એવો ખ્યાલ ફેલાવવામાં ખરી ખંતથી મદદ આપનાર એઓ હતા. ગાયન ઉત્તેજક મ ડળી પેહલી સ્થાપવામા એઓ આગેવાન હતા અને જ્યારે એ ખાતું ગાયન સંબંધી સારો દેખાવ આપવાને શક્તિવાન હતું ત્યારે તેમાં ગાયનો ગાઇને તેવણે ગૃહસ્થ ગાનારાઓને બાહાર પાડવામા મદદ આપી હતી. તેજ વખતે એવણ ઉમરની બુજર્ગીએ પોંહચેલા હતા, અને મ ડલીના જુવાનિયા ગાનારાઓ વચે આ એક બાલ પાકેલા બુજર્ગ માણસનો દેખાવજ તેમને માટે માનભરેલો હતો. પણ એ સઘળું એમના છુટા અને સુધરેલા વિચારોનું પરિણામ હતું, અને ગાયનનાજ નહી પણ પારસીઓના બીજા સઘળા સંસારી સુધારામાં આજ પચાસ વર્ષ થયાં મરહુમ નવરોજજી ફરદુનજી અને બીજા આગલા જુવાનિયાઓ સાથ એ મરનારની સામેલગીરી હતી. રાહનુમાય સભાના એઓ શરૂઆતથીજ એક કારોબારી હતા, અને ધર્મ સંબંધી તથા બીજી આગલી સભાઓમાં એવણ ભાગ લેતા હતા. તે વેળા મુલ્લાંફિરોઝ મદરેસામાં પુરાતન પાદશાહ જોહાકની બાંધ ઉપર અઝદા ખરેખરા હતા કે અલંકારરૂપી હતા તે વિષે ચાલેલી એક જોસભરી જીકરમાં એઓએ ચાલાકીથી ચલાવેલી એક તકરાર અમોને હજી યાદ છે. હિંદુસ્તાનમાં આગળ જ્યારે મુસાફરી સેહલ નહી હતી ત્યારે મરનારે ઘણીક મુસાફરીઓ કીધી હતી. ગાયનના ભારી શોખ છતાં તેઓ ઘણા આબરૂદાર અને સંસારી માણસ હતા તથા ઘણી લાયકી અને મીલણસારપણાથી તેઓ પારસી મંડળોમાં પલોટાઇ ગયલા હતા. એઓએ પોતાની લાંબી જીંદગીને દરમ્યાન દરએક જાણવાજોગ જાહેર બનાવોની તારીખ વાર સીકે નોધ રાખી હતી, કે જે નોધ જાહેરમાં ઉપયોગી થઇ પડે એવી રીતે જાલવી રાખવાની એઓના દીકરાઓની ફરજ છે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી ડીસેમબર ૧૮૮૮.]

તા૦ ૧૦ મી ડીસેમબર.

રોજ ૨૫ માહ ૩ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

એદલજી પેશતનજી તાતા, બી. એ; એલ. એલ. બી.—એક પારસી જવાનનું ખેદકારક મરણ—જણાવવાને બેહદ દલગીરી ઉપજેછે કે મી૦ એદલજી પેસતનજી તાતા, બી. એ. એલ. એલ. બી., નામના સારા, ભવીશના એક ચંચલ જવાન ગરહસથ ૨૪ વરસની ભરજવાન વયે સેહેજ દીવસની માંદગી પછી ગયા સોમવારે મરણ પામયા હતા. મરનાર મી૦ એદલજીએ સને ૧૮૮૫ માં યુનીવરસીટીની બી. એ. ની સેવટની પરીક્ષા પસાર કરી હતી અને ફકત ગયાં અઠવાડયાંમાંજ જાહેર થયલાં યુનીવરસીટીની એલ. એલ. બી. ની છેલ્લી પરીક્ષાના પરીણામમાં પસાર થયલા ૩ ફતેહમંદ પારસી ઉમેદવારોમાં તેવણ એક હતા. મરનાર જવાન ગરહસથ પોતાની એવી મેહેનતનું ફલ ચાખવા પામયા નહી. એ ખેદકારક બનાવમાં વધુ ખેદ એટલાંથી ઉપજેછે કે પોતાના ગરીબ માતપીતાના તેવણ બાકી રહેલા એકલાજ બેટા હતા, જે માબાપની સઘલી ઉમેદને જાલમ મોહોતે રીબાવી ભશટ કરીછે. એ જવાન સોલીસીટરની પરીક્ષામાં હાજર થવા માટે સોલીસીટરોની એક પેહેડીમાં આરટીકલડ થયા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૨ મી ડીસેમબર ૧૮૮૮.]

તા૦ ૧૩ મી ડીસેમ્બર.

રોજ ૨૮ માહ ૩ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

એ૦ ફરદુનજી બરજોરજી વાછા—અતરેની કોટની બાઇ મોતલાંબાઇ જેહાંગીર વાહડયાવાલી દરેમેહરના પંથકી એરવદ ફરદુનજી બરજોરજી વાછા ગઇ કાલે પરોઢયાં અગાઉ ૭૩ વરસની બુઝરગ વયે નજદીક અચ્યુમ્ય મરણ પામયા હતા, જેથી મુંમઇની ભગરસાથની અંજુમનમાં મોટી દલગીરી ફેલાઇછે, કારણકે ભગરીઆઓના લાભ માટે મરનાર મોટી કાલજી ધરાવતા હતા. બુઝરગ એરવદ ફરદુનજી વાછા પારસીઓને લગતી ઘણીક જુની પુરાણી બાબદોથી તથા મોબેદીનાં કીરીયાકામથી પુર માહીતગાર હતા. થોડાંક વરસની વાત ઉપર યુનાઇટેડ સ્ટેટસના આગલા મરહુમ પરેસીડંટ ગરાંટ મુંબઇની મુલાકાતે આવયા હતા તયારે મેસરસ ડોસાભાઇ મેહેરવાનજીની કુ૦ ની આફીસમાં પરેસીડંટ ગરાંટના માનમાં એક નાનો મેલાવડો થયો હતો, જે મેલાવડામાં એરવદ ફરદુનજી વાછા જામા પીછોડીના સફેદ પોશાક સાથ હાજર થતાંજ તેવણનો બુઝરગ દેખાવ જોઇ તેવણ વીશે મરનાર પરેસીડંટે પરપુછ કરી હતી અને જયારે જણાવવામાં આવયું કે પારસીઓના તેવણ એક ધરમગુરૂ છે તયારે પરેસીડંટ ગરાંટે પોતાની બેઠક ઉપરથી ઉઠી તેમને નમન કરી શેકહેંડ કરી પુરતું માન આપયું હતું. આશરે ચાર વરસની વાત ઉપર ભગરીયાઓની મુંબઇની નવી અગીયારી માટે નવસારીથી પગ રસતે જે આતાત લાવવામાં આવયો હતો, તે મોબેદો મરનાર એરવદ ફરદુનજીના ઉપરીપણા તલે અહીં આવયા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૫ મી ડીસેમબર ૧૮૮૮.]

તા૦ ૧૬ મી ડીસેમ્બર.

રોજ ૧ માહ ૪ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

હોરમજજી અરદેસર સંતોક—મી૦ હોરમસજી અરદેશર સંતોક જેવણનું દલગીરીભરીયું મરણ જવાન વયે ગયા તરણ અઠવાડયાંની વાત ઉપર નીપજયું હતું તેવણ પોતાની પુંજીમાંથી ૨૩૦૦૦ ની રકમ યુનીવરસીટીને સકાલરશીપ આપવા માટે આપી ગયાછે એમ અમારા સાંભલવામાં આવયુંછે.

[જામે જમશેદ, તા૦ ૯ મી જાનેવારી ૧૮૮૯.]

ઈ૦ સ૦ ૧૮૮૯.

તા૦ ૨૮ મી જાનેવારી.

રોજ ૧૪ માહ ૫ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

ડાકટર પેશતનજી જીવાજી સુરતવાલા—

સુરત, તા૦ ૩૦ મી જાનેવારી.

નાનપરેવાલા જાણીતા ડાકટર પેસતનજી જીવાજી સેહેજ દીવસની માંદગી ભોગવી ગઇ પરમ દીનની પાછલી રાતે પોતાની ૭૨ વરસની વરૂધ ઉમરે અતરે મરણ પામયાછે. અતરે થઇ ગયલા જાણીતા મુગલાઇ ડાકટરોના વરગમાંના મરનાર ગરહસથ પણ એક હતા. વીશેશ વોહરા કુટુંબોમાં મરનાર બહુ પલોટાઇ ગયલા ડાકટર હોવાથી તેઓ તથા મરનારના ઓલખાણવાલાઓમાં સવભાવીક રીતે દલગીરી પેદા થઇછે. મરનાર ડાકટર પેસતનજીનાં માનને અરથે ગઇ કાલે નાનપરા લાઇબરેરી એંડ રીડીંગ રૂમ બંધ રાખવામાં આવયો હતો. મરનાર પોતાની પાછલ સારી હાલતના ૩ છોકરાઓ મેલી ગયાછે નાનપરા ચેરીટેબલ ડીસપેનસરીવાલા ડાકટર જામાસપજી જીવાજી મરનારના ભાઇ થાયછે.

[જામે જમશેદ, તા૦ ૧ લી ફેબરવારી ૧૮૮૯.]

તા૦ ૧૯ મી ફેબરવારી.

રોજ ૬ માહ ૬ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

રતનજી એદલજી પીઠાંવાલા, હાડવઇદ, સુરતના—

સુરત, તા૦ ૨૦ મી ફેબરવારી.

અતરેના વતની અને એક બાહોશ હાડવઇદ મી૦ રતનજી એદલજી પીઠાંવાલા ગઇ

પાછલી રાતે ૬૮ વરસની ઉમરે ફેફસાં ઉપર સોજો ચઢી આવવા વગેરે દરદના ભોગથી મરણ પામયાછે. મરનાર રતનજી અતરે-ની દરેક કોમમાં તેમજ ગાંમડાંઓમાં પોતા-ના હાડવઈદના ધંધાથી જાણીતા થયા હતા. અતરેના કેટલાક મોટા યુરોપયન અમલ-દારોમાં પણ તેવણ પોતાના આ ધંધાને લીધે મહસુર હતા. નયાતજાતના કશા પણ તફાવત વગર મરનાર દરેક કોમમાં હાડ-વઈદનું કામ કશું પણ લવાજમ લીધા વીના એટલુંજ નહી પણ પોતાના ગીરેના પઈસા-થી બનાવેલા લેપ વગેરેથી પોતાની દુકાન તથા ઘરમાં કરતા હતા, જેવણના મરણથી દરેક કોમમાં વાજબીની રાહે દલગીરી પેદા થઈછે. મરનાર શેઠ રતનજી ઇમારતી લાકડાં, સણ, નાલીએર, નીમક વગેરેનો વેપાર મલ-બાર તથા કોરોમાનડલ કોસટો વગેરે તરફ કરતા હતા.

[જામે જમશેદ, તા૦ ૨૨ મી ફેબરવારી ૧૮૮૯.]

તા૦ ૨ જી મારચ.

રોજ ૧૭ માહ ૬ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

મનચેરજી હોરમજજી કાકા, ભરૂચના—ભરૂચના કારટીંગ એજંટ તથા કંટરાકટર મી૦ એદલજી મનચેરજીના પીતા ૯૦ વરસ-ની બુઝરગ વયે ગયા સનીવારે મરણપામયા તેવણના પુન માટે ૩૮૦૦ ની રકમ ધરમ ખાતે આપવામાં આવીછે.

[જામે જમશેદ, તા૦ ૮ મી મારચ ૧૮૮૯.]

તા૦ ૩ જી મારચ.

રોજ ૧૮ માહ ૬ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

ડોશાભાઈ ફરદુનજી મોગલ—જણાવ-વાને દલગીરી ઉપજેછે કે વીકટોરયા નાટક મંડલીના એક માલેક મી૦ ડોસાભાઇ ફરદુ-નજી મોગલ દીલ્લી ખાતે ગયા રવીવારે રાતે ગુજરતાના સમાચાર તારની મારફતે ગઈ કાલે અતરે મલયાછે. વીકટોરયા નાટક મંડલી-વાલાઓ હાલ અમરીતસર ખાતે ખેલો કરેછે અને તયાંથી તેઓ દીલ્લી જનાર હોવાથી તેમને માટે નાટક મંડપ બંધાવવા વગેરેની ગોઠવણ કરવાને મરનાર આસરે પંદરએક દહાડા થયા દીલ્લી ગયા હતા. ગઇ ૫રમ દીન સુધી તેવણ તદન સારી હાલતમાં હતા અને એ દીને બપોરે તરણ વાગે મંડપ બાંધવા માટે જોઇતા વધુ મજુરો અમરીતસરથી મંગાવવા માટે તેવણે તયાં પોતાના ભાગયા મી૦ બાલીવાલા ઉપર તાર કીધો હતો. રાતે ૮ વાગે તેવણની તબીયત બગડવા માડી હતી અને ૮॥ વાગા સુધીમાં વધારે બગડ-વાથી તેવણે અમરીતસર તાર કરી તે વીશે જણાવયું હતું તથા કામકાજ તપાસવા માટે કોઇને તયાંથી મોકલવાની ફરમાશ કીધી હતી. ૯॥ વાગા સુધીમાં માંદગી ઘણી વધી પડવાથી ફરીથી અમરીતસર તાર કીધો હતો, અને ૧૧ વાગામાં તો તેવણ મરણ પામયા હતા. ગલાંની નલી સુઝીને બંધ થઇ જવાનાં દરદથી તેવણનું મરણ નીપજયું હતુ. તેવણ-ના ભાગયા મી૦ બાલીવાલા ગઇ કાલે સવારે દીલ્લી જવા અમરીતસરથી નીકલયા હતા અને આજે સવારે તેવણ તયાં જઇ પુગશે. મરનારની વય ૪૩ વરસની હતી. તેવણ પોતા પાછલ વીધવા અને ૧૫ દીવસની ઉમરનો એક બાલક બેટો મેલી ગયાછે. મરનારની લાસને ગઇ સાંજના ૪ કલાકે દીલ્લીના સુઠી-ભર પારસીઓએ પોતાથી બનતી ઘટતી કીરીયા સાથ ભુમીદા કરી હતી. મરનાર મી૦ ડોસાભાઇ એક આબરૂદાર પણ ગરીબ મોબેદ-ના ફરજંદ હતા, પોતાની જવાની બહુ ગરીબ હાલતમાં ગુજારી હતી, પણ ગાયનના શોખથી તથા સુંદર હલકથી નાટકમાં જોડાઇ વીકટોરીયા નાટક મંડલીના ભાગયા થઇ એ આબરૂદાર કંપની સાથ દુનયાના જુદા જુદા ભાગોમાં ફરી હજારોની દોલત મેલવી તે ખોઈબી હતી, પણ પોતાની સાલેસાઇ તથા નરમાશપણું અને દયાલુ લાગણી જાલવી રાખી પોતાના ભાઇબંધ એકટરોનાં મોટાં મંડલની સારી પરીત મેલવી હતી. સુધાં દુઃખો આગલ પોતાના વહાલા કુટુંબ તથા

દોસતઆસનાવોથી તદન દુરદરાજ અંજાણ્યા મુલક અને તદન અંજાણ્યા લોકોમાં મરવાનું દુઃખ વધારે ગમખાર લાગેછે.

[જામે જમશેદ, તા૦ ૫ મી મારચ ૧૮૮૯.]

તા૦ ૧૭ મી મારચ.

રોજ ૨ માહ ૭ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

દીનશાહજી રૂસતમજી દલાલ, ભરૂચના—ભરૂચના દલાલ ખાનદાનવાલા મી૦ દીનશાહજી રૂસતમજી દલાલ કોલેરાના દુષ્ટ રોગના ફકત છ કલાક ભોગ થઇને ગયા રવીવારે ૪૯ વરસની ઉમરે ભરૂચ શેહેરમાં મરણ પામયા હતા અને તેવણ લાયકીવાલા તથા મલતાવડા ખવાસના હોવાથી તેમનાં મરણને લીધે તયાં મોટી દલગીરી ફેલાઇ હતી.

[જામે જમશેદ, તા૦ ૨૨ મી મારચ ૧૮૮૯.]

તા૦ ૧૯ મી મારચ.

રોજ ૪ માહ ૭ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

દાદાભાઈ દોરાબજી પાંડીઆ, સુરતના—એક અઠંગ તરનાર અને જાતજાતના પાણી (નદી, તલાવ) માં અંગબળની કસરત કરનાર જાણીતા મી૦ દાદાભાઇ દોરાબજી પાંડીયા પોતાની આશરે ૩૫ વરસની ભરજુવાન ઉમરે આજ બપોર પછી ઉમરે જવાના રસતા તરફ પોતાના હાથ બાંધી એક ઝાડ સાથે ગલામાં ફાંસી ખાઇ આપઘાત કરી દલગીરી ભરેલી રીતે મરણ પાંમયાછે. મરનાર સુરત ડીસ્ત્રીકટના ચોરાશી તાલુકાના વેસુ ગામના વતની અને સુરત સીટી મયુનીસીપાલીટીમાં રૂ૩૦ ને દરમાયે બુંબાખાતાંના એક ઇનસપેકટર હતા. રેલ અને મુખય અતરે લાગતી આગો વેલા મરનાર પોતાનો જાન જોખમમાં નાંખી જે દલેરીથી આગ ઓલવવામાં જબરી મેહેનત કરતા હતા તે સેવા કદી ભુલી નહી શકાય તેવી હતી. મરનારનાં કવખતનાં આવાં દુઃખદાયક રીતે થયલાં મરણથી ઘણાઓમાં વાજબીની રાહે દલગીરી ફેલાઇછે.

[જામે જમશેદ, તા૦ ૨૧ મી મારચ ૧૮૮૯.]

તા૦ ૯ થી આપરેલ.

રોજ ૨૨ માહ ૭ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

દોરાબજી હોરમજજી બંગાલી—

સીકંદરાબાદ, તા૦ ૮ મી એપરેલ. અતરેના આજ ૨૧ વરસ થયાં આવી વસેલા મી૦ દોરાબજી હોરમસજી બંગાલી ગઇ પરમ દીને અતરે હક થયાછે. એ મરનાર ગરહસથે દુનયાની ઘણી લીલી સુકીનો અનુભવ મેલવેલો હોવાથી તેમજ ૭૦ વરસની લાંબી જીંદગી ગુજારવાથી ઘણી અજમાયશવાલા તથા ડાહપણભરેલા વીચારના હતા. પરથમ એઓ મુંબઇમાં વસતા હતા અને વેલાત ખાતે મી૦ દોરાબજી હોરમસજી બગાલીને નામે એક ફરમ ઉઘાડી હીંદુસતાનનું ઘણીક જાતનું કરીઆણું તયાં નીકાશ કરતા હતા અને તેમાં પુરા માહીતગાર હોવાથી લખો રૂપયાની તેમાં હાંસલ મેલવી હતી. મજગામ, ભાયખલા વગેરે જગા ઉપર ઘણાક બંગલા તથા મકાનોના મરનાર માલેક હતા. વલી કલકતા ખાતે પણ પોતાની આડત રાખી હતી અને સારી કોશેશથી વેપારમાં મન લગાડવાને લીધે પુશકલ નાણું સંપાદન કરેલું હતું. પણ ઘણાકોની પાયામાલી કરનાર નાશકારક શેર બજારે એ ગરહસથનો પુરોજ દાટ વાલયો અને સઘલું નાણું તેમાં ફના થવાથી લાચારે પોતાનાં કુટુંબ સહીત અતરેના મોટા અકાબર મરહુમ શેઠ બાપુજી વીકાજીને તયાં આવી ઉતરયા; કારણકે એ બંને ગરહસથોને સારો એખલાસ હતો અને તયાં એક બે માસ ગુજારી સીકંદરાબાદમાં એક નાની જેવી દુકાન ઉઘાડી તેમાં તરેહવાર જાતની ચટની, અથાર વગેરે બનાવી તે રોજગાર ઉપર પોતાનો નીરવાહ ચાલુ કરયો. તયારપછી પોતાના બેટાઓની ખાહેશથી કોમ્બીલડરનું એક કારખાનું ઉઘાડયું જેમાં સારી આમદરફત થવા લાગી અને તે હમણા સુધી ચાલુ છે.

[જામે જમશેદ, તા૦ ૧૧ મી આપરેલ ૧૮૮૯.]

તા૦ ૧ લી મેએ.

રોજ ૧૭ માહ ૮ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

ફરાંમજી ફકીરજી તંબોળી, નવસારી-વાળા—

નવસારી, તા૦ ૪ થી મેએ ૧૮૮૯.

મલેસર ફળીઆમાં રહેનાર જાણીતા ગ્રહસ્થ મી૦ ફરામજી ફકીરજી તંબોળી ૭૩ વરસની ઉમરે બેહેસ્તનશીન થયાછે, તેમનું ગઇ કાલે ઉઠીઆણું થયું તેમાં રૂપયા સાડી ચારસોને આસરેની રકમ ધરમ ખાતે અપાઇછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૭ મી મેએ ૧૮૮૯.]

તા૦ ૧૦ મી મેએ.

રોજ ૨૬ માહ ૮ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

ખરશેદજી બહમનજી શેઠના—ચીન ખાતે વેપાર કરતી જુજ બાકી રહેલી પારસી વેપારી પેહેડીઓમાંની એક પુરાંની આબરૂ-દાર પેહેડી નામે ખરશેદજી બમનજીની કંપ-નીના એક બુઝરગ માલેક મી૦ ખરશેદજી બમનજી શેઠના થોડાક દીવસની માંદગી ભોગવી ગઇ રાતના ૭૪૬ ઉંમરે મરણ પામયાછે. એ પેહેડી મુંબઇમાં ઉપલે નામે તથા ચીનમાં કાવસજી પાલનજીની કંપનીને નામે લાંબી મુદત થઇ વેપાર ચલાવેછે અને એ પેહેડીની આંત તથા વેપારી મંડલમાં મોટી આબરૂ મરનારની મેહેનત તથા વેપારી શક્તીને કેટલેક દરજજે આભારી છે. મરનાર ડાહપણવાલા તથા દુરઅંદેશ હતા અને ધરમાલુ લાગણીના સુસટ અસલ વીચારના હોવાથી પારસી કોમમાં સારૂં માન ધરાવતા હતા. એ મરનાર પોતાનાં કાકા મરહુમ પેસ્તનજી કાવસજી શેઠના જેવણનો ચીનમાં મોટો વેપાર ચાલતો હતો તેવણ તરફથી છેક ઇ૦ સ૦ ૧૮૩૩ ના સાલમાં ચીન ગયા હતા અને તયાં કેટલાંક વરસ રહયા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૧ મી મેએ ૧૮૮૯.]

10th May 1889.

CURSETJEE BOMANJEE SETHNA—Mr. Cursetjee Bomanjee Sethna ,one of the senior partners in the firm of Messrs. Cursetjee Bomanjee & Co., of Bombay, and Messrs. Cowasjee Pallonjee & Co, of China, died on Friday last at his residence at Chandanwadi. Mr. Cursetjee's firm traded largely at one time in opium, tea, and yarn, on their own account, but latterly they took to agency business. The deceased had been to China as far back as 1833. Several Parsee firms have since failed in China, but the firm in which deceased was a partner still holds its own and is considered to be one of the most prosperous firms going. Deceased was a shrewd and sagacious merchant, and was a highly resp cted member of the community to which he belonged.

[*Times of India*, 13*th May* 1889.]

તા૦ ૨૩ મી મેએ.

રોજ ૯ માહ ૯ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

એદલજી નવરોજજી મેહુતા, ચીન-વાલા—શ્રી ચિન ખાતેની મેશર્સ ઇ. એન. મેહતાની કું૦ વાળા મી૦ એદલજી નવરો-જજી મેહતા ગયા ગુરૂવારે નવસારી ખાતે લકવાના મરજથી મરણ પામ્યાછે. તેઓ ગરીબી હાલતમાંથી પોતાની જાતી મેહનતથી વધીને માતબર થયા હતા. તેઓ આજ ૪૦ વર્ષ ઉપર ચિન ખાતે નોકરીએ જઇ વેપારમાં પડયા અને પોતાની જાતી ચંચલાઇથી આગળ વધીને તેઓએ હાંગકાંગ, કંટાન, એમોય, ફુચાઉ, તથા ટેનસીન વગેરે કોસ્ટાઓ ઉપર પોતાનો વેપાર વધારી દીધો અને તે હજી ચાલેછે. તેમની આંટ સારી હતી. મર-નારે શ્રી બારડોલી ગામમાં રૂ૫૦૦૦ ખર્ચીને એક આતશકદેહ બાંધ્યું હતું, તથા નવસા-

રીમાં પાણી પીવાનાં પર્વ માટે રૂ૧૫૦૦ આપ્યા હતા. નવસારીના મલેસરના બજારમાં હિંદુઓને માટે ગરમીના ચાર માસ તેમને ખર્ચે પાણી પીવાની દર સાલ ગોઠવણ થાય છે. મરનારનાં મોતથી તેમનાં કુટુંબમાં "લગનમાં વઘન"નો બનાવ આબાદ બન્યોછે, ગઇ કાલેજ તેમનાં ફરજંદોની શાદી હતી, પણ મોતથી તે ખુશાલીમાં ભંગ થયોછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૬ મી મેએ ૧૮૮૯.]

તા૦ ૨૭ મી મેએ.

રોજ ૧૩ માહ ૯ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

જીવણબાઈ તે દસ્તુર જામાસપજી મીનોચેહરજી જામાસ્પઆશાનાં ધણીઆંની—દસ્તુર ડાકટર જામાસપજી મીનોચેહરજી જામાસપઆશાનાના ધણીયાંણી બાઇ જીવનબાઇ ગયા સોમવારે મધરાતનાં ૫૪ વરસની ઉમરે મરણ પામવાથી તેવણના કુટુંબમાં મોટી ગમગીની ફેલાઇછે તથા દસ્તુર જામાસપજી તરફ દીલસોજી બતાવવાને જુદે જુદે ઠેકાંણેથી ઘણા સંદેશાઓ આવયાછે. મરનાર અશલી વીચારનાં દયાલુ ખવાશનાં સમજુ બાઇ હતાં અને તેવણની પાયદસતની કીરીયા વખતે ગયા મંગલવારે સવારના જરતોસતીઓની એક મોટી સંખ્યા હાજર થઇ હતી.

[જામે જમશેદ, તા૦ ૩૦ મી મેએ ૧૮૮૯.]

તા૦ ૪ થી જુન.

રોજ ૨૧ માહ ૯ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

દોરાબજી બાલાભાઈ કલીઆંણીવાલા—ગઇ તા૦ ૪ થી ને મંગલવારે રાતના દશ કલાકે અતરેના એકવાર ઘણી જાહોજલાલી તેમજ આબરૂ પામેલા પણ પાછલથી જમાનાની ગીરદેશમાં સપડાયલા મી૦ દોરાબજી બાલાભાઇ (મરહુમ નગરશેઠ નવરોજજી બાલાભાઇના નાઘલા ભાઇ) ૭૨ વરસની વરધ વયે ગુજરયાછે જેમના ઉઠમણાની ક્રીઆમાં શામેલ થવા બહારગામથી તેમજ મુંબઇથી ઘણાક જરતોસતીઓ આવયા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૧ મી જુન ૧૮૮૯.]

તા૦ ૫ મી જુન.

રોજ ૨૨ માહ ૯ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

દસ્તુર ફીરોજજી જામાસપજી જામાસ્પઆશાના—એક દસ્તુરજાદાનાં દલગીરીભરેલાં મરણના શોકમાં પારસીની આખી કોમ દિલસોજીથી ડુબી ગઇછે એમ કેહવું ખોટું નથી. જણાવવાને દુખ ઉપજેછે કે દસ્તુર જામાસ્પજી મીનોચેહરજી જામાસ્પ આસાનાના વડા બેટા એરવદ ફીરોજજી ૩૬ વર્ષની જવાન વયે એકાએક માથે લોહી ચહડવાથી ગયે બુધવારે સહવારે મરણ પામ્યા હતા. મરનાર જવાન દસ્તુરે મેત્રિકયુલેશનની પરિક્ષા પસાર કીધા બાદ કેટલોક વખત સુધી કાલેજમાં તાલીમ લીધી હતી, પણ તેમની તબિયત નહી ચાલવાથી તબીબની સલાહથી આ અભ્યાસ તેઓએ જયારે છોડી દીધો ત્યારે પોતાને ઘર રહીનેજ ખાનગી રીતે એરવદ ફીરોજજીએ ફ્રેંચ, જર્મન, પેહલવી, જદ, ફારસી અને સંસ્કૃત ભાષાની માહિતગારી મેળવવા માંડી હતી અને ફ્રેંચ ભાષા આ રીતે શિખ્યા હતા. તેઓએ હમણાજ ડા૦ એલ. સી. કાસરટેલીના એક કિમતી અવસ્તા ભાષાના અભ્યાસીને ઉપયોગી થઇ પડે એવા મજદયસનાન ફીલસુફી વિશેના ફ્રેંચ ગ્રંથ ઉપરથી ઇંગ્રેજીમાં તરજુમો તૈયાર કીધોછે. મરનાર ગુજરયાની એકજ દિવસ અગાઉ તે પુસતક બંધાઇને એમની આગળ તૈયાર હાલતમાં આવી ગયુંછે. એવો એક સારી આશા આપનારો બેટો બુજર્ગ દસ્તુર જામાસ્પજીના જમણા હાથ જેવો હતો, તે એમનાં ધણીયાણીના ગુજરવા પછી બીજાંજ અઠવાડિયાંમાં અકાળ મોતથી હક થવાથી એ જૈફ દસ્તુરજીને જબરો ઘા લાગોછે, અને તેમનાં એ મોટાં દુખમાં પારસી કોમ ભાગ લેછે. દસ્તુરજી તરફના ચાહ અને મરનાર તરફના માનને ખાતર કોટમાંના પારસી દુકાનવાળાઓએ પોતાની દુકાનો બંધ રાખીને તેમજ દલાલિયાઓએ શેર બજાર બંધ રાખી પોતાની દિલસોજી દેખાડી હતી. મરનાર ફીરોજજી

રાંક સ્વભાવના અને નમ્ર હતા, અને તેમનાં અચિંતાં મરણની ખબર ઘણાઓએ એકાએક માની પણ ન હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૯ મી જુન ૧૮૮૯.]

5*th June* 1889.

DASTOOR FIROZJEE JAMASPJEE JAMASP ASSANA—We regret to announce the death of Mr. Pheroze, eldest son of Dr. Jamaspjee Minocherjee Jamaspasana, M.A., Ph. D, the Dustoor, or High Priest of the Parsees, which took place at his residence in the Fort, at the age of about 36 years. Mr. Pheroze was in good health until Tuesday night last. Yesterday morning, however, he took ill, and died suddenly from heat apoplexy. The news of his death soon spread in the town, a large number of Parsees congregating at his residence to condole with the bereaved father. Deceased had received a high class education at school, and after passing his matriculation prosecuted his studies at the Elphinstone College, where he had earned the good opinions of the teachers and professors. Afer leaving college he took to studying Persian, Pehelvi, Zend, and the French languages, in all of which he was said to have acquired a certain amount of proficiency. Among the Parsees the office of the head priest is more or less of an hereditary character and Mr. Pheroze, therefore, devoted himself to the study of ancient and classical languages by way of qualifying himself for the post. He was courteous and modest to a degree, and was endowed with some of the most admirable qualities of head and heart. Great sympathy is felt among the Parsees for their highly-esteemed and popular high priest, Dr. Jamaspjee. The funeral of the deceased was largely attended by his co-religionists testifying to the respect in which he was held. The Parsee shops and other places of business and the Share Market were closed yesterday in respect to the memory of the deceased.

[*Times of India 6th June* 1889.]

તા૦ ૮ મી જુન.

રોજ ૨૫ માહ ૯ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

બેહરાંમજી મેહરવાંનજી કોટવાલ, કરાંચીના—કરાંચીથી ગઇ કાલે આવેલા તારના સંદેશા મુજબ ત્યાંનાં જાણીતા અને પુરાતન રહીશ મી૦ બેહરાંમજી મેહરવાંનજી કોટવાલ ૮૫ વર્ષની પુખ્ત વયે મરણ પામ્યા છે. એવણના બાવા મરહુમ મેહરવાંનજી રૂસ્તમજી કાંદાવાલા પેહલવેહલા સર જાન માલકમની સાથે તેની નોકરીમાં ઇરાંન ગયા હતા. તે પછી અતરે આવી એડા તથા અમદાવાદ મધે રીજમીટોના મેસ એજંટનું કામ કરતા હતા. મરનાર મી૦ બેહરાંમજી ૧-૩૭ થી અમદાવાદનાં સદર બજારના વડા ચોધરી હતા. તે ઓહદો ૧૧ વર્ષ ભોગવી ૧૮૪૮ માં કરાંચીના કોટવાલ તરીકે નેમાયા હતા, અને ત્યારથી તે અતીયાર સુધી પોતાનું તથા પોતાના કુટુંબનું મથક કરાંચીમાંજ રાખ્યું હતું. ૧૮૪૯ માં એવણે કરાંચીની કાંપમાં એક નશાખાંનું બંધાવ્યું હતું, જે પછવાડેથી ભારે વરસાદમાં પડી ભાગું હતું. ૧૮૬૦ માં એવણે કરાંચીના કોટવાલનો ઓહદો છોડયો. તે વેળાએ ત્યાંના કમાનડીંગ આફીસર મેજર જનરલ કનીંગહામે તા૦ ૨૪ મી અકટોબરે એક જાહેરનામું કાઢી એવણે કરાંચીનાં બજારમાં કરેલા સુધારા તથા વધારા તેમજ એઓએ પોતાનો ઓહદો જે ખંત તથા ચાલાકી સાથ બજાવ્યો તે માટે શાબાશી આપી હતી. વળી એવણનાં પેનશન માટેની

અરજી તે વેળાના કમાનડર ઇન-ચીફ ઉપર મોકલી આપતાં સિંધ વિભાગના કમાનડીંગ આફીસર કરનલ સ્ટુઅરટે એઓની કીમતી નોકરીઓ મુખ્ય કરી બળવાના હીગામમાં સત્તાવાળાઓને સઘળી ખબરો આપવા તથા કરાંચીમાં સમાધાંની જાળવવા માટેની ઘણી તારીફ કરી એમને પુરતો બદલો આપવાની ભલામણ કીધી હતી. મરહુમ મી૦ બેહરાં-મજી લગભગ ૨૦ વર્ષ સુધી કરાંચીના એક મ્યુનીસીપાલ કમિશનર તથા ૧૮૬૫ થી ત્યાંની પારસી ડીસ્ત્રીક્ટ માટ્રીમોનીઅલ કોરટના એક ડેલીગેટ હતા. કરાંચીમાં એઓની ઘણીક મીલકતો છે, તથા પોતે સ્વભાવે ઘણા રાંક અને એકમારગી તથા સખી દીલગુરદાના હતા. માટે તેવણના ગુજરવાથી ત્યાંના પારસીઓને એક ખોટ ગઇછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૯ મી જુન ૧૮૮૯.]

8*th* *June* 1889.

BEHRAMJEE MERWANJEE KOTWAL, OF KARRACHEE—Elsewhere in our local columns of date, we have briefly alluded to the late Mr. Behramji Meherwanji Kotwal, who breathed his last in Karachi on the 8th of June last at an advanced age of 85. The father of the deceased gentleman, whose family was orginally known as that of Kandawala, was the first Zoroastrian Parsi who accompanied Sir John Macolm to Persia. On his return from this, his fatherland, he joined the mess agency work of Kheda and Ahmedabad. His son, Mr. Behramji was subsequently appointed in 1837 the chief *Choudhri* of the Sudder Bazar of Ahmedabad, and continued to serve Government in this capacity for upwards of 11 years, and in 1848 he was appointed *Kotwal* of Karachi. This appointment necessitated his making Karachi the final residence for himself and familv. As a member of the Parsi community, he proved most useful; and in 1849 he built, at his own expense, quarters for the establishment. &c., maintained by Parsis for the carriage of their dead. In 1860 he resigned his appointment of Kotwal, and as a mark of approval of his useful services to Government, the improvements and additions effected by him in the Sudder Bazar as Kotwal and of the perseverance, industry, and energy with which he discharged his duties for 12 years, the Commanding Officer of his time, Major General Cunnynghame, issued a proclamation, thanking this loyal servant of Government in suitable terms. While forwarding his application for a pension to his Commander-in.Chief, Colonel Stuart, who was then the Commanding Officer of the Sind Division, strongly supported the application, and spoke in terms of high appreciation of his services to Government during the mutiny of 1857, when he succeeded in a praise worthy manner in maintaining order and peace; and the Colonel further recommended a very handsome reward being awarded to him for the same, in the shape of a good pension. Mr. Behramji worked for 20 years as Municipal Commissioner, and was also a delegate of the Parsi Matrimonial Court of the District of Karachi. The year before last the deceased gentleman met with rather a serious accident at the Frere Hal bandstand, and ever since the occurrence of it, he was more or less confined to his bed. He leaves behind him a large and a happy

family of several children, grand-children and great grand-children to bemoan the loss of a meek and worthy old father

[*Sind Times*, 12*th June* 1889.]

તા૦ ૧૬ મી જુન.

રોજ ૩ માહ ૧૦ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

લીમજીભાઈ ધનજીભાઈ મુનશી—કલકતાના એક જુના જાણીતા રહેવાસી મી૦ લીમજીભાઇ ધનજીભાઇ મુનશીનાં ગયા રવીવારે કલકતે ખાતે મરણ નીપજ્યાના સમાચાર તારની મારફતે મલયાછે. મરનાર મી૦ લીમજીભાઇ આશરે ૨૬ વરસની વાત ઉપર મરહુમ શેઠ બમનજી ફરામજી કામાની પેહેડીમાં મદદનીશ તરીકે પેહેલાં કલકતે ગયા હતા, જે પેહેડીનું કામ બંધ થવા પછી તેવણે તયાં પોતાને નામે ધંધો કરવા માંડયો હતો. મરનાર મી૦ લીમજીભાઇ મુનશી બહુ મલતાવડા ખવાસના હતા, તયાંના પારસીઓમાં બહુ પલોટાયલા હતા અને પરદેશથી આવતા પારસીઓને ઉપયોગી થઇ પડતા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૮ મી જુન ૧૮૮૯.]

તા૦ ૨ જી જુલાઇ.

રોજ ૧૯ માહ ૧૦ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

ભીખાજી નવરોજજી પાલણજી દલાલ—મી૦ ભીખાજી નવરોજજી પાલનજી જેવણ શેરબજારના એક જાણીતા આગેવાન દલાલ હતા, તેવણના કવખતના ગયા મંગલવારે રાતના નીપજેલાં મરણ માટે તેવણ તરફના માન તરીકે ગઇ કાલે શેરબજાર બંધ રાખવામાં આવયું હતું, ગરીબી હાલતમાંથી મરનાર પોતાની ખંટ અને કુનેહથી વધયા હતા, શેર મેનયાના વખત પછી ઠીક દોલત એકઠી કરી હતી અને પોતાની સુશીલાઇ તથા મલતાવડા દયાલુ ખવાશથી મીતરોનું એક મોટું મંડલ પોતાની આસપાસ એકઠું કરયું હતું, જેઓમાં તેવણના ૫૧ વરસની મધયમ વયના મરણથી બહુ મોટી દલગીરી ઉપજીછે. તેવણે ઇંગલંડની તથા યુરોપના મુખય શેહેરોની થોડાંક વરસની વાત ઉપર મુલાકાત લીધી હતી. તેવણનાં મરણથી શેરબજારે એક આબરૂદાર ઉપયોગી ગોઠયા તથા સલાહકાર ખોહયાછે.

[જામે જમશેદ, તા૦ ૪ થી જુલાઇ ૧૮૮૯.]

તા૦ ૨૦ મી જુલાઇ.

રોજ ૭ માહ ૧૧ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

શોરાબજી કાવશજી તાતા—મી૦ સોરાબજી કાવસજી તાતા જેવણ ૬૨ વરસની વયે ગયા સનીવારે આપણાં શેહેરમાં મરણ પામયા હતા, તેવણના ગઇ કાલે પાછલા પોહોરના થયલાં ઉઠમણાની કીરીયા વખતે ૨૪૭૨૪૦ ની મોટી રકમ તેવણના પુંન માટે ધરમખાતે આપવામાં આવી હતી, જેની વીગત પાંચમા સફા ઉપર જોવામા આવશે. મરનાર મી૦ સોરાબજી ચીન ખાતેનો વેપાર મેસરસ તાતાની કુ૦ ના નામથી ચલાવતા હતા અને ખંત તથા પરમાણીક મેહેનતથી તેમાં સારી આંત રાખી પાંચ પઇસે સુખી થયા હતા. મરનાર નવસારીના એક આગેવાન ગરહસથ તથા ભગરીયાઓના ભલું ચાહનારા હીમાયતી હતા, જેઓમાં મી૦ સોરાબજી તાતાના મરણથી મોટી દલગીરી ફેલાઇછે, કારણકે તેઓને ખરેખર એક મોટી ખોટ ગઇછે. નવસારીમાં મરનારની દીનસોજીના એક કરતાં વધુ સખંમો હયાત છે. પોતાના સાદા, મલતાવડા તથા નરમ ખવાશથી મરનાર મી૦ સોરાબજી કાવસજી તાતાએ પોતાની આસપાસ મીતરોનું એક મોટું મંડલ ભેગું કરયું હતું, જેઓને તેવણની બજારગેટ સ્ટ્રીટમાંની સાદી દુકાન ઉપરની ગેરહાજરી લાંબો વખત યાદ રહેવાની. મરનાર પોતાની પુંજીમાંથી ૩૪૪૪૫૦ ની મોટી રકમ ધરમખાતે આપી ગયાછે, જે

સખાવત અકબર કરી પોતાના સવદેશ નવસારીના અગતના ધરમખાતાંઓ માટે છે, રૂ૩૦૦૦૦ ની ખાશ રાખેલી રકમખી સાંભળવા પરમાણે નવસારીનાજ લાભ માટે જશે અને એ પરમાણે પોતાનાં મરણ વખતેથી તેવણે પોતાની વહાલી જનમભુમી નવસારીને યાદ રાખી તેનાં ભલાંમાં પોતાનો સારો હીસ્સો આપયોછે.

[જામે જમશેદ, તા૰ ૨૭ મી જુલાઇ ૧૮૮૯.]

20*th July* 1889.

Sorabjee Cawasjee Tata—The proverbial love for charitable benefactions amongst the Parsees of Bombay was further exemplified yesterday at the funeral obsequies of Mr. Sorabjee Cowasjee Tata, when the munificent sum of Rs. 44,450 was set apart by the deceased and a further sum of Rs 2,790 was subscribed by the nearest relatives of Mr. Tata Mr. Sorabjee Tata was a China merchant, and traded extensively in opium, cotton, yarn, silks, tea, &c, and was much respected amongst local traders for his straight forward dealings. He died at the age of 62.

[*Bombay Gazette* 23*rd. July* 1889]

તા૰ ૨૨ મી જુલાઇ.

રોજ ૯ માહ ૧૧ (શે૰) ૧૨૫૮ યજદેજરદી.

રતનબાઈ તે દસ્તુર માહ્યીઆરજી કૈકોબાદજી મેહરજીરાંણાનાં વીધવા— અમારો નવસારીનો ખબરપતરી જણાવેછે કે તયાંના વડા દસ્તુર દારાબજી માહીયારજીના માતાજી બાઇ રતનબાઇ ૫૫ વરસની ઉમરે ગયા સોમવારે બપોરના મરણ પામવાથી નવસારીમાં મોટી દલગીરી ફેલાઇછે અને મરનાર તરફના માનને ખાતર તેવણની પાયદસતની કીરીયા વખતે મોટી મીજલસ એકઠી થઇ હતી.

[જામે જમશેદ, તા૰ ૨૪ મી જુલાઇ ૧૮૮૯.]

તા૰ ૨૪ મી જુલાઇ.

રોજ ૧૧ માહ ૧૨ (ક૦) ૧૨૫૮ યજદેજરદી.

દાદાભાઈ શાપુરજી મોદી, દમણવાલા—શેઠ દાદાભાઇ શાપુરજી મોદી જેઓ ગયાં અઠવાડિયાંમાં દમણ ખાતે ૮૫ વર્ષની લાંબી ઉમરે મરણ પામ્યાછે તેવણ ત્યાંના એક આબરૂદાર શેઠિયા અને વરકુંદ ગામના માલેક હતા. તેઓએ પોર્ચુગીઝ સરકારના કેટલાક મોટા ઓધા ભોગવ્યાછે. તેઓનાં ઉઠમણામાં તેમનાં વિધવા બાઇ રતનબાઇએ મરનારને નામે નાની દમણ મધે એક દવાખાનું બંધાવવાનો ઠેખ કરી આપ્યોછે, અને તે માટે ત્યાંની દરેમેહરની પડોસમાં મરનારની કેટલીક ખાલી જમીન છે તે દમણની અંજુમનને સ્વાધિન કરવા કબુલ કીધુંછે.

[રાસ્ત ગોફતાર, તા૰ ૪ થી આગસટ ૧૮૮૯.]

તા૰ ૭ મી આગશટ.

રોજ ૨૫ માહ ૧૧ (શે૰) ૧૨૫૮ યજદેજરદી.

રતનબાઈ તે દાદાભાઈ શોરાબજી જાલનાં માએ—

મહુ, તા૰ ૧૩ મી આગશટ.

ચાલુ અઠવાડયામાં અતરેનાં જાલ ખાનદાનનાં એક બુઢાં બાઇનું ૯૮ વરસની પુખત વયે મરણ નીપજ્યુ છે. ફકત તરણ ચાર વરસો થયાંજ આ બાઇ ચાલુ ઘરગતુ કામકાજ કરવાને અશકત થઇ પડયાં હતાં, અને તે આગમજ તો ખાસો સોયમાં દોરો પોઇ સીવવા સાંધવાનું કામ એક સાધારણ જુવાન માણસ માફક કરી શકતાં હતાં. સને ૧૮૬૩ ના સાલમાં એઓના એક બેટા ૫૫ વરસની વયે મરણ પામયા હતા.

[જામે જમશેદ, તા૰ ૧૬ મી આગશટ ૧૮૮૯.]

તા૰ આગશટ.

રોજ માહ (શે૰) ૧૨૫૮ યજદેજરદી.

રતનજી અરદેશર ખલેરી, ભરૂચના તથા તેમનાં સાસુ રતનબાઈ—એક જવાન પારસીનાં મરણથી તેના સાસુ હેબતીને મરણ

પામવાની ખબર ભરૂચથી મલીછે. તયાંના ૩૧ વરસની ઉમરના એક પારસી જવાન મી૦ રતનજી અરદેશર ડોસાભાઇ ખલેરી જે બરમાહના કમીસરીયેટ ખાતાંમાં રૂ૧૫૦ ના દરમાયાએ નોકરી હતો, તે બેજાંની તાવથી તયાં મરણ પામવાનો તારનો સંધેસો મલતાં તેનાં સાસુ બાઇ રતનબાઇ એકદમ ધાસતી ખાઇને કુટવા પછી તુરત નીચે તુટી પડી મરણ પામયાં હતાં. આ મરનાર બાઇ મુંબઇ બેંકની ભરૂચની શાખાના શરાફ મી૦ દીનશાહ માણેકજીનાં મા થતાં હતાં.

[જામે જમશેદ, તા૦ ૧૩ મી આગસટ ૧૮૮૯.]

તા૦ ૧૩ મી આગશટ.

રોજ ૧ માહ ૧૨ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

ડાકટર નશરવાંનજી મેહુરવાંનજી પારખ—ગઇ કાલે પુણેથી ખબર મલીછે કે ડાકટર નશરવાનજી મેહેરવાનજી પારખ ગળાંનાં દરદથી થોડા દીવસની માંદગી ભોગવી ગઇ સવારનાં ૧૦ કલાકે મરણ પામયા હતા. આ મઝગાવડા ખવાશના જવાન તબીબે મધરાસની યુનીવરસીટીમાંથી બે વરસની વાત ઉપર તબીબી પરીક્ષા પસાર કરી હતી અને તેવણ પુણા ખાતે તબીબનું કામ ચલાવતા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૪ મી આગસટ ૧૮૮૯.]

13*th August* 1889.

Dr. Nasserwanjee Merwanjee Parakh—It is with much regret we have to announce the sudden death of Dr. N. M Parakh, which melancholy occurrence took place yesterday at his residence in Bhowani Peit. On Saturday the deceased attended the funeral ot the late Mr. Duncan, and on the next day, Sunday, whilst on a visit to a friend, conversing on the sad event of the day previous, he was suddenly seized with an attack of lock-jaw. Medical attendance was immediately called in, and he was removed to his house, where everything possible was done for him, but without avail, and a young and promising life passed away to the regret of a large section of the community. Dr. Parakh was practising in Poona, and had won golden opinions, not only for his skill, but for a far higher recommendation, his geniality and gentlemanly qualities. His skill was assured through the successful course he passed through in college; his other qualifications, for success in his profession, those who came in contact with him can bear testimony to. His talents were given freely, if we may use a scriptural phrase "without money and without price' to the poor and needy, of all communities, without distinction. "Those whom the gods love, die early," said an ancient poet, how true the inspiration, sad events, like this certify to. The deceased was in the flower of his age, hale, hearty and robust, and who would have thought, looking at him, in the fine vigour of young life, whilst he followed the body of his friend to its last resting place that, he would have been the next to be called. "In life we are in death', is a saying too truly verified in such cases. Our sympathies are with the members of Dr. Parakh's family, and whilst conveying the same, if they will allow us, we shall add the consolation, than which none can be more comforting "Not lost but gone before."

[*Deccan Herald*, 14*th August* 1889.]

તા૦ ૧૭ મી આગશટ.

રોજ ૫ માહ ૧૨ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

કાવશજી જીવણજી કંત્રાકટર, નીમચવાળા—નીમજથી ગયા સનીવારે અમોને તારના એક સંદેસાની મારફતે ખબર મલીછે કે તયાંના એક જાણીતા પારસી રહેવાસી મી૦ કાવસજી જીવણજી કંટરાકટર તયાં ગયા સનીવારે ૬૯ વરસની ઉમરે મરણ પામયાછે અને તેવણ સારી સખાવતી લાગણીના અને મલતાવડા હોવાથી તયાંના દેશીઓમાં તથા યુરોપીયન અમલદારોમાં મોટી દલગીરી ફેલાઇ હતી. મરનાર મી૦ કાવસજીએ તયાંનાં તોપખાતાંવાલી જુની બરાખ ખરીદી તેમાં ઘટતો ફેરફાર કરી સરવે અસબાબ મેલાવી ધરમનું એક દવાખાનું સથાપયું હતું, જે તયાંના લશકરી વડા કરનલ એનડરસને તા૦ ૨૪ મી મે સને ૧૮૮૮ ને દીને ખુલ્લું મેલવાની કીરીયા કરી હતી.

[જામે જમશેદ, તા૦ ૧૯ મી આગશટ ૧૮૮૯.]

તા૦ મી આગશટ.

રોજ માહ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

દસ્તુર રૂસતમજી કેરશાસપજી મેહરજીરાંણાના—

નવસારી, તા૦ ૨૮ મી આગશટ.

અતરે પેહેલા દસતુર મેહેરજીરાણાના જાણીતા ખાનદાનના એક બુઝરગ દસતુર રૂસતમજી કેરસાસપજી પોતાની ૮૦ વરસની વરઘ ઉમરે ગુજરીયાછે. આ મરહુમ બુઝરગ પોતાની સાલેસાઇ અને એકમારગીપણા માટે અતરે વધારે પરસીધ થયલા હતા. એ મરહુમે કેટલીક વખત નાયબ દસતુરનું કામ કરેલું જણાવવામાં આવેછે.

[જામે જમશેદ, તા૦ ૩૦ મી આગશટ ૧૮૮૯.]

2nd Septmeber 1889.

Shapoorjee Devacha, of Kurrachee—We were sorry to learn of the death from typhoid fever on Monday last, the 2nd instant, of Mr. Sapurji Devacha, a well-known local photographer. The deceased had only started business here about two years ago, and within so short a time managed to secure a large amount of patronage from among all classes of the community. His untimely death is much regretted by his co-religionists, among whom he was deservedly popular.

[*Sind Times, 7th September* 1889.]

તા૦ ૩ જી સપટેમબર.

રોજ ૨૨ માહ ૧૨ (શે૦) ૧૨૫૮ યજદેજરદી.

ડોશાભાઈ ખરશેદજી વાછા—

મુંબઇ, તા૦ ૪-૯-૮૯.

શેઠ ડોશાભાઇ ખરશેદજી વાચ્છા તા૦ ૩ જીની રાત્રે "બ્રાઇટસ ડીસીઝ" ના રોગથી સ્વર્ગવાસી થયાછે. આ ગ્રહસ્થ સુરતના વતનીઓમાં કદાચ જાણીતા નહી હશે, પણ અત્રેના એક જાણીતા ગ્રહસ્થ હતા. આ ગ્રહસ્થ મેશર્સ કેપ કુંપની જયારે લીમીટેડ નહોતી થાઇ ત્યારે તેના એક ભાગીદાર હતા, અને તેથી કેપ કું૦ વાળા શેઠ ડોશાભાઇનાં નામથી ઓળખાયછે. શેઠ ડોશાભાઇ ઘણા પરોપકાર વૃતિના અને માયાલુ સ્વભાવના હતા, અને તેથી તેમની ખાસ નોંધ લઇએ છીયે. મેડિકલ કાલેજના ઘણાખરા વિદ્યાર્થીઓ એ ગ્રહસ્થથી જાણીતા હોવા જોઇએ, કારણકે ગરીબ વિદ્યાર્થીઓ—પછી તે પારસી હો કે ગમે તે કોમનો હો, પણ તેમાં એવણ તફાવત રાખ્યા વગર પોતાની શક્તિ પ્રમાણે મદદ કરતા. એવા એક લાયકીવાળા ગ્રહસ્થનાં મરણથી અત્રેની તમામ કોમમાં ઘણી દલગીરી ફેલાઇછે.

[ગુજરાત મિત્ર, તા૦ ૮ મી સપટેમ્બર ૧૮૮૯.]

5th September 1889.

PESTONJEE BHICKAJEE DUBASH, OF KURRACHEE—It is our painful duty to record the death of one of our oldest citizens Mr. Pestonjee Bhikajee Dubash which melancholy event occurred at 11 A. M day before yesterday The deceased was suffering these many days from fever to which he succumbed. The gentleman leaves a large circle of relations and friends to mourn his loss

[*Sind Times, 7th September* 1889.]

તા૦ ૩ જી અકટોબર.

રોજ ૧૭ માહ ૧ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

કુવરજી કાવશજી હોટલવાલા, માહબલેશરના—ગઇ કાલે સતારાથી તારના સંદેસાની મારફતે અમને ખબર મલીછે કે મહાબલેશવરના જાણીતા જાયુકના રહેવાસી મી૦ કુંવરજી કાવસજી મહાબલેશવરવાલા ગઇ કાલે બપોરના ૧૨।। કલાકે દોઢ માસની લકવાની હેરાનગતી ભોગવી ૪૦ વરસની જવાન વયે મરણ પામયાછે. મહાબલેશવરની મુલાકાત લેનાર દેશી કુટુંબોમાં મરનાર પુરતા જાણીતા થયા હતા અને સઘલી મોસમમાં જણાતા તેવણના મલતાવડા ચેહેરાની ગેરહાજરી મહાબલેશવરના પરોણાઓને કેટલોક વખતવેર લાગવાની.

[જામે જમશેદ, તા૦ ૪ થી અકટોબર ૧૮૮૯.]

3rd October 1889.

COOVERJEE KAWASJEE SHAPURJEE MAHABLESHWARWALLA—We regret to announce the death of Mr. Cooverjee Kawasjee Shapurjee, a well-known merchant and landed proprietor of Satara and Mahableshwur, and the proprietor of the "Fountain Hotel" at the latter place, which took place at Satara on Thursday last at the early age of 40 years. The late Mr. Kawasjee Shapurjee, father of the deceased, had settled several years ago at Satara, and by dint of hard and honest work was able to acquire as a merchant a goodly fortune. He opened a branch of his extensive business at Mahableshwur, where in course of time he was recognized to be the leading native, and was appointed for several years consecutively the chairman of the municipal board. On his demise, Mr. Cooverjee succeeded to his father's fortune and to the proprietorship of the "Fountain Hotel," which is considered to be one of the best establishments of the kind on the hill. The deceased was a man of a genial and kindly disposition, and had made many friends, both European and native

[*Times of India, 5th October* 1889.]

તા૦ ૫ મી અકટોબર.

રોજ ૧૯ માહ ૧ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

ખરશેદજી પાલણજી પાંઉવાલા—અમો જણાવવાને દલગીર છીયે કે ગઇ રાતે આઠ કલાકે જાણીતા મી૦ ખરશેદજી પાલનજી પાંઉવાલા લકવાના મરજથી ગુજરયાછે. મરનાર ઘણા મીલનસાર તથા મલતાવડા સવભાવના હતા. હજી તો તેમના મરહુમ ભાઇ શેરાબજીનાં મરણનો ઘા પાંઉવાલા ખાનદાનમાંથી વીસરાયો નથી, તેટલાં આ લાયકીવાલા ગ્રહસથનાં મરણથી પુશકલ ગમગીની તેમના દોસતઆશનાવોમાં ફેલાઇછે.

[કયસરે હિન્દ, તા૦ ૬ થી અકટોબર ૧૮૮૯.]

શેઠ ખરશેદજી ગરીબોના કદરદાન હતા એ કાંઇ નવી વાત નથી, પણ પોતાના એકમાર્ગી સ્વભાવથી એવણ તથા એવણના બહેસ્તી ભાઇ શેઠ શેરાબજી વગર દમામ કરવે પોતાનું કામ બજાવતા હતા. અમો સાંભળીને ખુશી છીએ કે પાંઉવાલાના

સાહેબોએ ટુક ટુક કરી આસરે રૂપીયા એક લાખની રકમ પારસીઓને લગતાં ધર્મખાતાંઓમાં બક્ષેશ આપીછે. ગરીબીમાંથી પણ ખરી મેહનતે અને રંજથી શેઠ પાલણજી તથા શેઠ કાવશજી ધનજીભાઇ પાંઉવાલાએ પોતાનાં કુટુંબની કીર્તિનો પાયો નાખ્યો હતો, અને પોતાના ખરા પરસેવથી ભેગી કીધેલી દોલતનો વારસો પોતાનાં બચ્ચાંઓને આપી પોતાના સાદા અને ભલા ખવાસની ઉમદા અસર તેઓમાં મુકી ગયા હતા. તેઓ પછી તેમના બેટાઓએ પોતાના વડીલોનું નેકનાંમ પારસી કોમમાં તાજું રાખ્યુંછે, અને ઉમેદ છે કે એ કુટુંબના ઉધરતા જુવાનીઆઓ પણ પોતાના બાપ બપાવાનું નામ એજ રીતે કાયમ રાખશે.

[રાસ્ત ગોફતાર, ત૦ ૨૭ મી અકટોબર ૧૮૮૯]

તા૦ ૧૪ મી અકટોબર.

જાલભાઈ દોરાબજી ઉમરીગર—મુંબઇના પારસીઓમાં પોતાના મલતાવડા ભોલા ખવાશથી પુરતા જાણીતા થયલા બુઝરગ ગરહસથ મી૦ જાલભાઇ દોરાબજી ઉમરીગર કેટલાક માસની નાતવાની ભોગવી ગયા સોમવારે મોડી રાતના ૮૨ વરસની બુઝરગ વયે મરણ પામયા હતા. તેવણુના વડવાઓએ વેપારવનજમાં સારૂં નામ કહાડયું હતું તથા પાંચ પઇસે સુખી થયા હતા. તેવણુના બપાવા મરહુમ ભીમજીભાઇ ધનજીભાઇ ઉમરીગરની પેહેડી ૬૦—૭૦ વરસની વાત ઉપર મશહુર હતી અને મુંબઇ, ચીન, મસકત તથા મલબાર કોસટા ઉપર સારો વેપાર ચલાવતી હતી. "ભીમજી ધનજી" ની પેહેડીને મલબારના એક રાજાએ પોતાનાં એજંટ નેમવાથી મલબાર કોસટા ઉપર એ પેહેડીની આંટ તે વખતે મોટી હતી. મરનાર "ભીમજી ધનજી" એ પોતાના આઠ બેટાઓને વેપારમાંજ નાખયા હતા, કારણકે તેવણ જાણતા હતા કે પોતાના કુટુંબનો "સુકરવાર" વેપારમાંજ થવાનો. આ "ભીમજી ધનજી" બી ૯૨ વરસની બુઝરગ વયે ઇ૦ સ૦ ૧૮૩૮ ના વરસમાં મુંબઇના કોટમાં મરણ પામયા હતા, જયારે પોતાના એ બુઝરગ મુરબી તરફના માનને ખાતર મરનારના ૩ બેટાઓ તથા નબીરા મરહુમ મી૦ જાલભાઇએ મરનારના રવાંનને કોટમાંથી ચોપાટી વેર ખાંધ મારી હતી, એમ "પારસી પ્રકાશમાં" નોધાયલુંછે. સને ૧૮૪૪ ના વરસમાં કેટલાક પારસી વેપારીઓએ વહાંણો તથા ગામથી બારકસોનો વીમો ઉતારવા માટે જે "પારસી ઇનશુરંસ સોસાયટી" સથાપી હતી, તેમાં મરનારે કેટલોક ભાગ લીધો હતો. કેલવણીખાતાંઓ તથા બીજાં ધરમના કામોમાં મરનાર પોતાનો હીસો આપવાને સદા બાહેર પડતા તથા કેટલાંક જાહેર ખાતાંઓના કારોબારમાંબી તેવણે ભાગ લીધો હતો.

[જામે જમશેદ, તા૦ ૧૬ મી અકટોબર ૧૮૮૯.]

તા૦ ૨૦ મી અકટોબર.

રોજ ૪ માહ ૨ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

ડાકટર અરદેસર જમશેદજી ભાજીવાલા—ગરાંટ મેડીકલ કાલેજના ગરાડયુએટના બાકી રહેલા નાના વરગના એક જુના માન પામેલા તબીબ ડાકટર અરદેશર જમશેદજી ભાજીવાલાના મરણની નોધ લેતાં દલગીરી ઉપજેછે. તેવણ કેટલાક વખતની માંદગી ભોગવી ગયા રવીવારે રાતના અસુરેથી મરણ પામયા હતા. તેવણ જયારે ગરાંટ કાલેજમાં અભયાસ કરતા હતા તયારે તબીબીગ્નાન આ દેશમાં થોડુંજ ફેલાયું હતું, એ કાલેજમાં વીદયારથીઓ મેલવવા માટે જવાનયાઓને સમજાવવા વટીક પડતા હતા. મરનાર ડાકટર અરદેશર ભાજીવાલા એ કાલેજમાં સને ૧૮૪૮ ના વરસમાં જોડાઇ સને ૧૮૫૩ માં ગરાડયુએટ થઇ બાહેર પડયા હતા. તેવણ સાથ ફકત બીજા બેજ જવાનો પસાર થયા હતા અને તેઓ સરજયન મેજર રૂસતમજી બેહેરામજી પારખ તથા ડાકટર નશરવાનજી બમનજી દલાલ હતા. છેલ્લા એકમારગી ગરહસથ અથાગ અભયાસ પછી ડાકટર થવા બાદ તેના ફલ

ચાખવાને નશીબવંત નીવડયા નહી અને થોડા વખતમા મરણ પામયા. ગ્નાન પરસારક મંડલી સને ૧૮૪૮ ના વરસમાં સથાપવામાં આવયા પછી મરનારે તેમાં કેટલોક ભાગ લીધો હતો અને તેના સરૂઆતના વરસોમાં ૩ અગતના નીબંધ વાંચયા હતા. ગરાંટ કાલેજ મેડીકલ સોસાયટી જે સને ૧૮૫૧ માં સથાપવામાં આવી હતી, તેમાં મરનારે ઉલટમંદ ભાગ લઇ કેટલાક રસાલા વાંચયા હતા. રાહનુમાય સભાની સરૂઆતની સારી કારકીરદી વખતે તેમાં કેટલો ભાગ લેઇ મુકતાદ ન માંડવાને લગતા સને ૧૮૫૪ ના લખત ઉપર સહી કરી હતી. કોટના ધરમના દવાખાના સાથ મરનારનો આનરરી તબીબ તરીકે કેટલાંક વરસોર સંબધ હતો અને ખીનસવારથની એ સેવા બજાવયા પછી જયારે તેવણ બીજી રોકાણોને લીધે છુટા પડયા તયારે એ ખાતાંના કારોબારીઓએ ઉપકાર માનવાનો એક ઠેડાવ પસાર કરી સોનાનું એક ઘડીયાલ બટતા લેખ સાથ તેવણને એનાયત કરયું હતું. મરનાર પોતાની જવાન વયથીજ એક ચુસટ મેશન હતા, રાઇઝીંગ સટારલાડજમાં સરૂઆતથીજ જોડાયલા હતા અને છેક ૧૮૬૦ ના વરસમાં તેના "વરસીપફુલ માસતર" નું માન મેલવયું હતું. મુંબઇની કેટલીક જોઇંટ સટાક કંપનીઓના કારોબારમાં મરનાર ભાગ લેતા હતા અને પોતાના મલતાવડા રમુજી ખવાશથી મીતરોનું એક મોટું મંડલ પોતાની આસપાસ એકઠું કરયું હતું, જેઓમાં તેવણના મરણથી મોટી દલગીરી ઉપજીછે.

[જામે જમશેદ, તા૦ ૨૨ મી અકટોબર ૧૮૮૯.]

એક જુના પારસી તબીબનું મરણ— જણાવવાને ખેદ ઉપજેછે કે અતરેના એક જુના પારસી તબીબ તથા ગ્રાંટ મેડિકલ કાલેજમાંથી પેહેલવેહેલા પસાર થઇ બાહેર પડેલા તબીબોમાંના એક ડાકટર અરદેસર જમશેદજી ભાજીવાળા ૬૩ વર્ષની વયે થોડા વખત માંદગી ભોગવી ગયા રવિવારે સાંજે સ્વર્ગવાસી થયાછે. એ મરહુમ તબીબ શરૂઆતમાં પોતાના ધંધામાં ઘણા ફતેહમંદ નિવડયા હતા અને તેઓએ કોટનાં ધર્મનાં દવાખાનાનું કેટલોક વખત સુધી તબીબપણું ચલાવ્યું હતું. વળી મરનારે સર જમશેદજી હાસ્પીટલના મદદનિશ સરજયન દાખલ પાંચ વર્ષ સુધી પુરતી બાહોશીથી કામ ચલાવ્યું હતું અને બે વર્ષ સુધી સર કાવસજી જાંહગીરવાળી આંખની હાસ્પીટલના તબીબ દાખલ કામ ચલાવ્યું હતું. કોટના ધર્મના દવાખાનાના તબીબ દાખલ મરનારે કેટલોક વખત સુધી એક અર્ધીની પણ હાંસલ વિના કામ ચલાવ્યું હતું અને તેથી એ દવાખાનાની કારોબાર કમિટીએ તેઓને પોતાનો દવાખાના સાથનો સંબંધ છોડતી વેળા તેઓની કિમતી શેવાની યાદગારીમાં એક કિમતી સોનાનું ઘડિયાળ ભેટ આપ્યું હતું. વળી ઘણાક ગરીબોને મરનાર મુફતની દવા તથા સલાહ આપતા હતા. મરનાર કેટલાક જાઇંટ સ્ટાક કંપનીઓ સાથે પણ સબંધ ધરાવતા હતા અને આલબર્ટ પ્રેસ કંપનીના ડાયરેકટરોની બોર્ડના પ્રમુખ હતા. તેઓ વળી અફીમના એક સારા પરીક્ષક ગણાતા હતા અને વારેવાર એ બાબતમાં અફીમના વેપારીઓ મરનારની મદદ લેતા હતા. તેઓ એક જુનામાં જુના ફ્રીમેશન હતા અને તેઓના ખેદયુકત મૃત્યુથી તેઓનાં બોહોળાં મિત્રમંડળમાં દિલગીરી ફેલાઇછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૦ મી અકટોબર ૧૮૮૯.]

20th October 1889.

DR. ARDASIR JAMSETJEE BHAJIWALLA.—We regret to record the death of Dr. Ardasir Jamsetjee Bhajiwalla, who died on Sunday night at his residence in Police Court Lane in the Fort. He was one of the second batch of Graduates of Grant Medical College, whose skill enabled them to counteract the

baneful influences of ignorant vaiyads and hakims After getting his diploma, Dr. Ardasir was attached for five years to the Jamsetjee Hospital, and for about two years to the Sir Cowasjee Jehangir Ophthalmic Hospital, and gained the good opinion of the Professors under whom he worked. He succeeded the late Dr. Burjorjee Dorabjee in medical charge of the Fort Gratuitous Dispensary, the committee of which, on his severing his connection with the institution, presented him with a valuable gold watch in recognition of his services Dr. Ardasir, throughout the course of his long professional career, showed himself to be a true Freemason and the friend of the poor, and gave free advice and medicine to the really deserving poor. He was chairman of the board of directors of the Albert Press Company

[*Bombay Gazette*, 22*nd October* 1889]

તા૦ ૨૮ મી અકટોબર.

રોજ ૧૨ માહ ૨ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

ફરામજી એદલજી લાએર—

સુરત, તા૦ ૩૦ મી અકટોબર.

અતરેના વતની શેઠ ફરામજી એદલજી લાયર મુંબઈ ખાતે મરણ પામયા તેઓએ પોતાની હઈયાતીમા ગોપીપરાના પારસીઓને લગતાં ધરમનાં કામમાં આશરે બેથી ત્રણ હજાર રૂપીઆની સખાવત કરેલી, તે ઉપરથી મરનારનું ગઈ પરમ દીને ઉઠમણું કરયું હતું.

[મુંબઈ સમાચાર, તા૦ ૧ લી નવેમબર ૧૮૮૯.]

તા૦ ૧૧ મી નવેમબર.

રોજ ૨૬ માહ ૨ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

જમશેદજી પેશતનજી ભમરડા, બરમાવાળા—બરમામાં બાસીન ખાતેથી એક પારસી અમને લખી જણાવેછે કે એ શેહેરમાં જમશેદજી પેસતનજી ભમરડા તથા પનીરવાળા નામે એક જઈફ પારસી ગઈ તા૦ ૧૧ મી નવેમ્બરને દિને શુમારે ૮૪ વર્ષની વયે મરણ પામ્યોછે. અમારો ખબરનવેશ લખેછે કે "બરમા બાસીન ખાતે ઉપલું મરણ થયુંછે તે તમો સાહેબની જાણમાં એટલા માટે લાવુંછું કે મરનારનાં કોઈ ખેશકુટંબી હમારી જાણમાં નથી અગર કોઈ તેનું ખેશકુટંબી હોય તો તમારાં રાસ્ત ગોફતારની મારફતે તેઓના જાણયામાં આવે, વાસ્તે તમો સાહેબને તસદી આપીછે. મરનાર બરમા બાસીનનો ઘણો પુરાણો રેહવાશી હતો અને તે મરનારને બરમીસ ઓરતને પેટની એક છોકરી છે."

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૪ મી નવેમબર ૧૮૮૯.]

તા૦ ૨ જી ડીસેમબર.

રોજ ૧૭ માહ ૩ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

પીરોજશાહ રૂસતમજી દલાલ, ભરૂચના—ભરૂચના જાણીતા આગેવાન રહેવાસી મી૦ પીરોજશાહ રૂસતમજી દલાલનાં ૫૨) વરસની ઉમરે ગયા મંગલવારે પરોઢયામાં ભરૂચ ખાતે મરણ નીપજવાની નોંધ લેતાં અમને ખેદ ઉપજેછે. તેવણ પેટના દરદથી ૧ અઠવાડયાની સખત માંદગી ભોગવી મરણ પામયાછે. માંદગી સનીવારે વધતાંજ મુંબઈથી ડાકટરો ભાલચંદર તથા કેખશરૂ બાહદુરજીને બોલાવવામાં આવયા હતા, પણ કુદરતના હુકમ આગલ તબીબી કલા લાઈલાજ હતી. તેવણ તયાના આગેવાન શેહેરી હતા, દરેક જાહેર કામમાં ભાગ લેતા હતા તથા તયાંની પારસી પંચાયતના એક ટરસટી હતા. તેવણનાં મરણથી આખા શેહેરમાં મોટી દલગીરી ફેલાઈ હતી, જે તેવણની લાસને અવલમંજલ પહોંચાડવાની કીરીયા વખતે થયલી મોટી મીજનસ તથા પરકોમવાલાઓની મોટી સંખયાથી જણાઈ આવી હતી. આખાં શેહેરમાં એ દીને કામકાજ બંધ પાડવામાં આવયું હતું અને સઘલા પારસી

તથા હીંદુ દુકાનદારોએ પોતાની દુકાનો બંધ રાખી હતી. તેવણ મેસરસ ગરીવસ કાટનવાલી આલફરેડ તથા આલબરટ મીલોના ડાયરેકટર હોવાથી એ મીલો બંધ હતી તથા હાઇ સકુલ અને સમ્રલી શાલાઓ પણ એ દીને બંધ રાખવામાં આવી હતી.

[જામે જમશેદ, તા૦ ૬ થી ડીસેમબર ૧૮૮૯.]

2nd December 1889.

PHIROZSHA RUSTOMJEE DALAL—We regret to hear of the death of Mr. Perosha Rustonjee Dalal of Broach. Mr. Dalal was a generally useful citizen, who will be long missed in town.

Indian Spectator, 8th December 1889

તા૦ ૭ મી ડીસેમબર.

રોજ ૨૨ માહ ૩ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

શેરાબજી હોરમજજી ભાકડાંવાલા, ભરૂચના—ગયાં અઠવાડયાંમાં દલાલ ખાનદાનનાં નામીરા શેઠ પીરોજશા રૂશતમજી દલાલના અકાલ મોતથી ભરૂચની પ્રજાએ એક ઝલકટો તારો ખોયોછે અને તે માહાતમાં ગીરફતાર થયેલી પ્રજા ઉપર ગયે શનીવારે એટલે તા૦ ૭ મીની શવારે સખાવતે મશહુર શેઠ શેરાબજી હોરમજી વખારીઆનાં દુઃખદાયક મરણથી એક ભારે ગજબ ગુજર્યોછે. એઓની ખબર પડતાં સરવે પારશીઓએ પોતાની દુકાનો, લાતીઓ, વગેરે ધંધોવેપાર બંધ કરીને દીવશે હડતાળ પાડી હતી. શેઠ શેરાબજી આજ એક પખવાડયું થયાં ગુરદાના મરજથી પીડાતા હતા અને તેમાં વધારો થવાથી સુરતનાં સીવીલ સરજયન દાકટર નરીમાનજીને અને મુંબઇવાશી દાકટર ભાળચંદર અને દાકટર બહાદુરજીને સલાહ માટે બોલાવવામાં આવયા હતા. પણ પરમેશ્વરે યારી ન કીધી અને આખરે સખીવજુદ શેઠ શેરાબજી ગયે શનીવારે સવારે ૬૨ વરશની વયે આ ફાંની દુન્યા ત્યાગ કરી ગયાછે. ભરૂચમાં શેઠ શેરાબજીની સખાવતથી પારશી કોમ મગરૂરી લેતી હતી. શેઠ શેરાબજીનો મીલનસાર અને પરોપકારી સવભાવ હતો એટલુંજ નહી પણ સખાવતે મશહુર નર ભરૂચમાં એઓ એકલાજ હતા. શેઠ શેરાબજીની જાહેરાત સખાવતો જાણીતી છે. પણ એઓ સખી શેઠની છુપી સખાવતો એટલીબધી એઓના મોત પછી જાણમાં આવીછે કે જેનો કોઇને ખયાલ પણ ન હશે. શેઠ શેરાબજી દર વરશે લાચાર હમજાતીઓ તેમજ પરજાતીવાલાઓ, જેઓ દુનયા ફેરાથી ઘણી લાચારી ભોગવેછે, તેઓને ઘેર ઘેર ફસલના દાણા એટલે તેઓના કુટુંબને એક વરસ પહોંચે એટલા અનાજ તથા તેટલા રૂપયા હર વરશે આપતા અને એ પ્રમાણે તેઓ હજારો રૂપયાની સખાવત દર વરશે કરતા હતા. પણ તેમાં વધારે ખુબી તેઓની એજ હતી કે એ બાબે આજ દીન સુધી કોઇને ખબર પડવા દીધી નથી. તેમજ તેવી સખાવત કરવામાં પોતાનું નામ જાહેરમાં આપવાને કોઇ જાણીતાઓને મનાઇ કરતા હતા. એવી છુપી હજારો રૂપયાની સખાવતો શેઠ શેરાબજી નાતજાતનાં તફાવત વિના દરેક જાતમાં કરતા હતા, તેનો આજે એકંદર આંકડો લેવા જઇએ તો અતી મોહતો થાયછે. વલી તેઓની જાહેર સખાવત પણ ઘણીજ વખાણવાલાયક હતી. આશરે પચીશ હજાર રૂપયા ખરચીને પોતાના મરહુમ ભાઇ જમશેદજીને નામે હાનનો જમશેદ બાગ તથા તેને લગતી અગયારી મરનારે બાંધી આપી જાહેરમાં સોંપીછે. પરદેશીઓ ભરૂચમાં આવતા તયારે તેઓના ઉતારા માટે એક મકાનની ઘણીજ જરૂર હતી. અને તે જરૂર શેઠ શેરાબજીએ એક કુસાદે મકાન, તેમાંના શ્રેષઠ સામાન સરસામન સાથે પુરો પાડી ભરૂચની પારસી કોમને આભારી કીધીછે. તે સાથે સુરતમાં લાગેલી છેલ્લી ભયંકર આગ વેલા શેઠ શેરાબજીએ રૂ.૮૦૦ ની નાદર રકમ એક પત્ર

મારફતે તયાંના કલેકટરને મોકલી આપી ભરૂચને આશકારા કીધું હતું. એ રીતે એવોની જાહેર સખાવતો પણ હજારોની છે. પણ તે કરતાં વધુ સખાવત તેઓની છુપી હતી. આજે કેટલાકો પોતાના નામને ખાતર સખાવતો કરેછે. પણ તેથી ઉલટુંજ શેઠ શોરાબજીએ દરેક લાચારોને ઘેર તેઓના કુટુંબના પોષણ માટે હર વરસ અનાજ તથા જોઇતી રકમો મુંગેમોહોડે પુરી પાડી તથા તેઓના બાળબચાંઓને નિશાળે મોકલી તેઓની ફી આપી ભણાવી તેઓની જે દુવા તેઓએ લીધીછે તે કંઇ થોડી તારીફલાયક નથી. જાહેર સખાવતો કરતાં શેઠ શોરાબજીની એવી છુપી સખાવતો ઘણીજ છે અને તેની કેટલીબની નોંધો આજે અમારી પાસે મોજુદ છે, પણ મરનાર તે સખાવતો જાહેરમાં મેલવા માટે પોતાની નાખુશી સાથે અણગમો દેખાડતા હતા તો તેઓની તેવી તારીફલાયક સખાવતો માટે એટલુંજ ટુંકામાં કેહેવું બસ છે કે તે સામટા લેતાં ભારી રકમ થવા જાયછે. અને તેવા એક સખાવત મશહુર નરનાં દુઃખદાયક મરણથી ભરૂચની પ્રજાને મોટી ખોટ ગઇછે. અને તેઓની જગયા ભરૂચમાં હમેશ માટે ખાલી છે એમ કેહેવામાં જરાએ ખોટું નથી. શેઠ શોરાબજીના એકપુરા પુત્ર શેઠ મનચેરશાજીને પરમેશ્વર તેવી નેક બુધી આપે અને તેવાં સખાવતનાં કામો કરે અને પોતાના સખાવતે મશહુર પીતાનું નામ જાળવી રાખવાની તે રેહેમી કીરતાર તેઓને બુધિ આપે એવી આપણે દુવા ચાહીશું.

આગલા અઠવાડયાંમાં એટલે તા૦ ૨ જી ની રાતરે બે વાગે એક શેહેરમા હાકેમલેખે ગણાતા નર શેઠ પીરોજશાજી રૂશતમજી દલાલનાં મરણથી અને ગઇ તા૦ ૭ મીએ સવારે સખાવતે મશહુર શેઠ શોરાબજી હોરમશજી વખારીઆનાં મરણથી ભરૂચની પ્રજાએ એક અઠવાડયામાં બે નરો ખોયાછે. અને પારશી કોમે પોતાનો ખરો સણગાર ખોયોછે. અને તેઓ બંનેની જગા હમેશ માટે ખાલી છે. અને એ બંને શેઠોના મોતથી ભરૂચની પ્રજાને તેમજ મુખ્ય કરી પારશી કોમને એક કારી ઘા લાગોછે અને તે રૂઝાવો મુશકેલ છે.

[ભરૂચ મિત્ર, તા૦ ૧૧ મી ડીસેમબર ૧૮૮૯.]

તા૦ ૧૦ મી ડીસેમબર.

રોજ ૨૫ માહ ૩ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

આવાંબાઈ તે ડોશાભાઈ મેહરવાંનજી વાડીઆનાં વીધવા—મરનાર મી૦ અરદેશર ફરામજી વહાડીયા જેવણ ચાલુ સદીની શરૂઆતમાં મુંબઇના એક આગેવાન વેપારી હતા, તેવણનાં વડાં બેટી બાઇ આવાંબાઇ તે મરહુમ મી૦ ડાસાભાઇ મેહેરવાનજી વહાડયાના વીધવા ૮૧ વરસના બુઝરગ વયે ગયા મંગલવારે રાતના મુંબઇમાં મરણ પામયાછે. મરનાર બાઇ ચુસ્ટ ધરમાતુ લાગણીના હતાં, પણ વધારે જાણવાજોગ એ છે કે તેવણને ફારશી ભાશાનું સારૂં ગ્નાન હતું, જે તેવણના જમાનામાં અસાધારણ કેલવણી ગણાય. કહેછે કે તેવણ એ ગ્નાનને લીધે સારાં ફારશી પુશતકો વાંચવાનો શોખ ધરાવતાં હતાં અને ફારશીમાં સેહેલાઇથી અચ્છી રીતે વાત કરી શકતાં હતાં. મરનારના પતી મી૦ ડાસાભાઇ મેહેરવાનજીની વેપારી કુનેહની તારીફ થતી હતી અને તેવણના નામની પેહેડીનો અમેરીકા સાથ મોટો વેપાર હતો. મરનાર બાઇ આવાંબાઇ પોતા પાછલ બેટાબેટીઓ તથા નબીરાઓ વગેરે ૬૪ બાલગોપાલનું કુટુંબ મેલી ગયલાં કહેવાયછે.

[જામે જમશેદ, તા૦ ૧૪ મી ડીસેમબર ૧૮૮૯.]

10*th December* 1889.

Avaboy, widow of Dossabhoy Merwanjee Wadia.—Bai Amabai, the eldest daughter of Mr. Ardeshir Framjee Wadia and relic of the late Dosabhoy Merwanjee Wadia, whose death we recorded in our columns a few days back, is said to have been

one of the first Parsee ladies who had ever taken an interest in, and acquired a thorough knowledge of, the Persian language Born in 1809 she was in the eighty-first year of her age, and was noted for religiousness and charitableness to the poor and distressed

[*Times of India*, 13*th December* 1889]

તા૦ ૧૧ મી ડીસેમબર.

રોજ ૨૬ માહ ૪ (ક૦) ૧૨૫૯ યજદેજરદી.

ફરામજી માણેકજી માસટર—દેશી છાપા સાથે અગાઉ અતલગનો સંબધ ધરાવનાર એક બુઝરગ ગરહસથ મી૦ ફરામજી માણેકજી માસતર ગઇ સવારના ૬૪ વરસની ઉમરે મરણ પામયા હતા, જેવણના મરણની નોંધ લેવાને અમો જરૂરનું ધારયે છીયે. મી૦ બહમનજી પટેલવાલા "પારસી પરકાશ" ઉપરથી જણાયછે કે તેવણે સને ૧૮૪૦ માં એલફીનસટન ઇનસટીટયુશનમાથી વેસટ સકાલરની પદવી મેલવી હતી, જે પછી તયાં શીક્ષક તરીકે નેમાયા હતા. સને ૧૮૪૪ મા સુરત ખાતે મરહુમ અરદેશર બાહદુર કોટવાલનો જે મોટો મુકદમો ચાલયો હતો અને જેમાં અહીંયાંના પરખયાત બારીસટર મી૦ હાવરડ મરહુમ અરદેશર કોટવાલનો બચાવ કરવા સુરત ગયા હતા, તેવણ પોતા સાથ દુભાશયા તરીકે મી૦ ફરામજીને લઇ ગયા હતા. સટુડટસ લીટરરી એંડ સાયનટીફીક સોસાયટીની સને ૧૮૪૮ મા સ્થાપણા પછી તેમાં તેવણે કેટલોક સારો ઉલટમદ ભાગ લઇ કેટલાક ઉપયોગી વીશયો જોતીશ, નાટક, ગાયન વગેરે બાબદો ઉપર વાંચયા હતા. સર જમશેદજી બેનીવોલંટ ઇનસટીટયુશનની સને ૧૮૪૯ માં સથાપણાથી તેવણ તેના પેહેલા મદદનીશ શીક્ષક હતા, જે ઓધો નજદીક ૮ વરસ તેવણે ચલાવયો હતો. સને ૧૮૫૬ માં અતરે તે વખતે નીકલતાં દરરોજના "સમાચાર દરપણ" પતરના અધીપતી થયા હતા, જે અગાઉ તેવણ કેટલોક વખતવેર "અખબારે સોદાગર" ના પણ અધીપતી હતા. ૧૮૫૭ ના બલવા વખતે "મુંબઇ ગેઝટ" માં દેશી છાપાની વરતણુક ઉપર સખત ગેરવાજબી ટીકા થવાથી, તા૦ ૨૨ મી જુનના અંકમાં મરનારે "સમાચાર દરપણ" ના અધીપતી તરીકે એક પતર લખી એ ટીકા તદન ખોટા પાડી જણાવયું હતું કે "દરેક પારસી પોતાનાં રાજની આંગે વખતે કાંઇબી સેવા કરવાને બહાર પડવા તઇયાર છે." એજ હીંગામમાં ગવરનર જનરલ લારડ કેનીંગની રાજનીતી દેશી પતરોએ વખાણી તેવણને માનપતર આપવાની ભલામણ કરી હતી, જે ડાકટર બયુસટને ન ભાવવાથી તેણે પોતાના "બોંબે ટાઇમસ" ના તા૦ ૩ જી ડીસેમબર ૧૮૫૭ ના અંકમાં સઘલાં ગુજરાતી પતરોને ફીતુરી, બેવફા અને ખુની બલવાખોરો તરફ દીલસોજી બતાવનારાં તદન ખોટી રીતે જણાવવાથી મરનાર મી૦ ફરામજીએ "સમાચાર દરપણ" ના અધીપતી તરીકે તથા બીજા સઘના ગુજરાતી અધીપતીઓએ પોતાની સહી સુધાં તુરતજ એક પતર ડાકટર બયુસટ ઉપર લખી એ ખોટાં તોહોમતો માટે પોતાનો ધીકાર બતાવી તે પાછાં ખેંચી લેવાને યા દાખલા આપી પુરવાર કરવાને માગણી કરી હતી. સને ૧૮૫૫ ના વરસમાં સર જમશેદજી ઇનસટીટયુશનના શીક્ષકોએ "પારસી મીતર" નામનું એક અઠવાડીક પતર આ જામે જમશેદ છાપાખાનામાંથી કહાડવા માડયું હતું, જેમાં મી૦ ફરામજીને તવારીખની બાબદો લખનાર નેમયા હતા પણ પાછલથી ૧૮૫૬ તથા ૧૮૫૭ ના વરસોવેર મરનાર એ પતરના એકલા અધીપતી હતા, જે તેવણ પછી પારસી પંચાયતના હાલના સેકરેટરી મી૦ નશરવાનજી બેરામજીના અધીપતીપણા તલે મેલાયું હતું. સને ૧૮૫૮ માં "સમાચાર દરપણ" પતર સાથનો સંબંધ તેમજ સર જમશેદજી સકુલ સાથનો પણ સંબંધ છોડી એક પારસી વેપારી પેહેડીમાં જોડાઇ

તે પેહેડી તરફથી ચીન જઇ અને ૧૮૬૪ માં અહીંયાં પાછા ફરી ખાનગામ ખાતે બેંક ઓવ ઈંડયાની શાખાના એજંટ તરીકે ગયા હતા. શેર મેનયાની ખુમારીનો આ વખત હતો અને તેનું પરીણામ મરનાર પણ સેવી વેપારી જીંદગીને સલામ કરી હાઇ કોરટમાં એક સરટીફાઇડ ટરાંસલેટર તરીકે મરણ તુલીક કામ ચલાવતા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૨ મી ડીસેમબર ૧૮૮૯.]

તા૦ ૧૫ મી ડીસેમબર.

રોજ ૩૦ માહ ૩ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

કાવશજી માણેકજી પટેલ—પુનાની રે મીલના પારસી ઇજનેરને પરાણઘાતક અકશમાત—મી૦ માણેકજી ફરદુનજી પટેલ, તે શેઠ બેહરામજી જીજીભાઇની ગોરગામની એસટેટના માજી મેનેજરના બેટા મી૦ કાવસજી માણેકજી પટેલ, જેવણ પુના ખાતેની મેસરસ પદમજી બીરાદરોવાલી રે પેપર મીલસના ઇજનેર હતા, તેવણ ગઇ કાલે મીલના સાચાકામમાં અકસમાતથી આવી જઇ જલદીથી મરણ પામવાના માઠા સમાચાર પુનેથી ગઇ કાલે તારના સંદેસા મારફતે મલયાછે.

[જામે જમશેદ, તા૦ ૧૬ મી ડીસેમબર ૧૮૮૯.]

15*th* *December* 1889.

Cowasjee Maneckjee Patell.—Fatal Accident at the Reay Paper Mill. We regret to announce the death of Mr. Cowanjee Maneckjee Patel, the Chief Engineer and Millwright of the Mill, which occurred yesterday morning. Mr. Cowasjee, it appears, caught his hand in belt, while doing some work and was dashed to the ground. He received a serious injury over his right eye, which resulted in concussion of the brain, from the effects of which he expired within an hour after the accident. The deceased was a stalwart man of polished manners, gentle disposition and first class Engineer, thoroughly up in his profession, one whose services were highly valued by the Managers of the Mill, Messrs N. Pudumjee & Co., whose great favourite he deservedly was The body was brought yesterday to the residence of Sirdar Khan Bahadoor Pudumjee Pestonjee, whence it will be carried to the Tower of Silence this morning.

[*Deccan Herald*, 16*th* *December* 1889.]

તા૦ ૧૬ મી ડીસેમબર.

રોજ ૧ માહ ૪ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

ખરશેદજી નવરોજજી પાવરી—મુંબઇના જાણીતા સીવીલ એનજીનીયરો તથા આરકીટેકટો મેસરસ પાવરી અને રઘુનાથવાલા મી૦ ખરશેદજી નવરોજજી પાવરીનાં મરણના સમાચાર ગઇ કાલે વલસાડથી તારની મારફતે ફરી વલયાછે. તેવણની તંદરોસતી કેટલુંક થયું લડડતી ચાલતી હતી, જેથી હવાના ફેરફારને અરથે તેવણ વલસાડ ગયા હતા અને ગઇ કાલે તેવણનાં મરણના દલગીરીભરયા સમાચાર અહીયાં ફરી વલયાછે. મરનાર સને ૧૮૭૯ ના વરસમાં આપણી યુનીવરસીટીની એલ. સી. ઇ. યાને ઇજનેરી પરીક્ષામાં પસાર થઇ થોડા વખતમાં એ ધંધો ચલાવવાને બાહેર પડયા હતા અને પોતાની સારી કાબેલીયત, મલતાવડા સવભાવ તથા ઉદયોગથી તેમાં સારા ફતેહમદ થયા હતા. તેવણે એ ધંધામાં સારૂં નામ કહાડયું હતું. તેવણ આપણી જનાવરો ઉપર થતું ઘાતકીપણું અટકાવનારી મંડલીનાં કામમાં સારી દીલસોજી બતાવી તેના આનરરી આરકીટેકટ હતા. તેવણ નવસારીના વતણી હતા અને પોતાના સવદેશ તરફ બહુ સારો ભાવ રાખતા હતા. તયાંના ગરીબ જરતોસતી છોકરાઓમાંથી થોડાકોને મરનારને

ખરચે આજવેર કેલવણી મલેછે. પોતાના મલતાવડા સભયતાભરયા ખત્રાથથી તેવણે પોતા પાછલ મીતરોનું એક મોટું મંડલ એકઠું કરયું હતું, જેઓમાં મી૦ ખરશેદજી નવરોજજી પાવરીનાં મરણથી મોટા એદ ઉપજવાનો.

[જામે જમશેદ, તા૦ ૧૭ મી ડીસેમબર ૧૮૮૯.]

16*th* *December* 1889.

CURSETJEE NOWROZJEE PAVRI.—We are sorry to learn that Mr. Cursetjee Nowrojee Pavri senior partner in the firm of Messrs. Pavri and Raghunath, engineers and architects, died at Bulsar on Monday last, where he had been for a change of air. Mr. Pavri, who was an inhabitant of Nowsari, became a Licentiate of Civil Engineers of the Bombay University in 1879, and had since been practising as an engineer and architect with great success. Deceased was known for his charity among his co-religionists at Nowsari. Several poor Parsee students had been educated there at his expense. Deceased was a man of genial disposition, and has left a large circle of friends and relations to bemoan his loss.

[*Times of India*, 18*th December* 1889]

તા૦ ૨૯ મી ડીસેમબર.

રોજ ૧૪ માહ ૪ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

ખાંનબાહદુર ખરશેદજી પાલણજી લાલકાકા—૩૫ વર્ષોની લાંબી મુદતની સરકારી નોકરી પછી તેનાં લાયક ઇનામ ઉપર તે છોડવાની છેલ્લી ઘડીએ ઓધાને દરમ્યાન જીવ આપનારા સરકારી નોકરો થોડાજ હશે. એવા એક નોકર શેઠ ખરશેદજી પાહલનજી લાલકાકાનાં મરણની નોધ લેતાં દલગીરી ઉપજેછે. અમારા અમદાવાદના અખબારનવેશે ગઇ વેળા ખબર આપી હતી તે મુજબ મી૦ લાલકાકાને ગુજરાત વિભાગની ટપાળ આફિસોના સુપરિન્ટેંડેંટ દાખલના પોતાનો અધિકાર બજાવતી વેળા અંક્લેશ્વર ખાતે પેલે ગુરૂવારે ઘોડા ઉપરથી પડી જવાનો અકસ્માત થયો હતો, અને ત્યાંથી અમદાવાદ લાવ્યા પછી તેઓ ગયે રવીવારે મરણ પામ્યા હતા. મી૦ લાલકાકા શરૂઆતમાં માત્ર રૂ૧૦ ની નોકરીએ ટપાળખાતામાં રહ્યા હતા, પણ પોતાના જાતી ઉદ્યોગ અને ખંતથી તેઓ એક સુપરિન્ટેડંટની પદવી અને રૂ૫૦૦ ના પગાર સુધી વધ્યા હતા. તેઓની ખબરદારી અને ચતુરાઇને લીધે તેઓએ ટપાળખાતાંની ઘણી ચોરીઓ પકડી હતી અને ઘણા ગુનેહગારોને સજા કરાવી હતી. તેમની આ સઘળી સેવાઓથી સરકાર અંજાણી ન હતી. મુંબઇના જુદા જુદા પોસ્ટ માસ્ટરો તેમજ વડી આફિસના ડરેક્ટર જેનરલોએ મી૦ ખરશેદજી લાલકાકાની આ સઘળી સેવાઓની વખતેવખત નોધ લઇ સરકારને તેથી જાણીતી રાખી હતી અને તે ઉપરથીજ મરનારને પ્રથમ "ખાનસાહેબ" અને ત્યારબાદ "ખાનબહાદુર" ના એતાબો મળ્યા હતા. તેમની આવી તારીફલાયક સેવાઓનું સરકાર તરફથી હજી વધારે ઇનામ મળે તે આગમજ ૫૮ વર્ષની વયે તેમનું અકાળ મરણ નિપજયુંછે. મી૦ લાલકાકા ભલા ખવાસના અને નમ્ર હતા. દશેક વર્ષની વાત ઉપર એક વગર સનદી નોકરને જવળેજ મળે એવો કિમતી અધિકાર તેમને આપવાની માગણી થઇ હતી, પણ ડપ્યુટી પોસ્ટ માસ્ટર જેનરલનો આ ચહડતો અધિકાર કબૂલ રાખવાની તેઓએ ના પાડી ને આજ ૫ા સદી થઇ ગુજરાતમાંજ પોતાની સેવાઓ અર્પણ કરવાનું તેઓએ પસંદ કીધું હતું. વળી મી૦ લાલકાકાને વિદ્યાભ્યાસનો ઘણો શોખ હતો. તેમની ૫૫) વર્ષની વય થયા છતાં તેમની સેવાઓની કદર બુજીને સરકારે તેમની નોકરીની મુદત વધારી આપી

હતી, પણ પોતાની વર્ષગાંઠને બીજેજ દિને ઓધો બજાવતાંજ જીવ આપીને તેઓએ પોતાની તારીફલાયક સેવાનો એક અસાધારણ દાખલો આપ્યોછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૫ મી જાનેવારી ૧૮૯૦.]

29th December 1889.

KHAN BAHADUR CURSETJEE PALLANJEE LALKAKA.—We regret to have to announce the death of Khan Bahadur Kursedjee Palanjee Lalkaka, Superintendent of Post Offices, Guzerat Division, which occurred on Sunday at Ahmedabad, from an accidental fall from his horse on the preceding Thursday. It appears that while in the execution of his duties at Anklesar in the Broach district, Mr. Lalkaka was proceeding on horseback to the railway station when one of the stirrups of his saddle gave way, and being rather stout, he fell heavily on his head, the fall resulting in a concussion of the brain and the breaking of four of his ribs. He was carried to the station in an unconscious condition, and from thence to Ahmedabad, his native place, where he ultimately died on Sunday last. Mr. Lalkaka belonged to a respectable family most of the members of which are in Government service, and that of merchants in Bombay and China. He was 58 years of age at the time of his death, and had served Government with distinction in the Postal Department, for upwards of 35 years and was about to retire on his well-earned pension, when this accident terminated his career. He entered the public service in 1852 or 1853 as the postmaster of a small town, and by his intelligence, zeal, tact, and vigilance, soon rose to the post of an inspector, and for many years was Superintendent of the Guzerat Division. From the numerous testimonials officially recorded by the Postmasters General of Bombay, by the Directors General, and the India Government from time to time, it appears that on various occasions through Mr. Kursedjee Lalkaka's praiseworthy judgment robberies of parcels, &c., were traced, and the culprits convicted and punished. In 1870 his meritorious services were rewarded by the honorary title of Khan Saheb, and subsequently that of Khan Bahadur. One of his sons is now studying in England for the bar, another is an inspector in the Postal Department, and two are prosecuting their studies for University degrees.

[*Bombay Gazette*, 1*st January* 1890.]

TO THE EDITOR OF THE TIMES OF INDIA

Sir,—During the current month this city has lost two of its most distinguished and popular citizens, and both of them were self-made men. Hardly one week passed after the death of Rao Bahadoor Becheredas Ambaidas, C. S. I., when death carried away Khan Bahadoor Cursetjee Pallonjee Lalkaka, Superintendent of Post Offices, Guzerat Division.

On the 26th instant, while the deceased was going to inspect the Anklesar Post Office, he was thrown by his horse and picked up unconscious and taken to the hospitable family of Mr. Ginwalla, where his injuries were carefully attended to by the medical officers of Anklesar and Broach. In a special carriage

he was brought to Ahmedabad by his relations, and died on the 29th current at the age of 56.

Some forty years ago he joined the Postal Department as a clerk on Rs. 10 per month, and by his remarkable industry, tact, and honesty succeeded in rising to the highest grade of superintendents on a salary of Rs. 500. Some ten years ago he was offered the highest post in the department, to which uncovenanted officers were eligible, *viz*, Deputy Postmaster-General; but for certain reasons he declined the offer and remained in charge of the Guzerat Division for more than a quarter of a century.

In consideration of his meritorious service, the honorary distinction of "Khan Saheb" was conferred upon him in 1870. In the year 1884 he was raised to the rank of "Khan Bahadur" for further good service, and if he had retired a year ago, his brilliant official career would have very probably been allowed to be closed with further honour and distinction. He completed his 55 years in 1888, and so he was allowed a further extension in consideration of his valuable services; but he has not lived to enjoy his well-earned rest and well-merited pension. He died in harness.

During the day of the Mutiny of 1857 the danger and difficulties in the way of postal officers were of an extraordinary character, and the deceased gentleman rendered conspicuous service to the Government.

The limited space of your journal cannot be taken up to record the high opinions expressed about the deceased gentleman by his superiors, as well as by the Government of India, from time to time. You will however, kindly allow the following extracts from the Government Resolution of the Government of India a small space in your paper:—

"The Governor-General in Council has read with much pleasure the favourable report made of the officers named in the footnote*, and he desires that the commendation of the Government may be conveyed to them."

* "Khan Saheb Cursetjee Pallonjee, Inspecting Post Master, Bombay"

The deceased gentleman died at the age of 56 years, and on the day following the anniversary of his birthday. He leaves behind him four sons and a widow to mourn his loss, and he also leaves behind him no less than fifty persons related to him, and mostly dependent upon his support. He has sent his two sons to England, one of whom has passed his M. D. Examination, and the other is studying for his barrister's examination. The remaining two sons are studying in the Arts College. Thus, instead of hoarding up his gains, he spent all his money in giving a good education and good breeding to his sons. Though he has not left behind him a large fortune, and though his life is cut off unexpectedly, there is no fear of his family being reduced to poverty or distress on account of it. To all classes of the people, and to the natives of India in particular, his example is worthy of being copied. His widow is also an enlightened lady. Her name is well known in Guzerat. She, like her intimaet

friend, Mrs. Sheppard took, a warm interest in the cause of female progress. In Bai Avabai Cursetji Lalkaka, Mrs. Sheppard, Miss Carpenter, and Miss Manning always found a hearty co-operator in all movements about female progress. In all public gatherings and meetings held in honour of H. R. H. the Duchess of Connaught and H. E. Lady Reay during the current month, Bai Avabai has taken a prominent part. Great sympathy is felt for her in her severest affliction.

A CONTEMPORARY.

Ahmedabad, December 31, 1889.

[*Times of India*, 3rd *January* 1890.]

ઈ૦ સ૦ ૧૮૯૦.

તા૦ ૩ જી જાનેવારી.

રોજ ૧૯ માહ ૪ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

વીલરબાઈ તે આ૦ ખરશેદજી દોરડી-નાં વીધવા—૯૫ વર્ષનાં એક અથોરનાન ડાસાંનું મરણ. નવસારીથી અમને ખબર મળીછે કે ત્યાં ગઇ પરમ દિને એરવદ બેહરામજી ખરશેદજી દોરડીનાં મા વીલરબાઇ મરણ પામ્યાંછે. મરનાર પોતાની વૃધ ઉમર છતાં શરીર સુખાકારી ભોગવવામાં ભાગ્યશાલી હતાં, અને મરણના ૪ દીવસ આગમજ સુવી આંખમા ચસમો રાખવા વગર પારસીઓની કુસ્તી વણવાનું સુતર કાંત્યું હતું. મરનાર પોતાની પાછળ ૬૦) માણસોનો પરીવાર મુકી ગયાંછે. તેઓ ઘણાં મીલનસાર હતાં અને હમેશાં સાદાઇ અને મધ્યમપણાને પસંદ કરતાં હતાં. તેઓએ સેવટ સુધી સારી મનશકતી જાલવી રાખી હતી અને ઇશ્વરભકતી છેલ્લી ઘડી સુધી કીધી હતી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૫ મી જાનેવારી ૧૮૯૦.]

તા૦ ૫ મી જાનેવારી.

રોજ ૨૧ માહ ૪ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

ફરાંમજી મનચેરજી કારંજાવાલા—

અમદાવાદ, તા૦ ૬ ઠી જાનેવારી.

એક પારસી ગ્રહસ્થનું મરણ—આજે પાછલી રાતે ખા૦ બા૦ કાવસજી કારંજાવાળાના ભાઇ શેઠ ફરામજી મંનચેરજી ખઇના રોગથી બીમારી ભોગવી ગુજરી ગયાછે. મરનાર પોતાની પાછળ એકબી ફરજંદ મેલી ગયા નથી અને તેમની ઉમર બાવન વરસની હતી. આ બનાવથી કારંજની પાસે વસતા હીંદુ તથા પારસી કોમમાં દીલગીરી ફેલાઇ હતી. આ પ્રસંગે મી૦ કાવસજી બાહારગામ ખાતે રોકાયેલા હોવાથી, તેઓના વડા પુત્ર ખા૦ સા૦ અરદેસરે ધરમને લગતી સઘલી ક્રીયા કરી હતી. બાદ તેઓને ૭ કલાકે અવલમંજલ પહોંચાડવામાં આવયા હતા.

[મુંબઇ સમાચાર, તા૦ ૮ મી જાનેવારી ૧૮૯૦.]

તા૦ મી જાનેવારી.

એ૦ એરચજી હોરમજજી પાવરી—

નવસારી, તા૦ ૯ મી જાનેવારી.

અત્રેના પાવરી ખાનદાનમાં થોડા દીવસના અંતર પછી બીજું મોત નીપજવાની નોંધ લેતાં દલગીરી ઉપજેછે. એરવદ એરચજી હોરમજી પાવરી તે થોડા દીવસ ઉપર બેહેસ્તમુકામ થયલા મી૦ ખરશેદજી નવરોજી પાવરી એનજીન્યરના સાળા, અને અત્રેના કેળવાયલા અથોરનાન એરવદ ખુરશેદજી પાવરીના બાવા માત્ર થોડા દીવસની માંદગી ભોગવીને પચાસ વરસની ઉમરે બેહેસ્તનશીન થયા હતા. મરનાર મોજીલા, હસમુખા અને મીલનસાર સ્વભાવના એક અથોરનાન હતા ને પોતાની સારી પુંજી મેલી ગયાછે. મુંબઇમાં તેમજ વેલાતમાં ક્રીકેટની રમતમાં સારૂં નામ કાઢનાર મી૦ મેરવાનજી પાવરીના પણ મરનાર બાવા થતા હતા.

[કયસરે હિન્દ, તા૦ ૧૨ મી જાનેવારી ૧૮૯૦.]

તા૦ ૯ મી જાનેવારી.

રોજ ૨૫ માહ ૪ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

પીરોજશાહ ધનજીભાઈ આલબલેસ—શેઠ ધનજીભાઇ એદલજી ફરામજી આલબલેસના છોકરા ભાઇ ફીરોજશાહજીનાં અતી જવાન વયે નીપજેલાં બહુ દલગીરી ભરયાં મરણથી આલબલેસ ખાનદાનને જે ભારે દુઃખમાં ગીરફતાર થવું પડયુંછે તે તરફ દરેક પારસીની સંપુરણ દીલસોજી છે અને ટુંક મુદતના અરસામાં એ કુટુંબમાં નીપજેલાં એક કરતાં વધુ અકાળ મરણો માટે દરેક પારસી જીગરની લાગણી ઉસકેરાઇછે. શેઠ ધનજીભાઇને લાગેલો છેલો કારી ઘા અલબત એકદમ રૂજાનાર નથી, તોપણ ખોદા ઉપર ભરૂસો રાખી સબુરીથી એ દુઃખ વેઠવા સીવાય બીજો કાંઇબી છુટકો નથી, એજ દીલાસો અમો તેમજ દરેક જરતોસતી શેઠ ધનજીભાઇને તેમજ આલબલેસ ખાનદાનને આપયે છીયે. પણ એ માઠા બનાવની યાદમાં આલબલેસ ખાનદાન તરફથી સખાવતનો જે નવો ઝરો બાહર પડયોછે તે જરતોસતી ફીરકામાં સખાવતી જુસ્સો હજી કેટલોબનો રહેલોછે તેનો વધુ ખયાલ આપેછે અને આલબલેસ ખાનદાનની એ છેલી મોટી સખાવત જરતોસતી ફીરકાના ખરા લાભનાં, ખરી જરૂરનાં, પેહલે વાધેનાંજ કામોમાં અપાયલી હોવાથી એ ટોલાં ઉપર એ ખાનદાને એક બીજનું મોટું હેશાંન કીધુંછે અને અત્યારસુધીની સખાવતોમાં એક ઝલકતો સફો ઉમેરાયોછે.

[કયસરે હિન્દ, તા૦ ૧૨ મી જાનેવારી ૧૮૯૦.]

તા૦ ૧૭ મી જાનેવારી.

રોજ ૩ માહ ૫ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

આવાંબાઈ તે ફરાંમજી દોરાબજી ઘાસવાલાનાં ધણીઆંની—પુણાના પારસી શેહેરી ખાનસાહેબ ફરામજી દોરાબજી ઘાસવાલાનાં ધણીયાણી બાઇ આવાંબાઇ ગયા શુકરવારે ગુજરયાંછે. મરનાર પોતાના સખી સવભાવ માટે તયાં ઘણાં જાણીતાં હતાં.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૧ મી જાનેવારી ૧૮૯૦.]

તા૦ ૨૦ મી જાનેવારી.

રોજ ૬ માહ ૬ (ક૦) ૧૨૫૯ યજદેજરદી.

ફ્રેની મરજબાંન મનચેરજી મરજબાંનનાં ધણીઆંની—પારસીઓમાં ગયાં પખવાડિયાંમાં થયલાં એક જવાન મોત વિષે ઘણી દિલગીરી અને તેના લાગતાંવલગતાંઓના ઓહલા વગવશિલાને લીધે ઘણી દિલસોજી દેખાડવામાં આવેછે, તે ખાનગી વિષય માની અમે ચૂપ રહ્યા હતા પણ દેશાવરના પત્રોમાં તે વિષે લખાણ થયા પછી તે હેઠલ ઉતારી લેવાની અમે જરૂર જોઇયે છીયે. અમે આપણા માન પામેલા શેહરીઓ ખાનબાહદુર પેસતનજી જાંહગીર સી. આઇ. ઇ. ની બેટી અને ખાનબાહદુર મનચેરજી કાવસજી મર્જબાનની વહુ બાઇ ફ્રેનીના ભર જુવાન વયે અને પોતાના જુવાન ભર્તાર મી૦ મર્જબાનની કરાંચી ખાતે ગેરહાજરી વચે ગુજરવાની ગમખારીમાં બોલીયે છાયે, કે જે ગમખારી વધારે એમ થઇછે કે મરનાર બાઇ ગુજરયા પછી તોપણ તેમની પાયદસ્ત કાહાડતી વખતે તેમના ખાવિંદનું કરાંચીથી આવી લાગવું થયું હતું. એ વિષે ભાઇબંધ સિંધ ટાઇમ્સ નીચે મુજબ લખેછે:—

"મિસિસ ફ્રેની મર્જબાન, તે મી૦ એમ. એમ. મર્જબાનની ધણીયાણી અને ખાનબાહદુર પેસતનજી જાંહગીરની બીજી બેટીના અકાળ મરણની નોધ મોટી ગમગીની સાથે અમે લઇયે છીયે, કે જે બનાવ મુંબઇ ખાતે તેઓના બાપના ઘરમાં ચોવીસ વર્ષની વયે બન્યોછે. કેળવાયલી પારસી બાનુઓમા તે એક હતી અને ઘણી પ્રવીણ હતી. કરાંચી ખાતે ચાર વર્ષના ટુક રેહવાસમાં તેવણે પોતાના મીલણસાર સ્વભાવથી પોતાની આસપાસના સર્વનું ઊંચું મત મેળવ્યું હતું. થોડાક માસ ઉપર સેંટ પાત્રિક સ્કુલના કાનસર્ટમાં તેવણે ભાગ લીધો હતો, કે જયારે એમને પિયાનો વગાડવા માટે ઘણી શાબાશી મળી હતી. એમનાં અકાળ મરણથી એમના

ઘણાક મિત્રોને મોટો ઝટકો લાગ્યોછે અને બિચારાં બુઢાં માબાપને એક નહી પુરાય એવી ખોટ ગઇછે. મી૦ મર્ઝબાન અને મરનાર બાઇના માબાપ સાથ તેમની આ ગમખારીમાં અમે દિલોજાનીથી ભાગ લઇયે છીયે."

[રાસ્ત ગોફતાર, તા૦ ૨ જી ફેબરવારી ૧૮૯૦.]

20*th* *January* 1890.

FRENY M. MURZBAN—IT IS WITH SENTIMENTS OF DEEP REGRET that we record the untimely death of Mrs. Freni. M. Murzban, wife of Mr. M. M. Murzban, and second daughter of Khan Bahadur Pestonji Jehanjir, which occurred at her father's residence Bombay on Monday last at the early age of twenty-four. She was one of the best educated among Parsee ladies and was highly accomplished. During her short stay of about four years at Karachi, she gained the good opinion of all around her, by her amiable disposition, a few months ago she took a part in the St. Patrick School Concert, when her playing on the piano was greatly applauded. Her untimely death will come as a shock to her many friends, and will be an irretrievable loss to the poor old parents. We heartily sympathise with Mr. Murzban, and the parents of the deceased lady in this their sad bereavement.

[*Sind Times*, 23*rd* *January* 1890.]

તા૦ ૨૧ મી જાનેવારી.

રોજ ૭ માહ ૬ (ક૦) ૧૨૫૯ યજદેજરદી.

દસ્તુર રૂસતમજી નવરોજજી મોબેદજીના, સુરતવાલા—

સુરત, તા૦ ૨૧ મી જાનેવારી.

અત્રેના કદમી પારસીઓના દસ્તુરજી રૂસતમજી નવરોજજી મોબેદજી બે વરશ સુધી લકવાનાં દરદના ભોગ થઇ પડેલા હતા, તેઓ આજે બપોરે પોતાની ૭૦ વરસની વરધ વયે મરણ પામયાછે. મરનાર દસ્તુર સવભાવે ઘણા શાંત, ભોળા, સાદા અને મલતાવડા હતા, અને તેઓએ ઘણા વરશ સુધી કલકતા ખાતે રહીને સારી ઇજત મેળવી હતી. અતરે પણ તેઓએ છેલાં વરસો એકાંતવાસમાં તથા માંદગીમાં કાહાડવાથી, તેઓ જાહજ બાહાર આવતા નોહોતા. મરનારની જગાએ કદમીઓના દસ્તુર લેખે તેઓના ભત્રીજાને ઠેરવવામાં આવનાર છે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૩ મી જાનેવારી ૧૮૯૦.]

તા૦ ૨૯ મી જાનેવારી.

રોજ ૧૫ માહ ૫ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

હીરાંબાઈ તે આ૦ બેહરામજી માણેકજી લશકરીનાં વીધવા, નવસારીનાં— અમારો નવસારીનો અખબારનવેશ લખેછે કે "અંધયારૂ બેરામજી માણેકજી લશકરીના ધણીઆંણી તથા અતરેના જાણીતા સરકારી વકીલ મી૦ દીનશા દાદાભાઇનાં મમાઇ ગયા બુધવારે પોતાની ૧૦૦ વરસની ઉમરે ગુજરી ગયાછે. એમને માટે એવું જણાવામાં આવેછે કે પોતાની જુવાન વયમાં પીંઢારા કે જેમનો તે વખતે બહુ લુટફાંટ વીગેરેનો જુલમ હતો, તેની સામે થઇને એક ઘોડી ઉપર બેસી પોતાનાં બાળકો સાથે નાસી જઇને જીવ બચાવયો હતો, તેમજ કુવામાંથી કોશ જુળવા તથા બીજું ખેતીવાડીનું કામ કરવાના કામમાં બહુ બહાદુર હતાં. પોતાનાં મરણના છેક નજદીક વખત સુધી તેઓએ પોતાનું સાધારણ કામકાજ કીધું હતું. અને છેવટ સુધી સારી દેહે વાપરી હતી."

[રાસ્ત ગોફતાર તા૦ ૨ જી ફેબરવારી ૧૮૯૦.]

તા૦ ૭ મી ફેબરવારી.

રોજ ૨૪ માહ ૫ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

માણેકજી કાવશજી દમણવાલા— ખબર આપતાં અમુને ઘણી દલગીરી ઉપજે-છે કે દમણ તથા ઉદવાડાના જરતોસ્તી

કોમના આગેવાન શેઠીયા તથા ધરમપોર રાજના આગલા દીવાન શેઠ માણેકજી કાવશજી ભરડા, થોડા વખતની માંદગી ગુજારી ચાલતા મહીનાની તા૦ ૭ મીને દીને ૬૨ વરસની ઉમરે પોતાના મુકામ દમણમાં સવરગવાશી થયાછે. એ શેઠ અતરેના તેમજ દેશાવરોના જરતોસતીઓમાં પોતાના ખુશ સ્વભાવ અને ઉદારપણાથી જાણીતા હતા. ઉદવાડા અને તેની આસપાસના ગામડાંઓના જરતોસતીઓને દરેક કામમાં એઓની મદદ અને કુમક હતી. એઓ પોરટુગીસ રાજ દમણના આગેવાન શેઠીયા તથા તયાંના જાણીતા ઇજારદાર હતા. એઓએ પોતાની ચંચલાઇથી કીધેલી ધરમપોરના રાજની ઉતમ સેવાના બદલામાં એ રાજ તરફથી ચાર ગામો ઇનામમાં મેલવેલાંછે.

[જામે જમશેદ, તા૦ ૧૦ મી ફેબરવારી ૧૮૯૦.]

ઉદવાડાથી એક ખબરપત્રી લખી જણાવેછે કે, ગુજરાતના જાણીતા પારસી શેઠયા મરહુમ શેઠ માણેકજી કાવસજી દમનવાલા ગઇ તા૦ ૭ મી ફેબરવારી અને શુકરવારને દીને બેહેસતનશીન થયા, તેમના ઉઠમણાની કીરયા ગયા રવીવારે ઉદવાડાવાલા તેમનાં મકાનમાં થઇ હતી. મરહુમ ગ્રહસથ આખા ગુજરાતમાં જાણીતા હતા, અને ગુજરાતમાં તેઓજ એકલા પારસી શેઠયા હતા કે જેઓ સારી જાગીર ધરાવતા હતા. તેમનું નામ ગુજરાતના પારસીઓમાં ઘણું માનવંતુ હતું, અને ગુજરાતના તેઓ પારસી બારોનેટ સરખા હતા. જેમ તેમનાં કામ ગરીબો તરફની દાઝને લગતાં હતાં, તેમજ પોતાના જાતભાઇઓનાં ભલાંમાં તેઓ સદા ઉલટમંદ ભાગ લેતા હતા, અને પારસી નામને ઊંચુ રાખવાની કોશેશમાં કદી પછાત ન હતા. વાંસડા અને ધરમપુરનાં રાજયોના તેઓ એક વાર કારભારી હતા અને જે જાહોજલાલી કેટલાક અસલી પારસી શેઠયાઓ ગુજરાતમા ભોગવી ગયાછે, તેઓમાં મરનાર એક જાણીતા હતા. તેવા એક પારસી શેઠયાનાં મરણથી ગોમેર દલગીરી ફેલાઇછે. તેમની તરફ માન દેખાડવાને તેમનાં ઉઠમણાની મીજલસમાં પુશકલ લોક હાજર થયાં હતાં, અને મીજલસ ઘણી દબદબાભરેલી દીસતી હતી.

[મુંબઇ સમાચાર, તા૦ ૧૨ મી ફેબરવારી ૧૮૯૦.]

7th February 1890.

MANEKJEE KAVASJEE DAMAUNVALA.—We regret to have to announce the death of Mr. M K. Damaunvala on Saturday last. The deceased gentleman was the chief leading citizen of Damaun, where for more than half a century he held the most friendly relations with the Portuguese Government, whose subject he had been He was for many years the principal friend and adviser of the Raja of Dhurumpore, and as intermediary between his Highness and the Bombay Government, he enjoyed the perfect confidence of the latter. He held several villages in his proprietary rights, which now descend to his only son there, Mr. Sorabjee. He was a most enlightened gentleman, free from all religious prejudices, though a most devout Zoroastrian. He had been ailing for some months from hemicranium, and general debility. He died at Damaun at the age of sixty-five. During his lifetime he had established several charitable institutions, and had set apart a large sum of money for similar benefactions.

[*Bombay Gazette*, 11*th February* 1890]

તા૦ ૯ મી ફેબરવારી.

રોજ ૨૬ માહ ૫ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

સુરત, તા૦ ૧૦ મી ફેબરવારી.

હીરાંબાઈ તે મોદી એદલજી ખુરશેદજી, સુરતવાલાનાં ધણીઆંની—અતરેની પારસી પંચાયતવાલા મોદીજી સાહેબ એદલજી ખુરશેદજીનાં ધણીયાંણી બાઇ હીરાંબાઇ ડાયાબીટીસ વગેરેના રોગથી લાંબી મુદત થયાં બીમાર હતાં તેવણ આજે પાછલી રાતે પોતાની આસરે ૭૨ વરસની ઉમરે મરણ પામયાંછે. મરનાર બાનુ બહુ ભાગયશાલી ગણાતાં હતાં, કેમકે તેવણ પોતાના પાચ પુતરોને બહુ સારા કેલવાયલા અને માનમરતબો તથા ઓધા ભોગવતા જોવાને ભાગયશાલી થયાં હતાં. મરનારના વડા પુતર ખા. સા. કેખશરૂ એદલજી મોદી બી. એ. અતરેની મયુનીસીપાલીટીના એક બાહોશ અને ધુંધી કમીશનર નીવડયાછે, તથા તેઓ નાદોદ અને ભરૂચ જીલ્લાની બેટવાલી મોટી કીમતી અને ફલદરૂપ જમીનનો વહીવટ સુધરેલી રીતીથી કરછે. બીજા છોકરા ખા૦ બા૦ બમનજી એદલજી મોદી એમ. એ. અમદાવાદના રૂ૫૦૦) ના દરમાયાના ડીસ્ટ્રીકટ ડેપયુટી કલેકટર અને ફરસટ કલાસ માજીસટરેટ છે. તરીજા છોકરા ખા૦ બા૦ બરજોરજી એદલજી મોદી એમ. એ., એલ. એલ. બી. અતરેના રૂ૮૦૦ ના દરમાયાના ફરસટ કલાસ ફરસટ ગરેડ સબોરડીનેટ જડજનો માનભરેલો ઓધો ચલાવેછે. ચોથા છોકરા મી૦ કાવશાહ એદલજી મોદીએ પણ સારી કેલવણી લીધીછે અને પોતાની જમીનનો વહીવટ કરેછે. પાંચમા છોકરા ખા૦ સા૦ જહાંગીર એદલજી મોદી બી. એ., એલ. એલ. બી. અમદાવાદ ડીસ્ટ્રીકટમાં આવેલા વીરમગામના રૂ૩૦૦ ના દરમાયાના સેકંદ કલાસ સેકંદ ગરેડ સબોરડીનેટ જડજ છે.

[જામે જમશેદ, તા૦ ૧૨ મી ફેબરવારી ૧૮૯૦.]

તા૦ ૯ મી ફેબરવારી.

રોજ ૨૬ માહ ૫ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

વીરબાઈજી તે પાલણજી જમશેદજી સુંનાંઈનાં વીધવા—શરેસ્તાની જમોએ પ્રગટ થયલી આડવાડીયાંની મત્યુંકની ટીપ ઉપરથી વાંચનારને માલમ પડશે કે અતરે ગયા સોમવારે વીરબાઇજી નામનાં ૧૦૫ વર્ષની વયનાં ડોસાં કોટમાં આવેલાં પોતાના દીકરીના દીકરા સોરાબજી હોરમજજી ભાટગરાનાં મકાનમાં મરણ પામ્યાંછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૯૦.]

9th February 1890.

VEERBAIJEE, WIDOW OF PALLONJEE JAMSETJEE SOONAINA —LONGEVITY. —On Monday an old Parsee woman, named Veerbaijee, widow of the late Pallonjee Jamsetjee Soonaina, died at the advanced age of 105 at the residence of her grandson, named Sorabjee Hormasjee Bhatgara, in the Fort.

[*Times of India*, 12*th February* 1890.]

તા૦ ૯ મી ફેબરવારી.

રોજ ૨૬ માહ ૫ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

ખરશેદજી માણેકજી શેઠના—મુંબઇના દેશીઓમાં પુરતા જાણીતા થયલા મી૦ ખરશેદજી માણેકજી શેઠનાના ગયા રવીવારની રાતના ૬૫ વરસની ઉમરે નીપજેલાં મરણની નોંધ લેતાં અમને ખેદ ઉપજેછે. પારસીઓમાં પુરતાં જાણીતાં થયલાં અને બહુ પુરાણા શેઠ ખાનદાનના મરહુમ શેઠ માણેકજી શેઠનાના તેવણ બીજા બેટા હતા અને જોકે પુરતી ચાર પઇસે સુખી હાલતમાં હતા, તોબી કામકાજમાં ગુતાઇ રહેવાની બાપીકી ઓધે ઉતરેલી ખાશીયતને અનુસરીને છેલ્લી કંટાલાભરેલી માંદગીવેર તેવણ વેપારી કામકાજની ઝુસરીમાં જોડાયનાજ રહયા હતા. કેટલાંક વરસોપેર તેવણ મેસરસ ઇવસ્ટ લેઠમ-

ની પેહેડીમાં મદદનીશ હતા, જે પછી વધતી જતી ઉમરને લીધે તયાંથી છુટા પડી મીલોના ઉદયોગમાં જોડાયા હતા. તેવણ આતરેની આશરે એક ડજન મીલોમાં—અકસર કરી હીંદુ શેઠોને હસતકની મીલોમાં—સરનશીન યા ડાયરેકટર તરીકે શામેલ હતા અને એ મીલોના ભલામાં જાતી લાભ લેતા હતા, જે જાતી લાભ એવણના બેટાઓમાં પણ જાણે ઓધે ઉતરેલોછે. તેવણ પારસીઓને લગતાં કેટલાંક અગતના ધરમખાતાંઓના ટરસટી તથા અખીકારી હતા, જેવાં કે નવસારીની ભગર સાથની અંજુમનનું ફંડ, સુરતના રસતમપુરાના ભગરીયાઓનું ફંડ, મુંબઇના ભગરીયાઓના આતશબેહેરામનું ફંડ, જરતોસતી છોકરીઓની નીશાલ મંડલી, મુલ્લાં-ફીરોઝ મદરેસા, મેહેરજીરાણા કેતાબખાનું, રાહાનુમાય માજદીયસનાન સભા વગેરે. એ ખાતાંઓમાં તેવણ નામના નહી પણ કામના કારોબારી હતા અને પોતાના વીચારો હીમતથી જાહેર કરતા હતા. મરનાર મી૦ ખરશેદજી બહુ સાદા, સભાવે રાંક, હસમુખા અને સઘલા સાથ—મોટાંથી તે નાના બાલક સાથબી—બહુ મીલનસાર હતા. તેવણના કેટલાક મીતરો આજે ખેદ સાથ યાદ કરે-છે કે મરનાર મી૦ ખરશેદજીને કોઇ દીવસેબી ખીજવાયલા જોવા તે તો જાણે એક નવાઇજ હતી, ઘણા મીતરોને તે એક ઓરતો હતો. ગરીબોનું કામ કરી આપવાને તથા સારી સલાહ આપવાને તેવણ સદા તઇયાર રેહેતા. પોતાના પીતાજીની અગી-યારીના સંબંધમાં આથોરનાન ટોલાં સાથ તેવણ વધારે સંબંધમાં આવેલા હોવાથી ભગરીયા મોબેદોના ભલાં માટે તેવણ પોતાના વીચાર પરમાણેની કાલજી રાખતા હતા અને ભગરીયાઓ મરનાર મી૦ ખર-શેદજીની સલાહ લેવાને સદા તતપર રેહેતા. પોતા પાછલ એક અતી જઇફ માતાજી તથા મોટું કુટુંબ તેવણ મેલી ગયાછે, જે કુટુંબ ઉપરાંત મીતરોનું એક બહુ મોટું મંડલ પોતાની આસપાસ એકઠું કરેલું હોવાથી અને તે સઘલાઓમાં બહુ પલોટાઇ ગયલા હોવાથી, તેવણના મરણથી સંખ્યા-બંધ પારસી મંડલોમાં, તેમજ કેટલાંક હીંદુ મંડલોમાં મોટી દલગીરી ફેલાઇછે. ગઇ કાલે તેવણની લાસને અવલમંજલ પહોંચાડતી વખતે મલેલી અસાધારણ મીજલસ તેની ગવાહી આપતી હતી. મરનારના માન માટે જરતોસતી છોકરીઓની નીશાલ મંડલીની સઘલી શાલાઓ તથા મુલ્લાં ફીરોઝ મદરેસા વગેરે ગઇ કાલે બંધ રાખવામાં આવયાં હતાં.

[જામે જમશેદ, તા૦ ૧૧ મી ફેબરવારી ૧૮૯૦.]

શેઠ ખરશેદજી માણકજી શેઠનાનાં દુઃખદાયક મરણથી પારસી કોમના આગેવાન પુરૂષોમાં પોતા માહેલા એકને ખોહવાની ઘણી ગમગીની ફેલાઇછે. એ મરહુમનો છેલો જાહેર દેખાવ મી૦ ઓમાનીના હુમલા સામેની આલબલેસ બાગવાળી મોટી સભામાં થયો હતો, કે જે વેળા એઓએ કેટલીક માદગીની દેખીતી મુશકેલી વચે સભામાં એક દરખાસ્ત રજુ કરીને ભાગ લીધો હતો. તે વખતે એમની જે નબળાઇની અચુક ઇધા-ણીઓ જણાઇ હતી તે નબળાઇએ અંતે એમનો ભોગ લઇ ઘણાંક જાહેર ખાતાંઓમાં નહી પુરાય એવી એક ખોટનો ખાડો પાડયો-છે તથા સંસાર અને કુટુંબ મંડળોને ગમ-ખારીમાં ગીરફતાર કીધાંછે. પારસીઓના મશહુર શેઠખાનદાનના હેયાત વડા કુલદિપક લેખે એ ખાનદાન તરફના ધર્મના તથા મોબેદીના ખાતાંઓમાં એવણ મુતવલીપણાનો મરતબો ભોગવતા હતા એટલુંજ નહી પણ પ્રજાના પરમાર્થના એવાં કોઇજ મંડળી કે કોઇજ ખાતાં હશે કે જેમાં એ મરહુમની ઉલટમંદ આગેવાની અને સામેલગીરી નહી હશે. ધર્મ, સખાવત, સુધારા અને કેળવણી-નાં કામો સાથ એવણ એવા જોડાયલા હતા કે નિશાળો, મદરેસાઓ, પુસતકખાનાઓ

અને સભાઓમાં, એમનાં મરણથી એકજ વખતે ઘણી જગ્યાઓ ખાલી થઇ પડીછે. અગત્ય કરીને જરતોશતી છોડીઓની નિશાળો અને રાહનુમાય માજદયસ્નાન સભાએ એક અગત્યના અને મેહનતુ કારોબારીને ખોહ- યાથી પેહલી મંડળીએ એમનાં મરણના શોક- માં ગયા સોમવારે પોતાની નિશાળો બંધ કરીને તથા બીજી સભાએ પોતાના દફતરમાં દિલગીરીનો ઠરાવ નોંધીને એ મરહુમના ઉપકારની યાદદાસ્ત રાખીછે. જેમ જાહેર ખાતાંઓ સાથ તેમજ મોટાં કારખાનાઓ અને કંપનીઓ સાથ પણ મરનાર ઘણા જોડાયલા હતા, અને કોઇ કંપનીમાં સર- નશીન પણ ઘણીખરીમાં ડરેક્ટર દાખલ તેઓએ લાંબો સંબંધ રાખ્યો હતો. ખાનગી સ્વભાવે માયાળુ અને મિલણસાર તેટલાજ ખુશમિજાજના હસમુખા અને રમુજી હોવાથી સંસારમંડળમાં તેઓ એવા પળોટાઇ ગયા હતા કે તેમનાં મરણથી પારસી સંસારનો ગોયા એક શણગાર ઓછો થયોછે, મંડળી- ઓનું ગોયા એક રમકડું ગુમ થયુંછે અને એક વાજતા ઘુંગરાનો જાણે કે રંગીલો આવાજ બંધ પડયો હોય એવી રીતે સઘળાં ખાતાંમાં શેઠ ખરશેદજી શેઠ વગર સઘળું સુહલું લાગેછે. જયારે મરહુમ માણકજી શેઠના બેટા મરહુમ મેહરવાનજી ગુજર્યા ત્યારે તેમના આગેવાન હાથ અને રંગીલા આવાજથી આવુંજ કોઇ અંધકાર તેમનાથી સંચાયલાં જીગરોમાં પડયું હતું. શેઠ મેહર- વાનજીની તે જગ્યા તેમના ભાઇ શેઠ ખર- શેદજીએ લાયકી સાથ રાખીને ગોયા તે ખાંચો પુર્યો હતો. તેમના ગુજરવા સાથ તે ખાંચો વધારે ઉંડો પડયોછે, પણ તેમના મોટા અને મશહુર શેઠખાનદાનને જે ખોટ થઇછે તથા બોહલાં કુટુંબને જે જખમ થયો- છે તે રૂજ આવવો ઘણો મુશકેલ છે. અગત્ય કરીને એમનાં બુજર્ગ માતાને ૯૨ વર્ષની જોરીની વયે લાગેલા કારી ઘામાં પારસીઓના વેહતાં જીગરો દિલસોજીથી ભાગ લેયછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૯૦.]

9th February 1890.

CURSETJEE MANOCKJEE SETHNA.—Mr Cursetjee Manockjee Sett, the head of the well-known Setna family died last week in Bombay at the age of about 65 years. The Lodge "Rising Star" of Western India, Scotch Constitution, of which Mr. Sett was a member for several years past, held a funeral meeting at the Freemasons' Hall on Wednesday last in memory of the deceased. The large attendance at the meeting of the members of various Lodges testified to the respect in which the deceased brother had been held by the craft. It may be mentioned here that deceased belonged to one of the most ancient and wealthy Parsee families in Bombay, and was much respected for his many good qualities of head and heart. He was the second son of the late Mr. Manockjee Sett, who had succeeded, according to the custom and traditions observed in the family, for the last three centuries, to one of the largest landed estates in Bombay, namely, the extensive property known as the Nowrojee Hill. This hill was purchased by an ancestor of Mr. Sett for a trifling sum of Rs. 300, the proceeds of which had been directed by his will to be devoted to certain charitable purposes, the chief condition being that it should descend in the future to the eldest sons in his family. As the English law did not favour the idea of the devolution of property to the eldest sons for all time to come, an agreement had been arrived at by the then living members of the family that the holder of the property then

living should by his will bequeath the property to his eldest son, who, as soon as he came of age, should direct by his will that the property should be wholly inherited by his successor in the manner and on conditions laid down in the original will. Be it said to the credit of the members of this family, that the instructions given in the first will have been most scrupulously and religiously carried out by those who have succeeded to the property, which is now in possession of Mr. Jalbhoy Ardeshir Sett, the nephew of the late Mr. Cursetjee. The property, which had been purchased for a mere trifle, is now fully worth more than half a crore, the annual income being over a lakh of rupees. Although Mr. Cursetjee Sett's father was a millionaire, he got his son, who had received a sound scholastic education, employed at first as a clerk in the firm of Messrs. Ewart, Latham and Co., where he soon distinguished himself by his talents and ability as a shrewd and safe merchant. He very soon became an assistant in the firm, and left it after several years service to trade on his own account Deceased was a director in many of the local joint stock concerns, and took a keen interest in the promotion of female education in his communty.

[*Times of India*, *22nd February* 1890.]

તા૦ ૧૨ મી ફેબરવારી.

રોજ ૨૯ માહ ૫ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

દીનશાહજી આદરજી હોમીયાર અથવા મુલતાંનવાલા—

સુરત, તા૦ ૧૩ મી ફેબરવારી.

મુમારીવાલા શેઠ દીનશાજી થોડા વખત ઉપર મુલતાન તરફથી અતરે આવયા હતા, તેઓ સાજા તાજા હાલતમાં એક ગમચફર ઓકી પોતાની આશરે ૫૭ વરસની ઉમરે ગઇ રાતે નાનપુરા ખાતેના પોતાના રહેવાના મકાનમાં મરણ પામયા હતા. મરનાર એક આબરૂદાર વેપારી હતા. અને તેમને હાંફણનો મરજ હતો.

[જામે જમશેદ, તા૦ ૧૫ મી ફેબરવારી ૧૮૯૦.]

તા૦ ૧૫ મી ફેબરવારી.

રોજ ૨ માહ ૬ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

એ૦ કાવશાજી નશરવાંનજી કાંગા— અતરેના એક જાણીતા તથા કેળવાયલા અથોરનાન એ૦ કાવશજી નશરવાનજી કાંગા-નું મરણ જાહેર કરતાં અમોને બારે ખેદ થાયછે. એ મરનાર જુના એલફીનસ્ટોનિયનો-ના પેહલા શણગાર સરીખા હતા. આગલી એલફીનસ્ટન ઇનસ્ટીટયુશનમાં કેલવણી લીધી હતી, અને છેક ૧૮૫૦ માં ત્યાંથી "વેસ્ટ સ્કાલર" ની પદવી લઇ બાહેર પડયા હતા. એવણે પેહલું શિક્ષકપણું ચલાવ્યું તે વાતને આજ ચાલીસ વર્ષ થયાંછે, કે જે વખતે ગ્નાન પ્રસારક મંડળીની શરૂઆતમાં એવણ તેની કારોબાર મંડળીના એક અધીકારી હતા, તથા છેક ૧૮૫૦ માં બાળ કેળવણી વીશે તે મંડળીમાં એક નીબંધ વાંચયો હતો. ૧૮૫૬ માં અતરેની "ફોરટ રીડીંગ રૂમ એંડ લાઇબ્રેરી" સ્થાપવામાં એવણની પણ આગેવાની હતી, અને તે લાઇબ્રેરીના પાંચ વર્ષ સુધી ખજાનચી હતા. પણ સને ૧૮૫૬ માં એવણે પોતાના મોબેદના ટોળા-નું સર્વેથી ભલાંમાં ભલું કામ આરંભ્યું અને તે પોતાની જાતી મેહનત, ખંત, તથા ઉલટ સાથે પોતાની હૈયાતીની છેલી ઘડી સુધી જઇફીએ પોંહચયા છતાં ચાલુ રાખયું હતું. હમો નવસારીની સર કાવશજી જાંગીર મદરેસા વીશે બોલયે છેયે કે જે એવણનીજ મુખ્ય મેહનતથી સ્થાપવામાં આવી હતી, અને તેના એવણ પેહલથી તે છેક ગઇ કાલ સુધી ઇયાને ૩૪) વર્ષેવર હાનરરી સેક્રેટરી હતા. એટલી લાંબી મુદત સુધી દોઆની

પારસી ગ્રહસ્થે કોઇ ખાતાંના આનરરી સેક્રેટરીનું કામ બજાવ્યું હોય એવું હમને યાદ નથી. એ મદરેસાએ કેટલું અગતનું કામ કીધુંછે તે વીશે અતરે બોલવાની જરૂર નથી. એજ મદરેસાના સંબંધમાં ૧૮૫૯ થી એમની યાદગારીને માટે શેઠ ડોસાભાઇ ફરાંમજી કામાજીએ એક સ્કાલરશીપ આપતી કરેલીછે. ૧૮૫૯ માં એવણે "પાક ખોરદેહ અવસ્તા, તેની પેહલવી માએની સુધા" નું એક પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું. એજ સાલમાં દફતર આશકારામાથી નીકળેલી "સ્ત્રી ગ્યાનમાળા" ની ચોપડીમાં એવણની લખેલી કેટલીક સંસારી બાબદો છપાયલીછે. ૧૮૬૦ માં એવણ જરતોશતી છોકરીઓની નિશાળ મંડલી સાથે જોડાયા હતા, કે જે નિશાળોના પેહલે ઉપરી તથા પછી સેક્રેટરી તરીકે ૭ વર્ષ સુધી તેવણે મેહનત લીધી હતી, અને તે અરસામાં એ નિશાળોમાં શીખાડવાની પાઠમાળા આંક ૩ જાની ચોપડી એવણે રચી પ્રગટ કીધી હતી. એ ઉપ્રાંત અતરેની પ્રોપ્રાએટરી સ્કુલ પેહલી ઉભી થઇ ત્યારે તેના એવણ સેક્રેટરી તથા ૧૮૭૦ થી મરહુમ ન. મ. કામાની નીશાળના ઉપરી હતા. એ ઉપરાંત રાહનુમાએ માજદીઅસનાં મુલ્લાંફીરોજ મદરેસા, વગેરેની કારોબાર મંડલીઓમા એવણ લાંબી મુદત સુધી સામેલ હતા. આજ ઘણાં વર્ષો થયાં એવણ શેર, હુંડી, વગેરેની દલાલી કરતા હતા, અને "બ્રોકરસ હાલ" ના પણ સેક્રેટરી હતા. એવણનાં માનમાં ગઇ કાલે શેર બજાર બંધ રાખવામાં આવ્યું હતું.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી ફેબરવારી ૧૮૯૦.]

15*th* ***February*** 1890.

Cawasjee Nusserwanjee Kanga—**We regret to announce the death of Mr. Kawasjee Nusserwanjee Kanga, a well-known sharebroker of Bombay, which took place at his residence at Girgaum, on Saturday** morning, at the age of 65 years. The deceased was a "West Scholar" of the late Elphinstone Institution, now the Elphinstone High School, and was subsequently employed as a teacher in connection with that institution, and had served as such for a great number of years both to the satisfaction of the Government and the very large number of pupils who passed through his hands. Several young and promising lads, who could not afford to prosecute their studies at the institution, found in Mr. Kanga a generous friend, who helped them with money, and assisted them in various ways in accomplishing their object. There are several Parsee gentlemen who acknowledge the deep debt of gratitude they owe Mr. Kanga, and readily admit that their success in life has been in a great measure due to the timely and generous aid given to them by the deceased. Mr. Kanga was one of the pioneers of female education among the Parsees, and was associated with the late Mr. Nowrozjee Furdonjee in the promotion of the cause of female education in connection with the Parsee Girls' School Association, of which he was the honorary Secretary for about seven years. He published several books on female education, and was also one of those who helped to establish the Bombay Proprietory School for Parsee boys, while he acted as secretary to the institution for some time. Mr. Kanga, who was an inhabitant of Nowsaree devoted nearly four and thirty years of his life towards the promotion and dissemination of education among his co-religionisits of that

place, and it was through his instrumentality that the Sir Cowasjee Jehangeer Madressa was established at Nowsaree so far back as 1856. Mr. Kanga's name was a household word at Nowsaree, and it will be long remembered in connection with the institution of which he was the honorary secretary ever since its creation. Deceased was a great Zend and Pehlvi scholar, and his Gujrati translation of the Parsee Zend Avasta has been highly spoken of by those who understand the languages. He was one of the founders of the Fort Improvement Library, and was also intimately connected with the Mullaferoze Madressa and the Society for the Promotion of Knowledge among the Parsees. After he had severed his connection with the Educational Department, Mr. Kanga became a share and stock-broker, and up to the time of his death was the secretary of the Share and Stock Brokers' Association. Deceased was held in high esteem by all who knew him, and the share market was closed on Saturday as a mark of respect for his memory.

[*Times of India*, 17*th February* 1890]

તા૦ ૧૫ મી ફેબરવારી.

રોજ ૨ માહ ૬ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

માણેકજી લીમજી હાંતરીઆ—ઇરાન દેશના ગરીબ જરતોસતીઓની હાલત સુધારવા માટે મુંબઇના જરતોસતીઓ તરફથી આડતયા તરીકે તયાં ગયલા મી૦ માણેકજી લીમજી હાંતરયાના ૭૭ વરસની વયે ગયા સનીવારે તેહેરાન શેહેરમાં મરણ પામવાના સમાચાર તાર મારફતે ફરી વલયા છે. મરનાર મી૦ માણેકજી ઇરાન જવા અગાઉ હીંદુસતાનના જુદા જુદા ભાગોમાં ફરી આવયા હતા અને ઇસવી સન ૧૮૪૬ માં મેસરસ જહાંગીર જસાવાલાની પેઢી તરફથી સીંધમાં મુનીમ હતા. તેવણને હીંદુસ્તાનનો સારો અનુભવ હોવાથી તથા રાજદવારી રીતભાત, તાજીમતવાજ અને કુનેહથી માહીતગાર હોવાથી ઇરાનના ગરીબ જરતોસતીઓની ખરી હાલતથી વાકેફ થઇ તેનો વીગતવાર રીપોરટ કરવાને ઇરાનીઓના ફંડના ટરસટીઓએ તેવણને અહીયાંથી તા૦ ૩૧ મી મારચ સને ૧૮૫૪ ને દીને ઇરાન મોકલયા હતા. તેવણે તયાંના ઇરાની જરતોસતીઓ ઉપર પડતા હાદેસાની વીગતો કાગલો મારફતે અહીયાં લખી મોકલવાથી અહીયાંના જરતોસતીઓની કુદરતી દયા ઉશકેરાઇ અને તે ઉપરથી "ઇરાન દેશમાં વસતા ગરીબ જરતોસતીઓની હાલત સુધારનારી મંડલી" તા૦ ૧૧ મી જાનેવારી ૧૮૫૫ ને દીને અહીયાં સથાપવામાં આવી, જેણે હમણાવેરમાં સારૂં ઉપયોગી કામ બજાવયું છે. એ મંડલીના આડતયા તરીકે તયાં તેવણે કેટલીક મકતબો સથાપી ધરમનાં મકાનોને ખોશમાર હાલતમાંથી સારી હાલતમાં મેલયાં, ધંધાર તથા જશનો શરૂ કરાવયાં, લાચાર જરતોસતીઓની છોકરીઓ પરણાવી આપી, કેટલાંક વરસ વેર તેહેરાનમાં એક દવાખાનું ચાલુ રખાવયું અને એ ઉપરાંત લીધેલી બીજી મેહેનતમાં ઇરાનીઓ ઉપર પડતો જજીયાનો કર માફ કરાવામાં ફતેહ મેલવી, જે જજીયાના કરની તવારીખ થોડાક માસની વાત ઉપર અમો વીગતવાર આપી ગયા હતા. સને ૧૮૫૭ ના મે માસથી એ કર દુર કરાવા માટે તેવણે ખંતીલી કોશીશો શરૂ કીધી હતી અને પોતે સંખયાબંધ અરજીઓ કરી અહીયાંની કમીટી પાસે કેટલીક અરજીઓ કરાવી સને ૧૮૮૨ ના આગસટ માસમાં આખરે એ કર તયાંના જરતોસતીઓ ઉપરથી કહડાવી નખાવયો હતો. સને ૧૮૫૪ માં તેવણ ઇરાન ગયલા ૧૦ વરસ વેર તયાં મેહેનત કરી, સને ૧૮૬૪

ના ફેબરવારી માસમાં અહીયાં પાછા ફરયા હતા અને પોતે જોયલી હાલત તથા તે સુધારવાને કરેલી મેહેનતની વીગત દરશાવનારૂં, એક ભાશાંણ એક જાહેર સભા સનમુખ મજગામ ખાતેના શેઠ મેરવાનજી પાંડેના બંગલામાં તા૦ ૨૦ મી મારચે સર જમશેદજી જીજીભાઇ બીજા બારોનેટના પરમુખપણા હેઠલ કરયું હતું. એ પછી ઇરાન જવા તેવણ પાછા નીકલવાથી તા૦ ૭ મી મે સને ૧૮૬૫ ને દીને તેવણની સેવાની પીછાંણ તરીકે મજકુર મંડલીએ જાહેર ઉઘરાણું કરી મેલવેલી રૂ૨૦૧૮૫ ની મોટી "પરસ" એક યોગય એડરેસ સાથ તેવણને એનાયત કરી હતી. તા૦ ૩ જી આગસ્ટ ૧૮૬૫ ને દીને તેવણ ઇરાન પાછા ગયા હતા. ઇરાન જવા અગાઉ તેવણે ઉપલાં ભાશાંણ તથા ઇરાનની બીજી વીગતો સાથનું "એજહારે શીયાતે ઇરાન" નામનું એક પુસતક છપાવી પરગટ કીધું હતું. ઇરાન જવા પછી મુંબઇની મંડલીની મદદથી તેવણે ઇરાનીઓનાં ભલાંનું કામ આગલ વધારવા ઉપરાંત પોતા તરફથી વેપાર ચલાવયો હતો, જે વેપારમાં સારી પુંજી મેલવી હતી, પણ થોડાં વરસની વાત ઉપર તેનો મોટો ભાગ ખોયો હતો અને પાસો પાછો ફેરવાયો નહી. સને ૧૮૬૬ માં તેવણે પોતાને ખરચે કેરમાન શેહેરમાં કનાત કશુન આગલનાં દોખમાની પડી ભાગેલી દેવાલ તથા નવી સગડી બંધાવી હતી. એ ઉપરાંત તેહેરાનમાં જરતોસની છોકરાઓ થકી સથાપેલી બોરડીંગ સ્કુલ માટે મરનારે પોતાનું એક ઘેર ધરમખાતે આપયું હતું. સને ૧૮૭૧ ના ઇરાનના મોટા દુકાલ વખતે તેવણે ગરીબ જરતોસતીઓને ઘણીક મદદ કીધી હતી. ઇરાનની દરબારમાં તેમજ બ્રીટીશ એલચીખાતાંમાં તેવણનો સારો વગ હતો અને તેવણનું બોલવું ધીરજથી સાંભલવામાં આવતું હતું. તેવણ વીદયાભયાસનો સારો શોખ ધરાવતા હતા અને પોતાની ચાલાકીથી જાણે હીંદુસ્તાનના પારસીઓના એલચી હોય તેમ ઇરાનમાં પોતાનો ટેક સાચવી રાખયો હતો. સને ૧૮૬૫ માં મુંબઇથી બીજીવાર ઇરાન ગયલા અહીયાં પાછા ફરયાજ ન હતા અને પોતાનાં પેહેલાં બોહોરદારનું મુંબઇમાં મરણ નીપજવા પછી કેટલાંક વરસની વાત ઉપર તેહેરાન શેહેરમાં એક ઇરાની બાનુ સાથ બીજવાર પરણ્યા હતા, જે બાઇ થોડાક માસની વાત ઉપર મરણ પામયાં હતાં.

મરનાર મી૦ માણેકજી થોડાક માસ થયા લકવાની બીમારી ભોગવતા હોવાથી મુંબઇની મંડલીની કારોબાર મંડલીએ તેવણના બેટા મી૦ હોરમઝદયારને તેવણની જગાએ આડતયા નેમી ઇરાન મોકલયાછે, જેવણને મુંબઇ છોડી ગયાને હજી તો ૮ દીવસ થયાછે તેટલામાં મી૦ માણેકજીના ગયા સનીવારે ૭૭ વરસની ઉમરે મરણ પામવાના દલગીરીભરયા તાર સમાચાર ફરી વલયાછે. તેવણ ૧ બેટી તથા ૧ બેટો મેલી ગયાછે અને તેવણનાં મરણથી ખરેખર ઇરાનના જરતોસતીઓએ એક ભલો ગેરખાહ તથા મુંબઇની મંડલીએ એક મેહેનતુ આડતયો ખોહયોછે.

[જામે જમશેદ, તા૦ ૧૭ મી ફેબરવારી ૧૮૯૦.]

15th *February* 1890.

MANECKJEE LIMJEE HANTERIA—A telegram has been received, announcing the death of Mr. Manockjee Limjee Hantaria, the accredited Agent in Persia of the Parsee community of Bombay, which took place in Teheran, on Saturday last. He had travelled much in Sind and Upper India; and was well acquainted with the ways of native courts and native princes; and being a man of tact and prudence, he was selected by the trustees of the Iranian Fund. in March, 1854, to proceed to Persia, to report upon the condition of the Zoroastrians residing there.

The accounts he sent from Persia excited the sympathy of the Parsees of Bombay with their co-religionists, and in January, 1855, a society was started here, under the name of the "Association for the amelioration of the condition of poor Zoroastrians in Persia," which continued to employ Mr. Hantaria as its authorised agent in Persia. He did much useful service there. He established schools for the children of poor Zoroastrians, repaired the fire-temples that were out of repair, arranged for the regular performance of religious ceremonies, paid for the marriage expenses of the girls of poor Zoroastrians, eatablished and maintained a dispensary in Teheran; and performed other useful work on behalf of the Persian Zoroastrians. At the end of ten years, he returned to Bombay in February, 1864, and after resting for a few days, he gave an account of his work before a meeting of Parsees, held under the presidency of the second Parsee Baronet in the bungalow of Mr Merwanjee Framjee Panday, at Mazagon. In recognition of his valuable services, an address and a purse of Rs. 20,185 were presented to him by the society above named. He published in a Guzerati book his experiences in Persia, describing the nature of the work he had done there for ten years. After his return to Persia in August, 1865, he undertook certain works at his own expense. He repaired the Tower of Silence at Kerman which sadly wanted repairs; gave up, free of rent, his own house for the boarding schools established in Teheran for Zoroastrian boys; and afforded relief to poor Zoroastrians during the prevalence of the famine of 1871 in Persia. He had acquired great personal influence at the Persian Court and at the British Embassy in Teheran; and his representations on behalf of his poor co-religionists were received with courtesy and attention. The triumph of his labours consisted in the abolition of the "Jajjia" or capitation tax that was levied on all the Zoroastrian residents of Persia. With a singleness of purpose he worked from 1857 to secure the abolition of the tax until it was finally abolished in 1882 by order of the Shah of Persia. Since his return to Persia in 1865, Mr. Hantaria had not come back to Bombay. On the death of his wife here some years ago, he married a Persian woman, who, however, died a short time since He was lately seized with paralysis, and as the chances of his recovery seemed to be remote, the committee of the Bombay Association, above referred to, selected his son, Mr. Hormuzdiar, to succeed him as their agent in Persia. The young man left Bombay some ten days ago to take charge of his new office. Meanwhile, in the death of Mr. Hantaria, on Saturday last, at the age of seventy-seven years, the Zoroastrian residents of Persia have lost a benefactor and a friend, and the Parsee community an influential representative at the Court of Teheran.

[*Bombay Gazette*, 18*th February* 1890.]

તા૦ ૨૮ મી ફેબરવારી.

રોજ ૧૫ માહ ૬ (શ૦) ૧૨૫૯ યજદેજરદી.

ખરશેદજી નવરોજજી વાડીઆ—આપણી ગાદીના આગલા વખણાયલા માસ-

તર બીલડર તથા પારસી અકાબર શેઠ નવરોજજી જમશેદજી વહાડયાના એકલા બાકી રહેલા હઇયાત બેટા મી૦ ખરશેદજી નવરોજજી વહાડયા ગઇ બપોરના કેટલાક વખતની નાતવાની ભોગવી મરણ પામયા હતા. મરનાર મી૦ ખરશેદજીએ કદીમ એલફીનસટન ઇનસટીટયુશનમાં કેલવણી લઇ અને ૧૮૪૧ માં વેસટ સકાલરની પદવી મેલવી હતી. પાછલથી તેવણ મેસરસ ઇવરટ લેઠમની વેપારી પેહેડીમાં જોડાયા હતા અને ઘણુંક વરસ તયાં મદદનીશ તરીકે કામ બજાવી આશરે ૧૬ વરસની વાત ઉપર રીટાયર થયા હતા અને એકાંતવાસ જીંદગી ભોગવતા હતા.

[જામે જમશેદ, તા૦ ૧ લી મારચ ૧૮૯૦.]

28*th* *February* 1890.

CURSETJEE NOWROJEE WADIA.—We regret to announce the death, yesterday, of Mr. Cursetjee Nowrojee Wadia, at his residence in Tardeo, at the age of 68. He was the only surviving son of the late Master Builder, Mr. Nowrojee Jamsetjee Wadia who was in his days the leader of the Parsee community and chairman of the Punchayet Mr. Cursetjee from an early age joined the firm of Messrs. Ewart, Latham and Co. as salesman, and owing to his suffering from asthma, he retired in 1873, his emloyers having regard to his meritorious services granted him a handsome pension, which he enjoyed up to the day of his death. He was a cashier in the Inam villages of Irla, Parla, Joo, and Danda, which were granted by the late East India Company to his father for his services to the State, and which now form the trust property of the family. The deceased gentleman leaves behind him a widow, five sons and a daughter. The eldest son, Mr. Ruttonjee, is the chief salesman to the eminent firm of Messis Finlay, Muir and Co.

[*Times of India, 1st March* 1890.]

તા૦ ૨૮ મી ફેબરવારી.

રોજ ૧૫ માહ ૬ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

અરદેસર ધનજીભાઈ વાડીઆ—મી૦ અરદેશર ધનજીભાઇ વાહડયા તે કાઠયાવાડના જાણીતા બારીસટર મી૦ હોરમસજી અરદેશર વાહડયાના પીતાના સુરત ખાતે ગયા સનીવારે સવારના મરણ નીપજવાના સમાચાર ફરી વલયાછે. મરનાર આજ આશરે ૧૫ વરસ થયાં સુરત શેહેરમાં જઇ એકાંતવાસ જીંદગી ગુજારતા હતા. તેવણ આગલા એક પારસી માનવંત નરના એકલા બેટા હતા, કે જે નરની થોડીક યાદ હાલ ઉપયોગી થઇ પડશે. તેવણના પીતા મરહુમ ધનજીભાઇ રૂસતમજી વાહડયાએ કેટલાંક વરસોવેર આપણી ગોદીમાં બીજા માસતર બીલડરનો ઓધો ભોગવયા પછી કોચીન ખાતે તેમણે વહાણો બાંધવા માટે ૧૮૨૯ ના વરસમાં બોલાવયા હતા અને તયારબાદ કલકતાની કીદરપોર ખાતેની વખણાયલી ગોદીનાં વડા મારતર બીલડરનો તેમને ઓધો મલયો હતો. એ ઓધા ઉપરથી તેવણે કેટલાંક મોટાં વહાણો બાન્ધી સરકારની સારી સેવા બજાવી હતી. અને ૧૮૪૦-૪૧ નાં વરસની ચીનની મોટી લડાઇ વખતે લશકર તથા સરંજામ મોકલવા માટે તેવણે લીધેલી અથાગ મેહેનતની સરકાર તરફથી ઘટતી પીછાણ થઇ હતી. આપણી મજગામ ખાતેની ગોદી પણ મરનાર મી૦ ધનજીભાઇને માટે દરજજે આભારી છે. એક માતબર મગોલ વેપારીએ બંધાવેલી એ ગોદીના તેવણ સુપરીનટેનડંટ હતા, જે ગોદી સને ૧૮૪૭ માં પેનીનશુલર કંપનીના હાથમાં જતાં એ કંપનીએબી તયાં માસતર બીલડર તરીકે તેમને રાખયા હતા, જે ઓધો સને ૧૮૫૪માં પોતાનાં મરણ તુલીકવેર તેવણે ભોગવયો હતો.

[જામે જમશેદ, તા૦ ૩ જી મારચ ૧૮૯૦.]

તા૦ ૫ મી મારચ.

રોજ ૨૦ માહ ૬ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

લેડી સાકરબાઈ દીનશાહજી પીટીટ— સર દીનશાહ માણેકજી પીટીટનાં ભાગ્યશાલી મોહોરદાર લેડી શાકરબાઇ જેવણે એ શખી-વજુદ શેઠનાં સખાવતી કામોમાં સદા ઉલટ અને ઉતેજન આપયું હતું, જેવણે પોતાના દયાલુ તથા મલતાવડા અને સઘલાઓ સાથ સભયતાથી વરતનારા ખવાસ અને સાદાઇથી શું પોતાની કે બીજી કોમોનું મોટું માન મેલવયું હતું, જેવણના ઉતમ ખવાસની મેહરબાંની ઘણાં ગરીબ કુટુંબો તથા દુરનાં સગાંવાહલાંઓ ચાખતાં હતાં, જેવણના સદગુણથી સર દીનશાહ પીટીટનું ઘર કોમમાં મોટો મરતબો ધરાવતું હતું, તે ભલાં બાઇ-નાં મરણના સમાચાર ગઇ કાલે સવારનાં વરતમાંનપતરોની મારફતે આશકારા થતાંજ સઘલી કોમોમાં મોટી ગમગીની ફેલાઇ હતી. લેડી શાકરબાઇની દેહ કેટલુંક થયું દુખી ચાલતી હતી. પણ તેવણ ચીંતાતુર માંદગીમાં તો હતાંજ નહી. પોતાના ધરમ તરફની જાણીતી લાગણી મુજબ રાબેતા પરમાણે ગયા માસમાં તેવણ પોતાના પતી તથા કુટુંબ સાથ ઉદવાડે ગયાં હતાં અને તયાં એક ધરમનું કામ પુરતું સરંજામ પુગાડે તે અગાઉ તેવણની તબીયતમાં વધારે બીગાડો થઇ આવયાથી તેવણને મુંબઇ લાવવાની જરૂર જણાઇ હતી અને ગયાં અઠવાડયાંની અધવચમાં સર દીનશાહજીનું કુટુંબ અચ-બુચ મુંબઇ પાછું ફરયું. મુંબઇ આવયા પછી તબીબોની ગમે એવી મેહેનત છતાં, પઇસાની રેલછેલથી પેહેલી પંકતીની ઉંચી સારવાર થવા છતાં, લેડી શાકરબાઇ ગયા બુધવારે રાતનાં ૯ કલાકે પોતાના પતી તથા ફરજંદોને આબાદ સુખી હાલતમાં તથા અઠતાં ભવીશ સાથ જોઇ, તેઓને પોતાની વીદાયગીરી માટે ગમમાં ગીરફતાર કરી, બેનોઇ જેહાંનમાં વાસો કરવા ગયાંછે. તેવણનાં મરણથી તેવણનાં કુટુંબને જેમ કારી ઘા લાગોછે, તેમ મુંબઇની ગરીબ પરજાને પણ એક મોટી ખોટ ગઇછે જેનો ગમ તે ગરીબો કેટલોક વખતવેર વીસરશે નહી.

લેડી શાકરબાઇનું કુલ કદીમ તેમજ પેહેલી પંકતીનું હતું. મુંબઇ શેહેરમાં છેક જુના વખતમાં વાસો કરવા આવેલાં જુજ કુટુંબો-માં ભીખાબેહરામ ઇયા પાંડેનું કુટુંબ પણ આગેવાંન હતું. એ કુટુંબે વેપારવણજની કુનેહથી પોતાની આબાદી ૧૭ મી તથા ૧૮ મી સદીમાં વધારી હતી.

ભીખા બેહેરામના તરીજા બેટા ફરામજી ભીખાજી, "ફલાકાકા" ના નામથી તે જમાનાના પારસીઓમાં સારો મરતબો ધરા-વતા હતા. આશરે ૯૫ વરસની વાત ઉપર આ ફલાકાકા રંડાયલી જીંદગી પોતાના તરણ બચાંવાલાં કુટુંબ સાથ ગુજારતા હતા, જયારે યઝદેજરદી સને ૧૧૬૪ ના વરસમાં યાને ઇસવી સન ૧૮૦૫ ના વરસમાં કેખોશરો યઝદિયાર નામનો સારી તોખમનો એક ઇરાની નર, ઇરાનની રાજકરતી કોમના કેટલાક આસામીઓના જુલમાતથી પોતાની ૧૫ વરસની ગુલેસતાનબાનુ નામની અતી-શય ખુબસુરત બેટીને, મોગલાઇ દાવપેજથી તેણીનો બચાવ કરવા માટે, લઇ પોતાનાં કુટુંબને ઇરાનમાંજ મેલી અહીયાં નાશી આવયો હતો. મરનાર કેખોશરોની સારી તોખમ તુરતજ અહીયાં દેખાઇ આવી હતી અને તે વખતના એક આગેવાન ગરહસથ મરનાર એદલજી દોરાબજી લશકરીએ તેઓને પોતાના ઘેરમાં આશરો આપી ગુલેસતાન-બાનુને પોતાની દીકરી કરી લીધી. કેખશરો એ પછી ઇરાન પાછો ગયો અને પોતાના કુટુંબને અહીયાં લાવી મુંબઇમાંજ વસયો હતો. મરહુમ શેઠ ફરામજી ભીખાજી પાંડે યાને ફલાકાકા આ ગુલેસતાન બાનુની ખુબ-સુરતી તથા સદગુણથી તેણી સાથ પરણવાને તઇયાર થયા. એ લગન બહુ સુખી નીવડયાં અને ૯ ફરજંદોની વરધી થઇ હતી, જે ફરજંદોમાં હાલ આપણને ગમમાં નાખીને મેલી જહાનમાં ગએલાં લેડી શાકરબાઇ પણ

એક હતાં. જાણીતા સખાવતી નર મરહુમ મહેરવાનજી ફરામજી પાંડે તથા હાલના શેઠ દોરાબજી ફરામજી પાંડોં આ નેક બેન પોતાની ૧૧ વરસની ઉમરે ઇસવી સન ૧૮૩૭ નાં વરસમાં સર દીનશાહ માણેકજી પીટીટ સાથ પરણ્યાં હતાં, જે લગનની જુબીલી મહારાણીજીનાં રાજની જુબીલીને પરસંગેજ ગઇ હતી અને વગર શકે કહેવાઇ શકાય કે એવાં સુખી લગન થોડાંજ ભાગયશાલી જોડાં ભોગવતાં હશે. લેડી શાકરબાઇએ પોતાના પતી સાથ ૫૩ વરસની પરણેતર જીંદગી, કુદરતના નીયમ મુજબ વહાલાં ખેશીઓનાં મરણના થોડાક ઘા છતાં દરેક જાતનાં સુખ, જાહોજલાલી, મરતબા, માન-અકરામ અને સઉથી વધારે પયારાં સુખ "સખાવતી કામોમાં" ગુજારી હતી. એવી સુખી પરણેતર જીંદગી થોડાંઓનીજ સરજતમાં હોયછે અને તેટલાજ માટે એવી સુખી પરણેતર જીંદગીનો જમણો હાથ સદાનો ગુમ થવાથી, સર દીનશાહજી તથા તેવણનાં કુટુંબને કેવું દુઃખ ઉપજતું હશે, તેનો આપણે ખયાલ કરી શકયે છીયે. ગમે એવી આબાદ પઇસે પુર હાલત છતાં લેડી શાકરબાઇ મોટાઇ તથા ચઢીયાતાપણું શું તે જાણતાંજ ન હતાં. તેવણ સદાનાં સાદાં હતાં, ગમે એવાં ગરીબની સાથબી સરખીજ રીતે વરતતાં અને ગરીબનાં દુઃખમાં ભાગ લેવાને તથા પોતાથી બનતો હીસસો આપવા અપાવવાને સદા તઇયાર રહેતાં. પોતાનાં ફરઝંદોને પણ એ ભલાં બાઇએ એવીજ તરબીયત આપી હતી અને જે સદગુણો તેવણ ધરાવતાં હતાં, તેનો પમરાટ તો તેવણનાં મરણ પછી વધારે ખીલી નીકલશે અને એ ગયલી મોટી ખોટ માટે વધારે ગમગીની ફેલાવશે. લેડી શાકરબાઇ આગલ કોઇબી ગરીબ ખરેખરી હાજતમંદ બાઇ—પછી તે ગમે તે કોમની—જઇ ખાલી હાથે યા ઘટતા દીલાસા વગર કદી પાછી ફરી ન હતી. તેવણ નાણાંની, કપડાંચપડાંની યા અનાજ વગેરેની છુપી મદદો કરતાં હતાં, એટલુંજ નહી પણ પોતાની સારી સલાહથી, દુરઅંદેશીથી તેમજ અનુભવી શીખામણોથી કેટલાંક અંતર પડેલાં કુટુંબોને એખલાસવાલાં બનાવી, ભાગી પડેલા સંસારોને સાંધી આપવાનું પુન મેલવતાં હતાં અને તેવણની એ ભલાઇ આજે કેટલાંક સુખી થયલાં કુટુંબો હેશાંન સાથ યાદ કરી તેવણના રૂહ માટે દુવાઓ દેતાં હશે. એવા ભલા ખવાશથીજ કુદરતી વાચા વગરનાં જનાવરો તરફબી તેવણની મોટી દયા હતી, જે દયાની જાથુકની યાદગારી પરેલ ખાતેની જનાવરોની આસપીટલથી સચવાઇ રહેશે અને જે આસપીટલમાં એવાજ ઉતમ દયાલુ ખવાશથી એક વારડ ખુલ્લો મેલવાની કીરીયા નામદાર ગવરનર આવતાં અઠવાડયામાં કરનાર છે. એ આસપીટલ પાછલ હજારોની રકમ કાઢી આપવા ઉપરાંત બીજાં દયાલુ કામોમાંબી લેડી શાકરબાઇએ હજારોની રકમ આપીછે, છુપી હજારોની સખાવત કરીછે અને પોતાના જરતોસતી ધરમની જાલવણી માટે જે કરયુંછે તે તો જુદું. જરતોસતી ધરમને લગતું એકબી ફંડ, એકબી દોખમું યા અગીયારી યા ધંબાર વગેરેનું ફંડ લેડી શાકરબાઇની મદદથી નીરાલું નથી. કોણને વહાલી માતા બહુ પયારી હોતી નથી? લેડી શાકરબાઇએ પોતાની માતાનાં પુનને ખાતર ઇરાનીઓની ધરમશાલા માટે તેમજ ઇરાનના જરતોસતીઓની હાલત સુધારવા માટે હજારોની રકમો વખતેવખત આપી અપાવીછે.

પોતાના ધરમ તરફનો તેવણનો પયાર આસપાસનાઓની ખરેખરી વાખવાખી પાંમતો હતો, એ વખાણ કરનારાઓના બોલવા મુજબ પોતાના ધરમ તરફની એવી ઓસતવારીથીજ જાણે તે કીરતારે તેવણનાં સુખી ઘરમાં સઘલી પરકારની આબાદી ફેલાવી હતી. લેડી શાકરબાઇ પોતા પાછલ બે બેટા તથા છ બેટીઓ અને બાલગોપાલનું એક મોટું કુટુંબ મેલી ગયાંછે, જેઓના તેમજ તેવણના માનવંત પતીના હાલના ગમમાં

ભાગ લેતાં તરણ વરસની વાત ઉપર સર દીનશાહજીને મલેલા નાઇટના ખેતાબ વખતે તા૦ ૨૪ મી ફેબરવારી સને ૧૮૮૭ ના અમારા અંકમાં મી૦ બહમનજી બેહેરામજી પટેલ જે સખુનો એ ભલાં બાઇ માટે લખયા હતા તે આજે પાછા રજુ કરયે છીયે કે "એ સદ્દગુણી બાઇ પણ દયા, માયા, અને સખાવતી દીલગુરદામાં પોતાના નેક ખાવંદની બરોબરીયાં છે, અને લેડી શાકરબાઇ જેવી આપણા જંદ અવસતામાં દરશાવેલી એક ભલી ઓરતથીજ સર દીનશાહજીનાં ઘરને નેકબખતી છે એમ કહેવું અથવા લખવું કોઇપણ રીતે સહરાગાતભરેલું નથી."

મરનારનાં રવાંનને અવલમંજલ પહોંચાડવાની ગઇ કાલે પાછલા પોહોરના થયલી ક્રીયા વખતે પારસીઓની અસાધારણ મોટી મીજલસ એકઠી મલી હતી. સર દીનશાહજી હસતકની સઘલી મીલો બંધ હોવાથી એ મીલોના કામદારો મરનાર તરફનાં છેલ્લાં માન ખાતર "પીટીટ હાલ" થી તે દોખમાના મોટા દરવાજાવેર રસતાની બેઉ બાજુએ હારબંધ ઉભા હતા, જયારે ઓરત કામદારો મોટી સંખયામાં એ દરવાજાથી સર જમશેદજી રોડ ઉપર બેઉ બાજુએ ગંભીર ચેહેરે ઉભી હતી.

[જામે જમશેદ, તા૦ ૭ મી મારચ ૧૮૯૦]

5th March 1990.

Lady Sakerbai Dinshaw Petit.—As announced by us yesterday, Lady Sakarbai, the wife of our well-known citizen, Sir Dinshaw Manockjee Petit, Kt., died, on Wednesday night, at her residence at Malabar Hill, at the age of 54 years. Deceased had been suffering from diabetes for some ten years past, but it was not until last week that the worst symptoms exhibited themselves. The best medical aid was availed of, but her ladyship eventually succumbed to the effects of the long standing malady. Lady Sakarbai was the daughter of the late Mr. Framjee Panday, who had married a Persian lady named Gulbanu, who had then but recently arrived from Persia. She was the sister of the late Mr. Merwanjee Panday, whose name has become a household word among Parsees for his numerous and substantial charities. The deceased married Sir Dinshaw in the year 1837, the jubilee of that auspicious occasion being celebrated with great *eclat* by the couple about the same time as the Jubilee of the accession to the throne of her Majesty the Queen-Empress. Although Lady Sakarbai did not appear in public, she was known in her community for her munificent charities which she silently and unostentatiously dispensed among those who needed her support It is said that the deceased always encouraged Sir Dinshaw in his philanthropic actions.

The poor and destitute, particularly the female sex, never applied to Laly Sakarbai in vain Blessed with a gentle heart and kindly disposition, she gave away every month in charity a goodly sum out of her profusion of wealth. The deceased was a lady of strong and evident individuality, and was held in great esteem for her high and pure personality. She possessed much practical sagacity, and with financial she blended moral strength. Althuogh she was literally rolling in wealth, she preached and practised economy which she said was the daughter of prudence, sister of temperance, and the mother of liberality. She advised her relations and friends to be charitable, believing, as she did, that it

was only "the open hand that was filled the fullest" All who had the privilege of friendship with her—and they are not few—could testify to her warmth of affection, to her loyalty of friendship, to her unswerving integrity of purpose, and her simple but entire devotion to duty. It was with a view to commemorate the name of such a worthy lady that Sir Dinshaw gave about five years ago a large sum of money and buildings at Parel to Government for the foundation of a hospital for animals, which is now known as the Bai Sakarbai Hospital for Animals The deceased, who had as much regard for animals as for human beings, always took a keen interest in the hospital which bore her name.

THE FUNERAL

The funeral of the deceased lady took place yesterday, at 4 p m., from the residence of Sir Dinshaw at Malabar Hill. Long before that hour about two thousand Parsee ladies and three thousand gentlemen of the same community asssembled at the bungalow to pay their last respects to the deceased, as also to offer their condolences to Sir Dinshaw and his family. Six cotton mills—namely, the Manockjee Petit, Dinshaw Petit, Framjee Petit, the Mazagon, the Victoria and Gordon Mills—which are managed by Sir Dinshaw Petit and Sons, were closed yesterday as a mark of respect to the deceased, and about five thousand of these mill hands turned out to line the road along which the funeral cortege passed. The funeral was headed by Dustoor Peshotun Byramjee Sunjana and other high priests of the community, the chief mourners being Sir Dinshaw and his two sons, Messrs Framjee and Bomanjee, Mr. Nusserwanjee Manockjee Petit, and Sir Jamsetjee Jejeebhoy, Bart. About two thousand gentlemen followed the corpse on foot, preceded as they were by some six hundred priests. Lady Sakarbai's was the only carriage that was allowed to follow the funeral procession. The body of the deceased was consigned to the Tower of Silence at about 5 p. m. H. E. Lord Reay sent a letter yesterday to Sir Dinshaw expressing his profound sympathy with him in his sad bereavement Telegrams of condolence from all parts of India were also received yesterday by Sir Dinshaw. Mr Nusserwanjee Manockjee Petit, brother of Sir Dinshaw, closed the two Oriental Mills and the National Mill, of which he is the agent, out of respect to the memory of the deceased.

[*Times of India, 7th March* 1890.]

તા૦ ૭ મી મારચ.

રોજ ૨૨ માહ ૭ (ફ૦) ૧૨૫૯ યજદેજરદી.

કેખશરૂ મનચેરજી દાદીશેઠ—સુરતના જાણીતા બેરિસ્ટર મી૦ મનચેરજી દાદાભાઇ દાદીશેઠ બેરિસ્ટરના ૨૦ વર્ષની વયના જુવાન બેટા મી૦ કેખુશરો આગળે શુક્રવારે ત્યાંની મિર ગુલામ બાબા મિલના ચોકમાં આવેલા તળાવમાં ડુબી મરવાના દુખદાયક સમાચાર ફરી વળ્યાછે. મરનાર ઉપલી મિલમાં ઇંજ-નેરનું કામ શિખવા જતો હતો અને ઉપલે દિને બપોરે મિલના તળાવમાં નાહાવા ઉત-રતાં તે તેમાં ડુબી મુવો હતો. મરનારને ૨૦ મીનીટમાં બાહેર કાહાડી લાવવામાં આવ્યો હતો અને તબિબોની દરેક સારવાર છતાં પાછો શુધ્ધિમાં નહી આવતાં થોડા વખતમાં મરણ પામ્યો હતો.

[રાફત ગોફતાર, તા૦ ૧૧ મી મારચ ૧૮૯૦.]

તા૦ ૮ મી મારચ.

રોજ ૨૩ માહ ૬ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

એદલજી રતનજી, પુણાંના—

મરણ—પુનાના એક પુરાણા રહેવાસી મી૦ એદલજી રતનજીના ૮૫ વરસની ઉમરે ગયા સનીવારે નીપજેલાં મરણની ખબર આપતાં "પુના આબઝરવર" જણાવેછે કે અગાઉ જયારે ટાંગા તથા ફેટન ન હતી, તયારે પુનેથી સતારા યા મહાબલેશવર જનારાઓને "પાલખી ડાક" તેવણ પુરો પાડતા હતા, જે કામ વરસોવેર ચલાવવા પછી "પાલખી ડાક"ની અગવડ કહાડી નાંખી, ટાંગા તથા ફેટન થતાં તેવણ એ કામથી રીટાયર થયા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૧ મી મારચ ૧૮૯૦.]

8*th March* 1890.

EDULJEE RUTTONJEE, OF POONA.—We regret to announce the death of Mr. Eduljee Ruttonjee at the ripe age of 85 years at the residence of his son Mr. Pestonjee Eduljee, which melancholy event took place on Saturday last. The deceased had supplied Palkee Dawks for many years between Poona and Mahableshwar to visitors at Poona Hill Station and vice, versa—but since Phaetons and Nibs were brought into use between Poona and Sattara and Kelghur the supply of Palkee Dawks was discontinued and the deceased then retired from the business. He leaves a large family to mourn his loss. One of his sons, Mr. Pestonjee Eduljee, is at present a Steward of the *Western India Club*.

[*Poona Observer*, 10*th March* 1890.]

તા૦ ૧૦ મી મારચ.

રોજ ૨૫ માહ ૭ (ક૦) ૧૨૫૯ યજદેજરદી.

દાદાભાઈ રૂસતમજી બનાજી—અતરેના એક પુરાતમ ગ્રહસ્થ શેઠ દાદાભાઇ રૂસ્તમજી બનાજી કે જેવણે અરધી સદીની વાત ઉપર ચીન મધે મોટી જાહોજલાલી ભોગવી એક શાહ વેપારી તથા સોદાગર ગણાતા હતા તેવણ ગયા શોમવારે પોતાની ૭૯ વરસની બુજરગ વયે સરૂશતીના અચલ નીયમ પ્રમાણે અસ્ત અને ઉદય એ બંધે પુરતાં ભોગવી સ્વરગવાશી થયાછે. એ મરહુમ શેઠયાનો જનમ મુંબઇ મધે તા૦ ૩ જી મારચ ૧૮૧૧ ને દીને થયો હતો. એવણના બાવા કલકતાવાલા મરનાર રૂસતમજી કાવશજી બનાજીનાં નામ તથા ભોભા તથા જાહોજલાલી વીશે અમારા ઘણા વાંચનારાઓએ સાંભલ્યું હશે. મરનાર શેઠ દાદાભાઇ તેવણની સહાયતા હેઠલ પોતાની ૧૬ વરસની વયે સને ૧૮૨૭ માં પેહલવેહલા ચીન ગયા હતા, અને ત્રણ વર્ષ ત્યાં રહી ૧૮૩૦ મા પોતાના નાધલા ભાઇ તે કલકતાવાલા હાલના બુજરગ તથા નામીચા શેઠ માણેકજી રૂસતમજી બનાજી સાથે તે તરફ એક વ્યાપારી પેહડી ઉંઘાડી હતી. ત્રણ ચાર વર્ષમાં એમની પેહડીએ મુંબઇ તથા કલકતા સાથ ધમધુકાર વ્યાપાર ચલાવી મોટી આંટ તથા દોલત મેલવી હતી, અને ૧૮૩૪ માં તો શેઠ દાદાભાઇ ચીન મધે પારસીઓમાં સર્વેથી આગેવાંન વ્યાપારી ગણાતા હતા. ત્યાંના હાંગ મરચંટોને જયારેબી ભ્રીતિષ તેમજ પરદેશી વ્યાપારીઓ સાથે વાંધા ઉઠતા ત્યારે પરદેશી વ્યાપારીઓના વડા તરીકે એવણને વચે નાખતા, તથા "કાનસુ હાઉસ" માં એવણને બોલાવી સર્વે બંદોબસ્તો એમની મારફતે કરાવતા હતા. પેહલવેહલા ચીનાઇ સરકાર તથા ત્યાં વ્યાપાર કરતા પરદેશી વ્યાપારીઓ જેઓમાં ઇંગ્રેજ, ફ્રેંચ, અમેરીકન, ડચ, તથા પારસીઓ મુખ્ય હતા તેમના વચે અફીમનો વ્યાપાર બંધ કરવાના સંબંધમાં ૧૮૩૪

માં વાંધા ઉઠયા હતા, અને તેનું કાંઇક સમાધાંનીથી તુરતવેળા સેવટ આવ્યું હતું.

આ વેળાથીજ ત્યાંના મજકુર પરદેશી વ્યાપારીઓએ પોતાનો ભેગો અવાજ કાંઇ મુશકેલી વખતે કાઢવાને એક "ચેમબર ઑફ કામરસ" સ્થાપવાની હીલચાલ કરવા માંડી હતી, અને તેમાં મુખ્ય આગેવાની મરનાર શેઠ દાદાભાઇએ લીધી હતી તથા ૧૮૩૬ ના નવેમબર માસમાં તે ચાલુ કરી જ્યાંસુધી ચીનમાં રહયા ત્યાંસુધી તેની કમીટીના એક અધીકારી હતા. વળી ૧૮૩૪ માં વ્યાપારના વાંધાઓની ઉપલી સમાધાંની થાઇ તેની ખુશાલીમાં ચીનના સર્વે પારસી વ્યાપારીઓએ એવણની આગેવાની હેઠળ ૪૦૨૯) ડાલરનું એક ફંડ કરી તેનાં વ્યાજમાંથી ઉદવાડાના ગરીબ મોબેદો તથા બેહદીનોને દર વરસે રોકડ અથવા અનાજ વેંહચી આપવાને તે રકમ અતરે શેઠ વીકાજી મેહરજી ઉપર મોકલી હતી, અને તે શેઠે પછવાડેથી તે પંચાતનાં ફંડમાં જુદું ખાતું પડાવી સ્વાધીન કીધી હતી. ૧૮૩૯ માં વળી ચીનાઈ સરકારે એકદમ અફીમનો વ્યાપાર બંધ કરી કંતાનનાં શેહર તથા બારાંમાં પડેલું સઘળું અફીમ બાળી નાખવાનો હોકમ કાઢયો. આથી પરદેશી વ્યાપારીઓમાં મોટો ગભરાત ઉપજયો. તેઓએ ચીનાઇ સત્તાવાળાઓને દમપર દમ ઘણી આજીજીથી અરજીઓ કીધી કે એ સંઘું અફીમ કાંઇ અમારૂં નથી. તે હમારા હિંદુસ્થાંનના આડતીઆઓનું છે. વાસ્તે તેમનો હોકમ અમોને મળવા દેવો જોઇએ. પણ ચીનાઇ અમલદારોએ કાંઇ તે સાંભલયું નહી, અને સર્વે પરદેશી વ્યાપારીઓને નજરકેદ કીધા તથા તેમના ચીનાઇ નોકરોને છીણવી લઇ મકાઉ અને કંતાનમાં બાહેરગામથી આવતી ખોરાકી અટકાવી. આ વખતે મરનાર શેઠ દાદાભાઇએ સર્વે પરદેશી વ્યાપારીઓને ઘણી મદદ આપી હતી, તથા પોતાને ત્યાં ભરી રાખેલી ખોરાકી, અશબાબ, વગેરે છુટથી વાપરવા દીધું.

આવો મામલો જોઇ બ્રિતિષ વ્યાપાર ખાતાંના વડા મી૦ ચારલસ ઇલીઅટે પરદેશી વ્યાપારીઓના જાનનો બચાવ થાય એવા ઇરાદાથી સઘળું અફીણ શરણ કીધું, અને ચીનાઇ સરકારે ૨૩) કરોડને આશરેની પટના, બનારસ, અને માલવા અફીમની ૨૦૨૮૩ પેટી યાહોમ બાલી નાખી. અને મરનાર મી૦ દાદાભાઇની જાહોજલાલીનો એટલાંથી ખયાલ આવશે કે એ બાલી નાખેલી પેટીઓમાં વખણાયલી મેસરસ જારડીન મેથીસનની પેહેડીની ૪૦૦૦ તથા એટલીજ પેટીઓ મેશરસ ડેનટની કુંપનીની, તેમજ પારસીઓમાં મોટી રકમ ઇયાને ૧૦૦૦ પેટી મરનાર મી૦ દાદાભાઇ બનાજીની હતી. બરીટીશ વેપારીઓએ લારડ પામરસટનની સરકાર ઉપર ઇંગલંડ અરજી મોકલી. પરધાન મંડલે મી૦ એલીયટને તેની નબલાઇ માટે—ચીનાઓની માંગણીને શરણ થવા માટે—પાછો બોલાવી લઇ સર હેનરી પોટીનજરને તેની જગાએ મોકલયો અને એ અપમાન માટે ચીન સામે લડાઇ ઉઠાવી. એ લડાઇમાં બરીટીશોની ફતેહ થઇ હતી અને તેનાં પરીણામ તરીકે હાંગકાંગ ઇંગરેજોને મલયું, કેટલાંક ચીનાઇ બારાંઓ વેપાર માટે ખુલ્લાં મેલાયાં અને બાલેલાં અફીમના પુરતા બદલા દાખલ માલવા અફીમની પેટી દીઠ ૩૫૦૦ અને પટણા અફીમની પેટી દીઠ ૩૬૦૦ મી૦ દાદાભાઇ તથા સઘલા બરીટીશ વેપારીઓને અપાવ્યા. એ લડાઇને લગતો અસબાબ વગેરે મોકલવા હીંદી સરકારે કલકતેથી જે મોટો કાફલો માંડયો હતો, તેમાં ૧૫ વહાંણો મરહુમ રૂસતમજી કાવસજી બનાજી તથા તેમના મજકુર બે બેટાઓના ચારટર કરયાં હતાં અને તેના ખરચને પેટે મી૦ રૂસતમજીએ દર મહીને રૂ૧૧૫૦૦૦ લડાઇની આખેરી સુધી સરકારી તીજોરીમાંથી ઉપાડયા હતા. એ રીતે ચીન મધે એવણ એક આગેવાન વ્યાપારી તથા શેહરી તેમજ હાંગકાંગ મધે

ઉંધડેલી નવી બ્રિટિષ અદાલતમાં ગ્રાંડ જુરીના એક અધિકારી હતા.

૧૮૩૯ ના જુન માસથી મરહુમે પોતાના મશીઆઇ શેઠ મેહરવાનજી જીજીભાઇને પોતાની પેહડીમાં ભાગયા કરી તે પેહડીનું નામ "દાદાભાઇ અને માણેકજી રૂસતમજીની કું૰" કરી આપ્યું. ૧૮૪૩ મા એવણ કલકતે થઇને મુંબઇ આવ્યા, અને અતરેની નામીચી મેશરસ વીલ્યમ નીકલની કું૦માં બ્રોકર થયા, તથા એજ સાલમાં અતરેની ચેમબર ઑફ કામરસની કમીટીના એક અધિકારી નેમાયા. ૧૮૪૫ માં એવણનાં પેહલાં ધણીઆણી બાઇ માણેકબાઇ તે મરહુમ શેઠ ફરાંમજી કાવસજી બનાજીના બેટીનાં મરણ વખતે એવણે તથા શેઠ ફરાંમજીએ મલી બનાજીનાં આતશબેહરાંમને લગતું કદમી બાહંબારનું ફંડ ઉભું કીધું હતું, તથા એજ શાલમાં ચીનની જરતોશની અંજુમનનું જે ફંડ ઉભું થયું તે પણ તે તરફની એવણનીજ પેહડી હસ્તકથી થયું હતું. એજ શાલની તા૦ ૧૩ મી ડીશેમબરે એવણે પોતાના કાકાઓ શેઠો ફરામજી તથા ખરશેદજી કાવસજી બનાજીની સાથે મળી કરેલવાડીનું મરહુમ કાવસજી બેહરામજી બનાજીનાં નામનું આતશબેહરાંમ પરકાવ્યું હતું અને તેના શેવટ સુધી એવણ એક મુતવલી હતા. ૧૮૪૬ માં અતરે ઓરી-એંટલ બેંક તથા સ્ટીમ નેવીગેશન કુંપની સ્થાપવામાં એવણની આગેવાની હતી. ૧૮૪૮ માં કલકતાની યુનીયન બેંક ભાગાથી એઓ-ની ચીન તથા મુંબઇની પેહડીને મોટું નુકસાન થયું હતું, અને તેથી એજ સાલની તા૦ ૧ લી જુલાઇથી તેઓને પોતાનો વહી-વટ બંધ કરવો પડયો હતો. એ પછી બે ત્રણ વરસે પાછો વ્યાપારમાં પાસો ફેંકવાની એવણે કોશેશ કીધી, તથા ૧૮૫૧ માં અતરે નવી નીકલેલી મેશરસ ગાલબરેઠ પેરી એંડ કું૦ના બ્રોકર થયા, પણ તે સઘળું ફોકટ. આગલો જાહોજલાલીભરયો વખત કદી પાછો ફરયો નહી, અને એ રીતે ૧૬ વર્ષની ઉમરે વ્યાપારી જીંદગી શરૂ કીધી તે ૨૧ વર્ષ વેર જાહોજલાલી તથા ૪૨ વર્ષ વેર પડતી ભોગવી આખરે આ દુનીયાથી પોતાનો અશબાબ ઉઠાવ્યોછે. તેઓની જીંદગી ચહડતી પડતીનો એક આછો દાખલો રજુ કરેછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી મારચ ૧૮૯૦.]

10*th March* 1890.

Dadabhoy Rustomjee Banajee.—As announced by us a few days since Mr. Dadabhoy Rustomjee Banajee, a well-known member of the Banajee family, died on the 10th inst. at the advanced age of 79 years. Although Mr. Dadabhoy was not much known to the present generation, he was a conspicuous figure several years ago in Bombay, being one of the most wealthy merchants of this city. The deceased also distinguished himself by rendering loyal and valuable services to the British Government during the time when, they were at war with China

Mr. Dadabhoy belonged to one of the oldest Parsee families in Bombay, namely, the Banajee family, whose name has been indissolubly connected with the Framjee Cowasjee Banajee Institute, which was a fitting memorial raised to perpetuate the name of a man who was one of the greatest benefactors of the city in those days. In his young days, Mr. Dadabhoy carried on extensive trade under the auspices of his father, the late Mr. Rustomjee Cowasjee, and by dint of energy, enterprise, and, above all, honesty of purpose, established for himself a reputation in commercial circles which it is the good fortune of a few to attain. His wealth may be imagined from the fact that during the heyday of his prosperity,

he had become the owner of about thirty magnificent sailing vessels, which were chiefly opium clippers sailing under the British flag. The deceased was at China at the time when the British Government were at war with the Chinese power. In those disastrous times, when trade was utterly paralyzed, the Chinese Government had adopted all sorts of measures to prevent the supplies of provisions reaching the British Officers, and had issued an ukase that no Chinaman should serve the British in any capacity on pain of death. At that time Mr. Dadabhoy at great risk to himself lent the services of his Parsee clerks and servants to the British officers as well as to a number of his English friends residing in Canton. The late Right Honourable William John Lord Napier, her Majesty' Plenipotentiary at China, was one of those against whom the Chinese Government had issued a proclamation that food and other supplies should be cut off, but Mr. Dadabhoy. who lived next door to his Lordship's factory, quietly provided the necessary supplies and rendered every possible assistance to the British officers which they needed in the troublous time of 1839-40. It was in the same year that an order was issued by the Government of the Celestial Empire that the opium in possession of the British and other foreign merchants in Canton should be delivered up for the purpose of being destroyed, and until they did so they were to be treated as prisoners of State, kept as they were under the immediate surveillance of Chinese troops, the harbour of Canton being guarded by the Chinese men-of-war. It was in pursuance of that order that 20,283 chests of opium, of the aggregate value of about four crores of rupees, were delivered through Mr. Charles Elliott, Superintendent of British Trade to the Chinese Government Mr. Dadabhoy, who was known to have open sympathy with the British, was treated as one of the State prisoners, and opium of the value of about twenty lakhs of rupees belonging to his firm was confiscated under the terms of the decree. Nothing daunted, the deceased by way of further assisting the British, who needed a few sailing vessels, placed at their command one of his largest and fast-sailing clippers the Mermaid, under command of Captain Robert Wallace, as would appear in the following notification issued at the time; " Now to require that all the ships of her Majesty's subjects at the outer anchorages should proceed forthwith to Hongkong, and hoisting their national colours be prepared to resist every aggression upon the part of the Chinese Government. And in the absence of Captain Blake, of her Majesty's sloop Larne, Captain Perry, of the ship Hercules, will make the necessary disposition for putting the ship in a position of defence, and in the absence of Captain Perry, the duty will devolve on Captain Robert Wallace, of the ship Mermaid." Mr. Dadabhoy's firm rendered further assistance to the British Government by placing at their disposal at short notice a number of their vessels for transport service during the continuance of the Anglo-Chinese war. While the deceased was at Hong-kong, he constructed a magnificent building intended for the purposes of

a residence and office for himself on a site close to the seashore. When Hongkong was ceded to the British, there was not a suitable place where her Majesty's Plenipotentiary and the Imperial High Commissioner could be accommodated, and Mr. Dadabhoy, instead of occupying himself the new mansion placed it at the disposal of Government, which the latter accepted with acknowledgments of Mr. Banajee's liberality in that direction, Mr. Dadabhoy came to Bombay from China in 1843 and settled here ever afterwards. He was appointed a member of the Grand Jury, and some time afterwards he acted as Consul in this city for Muscat. He was for some time a director and trustee of the defunct Oriental Bank Corporation, his firm in China being agents for the Bank in Hongkong. He had also acted as broker to the late firms of Messrs. W. Nicol & Co., Macivor, Burn & Co. and several other leading firms in Bombay. He had taken an active part in opening the P. & O. Company's establishment in Bombay, and was the first merchant to ship opium in their vessels, and had even acted as agent for that Company for a short time in Bombay. He was a member of the Bombay Association, and he was also a Commissioner appointed to try and dispose of petty cases at the late Court of Requests. He was a member of the Bombay Chamber of Commerce and director several Marine Insurance Offices, besides being one of the directors of the Colaba Press Company. He was one of the promoters and directors of the Bombay Steam Navigation Company, and agent in Bombay for the Port Canning Company, and was also a delegate of the Parsee Chief Matrimonial Court. Mr. Dadabhoy was, like his late father, known for his benevolence. He had given large sums of money towards various charitable and religious institutions, which are still extent among the Parsees. He was Vice-Consul for Persia, and had acted about three years ago as Consul-General of that place during the temporary absence of the gentleman who held that high office.

[*Times of India*, 15*th March* 1890.]

તા૦ ૧૫ મી મારચ.

રોજ ૩૦ માહ ૭ (૬૦) ૧૨૫૯ યજદેજરદી.

બચુબાઈ તે દાદાભાઈ રૂસ્તમજી બનાજીનાં ધણીઆણીની—મરહુમ શેઠ દાદાભાઇ રૂસ્તમજી બનાજીનું મરણ હજી તો અમે અમારા આજના અંકમાં નોંધ્યું છે, તેટલાંમાં જણાવવાને દુઃખ ઉપજે છે કે એ આગલા વખતના અકાબરની વિધવા ગઇ કાલ દિને મરણ પામ્યાં છે. શેઠ દાદાભાઇ ગયા સોમવારને દિને ગુજરયા પછી તેમની આ વિધવાએ તેવણુનો એટલો ગમ પકડયો હતો કે ખાવા પીવાનું સઘળું છોડી દીધું હતું અને ધણીનાં મરણ પછી પાંચમેજ દાહડે ધણીયાણીએ પોતાની દેહનો ત્યાગ કીધો છે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૬ મી મારચ ૧૮૯૦.]

15*th March* 1890.

Bachubay, widow of Dadabhoy Rustomjee Banajee.—We regret to hear of the death of Bai Bachubai, wife of Mr. Dadabhai Rustomjee Banajee, and daughter of Mr. Cursetji Cowasji Banaji, so very soon after her husband's death.

[*Indian Spectator*, 16*th March* 1890.]

તા૦ ૧૭ મી મારચ.

રોજ ૨ માહ ૭ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

પેશતનજી દાજીભાઈ ઉનવાલા—મી૦ પેસતનજી દાજીભાઇ ઉનવાલાના ગયા સોમવારે રાતના ૬૩ વરસની ઉમરે મરણ નીપજવાની નોંધ લેતાં દલગીરી ઉપજેછે. એ મરનારનો આગલા વખતમાં મુંબઇના દેશી છાપા સાથે સારો સંબંધ હતો. તેવણે એલફીનસટન ઇનસટીટયુશનમાં કેલવણી લીધી હતી, અને "પારસી પરકાશ" ઉપરથી જણાયછે કે છેક ઇ૦ સ૦ ૧૮૫૦ માં એવણે ગ્નાન પરસારક મંડલીમાં "લખવા તથા છાપવાના હુનરથી થતા ફાયદા" વીશે ભાશાંણ કરયું હતું. એજ સાલમાં સટુડંટસ લીટરરી સોસાયટીમાં એવણે હીંદુસતાનમાં બાલલગનના ગેરફાયદા તથા ૧૮૫૧ માં માબાપની ફરજો વીશે બે નીબંધ ઇંગરેજીમાં વાંચયા હતા. ઇ૦ સ૦ ૧૮૫૧ નાં મુંબઇનાં હુલડ વખતે એવણ મુંબઇ સમાચાર પતરના અધીપતી હતા, અને એ હુલડને લગતી સઘલી નોંધોનું ઇંગરેજીમાં એવણે એક ચોપાનયું છપાવી પરગટ કીધું હતું. અને ૧૮૫૩ માં એવણે બચાંઓની સંભાલ તથા માવજત કેવી રીતે કરવી તે વીશે "ચેમબરસ મીસેલેની"માંથી ગુજરાતીમાં તરજુમો કરી તેનું એક પુસતક બાહેર પાડયું હતું. ૧૮૫૬ માં એવણ અતરે નીકલતાં સમાચાર દરપણ પતરના અધીપતી હતા તથા એજ સાલમાં "જગત વરણન" નામનું એક માસીક ચોપાનયું જે ઓરીએંટલ છાપાખાનામાંથી ફકત છ માસજ બાહેર પાડવામાં આવયું હતું તેના પણ એવણ અધીપતી હતા. એજ સાલમાં અતરે "બોંબે ટેમપરંસ યુનીયન" ને નામે છાકટપણાનો અટકાવ કરવા એક મંડલી ખાનબાહાદુર મેહેરામજી દાદાભાઇ રેજીઆરની આગેવાની હેઠલ ઉઘાડવામાં આવી હતી તેના એવણ પણ એક કારોબારી હતા. ૧૮૫૭ ના જાનેવારી માસથી મરનાર મી૦ પેસતનજીએ સમાચાર દરપણ છાપાખાના મધેથી મી૦ સી. જે. હાસલાંમે ખરીસટી મહજબની સામે સઘલા વરગના પાદરીઓ જોગ લખેલાં કાગજોમાંનાં ૧૭ પતરોનો ગુજરાતીમાં તરજુમો છુટાં છુટાં ચોપાનયાંના આકારમાં બાહેર પાડયો હતો. એજ સાલની આખેરીએ એવણે થોડાક માસ સુધી આ જામે જમશેદ પતરના અધીપતીનું કામ પણ ચલાવયું હતું. ૧૮૫૮ માં અતરે કસરતશાલા સથાપક મંડલી સથાપવામાં એવણ પણ મરનાર મી૦ મેહેરવાંનજી ભાવનગરીની સાથે શામેલ હતા અને એ મંડલીના પેહલા સેકરેટરી મી૦ નાનાભાઇ રૂસતમજી રાણીના ની પછી ૧૮૫૯ના મારચથી તે ૧૮૭૨ ના મે સુધી ૧૩ વરસવેર એવણ તે મંડલીના આનરરી સેકરેટરી હતા. ૧૮૬૪માં એવણ થોડાક માસ કોઇ વેપારી પેહેડી તરફથી ચીન ગયા તયારે કસરતશાલાના કારોબારીઓ તથા મીજલશીઓ તથા વીદયારથીઓએ મલી એમને રૂ૧૫૦૦ ની એક "પરસ" તથા રૂપાંનું એક ઘડયાલ ભેટ આપયું હતું. ૧૮૭૧ થી હમણાવેર એવણ રાહનુમાએ માજદીઅસના સભાના સેકરેટરી તથા આજ કેટલાંક વરસો થયાં નેટીવ જનરલ લાઇબરેરીના ખજાંચી હતા. ઉપલાં જાહેર કામો ઉપરાંત મરનાર મી૦ પેસતનજી સરકારી નોકરીમાં અતરેનાં પબલીક વરકસ ખાતાંમાં આસીસટંટ સુપરીનટેનડંટ હતા અને પોતાના હક છતાં બીજાને ચહડતો ઓધો મલવાથી તેવણે તા૦ ૧ લી ડીસેમબર ૧૮૮૪ થી પેનશન લઇ ઓધો છોડયો હતો. એમનાં માનને ખાતર ગઇ કાલે મેદાનમાંની કસરતશાલા તથા નેટીવ જનરલ લાઇબરેરી બંધ રાખવામાં આવયાં હતાં.

[જામે જમશેદ, તા૦ ૧૯ મી મારચ ૧૮૯૦.]

17*th* *March* 1890.

PESTONJEE DAJEEBHOY OONWALLA.—We regret to announce the death of Mr. Pestonjee Dajeebhoy

Oonwalla, a Government pensioner, which took place on Monday evening at the age of 62 years. The deceased was an honorary secretary of the late Bombay Gymnastic Institution, now known as the Sir Dinshaw Manockjee Petit Gymnastic Institution, from 1859 to 1872, and did all he could during his long connection with the instiution to improve the physique of the rising generation among his coreligionists. He was also associated with Mr. K. R. Cama and the late Mr. Nowrozjee Furdonjee in the promotion of certain religious reforms among the Parsees, and was the honorary secretary of a society established for that purpose from the year 1871 up to the time of his death. As editor of a Gujrati journal, and an author of several treatises on the Parsee religion, Mr. Pestonjee in his young days had done much for the amelioration of the condition of his Parsee brethren. He was also an honorary treasurer to the Native General Library, the duties of which responsible office he had discharged with zeal and ability for the last ten years. The Sir D. M. Petit Gymnastic Institution and the Native General Library were closed yesterday out of respect to the memory of the deceased. Mr. Pestonjee was known for his independence of character and honesty of purpose, and the high esteem in which he was held by his community was testified to by the large number of his coreligionists who attended the funeral yesterday.

[*Times of India*, 19*th March* 1890.]

તા० ૧૨ મી આપરેલ.

રોજ ૨૮ માહ ૭ (શે०) ૧૨૫૯ યજદેજરદી.

બેહરામજી નશરવાંનજી ગજધર—કલકતાના આગલા જાણીતા વેપારી મી० બેહેરાંમજી નશરવાંનજી ગઝદર, જેવણ થોડુંક થયું પોતાનાં કુટુંબ સાથ આશાયશ ભોગવવા માટે પાછા મુંબઇ આવી વસયા હતા, તેવણ નજદીક અચબુચ ગયા સનીવારે બપોરના પર વરસની ઉમરે મરણ પામયાછે. મરનાર મી० બેહેરામજીએ એલફીનસટન ઇનસટીટયુશનમાં તે વખતને બરની સારી કેલવણી લીધી હતી અને "કલેર સકાલર" નું માન સને ૧૮૫૭ ના વરસમાં મેલવયું હતું, જે માનમાં તેવણના બીજા ગોઠયાઓ મેસરસ ફરામજી સોરાબજી ભરૂચા, મનચેરજી ખરશેદજી રતનાગર, બેહેરામજી ભીખાજી કાંગા, ફરામજી દોરાબજી બાધુરજી, વગેરે હતા. આપણી જાણીતી "ફોરટ રીડીંગ રૂમ એંડ લાઇબરેરી" સથાપવામાં તેવણે આગેવાન ભાગ લીધો હતો અને કેટલોક વખતવેર તેના કારોબારી તરીકે રહયા હતા. એ પછી તેવણ કલકતે ગયા હતા અને એક સારા વેપારી તરીકે તયાં સારો મરતબો મેલવયો હતો. તેવણ કલકતામાં ધાતુઓનો મોટા પાયાનો વેપાર ચલાવતા હતા, જે વેપારમાં તેવણ તયાં આગેવાન ગણાતા હતા. તેવણે પોતાની બેટીઓને પણ કલકતામાં સારી કેલવણી આપી હતી અને એક મીસ બેહેરામજી ગઝદરે કલકતાની યુનીવરસીટીની મેટરીકયુલેશનની પરીક્ષા પસાર કરીછે. તેવણે વેપારને અરથે ચીન તથા ઇંગલંડની મુલાકાત લીધી હતી. તેવણનો વડો બેટો થોડાંક વરસની વાત ઉપર ચીનમાં મરણ પામયો હતો.

[જામે જમશેદ, તા० ૧૪ મી આપરેલ ૧૮૯૦.]

તા० ૧૭ મી આપરેલ.

રોજ ૩ માહ ૮ (શે०) ૧૨૫૯ યજદેજરદી.

બહમનજી ડોશાભાઇ મુનશી—મુંબઇના આગલા જાણીતા અથોરનાન અકાબર શેઠ ડોસાભાઇ સોરાબજી મુનશીના નાના

બેટા મી૦ બમનજી ડોસાભાઇ મુનશી ગઇ ૫રમ દીને રાતનાં ૬૫ વરસની ઉમરે હક થયાછે. એ મરહુમ ગરહસથ પણ પોતાના બાપની માફકજ ફારશી ભાશામાં ઘણા કુશલ હતા, તથા આરબી અને હીંદી ભાશાઓનું પણ સારૂં ગ્નાન ધરાવતા હતા. ઇસટ ઇંડયા કંપનીનો પટો બદલાય તે વેલાએ હીંદુસતાનની રઇયતને તથા ઇંગરેજ સરકારને ફાયદો થાય એવી કેટલીક સુચનાઓનું ઇંગરેજીમાં એવણે એક ચોપાનયું ઇ. સ. ૧૮૫૩ માં પરગટ કીધું હતું. ૧૮૫૮ માં મહારાણીએ હીંદુસતાનનું રાજ પોતાને હસતક લીધું તે વેલાએ તેની તારીફમાં એવણે કેટલાક ફારશી બેતો જોડયા હતા, તથા એજ મુજબ જુદા જુદા અવસરો ઉપર એવણે ફારશી બેતો જોડી છપાવી પરગટ કીધા હતા. પોતાના મરહુમ પીતાની બનાવેલી કેટલીક ચોપડીઓ એવણે પાછી છપાવી પરગટ કીધી હતી, ઘણાક લશકરી તથા સનદી ઇંગરેજ અમલદારોને એવણે ફારશી ભાશાની તાલીમ આપી પરીક્ષા પસાર કરાવી હતી, જેઓએ મરનારની મેહેનતની પીછાણ કરનારી આપેલી સરટીફીકેટોથી આશરે ૫૦ પાનાનું એક ચોપાનયું ભરાયુંછે.

[જામે જમશેદ, તા૦ ૧૯ મી આપરેલ ૧૮૯૦.]

તા૦ ૧૨ મી મેએ.

રોજ ૨૮ માહ ૮ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

દોરાબજી શાપુરજી ઉમરીગર, ભાવનગરવાલા—

ભાવનગર, તા૦ ૨૦ મી મે ૧૮૯૦.

ભાવનગરની જરતોસ્તી અનજુમનના એક લાયકીવાળા અકાબર શેઠ દોરાબજી શાપુરજી ઉમરીગર તા૦ ૧૨ મી મે સને ૧૮૯૦, રોજ ૨૮ મો જમીઆદ માહા ૧૦ મો આવાં અરદીસુરે હક થયા, જેથી ભાવનગરની પારસી અનજુમનને બહુજ દલગીરી પેદા થઇછે. મરનાર અત્રેના જાણીતા વેપારી હતા, અને પોતાના સાદા સ્વભાવ, ઉદાર દીલ અને સભ્યતાથી હીંદુઓમાં તેમજ જરતોસ્તીઓમાં તેઓ બહુ લોકપ્રીય હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૫ મી મેએ ૧૮૯૦.]

તા૦ ૨૦ મી મેએ.

રોજ ૬ માહ ૯ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

શેહરીઆરજી પેશતનજી ગાંધી, ભરૂચના—ભરૂચ ખાતે મી૦ શેહેરયારજી પેસતનજી ગાંધી નામના ૯૯ વરસના એક બુઝરગ પારસીનું મરણ ગઇ તા૦ ૨૦ મી મેને દીને નીપજયું હતું.

[જામે જમશેદ, તા૦ ૩૦ મી મેએ ૧૮૯૦.]

તા૦ ૨૬ મી મેએ.

રોજ ૧૨ માહ ૯ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

માણેકજી રતનજી પટેલ, શીગનપોરાઆ—

સુરત, તા૦ ૨૭ મી મે.

સુરત ડીસ્ત્રીકટના ચોરાસી તાલુકામાં આવેલા સીગનપોરના વતની શેઠ માણેકજી રતનજી પટેલ પગે રસ ઉતરવાથી તથા પાંચ સાત દીવસની તાવ વીગેરેની માંદગી ભોગવી ગઇ કાલે સવારે પોતાની આશરે ૬૫ વરસની ઉમરે સીગનપોરમાં ગુજરી ગયા હતા. તેમનાં મરણથી ગામ મજકુરમાં તથા સુરત અને કેટલાએક દેશાવર ખાતેના તેમના મીતરોમાં દલગીરી ફેલાઇછે. મરનાર પેહેલાં ગરીબી અવસથામાં હતા. તેઓ પોતાનો બાપીકો તાડીનો ધંધો કરતા હતા. બાદ તેઓ કેટલાંએક વરસોવેર એડન જઇ તયાં બોહોલો વેપાર ચલાવી તયાંના લોકોમાં નામ કહાડી સારૂં નાણું એકઠું કરી થોડાં વરસ થયાં પોતાના ગામ સીગનપોર ખાતે એકાંતવાસ કરયો હતો. મરનાર શેઠ માણેકજીએ પોતાનાં ગામ સીગનપોરમાં એક ધરમશાલા બાંધી તેમજ નસેસાલારનું ફંડ સથાપી તેમાં મોટી રકમ ભરી હતી. વલી સીગનપોરની બીસમાર અગીયારીની મરામત કરાવી તેમાં

કીરયાકામ તેઓએ આશ્રય આપી જારી કરાવયુંછે. ચોરાસી તાલુકાના વેસુ ગામમાં તેઓએ ગયે વરસ એક આદરાન બંધાવી ગામના જરતોસતીઓને સવાધીન કરયું હતું. એ ઉપરાંત બીજાં કેટલાંએક ધરમનાં કામમાં તેઓએ સારી મદદ આપી હતી. મરનાર મીલનસાર, નેક ખસલત, ભોલા દીલના અને લોકોને સારી સલાહ આપનાર હતા. તેમની પાયદસ્તે સીગનપોર ગામ સીવાય વેસુ, ખજોદ, ઉમરા, ડુમસ, રાંદેર અને સુરત શેહેરના ઘણા પારસીઓ ગયા હતા.

[જામે જમશેદ, તા૦ ૨૯ મી મેએ ૧૮૯૦.]

તા૦ ૩૧ મી મેએ.

રોજ ૧૭ માહ ૧૦ (ક૦) ૧૨૫૯ યજદેજરદી.

કાવશજી જહાંગીરજી ભમગરા—

સુરત, તા૦ ૩ જી જુન.

અતરેના વતની અને સાગરના એક યુરોપ શોપકીપર મી૦ કાવશજી જહાંગીરજી ભમગરા સાગરમાં મરણ પામયા.

[જામે જમશેદ, તા૦ ૫ મી જુન ૧૮૯૦.]

તા૦ ૧ લી જુન.

રોજ ૧૮ માહ ૯ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

જહાંગીરજી બરજોરજી વાછા—પેહલવેહલી પારસી સુધારાવાળી ટોળીમાંના નરો એક પછી એક આપણને છોડી ચાલતા થાયછે. મી૦ નવરોજજી ફરદુનજીનાં દુખદાયક મરણ પછી તેમની અનેક પ્રકારની જીંદગીની જગા હજી સુધી ખાલી પડેલી રહીછે, ત્યારે સંસારી સુધારાઓમાં તેમના એક આગળા જોડીદાર મી૦ જહાંગીર બરજોરજી વાછા હમણાજ આપણને છેલી સલામ કરી ગયાછે. પેહેલા એલફિન્સટોનિયનોની જે નાની પારસી ટોળીએ પોતાની કોમમાં કેળવણીનાં કિરણો ફેલાવી સઘળો અંધકાર દુર કરવાની પેહલ કાહાડેલી તે ટોળીમાંના આ મરનાર એક હતા. આ નાની ટોળીવાળાઓએ આ "રાસ્ત ગોફતાર" પત્રને જન્મ આપ્યો હતો, જેની લગામ મી૦ જહંગીરના હાથમાં ૧૮૫૩ થી તે ૧૮૫૭ યાને પાંચ વર્ષ સુધી ચાલુ રહી હતી. રમુજ સાથે ટકોર કરી સામા હરીફની હસી કરનારૂં પેચદાર લખાણ કરવાની તેજ શક્તિ એવણ ધરાવતા હતા, જેથી તકરારી મેદાનમાં એવણના હરીફોને ટકવું મુશ્કેલ થઇ પડતું હતું. થોડાક વખત સુધી "રાસ્ત ગોફતાર" માં ગુજરાતી સાથે ઇંગ્રેજી લખાણ એઓએ કીધું હતું. સુધારાના એઓ એક હિમાયતી હતા. ઓરતોનાં છુટાપણા અને કેળવણી વિષે ફકત લખાણ કરીનેજ બેસી રહ્યા ન હતા પણ પોતાની સ્ત્રીઓને ઘટતી છુટ આપવા બાબે પોતાનાં કુટુંબથી પ્રથમ દાખલો બેસાડનારાઓમાંના મી૦ જહંગીર એક હતા. એ વખતે પારસી કોમમાં જાહેર રીતે પોતાની ઓહરદારો સાથે ફરવું અને બોલવું અને તેઓને કેળવણી આપવી તે ગોયા પારસી મંડળનો એક તરીકો તોડવા જેવું હતું. પણ આ રીવાજ ચાલુ કરનારાઓએ પોતાની કોમની ઓરતોનાં છુટાપણા માટે જે જે વેઠયું અને ખમ્યું તેનો બદલો તેઓની હૈયાતીમાંજ તેમને મળી ચુકયો હતો. કેમકે જેઓ બાપોકારથી આ રીવાજની સામે બોલતા તેઓનાંજ છોકરાં છૈયાં આજે તે છુટાપણું આગળ વધીને વાપરતાં દીસેછે, અને જેઓ એ રીવાજને બુરો ગણી તે ઉપર તે વખતે અફશોશ કરી ઉપદેશ કરતાં તેઓને પોતાની સંફમાં જોવાનો તે સુધારાવાળાઓને આજે સંતોષ મળ્યોછે.

માત્ર સ્ત્રી કેળવણીની હિમાયત કરીનેજ મી૦ જહંગીર બેસી રહ્યા ન હતા પણ નિશાળો ઉઘાડી પોતાના ગોઠિયાઓ સાથે તે કામ હાર પાડવામાં સામેલ થયા હતા. "સ્ત્રીબોધ" ચોપાનિયાંના અધિપતિનો ઓધો એવણે કેટલુંક સુધી ચલાવ્યો હતો. સ્ટુડંટ સોસાયટી, ગ્નાન પ્રસારક મંડળી અને રાહનુમાય સભામાં પેહલી બારીમાં તેમનો ભાગ કાંઇ ઓછો ન હતો. પેહલી બે મંડળીઓમાં

સારાં વિદ્વતા ભરેલાં ઘણાંએક ભાષણો એવણે આપ્યાં હતાં અને તેની યાદદાસ્ત વીસરાય એવી નથી. શાસ્ત્રોના નિયમોનું વાંચણ જે સુકું ગણાય તે બાબતના એઓ ખરા અભ્યાસી હતા તેની પુરવારી મળી ચુકી હતી અને પોતાનાં મરણની છેલી ઘડી સુધી આવું વાંચણ એવણે છોડયું ન હતું. તવારીખના પણ એઓ અભ્યાસી હતા અને "ઇંગ્લંડનો ઇતિહાસ" એવે નામનું એક પુસ્તક એવણે પોતાની કલમથી લખી પરવરતાવ્યું હતું. મી૦ જાંહગીરના પોતાના શબ્દોમાં બોલીયે તો તેઓએ "પશ્ચિમ હિંદુસ્થાનના પારસીઓ, જેઓ પોતાના ઉદ્યોગ તથા હીમતમાં ઇંગ્રેજો પ્રમાણે આગેવાની કરવાનું પસંદ કરેછે તેઓને ઇંગ્રેજોની તવારીખ" નું આ પુસ્તક તેઓએ "મોટાં માન અને પ્યાર સાથે અરપણ" કીધું હતું. આ બોલોજ રચનારની પારસીઓ તરફની વળણ તેમજ તેમનું આપઅખત્યારપણું દેખાડી આપેછે. એ ઉપરાંત એવણે પાનસો રૂપીયાનાં ઇનામનો એક રસાલો લખ્યો હતો, કે જે સર જમશેદજી ત્રાનસલેશન ફંડ ખાતેથી ઇરાન દેશના બિલારોકા હરકતોની તજ્ઞીઓનાં ઉકળાણ ઉપર લખી માગ્યો હતો. એ ઉપરાંત "જ્ઞાન પ્રસારક" ચોપાનીયું કેટલીક મુદત સુધી એવણની કલમથી લખાયું હતું અને સ્ટુડંટ સોસાયટીની ગુજરાતી શાખાના તેની શરૂઆતથી તે ૧૮૫૯ સુધી એવણ મુનશી હતા.

પણ એ સઘળી મી૦ જાંહગીરની આગલી સેવાઓ હતી. આપણ ઇચ્છીશું કે એ સેવાઓ એવણે આજના વખત સુધી જારી રાખી હોત. માઠાં ભાગ્યે તેમ બન્યું નહી હતું. જાહેર લખાણો, ભાષણો, તકરારો વગેરે સઘળું તેવણ આજ બાર પંદર વર્ષ થયાં છોડી બેઠા હતા અને પાછળાં સઘળાં વર્ષોને માટે એઓએ એકાંત જીંદગી પસંદ કરી હતી. એલફીન્સટન કાલેજના એઓ છેક ૧૮૪૯ માં "નારમલ સ્કાલર" હતા અને જે ચાર પારસી ગ્રહસ્થોને મદદનીશ પ્રોફેસર ઠેરવ્યા હતા તેમાંના એઓ એક હતા. આગળા "મુંબઇ ટાઇમ્સ" પત્રના એવણ ૧૮૫૮ માં એકવાર મેનેજર અને સબએડીટર થયા હતા. પોતાની બેવારની વેલાયતની સેલમાં તેઓ એકવાર પોતાની ધણીઆણીને સાથે લેઇ જઇ લાવ્યા હતા, અને લંડન મધે સ્થાપેલાં જરથોસ્તીઓનાં ધર્મનાં ફંડના એવણ પેહલવેહલા સેક્રેટરી હતા. મી૦ જાંહગીરે મી૦ કીત્રીડજવાળી સ્ટરન હોબાર્ટ નામની પેહડીમાં થોડાક વખત સુધી બીજાઓ જોડ આફીસના દલાલ તરીકેનું કામ કીધું હતું અને પાછળથી મી૦ તાતાવાળી ભાગ્યશાલી નાગપોર મિલના સેક્રેટરીનો ઓધો કેટલોક વખત સુધી ચલાવ્યો હતો. છેલે એઓ જાણીતા વેપારી શેઠ મુલજી જીવરાજ સાથે કામકાજ કરતા હતા. મી૦ જાંહગીર વાછા સુલેહના અમલદાર, યુનીવર્સીટીના ફેલો અને પારસી મેત્રીમોનીઅલ કોર્ટના એક ડેલીગેટ હતા. જોકે સ્વભાવે એકાંત હોવાથી બાહેરનાઓ સાથે આમેજ ન થવાથી કેટલીકવાર બીજાઓને મીજાજી લાગતા હતા તોએ પોતાનાં ખાસ મિત્રમંડળમાં એક રમુજી અને મીલનસાર દોસ્ત ગણાતા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૮ મી જુન ૧૮૯૦.]

1st *June* 1890.

JEHANGEER BURJORJEE VACHA.—We regret to announce the death of Mr. Jehangeer Burjorjee Vacha, one of the oldest Parsee "Elphinstonians" and a merchant, which took place yesterday at the age of sixty years. Deceased was a contemporary of Mr. Dadabai Naoroji and the late Mr. Nowrojee Furdonjee, with whom he was a teacher in the late Elphinstone Institution (now the Elphinstone High School), and was always respected and ad-

mired by his numerous pupils, most of whom are now prospering and are well known in public life. After he had severed his connection with the school, Mr. Vacha became the editor of the *Rast Goftar*, one of the leading Gujrati weeklies, and, as such, had rendered valuable and enduring services to the community to which he belonged. He was an uncompromising and ardent reformer, and in his capacity as editor of the Gujrati journal he succeeded in introducing several reforms in the social and economic condition of Parsee life, which have been duly appreciated and recognized by the community. He was one of the pioneers of female education among the Parsees, and associated himself for a long time with Mr. Sorabjee Shapoorjee Bengallee, C.I. E., than whom there is not a more sincere and devoted friend of female education, in the organization and management of the several girls' schools established some thirty years ago by an association formed for that purpose Deceased was at the time of his death a director of the Alexandra Native Girls' English Institution, and gave valuable advice in conducting the institution. Having had a very successful journalistic career, Mr. Vacha went to England as an assistant in the late firm of Mr. Dadabai Naoroji, and proved himself to be a shrewd and sagacious merchant. After that firm had been dissolved, Mr. Vacha joined another native commercial house in London, and after a sojourn there for several years returned to Bombay, and led an almost retired life. Mr. Vacha did not much appear in the public. He devoted his leisure hours to the prosecution of scientific studies for which he had a great liking, and in connection with which he gave public lectures under the auspices of the *Dnyan Prasarak Mundli* or association for the advancement of useful knowledge among the natives, of which he was a member.

[*Times of India, 2nd June* 1890.]

તા૦ ૨ જી જુન.

રોજ ૧૯ માહ ૧૦ (કો૦) ૧૨૫૯ યજદેજરદી.

દોરાબજી ફરાંમજી પાંડે—આગલી મોટી જાહોજલાલીવાલા પાંડે ખાનદાનનાં બુજરગ ગરહસથ શેઠ દોરાબજી ફરામજી પાંડે ૬૨ વરસની વયે ઉદય અને અસતનો આ દુનયાનો ચકરાવો જોઇ ગઇ પરમ દીને હક થયાછે. એ મરહુમ ગરહસથ પણ પોતાના ભાઇ બેહેસતનશીન શેઠ મેહેરવાનજી ફરામજી પાંડેની માફક અતરેના લાચાર ઇરાનીઓ તરફ ઘણી દીલસોજી તથા માયા ધરાવતા હતા, અને તેમનાં ફંડના લાંબી મુદત થઇ એક ટરસટી હતા. ઇ૦ સ૦ ૧૮૫૨ માં એવણ સીંગાપોર મધે એક જાણીતી વેપારી પેહેડીમાં હતા. તે બાદ અતરે આવી તા૦ ૧૨ મી નવેમબર ૧૮૬૩ થી પોતાના ભાઇની મેસરસ મેહેરવાનજી ફરામજી પાડેની કુંપનીમાં ભાગયા તરીકે જોડાયા હતા. એ પેહેડી અમેરીકાની લડાઇ વખતે રૂનો મોટો વેપાર તથા તે પછી ઓરીએંટલ સપીનીંગ એંડ વીવીંગ કંપની તથા કુરલાની ધરમસી મીલનાં એજંટનું કામ લાંબી મુદત સુધી ચલાવતી હતી. શેઠ મેહેરવાનજી પાંડેએ બરપા કીધેલાં તરણડે જાણીતાં ધરમખાતાંના એવણ શરૂઆતથીજ એક ટરસટી હતા. ઇરાન દેશનાં કેરમાંન શેહેરમાં એવણે પોતાનાં માતાજી મરહુમ બાઇ ગુલેસતાનબાનુનાં પુંન માટે ૨૮૦૭૫ ખરચી એક દોખમું તથા સગડી બંધાવી તે તા૦ ૧૦ મી જુલાઇ ૧૮૬૭ ને દીને પરઠાવયાં હતાં. જમાનાની ગીરદેશીથી

અસતના બોજા તલે તેવણ આવયા હતા પણ પુરતી સબુરીથી તે બોજો તેવણે સેહેવયો હતો અને એવા બોજા વખતે ધીરજ કેવું મોટું ધન થઇ પડેછે તેનો બીજાઓને બોધ આપયો હતો, કેટલાંક વરસ થયાં એકાંત જીંદગી તેવણ ગુજારતા હતા, જે એકાંત જીંદગીમાં રસના દરદે વધારે હેરાનગતી ઉમેરી હતી અને એ દરદેજ તેવણની જીંદગીની આખેરી આંણીછે.

[જામે જમશેદ, તા૦ ૪ થી જુન ૧૮૯૦.]

2nd June 1890.

Dorabjee Framjee Panday.—Mr. Dorabjee Framjee Panday, brother of the late Mr. Merwanjee Framjee Panday, whose name is still held in high esteem among the Parsee community for his munificent charities, died yesterday at the age of 62 years. The deceased was at one time a wealthy merchant, and in partnership with his late brother was a broker to many European firms of the day. He was also one of the agents, in conjunction with his brother of the late Dharamsi Mills, the largest concern of its kind in India, and lost a good deal of his fortune in the venture, Deceased was a very popular member of his community. He had been ill for a long time past, but it is said that the recent death of his sister, the late Lady Sakerbai Petit, preyed upon his mind and hastened his end.

[*Times of India, 3rd June* 1890.]

તા૦ ૩ જી જુન.

રોજ ૨૦ માહ ૯ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

રૂસતમજી ખરશેદજી કટેલી—લાયકીવાળા એર્વદ ખુરશેદજી મીનોચેહરજી કટેલીના જવાન બેટા રૂસતમજીનું ૩૦ વર્ષની જુવાન વયે મોત થયુંછે, તેના વિષે આ વાત જાણી જાણીતી નહી હશે કે "આલપાઇન પાખ" અને બીજી દેશી પેટંટ દવાઓ જે હાલ ઘણી જાણીતી થઇ ગઇછે, તે એ મરનારની બનાવેલી હતી. વળી "વિનિશિયન ફેસ, પાઉડર", "કફ પિલ્સ" ચુનાની ગોળીઓ, ગાયનનો આવાજ સુધારનારી ગોળીઓ વિગેરેના બનાવનાર પણ એઓજ હતા તથા થોડો વખત થયો "વિનિશિયન હેર આઇલ" નામનું બાલ વધારનારૂં જે સુગંધી તેલ અતરે વેચાયછે તેના પણ તેઓ મી૦ ધનજીશાહ જીવાજી ઘોંડી સાથે બનાવનાર હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૮ મી જુન ૧૮૯૦.]

તા૦ ૧૩ મી જુન.

રોજ ૩૦ માહ ૯ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

હોરમજદીઆર માણેકજી હાંતરીઆ—ઇરાન દેશના યઝદ ખાતેથી ગઇ કાલે તારની મારફતે ખબર મલીછે કે મુંબઇની "ઇરાન દેશના ગરીબ જરતોસતીઓની હાલત સુધારનારી મંડલી" ના મરહુમ જાણીતા એજંટ મી૦ માણેકજી હોશંગ હાતરયાના બેટા મી૦ હોરમસજી જેવણ પોતાના મરહુમ પીતાની જગાએ એ મંડલીના એજંટનો ઓધો લેવા ગયા હતા, તેવણ ગયા સુકરવારે યઝદ ખાતે મરણ પામયાછે. મરહુમ મી૦ માણેકજી હાતરીયાની સખત માંદગીની ખબર મલતાંજ આશરે ૪ માસની વાત ઉપર મુંબઇની મંડલીએ તેવણના બેટા મી૦ હોરમસજીને પોતાના પીતાનો ઓધો લેવા માટે મુંબઇથી તેહેરાન જવા મોકલયા હતા. મી૦ હોરમસજી અહીંયાંથી ઉપડવા પછી એક અઠવાડયાંમાં મી૦ માણેકજીનાં મરણની ખબર મલી, જે દુઃખભરી ખબર તેવણના બેટા આશરે બે માસની બીકટ મંજલ કાપી યઝદ પુગયા પછી તયાં મલી હતી. પીતાનાં મરણની ખબર સાંભલતાંજ મી૦ હોરમસજી ઉપર માઠી અસર થઇ જેથી તેવણને અકસમાત થયો, જે માંદગીનાં બીછાણાં ઉપરથી તેવણ તેહેરાન ભણી જવા માટે ઉઠી શકયા ન હતા અને આખરે

તેવણુનાં પણુ મરણુની ખબર મલીછે. મરનાર મીં૦ હોરમસજી પણુ ફારશી ભાશાનું ગ્નાન ધરાવતા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૮ મી જુન ૧૮૯૦.]

13*th June* 1890.

Hormusjee Manockjee Hantaria.—Intelligence has been received by telegram from Yezd, of the death in that town of Mr. Hormusjee Manockjee Hosung Hautaria, the agent in Persia of the Bombay Association for the Amelioration of the Condition of Poor Zoroastrians in Persia. Mr. Hormusjee left Bombay, about four months ago, to take up the post of agent in the place of his father, who was seriously ill, but who died when his son had been about a week on his way to Teheran Mr. Hormusjee did not hear of his father's death until he had reached Yezd. The news had a distressing effect on his mind, and he was laid up from the result of an accident, and died on Friday last.

[*Bombay Gazette*, 19*th June* 1890.]

તા૦ ૨૧ મી જુન.

રોજ ૮ માહ ૧૦ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

બરજોરજી શેરાબજી લાહેવાલા—શેરસતાના વખતમાં મુંબઇમાં દરેકને પુરતા જાણીતા થયલા મી૦ બરજોરજી સોરાબજી લાહેવાલા ગયા સનીવારે પોતાના સવદેશ સુરત શેહેરમાં ૫૯ વરસની ઉમરે મરણ પામવાની ખબર મલીછે. શેરસતાની મુંબઇની ટુક મુદતની દેવાની હાલતમાં આ આગેવાન ભાગ લેનાર ગરહસથે સુરતની મીશન સકુલમાં કેલવણી લઇ મેસરસ ડાયડમ હંટરની કંપનીમાં દાખલ થઇ જીંદગી શરૂ કરી હતી અને તે પછી પોતાના પીતાની સુરતથી મદદ હોવાથી સુરતી તથા રેશમી કાપડનો મોટો રોજગાર ચલાવવા માંડયો. આ રોજગારમાં બે પઇસા મેલવવા પછી તે પઇસાનાં કઉવતે એ વખતના શેરમેનીયાની દેવાની હાલતમાં ઝોંકાવી દીધું, જે વખતે હજારોની ઉથલપાથલ દરરોજ એ જવાન સટોલીયાને હાથથી થઇ હતી. બોંબે ફીનાનસ પોતે ઉભી કરી, એશયાટીક ફીનાનસ સાથ પણ સંબંધ રાખી બરોકરસ બેંક કાઢવામાં આગેવાન ભાગ લીધો હતો, પણ એ ફીનાનસો ટુક હઇયાતી પછી પરપોટા સમાન ફુટી હતી અને મરનાર મી૦ બરજોરજી લાહેવાલાને ૩૦ લાખનાં દેવાં સાથ ૧૮૬૫ માં ૨૮ માં કાયદાની પનાહ માંગવી પડી હતી. એ સઘલો જુવાનીનો વખત હતો, ૩૫ વરસની ઉમરે તો મરનાર મી૦ બરજોરજી લાહેવાલાએ એ શેરની પડતીના વખતમાં અણુગમતી પરસીધતા મેલવી હતી, જે કમનસીબ બનાવને ફકત એટલુંજ જણાવીને આપણે વીસરી જવા માગયે છીયે કે શેરસતાના એ દેવાના વખતે આ મુંબઇ નગરીને ૨૪૬ કરોડને આશરેની ખોટમાં નાખયું હતું, જે રકમ જો આજે મુંબઇ પાસે હતે તો તેની બલીહારી આજે કેવી ખીલી નીકલતે તેનો પુરતો ખયાલ થઇ શકે. પણ એ પછી મી૦ બરજોરજી લાહેવાલાએ પોતાના સવદેશમાં એકાંત જીંદગી ગુજારવા માંડી હતી અને "હારટ ડીસીઝે" ૫૯ વરસની ઉમરે તેવણુની જીંદગીની આખેરી આણુીછે.

[જામે જમશેદ, તા૦ ૨૬ મી જુન ૧૮૯૦.]

તા૦ ૧ લી આગશટ.

રોજ ૧૯ માહ ૧૧ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

બરજોરજી ફરામજી મસાલાવાલા, ધારવારના—

ધારવાર, તા૦ ૬ ઠી આગશટ.

આગગાડી અતરે થઇ તે અગાઉ ચાલતા ડાકના ટાંગાઓના કંટરાકટર મી૦ બરજોરજી ફરામજી મસાલાવાલા બેલગામમાં ગઇ તા૦ ૧ લીએ ગુજરઆ હતા, જેવણુનાં ઉમરણુની

ફીરયામાં શામેલ થવા અનરેથી કેટલાક ગરહસથો બેલગામ ગયા હતા. બેલગામમાં એ વખતે સખત વરસાદ પડતો હોવાથી મરનારની લાસને જુમીદા કરવા ગયલા ગરહસથો સવારના ૧૦ વાગેના ગયલા સાંજે પાંચ વાગે પાછા ફરયા હતા. સાંપના મોહરા વીશે તમારા પતરમાં ચરચા ચાલેછે, તેના સંબંધમાં જાણવું અગતનું થઇ પડશે કે મરનાર પાસેબી એક મોહરો હતો અને તેનો લોકોને મુફત લાભ આપી તેવણે લોકોમાં સારૂ માન મેલવયું હતું.

[જામે જમશેદ, તા૦ ૯ મી આગશટ ૧૮૯૦.]

તા૦ ૪ થી આગશટ.

રોજ ૨૨ માહ ૧૨ (ક૦) ૧૨૫૯ યજદેજરદી.

મીઠીબાઈ શોશબજી પાટક—એક સારાં ખાનદાંનનાં જુવાન બાનુના કમનસીબ મરણની નોધ લેતાં અતીશય સંતાપ ઉપજેછે. કોટમાં હારનબી રોડ ઉપર લાંબો વખત થયો વસનારાં જાણીતાં પાટક ખાનદાનના એક નંબીરા મી૦ સોરાબજી કેખશરૂ પાટકનાં જુવાન ધણીયાણી બાઇ મીઠીબાઇએ ગયા સોમવારને દીને એકાએક આપઘાત કીધેલો જાણી તેમનાં બોહોલા કુટુંબ અને દોસ્તઆશનાઓમાં અતીશે ગમગીની ફેલાઇછે, કેમકે જેઓ એ જુવાન બાનુને અચ્છી રીતે પીછાનતાં હતાં તેમના માનવામાં એ બીના આવી શકે એવી ન હતી. મરનાર બાઇએ જરથોસ્તી છોકરીઓની નીશાળ મંડળી અસતકની ચંદનવાડીની નીશાળમાં છેક ઉંચા ધોરણ સુધીની કેળવણી લીધી હતી, અને તેવણુ એટલી ઉલટથી પોતાનો અભયાસ ચલાવતાં હતાં કે જેથી તેમને વરસ દહાડા વેર સ્કોલરશીપ અને કીમતી ઇનામો મલયાં હતાં. પોતાની માનીતી ચંદનવાડીની નીશાલ છોડયાને લાંબો વખત વહી ગયો હતો તે છતાં તેવણુ પોતાની તે નીશાલ માટે મગરૂર હતાં અને તે તરફ છેલી ઘડીવેર સારી લાગણી ધરાવતાં હતાં. ઇંગ્રેજી ભાષાનું જોકે તેમને ઝાઝું ગ્નાન નહી હતું, તે છતાં તેમને ગુજરાતી વાંચણનો ભારે શોખ હતો અને તેવણે પોતાની જાતી ચંચલાઇથી પોતાનો એ અભયાસ ચાલુ રાખી એ ભાષામાં સારી કુશળતા મેળવી હતી. ઘેરસંસારી ફરજો હીમતથી ઉપાડી લઇ પોતાના ધણી અને બચ્ચાંછોકરાંને જેમ બને તેમ સુખી રાખવા એમાં સ્ત્રીજાતીનો ખરો ધરમ સમાયલોછે અને મરહુમ બાઇ મીઠીબાઇ ફકત બત્રીસ વરસની ટુંક ઉમરમાં એ ધરમ એવી સરસ રીતે પાલી જાણતાં હતાં કે તેમનાં હાલનાં મરણથી ખરેખરી ખોટ તો તેમના એકમારગી અને રાંક સ્વભાવના ખાવીંદ મી૦ સોરાબજી અને તેમનાં નીરદોશ પાંચ બાળકોને તેમજ તેમના બુજરગ માતપીતાને ગઇછે. મરનાર પોતાની પાછલ ત્રણ બેટા અને બે બેટીઓ મેલી ગયાછે, જેમાંથી નાનામા નાનું બાળક છ વરસની કુમળી વયનો એક બેટા છે. જે બાળકોને એક ઘડી પણ પોતાની નજર આગલથી વીહીલાં મુકેલા નહી તે વાહાલાં બાળકોને થોડા વખતની મનની બેભાનીમાં આ બાઇ સદાનાં છોડીને ચાલતાં થયાંછે. ધણી તેમજ બચ્ચાંછોકરાંનું તમામ સુખ હોવા છતા છ માસ સુધીનાં માથાંના દરદથી આ બાઇ જીંદગીથી કંટાળી ગયાં હતાં, તે છતા કોઇના સ્વપનામાં પણ નહી હતું કે તેવણુ એવી રીતે જીવ ઉપર કરશે, પણ તદન ઉંઘ વગરના ચાલુ ઉજાગરા અને માથાંના નહી વેઠી શકાય એવાં દરદે તેમની દેહ લઠડાવી મેલી હતી, અને તન અને મનની નબલાઇ તથા ચાલુ બેચેનીને લીધે મરણની થોડાક દીવસ આગમચ તેમની હીલચાલ અને કામકાજમાં કેટલુંક બેધયાનપણું જોવામાં આવતું હતું, જે બેધયાનપણામાંજ તેવણે પોતાની ઉપયોગી, કીમતી અને વાહાલી જીંદગીની અજલ આણીછે. મરનાર સીવવાભરવામાં અતીશય કુશળ હોવાથી ગયે સાલ શેઠ સોરાબજી શાપુરજી બંગાલીની એક બેટી સાથ તેમને જરથોસતી છોકરીઓની નીશાળ મંડળીની છોકરીઓની

નીશાળનાં એક પરીક્ષક નેમવામાં આવયાં હતાં. મરનારનું દીલ કુદરતી રીતેજ અતીશય દયાલુ હતું અને કોઇના ઉપરની મુસીબત તેમની જાણમાં આવતાં પોતાની ગુંજાસ મુજબ તેમને મદદ કરવાને કદી પણ ચુકતાં નહી હતાં. પોતાનાં કુટુંબનો આવો એક કીમતી સીંગાર ગુમાવવા માટે મરનારના એકમારગી ખાવંદ તરફ તેમના સંબંધ દોસ્તઆશનાવો જે દીલસોજી બતાવેછે તેમાં અમારો અદના અવાજ ઉમેરવાની અમો ફરજ વીચારયે છીયે.

[કયસરે હિન્દ, તા૦ ૧૦ મી આગશટ ૧૮૯૦.]

તા૦ ૪ થી આગશટ.

રોજ ૨૨ માહ ૧૧ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

નવાજબાઈ તે બહુમનજી વાડીઆ, સુરતવાલાનાં વીધવા—

સુરત, તા૦ ૫ મી આગશટ.

ગઇ કાલ સવારે ૯ કલાકે નવાજબાઇ તે બમનજી વહાડયાની આશરે ૯૨ વરસની ઉમરની વીધવા થોડા દીવસની માદગી ભોગવી. પોતાના છોકરાના છોકરા ધનજીભાઇ પેસતનજી કાટપીટીયાના સુરત સોદાગર વાડમાં આવેલાં મકાનમાં મરણ પામી હતી. મરનાર બાઇ નવાજબાઇની આંખ, દાંત વગેરે શરીરના દરેક અવયવો મરતાં સુધી ઠીક હતા. દલગીરી એટલીજ હતી કે એ મરનાર બાઇના મોટી ઉમરના પાંચ છોકરાઓ તથા મોટી ઉમરની બે છોકરીઓ મલી તમામ સાતે છોકરાંઓ ઘણાં વરસ થયાં મરણ પામયાથી તેનો ગમ બહુ બાધો હતો.

[જામે જમશેદ, તા૦ ૭ મી આગશટ ૧૮૯૦]

તા૦ ૬ થી આગશટ.

રોજ ૨૪ માહ ૧૧ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

નશરવાંનજી ખરશેદજી નાનજી—

બોમ્બે એંડ ચંદનવાડી હાઇ સકુલના એક માલેક મી૦ નશરવાનજી ખરશેદજી નાનજી, જેવણ ૪૬ વરસની બરજવાન વયે ગયા બુધવારે મરણ પામયા હતા, તેવણ પેહેલાં સરકારી એંગલો વરનાકયુલર સકુલના હેડ માસતર હતા. સને ૧૮૭૧ ના વરસમાં તેવણે ચંદનવાડી હાઈ સકુલ સથાપી હતી, જેમાં બે વરસ પછી બોંમે પરોપરાયટરી સકુલના જાણીતા પેહેલા શીક્ષક મરનાર મી૦ બરજોરજી ખરશેદજી સંજાના જોડાયા હતા અને એ બેઉ અનુભવી ઉસતાદોની ભેગી ઉલટથી એ સકુલ બહુ લોકપરીય થઇ પડી હતી. સને ૧૮૮૬ ના વરસમાં એ સકુલને સારી વીકતી હાલતમા મેલી મી૦ બરજોરજી સંજાના મરણ પામયા હતા. પોતાના ભાગયાનાં મરણ પછી મી૦ નશરવાનજી નાનજી એ શાલા ચાલુ સાલની શરૂઆત સુધી એકલે હાથે ચલાવતા હતા જે પછી પોતાની લડડતી દેહને લીધે તેવણે તેને બોંમે હાઇ સકુલ સાથે જોડી નાખી હતી. એ લડડતી દેહે આખરે તેવણનો ભોગ લીધોછે. મરનાર મી૦ નશરવાનજી બહુ મલતાવડા તથા બહુ માયાલુ સવભાવના હતા, જેથી તેવણે પોતાના ચેલાઓનો મોટો ચાહ પોતા તરફ ખેંચયો હતો, જેઓમાં—આગલા તથા હાલના ચેલાઓમાં—તેવણનાં મરણથી મોટી દલગીરી ફેલાઇછે.

[જામે જમશેદ, તા૦ ૯ મી આગશટ ૧૮૯૦.]

6th August 1890.

NUSSERWANJEE CURSETJEE NANJEE. –Mr. Nusserwanjee Cursetjee, Nanjee one of the proprietors and headmaster of the Bombay Chundunwady High School, died on Friday last at age of 46 years The deceased gentleman was at first the headmaster of one of the Anglo-Vernacular schools of Government, and after having acquired some experience in the line, started on his own account the Chundunwady High School Under Mr. Nanjee's superintendence the school soon flourished, the students there

being educated up to the matriculation standard. Latterly, when Mr. Nanjee saw that his health was failing, he amalgamated the Chundunwady with the Bombay High School, some of the successful students of which acquitted themselves well at the last Matriculation Examination. Mr Nanjee was a kind and affable teacher, and had endeared himself to the large number of pupils who passed through his hands The Bombay and Chundunwady High School was closed on Friday and Saturday as a mark of respect to the memory of the deceased.

[*Times of India*, 11*th August* 1890.]

તા૦ ૮ મી આગશટ.

રોજ ૨૬ માહ ૧૧ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

બેજનજી શાપુરજી લાહેર—

સુરત, તા૦ ૧૧ મી આગશટ.

મી૦ બેજનજી શાપુરજી લાહેર નાહનપરે આવેલા પોતાના મકાનમા આશરે ૫૫ વરસની ઉમરે મરણ પામયા, તેઓના ગઇ કાલ બપોર પછી અતરે થયલાં ઉઠમણાની કીરયા પુરી થયા પછી એ મરનારના પુન માટે આંબલાલુબા વગેરે અતરેના જુદા જુદા ધરમખાતાંમાં આશરે રૂ૪૭૫ ની રકમો ભરવામાં આવીછે. મરનાર શેઠ બેજનજીએ ભગવાદાંડીમાં આગલ પોસ્ટ ખાતાંની નોકરી તેમજ તયા આગનથી ઘોઘે-ભાવનગર જતાં યુરોપયન તથા દેશી ઉતારૂઓની તમામ જરૂરીયાત હાજતો પુરી પાડી સારૂં નામ તથા નાણું મેળવયું હતું. ભાવનગર ગોંડલ રેલવે થયાથી પોસ્ટની બોટો સરકારે વેચી નાખી તે મરનારે ઘણા વરસપર ખરીદ કરી લોકોને સસતે દરે ઘોઘા-ભાવનગરની તેમાં અતયાર સુધી સફર કરાવતા હતા. આ તેમજ પીડાંનો વયાજુકો વગેરે ધંધો મરનાર અતરેથી ૧૨ કોશપર આવેલા ઓલપાડ તાલુકાનાં દરીયા કીનારાના દાંડી ગામમાં પોતાનાં મરણ સુધી કરતા હતા.

[જામે જમશેદ, તા૦ ૧૪ મી આગશટ ૧૮૯૦.]

તા૦ ૮ મી આગશટ.

રોજ ૨૬ માહ ૧૧ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

હોરમજજી પેશતનજી જાગોસ, અમરીતસરના—

અમરીતસર, તા૦ ૧૦ મી આગસટ.

અતરેના પારસી જનરલ મરચંટ મી૦ હોરમસજી પેસતનજી જાગોસ ગયા સુકરવારની રાતના હક થયા અને અતરે રૂવાનને ડાટવાની જગાનો બંદોબસત ન હોવાથી તેવણનાં રૂવાનને રેલવે મારફતે લાહોર લઇ જતાં કેટલી મુશકેલીઓ નડીછે તે તમારી જાનમાં લાવવાને સેવક જરૂરનુ ધારેછે, કે જેથી લાગતાવળગતાઓ તે ઉપર ધયાન આપી કાંઇ ભવીશને માટે સારો બંદોબસત કરે. મરનાર બંત્રાં મળી આશરે ૩૫ વરસના પંજાબના વતની હતા, તેમાં ૧૦ અતરે અને બાકીનાં લાહોરમાં મી૦ જસાવાલાની કંપનીની દુકાનોમાં કાઢયા હતાં.

[જામે જમશેદ, તા૦ ૧૬ મી આગશટ ૧૮૯૦.]

તા૦ ૯ મી આગશટ.

રોજ ૨૭ માહ ૧૧ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

કાવશજી મનચેરજી કારંજાવાલા, અમદાવાદના—અમદાવાદવાલા જાણીતા મી૦ કાવસજી મનચેરજી કારંજાવાલાના ગયા સનીવારે ગતના અમદાવાદ ખાતે આશરે બે માસની લકવાની સખત બીમારી પછી નીપજેલાં મરણની નોંધ લેતાં દલગીરી ઉપજેછે. એ મરહુમ ગરહસથ સુરતના "કરાંમ કેકોબાદ" ના જાણીતાં કુટુંબના એક નબીરા હતા અને એમના બાવા મી૦ મનચેરજી સોરાબજી પોતાની જવાન ઉમરે ખેડાથી અમદાવાદ આવી કારંજામાં ઇંગરેજી અસબાબનો મોટો વેપાર ચલાવતા

હતા. તેઓ અમદાવાદ મધે એક આગેવાન શેહેરી તથા પારસી પંચાતના એક આગેવાન અકાબર હતા. મરનાર મી૦ કાવસજીએ ઇંગરેજીમાં સારી કેલવણી લીધી હતી તથા તેવણમાં બચપણથીજ લોકોનું કલીઆણ કરવાની ખાહેશ હતી. અમદાવાદનો કોઇબી સાતનો રેહેવાસી "કાવશજી શેઠ" ના નામથી અણજાણો હશે નહી. તયાં ગઇ અરધી સદીમા આગ, રેલ, દુકાલ, મરકી વગેરે આઇઆંમમાં એવણે પોતાનો જીવ જોખમમાં નાખી ગરીબોને અગત તથા નાણાંની પુશકલ મદદ કીધી હતી. છેક ઇ. સ. ૧૮૫૬ ના એપરેલ માસમાં અમદાવાદ મધે ચાલેલા સખત કોલેરાની વખતે આપણ એ મરનાર ગરહસથને "કોલેરા મીક્ષચર" પોતે બનાવી ગરીબ ગુરબાઓને મુફત આપતાં તથા તેમની સારવાર કરતા વાચયે છીયે. ૧૮૭૪ ની અમદાવાદની મોટી રેલ વખતે એવણે પોતાનો જાન જોખમમાં નાખી તગપાઓના મારફતે સેંકડો જીવનો બચાવ કીધો હતો અને તે વખતે એવણની બહાદુરી વીશેની ખબર સતાવાલાઓએ રાયલ હયુમેન સોસાયટીના કાનપર કાંય નહી પોહોચાડી તે વીશે અજાયબી બતલાવવામાં આવતી હતી. જાહેર હીમત તથા સતાવાલાઓની સામે વાજબી બાબદમાં ફરયાદ ઉઠાવવાને જેમ મુંબઇમાં મરહુમ લોકરક્ષી નવરોજજી ફરદુનજી પરખયાત હતા, તેમ અમદાવાદમા કેટલાકોના જણાવા પરમાણે એ મરહુમ કાવસજી મનચેરજી તયાંના લોકરક્ષી ગણાતા હતા. ઇ. સ. ૧૮૫૫ ની રશીયા સાથની મોટી કરીમીયાની લડાઇ વખતે ઇંગલડ મદદ મોકલવાને જે "પેટરીયોટીક ફંડ" મુંબઇમાં ઉભું કરવામાં આવયું હતું, તેમાં મદદ મોકલવાનો વીચાર કરવાને અમદાવાદ મધે તા૦ ૧૨ મી ફેબરવારી ૧૮૫૫ ને દીને તયાંની અદાલતમાં એક મોટી જાહેર સભા મલી હતી, તે વખતે એવણે કરેલું ભાશાંણ વખણાયું હતું. તેમજ તે તરફ ગુજરાત પરાવીનશીયલ કોલેજ સથાપવા માટે તા૦ ૨ જી એપરેલ ૧૮૫૬ ને દીને કલેકટર મી૦ હાડોના પરમુખપણા હેઠલ મલેલી સભામાં પણ એવણે ઉંચી કેલવણીના ફાયદા વીશે ઘણુંક કહી સંભલાવયું હતું. અમદાવાદની હેમાભાઇ ઇનસટીટયુટ ઇ. સ. ૧૮૫૭ માં ઉઘાડી તયારથી એવણ તેની કમીટીમાં હતા અને ૧૮૭૨ થી તે ૧૮૮૫ સુધી તેના આનરરી સેકરેટરી હતા. અમદાવાદમાં ઉભાં થતાં દરેક પરજા ઉપયોગી કામોમાં એવણ ઉમંગથી આગેવાની લેતા હતા. તયાંની મયુનીસીપાલીટી સાથનો એવણનો સંબંધ તો કોઇને અણજાણો નથી. એ પુરાતમ શેહેરની દરેક હાજતોથી એવણ માહીતગાર હોવાથી મયુનીસીપલ કમીટીના ચેરમેન તેમજ અધીકારી તરીકે એવણે અમદાવાદ શેહેરની ઘણી ઉપયોગી સેવા બજાવીછે. જરતોસતી અનજુમનના જોકે એવણ વડા અકાબર હતા તોપણ મરણ તથા બીજી હરેક અવસરે ખડે જોરો મારી એવણ જાતી મેહેનત કરતા હતા. અનજુમનના ફંડના એવણ તેની શરૂઆતથી યાને ઇ. સ. ૧૮૬૪ થી સેકરેટરી હતા, અને આજ ચાર પાંચ વરસ થયાં એ ઓધો છોડયો હતો. અમદાવાદમાં જતા જરતોસતી મુસાફરોની એવણ ઘટતી આગતાસવાગતા કરી તયાંની જોવા લાયક પુરાતમ ઇમારતો જાતે બતાવતા હતા. એવણ એક જુના ફરીમેસન તથા સુરતની ડીસ્ત્રીકટ પારસી મેટરીમોનીયલ કોરટના એક ડલીગેટ હતા અને નેશનલ કાનગરેસના ચુસટ હીમાયતી હતા. એવણનાં મરણથી આખાં અમદાવાદ શેહેર બલકે ગુજરાતમાં મોટી દલગીરી ફેલાઇ હશે તેમાં કશો શક નથી.

[જામે જમશેદ, તા૦ ૧૧ મી આગશટ ૧૮૯૦.]

9th August 1890.

Cowasjee Muncherjee Karanjawalla, of Ahmedabad—Death of Mr. Cowasjee Muncherjee Karanjawalla.—Mr Cowasjee Muncherjee Krranjawalla, a well known citizen of Ahmedabad, died in that city on Saturday night last. He took a prominent part in every public movement in that city, and was noted for his independence as a champion of the rights of the people He was a member of the committee of management of the Hemabhai Institnte, since its constitution in 1857, and served as its honorary secretary from 1872 to 1885. As a member and as chairman of the Municipal Committee of Ahmedabad, he rendered valuable services to the public. He was a leading member of the Zoroastrian community of the city, and from 1864 was the secretary of the charitable funds of the community. He was also a delegate of the District Parsee Matrimonial Court of Surat. Indeed his services to Ahmedabad and other places extended over a period of half a century. In 1856, during the prevalence of cholera in that city, he prepared, at his own expense, a "cholera mixture" which he distributed freely among the poor, with his own hands, visiting their houses and attending to their wants at great personal risk. During the great floods in Ahmedabad in 1874, he constructed floating rafts, and was the means of saving many lives. He rendered valuable assistance in supplementing the "Patriotic Fund" organised in Bombay in 1855 at the time of the Crimean War; and he upheld the cause of higher education at a meeting held in April, 1856, at the bungalow of Mr. Hadow, Collector of Ahmedabad, for the establishment of the Gujerat Provincial College. His death will be regretted throughout Ahemedabad and other parts of Gujerat

[*Bombay Gazette*, 12*th August* 1890.]

તા૦ ૭ મી સપટેમબર.

રોજ ૨૬ માહ ૧૨ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

જમશેદજી ખરશેદજી કલીઆંણીવાલા—એક કમનસીબ પારસીનું જે અતી કમકમાતભરયું ખુન ગયા રવીવારે કલયાણીની પડોશમાં અમબરનાથ નામનાં ગામમાં કેટલાક મરાઠા જાતના હીંદુઓએ કીધું છે, તેની બીજા ભાગ ઉપર પ્રગટ કીધેલી અતી જીવ કમકમાવનારી બીના દરેક પારસીનું લોહી ઉકળાવશે અને દરેક પારસી દુખાયલી લાગણીથી કેહશે કે, જે કરપીણોએ એ નીરદોષ પારસીનો જાન લીધોછે, તેમના ઉપર ઇનસાફ પોતાનો પુરતો કીનો લેવાને શકતીવાંન થાય. એ વરસની વાત ઉપર દાદર ખાતે જે આબરૂદાર પારસી કુટુંબમાં એક ભંડારી જાતના ખુનીએ માહેતમ વરસાવી લોહીની નીકો ચલાવી, આખી મુંબઇની દયા અને દીલસોજી તે દુખી કુટુંબ તરફ ઉશકેરી હતી, તેને નજદીક મલતોજ ઉલો દાખલો બી છે અને જે જાતનું ક્રુરપણું દાદરવાલી બે નીરદોષ બાઇઓ અને એક ફુલ જેવાં બચ્ચાંપર વાપડવામાં આવ્યું હતું તેના કરતાં વધારે ક્રુર રીતે મજકુર પારસીને ઠાર કરવામાં આવયોછે. તે બીચારાનો જીવ લઇ તેનાં શરીરના અવયવોના ટુકડેટુકડા કરી તેની લાશને એક નાળાંમા નાખી, પકડાઇ ન આવે તે માટે તેના ઉપર મોટા પથરા મુકી અને બીજી અનેક રીતે તેનાં મુવાં મુરદાંને રીબાવેલું જયારે તેના એશીઓ અને લાગતાંવલગતાઓએ જોયું હશે, ત્યારે તેમને બાગેલા પેહલા ઝટકાનો આપણે સેક-

બાઇથી વીચાર કરી શકયે છીયે. આ માઠો બનાવ મુંબઇમાં બનેલો નહી હોવાથી અત્રે ઝાઝી હોહા થઇ નથી, પણ થાંણા અને કલયાંણીમાં ગયું આખું અડવાડયું તે વીશે પુશકલ ચકચાર ચાલેછે અને એ ભાગોમાં હાવો બનાવ ઘણી મુદત થયાં બનેલો ન હોવાથી લોકો હેબતી ગયાછે—અકસર કરી ત્યાં વસતા પારસી કુટુંબોને ખુદરતી રીતે બહુ ધાસતી પેઠીછે.

[કયસરે હિન્દ, તા૦ ૧૪ મી સપટેમબર ૧૮૯૦]

તા૦ ૮ મી સપટેમબર.

રોજ ૨૭ માહ ૧૨ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

જમશેદજી મનચેરજી મુલ્લાં—

નવસારી, તા૦ ૧૦ મી સપટેમબર ૧૮૯૦.

જણાવવાને દલગીરી ઉપજેછે કે અત્રેના શેઠ બરજોરજી રૂસતમજી ગારડાજીના ભાણેજ મી૦ જમશેદજી મનચેરજી મુલ્લાં ગયા આતવારે બહીના રોગથી પીડાઇને માત્ર બત્રીશ વરશની જુવાન વયે ગુજરી ગયાછે. મરનાર મુંબઇની કાલેજમાં તબીબી અભયાસ નજદીક પુરો કરવા આવયા હતા, તેવામાં અજલે તેને ઉંચકી લીધોછે.

[કયસરે હિન્દ, તા૦ ૧૪ મી સપટેમબર ૧૮૯૦.]

તા૦ ૧૨ મી સપટેમબર.

ગાથા ૧ (શે૦) ૧૨૫૯ યજદેજરદી.

બેહુરાંમજી જીજીભાઈ, સી. એસ. આઈ.—જે આગના જમાનાના પારસીઓથી હાલ જમાનાના પારસીઓ બન્યાછે, તેઓમાંથી એક બીજો નુરરો નર, શેઠ બેહરામજી જીજીભાઇના મરણના માઠા બનાવથી, ઓછો થયોછે. પારસીઓ આજે ઉગી નિકલ્યાછે, પણ તેમને ઉગતાં ઘણા વર્ષ લાગ્યા છે. વાસ અને બાંબુ ઝપાટામાં ફુટીને જમીનથી ઉંચે જાયછે, પણ તે વાસનો વાંસજ રેહછે. એક ફળવત દરખતને તો જતનથી રોપવુ, સીપવું અને ઉગાડવું પડેછે—પછી તેની ડાલીઓ ફેલાયછે, પછીજ તે ફુલફળ આપેછે, પછીજ તેની ખુશબો અને મીઠાસ પથરાયછે, પછીજ તેનો શિતલ છાયડો તાહાડક ફેલાવેછે. પણ તેમ થતાં વર્ષના વર્ષો લાગેછે—જમાનાઓ જતાં તે બુજર્ગ ઝાડ જુનું અને પુખ્ત થઇ આસપાસ આરામ અને આશિર્વાદ પોંહચાડેછે. જે કાયદો એક ઝાડના પુખ્ત ઉધરભાવને તેજ કાયદો એક કોમની સફળ વૃદ્ધિને બી લાગુ પડેછે. આપણે કહ્યું કે પારસીઓ આજે ઉગી નિકલ્યાછે—પણ તેમનું ઉગી નિકલવું આગના જમાનાની જતનનું ફળ છે. તેમની હાલની જાહોજલાલી આગલા જમાનાઓથી ઉતરેલો વારસો માત્ર છે. એ વારસો ધન માલનો, દોલત અને હોરમતનો, નેકી અને નીતિનો, કીર્તિ અને ફતેહનો છે—પણ એ સઘળું જે આપણા બાપદાદાઓ મેહનત કરી ગયા, કમાવી ગયા, એકઠું કરી ગયા તેના પ્રતાપ છે. તમારા આજકાલના રાઇટરો અને કલાર્કો, ગોડાઉન કીપરો અને બુક કીપરો, સેક્રેટરીઓ અને મેનેજરો ગમે એટના વધશે તેથી કાંઇ કોમ બનવાની નથી. તમારા પારસી વકીલો અને બારિસ્ટરો, જડજો અને કલેકટરો ગમે એટલા બીનશે અને ફાવશે, ગમેએટલા પટપટારા કરશે અને રિપોર્ટો કરશે તેથી કાંઇ ટોલો થવાનો નથી. કોમને બીલવનારા તો વેપારીઓ, વાહણવટીઓ, નાણાવટીઓ, બેંકવાળાઓ, થાપણવાળાઓ, કારખાનાવાળાઓ થઇ ગયાછે અને થશે. કોમની ફતેહનો પાયો તે લોકો નાખી ગયાછે અને તેજ લોકો નાખશે. તે લોકો જમશેદજી જીજીભાઇના, ફરામજી કાવસજીના અને જીજીભાઇ દાદાભાઇના જમાનામાં થઇ ગયાછે. તે આગલા કામાઓ અને કોહલાઓ, શેઠવાળા અને બનાજીવાળાઓ, પાંડે અને પીટિટવાળાઓ, બાટલીવાળા અને મુગાનાઓ થઇ ગયાછે. આજે તેવા પારસીઓ કયા છે? જે હતા તે ગયા છે—જે જુજ રહ્યાછે તે ઓછા થતા ચાલ્યાછે—અને શેઠ બેહરામજી જીજીભાઇના

મરણથી તે છેલાઓમાંના એક છેલાનો ઘટાડો થયોછે.

એ મરહુમ શેઠ નામદાર રાણીના નવાજેલા સી. એસ. આઇ. હતા, પારસીઓના એક આગેવાન અકાબર હતા, મુંબઇના એક જાહેર શેહરી હતા, લેજીસલેટિવ કાઉનસીલના મેમ્બર હતા, મ્યુનિસિપલ કારપોરેશનના અધિકારી હતા, સુલેહના અમલદાર હતા, માત્રિમોનિયલ કોર્ટના ડેલિગેટ હતા, જાહેર ખાતાંઓના કારોબારી હતા, અને એ સિવાએ ઘણાક માનમરતબાનાં કામોમાં જોડાયલા હતા એ સઘળું ખરૂં. પણ એ મરહુમની મુખ્ય મગરૂરી એ સર્વ માન અને શોભાના બલકે ઉપયોગનાં કામોમાં વટીક નહી હતી. તેવણની પેહલી મગરૂરી તેવણના વેપાર ધંધાના વધારા વિષેની, તેવણની મીનકત અને દોલતની જાલવણી વિષેની, અને તેવણનાં ગામો તથા જમીનોની ખીલવણી વિષેની હતી. માન કે મરતબો, શોભા કે ઇજ્જત, જાહેર કામોમાં આગેવાની, સખાવત સંબંધી ઉપયોગીપણું એ સર્વમાં તેવણની ફતેહનો પ્રથમ પાયો ઉપલા વેપારી ધધાદારી ગુણ લક્ષણોમા હતો. તેવણ વેપારી, વાહણવટી અને નાણાવટી હતા તેથી દોલતમંદ થયા હતા અને દ્રવ્યવાન થયા તેથીજ જાહેર ઉપયોગીપણામાં પ્રકાશ પામી શકયા હતા. માત્ર ૨૦ રૂપીયાના પગારના એક ગોડાઉનકીપરની ચાકરી ઉપરથી વધીને પાછળથી ફતેહમંદ વેપારી થઇ પડેલા એવા એક બાપના બેટા લેખે શેઠ બેહરામજીને વેપારી ગુણોનો વારસો મળ્યો હતો; અને બચપણથી પોતાના અકાબર બાપ સાથે, ૧૮૪૯ થી પોતાના માન પામેલા ભાઇઓ સાથે અને ૧૮૫૪ થી પોતાને હિસાબે વેપાર ચલાવવામાં એવણને વેહવાર રોજગારનો બોહલો અનુભવ મળ્યો હતો, જેથી તેવણની વેપારી કળ કુનેહ, પૈસા ટકા સંબધી ગણત્રી, આગલી પાછલી સંભાલવાની અગમચેતી અને માલ મીલકત વિષે હિસાબ કેતાબની બાહોશી જીંદગીની શરૂઆતમાં દ્રવ્ય મેળવવામાં અને જીંદગીની આખરી સુધી તે દ્રવ્ય જાલવી રાખવામાં તેવણને ઘણી કામ લાગેલી હતી. વેપાર વનજની બાબતમાં તેવણ એવા સત્તાધારી ગણાતા કે પેહડીવાળાઓ અને બેંકવાળાઓ તેવણની સલાહ પુછતા હતા, અને પોતે પેહલી બારીમા બેંકો તથા કંપનીઓ સાથ જોડાયલા હોવાથી વેપારી ભંડોલો ચલાવવામાં પણ કુશલ હતા. જ્યારે આપણી તરફ મિલો ઉભી કરવાનું સાધારણ નહી હતું ત્યારે શેઠ બેહરામજીએ છેક ચાલીસ વર્ષ ઉપર મિલો સ્થાપી હતી—૧૮૫૪ મા ઓરિયેનટલ અને ૧૮૬૦ માં રાયલ મિલ એવણે સ્થાપી હતી. જ્યારે દેશીઓમાં ડરેકટર થવાનું એક ધંધા લેખે ચાલેલું નહી હતું અને જ્યારે બેંકો દેશીઓને ડરેકટર કરવાને ના પાડતી, તેવા વખતમાં શેઠ બેહરામજી ૧૮૬૧ માં કમરશિયલ બેંકના ડરેકટર હતા તથા મરહુમ શેઠ ખુરશેદજી કામા સાથે "સેંત્રલ બેંક" ઉભી કરનાર પણ એઓ હતા. દેશી વેપારીઓમાં "ઇનડેંટ"નો ધંધો એવણે પેહલાં દાખલ કીધો હતો. "બાંબે સ્ટીમ નેવિગેશન કંપની" જે એઓના બાપે પેહલા સર જમશેદજીની સાથે મલીને સ્થાપેલી તે શેઠ બેહરામજીએ ઘણા વર્ષ સુધી એક ડરેકટર દાખલ ચલાવી હતી, અને ૧૮૭૦ મા એવણે મુંબઇમાં પેહલીજ ગામખાતાની આગની વીમા કંપની સ્થાપી હતી જેના તેવણ પ્રોમોટર સાથ ડરેકટર પણ હતા.

પણ આ સઘલી વેપારી જીંદગીમાં મરહુમ કેવા ડાવકા અને બુદ્ધિશાલિ હતા, તે આ વાત ઉપરથી જણાયછે કે .વેપારધંધા યા જાહેર ભંડોલોમાં આંખ્યો મીંચીને ઝીપલાવનાર તેવણ નહી હતા. એ કામોમાં જેમ વખત જોઇને તેવણ સામેલ થયા તેમ વખત જોઇને તેવણ નિકલી પણ ગયા હતા. જ્યારે પોતે "બાંબે ફાયર ઇનશુરંસ કંપની" ઉભી કીધી ત્યારે તેવણે વિલાતી વિમા કંપનીઓ કેટલો નફો વિલાત ઘસડી જાયછે તેની

ગણત્રી કાહડી હતી, અને ત્રીશ વર્ષમાં રૂ૬) કરોડ આમ ઘસડાઇ ગયલા તેવણે ગણાવ્યા હતા. પણ પછી જયારે જાઇંટ સ્ટાક શેરોમાં ધંધો બિગડી ગયો અને જુગારી ધંધો ચાલુ થયો ત્યારે તેમાંથી અલગ થઇ જનાર તેવણ પેહલા હતા. એનો ઋહુથી યાદગાર પુરાવો ૧૮૬૪ ના શેર સટાના વખતમાં બન્યો, કે જે વખતે કરોડો રૂપીઆની દોલત કમાવાની લાલચ સામે તેવણે દ્રઢ મને ટકી રહીને, તે ઘેલા પવનમાં બીજા માતબરો યાહોમ ઘસડાઇ ગયા તે વેળા તે જુગારી ધંધાથી તદન હાથ ખાંચીને એવણે પોતાની દોલત એવી તો સાચવી કે જુનાં, મોટાં દરખત જેવાં દોલતમંદ ખાનદાનો જયારે પાયમાલ થયાં ત્યારે તેઓની વચે આ મરહુમ શેઠ વધારે માતબરીમાં ઉભા રહ્યા. એજ હિગામ ઉપર મુંબઇ બેંકના દિવાલાંની અગમચેતી કરનારા જુજ ડાહ્યા વેપારીઓમાં એક એ મરનાર હતા. જયારે મુંબઇ બેંક ઘણી સધર ગણાતી હતી ત્યારે શેઠ બેહરામજીએ પોતાના સઘળા શેર વેચી નાખીને પોતાની સાહુચેતી લીધી અને બીજાઓને પણ તેજ સલાહ આપી. તેથી મુંબઇ બેંકવાળાઓને ગુસો વટીક લાગ્યો અને તેઓ શેઠ બેહરામજીને પુછવા વટીક નિકલ્યા. પણ આખરે તેવણની અટકલ ખરી પડી અને જુની મુંબઇ બેંક પોતાની સાથે હજારોને તોડી પાડીને ભાગી પડી. શેઠ બેહરામજી એક ગણત્રી કરનારા સહાશિક નર હતા તેથીજ પોતાની દોલત જાલવી શકયા અને વળી વધારી શકયા. તેવણની નાણું એકઠું કરવા અને બચાવાની હિકમત માત્ર સાત આઠ વર્ષ ઉપરંજ જણાઇ આવી હતી, કે જયારે એક માઠાં ભાયગના બનાવથી તેવણને કેટલાક લાખ રૂપીયાનો ગોદો લાગ્યો, તે ઉપરથી તેટલુંજ નાણું પાછું પેદા કરવા અને સંઘરવાનું તેવણે મન ઉપર લીધું તો ચાર પાંચ વર્ષમાં તેવણ ખાસા દસેક લાખ રૂપીયા ઉપજાવી અને બચાવીને પાછા જેવાને તેવા થયા. તેવણ જમીનો અને મીલકતો વિષે ઘણા ભાગ્યશાલી હતા—જેને હાથ લગાડે તે સોનું થાય તે એવણના બાબમાં બોલિબોલ ખરૂં હતું. તેવણે કીમતી મીલકતો સસતે ભાવે લીધી હતી. એક કેહવત દાખલ જાણીતું છે કે મરહુમ દાદાભાઇ વાડિયા પડયા અને મરહુમ બેહરામજી જીજીભાઇ ચહડયા. તે સસતા સુકાળમાં તે નામિચા વાહડિયા લખપતિની મીલકત આ મરહુમે ખરીદી લીધી અને પછી તે મીલકત સોનાના મુલે વધી. એ સર્વમાં ભાગ્યના પ્રતાપ હોય, પણ ખરા સહાશિક, સમજુ અને ગણત્રી કરનારનેજ નસીબ યારી આપેછે. એક હિસાબી વેપારી હારતો નથી. શેઠ બેહરામજીએ સરકારી લોન અને સ્થાવર મીલકતના સર્વથી સલામત આધાર ઉપર પોતાની દોલત વધારી. એમ જે ગણત્રીથી કામ લેય તેનું નસીબ નહી છતાં તે નસીબવાન થઇ શકે. ગામો અને જમીનો મેળવવાનો તેવણને મગરૂરીભરેલો ચડસ હતો. તેવણ એકવાર સર્વથી મોટા મીલકતદાર થયા. ધોરગામનાં સાત ગામવાળી જાગીર તેવણે સસતી કીમતે લીધા પછીજ તેવણ રૂ૨૫ લાખનું મોટું ત્રસ્ટ કરી શકયા. તે ત્રસ્ટમાં નાખેલી મીલકત આજે કીમતમાં વધી ગઇછે, ફકત તેમાંની લોન જે રૂ૪ લાખની હતી તેજ વ્યાજે વધીને આજે ૮ લાખની થઇછે.

સખાવત વિષે પણ મરહુમને પોતાના અકાબર પિતાથી ગોયા વારસો મળ્યોછે. શેઠ જીજીભાઇ દાદાભાઇની સખાવતો મશહુર છે. તેવણ પોતાની હૈયાતીમાં રૂ૧ લાખની સખાવત કરી ગયાછે અને પોતાની પાછળ રૂ૨) લાખનું ત્રસ્ટ મુકી ગયાછે. જેના બાપે બે લાખનું ત્રસ્ટ કીધું તેના દીકરાએ તેથી બાર ઘણી રકમનું ત્રસ્ટ કીધું, અને જોકે તે પોતાના વંશવેળાના ખાનગી ભોગવટાનું ત્રસ્ટ હતું, તોપણ તેમાં સખાવતને માટે રૂ૨) લાખ કાહાડયાછે તે ફંડ પણ વ્યાજે વધ્યું જાય એવી ગણત્રી કરેલીછે કે જે ગણત્રી એવણના સ્થાપેલાં ઘણા ધર્મ-

ખાતાંઓમાં એવણે જાતી મગરૂરી લઈને જારી રાખીછે. અતરે કાંઈ અમે શેઠ બેહ-રામજીના જનમારાનો હેવાલ લખવા બેઠા નથી, માટે એ સઘળી સખાવતોની વિગતો અતરે અમે આપી શકતા નથી. ટુકમાં એટલુંજ કહીશું કે એ સખાવતો કેળવણી સંબંધી વિશેષ થઈછે. એ સખાવતો ઘણી નહી હતી—આસરે ૩૨) લાખથી વધારે નહી હતી—પણ તે સઘળી ચુંટી કાહાડેલાં કામો ઉપર પસંદ કરવાજોગ હતી. પણ ત્યારપછી તેવણે થોડાજ દિવસ થયા પારસી ગરીબોની કેળવણીને માટે કાહાડેલી ૩૪ લાખની એકી રકમની સખાવતે આખી કોમનાં મન હરખ સાથ હરી લીધાંછે અને તેવણની સખાવતોના નાના સરવાળાને માટે લોકોમાં જે લગાર નાપસંદગી હતી તે સઘળી તેવણે કાહડી નાખીને પોતાનાં મરણ અગાઉ પોતાનું નામ કોમના એક ખેરખાહ લખે તેવણે જગત આશકારા કીધુંછે. જાહેર સવાલોમાં તેવણ ઉલટથી ભાગ લેતા હતા—ગમે એટલી માંદગી વચ્ચે પણ તેવણ ઉલટ રાખતા હતા—જેનો સર્વથી છેલો દાખલો તેવણે ગયે વર્ષ મી૦ ઓમાનીવાળી ખટપટ વેળા પારસીઓની જાહેર સભા ભરવાની તરફેણમાં તેવણે અમારી પોતાની ઉપર જે હિમતભરેલી ચીઠી લખીને અમોને ઉતેજન આપ્યું તેમાં મળી આવેછે. શેઠ બેહરામજીમાં જાહેર સ્વતંત્રપણું ઘણું હતું—તો જોકે તે જાહેરમાં ઝાઝું કામ લાગી શક્યું નહી હતું. પણ તેવણ મજબુત વિચારના અને એક વખત વિચાર કીધો તો તેને ચિવટપણે વળગી રેહનારા હતા—તેનો છેલો દાખલો અમે ઉપર કહયું તેમ મી૦ ઓમાનીના પારસીઓ ઉપરના હુમલાની સામે જાહેર હીલચાલ કરવાની આપણી સઘળી કોશેશને તેવણે આપેલા ટેકાથી મળી આવ્યો હતો. હવે ત્યારે એ સઘળા તે આગળા વખતની ગણુત્રી કરવાના હિસાબી ગુણો છે, કે જે તે જમાનાના વેપારીઓજ વધારે ધરાવી ગયાછે. તે આગળા જમાનાના નરો ઉપર હાલ જમાનાના પારસીઓની કીર્તિનો પાયો રચાયલોછે. આપણ પુછીશું કે આજે એવા નર પારસીઓમાં કેટના છે? અને તેમ હોય ત્યારે આવતા જમાનામાં ટોળાની તેવીજ જાહોજલાલી જળવાઈ રેહવાની જામીનગીરી ક્યાં છે? શું તમારા કેળવાયલા વકીલ બારીસ્ટરો, પ્લીડરો અને ઇજનેરો, તમારા ધંધાદારી ડરેક્ટરો અથવા એડિટરો યા આડિટરોથી પારસી કોમ દોલતમંદ અને આબાદ થવાની છે? કદી નહી.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૪ મી સપટેમબર ૧૮૯૦.]

12*th September* 1890.

BYRAMJEE JEEJEEBHOY, C.S.I.—We regret to have to announce the death of Mr. Byramjee Jeejeebhoy C.S.I., a leading member of the Parsee community, and a well-known philanthropist of this city, which took place yesterday afternoon at 5 o'clock, after a protracted illness, at his residence at Byramjee Hall Mazagon at the age of 67 years. It was only a few weeks ago that we were able to announce to the public his munificent charity of Rs. 3,50,000, which has since been supplemented and increased to very nearly Rs. 4,00,000 for the purpose of establishing a school for boys of the poorer classes of his community Mr Byramjee had been instrumental in establishing several educational institutions in Poona, Ahmedabad, Tanna, Bhewndy and other places, and in endowing scholarships and prizes in connection with the University. Few native gentlemen have done so much for the promotion and advancement of education in Bombay as the late Mr. Byramjee. The Medical Schools called after him at Poona and Ahmedabad, the High School at

Tanna, and other educational institutions established by him in this city will stand as permanent monuments of his life-long endeavours to promote enlightenment and education among the native community. Mr. Byramjee was known as much for his hospitality to his very large circle of friends as for his wide and catholic charity. By his death a void has been created in his community which it would be very difficult to fill.

Mr. Byramjee Jeejeebhoy was the youngest son of the late Mr. Jeejeebhoy Dadabhoy, and was born in June, 1821. Mr. Jeejeebhoy commenced life as a godown keeper, at a salary of Rs. 20 per month, in the firm of Messrs. Leckey and Malcolm, afterwards known as Messrs. Shattan, Malcolm and Co. His business habits, sagacity, and integrity enabled him to accumulate some capital, and in course of time he was appointed guarantee broker in the same firm in which he had formerly been employed in a very subordinate position. He soon worked his way up in the commercial world, and was afterwards appointed broker in the firm of Messrs, Diram Carter and Co., Messrs. Gisburne Mangese and Co, Messrs G. S. King and Co., Messrs. Eglington Maclean and Co., Messrs. Thomas Lancaster and Co., Messrs Gabriel Pope and Co, Messrs. Edmond Bibi and Co., and other well-known European firms of the day. The late Mr. Jeejeebhoy was the first native who had the honour of being elected a member of the Chamber of Commerce. He was one of the five members of the Parsee Punchayet—a body which exercised great Power at that time over the members of their community in all matters affecting their social and domestic life. Mr. Jeejeebhoy's decisions as a member of that respected body were as a rule, sound and impartial, and they were never called into question by the contending parties. He largely assisted charitable, religious and educational institutions in Bombay and in the mofussil, contributing towards these objects upwards of a lakh of rupees. He was also instrumental with other merchants of the city, in opening up communication by sea between Bombay and the ports of Gujerat. To him and to Sir Jamsetjee Jeejeebhoy, the first Parsee Baronet the inhabitants of Western India are indebted for the introduction of steam navigation for commercial and passenger traffic, the steamer "Sir James Rivett-Carnac," the first of the Bombay steamers having been built by them. Mr Jeejeebhoy died in 1849 at the age of 63 years. He left by his will two lakhs of rupees to be funded, the interest of which was to be applied from time to time to such objects of charity as the trustees thought proper. At the time of his death, the *Illustrated London News* gave a portrait of the deceased, together with a laudatory biographical account, in which it was stated among other things that "his transactions at one time were extensive, and his name is well-known in all the commercial towns of England, Scotland, France, Germany, Austria, Egypt, India, China, Mauritius, &c. He was," the paper went on to say, "one of the most active among the native capitalists

in the establishment of the three Banks in Bombay, and he served his time as director respectively in the Oriental and Commercial Banks."

Mr. Byramjee Jeejeebhoy was educated at a private school conducted by a Mr. W. B. Mainwaring, where the sons of some of the wealthy European and Parsee merchants received their education. From a comparatively early age, the deceased showed great commercial aptitude, and was fortunate in having his father's guidance and training in acquiring commercial knowledge He commenced business at the age of seventeen years, and became a member of the firm of Messrs. Jeejeebhoy Dadabhoy Sons & Co., and also conducted business on his own account Upon the dissolution of the firm in 1854 he started business on his own account, and amongst other engagements, became broker to Messrs. Geo S. King & Co., Messers Killick Nixon & Co, and Messrs. Robinson & Co. Mr. Byramjee was the first to introduce on a large scale the system of indent business with native dealers. He was one of those who first introduced the mill industry in Bombay, and for the matter of that in India. He was a director in the Oriental Spinning and Weaving Company, which was the second cotton mill started in Bombay, and he took the initiative in starting the Royal Spinning and Weaving Company, also one of the earlier mills which sprung up soon after the cotton spinning industry was introduced into this city. In addition to these undertakings Mr. Byramjee was a director of the leading jointstock companies of the day, being, amongst others, a member of the Board of the Bombay Steam Navigation Co., the Apollo Press Co., the Colaba Land Co., the Commercial Bank of India, and the Bombay Fire Insurance Co. He was the principal promoter of the last named company, and held the post of its chairman from its commencement in 1870 down to the year 1882, when he resigned on account of failing health. He, with Mr. J. A Forbes, an English merchant, was the means of introducing a new and lucrative line of business by the establishment of the first fire insurance company. He calculated that during the forty years preceding the establishment of the company, something like a sum of five crores of rupees, *i.e* five millions sterling (including capital and interest), was carried away from India by the different European Fire Insurance offices that had agencies in the country, and it was with a view to keep the profits in India that he started the company, which has proved a great success, and which at present possesses a large reserve fund Mr. Byramjee was one of the largest landowners in Bombay, and was the proprietor of the seven freehold villages known as the "Goregaum Estate." Having fairly launched himself in private business, the deceased soon amassed a considerable fortune, and at the same time won for himself the reputation of being a shrewd merchant, so much so that his advice or opinion was often sought by the local banks in their dealings with native merchants. During the reckless speculations which prevailed in Bombay, consequent on the American War, and

which wrecked so many old and established houses, Mr. Byramjee was one of the few men who saw the danger ahead, and he not only abstained himself from any speculation, but warned all those who sought his advice to desist from doing so, and was thus instrumental in saving many families from disastrous results. He was the first to raise his warning voice against the mismanagement of the old Government Bank of Bombay. "He not only proved a prophet," says a writer, "but had the confidence of his opinions, for long before its actual failure he sold off his own shares, and cautioned all who consulted him not to have anything to do with its shares"

Mr. Byramjee was appointed a Justice of the Peace, and some time afterwards, in August, 1868, he was nominated an additional member of the Legislative Council of Bombay by the Government of Sir Seymour Fitz Gerald. He showed great capacity and judgment in the deliberations of the Council, and was renominated at the end of his first term of two years, and continued to sit in the Council until August, 1872 Among the measures discussed in the Council, in which he took an active part, were the Cotton Frauds Act, the City Survey Act, the Toll Fees Act, and the Act for levying Town Duty on grain. He strenuously opposed the levy of the town duty on grain. When the Government of Lord Mayo initiated the Decentralization Scheme, and the Provincial Governments were thrown upon their own resources for finding funds, the Bombay Government introduced a Bill for legalising, the levy of fees on all caste feasts held in the Presidency. Mr. Byramjee interested himself in the matter, and made strong representations to the then Governor, Sir Seymour Fitz-Gerald, and other members of Government, succeeding in the end, with the assistance of the late Sir Munguldas Nathoobhoy, in getting the Bill withdrawn. His long and interested services in the Legislative Council were rewarded by the presentation of an address by a large number of his friends and admirers, expressive, among other things, of their high appreciation of his worth as a citizen, Similar addresses were also presented to him by the representative inhabitants of Surat, Ahmedabad, Nowsaree, Jalalpur, Sacheen, Ilav, Broach, and other places.

In 1872, Mr Byramjee settled in-trust a large portion of his landed property, Government promissory notes, & railway shares, of the aggregate value of about thirty lakhs of rupees, for the benefit of his family, and also founded in connection with this Trust a charity fund. The income of this charity fund (representing Rs. 2,12,500) is directed to be annually applied by the trustees towards charitable purposes, and by a clause in the Deed of Settlement it is provided that the sum to be placed annually at the disposal of the trustees is to be increased by one hundred rupees every year. It is now eighteen years since the trust was started, and the annual sum available for charitable purposes in the hands of the trustees has now increased to Rs. 7,100 and it will go on increasing every year as long as the trust exists This excellent charity has already borne good fruit, as two medical schools and one high

school have been endowed from these funds. The want of medical education for the subordinate grades in the Medical Service had long been felt in India, and this having been represented to Mr. Byramjee he first endowed a Medical School at Poona, and afterwards, another at Ahmedabad, The endowment of the Byramjee Jeejeebhoy Poona Medical School was Rs. 40,000 and of the Byramjee Jeejeebhoy Ahmedabad Medical School Rs. 20,000 whilst that of the Byramjee Jeejeebhoy Tanna High School was Rs. 5,000. These three schools are in charge of Government, who have undertaken to maintain them permanently, and they are all doing good work, especially the Medical School of Poona, which was formally opened by Sir Richard Temple, then Governor of Bombay, on the 7th December 1878 On that occasion his Excellency alluded to the munificence of Mr Byramjee, who, he said, had sprung from an illustrious father, who had left him a heritage of benevolence and charity. His Excellency then exhorted native gentlemen of rank and fortune to follow Mr. Byramjee's noble example, for, he said, "It must be admitted that Mr. Byramjee has proved himself worthy of the decoration he wears on his breast, which is that of a Companion of the Most Exalted Order of the Star of India." At the opening of the Byramjee Jeejeebhoy High School at Tanna the following address was presented by the inhabitants of that place to the worthy donor.—"Esteemed Sir, —We, the undersigned inhabitants of Tanna, gladly welcome this opportunity of expressing to you our heartfelt gratitude for your munificent contribution towards the fund of that building, the opening of which, the Byramjee Jeejeebhoy Tanna High School, we have witnessed to day with great pleasure. It is a source of peculiar gratification to us to note that the benefactor of Tanna in this instance is one who, under God's Providence, is the proprietor of several villages in this district. There are few men in this world who are the favoured of fortune, but there are fewer still who use their wealth for the good of their fellow-men. With a keen appreciation of the benefits of sound education, and with a noteworthy catholicity of spirit, you have, with judicious charity, extended your patronge to those institutions which needed pecuniary support. By the establishment of medical schools in Poona and Ahmedabad, you have laid those towns—the capitals of the Deccan and of Guzerat—under deep obligation, and now by your liberal endowment of this High School, and the foundation of a charitable dispensary in this *zillah*, you have established your claim to the gratitude and affection of the people of Northern Konkan. May the God of all nations preserve you and yours long in sound health and increasing prosperity, to continue your career of usefulness and benevolence, and to enjoy the confidence, esteem, and affection of your fellow-men" The address having been acknowledged by Mr. Nanabhoy Byramjee Jeejeebhoy, who represented his father, Mr. W. M. P Coghlan, District Judge of Thanna, who presided on the occasion, addressed the assembly

as follows —"Mr. Nanabhoy Byramjee,—In the absence of your respected father, I congratulate you and him on the opening of this very handsome school-house, the result of his benevolence. I am sorry he is not here to-day. Your worthy father is not one of those men who delight that their names should be great in the 'bazaar' or often in print in the newspapers. rather is he one who 'does good by stealth, and blushes to find it fame,' one who acts up to the spirit of the Christian maxim, that, in doing good, the right hand should not know what the left hand does. This much, however, I may say, that it is publicly known that Mr. Byramjee Jeejeebhoy has given away nearly a lakh of rupees in educational objects only. How many poor students he has helped, and how much he has done secretly for education, we know not, but the presumption is that it is much As time rolls on, and a century or so passes, his name and yours will probably be well-nigh forgotten, but you will find that the money which you have given for good purposes has not been wasted In fact, you have invested it on the best possible security."

Apart from the endowments mentioned, Mr. Byramjee on the death of his wife established a University prize called after her name, the Bai Manekbai Byramjee Jeejeebhoy prize, which is annually awarded to the student passing the Matriculation Examination with the highest number of marks for proficiency in "General Knowledge." The charitable dispensary, which does very good work at Mehmoodabad, near Ahmedabad, is also called after the late Bai Manekbhai. Besides endowing these useful institutions, which impart their benefits to all classes without any distinction of caste or creed, Mr, Byramjee always contributed his share to other, works of public utility and benevolence which had been started from time to time in Bombay. He was also known to liberally patronize native authors as well as to assist the deserving poor. It was very recently that Mr. Byramjee contributed Rs 12,000 towards the Calcutta Zoroastrian Corpse bearers' Fund, and Rs 1,000 towards a similar fund at Ahmedabad, and in recognition of his liberality both these funds are called after him. Mr. Byramjee had been negotiating a few months before his death with the Bombay Government as to the desirability of establishing a charitable dispensary at Khandalla, and of a school at Bhewndy. He had offered to Government for that purpose Rs. 15,000 and Rs 8,000, respectively for these two objects, the latter of which has already been accepted

Mr Byramjee took in his day a prominent part in all public movements, and was until about a few years ago a member of the Municipal Corporation of Bombay. He was also a Fellow of the Bombay University He was one of those leading gentlemen of this city whom the Government of India honoured with an invitation to take part in the ceremonies of the Imperial Assemblage at Delhi, and he was there presented with the Commemoration Medal. In the list of those who were invited from this Presidency, the Government of Bombay described Mr, Byramjee as "one of the leading

members of the Parsee community, late a member of the Legislative Council, a Justice of the Peace, a large landed proprietor, and a liberal subscriber to the public charities." It was about this time that the insignia of the distinction of C. S. I., which had been conferred upon him by her Majesty the Queen Empress, was formally presented to him by Sir Philip Wodehouse, the then Governor of Bombay, in a Durbar held at Government House, Parel Deceased was one of the promoters of the Nowsari Zarthosti Madressa, now called the Sir Cowasjee Jehangeer Madressa, and gave liberal contributions in aid of the institution. He was also one of the founders of the Parsee girls' schools, to which he gave large endowments. He contributed largely to the funds for ameliorating the condition of the Zoroastrians of Persia, and also gave Rs. 5,000 to the fund started for maintaining a school in Persia, and on several occasions he presented valuable pieces of land to Government at Poona and Bombay for the purpose of widening the roads. Mr. Byramjee presented about a few years ago to the Bandora Municipality a long strip of land adjoining his charming sea girt property known as the Land's End, and also gave a sum of money to improve the grounds and to lay them out as a promenade for the residents of the place. The spot, which is the most charming one of its kind, is now called after the donor as the Byramjee Jeejeebhoy Point. The Municipality of Bandora recently constructed new road by the side of the sea-shore leading us to the hill, as the old road which was steep and narrow, and which was a source of great inconvenience to the residents of the hill, was to be abolished. Mr. Byramjee assisted the Municipality with a large sum of money for the purposes of constructing the new road, and it is now therefore called the Byramjee Jeejeebhoy Road.

Under the Deed of Trust, Mr. Nanabhoy, the only son of the deceased, whose name is so very familiar to the public, succeeds to the true property, and will now assume the name of Byramjee Jeejeebhoy. It is said that the true property yields an annual income of about Rs. 1,25,000. Deceased has left besides the true estate other properties and a large sum of money which he has bequeathed by his last will to his grandson, Mr. Rustomjee N Byramjee Jeejeebhoy

The funeral will take place at 7 o'clock this morning.

(*Times of India, 13th September 1890*)

તા૦ ૨૨ મી સપટેમબર.

રોજ ૬ માહ ૧ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

માણેકબાઈ તે મેહેરવાંનજી ફડવાલા, સુરતનાનાં વીધવા—

સુરત, તા૦ ૨૩ મી સપટેમબર.

માછલીપીટ આગનની રહેનાર માણેકબાઇ તે મેહેરવાનજી ફડવાલાની આશરે ૯૨ વરસની ઉમરની વીધવા ધણીયાંણી જેણી પીઠાવાલી માકાંને નામે ઓલખાતી હતી તેણી લકવા વગેરેની લાંબી મુદતની બીમારી ભોગવી ગઇ કાલે આતરે મરણ પાંમીછે. મરનાર બાઇ માણેકબાઇ પોતાની એક વીધવા છોકરીની છોકરીઓ તથા તેણીઓને તયાં થયનાં છોકરાંઓ મલી ચાર પેઢીનાં છોકરાં જોવાને ભાગયશાલી થઇ હતી.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી સપટેમબર ૧૮૯૦.]

તા૦ ૨૪ મી સપટેમબર.

રોજ ૮ માહ ૧ (શ૦) ૧૨૬૦ યજદેજરદી.

રૂસતમ ડોસાભાઈ ડાકટર, સોલીસીટર—જણાવવાને બહુ દલગીરી ઉપજેછે કે મેસરસ પેસતનજી અને રૂસતીમ સોલીસીટરોની પેહેડીવાલા મી૦ રૂસતીમ ડોસાભાઇ ડાકટર સોલીસીટર કેટલાક માસની ખરાબ તાવની સખત હેરાંનગતી ભોગવી ગઇ સાંજનાં આખરે મરણ પામયાછે. મરનાર મી૦ રૂસતીમે એલફીનસટન હાઇ સકુલ માં કેલવણી લઇ મેટરીકયુલેશનની પરીક્ષા સને ૧૮૭૫ ના વરસમા પસાર કરી, બે વરસ રહી એફ૦ એ૦ ની પરીક્ષામાં ફતેહ મેલવી, ધારાનો અભયાસ ચલાવયો હતો અને અડાગ મેહેનત પછી તેવણ સને ૧૮૮૫ ના અકટોબર માસમાં સોલીસીટરની પરીક્ષામાં ફતેહમંદ નીવડયા હતા. તેવણના બીજા ગોઠયા મી૦ દીનશાહ જીજીભાઇ ડાકટર સોલીસીટર હતા. એ પરીક્ષા પસાર કરતાંજ તેવણ મી૦ પેસતનજી કાવસજી સોલીસીટર સાથ મેસરસ પેસતનજી અને રૂસતીમને નામે જોડાયા હતા. મી૦ પેસતનજીને તેવણના આ જવાન ભાગયા બહુ ઉપયોગી મદદગાર થઇ પડયા અને તેઓ સારૂં કામ બજાવવા લાગા.

મરનાર મી૦ રૂસતીમ આપણા જાણીતા રાંક અતી ધરમાતુ લાગણીના શેહેરી તથા પુરાણા તબીબ ડાકટર ડોસાભાઇ બેજનજીના વડા બેટા થતા હતા અને પીતાની અચ્છી તરબયતથી પીતા જેવાજ ધરમચુસત, તેવાજ માયાલુ ખવાસના તથા સાદા અને દયાલુ થયા હતા. મરનારની પોતાના પવીતર ધરમ તરફની લાગણી અતીશય તીક્ષણ હતી, કોઇબી અસલી વીચારના જરતોસતીને ટાઢક આપે એવી હતી. તેવણના માયાલુ ખવાશની વાતો તેવણના ઘણાક મીતરો આજે હેશાંન અને આંસુઓ સાથ યાદ કરેછે. કોઇબી ગરીબ દોસત, કોઇબી હાજતમંદ, તેવણ પાસેથી પોતાની મુરાદ યા હાજત સારવા વગર જતો ન હતો. જેબી કામમાં તેવણ પડતા તે પરમાણીક નીશચે અને ખરી ઉલટથી પાર પાડી આપતા. પોતાના ધંધામાં તેવણ તનમનથી રગડોલાયા હતા અને એ સખત મેહેનતથીજ કદાચ તેવણની દેહ લડડી અને તાવને તેવણ શરણ થયા, જે તાવ તેવણ ઉપર જાનમ મોતને ફાવવા દેવાને મદદગાર થઇ પડીછે. મી૦ રૂસતીમના ૩૨ વરસની જવાન વયના કવખતના મરણથી ઘણાઓએ એક અચ્છો ઉપયોગી સોલીસીટર તથા ભાવી દીનસોજી બતાવનારો મીતર ખોહયોછે. તેવણ પોતાના બુઢા માનવંત પીતા અને વહાલાં કુટુંબને અનંત ગમમાં ગીરફતાર કરી પેલી જહાંનમાં ગયાછે, અને ડાકટર ડોસાભાઇનાં કુટુંબનાં એ મોટાં દુઃખમાં ઘણાઓ ભાગ લેછે.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી સપટેમ્બર ૧૮૯૦]

24th September, 1890.

RUSTIM DOSSABHOY DOCTOR, SOLICITOR—DEATH OF MR. RUSTIM DOSSABHOY.—We regret to announce the death of Mr. Rustim Dossabhoy, a partner in the firm of Messrs. Pestonjee and Rustim, solicitors, which took place yesterday at his residence in the Fort at the age of 32 years. Deceased was the eldest son of Dr. Dossabhoy Bezonjee, one of the oldest medical practitioners of Bombay. Deceased was articled to Messrs. Craigie, Lynch, and Owen, solicitors, and passed the attorney's examination in Bombay about six years ago. During his short career as a solicitor of the High Court, deceased by dint of industry and honest devotion to his duties was able to secure large and lucrative business, and was generally liked by the profession. By his suavity of manner and genial disposition he had endeared himself to his ever-increasing large circle of friends. Great sympathy is felt for the bereaved father.

[*Times of India*, *25th Sept.* 1890.]

તા૦ ૨૬ મી સપટેમબર.

રોજ ૧૦ માહ ૧ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

કેખશરૂ કેકોબાદ પંથકી—મી૦ કેકોબાદ મંચેરજી પંથકીના બેટા મી૦ કેખશરૂ જેવણ થોડો વખત થયો બારીસટરની પરીક્ષા માટે અભયાસ કરવાને ઇંગલંડ ગયા હતા તથા વચમાં અહીંવાં પાછા પણ ફરયા હતા, તેમનાં મરણની અતરે તાર મારફતે ગઇ પરમ દીને ખબર મલી હતી.

[જામે જમશેદ, તા૦ ૩૦ મી સપટેમબર ૧૮૯૦.]

26th September, 1890.

KAIKHOSRU KAIKOBAD PUNTHAKY—OBITUARY.—Yesterday morning a telegram was received in Bombay, announcing the death of Mr Kaikhoshroo Kaikobad Punthaky, son of Mr. Kaikobad Muncherjee Punthaky, who proceeded to London some time since in order to be called to the Bar.

[*Times of India, 29th Scpt.* 1890.]

તા૦ ૨૯ મી સપટેમબર.

રોજ ૧૩ માહ ૧ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

રતનજી દોરાબજી એડનવાલા –

એદન, તા૦ ૧ લી અકટોબર ૧૮૯૦.

જત અતરેના લાંબા વખતના જાણીતા અને વખાણાયલા શેઠો કાવશજી દીનશાહ અને ભાઇઓની પેહેડી માહેલા શેઠ દોરાબજી દીનશાહના વડા પુત્ર અને શેઠ કાવશજીના જમાઇ શેઠ રતનજી જેવણ એઓની જનજીબારની પેહેડીના વડા હતા તેવણ માત્ર એકુ બે દીવસની માંદગી ભોગવી તેત્રીસ વરસની પોતાની ભરજવાનીમાં ગઇ તા૦ ૨૯ મીએ હક થયાછે. એ માઠા સમાચારના તારથી અતરે એ પેહડીના શેઠીયાઓ તથા જરથોસતીઓના દીલ ભારે ગમગીન થયછે.

એ મરહુમના બુજરગ પીતા તથા સસરાને પોતાના ઘડપણના વખતમાં એક અતી મોટો ઝખમ થયોછે અને તેઓની દલગીરીમાં અતરેના સઘળા જરથોસતીઓ તેમજ પરસાતવાળાઓ ભાગ લીધેછે. મરનાર ઘણાજ રાંક, હસમુખા અને મીલનસાર સવભાવના હતા અને પોતાના હાથ હેઠલના માણસો ઉપર સારો ચાહ રાખતા હતા.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૯ મી અકટોબર ૧૮૯૦]

29th September 1890.

RUTTONJEE DORABJEE ADENWALA–The news of the untimely death at Zanzibar, on Monday evening last, of Mr. Ratanjee Dorabjee Adenwalla has caused intense grief, not only in his large family, but also to a circle of numerous friends and acquaintances in Bombay, Aden, and Zanzibar. He was only thirty-four years of age at the time of his death, which was quite unexpected, as only a few days previously he had written to his firm in Bombay. He had an attack of gout and fever, which terminated fatally after a brief illness. He was the manager of the firm of Messrs. Cowasjee Dinshaw Brothers at Zanzibar, where he was sent about six months ago, having previously served in Bombay, Aden and the Arabian Coast. His funeral ceremonies will be performed this afternoon at the bungalow, at Tardeo, of his father-in-law Mr. Cowasjee Dinshaw. Yesterday morning and evening a numerous body of Mr. Adenwalla's friends met at his house to offer their condolence for the unhappy event.

[*Bombay Gazctte, 1st October* 1890.]

તા૦ ૫ મી અકટોબર.

રોજ ૧૯ માહ ૧ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

ફેરદુનજી જમશેદજી ખંબાતા—ગયા જમાનામાં કેલવાયલા દેશીઓમાં આગેવાન

પદવી ધરાવનાર પણ પોતાના શરમાલ એક-મારગી સવભાવથી તદન અંધારામાં જીંદગી ગુજારી મરણ પામેલા એક પારસી ગરહસથ-ની કારકીરદીની નોંધ લેવાને અમો અમારી ફરજ સમજીયે છીયે. ગઇ કાલના અંકમાં પરગટ થયલી પારસી મરટીઉકની ટીપમાં વાંચનારે આ૦ ફરદુનજી જમશેદજી ખંબાતા-નું એક અજાણયું નામ જોયું હશે. આ મી૦ ફરદુનજી ખંબાતા મેસરસ ડોસાભાઇ મેહેરવાનજીની કંપનીમાં વરસોવેર, પોતાના મરણની ઘડીતુલીક, એક મદદનીશ હતા અને કદાચ એ પેઢીનેખી ખબર ન હશે કે તેવણનો આ મરનાર મદદનીશ આગલો એક માનવંત પેહલી પદવીનો એલફીન-સટોનીયન હતો. સાદા લેંગા, દગલી, જોડા તથા જુની ફાશીનના બોખાવાલા એ બુઢા પારસી ગરહસથ બગલમાં છતરી મારી દર-રોજ આતશબેહેરામમાં તથા દરીયે કીનારે બંદગી કરી આપીસમાં આવી કલારકનું કામ બજાવી ઘર ચાલયા જતા હતા, પણ તેમની સાથ કેલવણી લીધેલા તેમના આગલા ગોઠયાઓ આજે આગેવાન પદવીઓ ધરાવે-છે. મરનાર મી૦ ફરદુનજી ખંબાતા સને ૧૮૫૦ ના સાલના અરસામાં એલફીનસટન ઇનસટીટયુશનમા એક પેહેલી પંકતીના સકાલર ગણાતા હતા. ૧૮૫૨ માં તેવણ એકલાજ વેસટ સકાલરનું માન મેલવવા પામયા હતા, બીજેજ વરસ તેવણ નારમલ સકાલર થયા અને ૧૮૫૪ ની અધવચમાં નારમલ સકાલરની "ઉંચી" પેહેલી પદવી મેલવી હતી. તેવણ ગણીત શાસ્ત્રમાં બહુ કુશલ હતા. કેટલાંક ચઢતાં ઇનામો મેલવયાં હતાં અને મી૦ દાદાભાઇ નવરોજજી સાથ-ના સાહેબોને હજીબી રોશણ હશે કે તેઓ મરનાર મી૦ ફરદુનજીને "ફરદુનજી મેઠે-મેટીશીયન" નેજ નામે ઓલખતા હતા. સને ૧૮૫૪ ના જુલાઇ માસમાં અતરેના વડા ઇજનેરની આપીસમાં નામદાર સર-કારના હુકમથી મરનાર મી૦ નશરવાનજી ચાંદાભાઇના હાથ તલે સીવીલ એનજીની-યરીંગનું કામ શીખાડવા માટે એક વરગ ઉઘાડવામાં આવયો હતો, જેમાં મરનારે પણ દાખલ થઇ ફકત આઠ માસમાં તે વરગમાંથી પસાર થઇ સરટીફીકેટ મેલવી હતી. એ વરગમાંથી પસાર થયલા તેમના ગોઠયાઓ મી૦ મનચેરજી દોરાબજી ઇજનેર, મી૦ ફકીરજી પેસતનજી ઇજનેર, મરનાર મી૦ કુવરજી બરજોરજી ઇજનેર વગેરે, એ ધંધામાં વધી સારા સુખી થઇ ગયાછે, જયારે આ મરનાર મી૦ ફરદુનજી ખંબાતા પેહેલી પંકતીના નારમલ સકાલર હોવા છતાંબી, પોતાના એકાંત શરમાલ સવભાવને લીધે નજદીક એક કલારકનીજ જીંદગીમાં અતલાઇ સંતોશ અને સબુરી સાથ પેલી જેહાનમાં ગયાછે. સટુડંટસ લીટરરી એંડ સાયનટીફીક સોસાયટીએ શાનાઓમા શીખ-વવા માટે ચહડ ઉતર ચોપડીઓ બનાવવાને જે મજબુત કમીટી નેમી હતી તેમાં મરનાર મી૦ ફરદુનજીને પણ એક આગેવાન સકાલર તરીકે શામેલ કરયા હતા. પણ દુનયામાં કાબેલીયતનું કઉવત એકમારગીપણા તથા શરમાલપણાની તલે કેટલીકવાર કચડાઇ જાયછે અને તે મુજબ આ મરનાર ગર-હસથ ૬૦ વરસની વયે એક સાધારન કલારક તરીકે થોડાઓનીજ ઓલખાણ સાથ નજદીક તદન અંજાણપણામાં બેહેસત-નશીન થયાછે, પણ એવા ગરહસથના મરણ-ની નોંધ લેવામાં અમો અમારી ખરી ફરજ સમજીયે છીયે. મી૦ દાદાભાઇ નવ-રોજજીનો મરનાર મી૦ ફરદુનજી માટે બહુ ઉંચો વીચાર હતો જેથી તેવણ જયારે છેલા મુંબઇમાં હતા તયારે તેવણ આગલ કોઇએ મરનાર મી૦ ફરદુનજીની યાદ આપી હતી જયારે તેવણે પણ અચરત થઇને સવાલ કરયો હતો કે "શું ફરદુનજી મેઠેમેટીશીયન હજી જીવેછે કે? હું તેમને એકવાર મેટવાથી બહુ ખુશી થઇશ." પણ આ અતી શરમાલ એકમારગી મરનાર

ગરહસ્થે મી૦ દાદાભાઇની એ ખાહેશખી પોતાના શરમાલપણાને લીધે પાર પાડી ન હતી.

[જામે જમશેદ, તા૦ ૮ મી અકટોબર ૧૮૯૦.]

તા૦ ૬ થી અકટોબર.

રોજ ૨૦ માહ ૧ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

હોરમજજી માણેકજી નગરશેઠ, ભરૂચવાલા—દલગીરીભરેલું મરણ–ભરૂચમાં નગરશેઠની ઓખારે ઓળખાતા અને જાણીતા પારશી વેપારીઓ મધ્યેના એક શેઠ હોરમસજી માણેકજી નગરશેઠ ઉરફે કડવાજીના ગયા સોમવારે ગુજરી ગયાછે કે જેઓને અવન મંજલ પુગાડવાની પાયદસ્ત સાંજના કલાક ચારના અમલે નિકળી હતી અને ઉઠમણું ગઇ કાલે થયું હતું. મરનાર ભલા ખવાસના, એકમારગી જોડે ભરૂચના જાણીતા દલાલ કુટુંબ સાથે અતલગનો સગાઇનો સંબંધ ધરાવનારા હોવાથી તેઓના મરણ માટે સઘળા પારશીઓ બેશક દીલગીર થયાછે. આ ત્રણ પાંચ દહાડાની દુનિયાંમાં નામવાલી કોઇપણ હયાત ચીજનો મોડો વેહેલો નાશ થાયછે તે મુજબ શેઠ હોરમસજીના ૭૪ વરસની પાકટ વયના મરણથી તેમના કુટુંબીઓ તો કદાચ દીલાસો માની લેશે પણ એ શેઠના હયાત માતુશ્રી કે જેઓ લગભગ સો વરસની ભરતીમાં છતાં દલાલ કુટુંબપર એક પછી એક મોતના જાલમ દઇયતની ચુંગાળથી પડતી આફતો જાતે જોવા અને તેના તરફ વિલાપના આસું રેડવાને ખાતર જીવતાં રહેલાંછે, કે જેઓ મરહુમ ખા૦ બા૦ શેઠ રૂસ્તમજી શોરાબજી દલાલના સગાં બેહેન થાયછે. લાંબી ઉમ્મર છતાં એ ડોસાં હાથ પગો અને આંખો વગેરેની સઘલી ઇંદ્રીઓએ સલામત છે, અને તાજુબની વાત તો એ છે જે. જમાનામાં વાંચવા લખવાનો માહવરો મરદોમાં ઓછો હતો તે વખતના એ બાઇ સારૂં ગુજરાતી વાંચી લખી જાણેછે; એટલુંજ નહીં પણ રોજમેલ, ખાતાંવહી અને નોંધવઇના પાના ઉકલાવવા સાથ હિશાબી કામો સમજવાનું સારૂ જ્ઞાન ધરાવેછે. મરનાર હોરમસજીને પેટ કાંઇપણ સંતાન અવતરેલું નહી હોવાથી તેઓએ પોતાના મામા મરહુમ શેઠ રૂસતમજી સોરાબજી દલાલના ત્રીજા પુત્ર મરહુમ શેઠ પીરોજશાજીના પેહેલા છોકરા શેઠ સાપુરજીને પોતાના છોકરા કરી લીધાછે જેઓ શેઠ હોરમસજીના હકદાર વારેશ છે કે જેઓને પેટ બાળગોપાળની સારી વૃદ્ધી મોજુદ છે.

[ભરૂચ સમાચાર, તા૦ ૯ મી અકટોબર ૧૮૯૦.]

તા૦ ૭ મી અકટોબર.

રોજ ૨૧ માહ ૧ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

ફરાંમજી કાવશજી મારકર—મુંબઇના એક જાણીતા મીલકતદાર મી૦ ફરામજી કાવસજી મારકર ૫૯ વરસની ઉમરે ગયા મંગલવારે રાતનાં મરણ પામયાછે. ધંધાધાપામાં પારસીઓએ આગલા વખતમાં કેટલું મેલવયું હતું, તે એ શેઠના મરહુમ પીતાજીના દાખલા ઉપરથી રજુ થઇ શકશે. મરનારના બાવા મી૦ કાવસજી પેહેલા મુંબઇમાં ઇંગરેજોની કલબમાં બીલયરડના મારકર હતા, પણ તયાર પછી સને ૧૮૨૯ માં તેવણે ઇંગરેજ બજારમા ઇંગરેજી સામાન વેચવાની એક દુકાન ઉઘાડી હતી. એ પછી તેવણે સીંધ, સકર, ફીરોઝપુર, મુલતાન, રામનગર, પેશાવર તથા શીયાલકોટ ખાતે દુકાનો ઉઘાડી મોટો રોજગાર ચાલુ કરયો હતો, દુકાનો ઉપરાંત તેવણે મોટાં કંટરાકટો પણ લેવા માડયાં અને જયારે ૧૮૫૭ નાં વરસમાં તેવણ મરણ પામયા તયારે એક મારકરની જીંદગી ઉપરથી લખોની દોલત તેવણ મુકી ગયા હતા. મરનાર મી૦ ફરામજીએ પીતાની મલેલી અરધી દોલતમાં પોતાની કુનેહથી વધારો કરયો હતો, જોકે તેવણ એકાંત જીંદગી ગુજારતા હતા. એપોલો સ્ટ્રીટ, મલબાર હીલ, વગેરે લતાઓ ઉપર મરનારની મોટી મીલકતો છે.

[જામે જમશેદ, તા૦ ૯ મી અકટોબર ૧૮૯૦.]

7th October 1890.

FRAMJEE COWASJEE MARKUR—Mr. Framjee Cowasjee Markur, a wealthy Parsee merchant who died last week, has by a deed of trust left about a lakh of rupees for charitable purposes. It is said that the income derived from the capital will be devoted, in a manner to be determined hereafter by the trustees, to the support of poor and destitute Parsees.

[*Times of India, 14th October* 1890.]

તા૦ ૧૧ મી અકટોબર.

રોજ ૨૫ માહ ૧ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

કાવશજી જીવણજી રાંડેલીઆ—

ભુસાવલ, તા૦ ૧૫ મી અકટોબર ૧૮૯૦.

જી. આઇ. પી. રેલવેની નાગપુર લાઇનપરના જાણીતા કંત્રાકટર મી૦ નવરોજજી પેશતનજી નારગામવાલાના મામા કાવશજી જીવનજી રાંડેરીઆ ઉમર વરસ ૫૫, જેઓ ઉપલા શેઠને ત્યા નારગામ ખાતે તેવણનાંજ ઘેરમાં રેહતા હતા, તેઓ ચાલતા માસની તા૦ ૧૧ મી અને શનીવારની રાતના ખાઇ પીને પોતાની જગાપર સુતા પછી બીજે દીને સહવારનાં આઠ વાગા સુધી મરનાર ઉઠલા ન હોવાથી તપાસ કરતાં માલમપડયું કે મરનારને ઝેરી સાંપે ડએલા હોવા જોઇયે. મરનારનાં નાખપર તેમજ પગનાં આંગળાંપર ડંખના દાતની નીશાનીઓ માલમ પડી અને તેથી મરનારનું તરત મરણ નીપજેલું હોવું જોઇયે, કારણ સહવારે સઘળું આંગ સખત થઇ ગયલું માલમ પડયું. જાણકારોની મારફતે તેમજ બીજા અનેક ઉપાયો કરવા છતાં કશું ન વલવાથી મરનારનાં રૂવાંનને નાગપુર પેસેનજરની મારફતે સાંજનાં છ વાગતે ભુસાવલ લાવવામાં આવયું અને વલતે બીજે દીવસે મરનારને ભુસાવલનાં દોખમાંમાં દોખમેનશીન કરવામાં આવયાછે.

[કયસરે હિન્દ, તા૦ ૧૯ મી અકટોબર ૧૮૯૦.]

તા૦ ૧૩ મી અકટોબર.

રોજ ૨૭ માહ ૨ (કે૦) ૧૨૬૦ યજદેજરદી.

ભીખાઈજી તે દોરાબજી પેશતનજી કામાજીનાં ધણીઆંની—અમારા જુના વાંચનારાઓ ભુલી નહી ગયા હશે કે આસરે વીસ વર્ષ ઉપર અમારી કટારોમાં એક પારસી બાનુની દુનિયાની આસપાસની મુસાફરીની નોધ એકથી વધારે અંકો સુધી અમે ચાલુ પ્રગટ કીધી હતી. જણાવવાને મોટું દુઃખ પેદા થાયછે કે એ બાઇ ભીખાઇજી તે શેઠ દોરાબજી પેસતનજી કામાની ધણીયાણીના ગયા મંગલવારે મરણ પામવાના માઠા સમાચાર લંડનથી તારની મારફતે મળ્યાછે. એ મરહુમની અગાઉ ઇંગ્લંડની મુસાફરી બીજી પારસી બાનુઓએ કીધી હતી, પણ મુંબઇથી લંડન અને લંડનથી અમેરીકા, જેપાન, અને ચીન થઇને હિંદુસ્તાન સુધીની આખી દુનિયાની સફર કરનારી પેહલવેહલી પારસી બાનુ એ હતી. સર્વથી પેહલી પારસણ જે લંડન સિધારી હતી તે મરહુમ ડાકટર બરજોરજીનાં ધણીયાણી ૧૮૫૭ માં ગયલાં હતાં; તે પછી પ્રોફેસર દાદાભાઇ નવરોજજીના માતાજી અને ધણીયાણી એ મુસાફરી કરનારાંઓમાં બીજાં હતાં; તેમના પછી મરહુમ શેઠ માણેકજી ખરશેદજી પોતાની કેળવાયલી દીકરીઓને યુરોપના પ્રવાસે લઇ ગયા હતા. પણ એ સર્વ બાનુઓનો ઇંગ્લંડનો પ્રવાસ જયારે ટુંક મુદતનો હતો ત્યારે આ હિમતવાન પારસણ મુસાફર મરહુમ બાઇ ભીખાઇજીએ લંડનમાં સર્વથી લાંબી મુદત ગુજારીછે. તેઓ છેક ૧૮૬૮ થી પોતાના પતિ સાથ ઇંગ્લંડ ગયલાં ગયા મંગલવારે પોતાના મરણ સુધી ત્યાંજ રહેલાં હતાં. એમની કાયનાતુ નબળી છતાં એઓ આ પૃથ્વિના ગોલાની આસપાસ મુસાફરીમાં એક આખો ઘેરાવો ફરી આવવા જેટલાં હિમતવાન હતાં અને તબીયતે જોરાવર નહી છતાં પોતાના ભતાર જે તે વખતના લંડનમાં વેપાર કરી-

છે તેમની સંગત ત્યાંના શિયાળાની ગમે એટલી સખતાઇ છતાં એઓએ છોડી નહી હતી. લંડન જેવાં પાયતખ્ત શેહરની સઘળી ફાશિનની ફિસ્યારીઓમાં પોતાની ૫૫ વર્ષની વય સુધી એક લાંબી જીંદગી ગુજારયા છતાં એઓ જીંદગીમાં ઘણાં સાદાં અને સ્વભાવે રાંક હતાં. એઓની રેહવા કરવાની રીતભાંત લંડનની સઘળી લાલચો છતાં સાદી અને દેશી ઢબછબની હતી, અને લંડનગરા પારસીઓને અગર મુંબઇગરૂં ખાણું પીણું—દેશી ધાનદાલ અને દેશી મીઠાઇઓની વ્હાલી લાગતી નવાઇઓનો જ્યારેબી શોખ થાય ત્યારે મિસિસ કામાનો મેહમાનદાર આશ્રય તેમને તૃપ્ત કરતો હતો. કેહવાની જરૂર નથી કે એ બાઇ આપણા સખીવજુદ શેહરી શેઠ પેસતનજી હોરમજજી કામા સી. આઇ. ઇ. નાં વહુ તથા આપણા વિદ્વાન શેહરી શેઠ ખ. રૂ. કામાજીના બેહન થાયછે. દૂર દેશાંતરે એમનું મરણ નિરજવાથી આખા કામા ખાનદાનને જે શોક ઉપજીયોછે તેનાં દુઃખમાં ઘણા પારસીઓ ભાગ લેયછે.

[રાસ્ત ગોફતાર, તા૦ ૧૯ મી અકટોબર ૧૮૯૦]

13*th October* 1890.

Bhikaijee, wife of Dorabjee Pestonjee Cama–Bai Bhicaijee Dorabjee Pestonjee Cama, whose death on the 14th inst. we briefly announced in our last week's issue, was born at Bombay, November 29th, 1833, and was consequently within a few weeks of completing her 57th year. She was the sister of Bro. K. R. Cama of Bombay, Deputy District Grand Master of All India (S. C.), one of the most learned scholars of the Zend language, and also well known in Eastern and Western commercial circles. In 1839, when seven years of age, the subject of this notice married her cousin, Dorabjee Pestonjee Cama, who was a few months older than herself, the youthful bride and bridegroom both, in accordance with the Eastern custom, returning to school after the ceremony for the completion of their education. It will, of course, be well known to our readers that Bro. D P. Cama, after serving well and working worthily in English Masonry for 16 or 17 years, was in March, 1886, elected Grand Treasurer by a large majority over his opponent. By thus marrying his cousin, Mrs Cama became the daughter-in-law as well as niece of Bro. P. H. Cama who some years ago gave upwards of £20,000 for the purpose of founding the Hospital for Women, Bombay (the foundation-stone of which was laid by his Royal Highness the Duke of Connaught, in 1883), and who has lately supplemented this handsome gift by handing to the authorities a further sum to establish scholarships open to poor women desirous of qualifying as medical practitioners. In 1869 Bro. and Mrs. Cama left India on an extended voyage. Among other places they visited Palestine, America, China, and Japan, finally settling in London (where they have ever since resided) in 1870. We believe we are right in saying that Mrs. Cama was the only Parsee lady who had made the journey round the world. In Masonry Mrs. Cama took an active interest, actuated thereto in great measure, doubtless, by the position which her husband held in the Craft, of which position she was very proud. She was a patron of our three Charities, and also of the Mark Benevolent Fund, and had served as Steward to all four Institutions, to some of them

on more than one occasion. She also several times presented prizes to the Boys' and Girls' Schools, and her cheery face and little figure will be much missed on the occasions of the different Festivals and Stewardess visits, &c. The funeral took place on Friday, the 17th inst., at the Necropolis Company's Cemetry at Woking, where the members of the Parsee community some years ago purchased a plot of ground and erected a temple of their own for burial purposes Thirty-one mourners attended to show their feelings of respect and admiration for the deceased lady, and to express their sympathy with our bereaved brother. The funeral train left the Necropolis Station in the Westminster Bridgeroad at 11-45, and arrived at its destination (the station being situated within the cemetry) about 12-40. The coffin having been placed on a hand-carriage, a procession was formed includ-among others, Bros. D. P. Cama and J. K. R. Cama, chief mourners; Bro. Dadabhai Naoroji, Chairman. Bro. Dadabhoy Byramji and Mr N. J Mulla, Trustees; Bro. D. R. Cola, Hon. Secretary, Bros. N. D. Fracis, and Mr. F B. Cama, members of Managing Committee, all of the Charitable Fund of the Zoroastrians in Europe (of which Bro. D P. Cama is the senior Trustee), Dr. N. M. Tarachand, Bro. S. H. Parkhouse honorary private Secretary, and Bro Dr. F. E. Pocock, family physician. The monrners, some of whom came from Manchester, Liverpool, Edinburgh, and other distant towns, included representatives of the Hindoo and Mahomedan communities. The ceremony in the temple consisted of the reading of prayers in the Zend language (supposed to be the oldest language in the world) by Mr. N. J. Mulla and Dr. N. M. Tarachand while Bros. D. P. and J. K. R. Cama lighted a sandalwood fire in a brazen vessel, which was kept alive with fresh fuel during the whole of the ceremony. The remains were then replaced on the hand-carriage and conveyed to the open grave, into which they were lowered without further ceremonial beyond the sprinkling of the coffin with earth by Bro. J. K. R. Cama and Dr. Tarachand, who after reciting a short prayer in a subdued tone of voice, concluded the whole ceremony by bowing the head into the palms of both hands. Our readers will be glad to hear that Bro. Cama keeps wonderfully well under his sore breavement, the latest accounts being especially reassuring.

[*The Freemason, Oct.* 25, 1890]

તા૦ ૧૫ મી અકટોબર.

રોજ ૨૯ માહ ૧ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

આવાંબાઈ તે મરહુમ માણેકજી પેશતનજી મોનસીપાલ સદર અમીન સુરતવાલાનાં વીધવા—

સુરત, તા૦ ૧૬ મી અકટોબર.

એક પારસી બાઈનું મરણ—અતરેના વતની અને માજી પરીનસીપલ સદર અમીન (ફરસટ કલાસ સબારડીનેટ જડજ) મરનાર શેઠ માણેકજી પેશતનજી વકીલનાં વીધવા બાઇ આવાંબાઇ આજે પાછલી રાતે પોતાની આશરે ૬૭ વરસની ઉમરે અતરે મરણ પામયાંછે.

[જામે જમશેદ, તા૦ ૧૮ મી અકટોબર ૧૮૯૦.]

તા૦ ૨૩ મી અકટોબર.

રોજ ૭ માહ ૨ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

મીઠીબાઈ તે ખાંનબાહદુર દારાશાહ ડોશાભાઈ, ડેપ્યુટી કલેકટર, સુરતવાલાનાં ધણીઆંની—આપણા સીટી માજીસ્ટ્રેટ ખા૦ બા૦ દારાશાજી ડોશાભાઇનાં ભલાં અને નેક ખવાસનાં ધણિયાંની બાઇ મીઠીબાઈ ગયા ગુરૂવારે સહવારનાં રથવિકારની બિમારી ભોગવીને પોતાની આશરે ૫૩ વર્ષની વયે આ ફાંની દુનિયાં ત્યાગ કરીને સ્વર્ગવાસી થયાંછે, જેથી ખા૦ બા૦ દારાશાજીએ પોતાની ખરેખરી મોહરદારજ નહીં પણ પોતાનાં ઘરમાંનો એક અચ્છો રખેવાલ, દયાળુ લાગણી સાથે સભ્યતા અને ડાવકાઇ ભરેલો તથા સુખદુખનો સાથી ઉત્તમ વજીર ખોયેછે. મરનાર ઘણી વેળા સ્ત્રીઓના જાહેર અને ખાંનગી મેળાવડાઓમાં ઉલટથી ભાગ લેતાં હતાં. તેમના ખાવીંદ શેઠ દારાશાજી જેવા અતિ ભોલા, મિલનશાર, કશી પણ મગરૂરી નહીં ધરાવનારા અને નાનાથી મોટાઓ શુધીઓ સારી લાયકાતથી વર્ત્તી સર્વનું દયાથી ભલું ઇચ્છનારા અને તેવાજ ગુણોથી એક ઉત્તમ પ્રકારના ગ્રહસ્થની ખુબીમાં ગવાતા શખસની તરફેણમાં કુદરતી રીતે લોકલાગણી સારી હોય એમાં તો કાંઇજ શક જેવું નથી અને તેથીજ એ ગ્રહસ્થ ઉપર વિતેલા આ બનાવથી જખમી થયલાં જીગરને દિલાશો અને માનની ઇધાંણી બતાવવાને પાયદસ્ત, ઓટલા અને ઉઠમણાંની વખતે લોકોની મોટી ઠઠો થઇ હતી. ખા૦ બા૦ દારાશાનાં જખમી થયલાં જીગરમાં અમો અંતકરણથી ભાગ લઇએ છીયે.

[ગુજરાત મિત્ર, તા૦ ૨૬ મી અકટોબર ૧૮૯૦.]

તા૦ ૨૪ મી અકટોબર.

રોજ ૮ માહ ૩ (ક૦) ૧૨૬૦ યજદેજરદી.

મનચેરજી નવરોજજી બનાજી—જણાવવાને દલગીરી લાગેછે કે મુંબઇના એક જાણીતા રેહવાસી અને આપણી મ્યુનીસીપાલીટીના એક જુના સભાસદ શેઠ મનચેરજી નવરોજજી બનાજી આસરે બે માસની તાપ તથા કલેજાંનાં દર્દની માંદગી ભોગવી ગઇ પરમ દિને પાછલી રાતના હક થયાછે. મરનારે અતરેની આગળી એલફિનસ્ટન ઇનસ્ટીટયુશનમાં કેળવણી લીધી હતી, અને ઇ૦ સ૦ ૧૮૬૦ માં તેના વિદ્યાર્થીઓએ મરનાર માઉનટ સ્ટુઅરટ એલફીનસ્ટનનું નામ અતરે સ્ત્રી કેળવણી સાથે જોડવાના હેતુથી પોતપોતામાં ઉભાં કરેલાં એક ફંડના એવણ સેક્રેટરી હતા, કે જે ફંડનાં એકઠાં થયલાં નાણાંમાંથી હાલ મરાઠી, ગુજરાતી, અને જરતોશતી છોકરીઓની નિશાલોમા એલફીનસ્ટન સ્કાલરશીપ આપવામાં આવેછે. ૧૮૬૨ માં મી૦ મનચેરજી મરનાર શેઠ ખુરશેદજી નોશરવાંનજી કામાજીના છોકરાઓની "માણેકજી અને બહમનજી ખુરશેદજી કામાની કું૦" માં ભાગયા તરીકે જોડાયા હતા, અને તે પેહડીની મારફતે મોટો વ્યાપાર ચલાવ્યો હતો, તથા વિકટોરીઆ સ્ટીમ નાવીગેશન કું૦, ઇસ્ટ ઇંડીઆ બેંક, વગેરે જાઇંટ સ્ટાક ખાતાંઓના ડાએરેકટર હતા. શેરસટાના વખત પછી કેટલીક ફડચામાં ગયલી કુંપનીઓના એવણને લીકવીડેટર તથા ફ્રીઅર લાંડ કુંપનીના સેક્રેટરી નેમ્યા હતા. ગ્રેટ ઇસ્ટરન સ્પીનીંગ એંડ વીવીંગ કું૦ ના એવણ ૧૮૭૩ થી સેક્રેટરી હતા, અને તે ઓફીસ ૧૭ વર્ષ ગયા મેએ માસમાં છોડયો હતો. છેલ્લાં ચાર પાંચ વર્ષ થયાં એવણ પોતાની આગેવાની હેઠલ "સીટી આફ બામ્બે" નામની નવી મીલ ઉભી કરી તેના એજંટ થયા હતા. ૧૮૮૪ ના જુન માસમાં મુંબઇ મધે ફાકટરી આકટમાં ઘટતી તપાસ કરી સુધારો કરવાને સરકારે નેમેલાં ૮) ગ્રહસ્થોનાં કમીશનમાં એવણને પણ એક અધિકારી નેમ્યા હતા. મુંબઇનાં મ્યુનીસીપાલ કારપોરેશનના એવણ તેની શરૂઆતથી કર ભરનારાઓ તરફના એક મેમ્બર તથા છેલ્લાં દશ બાર વર્ષ થયાં ટાઉન કાઉન્સીલના

સભાસદ નેમાયા હતા, અને મ્યુનીસીપાલ વહીવટમાં ઉપયોગી ભાગ લેતા હતા. મુંબઇ મધે રક્તપીત્યાં દર્દીઓને માટે જે આશ્રમ-સ્થાન બંધાવવામાં આવેછે તેના એવણ એક હાનરરી સેક્રેટરી હતા. એ મરનારને મુંબ-ઇની સરકારે લાંબી મુદત થાઇ સુલેહના અમલદાર, યુનીવરસીટીના ફેલો, તથા પારસી માટરીમોનીઅલ કોર્ટના એક ડેલીગેટનું માન આપેલું હતું.

મરનારનાં માનને ખાતર ગઇ કાલે આખો દિવસ શેર બજાર બંધ રહયું હતું.

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૬ મી અકટોબર ૧૮૯૦.]

24*th October* 1890.

MUNCHERJEE NOWROJEE BANAJEE-The Parsee community has lost one of its most respected members in Mr. Muncherjee Nowrojee Banajee, whose death occurred on Saturday. He was an excellent man of bnsiness, whose management contributed largely to the success of one of the most prosperous of the local mills, and was in every respect an admirable representative of the class who have done so much for the growth of the staple Bombay industry. He carried into public life the shrewd and practical common sense which distinguished him in business affairs, and was a valued member of the Corporation. He has many friends, both amongst Europeans and amongst his own countrymen of various communities, amongst whom his loss will be greatly regretted.

We regret to record the death, on Saturday morning last, of Mr. Muncherjee Nowrojee Banajee, a prominent Parsee citizen and a member of the Municipal Corporation and of the Standing Committee. He received his education in the Elphinstone Institution, and as a loyal Elphinstonian he took in 1860 an important part in the success of the Mountstuart Elphinstone memorial, of which he was appointed a secretary and in connection with which scholarships are annually awarded in the Marathi Gujeratee, and Parsee Girl's schools. In 1862 Mr. Muncherjee joined as a partner the firm of Messrs Manockjee and Bomanji Cursetjee Cama, which traded successfully for some years, but came to grief during the share mania times. He was a director on the board of the Victoria Steam Navigation Company, the East India Bank, and other joint-stock concerns, and was also secretary to the Frere Land Reclamation Company. Eor seventeen years, from 1873 to May last, he performed the duties of secretary to the Great Eastern Spinning and Weaving Mills Company, the affairs of which he frequently tided over difficulties. Five years ago Mr. Muncherjee started the City of Bombay Mills, of which his firm were the agents ever since. He was a member of the Factory Commission appointed by Government in June 1884, to enquire into the working of the Factory Act. The deceased gentleman will bo remembered for the warm interest he took in the civic affairs of this city. He was a member of the Municipal Corporation from its birth, and was in later years an intelligent member of the Town Council and of the Standing Committee. The success of the Ollivent memorial, lately raised in Bombay, was largely due to his personal exertions. He was an honorary secretary of the Lepers' Hospital for which funds are now being collected. Many years ago, Government

were pleased to appoint Mr. Muncherji a Justice, of the Peace a Fellow of the Bombay University, and a Delegate of the Parsee Chief Matrimonial Court. As a shrewd man of business, possess ing much sound common-sense, deep insight, and large practical experience in the discussion of public questions, the city sustains an appreciable loss in the death of Mr. Muncherjee. To his personal friends he was a valued companion, always remarkable for his obliging and courteous disposition, united with the best traits of a warm and genial good nature. The share bazar was closed on Saturday out of respect to the memory of the deceased.

[*Bombay Gazette 27th October* 1890.]

તા૦ ૨૭ મી અકટોબર.

રોજ ૧૧ માહ ૨ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

કાવશજી પેશતનજી લોઢાંવાલા—મસકતના સુલતાનથી માન પામેલા એક પારસી વિષે હમણાજ થોડાક વખત ઉપર અમોને મસકતથી ખાસ હેવાલ લખાઇ આવેલો અમે પ્રગટ કીધો હતો. તે બુજર્ગ ગૃહસ્થનાં મરણ સમાચાર વાંચી અમે દુખી થયા છીયે. એ સમાચાર કરાચીથી એક લખનાર નીચે મુજબ લખી જણાવેછે:—

"જે લોઢાંવાળા કુટુંબના નખીરાઓ પ્રાચીન કાળના વખતથી સુરતમાં લાગવગ, માન અને મરતબો પામતા આવ્યાછે તે કુટુંબના વડા તે સુરતની પારસી પંચાયતના ત્રસ્ટીઓના હાલના સરનશીન ડાકટર બેરામજી પેસતનજી લોઢાંવાળાના એકપુરા વડીઅલ ભાઇ શેઠ કાવસજી પેસતનજી લોઢાવાળા, નજદીક ૭૫) વરસની વૃદ્ધ ઉમરે સોમવાર તા૦ ૨૭ મી અકટોબરને દીને અને આપણા અરદીબેહેશત મહીનો ને ખુરસેદ રોજના પેહેલા ગહંબારને રોજે આ ફાની જેહાન છોડી સ્વર્ગવાસી થયાછે. જોકે બેહેસ્તી પૈસે ગરીબ અને એકમારગી હતા તોપણ સચ્ચાઇના સાથી, ભળમણસાઇમા ભરપુર અને ઘણાજ સદગુણી હોવાથી તેમજ ૧૮૪૪ માં અંગ્રેજી છાવણી સાથે અતરે આવ્યાથી એક ઘણાજ પુરાતન વતની ગણાતા હોવાથી એ શેઠનાં આ દુખદાયક મરણથી અતરે જરથોસ્તીઓમાં ઘણીજ દલગીરી પેદા થઇછે.

"પોતાના વેપાર સંબંધી ચોકસ કામસર મસકત તરફ મરનાર શેઠ ૮) વરસ રહયા હતા અને ત્યાં પણ પોતાની ભલી ચાલથી ઘણાજ લોકપ્રીય થયા હતા અને તે પણ એટલાં સુધી કે ગયા જુન મહીનામાં જયારે મસકતના હાલના નામવર સુલતાન સઇએદ ફેઝલને તખ્તનશીન કરવામાં આવ્યા હતા ત્યારે મુબારકબાદી તરીકે સેંહકડો શેઆલ વીગરે ત્યાંના વેપારીઓ તરફથી નામવર સુલતાન સાહેબને એનાયત કરવામાં આવી હતી અને મરનાર શેઠ તરફ સુલતાન પોતે કેવી માયા રાખેછે તે બતલાવવાને માટે એક ઘણીજ ઉમદા શેઆલ તેજ વખતે જાહેરમાં સુલતાન સાહેબે મરનારને પેહેડાવી હતી અને હીંદુસ્થાનની બાહાર આ બનાવ પેહલોજ હતો.

[રાસ્ત ગોફતાર, તા૦ ૯ મી નવેમબર ૧૮૯૦.]

તા૦ ૧ લી નવેમબર.

રોજ ૧૬ માહ ૨ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

મનચેરજી દોશાબજી ઈજનેર—એક તદન એકમારગી અને આ દુનયાની ઠાલી વડાઇઓથી નીરદોશ પણ અતીશય લાયકીવાલા ગરહસથના અચ્યુચ્ચ મરણની નોધ લેતાં અમને દુઃખ ઉપજેછે, પોતાની દેહ સારી નહી હોવાથી શેઠ મનચેરજી ઘણું ખરૂ ખંડાલા, મહાબલેશવર વગેરે શીતલ ટેકડીઓપર રહેતા હતા પણ તેમનો મુંબઇમાં લાકડાંનો બોહોલો વેપાર ચાલતો હતો. તેમના ખરા ખુબીવંતા ગુણ જાણનારા મુંબઇમાં કેટલાબધા હતા તે ગઇ કાલે એમના મકાન આગલની મીજ-

લસ ઉપરથી જણાઇ આવયું હતું તેમજ ખંડાલા, મહાબલેશવર અને પુના ખાતે એમના અકાલ મરણના તાર પહોંચતાંજ તયાંના સરવે લોકોમાં જાણે એક પીતા અને દોસત ખોયો હોય એવી દલગીરી ફેલાઇ હતી. મરનાર ભોલા, મોટા દીલના હતા કે ઇંગરેજી કહેવત પરમાણે જે સખાવત અને ભલું કામ તેમનો જમણો હાથ કરતો તે તેમનો ડાબો હાથ જાણતો ન હતો. તેના દાખલા તરીકે અમે એકજ બીના રજુ કરયે છીયે અને હવે તે જાહેર કરવા માટે એ મરનાર શેઠના એશીઓ અમને માફ કરશે. ગયે સાલ જે ઘરમાનુ ગરહસથે રૂ૫૦૦ ની રકમ લાચારોમા છુપી રીતે વેહેંચવા માટે અમારા સવાલીનમા મુકીને આ રૂડા કામની પેહેલ કહાડી હતી તે ગરહસથ શેઠ મનચેરજી હતા. પણ લોકમાં પોતાને નામની હોહા કરવાની તેવણને એટલી તો છીટ હતી કે કોઇબી પરકારે એવણનું નામ બાહેર નહી પડે એવી કબુલાત એવણે અમારી પાસેથી લીધી હતી અને તયારપછી આ વરસબી તેવણે છુપી રીતે એક ઘણી સારી રકમ અમારી ઉપર મોકલાવી આપી હતી.

મી૦ મનચેરજીએ એલફીનસટન ઇનસટીટયુશનમાં કેલવણી લીધી હતી અને સને ૧૮૫૩ ના વરસમાં "કલેર સકાલર" ની પદવીનું માન મેલવયું હતું. નામદાર મુંબઇ સરકારે વડા ઇજનેરની આફીસમાં મરનાર મી૦ નશરવાનજી ચાંદાભાઇના અસતક તલે જમીનની માપણી તથા ઇમારતની બાંધણી વગેરે સીવીલ ઇજનેરનું કામ શીખાડવા માટે જે વરગ સને ૧૮૫૪ માં ઉઘાડયો હતો, તે વરગમાં મરનાર મી૦ મનચેરજી "કલેર સકાલર" થયા પછી તુરત જોડાયા હતા અને એ વરગમાંથી સરટીફીકેટ લેઇ સને ૧૮૫૫ ના મારચ માસમાં પેહેલા બહાર પડેલા તરણ જવાનોમાં તેવણબી એક હતા. એ બાદ તેવણ સરકારી નોકરીમાં દાખલ થયા હતા અને કેટલીક મુદત સુધી સરવેયર તરીકે બહુ ફતેહમંદીથી કામ બજાવયું હતું. પાછલથી તેવણ ઇમારતી લાકડાંના મોટા વેપારમાં રોકાયા હતા, જે વેપારમાં તેવણે સારી ફતેહ મેલવી હતી અને જે વેપારમાં એવણ સાથ એવણના અતલગના બેશી મી૦ શાપુરજી બેહેરામજી કાતરકને તેવણે શામેલ કરયા હતા.

જેમ સુગંધી ફુલના કરમાઇ જવા પછી ફુલનો વાસ રહી જાયછે તેમ આવા ભલા માણસના મોત છતાં તેમની ખુબીનો પમરાત તેમના મીતરમંડલમાં રહી ગયોછે.

[જામે જમશેદ, તા૦ ૩ જી નવેમબર ૧૮૯૦.]

1*st November* 1890.

MUNCHERJEE DORABJEE ENGINEER—To many of his friends the death of Mr. Muncherjee Dorabjee Engineer will feel something like a personal loss. The deceased gentleman led a quiet life for years, passing it mostly on the hills. But he was always willing to help in a good cause We hope his executors will make the best possible use of the handsome donation he has left behind for the public.

[*Indian Spectator 9th November* 1890]

તા૦ ૧૩ મી નવેમબર.

રોજ ૨૮ માહ ૨ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

બરજોરજી પાહલણજી દેસાઈ—નવસારીવાળા બુજર્ગ દેસાઇ બરજોરજી પાહલણજી, જેઓ પોતાનાં ગ્યાન તથા સારી સમજને લીધે "બાવાજી દેસાઇ" નાં માનભરેલાં નામથી ઓળખાતા હતા અને જેઓ દેસાઇ ખાનદાનની એક મગરૂરી અને શણગાર જેવા હતા તેવણ ગયા બેસ્પતવારે પોતાની ૭૬ વર્ષની ઉમરે પોતાનાં વતન મધે હક થયાછે. એ મરહુમ ગ્રહસ્થ નવસારીના આગળા પ્રખ્યાત દેસાઇ ખુરશેદજી તેહમુલજીના નાહલા ભાઇ રૂસતમજી તેહમુલજી દેસાઇના નબીરા હતા, અને ફારસી ભાષામાં ઘણુંજ

કુશલ હતા, તથા એ ભાષાના બીકટ દસ્તાવેજો, પરવાના, વગેરે ઉકલાવવામાં એવણ એક્કા હતા. નવસારી મધે કેળવણીના એવણ શરૂઆતથીજ હીમાયતી હતા, અને હાલની સર કાવસજી જાંહગીર નવસારી મદરેસા ૧૮૫૬ માં ઉભી થઇ ત્યારથી તેની નવસારીની કારોબાર મંડળીમાં એવણ શામેલ હતા, તથા ૧૮૭૯ થી તે પોતાનાં મરણની છેલી ઘડી સુધી એ મદરેસાના નવસારી ખાતેના સેક્રેટરીનો જોખમભરેલો કારભાર એવણ એખલા મુંબઇની કારોબાર મંડળીની સહલા હેઠલ ચલાવતા હતા. પોતાનાં ફારસી ભાષાનાં ગ્નાનનાં બળથી એવણે ૧૮૮૦ માં પોતાના બેટા મી૦ પાહલનજી બરજોરજી દેસાઇની સાથે મળી "તવારીખે સાસાનયાન" તથા ૧૮૮૯ માં "તવારીખે હખામનીઆન" ની કેતાબો રચી પ્રગટ કીધી હતી.

નવસારી, તા૦ ૧૮ મા નવેમબર ૧૮૯૦.

આ કસબાને કેળવણી અને બીજા સાર્વજણીક લાભોની બક્ષેશ કરાવનારા નરોમાંનો એક ગયા ગુરૂવારે આ ફાની જેહાન છોડી જવાથી અતરે ફેલાયલી દલગીરી કુદરતી અને ઘટતી છે. "બાવાજી દેસાઇ" નાં માનવંત અને મશહુર નામે ઓળખાતા દેસાઇ બરજોરજી પાહલનજી તેમની પોણુસો વરસની વયને લીધે કદાચ જુના જમાનાના માણસ ગણાય, પણ તેમના વીચારો ચાલુ જમાનાના મોહઓલા "સુધારાવાળાઓ" ને શરમાવે તેવા હતા. તેઓ કેળવણીના એરખાહ અને શુભ સુધારાના હીમાતી હતા. જાતે સ્વતંત્ર અને બુદ્ધીવાન હોવાથી છુટાપણે પોતાના વીચારો આપનાર દાખલ તેઓ જાણીતા હતા. વેહમોને ધીકારવા અને તેનો નાશ કરવાનું તો એમનાં ખાનદાનનું કામજ હતું. ૧૨ વરસની વયે પોતાના પીતા અને ૧૮ ની વયે પોતાના બપાવા જેવાં શીરછત્રો ખોહયા છતાં આવી કાચી વયથી મરહુમે પોતાની જાગીરોનો વહીવટ અને ઘરસંસારનો કારભાર એકલે હાથે ચલાવવામાં પ્રથમથીજ પોતાની દીલની હીમત અને મનની મોટાઇ દેખાડવા માંડી હતી; અને એ સઘળાને દરમ્યાન ફારસી ભાષાના પોતાના અભ્યાસને આગળ વધારવો ચાલુ રાખ્યો હતો. અને એ અભ્યાસ એટલીબધી હદ સુધી વધારવામાં આવ્યો હતો કે દેસાઇ બરજોરજી એ ભાષામાં અનેક પ્રસંગે ગઝલો અને બીજાં કાવ્યો બનાવી શકતા હતા, જેમાંનાં થોડાંક આગળાં વરસોમાં આ "રાસ્ત ગોફતાર" માં પ્રગટ થયાં હતાં. પણ એટલુંજ નથી. એમના ફારસી અભ્યાસની સંપુર્ણતા એટલીબધી નવસારીની પ્રજામાં તેમજ સરકારદરબારમાં જાહેર થઇ હતી કે કોઇબી ફારસી દસ્તાવેજનું લખાણ પહરાણ કે તરજુમો મરહુમ દેસાઇના હાથના હોય તો કોર્ટમાં તે વગર શકે કબુલ રખાતા હતા. એ કારણસર ઇનસાફની અદાલતોને તેમની મદદની વખતેવખત જરૂર પડતી હતી, અને એ રીતે તેમનો વસીલો વધી ગયો હતો

એ રીતે દેસાઇ બરજોરજીની જીંદગીનાં પેહલા ભાગમાં તેમની કેળવણી ફારસી ભાષામાંજ અટકી હતી. પણ ૧૮૫૬ નાં સાલમાં મુંબઇવાળા સુધારાના પેહલા અકાબરો મરહુમ શેઠો ધનજીભાઇ અને ખુરશેદજી નોશરવાનજી કામાજીએ આ કરબામાં ઇંગ્રેજી કેળવણીની પેહલવેહલી મદરેસા સ્થાપી ત્યારથી મરહુમ દેસાઇને ઇંગ્રેજીની તાલીમ લેવાનો શોખ થયો. આ વખતે તેમની ઉમર ૪૨) વરસની હતી, અને તે છતાં તેઓ સ્કુલમાં હાજર થઇ વડા શીક્ષકના વર્ગમાં તેમની પાસે બેસી એક નીશાળીયાની માફક પોતાનો અભ્યાસ ચલાવતા હતા. મારે જણાવવું જોઇયે કે આ વખતે દેસાઇ બરજોરજી મજકુર મદરેસાની કમીટીના એક મુખ્ય કરતાકારવતા આગેવાન હતા, અને તેમ છતાં તેવા એક અકાબરને પોતાની જોડજોડ તાલીમ લેવા બેસતા જોવાનો દેખાવ તેમના બેટા અને નજદીકના બેશી છોકરાઓને

મનથી ઘણો વીચીત્ર હતો. મરહુમ કામાજી સાહેબોએ અતરે જરતોશ્તી મદરેસા સ્થાપવા માગી ત્યારે તેમને કેટલીક હરકતો નડી હતી. પણ તેમનાં આ શુભ કામમાં મરહુમ દેસાઇ બરજોરજીએ બીજા થોડાક જોડે જોઇતી મદદ આપી અને મદરેસાની કમીટીમાં શામેલ થઇ તેની સ્થાપનાથી તે પોતાનાં મરણ સુધી પોતાની યથાશકતી મુજબ ખરા ઉત્સાહ અને ઉમંગથી, કાળજી અને ખંતથી તેનો વહીવટ ચલાવ્યો. મજકુર કમીટીના ગ્રહસ્થોમાંના બે સીવાય બીજા સઘળા થોડીજ મુદતમાં ખીસી ગયા, પણ દેસાઇ જમશેદજી તેહમુરજી જોડે મરહુમ બરજોરજી પોતે માથે ઉઠાવેલાં કામને દીલોજાનથી ચીવટપણે વળગી રહ્યા. દેસાઇ જમશેદજીએ પોતાનાં મરણ સુધી મદરેસાના મુનશીનો અખ્તીઆર ચલાવ્યો, અને તેવણની હૈયાતી બાદ દેસાઇ બરજોરજીએ મદરેસાના એકલાજ કારોબારી રેહવા સાથ પોતાનાં મરણ સુધી તેના આનરરી સેક્રેટરીનું કામ ચલાવ્યુ. આ તેમની સેવાઓના એક નજીવા બદલા તરીકે મદરેસાની મુંબઇ ખાતેની કારોબાર મંડળીએ આજ ત્રણ વરસ ઉપર એમની એક રંગેલી મોટાં કદની તસ્વીર મદરેસાનાં દેવાનખાનામાં મુકીછે અને તેમને નામનું એક ઇનામ દર સાલ આપવું કરી મદરેસાના સબંધમાં તેમનું નામ યાદગાર રાખ્યુંછે.

નવસારી મદરેસાની શરૂઆતથી આજ સુધીની ૩૫ વરસની મુદત આ મુજબ દેસાઇ બરજોરજીએ એ ખાતાંના સબંધમાં ગુજારીછે તેમ અતરેના જરતોશ્તીઓનાં ફંડનો વહીવટ પણ તેઓએ આજ વીશ વરસ ઉપર થયલી તેની શરૂઆતથી અત્યાર-સુધી કીધોછે. તે વખતે એ ફંડ "હુવરશ્તે" યાને નેક કામો કરવાનાં ફંડને નામે ઓળખાતું હતું, પણ ત્યારબાદ તેને "જેનરલ ફંડ" નું નામ મલ્યુંછે, જેની કમીટીના પેહલા પ્રમુખ અને ખજાનચી મરહુમ દેસાઇ બરજોરજી હતા. એઓના કારભારને દરમ્યાન નવસારીમાં દોખમાં સુધીનો પાકી સડકનો રસ્તો, નવું દોખમું અને બીજાં ઘણાં અગત્યનાં કામો થયાંછે, અને અંજુમનની સારી પુંજી વધીછે. દેસાઇજીની આ સેવાઓના બદલામાં અંજુમન તરફથી તેમને એક કીમતી શાલ આપવાનો જાહેર સભામાં ઠરાવ થયો હતો. એ ઉપરાંત મરહુમને બીજાંબી ઘણાં કેળવણીખાતાઓ સાથ અતલગનો સંબંધ હતો. તેઓ અતરેની "મેહરજી રાણા લાઇબ્રેરી" ના તેના શરૂઆતથી સરનશીન હતા, તથા મલેસરની સર જમશેદજીવાળી નીશાળના સેક્રેટરી હતા. વળી અતરેની દેસાઇ ખુરશેદજી તેહમુરજી સ્કુલના તથા ગાયકવાડ સરકારવાળી ઉરદુ સ્કુલના તેઓ એક કારોબારી હતા. વળી મુંબઇના પારસી પંચાયતના ફંડની અતરેની કમીટીમા તેમના ઉદ્યોગ અને ઇમાનદારીને થકી ખાસ કરીને અને મોટા આગ્રહથી તેમની નેમણુક કરવામાં આવી હતી. એ સઘળાં ખાતાઓ સાથનો તેમનો સંબંધ શેવટ સુધીનો હતો, અને તેટલામાટે એવા એક ઉદ્યોગી અને ઉપયોગી ગ્રહસ્થની ખાલી પડેલી જગા પુરાવી ઘણી કઠણ છે એમ કેહવામા કશી અતીશયોક્તિ કેહવાશે નહી.

પોતાનાં ઘર અને ગામના ઉપર કહેલા સઘળાં કામો એક જાહેર માણસને માટે પુરતાં ગણી શકાય. પણ દેસાઇ બરજોરજીએ સઘળાં કામોમાંથી વખત ફાજલ પાડીને પ્રજાના તમામ નાતજાતના લોકોની મીલકતોને લગતાં ખતપત્રો બનાવી આપતા હતા, અને એ સર્વ કારોબારને લીધે તેમનાં મકાનમાં દરરોજ આખો દીવસ લોકની આવજા જારીજ હતી. પણ એ ઉપરાંત વળી છેલાં દશ વરસોમાં તેઓએ પુરાતન પારસી પાદશાહાતોને લગતી બે કીમતી કેતાબો પોતાના એક બેટા જોડે મળીને પ્રગટ કીધેલી અમારા વાંચનારાઓથી અજાણી નથી. સાસાની અને હખામની જમાનાના નામચીન પારસી પાદ-

શાહોની આ યાદગાર તવારીખો રચવામાં ફારસી ભાષાના જે જે ગ્રંથોની તેમાં મદદ લીધેલીછે તે સર્વ મેહનત મરહુમ દેસાઇજીની કલમનું ફળ હતું. આ તવારીખો આગમજ તેઓએ "તવારીખે ઇરાન" નામનો એક ગ્રંથ રચવાનો ઇરાદો રાખ્યો હતો, જેમાં ઉપલી બંને અને તે ઉપરાંત છેક મેહાબાદ ળાના ઇરાનના પાદશાહોથી તે યજદેજરદ શેહરીયાર પછી ઇરાનમાં રાજ ચલાવી ગયલા છુટક છુટક પારસી હાકમોની તવારીખ દાખલ કરવા ધારી હતી. પણ એ કામ ઘણું મોટું અને મુશ્કેલ હોવાથી તે પડતું નખાયું હતું. મારા સાંભળવા મુજબ મરહુમ દેસાઇ પોતાના બેટા મી૦ પાહલનજી જોડે ઇરાનની પાદશાહી ગયા પછીથી હીદુસ્તાન આવેલા પારસીઓની તવારીખનું ઉપલાં જેવુંજ એક બીજું દફતર પ્રગટ કરવાનો ઇરાદો રાખતા હતા, કે જે કામ તેમના અકાળ મરણથી બોરંબે પડશે. તેમનું મરણ અકાળ એટલામાટે કેહવાશે કે ૭૬ વરસની બુજર્ગીભરેલી ઉમર છતા મરહુમ જૈફ લાગતા ન હતા, અને હજીબી મેહનત કરવાને કેવળ શકતીવાન હતા. તેવણની માંદગી ટુક વખતની હતી, અને જોકે લકવા જેવા પલીદ રોગના તેઓ ભોગ થયા હતા તોપણ તેનો ત્રીજો હુમલો છતાબી તેઓનું મોત માત્ર થોડા કલાકની રમત જેવું હતું. મરણની છ કલાક આગમજ તો તેઓ પોતાની તમામ સુધીમાં અને જબાંની બોલીદરાજીમાં જેવા જોઇયે તેવા હતા; અને મરણની છ દીવસ આગમજ પગે ચાલતા ફરવા નીકલ્યા હતા. એ રીતે અમારા કસ્બા અને અમારી પંચરંગી કોમના એક ખરેખરા ઉપયોગી નરની ભલી જીંદગીનું શેવટ આવ્યુંછે, જેની નોંધ લેતાં મોટું દુખ ઉપજેછે. ત્રણસોથી વધારે માણસોનાં દેસાઇ ખાનદાનમાં તેઓ સર્વથી ઉમરે વડા હતા એટલુંજ નહી પણ કાબેલ્યત, બુદ્ધી અને મોભામાં પણ તેઓ વડા હતા. લાંબી મુદત થઇ એવો ઇજતદાર માણસ એ કુટુંબમાં પેદા થયો ન હતો અને હવે પછી લાંબી મુદત સુધી થવાનો પણ નથી. તેઓ જે અનેક અખીકારો ચલાવતા હતા તેમાંના એક એક અખીકારને માટે પણ અતરે એક એક માણસ મળવો મુશકેલ છે, એજ બીના મરહુમ કેવી અજાયબ શકતીના નર હતા તે દેખાડવાને બસ થશે.

[ગુજરાત ગોફતાર, તા૦ ૧૬ અને ૨૩ મી નવેંમબર ૧૮૯૦.]

13*th November* 1890.

BURJORJEE PALLANJEE DESAI—The city of Nowsari has lost a most respected and highly-esteemed resident by the death of Desaiji Saheb Burjorjee Pallonjee, which occurred last Thursday, at the age of 77. The deceased was known here as a great Persian scholar, and jointly with his son, was the compiler of some Gujarati works on the history of Persia, entitled "The history of the Sassanidy" and "The History of the Achœmenides," of which works the Parsees may well be proud The deceased was a great lover of education, and ever since the establishment of the Sir C Madressa, had held to the office of secretary of that institution, wherein the deceased, in order to encourage his own fraternity to send their children to school, himself attended the class at the age of 42, because at that time people believed that their religion would be discredited by the boys learning English. For these services the managing committee of the above school, in honour of the deceased, has adorned the Exhibition Hall with a well-executed portrait, and has resolved to give a Persian prize to the students every

year. The deceased was the treasurer of the general fund for the last twenty years, and was the sole trustee of the loans of the fund. For these services the whole Parsee Anjuman having assembled in the Khorshed Baug honoured the deceased by giving him a valuable shawl of the value of Rs. 201. The deceased was a most respected citizen and was held in high esteem, not only here but in Bombay also. The deceased was a voluminous writer, his charity was unbounded, and his loss will be severely felt by the poor. The deceased was honest, brave, and independent. He had composed many Persian odes Besides, the deceased was the chairman of the library, the Urdu School, Sir J. School, and always took a most active and prominent part in the management of hospitals, public buildings, such as Luxuman Baug, &c. In honour to his memory the Government Club and the schools were closed. The deceased leaves behind him four sons, one of whom is the sub-editor of the *Rast Goftar*

[*Times of India 19th November* 1890]

તા૦ ૪ થી ડીસેમબર.

રોજ ૧૯ માહ ૩ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

રૂસતમજી રતનજી ગોલવાલા—કવેટાવાલા મી૦ રૂસતમજી રતનજી ગોલવાલા કરાચી ખાતે ૨૭ વરસની જવાન ઉમરે ગઇ તા૦૪ થી ડીસેમબરને દીને, હારટડીઝીઝથી મરણ પામવાની ખબર મલીછે. કરાંચીનું "ફીનીક્ષ" પતર જણાવેછે કે મરનાર મી૦ રૂસતમજી કવેટામાં એક આગેવાન શેહેરી ગણાતા હતા અને "કવેટા ડાયરેકટરી" નામનું જે પુસતક પેહેલીવાર ગયે વરસ બહાર પડયું હતું, તેના તેવણ બનાવનાર હતા.

[જામે જમશેદ, તા૦ ૨૨ મી ડીસેમબર ૧૮૯૦.]

તા૦ ૭ મી ડીસેમબર.

રોજ ૨૨ માહ ૩ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

હીરાંબાઈ તે બીજા બેહરાંમજી જીજીભાઈનાં ધણીઆંની—શેઠ બેહરામજી જીજીભાઇ (બીજા) ને તેમનાં ધણીયાંણી બાઇ હીરાંબાઇનાં અકાળ મરણથી લાગેલાં ભારે દુઃખમાં અમો દીલાસો આપયે છીયે. પેહલા શેઠ બેહરામજીનાં મરણ પછી ટુંક મુદતમાંજ બનેલો એ માઠો બનાવ ઘણો ખેદકારક છે, અને વધારે દુઃખભરયું તો એ છે કે, શેઠ બેહરામજી (બીજા) આજ કેટલુંક થયું જે નબલી દેહને વશ થયનાછે, તેમાં તેમનાં બેહસતનશીન ધણીયાણીથી તેમને મોહટી મદદ અને ધીરજ હતી—એક સલાહકાર અને સાથીની જે ગરજ મરનાર સારતાં હતાં તે ટેકો ઘણા કવખતે શેઠ બેહરામજીએ ખોઈ દીધોછે. બાઇ હીરાંબાઇ મરહુમ શેઠ સોરાબજી જમશેદજી જીજીભાઇનાં બેટી થતાં હતાં અને બાપ તરફથી 'સર ખાનદાન'ની સઘળી નરમાસ, સાલસાઇ અને સભયતા તેમને ઓધે ઉતરી હતી, જેથી ધણીને ઘરની સંપતી અને સુખમાંબી તેઓ પોતાના રૂડા ખવાસથી સરવને માનીતાં અને વહાલાં થઇ પડયાં હતાં. પણ જાતી રૂડા ગુણો ઉપરાત, વહીવટ અને ખબરદારીનો ભંડારબી કુદરતે તેમનામાં પુશકલ ભરેલો હતો, તે એટલાવેર કે પોતાના ધણીની નબળી દેહને લીધે તેમની આરાસમાં આખો દીવસ બેસીને સહમજદારીથી, શેઠ બેહરામજીના હસતકનો કારોબાર તેઓ જાતી દેખરેખ તલે ચલાવતાં હતાં જે બનાવ પારસીઓમાં ઘણે દરજજે અસાધારણ વીચારવો ખોટો નથી. આવીજ રીતે એ બાઇના લાયકીવાલા પુતર મી૦ રૂસતમજી નાનાભાઇ બેરામજીને પણ પોતાનાં નેક માદરને ખોહવા માટેની તેમની ગમગીનીમાં અમો અંતકરણથી ભાગ લઇયે છીયે.

[કેપસરે હિન્દ, તા૦ ૧૪ મી ડીસેમબર ૧૮૯૦.]

7th December 1890.

HEERABAI WIFE OF BYRAMJEE JEEJEEHOY—We very much regret to have to announce the death of Bai Heerabai, the wife of Mr. Byramjee Jeejeebhoy (the second), which took place yesterday, at her residence near Mahaluxmee, at the age of 47 years. Deceased was the daughter of the late Mr. Sorabjee Jamsetjee Jeejeebhoy, the youngest of the three sons of the late Sir Jamsetjee Jeejeebhoy, first Parsee Baronet. She had been suffering for some time past from liver complaint which notwithstanding the best medical aid which had been procured, terminated fatally. Bai Heerabai, who had inherited the charitable instincts of her distinguished grandfather, was affable and courteous, and always took a broad and liberal view of special questions affecting the community to which she belonged The late Mr Sorabjee Jamsetjee Jeejeebhoy, who was a devoted and painstaking student all his life, and who had delivered several public lectures in the Town Hall on subjects connected with English and Persian literature, had given both good training and a good education to his children, among them being the deceased, which stood her in good stead during her lifetime. When recently, on account of failing health, Mr. Byramjee Jeejeebhoy (the second) was not able to devote his entire attention and energy to his business as agent to the Ripon Mills, which is one of the largest and most flourishing concerns of its kind, the deceased assisted her husband by regularly attending the office, and transacting multifarious business with great ability and zeal. This was perhaps the first, instance in which a native lady should, like the "inferior sex," attend an office from day to day and transact business in a manner which was pronounced even by those conversant with it to be of a highly satisfactory character. The interests of the company were zealously and scrupulously safeguarded by the deceased, who also found time during intervals of business to attend to the numerous social and domestic duties which her position in life demanded of her. It was only about two months ago that Mr. Byramjee Jeejeebhoy, who is at present unfortunately in indifferent health, lost his father, and it is a sad blow to him to suffer another heavy loss within such a short time. The late Mr Byramjee Jeejeebhoy has left a very large fortune for his son, and it was expected that the joint labours of Mr. Byramjee (the second) and his resourceful wife would considerably improve and turn to good account the several landed estates in Bombay and the seven villages at Goregaum, in Salsette; but it is said that the best hopes of the former have, by the sad occurrence, been dashed to the ground. Great sympathy is felt for Mr. Byramjee Jeejeebhoy, who was at one time one of the foremost public men of this city. The funeral of the deceased takes place this morning at 7 o'clock.

[*Times of India, 8th December 1890.*]

તા૦ ૧૧ મી ડીસેમ્બર.

રોજ ૨૬ માહ ૩ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

શોહરાબજી કાવસજી મસાંની—એક પગે ચાલનારા મોબેદની નવાઇ જેવી મગરૂરી—નોશારીથી એક મિત્ર નીચલી જાણવાજોગ ખબર મોકલેછે :—

"સોહરાબજી કાવસજી મસાની નામે એક જેફ મોબેદ ૯૧ વર્ષની પાકી ઉમરે થોડાક દિવસ ઉપર અતરે મરણ પામ્યાછે તેઓ સબંધી એક વાત જાણવાજોગ એ છે કે તેઓએ જોકે આજ ૬૫ વર્ષ સુધી મુંબઇમાં જીંદગી ગુજારી હતી તોપણ પોતાનાં મોત સુધી એકબી દિવસે તેઓ ત્રામવેની કે રેલવેની ગાડીમાં બેઠા ન હતા ! આ મોબેદ સાહેબની મોટી મગરૂરી એ હતી કે ૨૬ વર્ષની જવાન વયે તેઓ પોતાનાં વતન નવસારીથી મુંબઇ આવ્યા હતા, કે જે વેળા નવસારીથી મુંબઇ સુધીનો અગ્નીરથ ફરતો થયો ન હતો, માટે તે વેળા ભાડુતી મોટાં ગાડાંઓમાં બેસીને લાંબા દિવસોની મંજલ કરી નોસાકરા મોબેદો અને બીજાઓ ધંધા રોજગારને અર્થે મુંબઇ આવતા હતા, તેમ આ "બાદશાહ" પણ આવ્યા હતા, પણ ત્યારપછી તેઓએ એક આખી જીંદગી મુંબઇમાં ગુજારી તોપણ તેમના કોઇપણ ઓળખીતાએ એક પણ વખતે તેમને ત્રામવે કે રેલવે જેવા જણુરથોમાં બેઠેલા દિઠા ન હતા. તેઓ કદાવર અને ખડતળ હતા, અને મોબેદી ઉપરાંત તેડાં કરવાનો ધંધો પણ કરતા હતા, જેમાં પછવાડેથી હજારો રૂપીયાની દોલત પેદા કરવા છતાં સોહરાબજી મસાની ગાડીમાં બેસવાનું ધિકારતા હતા. તેમને ધંધાને સર એક તરફ થાણે અને બીજી તરફ વાંદરે સુધી જવું પડતું હતું, પણ ત્યાંબી તેઓ ચાલતાજ જતા હતા, કેમકે ભાડુતી ગાડીમાં જવાનું તો તેમના જેવા એક ગરીબ મોબેદને પાળવેજ ક્યાંથી? ગાડી જોઇને જેમના પગ દુખતા હોય તેમને આ મોબેદના દાખલા ઉપરથી બોધ લેવાનો છે, કે જેઓ પગે ચાલવાની કસરતથી ૯૧ વર્ષની લાંબી જીંદગી ભોગવવા અને ત્રીશેક હજાર રૂપીયાની દોલત ભેગી કરવાને શક્તિવાન થયા હતા."

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૮ મી ડીસેમબર ૧૮૯૦.]

તા૦ ૧૭ મી ડીસેમ્બર.

રોજ ૨ માહ ૪ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

શોહરાબજી કાવશજી દસ્તુર મેહરજી-રાંણાના—

નવસારી, તા૦ ૨૦ મી ડીસેમબર.

નવસારીના વડા દસતુર દારાબજી માહી-યારજીના મામા દસતુર સોરાબજી કાવશજી મેહેરજીરાણાવાલા જેવણ "સોલાબાપા" ને નામે પણ ઓલખાતા હતા તેવણ ગઇ તા૦ ૧૭ મીએ પોતાના મોટા દસતુરવાડ-વાલા મકાનમાં ગુજરીઆછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૨ મી ડીસેમબર ૧૮૯૦]

તા૦ ૨૨ મી ડીસેમ્બર.

રોજ ૭ માહ ૪ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

શુનાંબાઈ તે જમશેદજી નાં વીધવા—બીજાં એક બુઝરગ બાનુ બાઇ સુનાબાઇ જમશેદજી ગયા સોમવારે પરોઢ-યામાં ૯૫ વરસની બુઝરગ વયે મરણ પામયાં હતાં. તેવણના એક દીકરા મી૦ કાવસજી જમશેદજી ચારોડા ખાતેની રેફરમેટરી સકુલના સુપરીનટેનડંટ થાયછે. તેવણના બીજા દીકરા મી૦ નશરવાનજી કાવસજી મહાબલેશવર ખાતે વેપારી છે જયારે તરીજા દીકરા નાગપોર ખાતે વકીલનો ધંધો ચલાવેછે. મરનાર મરણ તલીક પોતાની સઘલી ઇંદરી-ઓ સલામત વાપરી શકયાં હતાં.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી ડીસેમબર ૧૮૯૦.]

તા૦ ૨૩ મી ડીસેમબર.

રોજ ૮ માહ ૪ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

બેહરામજી મુનશી, નવસારીના—

નવસારી, તા૦ ૨૫ મી ડીસેમબર.

દલગીરી ભરેલું મરણ—મલેસર ફલીઆમાં રહેનાર મી૦ સોરાબજી બેરામજી મુનસી ઘણી વરધ વયે ગઇ પરમ દીને ગુજરયાછે. મરનાર એકમારગી અને સવભાવે રાંક હતા. અને તેવણ અંગ્રેજ સરકાર અને ગાયકવાડ સરકારના ગામો વચેની સરહદને લગતું કામ કરતા હતા. મરનારે પોતાના વડા છોકરાના અકાળ મરતયુથી ગમ પકડેલો જણાવવામાં આવેછે.

[મુંબઇ સમાચાર, તા૦ ૨૭ મી ડીસેમબર ૧૮૯૦.]

તા૦ ૨૩ મી ડીસેમબર.

રોજ ૮ માહ ૪ (શે૦) ૧૨૬૦ યજદેજરદી.

રતનબાઈ તે દસ્તુર તેહમુલજી મીનોચેહરજી હોજદાર, પુણાંવાલાનાં ધણીઆની—પુના ખાતેની સર જમશેદજી જીજીભાઇની દરેહમેહેરવાલા દસતુર તેમુલજી મીનોચેરજી હોજદારનાં ધણીયાણી બાઇ રતનબાઇના ગયા મંગલવારે પુના ખાતે ૮૮ વરસની ઉમરે નીપજેલાં મરણ વીશે બોલતાં તયાંનું "દખણ હેરલડ" પતર જણાવેછે કે એ બાઇએ મરણની એક માસ અગાઉ ખાવાપીવાનું છોડી દીધું હતું, યાને તેવણના ગલાંમાંથી કાંઇ પીછુંબી તખીબોથી ઉતરાવી શકાતું ન હતું અને તે છતાં તેવણ એક માસ કરતાં વધુ મુદત જીંદગી ટકાવી શકયાં તે તબીબોને અચરતીભરયું લાગેછે એવું જણાવવામાં આવેછે.

[જામે જમશેદ, તા૦ ૨૫ મી ડીસેમબર ૧૮૯૦.]

તા૦ ૨૫ મી ડીસેમબર.

રોજ ૧૦ માહ ૫ (ક૦) ૧૨૬૦ યજદેજરદી.

કુવરબાઈ તે દસ્તુર ખુરશેદજી બેજનજીનાં ધણીઆંની—મુંબઇ મધેનાં મરહુમ ફરાંમજી કાવશજી બનાજીનાં આતશબેહરાંમના લાએકીવારા તથા દીનચુશત વડા દશતુરજી ખુરશેદજીનાં ધણીઆંની ગીઆ આશરે બે માશ થયા ઘણાંજ બીમાર ચાલતાં હતાં, તેવણ તા૦ ૨૫ મી ડીસેમબરની બપોરે હક થયાં હતાં, અને તા૦ ૨૬ મીની શહવારે મોટી મીજલશનાં માન સાથે તેવણની લાશને અવલમંજલ પોંહચાડીઆમાં આવી હતી. મરનાર દશતુરન બાઇની લાએકી શાલેશાઇ અને પવીતરાઇ તથા બીજા સદગુણોની બહુ વખાંણ થાયછે. પારશી કોમનાં ખાસોઆંમ ગરહસથોની મોટી સંખયાએ પાયદસની મીજલસમાં હાજર થઇ મજકુર ભલા દશતુરજી ખુરશેદજી તરફ પોતાની તરફનાં માન મોહબતની લાગણી બતાવી હતી.

[સતીઅમીતર, તા૦ ૨૮ મી ડીસેમબર ૧૮૯૦.]

સમાપ્ત.